अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेस्मिन्मार्गे रक्षकाः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિ ॥

રાગ : ધનાશ્રી

પ્રગટે એમા શ્રી વલ્લભ દેવ,
શ્રી લક્ષ્મણભટ્ટ ગૃહે વધાઇયાં,
મંગલ સુહેલરા (૧)

ગાવે એમાં ગીત રસાલ,
સબે સુહાગિન આઇયાં,
બ્રહ્મિણ એમાં વેદ પઢાય,
દેત અસીસ સુહાઇયા....મંગલ સુહેલરા (૨)

મોતિન એમા ચોક પુરાય,
વંદનવાર બંધાઈયાં;
ઘરઘર એમાં મંગલચાર,
ધ્વજા કલશ ફહેરાઈયાં....મંગલ સુહેલરા (૩)

દેવન એમા દુંદુભી બજાય
પોહોય અંજુલી બરખાઈયાં;
દીને એમાં બહુવિધ દાન,
નરનારી પહેરાઈયાં....મંગલ સુહેલરા (૪)

ધન્ય ધન્ય એમાં એલંમાગારૂ,
આસા સબે પુજાઇયાં;
સબ દિન એમાં સુખ સંપતિરાજ,
હરિ જીવન મન ભાઇયાં....મંગલ સુહેલરા (૫)

વર્ષ ~~૩~~ : અંક ~~૧૩~~ એપ્રીલ ૧૯૮૫
૪ ૧ શ્રીવલ્લભાબ્દ ૫૦૬

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

ભારત દેશના વડા પ્રધાન શ્રી રાજીવ ગાંધીએ પવિત્ર ગંગા નદીના પ્રદુષણને રોકવા બોર્ડની રચના કરી છે તેને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના પ્રમુખ શ્રી ઇન્દ્રકાન્ત શેઠ અને કેન્દ્રીય મંત્રી શ્રી પ્રા. ચીમનલાલ એમ. શેઠે આવકારતાં વધુમાં જણાવ્યું છે કે વૈષ્ણવ સમાજના શ્રદ્ધાના કેન્દ્ર સમાન બીજી એક નદી યમુનાજી તેમજ દેશની અન્ય નદીઓ માટે પ્રદુષણ રોકવા માટે આવા બોર્ડની રચના કરે અથવા તો આ જ બોર્ડનું કાર્યક્ષેત્ર તેના માટે પણ વિશાળ બનાવે તે માટે કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો છે. મથુરા ખાતે વિશ્રામ ઘાટ ઉપર યમુનાજીનું પાણી વધુ પ્રદુષિત લાગે છે અને સમગ્ર વ્રજ ભૂમિમાં પ્રસરી રહેલ આ યમુનાજીના દરેક ઘાટ ઉપર યમુના પાન કરવા માટે સ્વચ્છ જલ ઉપલબ્ધ બને તે માટે સરકારશ્રીએ વિચારવું જોઇએ. દેશના વૈષ્ણવ સમાજના લોકો માટે કેન્દ્ર સરકાર આ અંગે ત્વરીત પગલાં લેશે તેવી આ હોદ્દેદારોએ આશા વ્યક્ત કરી છે.

પરિષદની સુરત શાખાનો ઉદ્ઘાટન કાર્યક્રમ ષષ્ઠ પીઠાધીશ્વર પૂ. પા. ગો. ૧૦૮ વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરત્ન લાલજી મહારાજશ્રીના વરદ્હસ્તે તા. ૩-૩-૮૫ના રોજ રવિવારે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આશિર્વચન આપતા પૂ. મહારાજશ્રીએ દરેક વૈષ્ણવને પરિષદના સભ્ય બની સહકાર આપી, સંગઠનના કાર્યમાં અગ્રેસર થવા જણાવ્યું. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રી કલ્યાણરાયજી અને શ્રી વલ્લભ બાવાશ્રી પણ ઉપસ્થિત હતા.

શાખાના સંચાલન માટે એકંદર ૨૨ સભ્યોની સમિતિની રચનાની જાહેરાત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રી પ્રા. ચીમનલાલ શેઠે હાજર રહી પ્રાસંગીક ઉદ્બોધન કર્યું હતું.

સમાચાર

પૂજ્યપાદ ગો. સૌ. શ્રી નિકુંજલતા બેટીજી સંચાલિત બૃહદ મુંબઈ વૈષ્ણવ મહિલા સમાજ દ્વારા મુંબઇ કપોળ મહિલા મંડળ સંસ્કાર ભવનમાં પ. ભ. શ્રી દયારામભાઇ કાવ્ય-ગાન કીર્તન શિબિર યોજવામાં આવી હતી. જેમાં શ્રી દયારામભાઇના કીર્તન-પદ, ધ્રુપદ, ગરબા, ગરબી, ગઝલ, કવિત, છંદ, છાપા તથા વિવિધ ભાષાના પદોનું ગાન શિખવવામાં આવ્યું હતું. જેનું સંચાલન જાણીતા કિર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાએ કર્યું હતું. આ શિબિર તા. ૨૮-૧-૮૫ થી ૪-૨-૮૫ સુધી ચાલી હતી.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
શ્રી રવજીભાઇ પ. પટેલ

❀

વર્ષ ૩ : અંક ૧૩
એપ્રીલ, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

આદરણીય વાચક બંધુઓ તથા ભગીનીઓ

ત્રણ વર્ષ પુરા કરી ચોથા વર્ષમાં આપણું માસિક પ્રવેશ પામતા આ અંક આપની પાસે મોકલતા આનંદ અનુભવીએ છીએ.

ગત વર્ષોમાં આપ સર્વે તરફથી તેમજ સેવાભાવી કાર્યકરો તરફથી જે સહકાર મળેલ છે તે બદલ સર્વેના આભારી છીએ.

આપ સર્વે જાણો છો કે દિન પ્રતિદિન કાગળ, છપાઇ વિગેરે મોંઘુ થતું જાય છે. છતાં આપણે આપણા માર્ગનું જ્ઞાન સૌને મળી રહે, તે હેતુથી લવાજમ સામાન્ય વાર્ષિક રૂા. ૧૦-દશ તથા આજીવન રૂા. ૧૫૧ એકસો એકાવન ચાલુ રાખેલ છે.

ખર્ચને પહોંચી વળવા માટે આપ સૌના સહકારની જરૂર છે. ગ્રાહકો વધે તોજ ખર્ચને પહોંચી શકાય હાલ જે અંકો છાપીએ છીએ તેટલા અંકોમાં વાર્ષિક રૂા. ૧૫ પંદર ઉપર ખર્ચ આવે તો આપ સર્વેને માર્ગની સેવા કરવા વિનંતી કરીએ છીએ. અને વધુમાં વધુ ગ્રાહકો બને તે માટે આપ સૌનો પ્રયત્ન જરૂરી છે.

જે ગ્રાહકોનું લવાજમ આગળનું બાકી છે. તે તેમજ નવા વર્ષનું જેને બાકી છે તે સત્વરે લવાજમ સંસ્થા ઉપર અગર સેવાભાવી કાર્યકરો તે ભરી આપવા વિનંતી.

શકય હોય તે આજીવન લવાજમ રૂા. ૧૫૧ એકસો એકાવન જ ભરી આપે તેવી વિનંતી.

તેમજ ખોટ પુરી કરવા પુષ્ટદાન સહાય અગર સંરક્ષક સદસ્ય બની સહકાર આપવા વિનંતી સંરક્ષક સદસ્ય તરીકે રૂા. ૫૦૦૧ ભરી દરેક અંકોમાં આપના જયશ્રી કૃષ્ણ લખાવી સંસ્થાની સેવા કરી શકો છો.

પ્રમુખ
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૬ મો)

શ્રી ભગવાનુવાચ–
અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ ।
સ સંન્યાસી ચ ન નિરગ્નિર્ન ચાક્રિયઃ ॥૧॥

શ્રી ભગવાને કહ્યું કર્મના ફળને આશ્રયે નહિ રહેલો જે (પુરુષ) કરવા યોગ્ય કર્મ કરે છે તે સંન્યાસી અને યોગી છે. અગ્નિનો ત્યાગ કરનાર (સંન્યાસી કે યોગી) નથી અને (સેવા વગેરે) ક્રિયાઓનો ત્યાગ કરનાર (સંન્યાસી કે યોગી) નથી. ॥૧॥

સર્વનો ત્યાગ કરીને, આ જગતમાં જડની જેમ ભ્રમણ કરવાથી પણ જો ભક્તિ પ્રાપ્ત ન થાય તો પછી તેને માટે ધ્યાનયોગ કહ્યો છે.

આગળના અધ્યાયમાં સંન્યાસનું વર્ણન કરીને, તે અધ્યાયના અંતમાં ઇચ્છા વગેરેથી રહિત, વિષયોમાથી છૂટવાની ઇચ્છાવાળો, વિષયભોગમાંથી સંપૂર્ણપણે મુક્ત થાય, એમ કહ્યું. તેમ છતાં તેનો પૂર્ણપણે ત્યાગ એ જ ફળ નથી; પરંતુ તેના પૂરેપૂરા ત્યાગપૂર્વક ભગવાનના ધ્યાનથી ભગવાનનો આવેશ એ ફળ છે. એ પ્રમાણે 'અનાશ્રિતઃ' વગેરે શબ્દોથી ભગવાન ધ્યાંનનું સ્વરૂપ કહે છે. કર્મફળ એટલે સ્વર્ગ વગેરેના રૂપમાં કર્મનું ફળ. કોઇના પણ આશ્રય વગરનાએ કરવાનું કર્મ, ભગવાને કહેલું હોવાથી અવશ્વ કરવું જોઇએ. જે સેવા વગેરે રૂપ કર્મ કરે છે તે સંન્યાસી છે. તે ત્યાગી છે અને વળી તે યોગી છે. નિરગ્નિ એટલે યજ્ઞાદિ ક્રિયા માટે અગ્નિ નહિ રાખનાર, ગાર્હપત્ય (ત્રણમાંના એક પ્રકારનો અગ્નિ) વગેરેને ત્યાગી દેનાર સંન્યાસી નથી. અને ક્રિયા રહિત એટલે કે સેવા વગેરે ક્રિયા વગરનો યોગી નથી, એમ અર્થ છે. ॥૧॥

યં સંન્યાસમિતિ પ્રાહુર્યોગં તં વિદ્ધિ પાંડવ ।
ન હ્યસંન્યસ્તસંકલ્પો યોગી ભવતિ કશ્ચન ॥૨॥

હે પાંડુપુત્ર અર્જુન, જેને સંન્યાસ એમ કહે છે, તેને તું યોગ જાણ. યોગ્ય છે કે, સંકલ્પોનો ત્યાગ નહિ કરનાર કોઈ પણ યોગી થઇ શકતો નથી. ॥૨॥

અરે, અગ્નિને કે ક્રિયાઓને ત્યાગી દેનાર યોગી કેમ ન કહેવાય ? એવી શંકા કરીને જવાબમાં 'યં સંન્યાસમ્' વગેરે શબ્દોથી કહે છે. જેને સંન્યાસ એમ પ્રકર્ષતાથી એટલે કે સર્વાત્મભાવથી કહે છે, ભગવાનના સ્વરૂપને જાણનારા ભક્તો તેને આગળ કહેવા ધારેલા આધુનિક સમયમાં અધિકારના અભાવે તેમ કહેવા યોગ્ય થતા નથી. હે પાંડવ, તેને તું યોગ જાણ, એટલે કે યોગરૂપ જાણ. અહીં 'હે પાંડવ,' એવા સંબોધનથી જ્ઞાનની યોગ્યતા

દર્શાવી છે. તે વિપ્રયોગના રસાનુભવરૂપ સંન્યાસમાં પોતે ઇચ્છેલ ફળનો ત્યાગ છે, તેથી તેમાં ઉત્તમ યોગની સિદ્ધિ છે. પરંતુ સંકલ્પના ત્યાગના અભાવથી તેવી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી, એમ 'ન હિ' વગેરે શબ્દોથી કહે છે. 'અસંન્યસ્તસંકલ્પ' એટલે જેણે પોતાના સુખના અનુભવરૂપ માનસી નિયમ છોડયો નથી તેવા ભાવ વગેરેથી યુક્ત કોઈ યોગી થઇ શકતો નથી. 'હિ' શબ્દ યોગ્યતાના અર્થમાં છે. આ અર્થ યોગ્ય છે, કારણ કે પોતાના સુખનો અનુભવ ઇચ્છનાર હોય તેનાથી પ્રભુના સુખના અનુભવની ઇચ્છા પ્રગટ થતી નથી, પરસ્પર બંનેની સ્થિતિ એકત્ર થઇ શકતી નથી, તેથી પોતાના સુખના અનુભવરૂપ મનનો નિશ્ચય ત્યાગી દેનાર યોગી છે, એવો ભાવ છે. ॥૨॥

આરુરુક્ષોર્મુનેર્યોગં કર્મ કારણમુચ્યતે ।
યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણ મુચ્યતે ॥૩॥

યોગ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મુનિનું સાધન કર્મ કહેવાય છે અને યોગમાં આરૂઢ થયેલા તેનું જ સાધન (કર્મની) નિવૃત્તિ કહેવાય છે. ॥૩॥

અરે, પોતાના સુખભોગની ઇચ્છાનો ત્યાત્ર તે સિદ્ધજનોનો ત્યાગ છે. સાધનદશામાં રહેવાનું કર્તવ્ય શું છે? તેનો જવાબ 'આરુરુક્ષોઃ' વગેરે શબ્દોથી કહે છે. યોગ એટલે સંયોગરસની પ્રાપ્તિ ઇચ્છનાર મુનિનું એટલે કે મનનશીલનું કારણરૂપ સેવાત્મક કર્મ તે સાધન કહેવાય છે, એમ અર્થ છે. તેનું જ સેવા વગેરે કરવાથી યોગારૂઢનું એટલે કે સંયોગરસથી વ્યાપ્ત મનવાળાનું શમ એટલે અનુકરણ વગેરેની કૃતિ રહિત ભાવનાથી આસાક્તવાળી સ્થિતિ એ સાધન કહેવાય છે તે તેની પ્રાપ્તિ અર્થે છે, એટલું અધ્યાહાર છે. ॥૩॥

યદા હિ નેન્દ્રિયાર્થેષુ ન કર્મસ્વનુષજ્જતે ।
સર્વસંકલ્પસંન્યાસી યોગારૂઢસ્તદોચ્યતે ॥૪॥

જ્યારે ઇંદ્રિયોના વિષયોમાં અને કર્મોમાં આસક્ત થાય નહિ ત્યારે સર્વ સંકલ્પોને ત્યાગી દેનાર (પુરુષ) જ યોગારૂઢ કહેવાય છે. ॥૪॥

તે યોગારૂઢને કેવી રીતે ઓળખવો? તેના જવાબમાં 'યદા હિ' વગેરે શબ્દોથી કહે છે. જ્યારે ઇંદ્રિયોના વિષયોમાં એટલે કે રૂપ, રસ વગેરેમાં થતા ઉત્કટ તાપની નિવૃત્તિ માટે, સ્વપ્ન વગેરેની પ્રાપ્તિમાં નિશ્ચયપૂર્વક પુરુષાર્થરૂપે આસક્ત થતો નથી અને કર્મોમાં તેમ જ તેને સાધી આપનાર કાર્યોમાં આસક્ત થતો નથી, સર્વે સંકલ્પોનો ત્યાગ કરનારો કે મનની નિશ્ચતતાથી પોતાના ભોગની ઇચ્છાઓનો ત્યાગ કરી દેનારો અને અનાસક્ત હોય ત્યારે તે યોગારૂઢ કહેવાય છે. એટલે કે સંયોગભાવમાં સ્થિર થયેલો કહેવાય છે, એમ અર્થ છે. ॥૪॥

ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત ।
આત્મૈવ હ્યાત્મનો બંધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥૫॥

પરમાત્મા વડે જીવને ઊંચે લઈ જવો, જીવને અધોગતિએ લઈ જવો નહિ યોગ્ય છે કે, જીવ જ જીવનો બંધુ છે અને જીવ જ જીવનો શત્રુ છે. ॥૫॥

અરે, કર્મોમાં એટલે કે ભગવાનની લીલાના અનુકરણરૂપ કર્મોમાં, મનને હરી લે તેવા

એક માત્ર સાહજિક ધર્મોમાં આસક્તિ કેમ ન થાય ? એવી અપેક્ષાના જવાબમાં 'ઉદ્ધરેત' વગેરે શબ્દોથી કહે છે. આત્માથી એટલે પુરુષોત્તમરૂપ પરમાત્માથી, આત્માને એટલે કે જીવને કર્મો વડે ઊંચે લઇ જવો. જીવને અધોગતિએ લઈ જવો નહિ, સંસારમાં જ આસક્તિવાળો કરવો નહિ. અહીં વપરાયેલ 'હિ' શબ્દ યોગ્યતાના અર્થમાં છે. આત્મા એટલે જીવનો જીવ જ બંધુ (હિત કરનાર) છે, અને જીવનો જીવ જ શત્રુ છે. તેથી આત્મા વડે આત્માને બંધુભાવે ઊંચે લઇ જવો, પરંતુ શત્રુભાવે અધોગતિમાં લઇ જવો નહિ. ॥૫॥

બંધુરાત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ ।
અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્ ॥૬॥

જેનાથી આત્મા વડે જ આત્મા જિતાયેલો છે, તેનો પોતાનો આત્મા મિત્ર છે, પરંતુ આત્માને જીત્યો નથી તેનો આત્મા શત્રુની જેમ શત્રુપણે જ વર્તે. ॥૬॥

અરે, મન જ બંધુ છે અને મન જ શત્રુ છે, એમ કેમ ? તેના જવાબમાં 'બંધુઃ' વગેરે શબ્દોથી કહે છે. જેનાથી ભાવસ્વરૂપ આત્માવડે મનને વશ કરાયેલું છે, એટલે કે અધિકરણરૂપ દેહના સર્જનથી ભાવરૂપમાં સ્થાપિત કરાયેલું છે, તેને આત્માથી જ મન બંધુરૂપ છે, હિતકારી છે, એમ અર્થ છે. પોતાના દાસ્ય માટે ઉત્પન્ન કરાયેલ છે, તેથી તેને ઉચિત કાર્ય કરવું, એવા એક માત્ર ભાવથી કામે લાગેલો હોય તેનું મન સંતોષથી બંધુ છે, એટલે કે તદ્ભાવસ્વરૂપમાં જ સ્વાધિદૈવિક સ્વરૂપથી બંધુ છે, એવો ભાવ છે. પરંતુ અનાત્માનું એટલે ભાવસ્વરૂપ વગરનાનું મન જ શત્રુની જેમ શત્રુતાથી તદ્ભાવની રુકાવટ કરનાર થઇ રહે. તે પ્રમાણે આ અર્થ છે :- ભાવ રહિત કેવળ કર્મોમાં આસક્ત પોતાના દાસ્ય માટે ઉત્પત્તિ કર્યાના પ્રયોજન વગર, પોતાના સ્વરૂપના નિરર્થક કાર્યના રોષથી આધિદૈવિક આત્મા અહીં કર્મોમાં, એટલે કે સેવા આદિ કાર્યોમાં પ્રભુના આવેશને પ્રતિબંધ કરનાર થઇ રહે. ॥૬॥

જિતાત્મનઃ પ્રશાંતસ્ય પરમાત્મા સમાહિતઃ ।
શીતોષ્ણસુખદુઃખેષુ તથા માનાપમાનયોઃ ॥૭॥

ઠંડી, ગરમી, સુખ, દુઃખ તથા માન અને અપમાનમાં ઇંદ્રિયનિગ્રહવાળા અત્યંત શાંતિયુક્તનો પરમ આત્મા સમાધિમાં જોડાયેલો રહે છે. ॥૭॥

અરે, બંધુપણામાં શી રીતે હિત કરનાર થાય ? તેના જવાબમાં 'જિતાત્મનઃ' વગેરે શબ્દોથી કહે છે, જેણે આત્માને જીતી લીધો છે તેનો, એટલે કે વશ કરાયેલ ભાવવાળા આત્માનો, શીત, ઉષ્ણ, સુખ, દુઃખ વગેરેમાં તેમ જ સંયોગ અને વિપ્રયોગમાં અત્યંત શાંતિયુક્ત હોય તેવાનો, સંયોગમાં પોતાનું સદ્ભાગ્ય વગેરેના મદ વગરનો હોય તેનો અને વિપ્રયોગમાં કલેશથી પ્રિયમાં દોષના આરોપ વગરનો હોય તેનો તથા ભગવાનના સાંનિધ્યથી માન અને અપમાનમાં સમ હોય તેવા વશ કરાયેલ ભાવવાળાનો આત્મા સમાધિમાં પરમાત્મા સાથે એટલે કે પુરુષોતમ પ્રભુ સાથે જોડાયેલો હોય છે. તેને માટે પ્રભુ દાસ્ય પ્રદાન કરવામાં સાવધ રહે છે અને તેના હૃદયમાં જ જોડાઇને રહેલો હોય છે, એવો ભાવ છે. ॥૭॥

જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા કૂટસ્થો વિજિતેંદ્રિયઃ ।
યુક્ત ઇત્યુચ્યતે યોગી સમલોષ્ટાશ્મકાંચનઃ ॥૮॥

જ્ઞાન અને વિજ્ઞાન વડે જેનો આત્મા તૃપ્ત થયેલો છે તેવો, વિકાર રહિત, જેને ઇંદ્રિયો અત્યંત વશ છે એવો, જેને ઢેકું, પથ્થર અને સોનું સમાન છે. તેવો યોગી યોગારૂઢ છે, એમ કહેવાય છે. ॥૮॥

અરે, પરમાત્મા હૃદયમાં સ્થિત છે, એમ શી રીતે જાણવું ? એવી આકાંક્ષાના જવાબમાં 'જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા' વગેરે શબ્દોથી કહે છે.

જ્ઞાનવિજ્ઞાનતૃપ્તામા એટલે જ્ઞાનમાં અને વિજ્ઞાનમાં જેનું અંતઃકરણ તૃપ્ત છે તેવો. જ્ઞાનમાં એટલે શાસ્ત્રની રીતિથી ભગવાનના સ્વરૂપના જ્ઞાનમાં અને વિજ્ઞાનમાં એટલે ભાવાત્મક સ્વરૂપના અનુભવમાં, તૃપ્ત એટલે શંકા અને વિવાદાસ્પદ પ્રશ્નોથી રહિત અંતઃકરણ જેનું છે તેવો. તે કૂટસ્થ છે અને યોગારૂઢ છે, એમ કહેવાય છે. સમલોષ્ટાશ્મકાંચન એટલે ઢેકું, પથ્થર અને સોનું જેને સમાન છે તેવો, ભગવદીય ભાવરૂપ યોગી છે, એટલે મારી સાથે જોડાયેલો એમ કહેવાય છે. મારાથી, એટલું અધ્યાહાર છે.

અહીં આ ભાવ છેઃ માટીમાં ભગવાનના અંગની સુગંધીના સ્મરણથી સેવા કરવાની યોગ્યતાવાળા શરીરની પ્રાપ્તિ માટે તાપભાવવાળો છે; પાષાણમાં ભગવાનના વિપ્રયોગની જડતાના સ્મરણથી પોતાનો તેમાં અભાવ, એવા તાપથી તેમાં અતિ પ્રેમભાવવાળો છે; અને સુવર્ણમાં અલૌકિક કાંતિનાં દર્શનથી રસ ભાવવાળો તે છે, એમ ખરેખર કહેવાય છે, એવો ભાવ છે. ॥૮॥

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક બારમો)

અરે, સૃજનના ભેદથી સાધનની ભેળસેળનો અભાવ ભલે હોય, તોપણ લીલાસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાંઓનાં સ્વરૂપમાં, દેહમાં, ક્રિયામાં કાંઇ વિશેષતા દેખાતી નથી, એ પ્રમાણે પહેલા સાધ્ય થયેલ સર્જન વગેરેનો ભેદ નિરર્થક જ છે. એમ શંકા કરીને તેનું નિરાકરણ કરવા માટે 'સ્વરૂપેણ' વગેરે શબ્દોથી વિશેષ કહે છે.

સ્વરૂપેણાવતારેણ લિંગેન ચ ગુણેન ચ ।
તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા ॥૧૩॥
તથાપિ યાવતા કાર્ય તાવત્તસ્ય કરોતિ હિ ।

ભગવાનના સ્વરૂપથી, ભગવાનના અવતારથી તથા વજ્ર આદિ ચિહ્નોથી તેમ જ ષડૈશ્વર્ય આદિ ગુણોથી જીવોનાં સ્વરૂપમાં, દેહમાં કે તેની ક્રિયાઓમાં ભેદ નથી. ॥૧૩॥ તેમ છતાં જેટલા પ્રમાણમાં તે કાર્ય કરે છે, તેટલા પ્રમાણમાં તેનું કાર્ય પ્રભુ કરે છે.

જેમ મીઠાનો ગાંગડો અંદર તેમ જ બહાર સંપૂર્ણ રસઘન જ છે, તેમ જ અરે, આ આત્મા અંદર તેમજ બહાર સંપૂર્ણ પ્રજ્ઞાનઘનજ છે.' (બૃહદા ૪–૧૫–૩), અને 'આનંદરૂપ તથા અમૃતરૂપ જે ભાસે છે,' (મુંડક, ૨–૭), વગેરે શ્રુતિઓથી જેમ ભગવાન સચ્ચિદાનંદઘન સ્વરૂપ છે, તેમ જ તેઓ પણ અતિરોહિત સચ્ચિદાનંદ છે, એ પ્રમાણે સ્વરૂપથી ભેદ નથી. જેવી રીતે ભગવાનની અલૌકિક રીતિથી સત્ત્વ ગુણના આશ્રયે અવતાર હોય છે, તેમ જ તેઓનો પણ જન્મ છે. જન્મથી પણ તે પ્રમાણે ભેદ નથી. જેવી રીતે ભગવાનને ધ્વજ, વજ્ર આદિ ચિહ્નો છે, તેમ તેઓને પણ તેવાં ચિહ્નો છે, તેથી તેમાં પણ ભેદ નથી. જેવી રીતે ભગવાનનાં ઐશ્વર્ય આદિ ગુણો અને સુકુમારતા છે, તેમ તેઓનાં પણ છે, તે પ્રમાણે ગુણથી પણ ભેદ નથી, આ પણ 'તેને પ્રયોજન નથી માટે,' (બ્રહ્મસૂત્ર, ૨–૧–૩૨), એવા બ્રહ્મસૂત્રથી બ્રહ્મ આપ્તકામ છે, એવા શ્રવણથી સૃષ્ટિની રચના કરવાંનું અસંગત છે. એ પ્રમાણે આક્ષેપ કરીને જવાબમાં કહે છે કે, 'પરંતુ લોકની જેમ કેવળ લીલા છે,' (બ્રહ્મસૂત્ર, ૨–૧–૩૩), એવા સૂત્રથી પૂર્વપક્ષનું નિરાકરણ કરતાં લોકમાં જેમ ઈશ્વર લીલા કરે છે, તેમાં તે સિવાય અન્ય પ્રયોજન નથી, તેમ અહીં પણ એમ છે. એમ સમાધાન કરીને લીલાનું સ્વરૂપ 'કૈવલ્યમ' વગેરે શબ્દોથી કહ્યું છે. લીલા સ્વરૂપથી ભિન્ન નથી અને વળી, સમાધાન પછી સ્વરૂપનું કથન પરિવાર સહિતને સ્વરૂપાત્મકપણું દર્શાવવા માટે છે. તેનાથી 'અહિકુંડલ' સૂત્રમાં (સવિશેષ અને નિર્વિશેષ એમ બંને પ્રકારે તેનું વર્ણન હોવાથી, જેમ સર્પ પોતાની ઈચ્છા પ્રમાણે લાંબો, ગોળ એવા કોઇ પણ આકારનો થાય છે, તેમ બ્રહ્મ પણ નિર્વિશેષ

છતાં સવિશેષ છે. બ્રહ્મસૂત્ર, ૩–૨–૨૭), એમ કહેવાયેલ ન્યાયથી તેવા સ્વરૂપધારી ભગવાન જ તે પ્રમાણે ક્રીડા કરે છે. આ જ આથર્વણ કૃષ્ણોપનિષદમાં 'શ્રીકૃષ્ણથી આ ગોપીઓ ભિન્ન નથી અને ગોપીઓથી સર્વવ્યાપક પ્રભુ ભિન્ન નથી. સંપૂર્ણ વૈકુંઠ અને સ્વર્ગના વાસીઓને ભૂમિ ઉપર ઉતારેલ છે. એ મંત્રમાં પરસ્પરનો અભેદ દર્શાવવાને એ પ્રમાણે કહ્યું છે. વરાહ પુરાણમાં પણ 'વિધાતાએ ઉત્પન્ન કરેલી સૃષ્ટિથી તે કોઇ જુદી જ સૃષ્ટિ છે.' એ પ્રમાણે તે સૃષ્ટિની વિધાતાથી ભિન્નતા દર્શાવીને તેનું ચડિયાતાપણું કહ્યું છે. તેમ જ આ ભિન્નતાથી પહેલાં સિદ્ધ કરેલ છે તે નિરર્થક થશે નહિ, એમ અર્થ છે. 'લિંગેન ચ ગુણેન ચ' એમાંના (મૂળમાં રહેલા) બે 'ચ' અક્ષરોથી જેવી રીતે ભગવાનની લીલાનાં શ્રવણ વગેરેથી કૃતાર્થતા છે, તેમ જ તેઓનાં પણ લીલા સંબંધી કાર્યોમાં શ્રવણથી કૃતાર્થતા છે, એમ જણાવ્યું છે. તે પ્રમાણે ગર્ભ સ્તુતિમાં પણ 'શ્રૃણ્વન્ ગૃણન્' (જે પુરુષ આપનાં મંગલમય નામોનું અને સ્વરૂપોનું શ્રવણ, સ્તવન, સ્મરણ, ધ્યાન કરે છે અને આપની સેવામાં તેમજ આપનાં ચરણ કમલોમાં ચિત્તને જોડે છે, તેઓને ફરીને સંસારમાં આવવું પડતું નથી, ભાગ. ૧૦–૨–૩૭), એવા શ્લોક ઉપરનાં સુબોધિનીજીમાં 'ચ' અક્ષરોથી સૂચવાયેલ અર્થના નિરૂપણમાં ભગવાન સાથેના સંબંધવાળા અન્ય જનોનાં શ્રવણ વગેરે ફળ સાધી આપનાર છે, એમ તેનાથી (બે વાર કહેવાયેલા 'ચ' અક્ષરથી) કહેવાયું છે. એમ છે તો પછી જેને ભગવાન પ્રત્યક્ષ હોય તેવાં ઓની તો વાત જ શી કરવી? તેથી 'તથાપિ' વગેરે શબ્દોથી કહે છે. 'યાવતા' એટલે ન્યૂનાધિકતાથી, 'કાર્યમ્' એટલે તે તે પ્રકારે કરવા ઇચ્છેલું લીલારૂપી કાર્ય, પ્રભુ સિદ્ધ કરે છે. 'તાવત્' એટલે તેટલા પ્રમાણમાં તે જીવના સ્વરૂપમાં, દેહમાં અથવા તેની ક્રિયાઓમાં પ્રભુ સિદ્ધિ આપે છે. 'હિ' એટલે જે હેતુથી અને વળી કાર્ય સિદ્ધ કરવાના હેતુથી ન્યૂનાધિકતાથી બધું જ એકત્ર થાય છે. તેનાથી સ્પષ્ટ રીતે તેટલે અંશે યથાર્થ હોવા છતાં તેનાથી તે તેનું નિયામક નથી. આથી પ્રત્યક્ષ બે શબ્દોમાં વિરોધ નથી, એમ અર્થ છે. અને દોઢ કારિકાથી કહેવાયેલો અર્થ એ છે કે, 'હાનિમાં પણ ઉપાયન એવો શબ્દ અધ્યાહાર હોવાથી કુશથી છંદ, સ્તુતિ, ઉપગાનની જેમ તે કહેવાયેલું છે,' એમ અહીં વિચારાયેલું છે. તેનાથી જે જીવને મર્યાદા વગેરેમાંથી જુદો કરીને અનુગ્રહથી પુષ્ટિમાં પ્રવેશ કરાવાય છે, તેનો આ નિયમ જાણવા યોગ્ય છે. તેમાં જ 'નિરંજન પરમ સામ્યને પામે છે,' એમ આથર્વણિકમાં સાંભળ્યું છે. અશેષ ધર્મોથી સામ્ય શું? વળી કેટલાક ધર્મોથી શું? અહીં પરમ પદના કથનથી અશેષ ધર્મોથી શું? પૂર્વ પક્ષના એવા સંદેહના જવાબમાં 'તુ' શબ્દથી પૂર્વ પક્ષનું નિરાકરણ કરીને, હાનિમાં ભગવાને કરેલ સૃજન માટે જીવોના ત્યાગમાં વિભાગ છે, એમ છે ત્યારે સૃષ્ટિની રચનામાં જે ઐશ્વર્ય આદિ ગુણો તિરોહિત છે તે ઐશ્વર્ય આદિ ગુણો બ્રહ્મસંબંધ થતાં આવિર્ભાવ પામે છે. તેનાથી સામ્યનું આચરણ થાય છે, છતાં સર્વથા સામ્ય હોતું નથી. તેમાં કારણ એ છે કે, તેમાં ઉપાયન શબ્દ શેષ રહેલ છે. અહીં જે સામ્ય કહેવાય છે,

તેને પ્રાપ્ત કરે છે, એમ ઉપાયન શબ્દના શેષત્વથી કહેવાય છે. તેમ છે ત્યારે પહેલાં નહોતું તે હવે પ્રાપ્ત થાય છે. તેથી પરમને પામીને સામ્યને મેળવે છે, એમ સિદ્ધ થાય છે. તેનાથી પહેલાં કહેવાયેલું જ દૃઢ થાય છે. એ ઉચિત છે કે, નહિ તો 'તેના જેવો કે તેનાથી ઉત્તમ કોઇ નથી,' એવી શ્રુતિ વિરોધમાં જાય. તેમાં દૃષ્ટાંત–કુશથી છંદ, સ્તુતિ, ઉપગાનની જેમ ઊમેરો વગેરે સમિધ, કુશા શબ્દથી કહેવાય છે. તે જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞોમાં પ્રસ્તોતાઓ (સ્તુતિ કરનારાઓ) દીક્ષિત થાય છે, તેમાં 'અભિ ત્વા શૂર નોનુમ' એમ ઋગ્વેદના સ્થાન પર સ્વરોનો ઉપસંહાર કરીને ભકારથી ગાન કરાય છે. એમ હોવાથી કુશોની જે છંદથી સ્તુતિ અને ત્યાં ઉપગાનના હેતુરૂપ જે ભકાર છે તેનો ઋગવેદ ધર્મની અન્વયતાથી જેવી રીતે ઋગ્વેદની સમાન નહિ, તેની જેમ અહીં પણ અર્થ છે.

અરે, 'તત્વમસિ' વગેરે વાકયોથી અભેદ દર્શાવ્યો છે. તેનો આધાર શો ? એ પ્રમાણે તે કહેવાયેલું અહીં કહે છે. 'બ્રહ્મના ગુણો પ્રધાનપણે હોવાથી બ્રહ્મત્વનો વ્યપદેશ જીવમાં છે, પ્રાજ્ઞની જેમ' (બ્રહ્મસુત્ર, ૨–૩–૨૯), એ પ્રમાણે બ્રહ્મસુત્રમાં ગૌણપણું કહેવાયલ છે. આ જે મુકતોનો દૃઢ આધાર છે તે અહીં અનુગ્રહ પામેલ હોય તેનાથી સમજી શકાય તેમ છે. નિત્યલીલામાં રહેલાંઓનો દૃઢ આધાર તો આ પહેલાંના શ્લોકમાં કહેવાયેલ જ છે. એનાથી રસશાસ્ત્રમાં કહેવાયેલ ' રીતિ પ્રમાણે લીલામાં વિચિત્રતાની અશકયતામાં, સામ્યતાથી કરાયેલ રમણની અશકયતામાં, સ્વરૂપની અનેકતામાં એકતાથી કરાયેલ રમણની અશકયતામાં, બધાંની એકવિધતાથી અન્ય કાર્યની અશકયતા વગેરેમાં અને તે પ્રસંગે પ્રસંગે જે સંદેહો થાય છે તે સર્વે સામાન્યતાથી દૂર કરાયેલ જાણવા. દેવો પરોક્ષ રીતે પ્રિય હોય એમ લાગે છે, પરંતુ પ્રત્યક્ષ રીતે દ્વેષી છે, એમ શ્રુતિમાં કહ્યું છે. જે દેવ પરોક્ષ રીતે પ્રિય છે તે અવિનાશી ભગવાન વિષ્ણુ છે, વગેરે સ્મૃતિમાં કહ્યું છે. ભગવાનની લીલાઓ રહસ્યોથી ભરપૂર હોવાથી વિશેષતાથી વિવરણ કરાયું નથી. ॥ ૧૩ ॥

એ પ્રમાણે સ્વભાવભેદ વગેરેના સંદેહને દૂર કર્યા, હવે કેટલાકને ભગવાને કહેલા ભકિતમાર્ગમાં શ્રદ્ધા હોય છે, કેટલાકને તેવા જ જ્ઞાનમાર્ગમાં શ્રદ્ધા હોય છે, કેટલાકને તેવા પ્રકારનાં કર્મમાં શ્રદ્ધા હોય છે, તેમાંય કેટલાકની સ્વતઃ પ્રવૃત્તિમાં આસકિત હોય છે, કેટલાકને વિધિના બળથી મળતી સિદ્ધિમાં શ્રદ્ધા હોય છે, કેટલાકના સ્વભાવની વિરુદ્ધના દેહ હોય છે અને કેટલાક બીજાઓને અનુકૂળ હોય છે, તેઓનું વિશેષતાથી નિરાકરણ કરવા માટે 'તે હિ દ્વિધા' વગેરે શબ્દોથી પુષ્ટિ જીવોને તેઓથી છૂટા પાડીને વર્ણવે છે.

તે હિ દ્વિધા શુદ્ધમિશ્રભેદાન્મિશ્રાસ્ત્રિધા પુનઃ॥૧૪॥
પ્રવાહાદિવિભેદેન ભગવત્કાર્યસિદ્ધયે ।

ભગવાનનાં કાર્યની સિદ્ધિને માટે તે જીવો શુદ્ધ અને મિશ્ર એવા ભેદથી બે પ્રકારના છે, વળી પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિના વિશેષ ભેદથી મિશ્ર જીવો ત્રણ પ્રકારના છે. ॥૧૪॥

તેઓ એટલે કે પુષ્ટિ વગેરે જીવો, હિ એટલે જે કારણે ભગવાનનાં કાર્યની એટલે કે ભગવાનની લીલા વગેરેની આશ્ચર્યતા સિદ્ધ કરવાને માટે પુષ્ટિ જીવો શુદ્ધ અને મિશ્ર એવા બે પ્રકારના છે.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૯ મું

ધાયકે જાય જો શ્રી યમુના તીરે.
તાકી મહિમા અબ કહાં લગ બરનિયે;
જાય પરસત અંગ પ્રેમ નીરે. ૧
નિશદિના કેલિ કરત મનમોહન,
પિયા સંગ ભકતનકી હે જુ ભીરે;
'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
ઈન બિના નેક નહીં ધરત ધીરે. ૨

અર્થ–જે જીવ પરમ ઉત્સુકતાપૂર્વક શ્રી યમુનાજીને તીરે જાય છે અને શ્રી યમુનાજીના પ્રેમ–નીરનો પોતાના અંગ પર સુખદાયક સ્પર્શનો અનુભવ કરે છે, એના ભાગ્યનું શું કહેવું ? ૧

વિશેષમાં આ જીવને એક મહાન સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. કે એને શ્રીનાથજીના અનેક લીલા સહિત દર્શન થાય છે. જેથી એ જીવ એમાં મુગ્ધ બની જાય છે. (અહર્નિશ એમાં જ ચિત્તવૃત્તિ લાગી રહે છે.)

શ્રી ઠાકોરજી નિરંતર શ્રી યમુના તટ પર વ્રજ ભકતોના સમૂહ સાથે અનેક પ્રકારની લીલાઓ કરે છે. શ્રી ઠાકોરજી શ્રી યમુનાજી વગર સહેજ પણ ધીરજ ધારણ કરી શકતા નથી. ૨

વિવેચન– શ્રી યમુના જળ અન્ય જળની માફક સામાન્ય જળ નથી, પરંતુ અલૌકિક–પ્રેમ–રસ છે કે જેના સ્પર્શ માત્રથી ભગવદ્–પ્રેમ ઉત્પન્ન થાય છે. એટલેજ એને પ્રેમ નીર કહેવામાં આવ્યું છે. શ્રી ઠાકોરજી 'રસો વૈ સઃ' છે, તો શ્રી યમુનાજી પ્રત્યક્ષ સ્નેહરસનું સ્વરૂપ છે. શ્રી યમુનાજીના હૃદયમાં સર્વા પ્રકારની રાસાદિક લીલાઓ પ્રત્યક્ષ બિરાજે છે. જેથી એ રસ–સ્વરૂપ નીરનો સ્પર્શ કરવાથી શ્રી યમુનાજી પ્રેમરસનું દાન કરે છે. જેથી જીવના ત્રિવિધ તાપો શાંત થઇ જાય છે. કારણકે શ્રી યમુનાજી સકલ સિદ્ધિઓના દાતા છે. ગોપીજનો પણ ગૃહાસકિતનો ત્યાગ કરી શ્રી યમુનાજીની સમીપ રહેવામાં પ્રસન્નતા અનુભવે છે.

શ્રી યમુનાજી સર્વની મનોકામના પૂર્ણ કરે છે એથી જ ધ્રુવપરાશરાદિ ઉપરાંત શિવ, બ્રહ્માદિ વિગેરે દેવોએ પણ શ્રી યમુનાજીની સ્તુતિ કરી છે. અને અભિષ્ટ ફલ પ્રાપ્તિ કરી છે એથી જ શ્રી મહા પ્રભુએ એ પણ શ્રી વમુનાજીને યમુનાષ્ટકમાં "સૂરાસુરસુપૂજિત અને "સકલ સિદ્ધિ હેતુમ્" કહીને સ્તુતિ કરી છે.

સોરઠો·ભવસાગરમાં ભટકતા કયાંય ન જોયું સુખ;
શ્રી યમુનાજીને આશરે, દુર થયા સહુ દુઃખ

॥ શ્રીકૃષ્ણઃ ॥

વ્રજ તત્ત્વ

લેખક : **શ્રી વી. એમ. શર્મા (વલ્લભી) ઇંગોરાળા (ભાડ)**

[ગતાંકથી ચાલુ]

વ્રજમાં સમસ્ત દેવો સાથે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ બિરાજે છે. બ્રહ્માજીનું નિવાસ સ્થળ બરસાનો છે અને બરસાનો જે ડુંગરા ઉપર વસેલું છે તે જ બ્રહ્મા–ટીલા (બ્રહ્માનો ડુંગરો) તરીકે ઓળખાય છે. નંદગામમાં મહાદેવનો વાસ છે. જે ડુંગરા ઉપર નંદગામ સ્થિત છે, તે ડુંગરાને શિવના ડુંગરાનું નામ અપાયેલું છે. તેમાં શિવ બિરાજમાન છે. વ્રજમાં પ્રવેશ મેળવવું મુશ્કેલ છે. શિવના કૃષ્ણ પરમ પ્રિય આરાધ્ય દેવ છે. તેથી જ શિવજી પરમ ભગવદીય પ્રથમ વૈષ્ણવ છે. તેઓ વ્રજમાં અનેક રૂપ ધારણ કરી કૃષ્ણનાં દર્શન કરવા ફરે છે. વેશ ધારણ કરવાનું કારણ લીલામાં વિક્ષેપ ન પડવાનું તથા અધિકારી થવાનું છે. તેઓ નંદગાંવમાં નંદીશ્વર, કામવનમાં કામેશ્વર, મથુરામાં ભૂતેશ્વર તથા વૃંદાવનમાં મૃત્યુનું તાંડવ કરનારા મહા પ્રલયકરી રૂદ્ર સ્વરૂપ શિવે એક આશ્ચર્યજનકરૂપ શ્રીકૃષ્ણની રાસલીલાનાં દર્શન કરવા ધારણ કર્યું છે, તે છે 'ગોપી' સ્વરૂપ. આજે પણ ગોપી સ્વરૂપે શિવજી બિરાજે છે. અને શરદના સમયમાં ગોપીનાં શૃંગાર ધારણ કરાવાય છે. વૃંદાવનમાં બંસીબટના સ્થળે બિરાજે છે.)

વિષ્ણુ સાક્ષાત્ કૃષ્ણ સ્વરૂપમાં વ્રજની રજમાં કણ કણમાં વ્યાપ્ત છે. આજે પણ કૃષ્ણની અનેક લીલામય ઝાંખીનાં દર્શન થાય છે. અને ભગવદીયો નિધવન તથા સેવાકુંજમાં તો સાક્ષાત્ મહા રાસના દર્શન કરેલા છે. આજે પણ શ્રીકૃષ્ણની લીલા ત્યાં થાય છે. શ્રીકૃષ્ણની ઝાંખીનું એક દર્શન છે 'ચાંપત ચરણ મોહનરાય' કૃષ્ણ શ્રીરાધાનાં ચરણ ચાંપી રહ્યાં છે. (સેવાકુંજ) એક બીજા કવિએ લખ્યું છે કે કૃષ્ણ રાધાના ચરણ પખારીને ચરણોદક લીએ છે ત્યારે ગાય છે—

'ધન ધન રાધિકા કે ચરણ,
સુભગ શીતલ અતિ સુકોમલ કમલ કેસે વરણ'

કેટલી રમ્ય અને મનોરમ આ વ્રજભૂમિ છે. ત્યાં આજે પણ શ્રાવણ ભાદરવામાં લાખો ભાવિકો દેશ વિદેશથી આવે છે અને એક સ્વર્ગ જેવા વૃંદાવનનાં દર્શન ભક્તોને થાય છે.

વ્રજમંડલ જપ, તપ, સાધના, ધ્યાનમાં ચિત્તને લગાવનારી વિરક્તી અને ભક્તિ આપનારી તથા આત્માથી આત્માનો મિલાપ કરી ઇશ્વરનો સાક્ષાત્કાર કરાવનારી ભૂમિ છે શ્રીમદ્ ભાગવતનાં ચતુર્થ સ્કન્ધના આઠમા અધ્યાયના બીજા શ્લોકમાં કહ્યું છે :–

"પુન્યં મધુવનં યત્ર સાનિધ્યં નિત્યદા હરિ::"

જ્યાં આજે મથુરા છે ત્યાં પૂર્વે મધુવન હતું અને ત્યાં રહેતાં મધુ નામના દૈત્યને શત્રુઘ્નજીએ માર્યો છે. તે મધુવન અર્થાત્ મથુરામાં જે ફળ અને મુક્તિપદ સાત હજાર વર્ષો સુધી તપ કરવાથી ન મળે તે સાત દિવસમાં જ ઇશ્વર સ્મરણથી પ્રાપ્ત થાય છે. ધ્રુવજીએ અહિં સાત જ દિવસમાં ભગવદ્ પ્રાપ્તિ કરી હતી. આજે ત્યાં ધ્રુવ નામનો ટીલો છે.

સ્વામી શ્રી હરિદાસજીની ધર્મ અને કર્મ ભૂમિ અહીંજ છે. વૃન્દાવનમાં જ રાધા સ્વરૂપા શ્રી હરિદાસ સંગીત સાધના અને રાધાકૃષ્ણનો સાક્ષાત્કાર કર્યો છે. બૈજૂ બાવરા તથા તાનસેનની સાધના ભૂમિ પણ આ વ્રજ જ છે. શ્રીમાધ્વાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, શ્રી રાધા વલ્લભ સંપ્રદાયના આચાર્યો, શ્રી નિમ્બાર્કાચાર્ય, ગોડીય સંપ્રદાયના આચાર્યો માટે આ ભૂમિ પ્રેરણાસ્પદ અને સાધનાની ભૂમિ રહી છે.

વ્રજનું શ્રીવલ્લભ સંપ્રદાય પ્રમાણે જોઇએ તો ઘણું જ મહત્ત્વ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ જન્મ ચંપારણ્યમાં લીધો અને જ્ઞાનની પરાકાષ્ઠાએ કાશીમાં પહોંચી ગયા. બ્રહ્મસૂત્ર જેવા ગ્રન્થોનું ભાષ્ય રચના કરી, વિદ્વાનોની સાથે વાદ વિવાદમાં વિજય મેળવ્યો પરંતુ વ્યાસજીની જેમ તેઓશ્રીના હૃદયને શાંતિ થઇ નહિ. તેમને પ્રભુના વિરહનો તથા જીવના કલ્યાણ કરવાનો સંતાપ હંમેશાં સતાવતો રહયો હતો. તે સંતાપને મટાડવાનો અને જીવને બ્રહ્મ સાથે સંબંધ કરાવવાનું જ્ઞાન તથા પ્રભુના સાક્ષાત્કારની જયાં શ્રી વલ્લભ પ્રભુને પ્રાપ્તિ થઇ છે, તેનો શ્રેય વ્રજનાં શ્રી ગોકુળમાં સ્થિત ગોવિંદઘાટ શ્રી ઠકુરાણી ઘાટને ફાળે જાય છે. ત્યાંથીજ 'પુષ્ટિ'નો વટવૃક્ષ ફલ્યો ફુલ્યો છે, તે બન્ને ઘાટો આજે પણ વૈષ્ણવ માત્ર માટે બુદ્ધના "બોધ ગયા જેવું" માહાત્મ્ય ધરાવે છે. ત્યાંથી પુષ્ટિની ધારા પ્રવાહિત થઇ છે.

તે પ્રમાણે વ્રજનો વૈષ્ણવ સમાજ તથા શ્રી વલ્લભકુળ ઋણી છે. જે બ્રહ્મસંબંધ તથા સેવા પ્રણાલિકા આજે આપણે ત્યાં આચરણમાં છે તે પણ વ્રજભૂમિનું જ દાન છે, તેની જ કૃપા છે. શ્રીવિઠ્ઠલનાથજી આજ્ઞા કરે છે "સંપ્રદાયના આચાર્યો તથા વૈષ્ણવો પણ વ્રજ અને વ્રજભકતોનાં ઋણિ છે" તેથીજ આજે પણ ગોસ્વામી બાલકો તથા વૈષ્ણવો માટે વ્રજ તથા ભકતોનું સ્મરણ કૃષ્ણ સ્મરણ સાથે કરે છે. અન્યથા ફળની પ્રાપ્તિ અશકય છે. આ પ્રકારે જોતાં વ્રજભૂમિ સંપ્રદાયોની જન્મ ભૂમિ છે.

આવું અનેરૂં વ્રજધામ છે જેની રજમાં બ્રહ્મા, શિવ આળોટે છે. વિષ્ણુ તો આરોગે પણ છે. ધન્ય છે તે સંસ્કૃતિ અને ધર્મ તથા ત્યાંના વાસીઓને જેઓએ શ્રીકૃષ્ણને વશ કરી રાખ્યા છે. વિશ્વના ગુરુ શ્રીકૃષ્ણ પણ જયાં ગોપિકાઓનાં શિષ્ય અને સેવક બનીને રહ્યા છે. તાનસેન, બૈજુબાવરા જેવા મહાન સંગીતકારોની ભૂમિ આ જ છે. વૈદિક જ્ઞાનનાં પ્રકાંડ વિદ્વાન ઉધ્ધવજીના ગુરુઓ પણ આ વ્રજની વ્રજાંગનાઓ છે. મોટા મોટા ઋષિ મુનિઓએ પણ વ્રજ રજને માથે ચઢાવી છે, તથા તેનાં ગુણ ગાન કર્યા છે. તેજ વ્રજ રજ અને વ્રજવાસને ગોપીઓની પ્રેમલક્ષણા ભકિતનાં દર્શન કરી તથા ઉદ્ધવજીની દશાનું વર્ણન કરતાં શ્રીનંદદાસજી લખે છે.

ઉમગી જો કોઉ સલિલ અંસુઅન તે સિંધુ ભયો ધારન
વા જલમેં વહી જાત કંચુકી ભૂષન હારન,
તાહી પ્રેમ પ્રવાહ મેં ઉદ્ધવ ચલે બહાય
ભૂલ જ્ઞાન કી મેંડહી વ્રજમેં તોડી આપ.'

ઉદ્ધવજી પણ તણાય જાય તેવી પ્રેમ લક્ષણા ભકિતનાં પ્રવાહનાં દર્શન કરાવ્યા છે જેમાં તેનાં જ્ઞાનની મેંડ તૂટી ગઈ છે અને

શ્રીકૃષ્ણનાં ચરણોમાં પડી એટલું જ માગે છે.

આસા મહો ચરણરેણુ જુષામહંસ્યાં ।
વૃન્દાવને કિમડપિ ગુલ્મ લતૌષધીનામ્ ॥
યા દુસ્ત્યજ સ્વજન આર્ય પથં ચ હિત્વા ।
ભેજુર્મુકુન્દ પદવી શ્રુતિભિર્વિ મૃગ્યામ્ ॥
કૃષ્ણસ્ય તદ્ ભગવત્ ચરણારવિન્દં ।
ન્વસ્તં સ્તનેસું વિજહ પરિરભ્યતાપમ્ ॥

જે વ્રજાંગનાઓએ શ્રીકૃષ્ણ પ્રાપ્તિ માટે દુર્લભતાથી ત્યાજ્ય લાજ મર્યાદા જેવા બંધન કારક આર્ય ધર્મનો ત્યાગ કર્યો છે અને શ્રી શ્રુતિઓ વેદોથી વંદિત મુકુન્દ ભગવાનનાં ચરણોને પોતાના હૃદયમાં વસાવી રાખ્યા છે તેઓની ચરણ રજ મને જો વ્રજમાં લતા પત્રાદિ બનીને પણ પ્રાપ્ત થાય અને જો વ્રજ રાજ પ્રસન્ન થાય તો એજ વરદાન આપે કે જયારે શ્રીકૃષ્ણ ગોપીઓ તથા ગોપો સાથે ક્રીડા કરવા પધારે તો તેમનાં ચરણની રજ મારા ઉપર પડે તો હું કૃત-કૃત્ય થાઉં આવા ઉદ્‌ગારો ઉધ્ધવજીનાં છે. ધન્ય છે વ્રજ મંડલ

વ્રજ મંડલ અને તેના રજની મહિમા લખવામાં આવે તો એક વ્રજ ભાગવત સર્જાય જાય તો પણ એ ભૂમિની સંસ્કૃતિ, ધર્મ, સ્થળો અને તેનાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક તત્વોનું પૂર્ણ વિવેચન થઇ શકે નહિ. વ્રજાંગનાઓના અને વ્રજવાસીઓના સ્મરણમાં આતો એક વંદનમાત્ર છે. ઉદ્ધવજી કહે છે તે પ્રમાણે/ – વન્દે નન્દ વ્રજસ્ત્રીણાં પાદરેણુભીક્ષ્ણશઃ । યાસાં હરિ કથોદગીતમ પુનાતિ ભુવન ત્રય ॥

આ પ્રમાણે જ વ્રજવાસીઓ, વ્રજાંગનાઓ જેમની ચરણ રજ સેવનથી મુકિતરૂપ કૃષ્ણ મળે છે તથા તેમના ગુણો ગાવાથી ત્રણેય ભુવનો પવિત્ર થાય છે. તે વ્રજરજ-વ્રજમંડલ તથા વ્રજાંગનાઓ-વ્રજ ભકતોનાં ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરી વંદના કરૂં છું

દીન દયાલ સુને જબતે
તબતે મનમેં કછુ ઐસી બસી હૈ
તેરો કહાય કે જાઉં કહાં,
મૈંને તેરેહી નામ કી ફેંટ કસી હૈ ॥
તેરોહી આસરો ઔ **'મલૂક'**
નહિં કોઉ દૂજો હમારૌ હંસી હૈ ॥
ઐહો મુરારિ પુકરિ કહો
યામેં મેરી હંસીનાં તેરી હંસી હૈ ॥

ઈતિ

"શ્રીવલ્લભ નામ મહિમા"
શ્રી હરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા
લેખક : **શ્રીવલ્લ પાદ પદ્મમિલિન્દ**

[ગતાંકથી ચાલુ]

"દૂર દર્શન" એટલે વનમાં પધારેલા પ્રિય પ્રભુના સ્વરૂપનો અને આપ વનમાં રહી જે જે લીલાઓ કરે છે તેના દર્શન શ્રી ગોપીજનોને દુરથી શ્રીગોકુલમાં પોતાના ગૃહમાં રહેવા છતાં થાય છે તેનું નામ દૂર દર્શન હવે "દૂર શ્રવણ" એટલે પ્રાણપ્રિય વનમાં રહી જે વેણુનાદ કરે છે તેનું શ્રવણ દુરથી શ્રી ગોકુલમાં રહેલા વ્રજ ભકતોને થાય છે તેને દૂર શ્રવણ કહેવાય છે. આજના ભૌતિક વિજ્ઞાનીકોએ ટેલિવિઝનની શોધ કરી છે. તેમાં દૂર દર્શન અને દુર શ્રવણનો પ્રકાર જોઇ શકાય છે.

અથવા દુરથી આવો અનુભવ થવાનું કારણ શું તેનું રહસ્ય (અંતરીક્ષ વિજ્ઞાન) વિચારીએ.

ભૌતિક જગતનો વ્યવહાર ભૌતિક આકાશ–વાયુ–અગ્નિ–જલ અને પૃથ્વી આ પાંચ મહાભૂતો દ્વારાજ થાય છે. તેમ આધિદૈવિક–અલૌકિક જગતમાં આ પાંચે મહાભૂતો અલૌકિક–હોય છે. આ પાંચેય મહા ભૂતો દ્વારા અલૌકિક દિવ્ય જગતનો અનુભવ થાય છે, અથવા અલૌકિક–દિવ્ય મહાભૂતો અલૌકિક લીલા હોય છે. જગતમાં વ્યાપક પ્રકારે જોડાયેલા હોય છે. તેથી અલૌકિક લીલા જગતનો અનુભવ થાય છે. અથવા જે ભકતોએ આધિદૈવિક અવસ્થા પ્રાપ્ત કરી છે તેના દેહના પાંચે મહાભૂતો અલૌકિક– વ્યાપક બનેલા હોય છે. તેથી દુર દર્શન અને દૂર શ્રવણની દિવ્ય સિદ્ધિથી પ્રભુના સ્વરૂપનો અને લીલાઓનો તથા વેણુનાદના શ્રવણનો અનુભવ પ્રભુની પરોક્ષતામાં પણ કરી શકે છે. આ પરોક્ષદશામાં અનુભવાતું પ્રિય પ્રભુનું સ્વરૂપ અને આપની લીલાઓનો અનુભવ થવો તે માનસી સેવારૂપ છે. આવો અનુભવ શ્રીગોપીજનો કરી રહ્યા છે. તેનું આપસમાં મળી ગુણગાન કરે છે. તેથી કહ્યું "સેવા રસ સ્વાદ પાવે નિશદિન ગુન ગાવે" ! પ્રિય પ્રભુના સ્વરૂપમાં અને લીલાઓમાં સુધા રહેલી છે. આ સુધા મધુર આસ્વાદથી ભરેલી છે, તેનો અનુભવ વ્રજ ભકતોને થાય છે.

"નિશદિન ગુન ગાવે" વેણુનાદમાંથી જે સુધાધારા પ્રગટ થાય છે તેનો ધારાવાહી પ્રવાહ વ્રજ ભકતોના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે વ્રજ ભકતોમાં સ્વતઃ જ પ્રભુની રસાત્મક લીલાનું ગુણગાન પ્રગટ થઈ જાય છે. આ ગુણગાનમાં પ્રિય પ્રભુના ભાવાત્મક સ્વરૂપનો અને

લીલાઓનો આસ્વાદ પ્રાપ્ત થવાથી અન્ય સર્વનું વિસ્મરણ થઇ જાય છે તેથી કહ્યું "ઓર સબે વિસરાવે યહ મન આઠો યામ" શ્રી ગોપીજનોને જાગતા, સ્વપ્નામાં અને ગાઢ નિંદ્રામાં એમ ત્રણે દશામાં પ્રભુના સ્વરૂપનો અને લીલાઓનો અનુભવ થયા જ કરે છે આજ પ્રકારે શ્રીવલ્લભમાં અનન્ય પ્રતિવ્રત ભાવ રાખી શ્રી વલ્લભ નામનું સ્મરણ સ્નેહ-વિરહ-દીનતા પૂર્વક કરે છે. તેવા સ્વકીયને પણ શ્રી ગોપીજનોની સમાન અનુભવ થાય છે. તેનું કારણ શ્રીવલ્લભ નામમાં અનંત અચિન્ત્ય શક્તિઓ રહેલી છે. તેથી ઉપર કહ્યો તેવો વિલક્ષણ અનુભવ કરાવે છે. તેમ શ્રી હરિરાય પ્રભુ આ પદમાં જતાવી રહ્યા છે.

ઉપર કહ્યા મુજબ પ્રભુના સ્વરૂપનો અને લીલાઓનો અનુભવ માનસી થયા પછી ભક્તોની સ્થિતિ કેવા પ્રકારની હોય છે તેને જાણવા માટે આગળ કહે છે–"હરિવશ છિનહી મેં હોત સ્ફુરત સગરો ભક્તિ મારગ"

'હરિ' શબ્દનો અર્થ સર્વ પ્રકારના દુઃખોને હરનારા થાય છે. અથવા આ દુઃખો ત્રણ પ્રકારના છે (૧) ભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિ દૈવિક. તેમાં ભૌતિક દુઃખ જન્મ–મરણ, ઠંડી-ગરમી, અને રોગાદિકથી દેહને થતું દુઃખ ભૌતિક કહેવાય છે. બીજું આધ્યાત્મિક દુઃખ છે તે ઇન્દ્રિયો સહિત મન ભૌતિક વિષયમાં દૈવી જીવને બલાત ખેંચી જાય છે. અથવા ઇન્દ્રિયો સહિત મન પ્રભુના સ્વરૂપમાં અનુરાગવાળા થતાં નથી તેનું દૈવી જીવને દુઃખ થાય છે, તે આધ્યાત્મિક કહેવાય છે. હવે ત્રીજું દુઃખ આધિદૈવિક છે, તે દૈવી જીવને પોતાના આત્માના પતિ પ્રિય પ્રભુના વિયોગનું છે. આ ત્રણે પ્રકારના દુઃખોનો મુળમાંથી નાશ કરે. હરણ કરે તેવો જેનો સહજ સ્વભાવ છે તેને 'હરિ' કહેવાય છે. આવા હરિ શ્રી વલ્લભ નામના સ્મરણ કરના ભક્તનાં હૃદયમાં સ્થાયિ બિરાજી વશ થઇને રહે છે.

પ્રશ્ન—શ્રી વલ્લભ નામના સ્મરણ માત્રથી શ્રી હરિ કે–જે 'અજીત' કોઈથી જીતી ન શકાય તેવા 'સ્વતંત્ર' કોઇને આધીન ન યાય તેવા. એક ક્ષણમાં જ ભક્ત હૃદયમાં વશીભૂત થઇને રહે છે. તેમાં રહસ્ય શું રહેલું છે ?

ઉત્તર—શ્રી વલ્લભ નામ મધુર સુધાનું ધામ છે. અથવા સુધાના સમુદ્ર રૂપ છે. તેથી શ્રી વલ્લભ નામમાંથી જ્યારે સુધાની ધારા ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે તે સુધા સાથે હરિનું ભાવાત્મક સ્વરૂપ ભક્તના હૃદયમાં વશીભૂત થઇને જ રહે છે. અથવા આ સુધા અચિન્ત્ય પ્રભાવશાળી છે, તેથી જેમ લોહચુંબક લોઢાને પોતાની તરફ ખેંચી લે છે. તેમ આ સુધા હરિનું કર્ષણ–આકર્ષણ કરીને ભક્તના હૃદયમાં સ્થિર વશીભૂત કરી દે છે.

અથવા જેમ વેણુનાદની સુધા દ્વારા શ્રી ગોપીજનોના હૃદયમાં "બર્હાપીડં નટવર વપુઃ" સ્વરૂપે પ્રવેશ કરી શ્રી ગોપીજનોના હૃદયમાં વશીભૂત થયું તેમ શ્રી વલ્લભ નામના સ્મરણ કરનારા ભકતના હૃદયમાં પણ વશીભૂત થાય છે. સુધાનોં પ્રભાવ જ કર્ષણ સ્વભાવવાળો છે, તેથી હરિનું આકર્ષણ કરી પોતાની સાથે હરિના સ્વરૂપને સ્વકીયજનના હૃદયમાં વશીભૂત કરે છે. આવો અનુભવ શ્રી હરિરાય પ્રભુએ કરેલો છે. તેનું જ વર્ણન આ પદમાં કરેલું છે.

પ્રશ્ન—શ્રી હરિરાય પ્રભુ પુષ્ટિ માર્ગના મર્મજ્ઞ-શિરોમણિરૂપે પ્રસિદ્ધ છે. તેથી આપે શ્રી વલ્લભ નામનો આવો વિલક્ષણ મહિમા જતાવ્યો છે. તેમાં નિગૂઢ–સ્વારસ્ય કેવા પ્રકારનું છે કે અજીત હરિને વશ કરવા બીજા સાધનોને નિર્દેશ નહિ કરતાં શ્રી વલ્લભ નામના સ્મરણનો જ ઉપદેશ કરી રહ્યા છે.

ઉત્તર—શ્રી વલ્લભ નામ અનેક જન્મોના એકઠા થયેલા સુકૃતોના ફલરૂપ છે. અહીં 'સબસુકૃત'નો ભાવાર્થ અનેક જન્મોના તપ-ધ્યાન સમાધિ અને નવધા ભકિતના સુકૃતો કર્યા હોય અને વૈષ્ણવની સેવાદિ સુકૃતોનું પણ ફલ શ્રી વલ્લભ નામ છે. તેવો સબ સુકૃતોનો ભાવાર્થ જાણવો.

સબ સુકૃતોનું ફલ શ્રી વલ્લભ નામ છે. તેને સમજવા માટે શ્રી હરિરાય પ્રભુના પદો નીચે મુજબ વિચારીયે—

પદ–૧

ભજ ભજ શ્રીવલ્લભ પદ કમલ
ભૂલ કછું ન વિચારે રે મન ! સબકો હે યહ ફલ. ૧
વિનકીને કછુ સાધન તારત કરત ઉદ્ધાર અપને બલ,
'રસિકજન' શિર સદા બિરાજો વ્રજ પતિ સુખ અનલ. ૨

૨

મન રે તુ શ્રી વલ્લભ વલ્લભ કહે
જો કછુ કામના હોય જીયમે સો તતછન લહિરે, ૧
સકલ સુકૃતકો યહ પરમ ફલ ઓર ન કછુ રૂચિ મહીરે
'રસિક પ્રીતમ' એસે પ્રભુકો ચરણ શરણ નિત ગહી રે ૨

૩

રે મન ! શ્રી વલ્લભ મુખ ગાયો
કરત પ્રશંસા કૌન કવિ એ સો તિહુ લોક જસ ગાયો ૧

પરસત નહિ સંસાર વાસના નિશંક નિશાન બજાયો
રહસ્ય નિકુંજ કેલિ ક્રીડારસ રોમ રોમ લપટાયો. ૨

કિયે તુચ્છ અન્ય રસ છિલ્લર પરમાનંદ નિધિ પાયો
'રસિકદાસ' ધન્ય સોઇનર, ઇંનકે દાસ કહાયો. ૩

ઉપરોકત પદોમાં સબ સુકૃતોનું ફલ શ્રી વલ્લભ નામ કહ્યું એટલું જ નહિ, પરંતુ મૂલ ધામની રહસ્ય નિકુંજની અનંત પ્રકારની લીલા કે જે અગણિત આનંદરૂપ છે તેને પ્રાપ્ત કરાવનાર શ્રી વલ્લભ નામ છે. તેથી શ્રી વલ્લભ નામના ગુણગાનને જ અજીત એવા હરિને વશ કરવાનું અમોઘ સાધન બતાવ્યું છે. જે શ્રી વલ્લભનું સ્વરૂપ અગણિત આનંદરૂપ છે તેમ તેવા જ મહિમાવાળું આપશ્રીનું નામ છે. રૂપ અને નામમાં બન્નેમાં અગણિત આનંદ ભરેલો રહે છે.

અહિં આમ સમજવું કે રૂપની લીલા બહાર પ્રગટ સ્વરૂપથી થાય છે. અને નામ સ્વરૂપની લીલા ભકત હૃદયમાં વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપથી થાય છે. અર્થાત્ રૂપથી થતી લીલાનો આનંદ હોવાથી અનુભવાય છે અને નામથી થતી લીલામો આનંદ નામના ભાવાત્મક સ્વરૂપથી ભાવ દ્વારાઅનુભવાય છે. શ્રીવલ્લભ નામમાં શ્રીવલ્લભનું ભાવાત્મક સ્વરૂપ રહેલું છે. તે ભકતના હૃદયમાં ભાવાત્મક રૂપે બિરાજે છે તેમાં રહસ્ય નિકુંજોનો અગણિત આનંદ ભરેલો રહે છે. તે ભાવાત્મક સ્વરૂપમાંથી રહસ્ય નિકુંજોના રસરૂપ ભાવોનો પ્રવાહ પ્રગટ થઇને ભકતને ભાવ દ્વારા અનુભવ કરાવે છે. આવું ગુઢ રહસ્ય હોવાથી શ્રીવલ્લભ નામને સબસુકૃતોના ફલ રૂપ કહ્યું છે. રહસ્ય નિકુંજોમાં નિત્ય સિધ્ધા અનંત સ્વામિનીજીઓ સાથે શ્રીજી–નિકુંજ નાયકનો જે રહસ્ય ક્રીડા વિલાસ થઈ રહયો છે. તે અનંત સ્વામિનીજીઓ સહિત અનંત નિકુંજ નાયકના સ્વરૂપોની રહસ્ય લીલા થઇ રહી છે તે સર્વ શ્રીવલ્લભ નામના ભાવાત્મક વ્યાપક સ્વરૂપમાં રહેલી છે. આપશ્રીનું 'વિભુ' નામ છે. આ વિભુ નામવાળા સ્વરૂપમાં અનંત રસાત્મક બ્રહ્માંડોને ધારણ કરવાનું સામર્થ્ય રહેલું છે.

હવે લીલાધામ કે જે પ્રાકૃત દ્દષ્ટિથી અગોચર છે તે લીલા ધામની ક્ષણે ક્ષણે નુતન પ્રકારે થતી અનંત પ્રકારની રહસ્ય લીલાનું જ્ઞાન શ્રીવલ્લભ નામના સ્મરણથીજ થવા લાગે છે તેને કહે છે.

"સ્ફુરત સગરો ભકિત મારગ" ઉપર કહ્યું કે નિત્ય સિદ્ધા અનંત સ્વામિનીજીઓ સાથે અનંત શ્રીજીના સ્વરૂપોની રહસ્ય ક્રીડા થઇ રહી છે તે સર્વ લીલાની સ્ફુરણાજ્ઞાન થવા લાગે છે. અને તેનો અનુભવ પણ થાય છે. જેથી અષ્ટ સખાદિ મહાનુભાવોને લીલાના સાક્ષાત્ દર્શન થાય છે તેનું પદોમાં જ્ઞાન કરાવ્યું છે. તે પ્રકારે સાક્ષાત્ લીલાના દર્શન અને તેનું જ્ઞાન થાય છે, અથવા જેમ સૂર્યનો ઉદય થતાં સહસ્ત્રો કિરણો સહજ જ પ્રગટ થાય છે અને અંધકારને દૂર કરી જગતને પ્રકાશિત કરે છે. તેમ શ્રી વલ્લભનું 'ભકિત માર્ગાબ્જમાર્તંડઃ" સ્વરૂપ ભક્તના હૃદયરૂપી આકાશમાં જ્યારે પ્રગટ થાય છે ત્યારે અનંત રહસ્ય નિકુંજોમાં શ્રી વલ્લભ ભાનુના કિરણો પ્રવેશ કરી સમસ્ત લીલાઓનું જ્ઞાન કરાવે છે અને તેનો અનુંભવ પણ કરાવે છે.

અહીં જે ભકિત મારગ કહ્યો છે તે શ્રી કપિલદેવજીએ શ્રીમદ્ ભાગવત ત્રીજા સ્કંધમાં કહેલ ૮૧ પ્રકારનો નથી. મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય પ્રભુ જે ભકિત માર્ગને કહી રહ્યા છે તે તો જ્યાં મન વાણી પ્રવેશ કરી શકતા નથી. અથવા વેદોની પણ જ્યાં ગતિ નથી તેવા સર્વાજ્ઞાત રહસ્ય નિકુંજની લીલાવાળા ભકિત માર્ગને કહી રહ્યા છે. આવા સર્વાજ્ઞાત ભકિત માર્ગનું અથવા ભકિત એટલે દિવ્ય પ્રેમ માર્ગનું જ્ઞાન અને તેનો સાક્ષાત્ અનુભવ શ્રી વલ્લભ ભાનુના પ્રકાશથી જ થાય છે. તેથી કહ્યું 'સ્ફુરત સગરો ભકિત મારગ.'

અહીં એમ પણ જાણવું કે શ્રી વલ્લભ નામમાં શ્રી સર્વોત્તમજીના ૧૦૮ નામોનો સમાવેશ છે. જે નામનું કાર્ય છે તે નામથી ભકતનું કાર્ય કરે છે. એટલે કે આપશ્રીનું 'ભકિત માર્ગાબ્જમાર્તંડ' નામ છે. આ નામનું કાર્ય ભકતના હૃદયનો અંધકાર દૂર કરીને લીલા ધામની લીલાઓનો પ્રકાશ કરે છે. આવો પ્રકાશ શ્રી વલ્લભ નામનું આપણે સ્મરણ કરતા હોઇએ તે સમયે આપણા હૃદયમાં થતું જ હોય છે. આજ પ્રકારે ૧૦૮ નામના જે જે કાર્યો છે તે શ્રી વલ્લભ નામના સ્મરણથી સિદ્ધ થતા રહે જ છે. આવો અદ્ભુત મહિમા શ્રી વલ્લભ નામ સ્મરણમાં રહેલો છે. તેથી શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે.

'શ્રી વલ્લભ નામ અગાધ હે જહા તહાં મતિ ખોલ;
જબ ગ્રાહક હરિજન મિલે તીન આગે તું ખોલ."

શ્રી વલ્લભ નામનો મહિમા શ્રી વલ્લભના વિરહી સ્વકીયો જ જાણી શકે છે. તેથી વિરહીજનો પાસે જ વલ્લભ નામનો મહિમા પ્રગટ કરવો અથવા શ્રી વલ્લભના યશોગાન ગાવા

(ક્રમશઃ)

શ્રી હરિરાયજી કૃત

શ્રી ગોપીજન વલ્લભાષ્ટકકા પધાનુવાદ

રાગ-ધનાશ્રી

૧

સરોજ કે સમાન હૈ યુગલ નેત્ર પ્યારે કે
કૃપા કે કરનહાર મન અભિરામ હૈ
સુંદર મંદાર પુષ્પ માલા ઉર સોભિત હૈ
કીયો જબ મંદ હાસ જીત લીનો કામ હૈ
આનંદકો દાન દેત નંદ ગોપ ગોપિનકો
બકી બક મોક્ષ કરી કીનો દેવ કામ હૈ
મૃગેન્દ્ર નખ ભૂષણ શોભિત ઉરોજ એસે
ગોપીજન વલ્લભકોં 'સત્ય'કે પ્રણામ હૈ

૨

ગોપ ગ્વાલ સંગ લેય કૌતુક સોં ખેલ કરેં
ગૌવન કે પાલક વ્રજ જીવન અભિરામ હૈ
ભક્તનકે પૂર્ણ કામ નવિન પ્રેમ વારે યે
માતુ કે નિરોધ કાજ લીલા સુખ ધામ હૈ
મથિવે કે પુરાને જે ભાંડકોં તોડફોડ
કર નવનીત લિયે બૈઠે ભકતધામ હૈ
ગોરસમેં સ્વાદ કિયો સુધા કે સમાન એસે
ગોપીજન વલ્લભકોં 'સત્ય' કે પ્રણામ હૈ

૩

ફૂલન કલિન્દ જા કે કૌતુહલ કિશોર કિયો
સુંદર સુખદ રૂપ મન અભિરામ હૈ
પિતાંબર કાછિ નર ભૂષણ વ્રજભૂષણ યે

મેઘનકી સોભા યુત ધરાધરા ધાસ હૈ
ગર્ગ વાકય સફલ કરિ સુલક્ષણ સકલ લે
વૃંદાવન લીલા કે મંડન વિશામ હૈ
મદ કે મદવારે હસ્તિ કંસ માર્દ કરિ
ગોપીજન વલ્લભકો 'સત્ય'કે પ્રણામ હૈ

૪

દેવકીકુમાર પ્યારે ભૂમિ ભાર હરિવે કો
બ્રહ્મા આદિ દેવકાજ કિને પૂર્ણ કામ હૈ
કરમેં બિરાજે શુભ શંખ ચક્ર ગદા પદ્મ
ઉદ્ધવ અક્રૂરજી કોં વરદા અભિરામ હૈ
મોહત સબન મન કૃપા કી સુદૃષ્ટિ કરિ
કિનો યે અષ્ટક શુભ હરિરાય નામ હૈ
વંદન મેં અનુપમ સુંદર સુછંદ વારો
ગોપીજન વલ્લભકોં 'સત્ય'કે પ્રણામ હૈ

બાગરોદી બલદેવ શર્મા
'સત્ય'

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષિ શ્રી રમાનાથ શાસ્ત્રીજી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રીજી**

માટે તે બધી ઉપજીવ્ય છે અને એટલા જ વાસ્તે બલવાન પણ છે. તથા સધર્મક બ્રહ્મનિરૂપિકા શ્રુતિઓ આધેયનું નિરૂપણ કરી રહી છે. માટે તે સર્વ ઉપજીવક છે અને વાસ્તેજ તેઓ નિર્ધર્મક નિરૂપિકા શ્રુતિઓનો વિરોધ અથવા બાધ કરી શકતી નથી. પરંતુ બળવાન હોવાથી નિર્ધર્મકનિરૂપક વાક્ય સમૂહ જ સધર્મક શ્રુતિઓનો બાધ કરે છે. તો હવે આટલા વિસ્તારથી એ સિદ્ધ થયું કે બ્રહ્મ સધર્મક નથી પરંતુ નિર્ધર્મક નિર્વિશેષ જ છે.

એના ઉપર કોઇ એકદેશી ઉત્તર આપે છે કે જે ઉપજીવ્યપણું નિર્વિશેષ પ્રતિપાદન કરવાવાળા વચનોમાં લાવો છો તો તે તો સવિશેષ પ્રતિપાદક વચનોમાં પણ આવી શકે છે. સાંભળો એક એવો નિયમ છે કે અભાવનું નિરૂપણ કરવું હોય તો તેના પ્રતિયોગીનું નિરૂપણ કરવું, પણ ખાસ જરૂરનું છે. અર્થાત્ કોઇ પણ વસ્તુનો અભાવ જાણતી વખતે પહેલાં તે વસ્તુનું જ્ઞાન થવું જોઇએ. જે વસ્તુને જ નથી જાણતો તો તે વસ્તુના અભાવને શી રીતે જાણે ? જેણે કોઈ પણ વખતે ઘટ જોયો નથી તો તે ઘટાભાવને કેવી રીતે સમજવાનો ? સ્થૂલ ભાવના જ્ઞાનમાં પ્રથમ સ્થૂલ પદાર્થનું ભાન હોવું જોઇએ. અર્થાત્ સ્થૂલાભાવ જ્ઞાનનું નિર્વાહક સ્થૂલ જ્ઞાન છે. અને માટે જ તે ઉપજીવ્ય છે. જેટલાં ‘અસ્થૂલમનણું’ વગેરે અભાવ પ્રતિપાદક અર્થાત્ બ્રહ્મને નિર્વિશેષ કહેનારા વાક્યો છે. તે બધામાં જ પહેલાં સ્થૌલ્યાદિ ધર્મોના જ્ઞાનની ખાસ જરૂર પડે છે. માટે જ જેટલાં નિર્વિશેષ પ્રતિપાદક વચનો છે તે બધાં ઉપજીવક છે. અને સધર્મ, સવિશેષ બ્રહ્મને પ્રતિપાદન કરનારાં વાક્યો ઉપજીવ્ય છે તો હવે જેવું ઉપજીવ્યપણું નિર્ધર્મક શ્રુતિઓમાં છે તેવુંજ સધર્મક શ્રુતિઓમાં પણ છે. માટે સવિશેષ તથા નિર્વિશેષ બન્ને પ્રકારનું બ્રહ્મ છે એમ માનો અને કદાચ બાધ કરતાં હો તો ઉભયનો બાધ કરવો ઘટે છે કેમકે બન્ને પ્રકારની શ્રુતિઓ સમાન છે.

(ક્રમશઃ)

કદાચ અહીં એમ કહો કે 'ઉભય પ્રકારની શ્રુતિઓનો બાધ કરવાથી પછી બ્રહ્મ કોઇ વસ્તુજ નહિ રહે. એક પ્રકારે શૂન્યવાદજ આવી પડશે. અને શૂન્યવાદની તો 'અસન્નેવ સભવિત' ઈત્યાદિ શ્રુતિઓમાં સારી રીતે નિંદા કરી છે. માટે એમ કહી શકાય નહિ કે બંને પ્રકારનું બ્રહ્મ નથી, પરંતુ એમ કહી શકો છો કે જ્યારે બંને પ્રકારની શ્રુતિઓ પરસ્પરમાં, એકબીજાની ઉપજીવ્ય છે તો જરૂર બંને પ્રકારનું બ્રહ્મ છે.

આની ઉપર ફરી માયાવાદી કહે છે કે એ પણ ઠીક નથી. કારણ કે જેટલી નિર્ધર્મક બ્રહ્મને પ્રતિપાદન કરનારી શ્રુતિઓ છે તે બધી શ્રુતિઓ સ્વોક્ત ધર્મોનો નિષેધ કરતી નથી, પરંતુ લોક પ્રસિદ્ધ ધર્મોનો જ બ્રહ્મમાં પ્રતિષેધ કરે છે, અગર નિર્વિશેષ શ્રુતિના કહેલા ધર્મોનો નિષેધ કરે છે, એવું અમે માનતા હોઇએ તો એમ કહી શકીએ કે નિષેધને, ધર્મોની અપેક્ષા હોવાથી ધર્મપ્રતિપાદક શ્રુતિ, 'અસ્થૂલાદિ' નિર્વિશેષ શ્રુતિની ઉપજીવ્ય છે, પરંતુ હવે તો વાત જ બદલાઈ ગઈ. અર્થાત્ અમે શ્રુતિપ્રતિપાદિત ધર્મોનોજ નિર્વિશેષ શ્રુતિ નિષેધ કરે છે એમ નહિ, પણ એમ કહીએ છીએ કે લૌકિક ધર્મોનો અનુવાદ કરી બ્રહ્મમાં તેનોજ નિષેધ કરે છે, અર્થાત્ લોકમાં જે સ્થૌલ્યાદિ ધર્મો દેખાઇ રહ્યાં છે તે બધાં બ્રહ્મમાં નથી, તો પછી હવે નિષેધનો વિષય શ્રુતિપ્રતિપાદિત ધર્મો ન રહ્યાં, પરંતુ લૌકિક ધર્મોજ રહયા છે. માટે કોઇ પણ જાતની અપેક્ષા ન રહેવાથી સવિશેષ શ્રુતિઓ નિર્વિશેષ શ્રુતિઓની ઉપજીવ્ય પણ ન રહી પરંતુ નિર્વિશેષ શ્રુતિઓજ બળવાન રહી, કારણકે તેઓ બ્રહ્મમાં ધર્મોનો અનુવાદ કરી નિષેધ કરે છે. માટે જ 'નિર્વિશેષજ બ્રહ્મ છે' એ અમારૂં કથન ઠીક છે. કદાચ અહીં એમ કહો કે, જ્યારે નિષેધનો વિષય શ્રુત્યુક્ત ધર્મો હતા ત્યારે કોઇ એક શ્રુતિ બીજી શ્રુતિનો બાધ કરી શકતી હતી અને એટલા માટે કોઈ એક પ્રકારનું બ્રહ્મ કહી શકાતું પરંતુ હવે તો નિષેધનો વિષયજ પલટાઇ જવાથી બંને પ્રકારની શ્રુતિઓ સ્વતંત્ર થઈ ગઈ અને તે બંને, બંને પ્રકારે બ્રહ્મનું પ્રતિપાદન કરે છે માટે બ્રહ્મ ઉભય પ્રકારનું સધર્મક તથા નિર્ધર્મક છે એમ માનો તો પણ આવું કથન યુક્ત નથી કારણ કે જેમ નિર્વિશેષ શ્રુતિએ બ્રહ્મમાં લૌકિક ધર્મોનો નિષેધ કર્યો છે તેમજ તેણે 'આત્મા વાટે દ્રષ્ટવ્યઃ શ્રોતવ્યો મંતવ્યો નિદિધ્યાસિતવ્યઃ' ઈત્યાદિ શ્રુત્યુક્ત શ્રોતવ્ય મંતવ્ય વિગેરે ધર્મોનો પણ "યતો વાચો નિવર્તન્તે" ઇત્યાદિ વચનો દ્વારા નિષેધ જ કર્યો છે, માટે ઉભય પ્રકારનું બ્રહ્મ કહી શકતા નથી. પરંતુ એમ કહી શકો છો કે નિર્વિશેષ જ બ્રહ્મ છે, અગર એમ

કહો કે જ્યારે શ્રુત્યુક્ત ધર્મોનો નિષેધ શ્રુતિજ કરે છે, તો પછી ઉપજીવ્ય વિરોધનો ભાર માથા ઉપર જેવો જોઇએ તેવો લદાઈ રહયો છે. તો એનો ઉત્તર એટલો જ કે એવો ઉપજીવ્યબાધ અમે માનતાજ નથી, અગર એવો ઉપજીવ્ય વિરોધ માનવા લાગીએ તો પછી અભાવનું નિરૂપણ દુનિયામાંથી ઊઠી જશે. કારણ કે જ્યાં જ્યાં ધર્મોનો નિષેધ આવશે ત્યાં ત્યાં ધર્મ તો ઉપજીવ્યજ રહેશે. માટે અભાવ તેનો બાધ કરી શકતો નથી તો પછી જગતમાં નિષેધનો ક્યાંય પણ વિશ્રામ નહિ રહેશે. એ માટે એવા ઉપજીવ્યનો બાધ અથવા વિરોધને ન માનતા એમ કહેવું પડે છે કે 'અસ્થૂલાદિ' શ્રુતિઓ કલ્પિત ધર્મોનો જ નિષેધ કરી નિર્વિશેષ, નિર્ધર્મક, બ્રહ્મનું જ નિરૂપણ કરી રહી છે માટે 'બ્રહ્મ નિર્વિશેષ છે, એ સિદ્ધાંત ઠીક છે.

એના ઉપર ફરી એકદેશી પોતાનો અડંગો લગાવી કહે છે કે ભાઈ ! આ તમારી વાત તો જરાય સમજમાં નથી આવતી કારણ કે એક વસ્તુમાં જ એકી વખતે ધર્મોનું નિરૂપણ અને તેનો નિષેધ સંભવી શકતો નથી. કોઇ પ્રજ્ઞ પુરૂષ એક જ ઘડાને કાળો કહી તરત જ તેનો નિષેધ કરી શકતો નથી. હા, થોડોક સમય વીત્યા બાદ તેજ શ્યામઘટ જ્યારે પાકથી રક્ત થઇ જાય છે તો કહી શકાય છે કે 'આ શ્યામ નથી પણ રક્ત છે' એવી જ રીતે એક જ બ્રહ્મમાં શ્રુતિઓ ધર્મોનું વિધાન તથા નિષેધ એ બન્ને એક સમયમાં કરી શકતી નથી, બંને પ્રકારની શ્રુતિઓ જોઇને એવો સંદેહ થાય છે કે સદા એકરસ બ્રહ્મમાં કેવી રીતે ધર્મોનું વિધાન થઈ શકે અને કેવી રીતે તેનો નિષેધ પણ થઇ શકે ? અને બંને પ્રકારની શ્રુતિઓની સંગતિ પણ શી રીતે થઇ શકે ?

આની ઉપર માયાવાદીઓ કહે છે કે 'બંને પ્રકારની શ્રુતિઓની સંગતિ તો અધ્યારોપ અને અપવાદથી થઈ શકે છે; જેટલી શ્રુતિઓ બ્રહ્મમાં ધર્મોનું પ્રતિપાદન કરે છે તે બધી નિષેધ્ય કોટિમાં (નિષેધ કરવા યોગ્ય પક્ષમાં) આવી મળે છે. અર્થાત્ જો કે બ્રહ્મ તો નિર્વિશેષ તથા નિર્ધર્મલ જ છે, છતાં પણ અનાદિ માયાના સંબંધથી તેજ બ્રહ્મ પોતાના આત્મામાં સર્વશત્વ, કર્તૃત્વ ભોક્તૃત્વ વિગેરે વિશેષ કે ધર્મોની કલ્પના કરવા લાગી પડે છે.

(ક્રમશઃ)

ધોરાજીમાં શ્રી વલ્લભાશ્રયનું ઉદ્ઘાટન

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખાના ઉપક્રમે દિનાંક ૨૨/૩/૮૫નાં રોજ "શ્રી વલ્લભાશ્રય"ના ઉદ્ઘાટન નીમિત્તે ધોરાજીમાં પધારેલ પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીની શોભાયાત્રા શ્રી સાતસ્વરૂપની હવેલીએથી સાંજે ૪/૩૦ કલાકે શરૂ થઇ તેમાં ૨૦૦ ગામના પાંચેક હજાર પ્રતિનિધિ ઉપરાંત સ્થાનિક નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

આ શોભાયાત્રામાં સુશોભિત ટ્રેકટરમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું ચિત્રજી તેમજ સાત સ્વરૂપમાં બિરાજતા ઠાકોરજી પધરાવેલા.

ખુલ્લી મોટરમાં પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ તથા ગો. શ્રી પ્રબોધકુમારજી બીરાજેલ.

શોભાયાત્રામાં બેન્ડ વાજા ઉપરાંત વીસેક ગામોની કિર્તન મંડળી-દશેક ગામના મહિલા મંડળનાં રાસ કિર્તને વાતાવરણને આહલાદક બનાવેલ.

ઠેર ઠેર ગો. શ્રી પ્રથમેશજી તથા ગો. શ્રી પ્રબોધકુમારજીનું ફુલહારથી સ્વાગત થયેલ.

રાસ-કિર્તનની રમઝટ બોલાવતાં વૈષ્ણવ પરિષદ આચાર્યશ્રી વલ્લભાચાર્યજીની ગો. શ્રી પ્રથમેશજીની જય જયકાર બોલાવતાં શોભાયાત્રા નિર્ધારીત સ્થળ "શ્રી વલ્લભાશ્રય" પરિષદ ભવને સાંજે ૭/૩૦ વાગ્યે પહોંચેલ.

પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી નાં કર કમલો દ્વારા શ્રી ઠાકોરજી તથા શ્રીમદ્ વલ્લભાચાર્યજી ના ચિત્રજીને પાટ બેસાડેલ.

શ્રી મહાપ્રભુજીને પુષ્પમાળા અર્પણ કરી દિપ પ્રગટાવી શ્રી વલ્લભાશ્રયનું ઉદઘાટન થયેલું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ સૌ સભા મંડપમાં આવ્યા પૂજયપાદ ગો. શ્રી વૃજભૂષણ લાલજી નાદુરસ્ત તબિયત હોવાને કારણે હાજર ન રહી શકેલ જેથી તેમનો સંદેશો લઇ આવેલ પોપટભાઇએ આપશ્રીનું સંદેશા વાંચન કરેલ.

પૂજયપાદ ગો. શ્રી વૃજભૂષણલાલજીએ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજીશાખા નાં કાર્યકરો ને તેમજ વૈષ્ણવ સમાજને આશીર્વાદ પાઠવતાં જણાવેલ કે ગામો ગામ આવા "શ્રી વલ્લભાશ્રય" નિર્માણ થાય જયાં ગૌશાળા-પથિકાશ્રમ-સત્સંગભુવન પાઠશાળા........વિગેરે નિર્માણ થાય તેમાં સર્વે વૈષ્ણવોને તન-મન-ધનથી સહકાર આપવા આદેશ આપેલ તેમજ વૈષ્ણવ સમાજને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં નેજા હેઠળ એકત્રીત થઈ સંગઠીત બનવા અનુરોધ કરેલ. ત્યાર બાદ આ સભાને રવજીભાઇ બાલધા (કેન્દ્રીય કારોબારી સભ્ય) એમ. કે. ગજેરા ધોરાજી શાખાના સભ્ય-ડાયાભાઈ ડેલાવાળા (ગુજરાત પ્રદેશ સહમંત્રી) વિગેરે એ સંબોધેલ ધોરાજી શાખાનાં પ્રમુખ નારણભાઇ દુધાત્રા તથા અને હોદ્દેદારો છગનભાઇ માવાણી-રવજીભાઈ બાલધા-અરજણભાઇ વૈષ્ણવ-પ્રેમજીભાઈ હીરપરા-જાદવભાઈ વઘાસીયા-પ્રોફેસર પાઠક સાહેબ-શ્રી વલભાશ્રયની જમીનના દાત્તા નરસીભાઇ ઉઘાડ-નિર્માણ કાર્યના મુખ્ય દાત્તા ભાણાભાઈ હીરપરા તેમજ વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના સહમંત્રી ડાયાભાઇ ડેલાવાળા-જુનાગઢ શાખા-થાનગઢ શાખા-ગાંધીનગર શાખા-મુંબઇ શાખા-રાજકોટ શાખા વિગેરેનાં પ્રતિનિધિ તથા વિશ્વ હિન્દુ પરિષદનાં ધોરાજી શાખાનાં મંત્રી ગોવિંદભાઇ મકવાણા વિગેરેએ પૂજયપાદ ગો. શ્રી પ્રથમેશજીનું પુષ્પમાળાથી સ્વાગત કરેલ

ત્યારબાદ પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી વચનામૃત થયેલ અને વ્હેલી સવાર સુધી રાસ, કિર્તન તથા ઢાઢીલીલાની રમઝટ બોલેલ આં. રા. પુ. વૈ. પરિષદના ઉપક્રમે ધોરાજીમાં શ્રી વલ્લભાશ્રય ખાતે શનિવાર તા. ૨૩ એ સવારે દશ વાગે સૌરાષ્ટ્ર વિભાગ ક્ષેત્રિય સંમેલનનો મંગલાચરણથી પ્રારંભ થયેલ. જેમાં પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ ઉદ્‌બોધન કરેલ કે: સમગ્ર વિશ્વ શ્રી વિષ્ણુ ભગવાનનાં અંશરૂપ હોઇ વૈષ્ણવ ગણાય જેથી જગતના કોઈ પણ જીવપર દ્વેષભાવ ન રાખતાં શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત મુજબ સર્વે પર સ્નેહભાવ રાખવો તે વૈષ્ણવોનું કર્તવ્ય છે.

વધુ મા. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે જણાવેલ કે વેદથી પ્રાચિન ગ્રંથ વિશ્વમાં એક પણ નથી અને શ્રી ભાગવત વેદનું રસાત્મક ફળ છે, વેદનું દોહન કરીને આચાર્ય ચરણ શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો સમજાવ્યા છે, જેમાં બધાંને બ્રહ્મરૂપ માની ભકિત માર્ગને સહુથી મહાન દર્શાવેલ છે.

સમજ ન હોય તો સમાજ ટકી શકતો નથી; સમાજના વિકાસ માટે નિયમો રાખવા પડે છે ધર્મ તેમજ કર્તવ્ય પાલનના આધારે જ સમાજ ટકી શકે છે. ભકિતના પોષણ માટે સ્વ ધર્મનું આચરણ કરી દૃઢતા લાવવી જરૂરી છે ધર્મને અનુસરી ચાલશું તો આપણો તેમજ સમાજનો વિકાસ થશે.

પૂ. ગો. શ્રી પ્રથમેશજીએ વિશેષ માર્ગદર્શન આપતાં અને સંગઠ્ઠનનું મહત્ત્વ સમજાવતાં જણાવેલ કે વૈષ્ણવ હરિનો પણ હરિ છે. તેનો દોષ નહીં જોતાં તે જેવો છે મારો છે તેને અપનાવીને આગળ વધવું પડશે તેમજ સદાચાર સદ્‌વિચાર અને સેવા તે વૈષ્ણવોના પ્રમુખ કર્તવ્યો છે, તેમજ સર્વેના કલ્યાણ માટે સહન કરવાની શકિત કેળવવા અનુરોધ કરેલ.

સંગઠ્ઠનની મહત્વતાં સમજાવતાં જણાવેલ કે સાથે બેસી વિચાર વિનીમય કરવો એ સત્સંગનો એક ભાગ છે જેથી સહકાર અને સહયોગ વડે એક નેજા હેઠળ કાર્ય કરવું એ વૈષ્ણવનું કર્તવ્ય છે.

આજે વાણી વિવેક ભુલાયો છે તો વૈષ્ણવોમાં વાણીનો વિવેક હોવો પ્રથમ જરૂરી છે જો સમાજનો સુધારો કરવો હોય તો અહંકાર છોડી બીજાના થઈને રહેશો તો જ સમાજ સુધાર થશે.

આચાર વિચારની મહત્તા સમજાવતાં પૂ. પા. શ્રીપ્રથમેશજીએ જણાવેલ કે આચાર વિચારનું પાલન નહીં કરવામાં આવે તો માણસ વૈચારિક રીતે અને શારીરિક રીતે માંદો પડી જશે જેથી પુષ્ટિમાર્ગમાં આચાર વિચાર ઉપર મહત્તમ ભાર આપવામાં આવેલ છે. ધર્મ અને સમાજ તેમજ ધર્મ અને જીવન નોખાં નથી જેથી ધર્મમાં દર્શાવેલ આચાર વિચારનું પાલન સમજપૂર્વક કરવું જરૂરી છે.

આ સંમેલનમાં કેન્દ્રીય કા કા. સદસ્ય અને ધોરાજી શાખાના મંત્રી શ્રી રવજીભાઇ પટેલ તથા આં. પુ. વૈ. પરિષદ ગુજરાત વિભાગના સહમંત્રી શ્રી ડાયભાઇ ડેલાવાળા (રાજકોટ) ગાંધીનગર વૈ. સમાજના પ્રમુખ શ્રી રશ્મીકાન્તભાઈ શાહ (એન્જીનીઅર ગુ. વી. બોર્ડ) શ્રી એમ. કે. ગજેરા મુંબઈના શ્રી હરિભાઇ શાહ પ. ભ. શ્રી પોપટભાઈ મરજાદિ બામણ ગામવાળા તથા સ્થાનિક વિ. હીન્દુ પરિષદના મંત્રી શ્રી ગોવિંદભાઈ મકવાણાએ સંબોધન કરેલ.

શ્રી વલ્લભ સુધા

ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ)
રુલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રી વલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

— ફોર્મ નં. ૪

(જુઓ રુલ નં. ૮)

(૧) પ્રકાશનનું સ્થળ :- શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ.
ઉદ્યોગનગર વસાહત, શેડ નંબર ઈ-૧, રાજકોટ ૩૬૦૦૦૨

(૨) પ્રકાશનની સામયિકતા :- માસિક

(૩) મુદ્રકનું નામ :- રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા :- હિન્દી
સરનામું ;- ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ

(૪) પ્રકાશનનું નામ :- ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા :- ,,
સરનામું :- ,,

(૫) સંપાદકનું નામ :- ,,
રાષ્ટ્રીયતા :- ,,
સરનામું :- ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ

(૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણની એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોનાં નામ તથા સરનામા — આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

હું રવજી પરસોત્તમ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

રાજકોટ
તા. ૨૦-૩-૮૫

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

સુણ વૈષ્ણવ રે ગુરુમંત્ર આ

સુણ વૈષ્ણવ રે, સુણ વૈષ્ણવ રે, ગુરુમંત્ર છે : શ્રી વલ્લભઃ શરણં મમ.
પલપલ રટી લે તું અચલ અમલ રૈ શ્રી વલ્લભઃ શરણં મમ.

ગુરુમંત્ર છે આ અતિ ન્યારો : શ્રી વલ્લભઃ શરણં મમ.
પુષ્ટિજનોમાં અતિ અતિ પ્યારો : શ્રી વલ્લભઃ શરણં મમ.
દીનજનોનો એ સધ્યારો : શ્રી વલ્લભઃ શરણં મમ.
સુણ વૈષ્ણવ રે.

"શ્રી" સૌભાગ્ય અપાવે છે, શ્રી વલ્લભઃ શરણં મમ.
સનાથ શ્રીનાથે બનાવે છે, શ્રી વલ્લભઃ શરણં મમ.
સુણ વૈષ્ણવ રે.

"વ" વૈષ્ણવ પ્રતિ રતિ બતાવે, શ્રી વલ્લભઃ શરણં મમ.
"લ્લ" કાર શ્યામમાં સ્નેહ બતાવે, શ્રી વલ્લભઃ શરણં મમ.
"ભઃ" પ્રીતિ શ્યામા-શ્યામે બતાવે, શ્રી વલ્લભઃ શરણં મમ.
સુણ વૈષ્ણવ રે.

"શ" ગુરુ-હરિમાં શરણ કરાવે, શ્રી વલ્લભઃ શરણં મમ.
"ર" ગુરુ-હરિમાં રમણ કરાવે, શ્રી વલ્લભઃ શરણં મમ.
"ણં" ભક્તિ ગુરુ-હરિમાં સ્થાપે, શ્રી વલ્લભઃ શરણં મમ.
સુણ વૈષ્ણવ રે.

"મ" ગુરુ-હરિમાં હેત કરાવે, શ્રી વલ્લભઃ શરણં મમ
"મ" ગુરુ-હરિનું ઐક્ય બતાવે, શ્રી વલ્લભઃ શરણં મમ.
સુણ વૈષ્ણવ રે.

—પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेऽस्मिन्मार्गे रक्षकाः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

જેઠકી દુપહરી

(રાગ સારંગ)

સૂર આયો સિરપર
છાયા આઇ પાયન તર

પંથી સબ ઝુકે રહે દેખ છાંહ ગહેરી
ધંધીજન ધંધછાંડ રહરી ધુપન કે લીયે

પશુ પંછી જીવજંતુ ચિરીયા ચુપ રહરી
વ્રજકે સુકુમાર લોગ દેદે કિમાર સોવેં

ઉપવન કી બ્યાર તામેં પોઢે પિય પ્યારી

સૂર અલબેલી ચલ કાહેકું ડરાત હે
મહા કી મધ્યરાત જૈસે જેઠકી દુપહરી.

વર્ષ ૪ : અંક ૨ ✱ મે, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સુરત શાખા

તા. ૨૯-૩-૮૫

દિશાવિહીન, છિન્નભિન્ન બનેલા વૈષ્ણવ સમાજમાં એકતા પ્રસ્થાપિત કરવા અને એક નેજા હેઠળ સંગઠિત બનવાની વર્તમાન પરિસ્થિતિમાં તાતી જરુરિયાત ઉભી થઇ છે. એવી હાકલ પૂષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રથમપીઠાધિશ્વર પૂ. ગો. શ્રી પ્રથમેશજીએ સુરત મુકામે આ. પુ. વૈ. પરિષદ આયોજીત શ્રી યદુનાથજીના પ્રાકટ્ય મહોત્સવ પર વિશાળ વૈષ્ણવ સમાજને સંબોધન કરતાં કરી હતી. વર્તમાન પરિસ્થિતિમાં પુષ્ટિમાર્ગ સંપ્રદાયના બધા જ આચાર્યોએ એક નેજા હેઠળ આવીને પુષ્ટિમાર્ગ સંપ્રદાયના રક્ષણ માટે કટિબદ્ધ બનવું જોઈશે એવું તેઓશ્રીએ જણાવ્યું હતું.

સુરતમાં શ્રી યદુનાથજીના. પ્રાકટ્ય મહોત્સવ પર આંતરરાષ્ટ્રીય પુ. વૈ. પરિષદ તરફથી એક વિશાળ અને ભવ્ય શોભાયાત્રા શ્રી ચંદ્રકાન્ત પટવાને ઘરેથી નીકળીને લગભગ ત્રણ માઇલની કુચ કરીને મોટા મંદિરે પહોંચી હતી. તેમાં પુ. ગો. પ્રથમેશજી, પૂ. ગો. શ્રી મથુરેશજી, પુ. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી, પુ. ગો. શ્રી વલ્લભબાવાશ્રી, પુ. ગો. શ્રી દુમિલબાવાશ્રી, પણ શોભાયાત્રામાં પદયાત્રાથી જોડાયા હતા. વૈષ્ણવ સમાજના લોકોએ સ્થાન પર પુષ્પવૃષ્ટિ અને પુષ્પ માળા અંગીકાર કરાવીને સ્વાગત કર્યું હતું. સુરત ખાતે આવી શોભાયાત્રા સૌ. પ્રથમવાર નીકળતાં તે ઐતિહાસિક રહી. હજારો વૈષ્ણવો, આ યાત્રામાં જોડાયા હતા. અને શ્રી વલ્લભાચાર્યનો જયઘોષ કર્યો હતો.

શ્રી યદુનાથજીના પ્રાકટ્ય મહોત્સવ નિમિત્તે ચિત્ર પ્રદર્શની યોજવામાં આવી હતી: અને તેનું ઉદ્દ્ઘાટન પુ. ગો. શ્રી વલ્લભબાવાશ્રીએ કર્યું હતું. મહીલા સંમેલન પણ યોજવામાં આવ્યું હતું. વૈષ્ણવોનું સંમેલન પણ યોજવામાં આવ્યું હતું. આં. પુ. વૈ. પરિષદની કેન્દ્રીય કારોબારીની મીટીંગ ડૉ. ગજાનનં શર્માના પ્રમુખસ્થાને મળી હતી. અને દેશભરમાં ચાલુ રહેલા વિભિન્ન પ્રોજેકટોની સમીક્ષા કરવામાં આવી હતી. વળી આં. પુ. વૈ. પરિષદનો અખિલ ભારતીય કાર્યકર્તાઓનો શિબિર પાંચ દિવસ માટે અમદાવાદમાં મે. મહીનામાં યોજવાનું નકકી કરવામાં આવ્યું છે. આં પુ. વૈ. પરિષદના સંમેલનમાં ત્રણ મહત્વના ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં ગુજરાતી અભ્યાસક્રમમાંથી રદ કરવામાં આવેલા નરસિંહ મહેતાના કાવ્યો, રદ થયેલો શ્રીમદ વલ્લભાચાર્યજીના પાઠનો પુનઃ અભ્યાસક્રમમાં સમાવેશ કરવા સરકારશ્રીને અનુરોધ કરવામાં આવ્યો છે. સમાજની પવિત્ર ગંગા નદીના પ્રદુષણને દુર કરવા માટે રાજીવ ગાંધીની સરકારના નિર્ણયને સંમેલને આવકાર્યું છે. અને વૈષ્ણવ સમાજના શ્રધ્ધા બિન્દુ સમાન યમુના નદીના પવિત્ર સ્થાનો પર થતા પ્રદુષણને મિટાવવા માટે કેન્દ્ર સરકારને સંમેલને અનુરોધ કર્યો છે.

પ્રાકટ્ય મહોત્સવ નિનિતે યોજાયેલી વૈષ્ણવોની વિશાળ સભામાં પૂ. ગો. શ્રી પ્રથમેશજી તથા તૃતીય પીઠાધીશ્વર પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી ષષ્ઠ પીઠાધીશ્વર પૂ. ગો. શ્રી વ્રજરત્નલાલજી, પૂ. ગો. શ્રી વલ્લભબાવાશ્રી વગેરે આચાર્યશ્રીઓએ મહોત્સવ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આં. પુ. વૈ પરિષદના સંગઠન મંત્રી દ્વારકાપ્રસાદ પાટોડિયા, કેન્દ્રીય મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠ, મુંબઈના શ્રી મુકુંદભાઇ શાહ, મહામંત્રી કુંભનદાસ ઝાલાની વૈષ્ણવ પરિવાર ના તંત્રી શ્રી રમેશભાઇ પરીખ, વિગેરેએ વર્તમાન પરિસ્થિતિ અને વૈષ્ણવ સમાજના સંગઠનની તાતી જરૂરિયાત પર વિસ્તૃત સમજ આપી હતી. ડૉ. ગજાનન શર્માએ (કાર્યકારી અધ્યક્ષ) પુષ્ટિમાર્ગના પ્રસાર વિષેની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

પ્રાકટ્ય મહોત્સવને સફળ બનાવવા માટે આં. પુ. વૈ. પરિષદના સુરત શાખાના પ્રમુખ શ્રી અંબાલાલ મુ. શાહની આગેવાની હેઠળ શ્રી જયંતભાઇ શાહ શ્રી મધુસુદન શાસ્ત્રી, રમેશભાઈ શ્રોફ, શ્રી નટવર-

(અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

વર્ષ ૪ : અંક ૨ જો
મે, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

: નમ્ર નિવેદન :

આં. રા. પુ. વૈ. પરિષદ એ વૈષ્ણવોનું સામાન્ય સંગઠન નહીં પણ કંઇક વિશેષ પ્રકારનું સંગઠન સાધતી સંસ્થા છે.

વિશેષ એટલાં માટે કે બીજા ભૌતિક સંગઠનો માફક આ સંસ્થા માત્ર સભ્યોની લૌકિક આકાંક્ષાઓની પૂર્તી માટે નહીં પરંતુ અલૌકિક, આધ્યાત્મિક ઉન્નતી અને તેના સાધનોના રક્ષણ માટેના ધ્યેયને વરેલ છે.

આવી અલૌકિક ભાવનાની ઉન્નતી શ્રી મહાપ્રભુજીના અને મહાનુભાવોના ગ્રંથ, વચનામૃતોના અવગાહન થી જ થઇ શકે, અને તે માટે નિરંતર ગ્રંથાદિ વૈષ્ણવ સમાજને સુલભ થાય તે હેતુથી શ્રીવલ્લભસુધાનું પ્રકાશન નજીવા લવાજમમાં વર્ષ પર્યંત સુંદર સાહિત્ય ઘર બેઠા મેળવી શકાય છે.

આ માસિક પત્રિકાનો વધુમાં વધુ વૈષ્ણવો લાભ લે તેમ કરવા સર્વે સભ્યોને અમો વારંવાર વિનંતી કરીએ છીએ. આ માસિક પત્રિકામાં ચોથા વર્ષમાં વધુ નવા પરિવારો શ્રી વલ્લભસુધાનો લાભ મેળવતાં થાય તેમ કરવા સર્વેને અમો વિનવીએ છીએ.

સંપાદક : **શ્રીવલ્લભ સુધા**

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર
અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૭ મો)

સુહૃન્મિત્રાર્યુદાસીન મધ્યસ્થદ્વેષ્યબંધુષુ ।
સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્વિશિષ્યતે ॥૯॥

હિતકર, મિત્ર, શત્રુ, ઉદાસીન. મધ્યસ્થ, અપ્રિય અને સંબંધીઓ પ્રત્યે તેમજ સત્પુરુષો અને પાપીઓ પ્રત્યે પણ સમાન દૃષ્ટિ જેને છે તે શ્રેષ્ઠ છે. ॥૯॥

અને વળી, એ ત્રણમાં જ સમતાવાળો નહિ, પરંતુ બધાયમાં સમાન બુદ્ધિવાળો જે છે તે ઉત્તમ છે, એમ 'સુહૃદ્' વગેરે શબ્દોથી કહે છે. સુહૃદ જીટલે સર્વના હિતનો ઉપદેશ કરનારો, મિત્ર એટલે સ્નેહથી પરવશ અરિ એટલે પોતા પ્રત્યે શત્રુતા રાખનારો ઉદાસીન એટલે નિરપેક્ષ, કશાની અપેક્ષા નહિ રાખનારો મધ્યસ્થ એટલે બે વિવાદ કરનારાઓમાં મધ્યસ્થી, ખરાં–ખોટાં વાકયોનો વિચાર કરનાર દ્વેષ્ય એટલે સદ્ભાવ વગરનો બંધુ એટલે સંબંધી એ બધામાં અને સાધુ પુરુષ એટલે સદાચારી પુરુષો પ્રત્યે પણ, વિશેષ શું ? પાપીઓ પ્રત્યે પણ એટલે કે ધર્મ વિરોધીઓ પ્રત્યે પણ સમાન ભાવનાવાળો, અથવા ભગવાનના વિપ્રયોગથી ભગવદાત્મક બુદ્ધિ જેઓમાં છે તેઓમાં પણ તેના વિપ્રયોગથી તેઓ ભગવદાત્મક ભાવ દર્શાવનાર શ્રેષ્ઠ છે, યોગયુક્તોમાં તે ઉત્તમ છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છે: ભગવાનના વિપ્રયોગમાં ભગવાન પ્રત્યેના સ્નેહના સ્મરણથી આ પુરુષ બધામાં સુહૃદયપણાના ધર્મવાળો છે, તેવી જ રીતે મૈત્રીધર્મ રહિત હોય તેઓના પ્રત્યે મિત્રધર્મવાળો છે. શત્રુતાની ભાવનાવાળા પ્રત્યે અને તે તે દુઃખના અભાવથી સર્વત્ર ઉદાસીનતાના ધર્મવાળા પ્રત્યે, વિપ્રયોગની અવસ્થામાં તેના અનુકરણથી મધ્યસ્થીના ધર્મવાળા પ્રત્યે, તેમજ વિપ્રયોગના ક્લેશથી દ્વેષધર્મવાળા પ્રત્યે, વિપ્રયોગના સંબંધના સ્મરણથી બંધુધર્મવાળા પ્રત્યે, વિપ્રયોગના કારણે તેના તાપની અતિશયતાથી તેવા આચારવાળા પ્રત્યે, જડત્વના ધર્મથી પાપરૂપવાળા પ્રત્યે, એમ બધામાં જે સમતાવાળો છે તે શ્રેષ્ઠ છે, એમ અર્થ છે. ॥૯॥

યોગી યુંજીત સતતમાત્માનં રહસિ સ્થિતઃ ।
એકાકી યતચિત્તાત્મા નિરાશીર પરિગ્રહઃ ॥૧૦॥

યોગી એકાંતમાં સ્થિર રહેલો ચિત્ત અને આત્માને વશમાં રાખનાર, આશા રહિત, સંગ્રહશૂન્ય થઇને નિરંતર મનને (પરમાત્મામાં) જોડે. ॥૧૦॥

એ પ્રમાણે યોગારૂઢનું સ્વરૂપ વર્ણવીને તેના ભાવસ્વરૂપની સિદ્ધિ માટે યોગને સાધવાનો પ્રકાર 'યોગી' એવા શબ્દથી આરંભીને 'સ યોગી પરમો મતઃ' (શ્લોક ૧૦થી૩૨) સુધીમાં કહે છે. યોગી એટલે યોગારૂઢ સ્નેહથી ભરપૂર એવા પોતાના ચિત્તને એકાંતમાં જ્યાં ભગવાનનું ચિંતન કરવાનું સ્થાન હોય ત્યાં સ્થિર થઇને એટલે કે શાંત થઇને સતત ભગવાનમાં જોડે. 'એકાકી' એટલે

સંગદોષ વગરનો 'યતચિત્તાત્મા' એટલે વશ કરાયેલું, એટલે કે પોતાના ભોગોથી રહિત કરાયેલું જેમનું ચિત્ત ભાવવાળું છે તે, અને આત્મા એટલે દેહમાં અધિકૃત કરાયેલ આત્મા જેનાથી વશમાં છે તે 'નિરાશીઃ' એટલે મોક્ષ વગેરેની આકાંક્ષા રહિત અપરિગ્રહ એટલે સંસર્ગ એ દુઃખ છે, એવા જ્ઞાનથી પરિગ્રહનો ત્યાગ કરનાર, કોઇ પણ અપેક્ષા વગરનો એ પ્રમાણે મારામાં જોડાયેલા ચિત્તવાળો થઇને મારું ધ્યાન કરે, એમ અર્થ છે. ॥૧૦॥

શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય સ્થિરમાસનમાત્મનઃ ।
નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ ॥૧૧॥

બહુ ઊંચું નહિ, બહુ નીચું નહિ, કુશ, મૃગચર્મ અને ઉપર વરખવાળું ભગવાનનું સ્થિર આસન પવિત્ર સ્થાનમાં સ્થાપિત કરીને, ॥૧૧॥

સામગ્રી સહિત ધ્યાનનું સ્વરૂપ 'શુચૌ' વગેરે શબ્દોથી ચાર શ્લોકથી કહે છે. પવિત્ર સ્થાનમાં એટલે કે ભાવાત્મક વૃંદાવન વગેરે સ્થળે, ભગવાનનું ભાવરૂપ સ્થિર આસન, જે બહુ ઉંચુ નહિં એટલે કે હૃદયથી બહાર નહિ એવું, કેવળ ક્રિડામાં જ સ્થિત કરેલું, બહુ નીચું નહિ એવું, એટલે કે ભાવ રહિત અનુકરણાત્મક નહિ તેવું. કેવા પ્રકારનું ? કુશ, મૃગચર્મ અને વસ્ત્રથી યુકત. ચૈલ એટલે વસ્ત્ર પોતાનાં ઉતરીય વસ્ત્રોથી 'કુચ કુંકુમ અંકિત' ન્યાયે ભાવરૂપ વસ્ત્ર, અધિકરણ એવા દેહમાં રહેલા હૃદયકમલરૂપ મૃગચર્મ. એ પ્રમાણેનાં વસ્ત્ર અને મૃગચર્મ શ્રી ગોવર્ધન આદિમાં રહેલું તૃણ વગેરેરૂપ કુશ વગેરેથી યુકત; જેમાં પ્રથમ ભાવરૂપ તૃણ, તેના ઉપર હૃદયાત્મક મૃગચર્મ અને તેના ઉપર ભાવાત્મક વસ્ત્ર. એ પ્રમાણેના આસનને સ્થાપિત કરીને ભગવાનના સંયોગને સાધે. ॥૧૧॥

તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યતચિત્તેન્દ્રિયક્રિયઃ ।
ઉપવિશ્યાસને યુંજ્યાદ્યોગમાત્મશુદ્ધયે ॥૧૨॥

આસન ઉપર બેસીને, તેમાં (ભગવાનમાં) મનને એકાગ્ર કરીને ચિત્ત અને ઇંદ્રિયોની ક્રિયાને વશ રાખનાર (યોગી) આત્મશુદ્ધિને માટે યોગને સાધે. ॥૧૨॥

'તત્ર' એટલે ત્યાં, તેમાં, ભગવાનના સ્વરૂપમા 'એકાગ્રમ્' એટલે તલ્લીન, કેવળ દાસ્યભાવે અન્યતાથી સ્થિર કરેલ એવા મનથી જેનાં ચિત્ત આદિ ઇંદ્રિયોની ક્રિયાઓ વશ થયેલી છે, તેવા, ચિત્તની ક્રિયાઓ એટલે પોતાને માટે ભોગવવારૂપ ચંચળતા વગેરેને અને ઇંદ્રિયોની ક્રિયાઓ એટલે પોતાના તાપની નિવૃતિ અર્થે દર્શન વગેરેની અભિલાષાને વશમાં રાખનારો થઇને, આસન ઉપર બેસીને, આત્મશુદ્ધિ અર્થે એટલે કે ભાવસ્વરૂપની સિદ્ધિ માટે, યોગને એટલે ભગવાનના સંયોગને સાધે. ॥૧૨॥

સમં કાયશિરોગ્રીવં ધારયન્નાચલં સ્થિરઃ ।
સંપ્રેક્ષ્ય નાસિકાગ્રં સ્વં દિશશ્ચાનવલોકયન્ ॥૧૩॥

પૃષ્ટ સહાય :-

પ. ભ. શ્રી કંસારા કાંતિલાલ કુંવરજીના સુપુત્ર ચિ. હર્ષદભાઇના લગ્ન પ્રસંગે ભેટ હ. બચુભાઇ કુંવરજીભાઇ કંસારા, રાજકોટ.

કાયા, શિર અને ડોકને સીધાં અને અચળ રાખીને દિશાઓને નહિ જોતો અને પોતાની નાસિકાની અણીને સારી રીતે નજરમાં રાખીને ભગવાનનાં દર્શન કરતો સ્થિર રહે. ॥૧૩॥

કાયા, શિર અને ગ્રીવાને સીધાં કરીને, કાયા એટલે ચરણથી માંડીને આખોય દેહ, શિર એટલે ભક્તિમાર્ગ પ્રમાણે સત્યલોકાત્મક શિર અને ગ્રીવા એટલે મુક્તિસ્થાન, એ બધાંને સીધાં રાખીને અને જેમ બેઠો છે તેમ નિશ્ચલ થઇને, ધ્યાન કરતો સ્થિર રહે. પોતાની નાસિકાના અગ્ર ભાગને બરાબર દૃષ્ટિ સમક્ષ રાખીને એટલે કે અર્ધ બીડેલાં નેત્રોવાળો, ભાવમાં સ્થિત થઇને, દિશાઓને નહિ અવલોકતો એટલે કે દિશાના ભાવના જ્ઞાન વગરનો તે સર્વત્ર ભગવાનનાં દર્શન કરતો રહે. ॥૧૩॥

પ્રશાંતાત્મા વિગતભીર્બ્રહ્મચારિવ્રતે સ્થિતઃ ।
મનઃ સંયમ્ય મચ્ચિત્તો યુક્ત આસીત મત્પરઃ ॥૧૪॥

અત્યંત શાંતચિત્તવાળો, ભય રહિત, બ્રહ્મચારીવ્રતમાં સ્થિત, મનને સંયમમાં રાખીને મારામાં ચિત્તવાળો, મારે પરાયણ, મારામાં જોડાયેલો રહે. ॥૧૪॥

પ્રશાંતાત્મા એટલે ભક્તિરસમાં દૃઢ મનવાળો, ભય રહિત, બ્રહ્મચારી એટલે વેદ અને જેમનાં ચરણરેણુની પ્રાપ્તિ અતિ કઠિન છે. એવા ભગવાનની પ્રાપ્તિમાં સંદેહ ,વગરનો બ્રહ્મચારીવ્રતમાં સ્થિર થયેલો, એટલે કે ભગવાનની પ્રીતિ અર્થે ઇંદ્રિયોના નિગ્રહવાળો, તેવા પ્રકારનો થઇને, મનને સંયમમાં રાખીને એટલે કે મનને બધી તરફથી ખેંચી લઇને, વશ કરીને, મારામાં જ ચિત્તવાળો, મારે પરાયણ એટલે કે હું જ પરમ પુરુષાર્થરૂપ છું તેવા પ્રકારનો થઇને મારી સાથે જોડાઇ ને રહેલો, એવો થઇને રહે. ॥ ૧૪ ॥

યુંજન્નેવં સદાત્માનં યોગી નિયતમાનસઃ ।
શાંતિં નિર્વાણપરમાં મત્સંસ્થામધિગચ્છતિ ॥ ૧૫ ॥

એ પ્રમાણે મનને જોડીને રહેનાર, મનને વશ રાખનાર યોગી, મારા સ્વરૂપ, મોક્ષથીયે અધિક શાંતિને પ્રાપ્ત કરે છે. ॥ ૧૫ ॥

એ પ્રમાણે યોગાભ્યાસ કરનારનું ફળ 'યુંજન્' વગેરે શબ્દોથી કહે છે. એ પ્રમાણે નિરંતર વશ કરેલ મનવાળો એટલે કે એક માત્ર દાસ્યભાવથી યુક્ત મનવાળો, મારામાં જોડાયેલો યોગી, પરમ નિર્વાણને એટલે કે મોક્ષથી અધિક મારા સ્વરૂપ અને રસાત્મિકા શાંતિને એટલે કે વિયોગ, ક્લેશ આદિથી રહિત ભાવને પ્રાપ્ત કરે છે. ॥ ૧૫ ॥

નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાંતમનશ્નતઃ ।
ન ચાતિસ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન ॥ ૧૬ ॥

પૃષ્ટ સહાય :–

પ. ભ. શ્રી કંસારા કાંતિલાલ કુંવરજીના સુપુત્ર ચિ. અશ્વિનભાઇના લગ્ન પ્રસંગે ભેટ હ. પ્રાણજીવનભાઇ કુંવરજીભાઇ કંસારા, રાજકોટ.

હે અર્જુન, બહુ ખાનારને યોગ (સિદ્ધ-થતો) નથી, અને તદ્દન નહિ ખાનારને નહિ, તથા બહુ ઊંઘણશીને નહિ અને ઉજાગરા કરનારને પણ (યોગ સિદ્ધ) થતો નથી જ. ॥ ૧૬ ॥

એ પ્રમાણે યોગનું ફળ કહીને તેની સ્થિરતા માટે આહાર ગગેરે વિષે 'ન અતિ અશ્નતઃ' વગેરે શબ્દોથી કહે છે. દેહની પુષ્ટિ અર્થે અધિક ખાનારને યોગ સિદ્ધ થતો નથી. તેમ જ સર્વથા નહિ ખાનારને એટલે કે ભગવાનના સ્વરૂપને જાણ્યા વિના ઉપવાસ કરનારને યોગ સિદ્ધ થતો નથી. અતિ નિદ્રાળુને, સર્વનું વિસ્મરણ એવા એક માત્ર સ્વભાવવાળાને, ઉજાગરા કરનારને મારા સંયોગરૂપ યોગ સિદ્ધ થતો નથી. ॥ ૧૬ ॥

યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।
યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા
॥ ૧૭ ॥

નિયત કરેલ આહાર-વિહારવાળાનો, ક્રિયાઓમાં યોગ્ય રીતે વર્તનારનો, નિયમિત સુનાર અને જાગનારનો યોગ દુઃખોનો નાશ કરનાર થાય છે. ॥ ૧૭ ॥

જેથી એવા પ્રકારનાને યોગ સિદ્ધ થતો નથી તેથી, જેવી રીતે યોગ સિદ્ધ થાય તેવો ઉપાય 'યુક્તાહાર' વગેરે શબ્દોથી કહે છે. જેનો આહાર અને વિહાર યોગ્ય છે, તેને યોગ સિદ્ધ થાય છે. એટલે કે ભગવાનની સેવા અર્થે દેહનું પોષણ કરવા માટે પ્રસાદરૂપે આહાર લેનારને યોગ સિદ્ધ થાય છે. ભગવાનની સેવા અર્થે અનુકરણાત્મક ક્રિયાઓમાં પ્રાતઃકાળથી શરૂ કરીને સ્નાન, પાક વગેરે રૂપે નિયુક્ત થયેલ એક માત્ર ભગવાનને અર્થે વ્યવહાર જેનો છે તેને યોગ સિદ્ધ થાય છે. જાગવામાં અને ઊંઘવામાં નિયમિત હોય તેને યોગ સિદ્ધ થાય છે. એટલે કે ભગવાનની વિશ્રામની ક્ષણોમાં (અનોસરના સમયે) સેવામાં દેહની આળસનું નિવારણ કરવા માટે ઊંઘ અને સેવા માટે સામગ્રી વગેરેનું સંપાદન કરવા માટે જાગૃતિ, એ પ્રમાણે ઊંઘ અને જાગૃતિ જેને છે તેને યોગ સિદ્ધ થાય છે. તેનો ભાવાત્મક, મારા સંગવાળો યોગ દુઃખોનો નાશ કરનારો થાય છે, એટલે કે તદ્ભાવના અભાવથી થતો તાપ વગેરેને હરી લેનારો થાય છે. ॥ ૧૭ ॥

યદા વિનયતં ચિત્તમાત્મન્યેવાવતિષ્ઠતે ।
નિઃસ્પૃહઃ સર્વકામેભ્યો યુક્ત ઇત્યુચ્યતે તદા
॥ ૧૮ ॥

જ્યારે વશ કરેલું ચિત્ત ભગવાનમાં જ સ્થિર થઇ જાય છે ત્યારે બધી કામનાઓથી સ્પૃહા રહિત થયેલો તે યોગી એમ કહેવાય છે. ॥ ૧૮ ॥

સુધારીને વાંચવું

આ પહેલાના અંકમાં વર્ષ ૩ અંક ૧૩ છપાયેલ છે તેને બદલે વર્ષ ૪ અંક ૧ એ પ્રમાણે સુધારીને વાંચવા વિનંતિ છે.

અરે, એ પ્રમાણે પ્રવૃત થયેલાને ભગવાનના યોગની સિદ્ધિ ક્યારે થાય ? એવી આકાંક્ષાવાળાને 'યદા' વગેરે શબ્દોથી કહે છે. યદા એટલે જ્યારે, ભગવાનનો સંબંધ થવાનાં લક્ષણોવાળો ભદ્ર સમય આવે ત્યારે, વશ કરેલું ચિત્ત ભગવાનમાં જ ભાવાત્મક-સ્વરૂપે જ સ્થિર થાય છે. સર્વે પ્રકારની લૌકિક કામનાઓમાંથી સ્પૃહા નષ્ટ થાય છે ત્યારે યુક્ત એમ કહેવાય છે, એટલે કે સિદ્ધ થયેલા યોગવાળો કહેવાય છે, એમ અર્થ છે. ॥ ૧૮ ॥

યથા દીપો નિવાતસ્થો નેંગતે સોપમા સ્મૃતા ।
યોગિનો યતચિત્તસ્ય યુંજતો યોગમાત્મનઃ
॥ ૧૯ ॥

જેમ શાંત વાયુવાળા સ્થળમાં રહેલો દીવો ચલિત થતો નથી તેમ, તે ઉપમા યોગ સાધતા, જિતાયેલા અંતઃકરણવાળા યોગીના મનની કહેવાયેલી છે. ॥ ૧૯ ॥

વિશેષતાથી વશ કરેલું ચિત્ત કેવા પ્રકારનું હોય ? એવી આકાંક્ષાવાળાને 'યથા' વગેરે શબ્દોથી કહે છે. જેવી રીતે વાયુ વગરના સ્થળે રહેલો દીવો ચલાયમાન થતો નથી, તેમ વશ કરેલ ચિત્તવાળો ભગવાન સાથેનો યોગ ચલાયમાન થતો નથી. તે ઉપમા યથાર્થ દશાવાળા યોગીની કહેલી છે. અહીં દીવાનું દૃષ્ટાંત આપવાનો આ ભાવ છે; દીવો તાપરૂપ છે અને વાયુ શીતધર્મવાળો છે, તેથી વાયુ રહિત સ્થળમાં દીવાનો નાશ કરવારૂપ ચંચળતા હોતી નથી. તે જ પ્રમાણે ભગવાનના વિપ્રયોગથી થતા તાપને નિવારનારા ધર્મભાવથી યોગ આચરનારનું મન ચલિત થતું નથી. ॥ ૧૯ ॥

પૃષ્ટ સહાય :-

સોની જયંતિભાઇ જેચંદભાઇની માળા પહેરામણી તથા શ્રી યમુનાજીના લોટી ઉત્સવ પ્રસંગે ભેટના હ. શ્રી જેચંદભાઇ વનમાળીદાસના સહ પરિવારના જય શ્રી કૃષ્ણ

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **૫. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક તેરમો)

વળી પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિના જે અસાધારણ ભેદ છે તે શુદ્ધ જીવોથી સંકીર્ણ ભેદ છે, તેનાથી મિશ્ર જીવો પ્રવાહમિશ્ર અને પુષ્ટિમિશ્ર એવા ત્રણ પ્રકારના થાય છે. એ પ્રકારની વિચિત્રતા છે, તેમાં રહેલા સંદેહો અર્થથી અને અવાંતર ભેદથી નિવારવા જેવા છે, એમ અર્થ છે.

પુષ્ટયા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ
મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણાતિદુર્લભાઃ ।૧૫।

પુષ્ટિ સાથે પુષ્ટિથી વિશેષ રીતે મિશ્ર જીવો છે તેઓ સર્વજ્ઞ છે, અને પુષ્ટિ સાથે પ્રવાહથી મિશ્ર જીવો છે તેઓ ક્રિયામાં પ્રેમ પૂર્વક રત રહેનારા હોય છે. ।।૧૫।। પુષ્ટિ સાથે મર્યાદાથી મિશ્ર જીવો ગુણોને જાણનારા હોય છે અને શુદ્ધ પુષ્ટિ જીવો પ્રેમથી જોડાયેલા હોય છે, તેઓ અતિ દુર્લભ હોય છે.

તેમાં રહેલા સંદેહો શી રીતે નિવારવા જેવા છે ? એવા પ્રશ્નના જવાબમાં 'પુષ્ટયા' વગેરે શબ્દોથી તેને સમજાવનારી સ્થિતિ કહે છે. અહીં 'પુષ્ટયા' વગેરે શબ્દોથી તેના માર્ગો કહેવાય છે. તેમાં ભક્તિ, જ્ઞાન અને કર્મના ભિન્ન ભિન્ન મિશ્રિત માર્ગ છે, અને શુદ્ધ માર્ગ ભગવદ્ધર્મ છે, એમ એકાદશ સ્કંધમાં સુબોધિનીજીમાં નિશ્ચિતતાથી દર્શાવ્યું છે. પુષ્ટિ શબ્દથી કહેવા યોગ્ય અનુગ્રહ પણ ફળના બળથી શુદ્ધ અને મિશ્ર એ રીતે નિશ્ચત કરાય છે. તેમાં શુદ્ધ નિઃસાધન અને સ્વીકારેલ, એવા અર્થમાં છે. જેવા કે, ગોકુલ વાસીઓ, વ્રજરત્નો અને સર્વથા શરણે આવેલાઓ શુદ્ધ પુષ્ટિમાં ગણાય છે. 'દિવસે ધંધામાં વ્યસ્ત અને રાત્રે અતિશ્રમને કારણે ઊંઘમાં પડી રહેલા' (એવા ગોકુલના જનોને, સાધનહીન હોવા છતાં ભગવાન પોતાના પરમ ધામમાં લઇ જશે. –ભાગ ૨–૭–૩૧) 'માત્ર શુદ્ધ ભાવથી જ,' (માત્ર શુદ્ધ ભાવથી ગોપીજનો, ગાયો, વૃક્ષો, હરણાંઓ અને અન્ય મૂઢબુદ્ધિવાળા નાગ વગેરે મારામાં મનને સ્થિર કરીને તાત્કાલિક મને પામ્યા છે. –ભાગ. ૧૧–૧૨–૮), 'જારભાવથી મારામાં રમણની કામનાવાળી,' (હે ઉદ્ધવ, તે ગોપીઓ મારા સ્વરૂપને જાણતી નહોતી, તેઓ જારભાવથી મારામાં રમણની કામનાવાળી હતી. તેવી સેંકડો, હજારો અબળાઓને કેવળ સંગના પ્રભાવથી મારા પરમ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થઇ. –ભાગ ૧૧–૧૨–૧૩), 'બધા ધર્મોનો સંપૂર્ણ રીતે ત્યાગ કરીને,' (હે અર્જુન, બધા ધર્મોનો સંપૂર્ણ રીતે ત્યાગ કરીને, તું મારે એકને શરણે આવ, હું તને બધાં

પાપોમાંથી છોડાવીશ, તું શોક કર નહિ. -ગીતા, ૧૮-૬૬), 'તેથી હે ઉદ્ધવ, તું વિધિ-નિષેધનો ત્યાગ કરીને,' (પ્રવૃત્તિ અને નિવૃત્તિને, સાંભળેલા કે સાંભળવા જેવાને પણ ત્યજી દઇને, સર્વભાવથી, સર્વ દેહધારીઓના આત્મા એવા મારે શરણે તું જા, -ભાગ ૧૧-૧૨-૧૪,૧૫), વગેરે વાકયોથી તેમ કહેવાયું છે. ઉપર કહેવાયેલી રીતે બીજા મિશ્ર પુષ્ટિ જીવો ત્રણ પ્રકારના થાય છે. વળી અવાંતર ભેદોથી એય અનેક પ્રકારના થાય છે, એમ પણ 'તથાપિ યાવતા' (તોપણ ભગવાને જેટલા પ્રમાણમાં કરવા વિચાર્યું હોય તેટલા પ્રમાણમાં તે તેની રચના કરે છે. -શ્લોક ૧૪મો), એ શબ્દોથી સૂચવ્યું જ છે; એમ છે ત્યારે, તેઓ મને સારી રીતે જાણે છે, એ પ્રમાણે જેના મૂળમાં ભગવાનની સામાન્ય ઇચ્છા રહેલી છે તેવી જે પુષ્ટિસૃષ્ટિ છે તેનાથી મિશ્ર અને જેઓ પુષ્ટિમાં અંગીકાર કરાયેલા છે તેઓ સર્વજ્ઞ હોય તેમ ભગવાનના સ્વરૂપને જાણનારા હોય છે. તેથી સર્વજ્ઞપણું તેને સારી રીતે ઓળખાવનારું ચિન્હ છે. ઉદાહરણ તરીકે નારદ, ઋષભ વગેરે. તેઓ જ્ઞામિશ્ર પરમ ભકત છે. 'હે મહામુનિ, મુકતોમાં અને સિદ્ધોમાં પણ નારાયણ પરાયણ અને પ્રશાંત ચિત્તવાળો કરોડોમાં પણ મળવો અત્યંત દુર્લભ છે, (ભાગ ૬-૧૪-૫) વગેરે વાકયો એના સંબંધમાં છે. તેઓ મારી (ભગવાનની) ઉપાસનામાં પરાયણ હોય છે. એ પ્રમાણે મૂળમાં રહેલી ભગવાનની ઇચ્છાથી પ્રવાહમિશ્ર જનો જે પુષ્ટિમાં અંગીકાર કરાયેલા હોય છે. તેઓ ક્રિયારત એટલે કે ભગવાને કહેલ પંચરાત્ર વગેરે પ્રસિદ્ધ કર્મોને પરાયણ હોય છે. તેઓ પ્રાવાહિક ભકતો છે. તેવા પ્રકારની ક્રિયાને પરાયણ અને તેને જાણનારા, જેવા કે શ્રુતદેવ, નિમિ વગેરે છે. મારા ગુણોને જાણે, એવી ભગવાનની મૂળમાં રહેલી ઇચ્છાથી જે મર્યાદા તે ભગવાને કહેલ બ્રહ્મવાદની રીતિથી મિશ્ર હોય છે. અને જેમનો પુષ્ટિમાં અંગીકાર થયેલો હોય છે. તેઓ ગુણોને જાણનારા, ભગવાનથી ઉત્પન્ન થયેલા અને સત્વાદિ ગુણોથી યુકત હોય છે. તેથી તેવા ભગવદીયોના સર્જનમાં ઐશ્વર્ય આદિને જાણનારાઓ હોય છે. એ પ્રમાણે તેને સારી રીતે જાણનારા છે તેઓ મર્યાદામાં રહેલા ભકતો છે. જેવા કે ભીષ્મ વગેરે. તેઓ શુદ્ધ અને પ્રેમરૂપી વિશિષ્ટ લક્ષણવાળા હોય છે. કપટ રહિત પ્રેમ જ તેઓને ઓળખાવનાર છે, તેઓ અતિ દુર્લભ છે. તેઓનો ભગવાન કયારેય ત્યાગ કરતા નથી. જેઓ પત્ની, ગૃહ પુત્ર, આપ્તજન, પ્રાણ અને દ્રવ્ય એ બધાનો આત્યંતિક ત્યાગ કરીને મારે શરણે આવેલા હોય છે તેઓનો ત્યાગ કરવાને ભગવાન કહે

પૃષ્ઠ સહાય :-

પ. ભ. શ્રી હેમચંદભાઇ મુળજીભાઇ રાણપરાના પરિવાર તરફથી શ્રી યમુનાજીના લોટી ઉત્સવ નિમિત્તે ભેટ હ. ધીરજલાલ હેમચંદ રાણપરા તથા વ્રજલાલ હેમચંદ રાણપરાના જય શ્રી કૃષ્ણ.

છે કે, હું કદી ઈચ્છતો જ નથી, (ભાગ ૯-૪-૬૫) જેના હૃદયમાં સાક્ષાત, શ્રી હરિ બિરાજમાન રહે છે, વગેરે વાકયો એ સંબંધ માં છે. નિબંધમાં પણ શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે, આવા પ્રકારનો પુરુષ કરોડોમાં પણ અત્યંત દુર્લભ હોય છે. જે પત્ની, ગૃહ પુત્ર, આપ્તજનો, પ્રાણ અને પરમધન, એ એ બધું શ્રી કૃષ્ણમાં સમર્પણ કરીને પરમ ભાવને પામેલ હોય છે, તે સદાય પ્રભુના પ્રેમમાં ડુબેલા રહે છે, (નિબંધ–સર્વનિર્ણય પ્રકરણ, ૨૧૯), એમ તેનાથી કહેવાયું છે. જ્ઞાનયુકત ભકતો કરતાં તેઓને જરાય ઉતરતા માનવા જેવા નથી. 'જેઓ બ્રહ્મને અમે વિશેષરૂપે જાણીએ છીએ, એમ માનનારા છે તેઓ તેને જાણતા નથી, અને જેઓ બ્રહ્મને અમે વિશેષરૂપે જાણતા નથી એમ માનનારા છે તેઓ તેને જાણે છે, (કેનોપનિષદ, ૨–૩) વગેરે શ્રુતિઓથી સ્વરૂપને નહિ જાણમામાં પણ ઉત્કર્ષવાળાની સિદ્ધિ છે. વળી જેનાં ચરણરેણુઓ બ્રહ્માદિને પણ કઠિનતાથી પ્રાપ્ત થઇ શકે એવાં અતિ દુર્લભ છે. બૃહદ્ વામન પુરાણના ' સાઠ હજાર વર્ષો' એવા વાકયથી તેમ કહેવાયું છે. અહીં જે અવાંતર ભેદો છે. તે ફળના બળે કરીને વિચારવા જેવા છે. તથા જેઓ નિષ્કપટ પ્રેમને પણ વરસાવનારા છે, કદાચ તે જીવો શુદ્ધ હોવા છતાં તેઓનું મન મિશ્ર હોય છે. જે એકાગ્ર મનવાળા છતાં દેહથી ભગવાનને સેવવાને અશકત છે. તેઓના દેહો મિશ્ર છે, અને વળી જેઓ તેવા પ્રકારના સમર્થ છતાં ક્રિયાઓ અન્યને અનુરૂપ આચરે છે, તેઓની ક્રિયા મિશ્ર છે, વગેરે પણ વિચારણીય છે. ભકિતના ભેદ અને ભકિતયુકત જીવોના ભાવમાં ભેદ જલભેદમાંથી (શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રંથો માંહેના બારમા જલભેદ' નામના ગ્રંથમાંથી)જાણવા જેવા છે. ॥૧૫॥

પૃષ્ટ સહાય :-

ગો. વા. ઠા. જમનાદાસ લાલજીભાઈ કારીયા તથા ગો. વા. રળીઆતબેન જમનાદાસ કારીયા તથા ગો. વા. ડાહીબેન જમનાદાસ કારીયા તથા ગો. વા.

લક્ષ્મીબેન જમનાદાસ કારીયાની માળા પહેરામણીના અલૌકિક મનોરથ પ્રસંગે ભેટ તે સર્વેના જય શ્રી કૃષ્ણ.

સુબોધ

[પોરબંદરવાળા નિ. લી. પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીએ ધોરાજી તા. ૧૪-૧૦-૫૬ ના રોજ આપેલ વચનામૃત]

આ તો એક માત્ર સૂચના આપું છું, પછી તે કેટલે અંશે બની શકે એ છોકરાઓએ અને એમનાં વડીલોએ વિચારવાનું છે. હું કાંઈ ફોર્સ (ફરજ) નથી પાડતો.

કોર્ટમાં જ્યારે વકીલ જાય અથવા વિદ્યાર્થી સ્કુલમાં જાય ત્યારે કહેવામાં આવે છે કે પાટલુન પહેરીને આવવું. ત્યાં તિલક કરીને જાય તો લોકો મશ્કરી કરે. બ્રિટીશ લોકો હિન્દમાં આવ્યા તેઓ આપણી સાથે વસ્યા. આપણા ખાનપાન અને વેશભુષા તેઓએ જોયા. પણ કોઇ યુરોપીયન ઉપર આપણાં સંસ્કાર ન પડયા. ઉલ્ટા એમના સંસ્કાર આપણાં ઉપર પડયા. એમના સંસ્કાર આપણામાં રેડાયા, એનું કારણ શું છે? તેઓએ આપણા અભ્યાસક્રમની અંદર તેમની સંસ્કૃતિ, તેમનો રીલીજીયન (ધર્મ) શીખવ્યો અને તેના સંસ્કાર આપણામાં આવ્યા અને કમનશીબે આપણને ધોતીયા વગેરે ઉપર તિરસ્કાર આવી ગયો. પરંતુ પ્રભુએ આપણા ઉપર કૃપા કરી આપણે સ્વતંત્ર થયા. ફરી સારા સારા માણસોએ પણ ધોતી પહેરવાનું શરૂ કર્યું છે. મહાત્માજી પણ ધોતી પહેરતા. પરંતુ આજે હજુ ધોતીયું કેમ પહેરવું તેની આપણને ખબર નથી. આજે આપણે ચોટલી રાખતા શરમાઇએ છીએ. અત્યારે ભાગ્યે જ તમને ચોટલી જોવામાં આવશે. પ્યારા બાળકો ! ચોટલીએ હિન્દુત્વનું ચિન્હ છે. જેમ ટોર્ટમાં ટાઇ પહેરીને જાય છે અને તેના વેશભુષા ઉપરથી જ તે સાહેબ કહેવાય છે, તેમ હિન્દુત્વનું ચિન્હ ચોટલી છે.

હું તમને સાધારણ દાખલો આપું છું. મુંબઇની અંદર જ્યારે કોમી રમખાણ થયું એ સમયે હું પણ ભૂલેશ્વરથી કોટમાં જતો હતો, એ વખતે મરાઠાઓ જેના મસ્તક ઉપર ચોટલી હોય તેને જવા દેતા હતા. પછી ચોટલી ન હોય અને હિન્દુ હોય તો પણ સફા કરી નાખતા. આમ ચોટલી એ હિન્દુત્વના ગૌરવની નિશાની છે. છત્રપતિ શિવાજી અને મહારાણા પ્રતાપ જેવા વીરપુરુષો પણ ચોટલી રાખતા. એટલે કે તેમાં શરમ રાખવાની જરૂર નથી. અત્યારે આપણે તેમ કરતાં શરમાઇએ છીએ. તેનું કારણ આપણામાં રહેલ પરદેશી શિક્ષણ છે. પરદેશી શિક્ષણના સંસ્કારો આપણામાં ઊંડા ઉતરી ગયા છે.

તિલક અને માળા ધારણ કરવી એ આપણો ધર્મ છે. રીલીજયન-મજહબ અને ધર્મ. મેં અન્ય પુસ્તકો પણ વાંચ્યાં છે. અંગ્રેજ લોકો રીલીજયન, મુસલમાન લોકો મજહબ અને આપણે ધર્મ કહીએ છીએ. હવે ધર્મ, ધર્મ એટલે ફરજ ગણવામાં આવે છે. પણ એ વસ્તુની અંદર હૃદયનો પ્રેમ

હોવો જોઈએ. આ વસ્તુ બળજબરીથી ધારણ કરાવવી એમ નહિ, પરંતુ શાંતિપૂર્વક સમજાવીને ગ્રહણ કરાવવી જોઈએ. આ પ્રમાણે કરવું જ જોઇએ એમ નથી. તમે સમજો એને આચરણમાં ઉતારો.

આચાર્ય શ્રી મહાપ્રભુજી પણ કહે છે કે 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્ય મિતિ મે મતિઃ' સ્મરણ અને ભજન પણ ન છોડવા જોઈએ એમ મારૂં માનવું છે. પછી તે કરવું કે ન કરવું એ તમારી ઇચ્છાની વાત છે. તમને સમજણ પડે તો કરો, નહિતર કાંઈ નહિ.

એક મોટો આક્ષેપ આવે છે કે તમારો ધર્મ તો ૪૫૦ વર્ષથી શરૂ થયો છે, માટે જે જુનો ધર્મ હોય તે જ સારો. તેને બેધડક રીતે તમે કહેજો કે તમે વેદના વચનોને પ્રમાણ માનો છો કે નહિ? કૃષ્ણના વચનોને સત્ય માનો છો કે નહિ? શ્રીકૃષ્ણ વાકયો એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા જેની અંદર બધા વેદોનો સાર રહેલો છે. જ્યારે શ્રીમદ્ ભાગવત એ આપણો પ્રાચીન ગ્રંથ છે. પરંતુ ૪૫૦ વર્ષો પૂર્વે તો જે વસ્તુ આજ સુધી કોઇ પણ આચાર્ય પ્રગટ નથી કરી શકયા, તે વસ્તુ આપણાં આચાર્ય શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલ છે. શ્રીમહાપ્રભુજીએ તો શાસ્ત્રાર્થ કરી દિગ્વિજય કરી બતાવી આપ્યું છે કે આ શરણમાર્ગની અંદર કોઈ પણ પ્રકારનો ભય નથી. મહામુનિ વ્યાસે ૧૭ પુરાણો રચ્યા, તો પણ તેમને શાંતિ થતી ન હતી, કારણ શું કે કોઇ પણ વસ્તુ જ્યારે પ્રગટ થવાની હોય ત્યારે તાપ થાય છે. વરસાદ થવાનો હોય ત્યારે વાદળાંઓ થાય છે મેઘનાદ થાય છે, ખૂબ ગરમી થાય છે, પછીજ વરસાદ પડે છે. તેમ વ્યાસજીને પણ સત્તર પુરાણ રચ્યા પછી પણ શાંતિ પ્રાપ્ત થતી નથી. પછી તેમને આજ્ઞા આપવામાં આવે છે કે તમે સમાધિ ચડાવો. જ્યારે સમાધિ ચડાવવામાં આવી ત્યારે તેમને ભગવદ્ લીલા સ્ફુરાયમાન થવા લાગી. જે વસ્તુનો જે અધિકારી હોય તેજ વસ્તુ તેમને કહેવામાં આવે છે. એટલે કે શ્રીમદ્ ભાગવત જે રચાયેલ છે તેની અંદર ભગવદ્ લીલાનાજ ગુણગાન ગાવામાં આવ્યા છે. ભાગવત દશમ સ્કંધ પૂર્વાર્ધ એજ આપણા પુષ્ટિ માર્ગની લીલા છે. આ બધુ જયારે હું ૧૫ દિવસ રોકાઇશ ત્યારે એક એક વસ્તુ તમને સમજાવીશ. મારી ઇચ્છા છે કે હું અહિં ૧૫ દિવસ સુધી રોકાઇશ.

હવે વેશભૂષા ઉપર વિશેષ સ્ફોટ કરવાની જરૂર પડી, કારણકે આહાર એવા ઓડકાર તમે કોટ, પાટલુન પહેર્યા હોય તો સાહેબની અસર આવશે. તમે ધોતી અને બંડી પહેરેલ હશે તો તમે પુષ્ટિમાર્ગીય વિદ્યાર્થી છો તેની છાપ પડશે. માતા-પિતાઓ પણ તેમના બાળકોને અત્યારથીજ પુષ્ટિ સંપ્રદાયના સંસ્કાર રેડશે તો તે આગળ જતાં વધારે દૃઢ બનશે

તિલકના ત્રણ પ્રકાર છે, તેની અંદર ઉર્ધ્વ પુંડ્રાકારમાં પ્રભુના ચરણારવિંદની નિશાની છે, તે આપણા ત્રિવિધ તાપને દૂર કરે છે, બુધ્ધિ નિર્મળ બને છે, તુલસીજી કલ્યાણકારક છે અને ભગવાનને પ્રિય છે, એની અંદર સુગંધી રહેલ છે, ચરણામૃત ભગવાનની પ્રસાદી છે, તેનાથી આસુરી ભાવ

દૂર થાય છે. પ્રાતઃકાળની શરૂઆત પહેલાં ઉઠવાની ટેવ રાખવી, તેમજ ઉઠતાની સાથે પ્રથમ કંઠીના દર્શન કરવા અને ચિત્રજીના દર્શન કરવા અને સ્નાન સંધ્યા વગેરે કરી, માળા કરી અન્ય કામ કરશો તો તમારૂં કામ હમેશાંને માટે ફળીભુત થશે. રાત્રે પણ હાથ, પગ ધોઈ ચરણામૃત લઇ સુવાની ટેવ રાખવી. જેથી નિંદ્રા પણ આવશે, ખરાબ સ્વપ્ન નહિ આવે.

આજે આપણા બાળકોને સીનેમા જોવા પૈસા આપીએ છીએ, પણ જયારે ધાર્મિક પ્રસંગ આવે ત્યારે છોકરાઓ તેની અંદર શું સમજે? એમ કરી આપણે જ આપણા બાળકોના સંસ્કાર બગાડીયે છીએ. આપણો માર્ગ વિશાળ અને શુધ્ધ છે. હીરો હોય પણ તેના ઉપર કાટ લાગી ગયો હોય તો તેની કિંમત થશે ખરી? એમ આપણા ઉપર પણ કાટ લાગી ગયો છે. આપણે પ્રભુના છીએ અને પ્રભુ આપણા છે.

શ્રીમહાપ્રભુજીએ બતાવેલ માર્ગે આપણે ચાલશું તો આપણે જરૂર સુખી થઇશું. તમારૂં કાર્ય શરૂ કરેલ છે તે હવે જારી રાખો અને મારી સલાહની જયારે જરૂર હોય ત્યારે કહેજો, હું મારા ખર્ચે આવવાને તૈયાર છું મારે તપેલીની પણ જરૂર નથી. સંચાલકો ખૂબ વેગવંત બને અને પાઠશાળા ખૂબ આગળ વધે એવા આશિર્વાદ સાથે મારૂં અત્યારનું નાનું પ્રવચન પૂરૂં કરીશ.

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૧૧ તા. ૧૫-૫-૮૫ બુધવાર અપરા એકાદશી વ્રત

જેઠ સુદ ૧ તા. ૨૦-૫-૮૫ સોમવાર શ્રી ગંગા દશહરા પ્રારંભ પનઘટ, જલક્રિડા આજથી શ્રી યમુનાજીના પદ પુનમ સુધી બોલાય.

જેઠ સુદ ૫ તા. ૨૫-૫-૮૫ શનિવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીના પ્રાકટય દિન (સંવત ૧૮૩૬)

જેઠ સુદ ૧૦ તા. ૨૯-૫-૮૫ બુધવાર શ્રી ગંગા દશહરા શ્રી યમુનાજીનો ઉત્સવ

જેઠ સુદ ૧૧ તા. ૩૦-૫-૮૫ ગુરુવાર નિર્જલા એકાદશી વ્રત. ભીમ અગીયારસ.

જેઠ સુદ ૧૪ તા. ૨-૬-૮૫ રવિવાર શિક્ષાપાત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સંવત ૧૬૪૯) સ્નાનનું જળ ભરવું અધિવાસન કરવું

જેઠ સુદ ૧૫ તા. ૩-૬-૮૫ સોમવાર જયેષ્ટાભિષેક-સ્નાન યાત્રા. મન્વાદિતિથિ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૧૦મું

જા મુખતેં શ્રી યમુને યહ નામ આવે.
તા પર કૃપા કરત શ્રીવલ્લભ પ્રભુ;
સોઇ શ્રીયમુનાજીકો ભેદ પાવે. ૧

તન, મન, ધન સબ, લાલ ગિરિધરનકો,
દે કેં ચરન પર ચિત્ત લાવે;
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
નયનન પ્રગટ લીલા દિખાવે. ૨

અર્થ :– જેના મુખમાંથી નિરંતર શ્રી યમુને ! શ્રી યમુને !! એવું રટણ ચાલુ રહે છે તેના ઉપર શ્રીવલ્લભ પ્રભુ અવશ્ય કૃપા કરે જ છે. અને એ જીવને શ્રી યમુનાજીના સ્વરૂપનું જ્ઞાન થાય છે. ૧

ત્યારપછી એ જીવ બ્રહ્મસંબંધના સિદ્ધાંત અનુસાર તન, મન, ધન સર્વ પ્રભુને સમર્પિત કરીને પોતાનું ચિત્ત ભગવદ્ સેવા સ્મરણમાં જોડી દે છે. આવા જીવને શ્રીવિઠ્ઠલગિરિધરન અવશ્ય લીલાનો અનુભવ કરાવે છે. ૨

વિવેચન :– શ્રીયમુનાજીના સ્તોત્રની રચના શ્રી શંકરાચાર્યજી વિગેરે અન્ય અનેક મહાપુરૂષોએ કરી છે. પરંતુ શ્રી યમુનાજીના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન કોઇને પણ થયું નથી. શ્રી યમુનાજી નિત્યલીલામાંથી પધાર્યા છે. જ્યાં વેદાદિ જ્ઞાનવાળા મર્યાદા ભક્તોની ગતિ નથી. એટલે એ શ્રી યમુનાજીના દિવ્ય સ્વરૂપને ક્યાંથી સમજી શકે ? શ્રીયમુનાજીના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન એક માત્ર શ્રીમદ્ વલ્લભાચાર્યજીને જ છે, કારણ કે આપ નિત્ય લીલામાંથી પધાર્યા છે. આપ 'શ્રીકૃષ્ણાસ્ય' છે, સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપ છે. જ્યાં આપનો શ્રીયમુનાજી સાથે નિત્ય સંબંધ છે, જેથી આપે 'શ્રીયમુનાષ્ટક'માં શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપનું વર્ણન કર્યું છે.

બલિહારી છે કૃપાના સાગર શ્રીવલ્લભ વિઠ્ઠલની કે આપે કલિયુગમાં પ્રગટ થઇ પુષ્ટિ લીલાનો પ્રકાશ કર્યો. શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને દૈવી જીવોના સદ્ભાગ્યના દ્વાર ખુલી ગયા. સૂરદાસજીએ ગાયું છે કે– "કલિયુગ સબ યુગતે અધિકાઇ જા જુગમેં પ્રગટે શ્રીવલ્લભ." ધોળમાં પણ કહ્યું છે કે–

"આ રે લીલા આગળ નવ હતી, પાછળ નહિ હોશે,
અખંડ લીલા કળીકાળમાં, બડભાગી રે જોશે."
"શ્રીવલ્લભ વિઠ્ઠલ ગિરિધારી, શ્રીયમુનાજીકી બલિહારી."

સોરઠો– શ્રીયમુને કહો, સદા સુહાગી હોય;
દુઃખ દારિદ્ર સઘળા હરે, ત્રિવિધ તાપને ખોય.

"શ્રીવલ્લભ નામ મહિમા"

શ્રી હરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા

લેખક: **શ્રીવલ્લ પાદપદ્મમિલિન્દ**

[ગતાંકથી ચાલુ]

હવે શ્રી વલ્લભ નામના સ્મરણથી શ્રી વલ્લભનું સ્વરૂપ હૃદયમાં પધારે છે. તે લીલાધામ સહિત નિજ ભકતના હૃદયમા પધારે છે તેને કહે છે :–

"રૂપ હૃદય વસે અરૂ રસ સમૂહ ધામ"

'રૂપ હૃદય વસે' એટલે સ્વરૂપ હૃદયમાં કયારે પધારે કે જયારે અનન્ય–પતિ વ્રત ભાવપૂર્વક શ્રી વલ્લભજ મારૂં સર્વસ્વ છે તેવા ભાવપૂર્વક અથવા ચાતક જેમ અન્ય સર્વ જલોની આશા છોડી સ્વાતિ જલની આશામાં પોતાના પ્રિય નવઘનનું રાત્રિ દિવસ ધ્યાન–સ્મરણ કર્યા જ કરે છે. બાર મહિના પ્યાસો તરફડે છે, તો પણ સ્વાતિ વિના અન્ય જલને ગ્રહણ કરતો નથી, તેમ શ્રી વલ્લભના વિરહીજનોએ ચાતક જેવી ટેક રાખી શ્રી વલ્લભ નામનું સ્મરણ અને આપના સ્વરૂપનું ધ્યાન, સ્નેહ–વિરહ–દીનતાપૂર્વક અહર્નિશ કરે છે, તેના હૃદયમાં શ્રી વલ્લભનું વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ લીલા ધામ સહિત પ્રગટ થઈ જાય છે.

આપશ્રી વલ્લભ શ્રી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે– "પ્રભુના નામવાળા સ્વરૂપનું મહાત્મય જાણીને પ્રભુનું નામ સ્મરણ કરવાથી તે નામવાળા સ્વરૂપને અને જગતને નમાવે છે." અથવા નામ સ્મરણ કરનાર ભકતની આગળ પ્રભુ પ્રગટ થઈ જાય છે. તેનું કારણ સ્નેહભાવપૂર્વક લેવાતું નામ દોરડારૂપ છે. તે સ્નેહરૂપ દોરડાથી બંધાઇને પ્રભુ વિરહી ભકતના હૃદયમાં ભાવાત્મક રસાત્મક સ્વરૂપ પ્રગટ થઈ જાય છે. તેમજ બહાર પણ પ્રગટ થઈને દર્શન કરાવે છે. જેમ દોરડાથી બંધાયલુ પક્ષી દોરડાને ખેંચવાથી આપણી પાસે આવી જાય છે. તેમ સ્નેહરૂપ દોરડાથી કરૂણાળુ પ્રભુ બંધાઇને વિરહી ભકતના હૃદયમાં પ્રગટ થઈ જાય છે. અથવા પ્રભુનુ નામ જ દોરડારૂપ હોવાથી તેનામાં એવું સામર્થ્ય છે એમ જાણી શ્રી વલ્લભ નામનું સ્મરણ કરવાથી શ્રી વલ્લનુંના સ્વરૂપને સ્મરણ કરનાર ભકતની પાસે આવે છે. જેમ ગજેન્દ્ર હાથીએ આર્ત ભાવથી હરિના નામનું સ્મરણ કર્યું તો શ્રી હરિ વૈકુંઠમાંથી સત્વરે પધારી ગ્રાહમાંથી ગજેન્દ્રને છોડાવ્યો. પ્રભુ આર્તજનના દુઃખને સહન કરી શકતા નથી. આવા આર્તભાવથી આપણે આપણ પ્રાણ પ્રેષ્ઠ વલ્લભનું સ્મરણ કરવું.

આપશ્રી 'નિરોધ લક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરે છે "ક્લિશ્યમાનાન જનાન દ્રષ્ટવા કૃપા યુક્તો યદા ભવેત્" ।

‘અતિરસ’ એટલે અગણિત સ્નેહરસ. આ અગણિત સ્નેહરસવાળું શ્રી વલ્લભનું સ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક છે. તે શ્રી વલ્લભ નામ સ્મરણ કરનાર ભકતના હૃદયમાં પ્રગટ થઇ જાય છે. તે સ્વરૂપ રહસ્ય નિકુંજના અગણિત આનંદથી ભરેલું છે. આ શ્રી વલ્લભનું સ્વરૂપ સ્વકીયજનને પોતાની સમાન અગણિત આનંદવાળા બનાવે છે. તેથી આપનું શ્રી સર્વોતમજીમાં નામ “તાદૃશવેષ્ટિતઃ” બિરાજે છે. આવા અગણિત આનંદને પ્રાપ્ત કરીને શ્રી વલ્લભની તત્સુખાત્મક સેવા અગણિત સ્નેહભાવથી કરીને પ્રાણવલ્લભના સુખથી આ રસિક વિરહી ભકતને સુખ થાય છે તેથી કહ્યું “અનુપાન કરે”। ‘અનુ’ એટલે પાછળથી જેમ પ્રભુને સામગ્રી ભોગ ધરીયે તે પ્રભુ આરોગે. પછી અધરામૃત આપણે લઇએ છીએ. તેમ રસિક ભકત શ્રી વલ્લભને અગણિત સ્નેહભાવથી સુખ આપે છે. તે સુખનો પાછળથી અનુભવ આ સ્નેહી ભકતને થાય છે. અથવા પ્રાણ વલ્લભના સુખમાં જ આ રસિક પોતાનું સુખ માને છે. તેથી થી વલ્લભના સુખની પાછળ પોતે સુખનો અનુભવ કરે છે' તેથી કહ્યું- “અનુપાન કરે.”

શ્રી વલ્લભજનની આજ રીત છે કે શ્રીવલ્લભના સુખમાં જ પોતાનું સુખ માને. તેથી કહ્યું “અનુપાન કહે”। અથવા વિરહના અનુભવમાં સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. આ અવસ્થામાં રસિક વિરહી જનના પ્રત્યેક રોમમાં આત્મારૂપ પ્રાણવલ્લભ જ બિરાજતા હોય છે. અથવા શ્રી વલ્લભરૂપ આ રસિક વિરહીજન બની ગયેલ હોય છે. તેથી પ્રાણપ્યારા વલ્લભનું સુખ તે આ રસિકજનનું જ સુખ કહેવાય છે. મહોદારચારિત્રવાન પ્રાણવલ્લભ પોતાના વિરહી સ્વકીયને પોતાની સમાન બનાવી દિવ્ય તત્સુખી પ્રેમ કે જે મધુર મહાસાગરથી ભરેલો છે તેમાં ડુબાવે છે.

તત્સુખી સ્નેહભાવ સિવાય પ્રભુથી પોતાના સુખની અપેક્ષાવાળો સ્નેહ રાખવો તેને ‘કપટ’ કહેવાય છે. શ્રી વલ્લભજન આવા કગટનો ત્યાગ કરી અગણિત તત્સુખ સ્નેહભાવથી શ્રી વલ્લભની સેવા કરે છે. ‘વામ’ શબ્દનો અર્થ ‘માર્ગ” કરીએ તો શ્રી વલ્લભે જે માર્ગ પ્રગટ કર્યો છે, તે તો પ્રભુની અગણિત તત્સુખ ભાવવાળી સેવાથી ભરેલો છે. તેથી શ્રી વલ્લભજન પોતાના સુખના કપટ માર્ગના ત્યાગ કરી અગણિત-તત્સુખાત્મક સ્નેહમાર્ગને ગ્રહણ કરે છે તેથી કહ્યું- “ઓર કપટ વામ”। અથવા પોતાના ઉદ્ધારનો સ્વાર્થ રાખી ભગવાનનું ભજન કરવું તેવા કપટ માર્ગનો શ્રી વલ્લભજન ત્યાગ કરે છે, કારણકે શ્રી વલ્લભના અનન્ય આશ્રિતજનને શ્રીવલ્લભ કૃપાથી આપશ્રીના સ્વરૂપનું જ્ઞાન થયેલું હોય છે કે આપશ્રી વલ્લભ તો તત્સુખ સ્નેહના સાગરરૂપ છે, તેથી અગણિત તત્સુખ સ્નેહ ભાવથી જ શ્રીવલ્લભની સેવા થઈ શકે છે.

અથવા સેવ્ય સ્વરૂપના ગુણો સેવા કરનાર સેવકમાં આવે છે અથવા ઉપાસ્યના ગુણો ઉપાસકમાં આવે છે. આ ન્યાયથી શ્રીવલ્લભ નામનું અનન્ય ભાવ પૂર્વક સ્મરણ કરવાથી શ્રીવલ્લભના તત્સુખ સાગર સ્વરૂપમાંથી તત્સુખ સ્નેહ ભાવનો પ્રવાહ ભક્તના દેહમાં પ્રાણ–ઈન્દ્રિયો–અંતઃ કરણમાં પ્રવેશ કરી અગણિત તત્સુખ સ્નેહ ભાવને ધારણ કરી શકે તેવી પાત્રતા સિધ્ધ કરે છે. આવા અગણિત સ્નેહ ભાવથી શ્રીવલ્લભજન શ્રીવલ્લભની સેવા કરે છે. તેથી કહ્યું "અતિરસ અનુપાન કરે ઓર કપટવામ" અગણિત સ્નેહભાવની પ્રાપ્તિ શ્રીવલ્લભના અનન્ય આશ્રયથીજ થતી હોવાથી પદની પહેલી તુકમાં કહ્યું "ભોર ભયો ભાવસો લે શ્રીવલ્લભ નામ"

દૈવીજીવ લીલાધામમાં હતો ત્યારે પ્રિય પ્રભુની અગણિત સ્નેહભાવથી તત્સુખ સેવા કરતો હતો. તે લીલા ધામમાંથી આવવાથી પ્રભુના અને પોતાના સંબંધને અને બન્નેના દિવ્ય સ્વરૂપને ભૂલી ગયો. તેવા દૈવીજીવને બ્રહ્મ સંબંધથી પ્રભુ સાથે નિત્ય સંબંધ જોડી આપ્યો અને દૈવીજીવ સેવા–સ્મરણ ગુણગાન ધ્યાન આદિ અલૌકિક સાધનોથી પ્રભુની સન્મુખ રહેવાથી–અંધકાર દૂર થવાથી પોતાના અને પ્રિય પ્રભુના સ્વરૂપને તેમજ બન્નેના દિવ્ય સંબંધને જાણતો થયો કે હું તો લીલા ધામથી વિછરેલો છું અને મારા આત્માના પતિ શ્રીવલ્લભ પ્રભુની અગણિત સ્નેહ ભાવથી લીલા ધામમાં સેવા કરતો હતો. આવા જ્ઞાનરૂપ ભોર દશાને પ્રાપ્ત કરી જગત પ્રપંચથી ઉદાસીન રહી દૈવીજીવ શ્રીવલ્લભ નામના સ્મરણથી પોતાની અગણિત સ્નેહ ભાવ વાળી તત્સુખાત્મક સેવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. આવો અધિકાર શ્રીવલ્લભની કૃપાથી પ્રાપ્ત થાય છે. આવી કૃપાને મેળવવા માટે શ્રીહરિરાય પ્રભુ વલ્લભના જનને વાત્સલ્ય સ્નેહના ભરથી કહી રહ્યા છે ભોર ભયો ભાવસો લે શ્રીવલ્લભ નામ" અગણિત સ્નેહ ભાવવાળી તત્સુખ સેવાને પુનઃ પ્રાપ્ત કરવા માટે શ્રીવલ્લભ નામનું સ્નેહ વિરહ–દીનતા ભાવ પૂર્વક નિરંતર સ્મરણ કરવું ।।

ઇતિ

આં. રા. પુ. વૈષ્ણવે પરિષદના વડોદરા જીલ્લાની શાખાઓના પ્રતિનિધીઓના સંમેલનમાં પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીની સાનિધ્યમાં કેન્દ્રીય મંત્રીશ્રી ચીમનભાઇ શેઠે વડોદરા જીલ્લાની કારોબારીના ૩૧ સભ્યોની નિયુક્તિની જાહેરાત કરી હતી તેમાં પ્રમુખશ્રી ડૉ. નટવરલાલ અમૃતલાલ પરીખ (બોડેલી), ત્રણ ઉપ પ્રમુખશ્રી મોહનલલ મગનલાલ કાપડીયા (સંખેડા), શ્રી કંચનલાલ હીંમતલાલ દરુ (ડભોઇ), શ્રી વી. પી. પરીખ (બોડેલી). મહામંત્રીશ્રી વિઠ્ઠલદાસ વલ્લભદાસ શાહ (છોટા ઉદેપુર) વગેરે ૩૧ સભ્યોની કારોબારીની રચના કરવામાં આવી તેમાં છ મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આપેલ છે.

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષિ શ્રી રમાનાથ શાસ્ત્રીજી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રીજી**

ત્યારે તે શબલ માયાવચ્છિન્ન, અવિદ્યાવચ્છિન્ન તથા સોપાધિબ્રહ્મ વિગેરે નામોથી વ્યવહારાય છે. શુદ્ધ બ્રહ્મ તો નિર્વિશેષ જ છે. માટેજ અજ્ઞાનીઓની બુદ્ધિનો તેમાં પ્રવેશ થવો અત્યંત અશક્ય થઇ પડે છે. કારણ કે જેમાં આ ધર્મ હોય છે તેને ફલાણી વસ્તુ કહે છે. આવી રીતે ધર્મોને જ લઇ કોઇપણ વસ્તુનું જ્ઞાન થઇ શકે છે. એ માટે વેદાદિશાસ્ત્રો ચિત્તશુદ્ધિરૂપ ફળને ફળનારી ઉપાસનાને માટે જ સધર્મક શ્રુતિઓ દ્વારા કલ્પિત ધર્મયુકત તે સોપાધિક શબલ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. યદ્યપિ તે પોતે નિરવયવ, નિર્ધર્મક, નિષ્ક્રિય. નિરાકાર અને ચિન્માત્ર છે છતાં પણ ઉપાસનાને માટે શ્રુતિઓ કલ્પિત ધર્મોનો તેમાં આરોપ કરે છે અને જયારે ઉપાસનાથી ચિત્તશુદ્ધિ થઇ કે–દશ મનુષ્યોમાં પોતાને ગણ્યા વગર જે વિચાર કરે છે કે આ તો નવ છે દશ માણસ કયાં જયારે અન્ય વ્યકિત તેને કહે છે કે દશમો તો તું છે’ ત્યારે તેને પોતાનું જ્ઞાન થઈ જાય છે. “દશમસ્ત્વમસિ” આ ન્યાય મુજબ નિર્વિશેષ વચનો દ્વારા તે માત્ર કલ્પિત ધર્મોનો જ અપવાદ (નિષેધ) કરી દે છે તેથી તે બ્રહ્મને (પોતાના કંઠમાં રહેલા કંઠમણિને ભૂલીને જે શોક કરે છે. જ્યારે તેને કોઇ કહે છે કે મણિ તો તમારા ગળામાં છે ત્યારે તેને પોતાના મણિની યાદ આવે છે) ‘વિસ્મૃત કંઠમણિ’ ન્યાય પ્રમાણે પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે. માટે જ તે મુકત કહેવાય છે. વાસ્તવમાં તો તે સદા નિત્ય મુકત જ છે. નિર્વેશેષની ઉપાસના થઇ શકતી નથી માટે જ કલ્પિત ધર્મોનો તેમાં આરોપ કરવામાં આવે છે અને ચિત્તશુદ્ધિ થયા બાદ તે ધર્મોનો નિષેધ કરાય છે. જેમ દ્વિતીયાના સુક્ષ્મ ચંદ્રનું દર્શન કરાવતી વખતે દર્શક (દેખાડનાર) પહેલાં પોતાના સાથીને ચંદ્રની પાસે શાખાને દેખાડે છે. જ્યારે શાખાને સહારે ત્યાં નેત્રો પહોંચી જાય છે કે તરત જ ફરી દર્શક કહે છે કે ભાઈ! જે તમે જોઇ રહ્યા છો, તે કંઇ ચંદ્ર નથી પણ એ તો શાખા છે. ચંદ્ર તો એની ઉપર છે બસ, આજ પ્રણાધી વેદશાસ્ત્રોની પણ છે કારણ કે તે (વેદાદિશાસ્ત્રો) પણ પહેલાં સવિશેષ વાકયો દ્વારા બ્રહ્મમાં કલ્પિત ધર્મોનો આરોપ કહે છે. અને ચિત્તાશુદ્ધિ થયા પછી તેઓનો અપવાદ કહે છે. જો કે સોપાધિ બ્રહ્મની ઉપાસનાથી મોક્ષ મળતો નથી. માત્ર ફકત ચિત્તાશુદ્ધિ થાય છે. છતાં પણ વેદે અજ્ઞાનીઓને પણ ચિત્તાશુદ્ધિ દ્વારા બ્રહ્મજ્ઞાન થવા કાજે કયાંક કયાંક ઉપાસનાથી મોક્ષ મળવાની ગુડજીહ્વિકા(લાલચ) દેખાડી છે. જેમ કોઇ માતા પોતાના પ્રિય પુત્રને કડવી દવા પીવડાવવા માટે ફોગટ લાડુ આપવાનો લોભ દેખાડે છે. બરોબર એવીજ રીતે વેદો પણ ખાસ કરીને ચિત્તાશુદ્ધિને જ વાસ્તે કલ્પિત બ્રહ્મની ઉપાસના ઉપદેશે છે.

(ક્રમશઃ)

॥ શ્રી હરિઃ ॥

સૂચના પત્ર – બધી શાખાઓ માટે આંતરરાંષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ અખિલ ભારતીય કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર તા. ૨૨ મે થી ૨૬ મે ૧૯૮૫ સુધી.

સ્થાન – શ્રી ભાગવત વિદ્યાપીઠ, ગામ સોલા, અમદાવાદ (ગુજરાત)

પ. ભ. શ્રી શાખા સચિવ મહોદય,

જય શ્રીકૃષ્ણ : આ શિબિર સંબંધી સૂચનાઓ નીચે પ્રમાણે છે.

૧. કોણ કોણ ભાગ લેશે :

(૧) કેન્દ્રીય કાર્યસમિતિના બધા સદસ્ય (૨) રાજ્ય સમિતિઓના બધા સદસ્ય. (૩) સંરક્ષક તેમજ આજીવન બધા સદસ્ય (૪) જિલ્લા તેમજ સ્થાનિય સમિતિઓના બધા સદસ્ય. (૫) નવી ખોલાનારી શાખાઓના સંયોજકો.

વિશેષ : (ક) દરેક સ્થાનીય શાખા અધિકાર પત્ર લખીને પોતાના પદાધિકારીઓમાંથી બે પ્રતિનિધિઓ મોકલી શકશે. જો પદાધિકારી ન આવી શકે તો પછી કોઈપણ બે કાર્યકર્તા મોકલી શકાશે.

(ખ) સંરક્ષક અને આજીવન સદસ્યો માર્ગ વ્યય પોતે જ ભોગવશે. તેઓ ગમે તેટલી સંખ્યામાં આવી શકે છે. પરંતુ ઉપર કહેલા બે પ્રતિનિધિઓમાં તેઓની ગણતરી નહિ થાય.

(ગ) રાજ્ય સમિતિ તથા તેઓની ગેરહાજરીમાં કેન્દ્રીય કાર્યાલય મોટાં સ્થાનોમાંથી બે થી વધુ પ્રતિનિધિઓને ભાગ લેવાની અનુમતિ આપી શકે છે.

૨. વ્યવસ્થા–કાર્યકર્તાઓના નિવાસની તેમ જ ભોજન–પ્રસાદની વ્યવસ્થા શ્રી ભાગવત વિદ્યાપીઠ તરફથી કરવામાં આવશે; પરંતુ પ્રતિનિધિઓનું મુસાફરી ખર્ચ કાં તો તેઓ પોતે જ ભોગવશે અથવા તો તેઓની શાખાઓ ભોગવશે.

૩. શિબિર પ્રવેશ શુલ્ક–રૂા. ૧૧/– રહેશે. જે પ્રત્યેક કાર્યકર્તાએ શિબિરમાં જ જમા કરાવવા પડશે.

૪. માર્ગદર્શન–પૂ. આચાર્યશ્રી ગો. ર. પ્રથમેશજી તેમજ અમારા કેન્દ્રીય કાર્યાધ્યક્ષ ડૉ. ગજાનનજી શર્માનું પાંચેય દિવસ માર્ગદર્શન મળતું રહેશે. તેમના સિવાય પ્રતિદિન વિશિષ્ટ મહાનુભાવોનું પણ માર્ગદર્શન મળશે. ભાગવત વિદ્યાપીઠના પ્રણેતા પ. ભ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી પાસેથી પણ આપણને માર્ગદર્શન મળશે.

૫. રોજેરોજનો કાર્યક્રમ–સવારના ૬ વાગ્યા સુધી રહેશે.

૬. દર્શનાર્થી વૈષ્ણવજનો–સાંજના પ્રવચનમાં ભાગ લઈ શકશે.

૭. શિબિરમાં પ્રશિક્ષણના વિષય–

(૧) સાધ્ય (૨) સાધન (૩) સાધક (૪) કાર્યાલય વ્યવસ્થા (૫) પ્રચાર તંત્ર (૬) અર્થતંત્ર (૮) યોગાસન (૮) વેદપાઠ (૯) શુદ્ધ સ્તોત્ર પાઠ

૮. શિબિરાર્થીઓને માટે પ્રશ્નોતર તથા શંકા સમાધાનનો કાર્યક્રમ પણ રહેશે.

૯. આપને ત્યાંથી કેટલા કાર્યકર્તાઓઆ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેશે તેની સૂચના આ સાથેના પત્રક ક્રમાંક ૧ માં ભરીને પહેલી મે ૧૯૮૫ સુધીમાં મુંબઇ કાર્યાલયમાં કૃપા કરીને મોકલી દે.

૧૦ આ પત્રકની સૂચના સંખ્યા ૧ માં દર્શાવેલ ૩ થી ૫ સુધીના કાર્ય કર્તાઓ કૃપા કરીને આ સાથેના પત્રક ક્રમાંક ૨ પ્રમાણે ભરીને પોતાની શાખાની છાપ લગાવીને એ પત્રકને પોતાની શાખાના પ્રતિનિધિના રૂપમાં પ્રશિક્ષણ શિબિરમાં પોતાની સાથે લઇને આવે. શાખાના અધિકાર પત્ર વિના તેઓમાંના કોઇને પણ પ્રશિક્ષણ શિબિરમાં પ્રવેશ મળી શકશે નહિ.

૧૧ કૃપા કરીને આપની સાથે પ્રવચન વગેરેની નોંધ કરવા માટે ડાયરી અથવા કાગળ અને બોલપેન, પેન્સિલ વગેરે લેખન સામગ્રી પોતાની સાથે લઇને આવવું.

૧૨ જો પ્રશિક્ષણાર્થી કાર્યકર્તાઓ પોતાના કુટુંબી જનો જેવાં કે પત્ની, માતા–પિતા પુત્ર–પુત્રી, મિત્રો શિબિરમાં ભાગ લઈ શકશે નહિ, પરંતુ તેમની સાથે શિબિરમાં આવે તો તેઓમાંના દરેક શિબિરનું શુલ્ક રૂા. ૫૧/– જમા કરાવવા પડશે. અને તોજ તેઓની વ્યવસ્થા અમે કરી શકશું.

દિનાંક ૫–૪–૧૯૮૫

ભવદીય
(સહી) દ્વારકાદાસ પાટોડિયા
કેન્દ્રીય સંગઠન મંત્રી

આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ
જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલટન રોડ
મુંબઇ–૪૦૦૦૦૧ ફોન–૩૩૩૭૫૪

॥ શ્રી હરિઃ ॥

આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ, અખિલ ભારતીય કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર તા. ૨૨ થી ૨૬ મે ૧૯૮૫ સોલા અમદાવાદ

પત્રક ૧ શિબિરમાં ભાગ લેનારા કાર્ય કર્તાઓની બાબતમાં પોસ્ટ દ્વારા અગ્રિમ સૂચના ૧ લી મે સુધીમાં મુંબઇ કાર્યાલયમાં પહોંચાડવી જોઇએ.

સ્થાન........................ જીલ્લો.............................. રાજય........................

હું પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લઇશ/ભાગ નહિ લઉં

દિનાંક........................ હસ્તાક્ષર........................

નામ(....................................)

સદસ્ય કેન્દ્રીય કાર્ય સમિતિ

........................રાજય સમિતિ

........................આજીવન સદસ્ય

........................સંરક્ષક સદસ્ય

॥ શ્રી હરિ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ અખિલ ભારતીય કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર તા. ૨૨ થી ૨૬ મે ૧૯૮૫, શ્રી ભાગવત વિદ્યાપીઠ, ગામ સોલા, અમદાવાદ.

પત્રક ૨ : શિબિરમાં ભાગ લેનારા કાર્યકર્તાઓને માટે અધિકાર પત્ર શિબિરમાં સાથે લઇને આવવાનું છે.

સ્થાન............................જિલ્લો..............................રાજ્ય........... ....

કાર્યકર્તાનું નામ...

પદ....................................ઉંમર.........................

વૈષ્ણવ પરિષદમાં ક્યારથી કાર્યકર છો ? ....

દિનાંક..........................

સહી...............................

આજીવન સદસ્ય, સંરક્ષક સદસ્ય
કેન્દ્રીય કાર્ય સમિતિ
રાજ્ય સમિતિ.

પુસ્તક પરિચય

શિક્ષાપત્રનું આચમન

લેખક :- પ્રા. રમેશભાઇ વિ. પરીખ (મહેસાણા)
પ્રકાશક :- શ્રી અનુગ્રહ ચેરીટેબલ ટ્રસ્ટ
C/o. શ્રી ગિરિરાજ ભુવન, બાવામઢીનો ખાંચો, દેસાઇ શેરી,
ઘડીયાળી પોળ, **વડોદરા**
પૃષ્ઠ સંખ્યા ૩૨+૨૯૨+૫૨=૩૭૬
આઠ પેઇજી ડેમી સાઈઝ – પાકું પુંઠું ન્યોછાવર – રૂા. ૨૫-૦૦ + ૫-૦૦

શ્રી હરિરાય મહાપ્રભુના શિક્ષાપત્ર ટીકા ભાષાંતર સાથે ભગવદ મંડલીમાં નિત્ય પ્રથમ વંચાય છે એટલે શિક્ષાપત્ર કેવું આગવું સ્થાન સંપ્રદાયના સાહિત્યમાં ધરાવે છે તે સંબંધમાં કાંઈ દર્શાવવું તે સૂર્યને જોવા માટે દીવો ધરવા જેવું થશે પરંતુ પ્રસ્તુત પુસ્તકમાં સંપ્રદાયના વિદ્વાન પ્રા. રમેશભાઈ પરીખ દ્વારા શિક્ષાપત્ર સપ્તાહો થઈ તે પૈકી પહેલી સપ્તાહના પ્રવચનો શિક્ષાપત્ર ૧ થી ૧૦ સુધીના પ્રસિદ્ધ થયા છે. તે શિક્ષાપત્રમાં રહેલા સંપ્રદાયના રહસ્યમય સિદ્ધાંતો સામાન્ય જનસમાજ સમજી શકે તેવી રોચક સરળ શૈલીમાં રજુઆત કરવામાં આવી છે. ઉપરાંત પાઠ કરવામાં ઉપયોગી થઇ શકે તે હેતુથી મુળ ૪૧ શિક્ષાપત્રોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે જેથી વસાવીને વાંચન મનન કરવા લાયક છે. લેખક-પ્રકાશકને અભિનંદન સહ બાકી રહેતા શિક્ષાપત્રોની સપ્તાહના પ્રવચનો શીઘ્ર પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય તેવી અભ્યર્થના.

(૧) "સદા મન શ્રી ગોકુલમાં રહીએ સદા મન શ્રી વૃજ વૃંદાવન રહીએ"

આ પુસ્તિકામાં પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી તરફથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી વગેરે બેઠકજીઓને તથા વ્રજના લીલા સ્થળોને સાષ્ટાંગ દંડવત સાથે સ્મરણ થઇ શકે તેવુ સંકલન કરવામાં આવેલ છે.

પૃષ્ટ સંખ્યા–૨૪ સોળ પેઇજી ક્રાઉન સાઇઝ, બ્લેક ટાઇપમાં રંગીન શાહીમાં સુવાચ્ય છાપકામ. મૂલ્ય રૂા. ૫–૦૦

(૨) "રસ માધુરી"

હવેલી સંગીત મહોત્સવ પ્રસંગે સ્મરણિકા રૂપે ૫. ભ. શ્રી શશીકાંતભાઇ રાણા તથા ૫. ભ. શ્રી યતીનભાઈ શેઠ દ્વારા સંકલન કરવામાં આવેલ છે તેમાં પુષ્ટિમાર્ગીય સગીત, કીર્તન સંબંધી લેખો તથા અન્ય માહિતી પ્રસ્તુત છે. મૂલ્ય રૂા. ૫–૦૦

ઉપરોક્ત બન્ને પ્રકાશનો પૂ. પા. ગો. અ. સૌ. શ્રી નિકુંજલતા બેટીજીની આજ્ઞાથી શ્રી પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહાર કંસારા બજાર, સિંહોર તરફથી પ્રસિદ્ધ થયેલ છે.

શ્રીમદ્દ ગોકુલમાં અલૌકિક આનંદ

પૂ. પા. ગો. શ્રી ચિમનલાલજી મહારાજશ્રી ના લાલબાવા શ્રી પંકજબાવા તથા શ્રી ભૂષણબાવાશ્રીના યજ્ઞોપવિતનો પ્રસ્તાવ ચૈત્ર વદ ૫ બુધવારે શ્રીમદ્દ ગોકુલમાં ભારે ઉત્સાહ આનંદથી સંપન્ન થયો.

બન્ને લાલબાવા શ્રીની શોભાયાત્રાના ચૈત્ર સુદ ૧૪ ગુરૂવારે ભારે ધામધુમથી દર્શન થયાં બન્ને બાળકો ને સુંદર ફુલના સહેરાના શૃંગાર કરેલ તેમજ અશ્વના શણગાર પણ મોગરાના ફુલના થયેલ તેવા જ સુંદર શુભ્ર મોગરાના ફુલના છત્ર બન્ને બાળકોની સ્વારી ઉપર ધારણ કરેલ. શ્રીમદ્દ ગોકુલના મુખ્ય મુખ્ય માર્ગો પર ફરી શ્રી ઠકુરાણીઘાટે શ્રી યમુનાજી તથા શ્રી મહાપ્રભુજીને દંડવત્ કરી આપશ્રીના નિવાસસ્થાન શ્રી નટવરજી ના ન્હોરા ઉપર આવેલ. આગળ સૌરાષ્ટ્રના વૈષ્ણવો ની કિર્તન મંડળી, બેન્ડ પાર્ટી અને વૈષ્ણવો નો વિશાળ સમુહ હતો.

આજ પ્રમાણે પૂ. પા. શ્રી રવિન્દ્ર બાવાશ્રીના લાલન પૂ. પા. શી મુકુન્દબાવા તથા પૂ. પા. શ્રીગોકુલબાવા ના મુંડનનો પ્રસ્તાવ ચૈ. વ. ૨ના ખુબ જ ધામધુમથી થયેલ.

આ શુભ પ્રસ્તાવ પ્રસંગે શ્રી યમુનાજીના કુનવારા તથા શ્રી ગિરીરાજજીનો કુનવારો શ્રી ………… વિવિધ મનોરથો થયેલ તેમજ પૂ. પા. શ્રી ચિમનલાલજી મહારાજશ્રીના અલૌકિક ભાવથી શ્રીમદ્દ ભાગવત અષ્ટોતરશત પારાયણનું આયોજન થયેલ જેમાં મુખ્ય વ્યાસપીઠે ૫. ભ. શ્રી નવનિતપ્રીય શાસ્ત્રીજી બીરાજેલ. શ્રીમદ્દ ગોકુલના વયોવૃદ્ધ ૫. ભ. શાસ્ત્રીજી શ્રી વૃજવલ્લભજી શાસ્ત્રી (દાદાજી) ની ઉપસ્થીતીમાં શ્રીમદ્દ ભાગવત પાઠ કરનાર પંડીતોની વરણી કરવામાં આવેલ. સપ્તાહ દરમ્યાન સવારના ૭ થી ૧૦ સુધી બધા પંડીતો સાથે સ રવર શ્રીમદ્ ભાગવતજીના પાઠ કરતાં ત્યારબાદ ૧૦ થી ૧ સુધી ૫. ભ. શ્રી નવનીત પ્રીય શાસ્ત્રીજી કથામૃતનું પાન કરાવતાં ફરી ૧ થી ૪ સુધી શ્રીમદ્ ભાગવતજીના સસ્વર પાઠ ૪ થી ૭ બપોરની કથાનો ક્રમ. આમ સળંગ ૧૨ કલાકનો નિત્યનો ક્રમ રહેતો.

સપ્તાહની પૂર્ણાહુતીમાં શ્રી પુરૂષોત્તમ યાગ (યજ્ઞ) બ્રહ્મ ભોજન વગેરે કાર્યક્રમો થયેલ.

આ કાર્યક્રમ દરમ્યાન શ્રી મહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ અનેરા આનંદથી ઉજવાયેલ શ્રી મહાપ્રભુજીના બેઠકજીઓમાં કુલ મંડલી કેશર સ્નાન આદિ મનોરથો થયેલ સપ્તાહ મંડપમાં શ્રી મહાપ્રભુજીના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ વિશે શ્રી મથુરાજીના વયોવૃદ્ધ શાસ્ત્રીજી શ્રી સબલ કિશોરજીનું સાર ગર્ભિત પ્રવચન અને પૂ. પા. શ્રી ચિમન~~[illegible]~~ લાલજી મહારાજશ્રીના વચનામૃત થયેલ. પૂ. મહારાજશ્રીએ શ્રી સબલ કીશોરજીનું બહુમાન કરેલ.

આ પ્રસ્તાવ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજ (હાલોલ) પૂ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (મુંબઇ પાર્લા) પૂ. પા. શ્રી રવિન્દ્ર બાવાશ્રી (માંડવી) પૂ. પા. શ્રી શરદ બાવા (હાલોલ) પૂ. પા. શ્રી દેવકીનન્દન બાવાશ્રી (શ્રીમદ્ ગોકુલ) પૂ. પા. શ્રી વ્રજરમણલાલજી મહારાજશ્રી (મથુરા) પૂ. પા. શ્રી પ્રાણવલ્લભ બાવાશ્રી (મથુરા) પૂ. પા. શ્રી યદુનાથજી બાવાશ્રી (મથુરા) પૂ. પા. શ્રી ગોપાલ લાલજી મહારાજશ્રી (કોટા) પૂ. પા. શ્રી વલ્લભ બાવાશ્રી (કડી) પૂ. પા. શ્રી રઘુનાથ લાલજી મહારાજશ્રી (શ્રીમદ્ ગોકુલ મુંબઇ) વગેરે પૂ. પા. ગો. બાળકો તેમજ સજાતિય ભટ્ટજી, વિદ્વાન શાસ્ત્રીજીઓ વગેરે પધારેલ.

મુંબઇ, કલકત્તા, કોટા, મુરેના, દિલ્હી, આગ્રા, પીપરીયા, માંડવી (કચ્છ) રાજકોટ, જુનાગઢ, બીલખા, ધુતારપુર, મોરબી વગેરે અનેક સ્થળોથી વૈષ્ણવો આ અલૌકિક પ્રસ્તાવના દર્શનનો લાભ લેવા આવેલ.

બધા આયોજનમાં વ્યવસ્થાની સેવામાં બામણગામવાળા પ. ભ. શ્રી પોપટ બાપા મરજાદિ અને બીલખાવાળા પ. ભ. મગનભાઇ મરજાદિની દોરવણી હેઠળ, ધુતારપુરના શ્રી કરસરદાસભાઈ અને તેમની મંડળી તેમજ રાજકોટના શ્રી તારાચંદભાઇ શ્રી જયંતીભાઇ પડીઆ શ્રી મનસુખભાઇ રાણપરા તેમજ વડોદરાના શ્રી પ્રવિણભાઈ શાહ તથા અન્ય વૈષ્ણવોએ જુદી જુદી સેવા વ્યવસ્થીત ઉપાડી લીધેલ.

પ્રસ્તાવ દરમ્યાન વૈષ્ણવો માટે મહા પ્રસાદ લેવા મંડાણની સુંદર વ્યવસ્થા રહેલ.

પૂ. મહારાજશ્રીના સમાધાનીજી પ. ભ. શ્રી પદમશીભાઇ એ ખુબ જહેમત ઉઠાવી આયોજન કરેલ.

◆

લાલ પત્થરવાલા, મણીભાઇ કાપડીયા, બચુભાઇ ગાંધી, રમેશ દલાલ, નટવરલાલ મશરૂવાળા, વગેરેએ મહોત્સવને સફળ બનાવવા ખુબ સારી કામગીરી કરી હતી.

સુરત મુકામે પૂ. ગો. શ્રી બાલકૃષ્ણલાલજીના લાલજી શ્રી મુકુંદરાય અને શ્રી શુભ્મારાવ શર્માજીના ચિ. શ્રી પ્રકાશચંદ્રજીના પુત્રના યજ્ઞોપવિત પ્રસ્તાવ નિમિતે હજારો વૈષ્ણવો અને અનેક આચાર્યો પધાર્યા હતા. મંદિરમાં આ પ્રસંગે વિભિન્ન પ્રકારના મનોરથોના દર્શનનો લાભ હજારો વૈષ્ણવોએ લીધો હતો.

ષષ્ઠ પીઠાધીશ્વર પૂ. ગો. શ્રી વ્રજરત્નલાલજીના વરદ હસ્તે પ્રથમ પીઠાધીશ્વર અને આં. પુ. વૈ. ના પ્રણેતા પૂ. ગો. શ્રી પ્રથમેશજી અને આચાર્ય પરિષદના પ્રમુખ પૂ. ગો. શ્રી ગોવિંદરામજીને તામ્રપત્રમાં અંકિત સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. પૂ. ગો. શ્રી વલ્લભબાવાશ્રીએ સન્માનપત્રનાં વાંચન કર્યા હતા. વૈષ્ણવ સમાજે ૨૯મીના રોજ આ પ્રસંગ અત્યંત ઉત્સાહના વાતાવરણમાં હર્ષ ઉલ્લાસથી માન્યો હતો.

કેન્દ્રીય મંત્રી
પ્રો ચીમનભાઇ શેઠ

ધર્મસ્થાનો પ્રતિ પોલીસ વર્તાવનો વિરોધ

માન્યવરશ્રી **માધવસિંહ સોલંકી** તા. ૧૧-૪-૮૫
મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, **ગાંધીનગર.**

સપ્રેમ જયશ્રીકૃષ્ણ

વિ. માં અમદાવાદમાં અસારવા, ગાંધીનગર, સરસપુર વિગેરે વિસ્તારોમાં પોલીસ અધિકારીઓએ અને પોલીસના માણસો દ્વારા આચરવા માંડેલી દમનકારી નિતીએ હવે માઝા મુકવા માંડી છે.

નિર્દોષ મહિલાઓ, યુવતીઓ, યુવકો પ્રત્યે પણ તેઓ અસભ્ય વર્તન દાખવી રહ્યા છે. અને સરકાર શાંત રહી મૂક પ્રેક્ષક બની રહી હોય તેવું લાગે છે. તેઓ તે સરકાર માટે આકરી ટીકારૂપ હોવા ઉપરાંત તે લાંછનરૂપ લેખાશે.

પોલીસોએ હવે ધાર્મિક સ્થાનો પર પણ ઘુસી ભાંગફોડ કરવાની હીનપ્રવૃત્તિ શરૂ કરી હોય તેવું સરસપુર પાસે પુષ્ટિમાર્ગીય શ્રીનાથજીના મંદિરના દરવાજા તોડવાની પાગલપણાની કામગીરી ઉલ્લેખનીય થાય છે. મારો આપશ્રીની સરકારને સીધો સવાલ છે કે સરકારનું પોલીસતંત્ર શું નાગરિકોને ધાર્મિક સ્થળોના રક્ષણ માટે છે કે ભક્ષણ માટે ? સરકાર ચૂપ કેમ છે ?

મંદિરો તોડવાના પોલીસોના પાગલપણાને આપશ્રીની સરકાર હવે 'રૂકજાવ'નો આદેશ આપવો એટલું જ નહિં તેની નિષ્પક્ષ તપાસ કરવાની જાહેરાત કરવા અને તેમાં સંડોવાયેલા પાગલ બનેલા પોલીસોને નશ્યત કરવા હું આપશ્રીની નામદાર સરકારને હું અનુરોધ કરું છું, આશા છે કે આપશ્રીની સરકાર તે દિશામાં ચોક્કસ સંગીન પગલું ભરશે જ, આભાર. પત્રના જવાબની અપેક્ષા સહ,

ચીમનભાઇ શેઠ
સંગઠન મંત્રી,
આં. પુ. વૈ. પરિષદ, ગુજ. પ્રદેશ

કોપી રવાના :
શ્રી અમરશી ચૌધરી
ગૃહપ્રધાનશ્રી, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

શ્રીનાથ-વલ્લભ-વિઠ્ઠલ ભજ તું

(રાગ : "ભજ ગોવિંદ")

ભજ શ્રીનાથ તું, ભજ શ્રી વલ્લભ, ભજ શ્રી વિઠ્ઠલ, પુષ્ટિમતે !
પુષ્ટિનાયક, પુષ્ટિવિનાયક, પુષ્ટિવિધાયક એ.
ભજ શ્રીનાથ તું.

ભજ વિશ્વેશ્વર, ભજ વૈશ્વાનર, ભજ વિઠ્ઠલવર તું,
ભજ આદિનર, પુષ્ટિ પ્રસારક વલ્લભ-વિઠ્ઠલ તું.
ભજ શ્રીનાથ તું.

શ્રી પ્રભુ ભજ તું, ભજ શ્રી મહા પ્રભુ, પ્રભુચરણ ભજ રે,
શુદ્ધિદાયક, ભક્તિસહાયક, પુષ્ટિપ્રદાયક એ.
ભજ શ્રીનાથ તું.

ભજ શ્રીકૃષ્ણ, કૃષ્ણ-વલ્લભ, વલ્લભસુનુ ભજ તું,
પુષ્ટિસર્જક, પુષ્ટિપ્રવર્તક, પુષ્ટિપ્રવર્ધક એ.
ભજ શ્રીનાથ તું.

ભજ પરમેશ, મહાપ્રભુ ભજ તું, પરમદયાલુ તું,
ભજ સુખકંદન, પાપનિકંદન, જગનંદન ભજ તું.
ભજ શ્રીનાથ તું.

ભજ પુષ્ટિકર, ભજ પુષ્ટિવર, ભજ પુષ્ટિ ધર તું,
ચિંતા હારક, અધમ ઉદ્ધારક, કરુણાકારક એ.
ભજ શ્રીનાથ તું.

જય શ્રીકૃષ્ણ, જય શ્રી વલ્લભ, જય શ્રી વિઠ્ઠલ તું,
કલિમલ હારક, પાપવિદારક, ભવ તારક ભજ તું.
ભજ શ્રીનાથ તું.

શ્રીનાથ વલ્લભ વિઠ્ઠલ ભજ તું, ભજ તું વૈષ્ણવ રે,
શ્રીનાથ વલ્લભ વિઠ્ઠલ ચરણે તુજ રતિમતિગતિ હો.
ભજ શ્રીનાથ તું.

–પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर - राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રી વલ્લભ સુધા

।। શ્રી હરિઃ ।।

મલ્હાર

બોલે માઇ ગોવર્ધનપર મુરવા
તેસી યે શ્યામઘન મુરલી બજાઇ
તેસેહી ઉઠે ઝુક ધુરવા ।।૧।।

બડીબડી બૂંદન બરષન લાગ્યો
પવન ચલત અતી ઝુરવા ।।૨।।

સુરદાસ પ્રભુ તુમ્હારે મીલનકો
નિશ જાગત ભયો ભુરવા ।।૩।।

* * * *

કદંબતર ઠાડે હે પિય પ્યારી
મોહન કે સિર મુકટ બિરાજત ઇતિ લહેરીયાકી સારી
મંદ નંદ વરષત ચહું દિશતે ચમકત વીજ છટારી
મુરલી બજાવત શ્રીનંદ નંદન ગાવત રાગ મલારી
લેત તાન હરિ કે સંગ રાધા રંગ હોત અતિ ભારી
શ્રી વિઠ્ઠલગિરિધન કો રીઝવત શ્રીવૃષભાન દુલારી

વર્ષ ૪ : અંક ૩ ✿ જુન, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભ સુધાના સહ્રદયોને વિનંતિ

શ્રી વલ્લભ સુધાનું નવું એપ્રીલ’ ૮૫ થી શરૂ થાય છે. આપનું લવાજમ રૂ. ૧૦ નિચે લખ્યા સેવાભાવી કાર્યકરો પાસે ભરીને અગર સીધું કાર્યાલયને મોકલાવીને સ્વમાર્ગીય સાહિત્ય પ્રકાશનના કાર્યમાં સહકાર આપવા વિટ્રિનત

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o ઝવેરી એન્ડ કું. રતનપોળને નાકે,
ગાંધી રોડ, **અમદાવાદ–૧**

૨. શ્રી જયન્તીલાલ શાન્તીલાલ પઢીયા
મેડીપ લેબોરેટરી, ૪૦૪ સ્પેકટ્રમ કોમ.
સેન્ટર, સલાપસ રોડ, **અમદાવાદ**

૩. શ્રી દામોદરભાઈ પી. શુકલ
ડી.–૩૧, સેન્ટ્રલ ગવર્નમેન્ટ સ્ટાફ કવાટર્સ
મેમનગર રોડ, નારણપુરા, **અમદાવાદ**

૪. શ્રી મનસુખલાલ બેચરભાઇ ગજેરા
જવાહર રોડ, **ઉપલેટા**

૫. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, **ધોરાજી**

૬. સોની હરજીવનભાઇ બેચરભાઈ આડેસરા
મુરલીધર મેડીકલ સ્ટોર, **ધ્રોલ**

૭. શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિતમાતાના મંદિર સામે, **ધ્રાંગધ્રા**

૮. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, **જામકંડોરણા**

૯. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઇ
૫૬, દિગ્વીજય પ્લોટ, **જામનગર**

૧૦. શ્રી ચરણદાસજી તથા શ્રી વિઠ્ઠલદાસજી મરજાદી
મું. **નવાગામ** તા. કાલાવડ શિતલા

૧૧. શ્રી અમૃતલાલ સુંદરજી હીંડોચા
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ, **જુનાગઢ**

૧૨. શ્રી હરેન્દ્રભાઈ રમણલાલ શેઠ
‘સુન્દરમ્’ ૬૯૩, ગુજરાતી વાડ, **દાહોદ**

૧૩. શ્રી કીરીટભાઇ સી દોશી
પારેખ શેરી, **મોરબી**

૧૪. શ્રી ભનુભાઈ (વલ્લભદાસભાઇ) પોપટ
કોટેચા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ,
કડીયા પ્લોટ, **પોરબંદર**

૧૫. આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
જી–૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઇ–૧

૧૬. શ્રી વી. સી જસાણી
‘તેજમહાલ’ બ્લોક સી–૧;
એસ. વી. રોડ, પોલીસ સ્ટેશન પાછળ,
બોરીવલી વેસ્ટ, **મુંબઇ–૯૨**

૧૭. શ્રી ભોગીલાલ રમણલાલ શાહ પાર્લાવાળા
૮૭, બજાજ રોડ, મથુરા ભુવન, ૧લે માળે,
વિલેપારલે (પશ્ચિમ), **મુંબઇ–૫૬**

૧૮. શ્રી અરવીંદભાઈ પારપાણી
૩૨–એ, ખોખાણીલેન ઘાટકોપર, **મુંબઈ–૭૭**

૧૯. શ્રી મુલજીભાઇ એલ. ભાટીયા
૧૨/૩ બી, ગ્રોવલેન, **કલકત્તા–૨૬**

૨૦. શ્રી કાન્તીલાલ વી. પાવાગઢી
દરબાર ગઢ, **વઢવાણ સીટી**

૨૧. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર, **વાંકાનેર**

૨૨. શ્રી રમણીકલાલ મેઘજીભાઈ બાબરીયા
વાયા ઉપલેટા, મું. **સમઢીયાળા**

૨૩. સોની ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ
રાયજાદા શેરી, **ગોંડલ**

૨૪. શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહ
દ્વારકેશ હાર્ડવેર માર્ટ, **છોટા ઉદેપુર** (વડોદરા)

૨૫. શ્રી પ્રવિણચંદ્ર કસ્તુરચંદ કંસારા
કંસારા બજાર, **રાજકોટ**

૨૬. શ્રી રમણીકલાલ કપુરચંદ ધોળકીઆ
સાતસ્વરૂપ હવેલી, પરાબજાર, **રાજકોટ**

૨૭. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પઢીયા
દરબારગઢ પાસે, **રાજકોટ**

૨૮. નવીનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર, **રાજકોટ**

૨૯. શ્રી ગોરધનદાસ વેલજીભાઇ શનિશ્ચરા
૪, કૈલાશ વાડી, લલીત કુંજ, **રાજકોટ**

૩૦. શ્રી હેમતભાઈ બી. ત્રાંબડીયા
શ્રીકૃષ્ણ ટ્રેડર્સ, ૪, વૈશાલીનગર, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* શ્રી મગનભાઇ લા. તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિદ
* શ્રી રવજીભાઇ પ. પટેલ
❀
વર્ષ ૪ : અંક ૩જો
જુન, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂ. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

'પાથેય'

પ્રત્યેક વ્યકિતને જીવનયાત્રા દરમ્યાન સાત્વિક અને પૌષ્ટિક જીવન પાથેય (ભાથું)ની જરૂર છે. પાથેય લીધા વગર યાત્રા કરનાર યાત્રીને અધવચ યાત્રા છોડવી પડે. પાથેય ઉદરમાં જતાં યાત્રા માટેની શકિત આવે છે. અને તે શકિતના બળે યાત્રાનો પંથ ઘણો લાંબો હોય તો પણ કંટાળા કે થાક સિવાય તે પૂર્ણ કરી શકાય છે. જીવોના ઉપકારને માટે શ્રીમદ્ વલ્લભાધીશે એવું પાથેય તૈયાર કર્યું છે કે જે કદી જીર્ણ કે નીરસ કે વાસી બને નહિ.

—પ્રો. શ્રી જેઠાલાલ ગો. શાહ



✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૮ મો)

યત્રોપરમતે ચિત્તં નિરુદ્ધં યોગ સેવયા ।
યત્ર ચૈવાત્મનાત્માનં પશ્યન્નાત્મનિ તુષ્યતિ ॥૨૦॥

જેમાં યોગની સેવાથી વશમાં આવેલું ચિત્ત વિરામ પામે છે અને જેમાં આત્મા વડે આત્માને જોતો આત્મામાં જ સંતોષ પામે છે. ॥૨૦॥

જે યોગમાં મનની ચંચળતા હોતી નથી, તે યોગ કેવા પ્રકારનો હોય ? એવી અપેક્ષાવાળાને જવાબમાં 'યત્ર' વગેરે શબ્દોથી શરૂ કરીને સાડા ત્રણ શ્લોકથી કહે છે. યત્ર એટલે જ્યાં અવસ્થામાં, યોગની સેવાથી એટલે કે ભાવાત્મક સંયોગરૂપ ભગવાનની સેવાથી પોતાના ભોગ વગેરે માટે નિરુદ્ધ થયેલું ચિત્ત શાંત થઇ જાય છે, સંયોગની અવસ્થાના ભાવરૂપ ભગવાનની સમીપમાં ભગવાનમાં રત રહે છે, અને વિશેષ પ્રકારની અવસ્થામાં વિવિધ પ્રકારના ભાવોની સ્ફુર્તિમાં ભાવરૂપ આત્માથી ભાવરૂપ આત્માને જોતો, ભાવરૂપ આત્મામાં જ સંતુષ્ટ રહે છે, તેને યોગ એવા નામથી જાણવો. એ પ્રમાણે પરમાત્મા સાથેની અભેદ અવસ્થામાં ત્રણ શ્લોકનો સંબંધ છે. ॥૨૦॥

સુખમાત્યંતિકં યત્તદ્બુદ્ધિગ્રાહ્યમતીંદ્રિયમ્ ।
વેત્તિ યત્ર ન ચૈવાયં સ્થિતશ્ચલતિ તત્ત્વત ॥૨૧॥

ઇંદ્રિયોથી પર, બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવું અને અનંત જે સુખ છે તેને તે જાણે છે, જેમાં સ્થિર થયેલો આ પુરુષ પરમાત્મ સ્વરૂપમાંથી ચલાયમાન થતો જ નથી. ॥૨૧॥

તેઓની ઉત્પત્તિનો પ્રકાર 'સુખમ્' વગેરે શબ્દોથી કહે છે. યત્ર એટલે જ્યાં વિશેષ પ્રકારની અવસ્થામાં, તેવા પ્રકારની સેવાના અનુભવથી થયેલ અગ્રિમ અને વિવિધ મનોરથોરૂપે અતિશય જીવભાવની પ્રાપ્તિરૂપ ફલાત્મક સુખને એટલે કે ભાવાત્મક સ્વરૂપ આત્મ બુદ્ધિથી ગ્રાહ્ય અને અતીંદ્રિય એટલે લૌકિક ઇંદ્રિયોના સંબંધ વગરનું જે સુખ છે તેને તે જાણે છે. આ પુરુષ જે અવસ્થામાં ભાવાત્મક હાસ્ય ફળમાં, રસરૂપ પરમ ઉત્કર્ષમાં સ્ફુર્તિ રહિત ભાવથી રહેલો પરમાત્મ સ્વરૂપમાંથી ચલાયમાન થતો નથી, તેવા સુખને જાણવું જોઇએ, એમ આગળના શ્લોક સાથે સંબંધ છે. ॥૨૧॥

યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।
યસ્મિન્સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥૨૨॥

જેને પ્રાપ્ત કરીને તેનાથી બીજા કોઇ લાભને તે અધિક માનતો નથી, અને જેમાં સ્થિર થયેલો ભારે દુઃખથી પણ વિચલિત થતો નથી. ॥૨૨॥

✓

અરે, તેમાં સ્થિત થયેલાને ચલિત થવાનો અભાવ શી રીતે છે ? એવી અપેક્ષાના જવાબમાં 'યં લબ્ધ્વા' વગેરે શબ્દોથી કહે છે. જે સુખને પામીને તેનાથી બીજા કોઇ લાભને અધિક માનતો નથી. તેનાથી અન્ય કોઈ ઉત્તમ હોવાનો અભાવ હોવાથી તે તેમાંથી ચલાયમાન થતો નથી. જેમાં રહેલો ભારે દુઃખથી પણ એટલે કે અધિકરણાત્મક વિપ્રયોગ વગેરેથી પણ તે ચલિત થતો નથી. ।।૨૨।।

તં વિદ્યા દુઃખ સંયોગ વિયોગં યોગ સંજ્ઞિતમ્ ।
સ નિશ્ચયેન યોક્તવ્યો યોગોઽનિર્વિણ્ણચેતસા ।।૨૩।।

તે દુઃખની પ્રાપ્તિના અભાવને યોગ એવા નામવાળો સમજવો. તે યોગ આનંદિત મનથી દઢતાપૂર્વક સાધવા યોગ્ય છે. ।।૨૩।।

તેને યોગ એવા નામે, અટલે કે મારો યોગ એવા નામે જાણવો કેવા પ્રકારનો તે દુઃખની પ્રાપ્તિનો અભાવ ? દુઃખાત્મક જે સંયોગ તેના અભાવરૂપ આ યોગ ફલસાધક છે, તેથી તે કરવા યોગ્ય છે, એમ 'સઃ' વગેરે શબ્દોથી દોઢ શ્લોકથી કહે છે. 'સઃ' એટલે તે, પહેલાં કહેવાયેલ ફલસાધક તે યોગ, નિશ્ચયપૂર્વક એટલે કે ગુરુના ઉપદેશથી, ભિન્નતા રહિત મનથી એટલે કે દુઃખ અને જ્ઞાનથી થયેલ શરણાગતિની શિથિલતા રહિત પ્રેમપૂર્ણ મનથી જોડાવું જોઇએ, એમ અર્થ છે. ।।૨૩।।

સંકલ્પપ્રભવાન્કામાંસ્ત્યક્ત્વા સર્વાનશેષતઃ ।
મનસૈવેંદ્રિયગ્રામં વિનિયમ્ય સમંતતઃ ।।૨૪।।

સંકલ્પોથી ઉત્પન્ન થનાર સર્વે કામનાઓને સંપૂર્ણ રીતે ત્યજી દઇને, મન વડે જ ઇંદ્રિયોના સમુદાયને ચોતરફથી સારી રીતે નિયંત્રિત કરીને, ।।૨૪।।

વળી, સંકલ્પથી ઉત્પન્ન થયેલ, એટલે કે પોતાના ભોગને માટે પોતાના મનના નિશ્ચયથી ઉત્પન્ન થયેલ કામનાઓને, પોતાના રમણની ઇચ્છા વગેરેરૂપ સર્વે ભાવોને, પોતાના મનોવિકારથી થતા વ્યવહારને દર્શાવતા ભાવોને, સંપૂર્ણતાથી, ફળના અભાવરૂપ જ્ઞાનથી ત્યજી દઇને, મનથી ઇંદ્રિયોના સમૂહને નિયમમાં રાખીને, ભગવાનના અંશરૂપ લાવણ્ય આદિ રસોને જોતા રહેતાં. મનથીજ, સ્વાર્થના ભોગરૂપે જ વિષયોને સારી રીતે નિયંત્રિત કરીને યોગ આચરવો, એમ અર્થ છે. ।।૨૪।।

શનૈઃ શનૈરુપરમેદ્ બુદ્ધ્યા ધૃતિગૃહીતયા ।
આત્મસંસ્થ મનઃ કૃત્વા ન કિંચિદપિ ચિંતયેત ।૨૫।

ધૈર્યયુક્ત બુદ્ધિથી ધીમે ધીમે મનને શાંત કરવું. મનને આત્મામાં સ્થિર કરીને કાંઇ પણ ચિંતન કરવું નહિ. ।।૨૫।।

અરે, ઇંદ્રિયોના સમૂહને શી રીતે વશમાં લેવાય ? એવી અપેક્ષાના જવાબમાં 'શનૈઃ શનૈઃ' વગેરે શબ્દોથી કહે છે. ધૈર્યયુક્ત બુદ્ધિથી, એટલે કે વિયોગના તાપ વગેરે રૂપ દુઃખને સહન કરવાના અભાવવાળી ધૈર્યયુક્ત બુદ્ધિથી, મનને આત્મામાં જ સ્થિર કરીને, એટલે કે ભાવાત્મક ભગવાનમાંજ સ્થિર કરીને, ધીમે ધીમે શાંત કરવું, પોતાના ભોગરૂપમાંથી મનને શાંત કરવું. મન શી રીતે શાંત થાય ? એવી શંકાના જવાબમાં 'ન કિંચિદપિ ચિંતયેત' વગેરે શબ્દોથી કહે છે. ભાવાત્મક સ્વરૂપ સિવાય કશાનું ચિંતન કરવું નહિ, કશાની ભાવના કરવી નહિ. ।।૨૫।।

યતો યતો નિશ્ચરતિ મનશ્ચંચલમસ્થિરમ્ ।
તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ વશં નયેત ।।૨૬।।

અસ્થિર અને ચંચળ મન જ્યાં જ્યાં ભમે છે ત્યાં ત્યાંથી રોકીને એને આત્મામાં જ વશ કરી લેવું. ।।૨૬।।

ધીમે ધીમે, એમ કહેવાનું વિશિષ્ટ તાત્પર્ય 'યતઃ' વગેરે શબ્દોથી કહે છે. સ્વાભાવિક રીતેજ ચંચળ અને અસ્થિર મન જે જે કારણે જેના જેના તરફ ખેંચાય છે, ત્યાં ત્યાંથી વશ કરીને એ મનને આત્મામાં જ એટલે કે ભાવાત્મક ભગવાનમાં જ સ્થિર કરી દેવું. અહીં આ ભાવ છેઃ પહેલાં મન જ્યાં રહેલું હોય ત્યાંથી વિશિષ્ટ બુદ્ધિથી નીકળીને તે બીજે ઊલટું જાય છે. ત્યાં પણ પોતાના સ્વભાવથી તે સ્થિર થશે નહિ. પરંતુ ભગવાનના સ્વરૂપથી અન્યત્ર ઉત્તમતાનો અભાવ હોવાથી તે આગળ નહિ જાય, એમ હોવાથી મનને બીજે બધેથી વશ કરીને ભગવાનમાં સ્થિર કરવું. ।।૨૬।।

પ્રશાંતમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્ ।
ઉપૈતિ શાંતરજસં બ્રહ્મભૂતમકલ્મષમ્ ।।૨૭।।

અત્યંત શાંત મનવાળા, જેના રજોગુણ શાંત થઇ ગયા છે એવા, દોષ રહિત, બ્રહ્મરૂપ થયેલ એ યોગીને જ ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. ।।૨૭।।

એ પ્રમાણે ભાવાત્મક ભગવાનમાં મનને સ્થિર કરવાથી જે ફળ મળે તે 'પ્રશાંતમનસમ્' વગેરે શબ્દોથી કહે છે. પ્રશાંત મનવાળાને એટલે કે ભગવાનમાં સ્થિર કરેલ મનવાળાને, જેના રજોગુણ શાંત થઈ ગયા છે તેવા યોગીને બ્રહ્મભૂત એટલે ભગવદ્દરસરૂપ થયેલને, દોષ રહિતને એટલે કે પોતાના ભોગ વગેરેના સુખરૂપી દોષ વગરનાને વિક્ષેપદોષ રહિત અને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. ।।૨૭।।

યુંજન્નેવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ ।
સુખેન બ્રહ્મસંસ્પર્શમત્યંતં સુખમશ્નુતે ।।૨૮।।

એ પ્રમાણે, જેનાં પાપ નાશ પામ્યાં છે એવો, મનને નિરંતર (પરમાત્માના સંબંધરૂપ) શાશ્વત સુખને ભોગવે છે. ।।૨૮।।

એ રીતે સુખની પ્રાપ્તિ થાય તેમાં શું થાય ? એવા પ્રશ્નના જવાબમાં 'યુંજન્' વગેરે શબ્દોથી કહે છે એ રીતે ભાવાત્મક આત્માને ભગવાનમાં સદાય જોડીને રહેનર યોગી દોષ રહિત થઇ જાય, પછી પ્રાપ્ત થયેલા એ સુખથી બ્રહ્મના સંબંધને એટલે કે ભગવાનનાં ચરણારવિંદની સેવા સંવાહના આદિરૂપ શાશ્વત સુખને, દાસ્યભાવના સુખને તે ભોગવે છે, એમ અર્થ છે. ।।૨૮।।

સર્વભૂતસ્થમાત્માનં સર્વભુતાનિ ચાત્મનિ ।
ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શન; ।।૨૯।।

સર્વત્ર સમાન દૃષ્ટિવાળો, યોગમાં જોડાયેલો પુરુષ ભગવાનમાં બધાં પ્રાણીઓને અને ભગવાનને સર્વ પ્રાણીઓમાં રહેલ જુએ છે. ।।૨૯।।

બ્રહ્મતા સંબંધવાળુ સુખ 'સર્વભુતસ્થમ' વગેરે શબ્દોથી સ્પષ્ટતાથી કહે છે. યોગમાં જોડાયેલ પુરુષ એટલે કે ભગવાનના સંયોગવાળો પુરુષ સર્વત્ર એટલે કે સંયોગ ભાવમાં અને વિપ્રયોગના ભાવમાં સમાન દૃષ્ટિવાળો

હોય છે. તે આત્માને એટલે કે ભગવાનને વિપ્રયોગની અવસ્થામાં ભુતમાત્રમાં રહેલો જુએ છે અને વળી સંયોગની અવસ્થામાં આત્મામાં એટલે કે ભગવાનના સ્વરૂપમાં સર્વ પ્રાણીઓને સેવામાં રહેલાં જુએ છે, એમ અર્થ છે એનાથી ભગવાનના સ્વરૂપનું જ્ઞાનાત્મક સુખ કહેવાયું છે, એવો ભાવ છે. ।।૨૯।।

યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।
તસ્યાહં ન પ્રણશ્યામિ સચમેન પ્રણશ્યતિ ।૩૦।

જે પુરુષ બધાંમાં મને જુએ છે અને બધાંને મારામાં જુએ છે, તેને હું અદૃશ્ય નથી અને તે મને અદૃશ્ય નથી. ।।૩૦।।

એ જ રીતે, સ્વરૂપના જ્ઞાનનું ફળ 'યો મામ્' વગેરે શબ્દોથી કહે છે. જે પુરુષ વિયોગની અવસ્થામાં મને સર્વત્ર પ્રાણીઓમાં રહેલો જુએ છે અને સંયોગની અવસ્થામાં મારામાં સર્વને જુએ છે, તેને હું અદૃશ્ય થતો નથી, એટલે કે તેને હું ક્યારેય વિયોગી થતો નથી, અને તે મારાથી અદૃશ્ય થતો નથી, એટલે કે મારાથી વિયોગવાળો થતો નથી, એમ અર્થ છે. ।।૩૦।।

કોટા :– શ્રી વલ્લભ જયંતિ મહોત્સવ પૂ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તેમજ ગો. ચિ. વ્રજાલંકારજી બાવા તથા ગો. ચિ. શરદકુમારજી બાવાશ્રીના સાનિધ્યમાં શ્રી મહાપ્રભુજીના બડે મંદિરમાં મનાવવામાં આવ્યો હતો. ચિત્રકલા તેમજ પુષ્ટિમાર્ગીય સાહિત્ય પ્રદર્શન, સંગીત ગોષ્ઠી, કીર્તન ગોષ્ઠી, બોધ તેમજ પ્રવેશિકા પરિક્ષા, પુષ્ટિમાર્ગીય પરિચર્યા, પ્રભાતફેરી તથા પ્રાસંગીક પ્રવચનો વગેરે વિવિધ કાર્યક્રમોનું આયોજન તા. ૧૧ થી ૧૫ એપ્રિલ ૮૫માં (પાંચ દિવસ)નું કરવામાં આવેલ હતું.

કડી :– પૂ. પા. ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીનાં જયેષ્ઠ આત્મજ ચિ. ગો. શ્રી વ્રજેશકુમારજીના લાલબાવા પ્રથમ ચિ. શ્રી યદુનાથજી, દ્વિતીય ચિ. શ્રી દ્વારકેશજીના યજ્ઞોપવિત પ્રસ્તાવ સં. ૨૦૪૦ જેઠ વદ ૩ના દિવસે છે. આ મંગલ પ્રસંગ પર શ્રી ગુસાંઈજીના સેવ્ય નિધિ સ્વરૂપ શ્રી ગોપાલલાલ પ્રભુના વિવિધ મનોરથો થશે. આ અલૌકિક પ્રસંગનો લાભ લેવા વૈષ્ણવજનોને ભાવભર્યું આમંત્રણ છે. પ્રસ્તાવ

સ્થળ– શ્રી ગોપાલલાલજીનું મંદિર, શ્રીમદ્ વલ્લભાચાર્ય માર્ગ, કડી (ઉ. ગુ.)

કપડવંજ : અન્ય માર્ગ કરતાં પુષ્ટિમાર્ગ વિશેષ પ્રકારનો છે અને તે અમર છે અને અમર રહેશે તેવી વિસ્તૃત સમજ પૂ. ગોસ્વામી શ્રી રસિકરાયજી મહારાજે (મથુરા–પોરબંદર) કપડવંજ મુકામે આં. રા. પુ. વૈ. પરીષદ તરફથી તા. ૩૦– –૮૫ના રોજ શ્રી ગોકુલનાથજીના મંદિરમાં યોજાયેલ સભામાં વૈષ્ણવોને સંબોધન કરતાં જણાવ્યું હતું. કેન્દ્રિય મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે સ્વાગત પ્રવચન તથા પરિચય આપી સોલા મુકામે યોજાનાર શિબિર વિષે જાણકારી આપી હતી.

પરિષદના કોષાધ્યક્ષ શ્રી લક્ષ્મીપ્રસાદ એમ. શાહ અને શ્રી કંચનભાઈ ચાવાળાએ મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત અને આભારવિધિ કરી હતી.

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ચૌદમો)

એનાથી મિશ્રભાવવાળી દૃષ્ટિના કારણે ઉત્પન્ન થયેલા સંદેહોનું નિવારણ થઇ ગયું, એવા આશયથી સાધન સંબંધે કરેલ નિરૂપણનો હવે ' એવમ્ વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે.

એવં સર્ગસ્તુ તેષાં હિ ફલમત્ર નિરૂપ્યતે ।।૧૬।।
ભગવાનેવ હિ ફલં સ યથા આવિર્ભવેદ્ભુવિ ।
ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્ ।।૧૭।।

એ પ્રમાણે જીવસૃષ્ટિનું નિરૂપણ થયું. હવે અહીં તેના ફળનું નિરૂપણ કરાય છે. ।।૧૬।। નિશ્ચિતતાથી ભગવાન જ ફળ છે. ગુણ અને રૂપના ભેદથી ભગવાન ભૂમિ પર જે રીતે આવિર્ભાવ પામે તે રીતે તેઓને ફળ પ્રાપ્ત થાય ।।૧૭।।

એવા પ્રકારના સર્ગભેદનો વિચાર કરીને તે સંદેહો નિવારવા યોગ્ય છે, એમ અર્થ છે. તે પછી પુષ્ટિજનોનું પણ બાલ્ય વગેરે ભેદથી વિવિધ ફળ દેખાય છે, તે કેવી રીતે? વળી, 'પુષ્ટિમાર્ગમાં તો શ્રીઅંગ દ્વારા ફળ પ્રાપ્ત થાય છે, ' (પુષ્ટિપ્રવાહમર્યાદા, ૧૧), એ પ્રમાણે અહીં ત્રીજી વિભકતીથી થયેલ કથનથી. સ્વરૂપથી ભિન્ન એવું ફળ શું ? વગેરે શંકાઓનું નિરાકરણ કરવા માટે 'ફલમ' વગેરે શબ્દોથી નિશ્ચયપૂર્વક ફળનું નિરૂપણ કરે છે. ' ભગવાન એવ હિ ' વગેરે શબ્દોથી તે કહે છે. ' જે નિરતિશય છે, તે સુખ છે,' (છાંદોગ્ય, ૭-૨૪-૨૩), ' પુરુષથી એટલે કે પૂર્ણપુરૂષોતમથી કંઇ પણ પર નથી, તે અંતિમ સીમા છે, તેની પ્રાપ્તિ એ પરમ ગતિ છે, ' (કાઠક, ૩.૧૧), વગેરે શ્રુતિમાં સિદ્ધ છે. ' બ્રહ્મમાં સેતુનો વ્યપદેશ હોવાથી, તેનું પરિમાણ આપેલું હોવાથી, તેમાં આકાશ પૃથ્વીની સાથે આધાર આધેય સંબંધ આપેલો હોવાથી તથા આદિત્ય પુરુષ અક્ષિપુરુષ એમ ભેદ હોવાથી આના કરતાં બીજું પરમ ધર્મી છે, (બ્રહ્મસૂત્ર, ૩-૨-૩૧), એ પ્રમાણે સૂત્રમાં ' આત્મા વિશેષરૂપે ધારણ કરનારો સેતુ છે, ' (છાંદોગ્ય, ૮-૪-૧), જેવડું આ આકાશ છે,' તેવડું હૃદયની અંદર બ્રહ્મરૂપ આકાશ છે (છાંદોગ્ય, ૮-૧-૩), ' આ પુરુષ અવિદ્યાના સાક્ષીરૂપ આત્માની સાથે અત્યંત એકપણું પામી ગયેલો (બહારનું કાંઇપણ જાણતો નથી, આંતરનું પણ કાંઇ જાણતો નથી),' (બૃહદા ૪-૩-૨૧), ' જે આ આદિત્યની મધ્યે હિરણ્મય એટલે પ્રકાશરૂપ પુરુષ છે તે (પ્રકાશરૂપ જ છે), ' (છાંદોગ્ય ૧-૬-૬), વગેરેથી સેતુ આદિ વ્યપદેશો વડે આંતર ફળના સંદેહમાં કહ્યું છે. ' સમાનતાનો ભાવ હોવાથી (ગુણ દર્શાવવાને માટે જ બ્રહ્મનાં સેતુપણું વગેરેનો વ્યપદેશ છે), (બ્રહ્મસૂત્ર, ૩-૨-૩૨), એવા બ્રહ્મસૂત્રથી સંસાર તરવાનું સાધન, નિર્લેપતા, અતિ

દુર્લભપણું, દિવ્યતા વગેરે માટે તે ધર્મો બ્રહ્મમાં કહેવાય છે. તેટલાથી તેથી વિશેષ ફળની સિદ્ધિ નથી, એ પ્રમાણે નિશ્ચયપૂર્વક ભગવાન જ ફળ છે. સ્વર્ગ મોક્ષ વગેરે તો જુદા માર્ગ છે. તે ફળોને પણ ભગવાનના આનંદની માત્રાના નહિવત્ અંશરૂપે અન્ય પ્રાણીઓ ભોગવે છે,' (બૃહદા ૪-૩-૩૨), એમ શ્રુતિમાં કહ્યું છે તે ભગવાનના આનંદના અંશભૂત છે. મોક્ષ પણ આત્મસુખરૂપ છે, અને તે જ પ્રમાણે બ્રહ્માનંદરૂપ છે. પુષ્ટિમાર્ગમાં તેમ નથી, પરંતુ ભગવાન જ ફળરૂપ છે. તેમાં પ્રમાણભુત યુક્તિ 'હિ' શબ્દથી કહેલ છે. કારણકે, માર્ગભેદના સાધન પ્રસંગે કહેવાયેલાં પ્રમાણોથી જ તેમ નિશ્ચય થયો છે, એમ અર્થ છે. ત્રીજી વિભકિતથી થયેલ નિર્દેશ તો ફળના સાધનનું અસાધ્ય પણું દર્શાવવા માટે છે, તેથી વિરોધ નથી. તે સંબંધમાં 'સઃ' વગેરે શબ્દોથી વિશેષ કહે છે. તે ભગવાન ભૂમિ ઉપર એટલે કે હૃદય રૂપી ભૂમિ ઉપર લીલાના સ્થાનરૂપ વૃંદાવન વગેરેમાં અને ગુણ તથા સ્વરૂપના ભેદથી જે માટે જેવી રીતે પ્રકટ થયા, તેઓનાં તે પ્રમાણે તાદૃશ ગુણ તથા સ્વરૂપના ભેદથી ફળ મળે એટલે કે તે ફળરૂપ થાય. અને જે માટે જે ગુણરૂપથી નૃસિંહ, રામ, વામન વગેરે સ્વરૂપે પ્રકટ થાય છે તેઓની મુક્તિ પણ તે રૂપથી ફલિત થાય છે. જે માટે બાલ્ય પૌગંડ, કિશોર સ્વરૂપે પ્રકટ થાય છે, તેઓની મુક્તિ પણ તે પ્રમાણે સફળ થાય છે. તેનાથી તે માટે તેમ થતો આવિર્ભાવ જ તેવા પ્રકારના ફળને સૂચવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે, 'હે અર્જુન, જેઓ મને જે રીતે ભજે છે, તેઓને તેવી રીતે જ હું ફળ આપું છું, (ગીતાજી, ૪-૧૧) તે તેવો થઇને તેઓને રક્ષે છે, એમ કહીને સ્મૃતિ અને શ્રુતિ પણ તેને પ્રમાણિત કરે છે. તેનાથી '(નારદજી કહે છે કે, હે રાજન્, તમારું કલ્યાણ થાઓ મન જ મનુષ્યોનાં પૂર્વનાં શરીરોને, તેમજ ભવિષ્યમાં થનારાં શરીરોને સૂચવી દે છે. તે જ પ્રમાણે હવે પછી જન્મ થવાનો નથી, તે પણ સૂચવે છે,' (ભાગ. ૪-૨૯-૬૬), એ ન્યાયે જેમ પહેલાં તેના હૃદયમાં પ્રકટ થયા તેમ જ આગળ મુક્તિ પછી પણ પહેલાંની જેમ જ તેઓને તે લીલાઓનો અનુભવ કરાવે છે. તેનાથી લીલાનું નિત્યપણું પણ સ્થિરતા પૂર્વકનું છે, એમ વિદ્વન્મંડનમાં, લીલાનિત્યત્વવાદમાં અને આકર ગ્રંથોમાં સ્પષ્ટ થયેલું છે. એ પ્રમાણે ફળની દૃષ્ટિએ પુષ્ટિમાર્ગ અન્ય માર્ગથી ભિન્ન હોવા સંબંધે નિરાકરણ કર્યું છે. ।।૧૬, ૧૭।।

એ પછી આગંતુક ભેળસેળથી મિશ્ર જીવોમાં કયારેક અભિશાપ મળી જાય છે. તે પુષ્ટિમાર્ગીય હોવાથી તે પ્રમાણે હે માધવ તેઓ તારા નથી, એવા વાકયના વિરોધથી અનુચિત અને ડુબાડનાર છે, એવી આકાંક્ષાવાળાના મનનું સમાધાન કરે છે.

આસક્તૌ ભગવાનેવ શાપં દાપયતિ કવચિત્
અહંકારેઽથવા લોકે તન્માર્ગ સ્થાપનાય હિ ।૧૮।

(પુષ્ટિજીવ અન્યમાં) આસક્ત થાય ત્યારે અથવા અહંકાર થાય ત્યારે ભગવાન જ કયારેક અભિશાપ અપાવે છે, પરંતુ તે લોકમાં માર્ગનું સ્થાપન કરવા માટે જ હોય છે. ।।૧૮।।

(પુષ્ટિજીવ) અન્યમાં આસક્ત થાય છે ત્યારે ભગવાન જ, નલકૂબર વગેરેને અભિશાપ અપાવ્યો તેમ જ તેને અભિશાપ અપાવે છે. ક્વચિત્ એટલે ક્યારેક, કોઈક પ્રસંગમાં, જ્યાં આસક્તિની અન્યમાં પ્રબળતા હોય ત્યારે, એ પ્રમાણે અહંકારની પ્રબળતા હોય ત્યારે ચિત્રકેતુ અને પરીક્ષિતની જેમ ભગવાન અભિશાપ અપાવે છે. પરંતુ પુષ્ટિજીવોને ભગવાને કરેલો આ દંડ જ તે તે દોષના નિવારણના સાધનરૂપ હોય છે, તેથી તેનું પતન કરનારો હોતો નથી. તો પછી જ્યાં તે બંને (અન્યમાં આસક્તિ અને અહંકાર) નથી તેવા ઇંદ્રધુમ્ન વગેરે ઉપર અભિશાપ શા માટે અપાયો? તેના જવાબમાં 'લોકે' વગેરે શબ્દોથી કહે છે. જો એમ ન કરે તો લોકમાં મર્યાદા વગેરે માર્ગો રહે નહિ, અને તેમ થાય તો લોકનો વિનાશ થાય. તેથી લોકસંગ્રહને માટે તેમ કરવું યોગ્ય છે. અહીં 'હિ' શબ્દથી પ્રમાણ આપ્યું છે કે, 'શ્રેષ્ઠ જનો જે જે આચરણ કરે છે, (તે તે અન્ય જનો પણ આચરે છે),' (ગીતાજી, ૩–૨૧), એ વાક્ય પ્રમાણે તેમ નિશ્ચય થયો છે, એમ અર્થ છે. અભિશાપ અંગે ભગવાનનું પ્રેરકપણું ગદાયુદ્ધમાં સ્પષ્ટ છે. તેનાથી તેનું અન્યત્ર પણ અન્વેષણ જરૂરી છે. ॥૧૮॥

ન તે પાષંડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવાઃ।
મહાનુભાવાઃ પ્રાણેય શાસ્ત્રં શુદ્ધત્વહેતવે ॥૧૯॥
ભગવત્તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ ।

તેઓ (શાપિત ભક્તો) નાસ્તિકતાને પામતા નથી, અને રોગ વગેરેથી પીડાતા નથી. મોટે ભાગે તેઓ મહાનુભાવો હોય છે. શાપ આપવાનું કાર્ય શુદ્ધતાના હેતુ માટે છે. ॥૧૯॥ ભગવાનનું વિશિષ્ટપણું હોવાથી ભગવાનની મહત્તાને તેઓ સ્વીકારે જ છે.

અરે, પ્રમાણ વિના તેવા પ્રકારનું અનુસંધાન સંભવિત નથી, એમ હોય તો 'ન તે' વગેરે શબ્દોથી કહે છે. તે શાપના પ્રસંગો નાસ્તિકતાને પામતા નથી. જેઓ શાપિત થયા હોય તેઓ સંપૂર્ણપણે ફરીને ભક્તો જ જન્મે છે. આથી આ દંડ ભગવાને જ કરેલો છે, એમ જાણવું ખરેખર દંડના પ્રસંગમાં એ યોગ્ય છે, પરંતુ અંતે તો આ અંતિમ અવસ્થા નથી. એમ હોવાથી તે સંબંધમાં 'ન ચ' વગેરે શબ્દોથી કહે છે. તેઓને રોગ વગેરે ઉપદ્રવો કરતા નથી, ઘણું કરીને તેઓ મહાનુભાવોજ હોય છે. મહાનુભાવ ન હોય તો પણ રોગ વગેરેનો અભાવ તો તો હોય જ છે. એનાથી અન્યને માટે ભક્તને દુઃખદાતા પણાનો દોષ પૂર્ણપણે નિવારાયો છે. તેમ છતાં અલ્પ રૂપે એટલું કરવું તે કૃપાળુ પરમાત્માને માટે ઉચિત નથી, એમ હોય તો 'શાસ્ત્રમ' વગેરે શબ્દોથી કહે છે. જેનાથી શાસન થાય તે શાસ્ત્ર, શાપ અપાવવાપણું શાપમાં શુદ્ધિનો હેતુ છે, અને તે અનુપમ રસાત્મક પ્રેમને માટે છે. જો એ પ્રમાણે ન કરાય તો અન્ય માર્ગમાં રહેલ મિશ્રતાની રુકાવટનો અભાવ થાય અને તેથી શુદ્ધ પુષ્ટિપણું રહે નહિ. અને વળી, તેમાં પણ ફળ આપવાને તૈયાર એવી કૃપા જ બીજ છે. આથી ભગવાનમાં દોષનો અંશ પણ નથી, એમ અર્થ છે. ભલે એ યોગ્ય હોય તોપણ જેઓમાં શુદ્ધતા અભિલષિત

છે તેઓ મિશ્રમાં પણ અતિ શ્રેષ્ઠ જ છે, એમ કહેવાને તેઓ યોગ્ય છે. તેમ છે ત્યારે તેઓમાં એવા પ્રકારનો ભાવ કયાંથી હોય? તેવા પ્રકારના ભકતો પ્રત્યે કર્મ પ્રારબ્ધરૂપે ફળ આપવાને શકિતમાન હોતાં નથી. અથવા તો તેઓ તેમ જાણીને તેની ઉપેક્ષા કરતા નથી, એ પ્રમાણેની શંકામાં તેઓને એવા ભાવમાં ‘ભગવત્’ વગેરે શબ્દોથી મૂળ કારણ કહે છે. ‘જે એક છે, અવ્યકત છે અનંત રૂપે છે,’ એ પ્રમાણેની શ્રુતિથી ભગવાન અનંત રૂપે છે. ‘અથર્વશિરઃ શિખાધ્યાયિશતમેકેન મંત્રરાજજાપકેન તત્સમં વિશ્વો વૈશ્વાનરઃ પથમઃ પાદઃ’ વગેરે શ્રુતિઓથી અને વ્યૂહ વગેરે જણાવનાર સ્મૃતિઓથી તેઓમાં તરતમના (અધિકતા કે શ્રેષ્ઠતાદર્શક) ભાવવાળો તે છે. એમ છે ત્યારે, બીજી રીતે અવનતિના અભાવે તત્કેતુન્યાયથી ઉપાસ્ય, તારતમ્ય શબ્દથી યોજાયેલ છે, તેનું મહત્ત્વ કોનાથી રોકી શકાય ? એ પ્રમાણેના મહત્ત્વમાં શ્રેષ્ઠ જનોમાં પણ એ પ્રમાણેનો ભાવ અશકય નથી. આથી જ વૃત્રેંદ્ર સાથેના યુદ્ધ સમયે સંકર્ષણના ઉપાસક ચિત્રકેતુના મનની તલ્લીનતા સંકર્ષણના ચરણમાં સ્થિર હતી. નિર્વિશેષના ઉપાસક ઇંદ્રદ્યુમ્નના ગજેંદ્રપણામાં પણ નિર્વિશેષનું કથન છે, તે ‘હિ’ શબ્દથી કહેવાયું છે અને તે પણ તેની નિવૃત્તિ માટે એ પ્રમાણે કરવાનું છે, એમ અર્થ છે. ॥૧૯॥

◆

રાજકોટ :– પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કીર્તન સેવા સમાજ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૦–૪–૮૫ના રોજ આયોજીત કાર્યક્રમ (કોનોટ –હોલ)માં પૂ પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)નું હાર્મોનિયમ વાદન તેમજ કીર્તન ગાન થયું હતું. સાથે શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાની મંડલીનું પણ હવેલી સંગીત થયું હતું. અન્તમાં શ્રી મોહનભાઇ લલોઇ નિવાસની ઢાઢી લીલા પણ થઈ હતી. કાર્યક્રમ મોડી રાત્રી સુધી ચાલ્યો હતો. વૈષ્ણવોની ઉપસ્થિતિ સારા પ્રમાણમાં હતી.

પૂજ્ય મહારાજશ્રીને તથા શ્રી બાપોદરાને માનપત્ર એનાયત કરવામાં આવેલ.

છોટાઉદેપુરમાં સત્સંગ હોલનું થયેલ ઉદ્ઘાટન

તા. ૨૪–૪–૮૫ના રોજ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના વડોદરા જીલ્લાની કારોબારી મીટીંગ વૈષ્ણવોની બહોળી હાજરીમાં મળી હતી. કેન્દ્રીય સંગઠન મંત્રીશ્રી દ્વારકાપ્રસાદ પાટોદીયાજીને સત્સંગ હોલનું ઉદ્ઘાટન કરવા જીલ્લા મંત્રીશ્રી વિઠલદાસ શાહે વિનતિ કરતા શ્રી પાટોદીયાજીએ મંગલદીપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યું હતું અને પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૧૧ મું

ધન્ય શ્રીયમુને નિધિ દેનહારી,
કરત ગુણગાન, અજ્ઞાન-અઘ દૂર કરિ;
જાય મિલવત પિય પ્રાણ પ્યારી ૧
જિન કોઉ સંદેહ કરો, બાતચિત્તમેં ધરો,
પુષ્ટિપથ અનુસરો સુખ જુ કારી;
પ્રેમકે પુંજમેં, રાસ-રસ કુંજમેં,
તાહી રાખત, રસ-રંગ ભારી ૨
શ્રીયમુને અરુ પ્રાણપતિ, પ્રાણ અરુ પ્રાણસુત,
ચહું જન જીવ પર દયા વિચારી;
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
પ્રીતકે લિયે અબ સંગ ધારી ૩

અર્થ—શ્રીકૃષ્ણરૂપી નિધિનું દાન કરનાર શ્રીયમુનાજીને ધન્ય છે. આપનું ગુણગાન કરનાર જીવના દોષો અને અજ્ઞાન આપ દૂર કરે છે. તદુપરાંત પ્રિયા-પ્રિતમ શ્રી સ્વામિનીજી અને શ્રીઠાકોરજીને મેળવી આપે છે. ૧

આ વાતમાં લેશ પણ શંકા રાખશો નહિ. આ તત્ત્વને હૃદયમાં ધારણ કરી પુષ્ટિમાર્ગના સિદ્ધાંત અનુસાર જીવનવિતાવશો તો જ્યાં રસિક વિહારીના રાસ-રસની પ્રાપ્તિ થાય છે. ત્યાં શ્રીયમુનાજી અવશ્ય એ લીલારસનો અનુભવ કરાવશે. ૨

શ્રીયમુનાજી શ્રીનાથજી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી આ ચારેય સ્વરૂપો કૃપા વિચારીને ભૂતળપર પ્રગટ થયા છે. 'છીતસ્વામી' કહે છે કે શ્રીયમુનાજી શ્રીગિરિરાજ ધરણના પરમ પ્રિય હોવાથી ભૂતલપર આપને સાથે લઇને જ પધાર્યા છે. ૩

વિવેચન—છીતસ્વામી સ્વાનુભવથી કહે છે કે-(કારણ કે મથુરાજીના ચોબા અને છળકપટમાં પ્રવિણ હતા. છતાં શ્રીયમુના તટ ઉપર નિવાસ હોવાથી શ્રીયમુનાજીની કૃપાથી શ્રીગુસાંઇજી દ્વારા એને પુષ્ટિ લીલા-રસનો અનુભવ થયો છે) હું જે કાંઈ કહું છું તેમાં જરાપણ શંકા રાખશો નહીં. શ્રીયમુનાજી રૂપી તત્ત્વનો આશ્રય કરો, તો આપની કૃપાથી ભગવાનની અલૌકિક લીલા-રસનું સુખ અવશ્ય પ્રાપ્ત થશે જ. કારણ કે શ્રીયમુનાજી-શ્રીનાથજી શ્રીમહાપ્રભુજી અને

શ્રીગુસાંઇજીએ પુષ્ટિમાર્ગના ચાર સ્થંભ સમાન છે, જીવો પર કૃપા કરવા માટેજ આપ ભૂતળ પર પ્રગટ થયા છે. એટલે એ ચારમાંથી ગમે તે સ્વરૂપમાં આસક્તિ હશે, ખરી રીતે ચારેય સ્વરૂપને એક સમાન સમજી (એક સમાન છેજ) એના ચરણ–કમલનો દૃઢ આશ્રય કરશો તો ભગવદ્ લીલાનું સુખ સહજ પ્રાપ્ત થશે જ. છીતસ્વામીના કહેવાનો આશય છે કે–ચારમાંથી કોઇપણ સ્વરૂપને ન્યુનાધિક માનવાના નથી. એમ કરવાથી તો અપરાધ થાય. "કો બડ છોટ કહત અપરાધુ."

સદોષ જીવને નિર્દોષ પ્રભુની પ્રાપ્તિ અસંભવ છે, પરંતુ શ્રીયમુનાજીમાં એવું અલૌકિક સામર્થ્ય છે કે, આપ સદોષ જીવને નિર્દોષ બનાવી શ્રીવલ્લભ કુળ દ્વારા ભગવદ્ પ્રાપ્તિ અને રાસલીલાના અલૌકિક સુખનો અનુભવ કરાવે છે. નહિંતર અવિદ્યાથી ગ્રસ્ત એવા જીવો કયાં અને નિર્દોષ ગુણ વિગ્રહ શ્રી ઠાકોરજી કયાં? છતાં અધમ ઉદ્ધારન તરણ–તારણ શ્રી યમુના મહારાણીજીની કૃપાથી સર્વ સિદ્ધિ સુલભ બને છે.

અષ્ટ સિદ્ધિ નવનિધ, આધિન છે મા આપને,
કારજ તેના સિદ્ધ, જે શરણે આવ્યા આપને.

(ક્રમશઃ)

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

"ભકતવશ ભગવાન"

ભકતન આધાર હૈ,
ભકતન આધિન હૈ
ભકતન પ્રતિપાલ હૈ
ભકત મનોરથ પૂરક
યે યશોદાકે લાલ હૈ ।
નવનીત કે પ્રિય હૈ
ગોપીન કે હીય હૈ
વ્રજ કે ચિરાગ હૈ
નંદકે યે બાલ હૈ ।
કહે 'દામોદર' હોય જાય ઇનકી કૃપા
વો ભકત સબ તે ન્યારે હૈ ।

—ગો. **શ્રી દામોદરલાલજી, કલોલ**

"શ્રીવલ્લભ નામ મહિમા"

શ્રી હરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા

લેખક : **શ્રીવલ્લભ પાદપદ્મમિલિન્દ**

[ગતાંકથી ચાલુ]

[ગત અંકોમાં શ્રી હરિરાયજીના ગૂઢ પદનો વિસ્તારથી ભાવાર્થ લખીને શ્રી મહાપ્રભુજીના નામ મહિમાનું દિગ્દર્શન કરાવ્યું અને આ અંકથી શ્રી હરિરાયજીના પદ દ્વારા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ મહિમાનું દિગ્દર્શન કરાવવાનો પ્રારંભ લેખકશ્રી કરે છે.

—સંપાદક]

પદ

શ્રી વલ્લભ તજ અપુનો ઠાકુર, કહો કોન પે જૈયે હો ।
સબગુણ પૂરણ કરૂણા સાગર, જહાં મહારસ પૈયે હો ।।૧।।

સુરત હી દેખ અનંગ વિમોહિત, તન મન પ્રાન બીકૈયે હો ।
પરમ ઉદાર ચતુર સુખ સાગર, અપાર સદા ગુન ગૈયે હો ।।૨।।

સબહીનતે અતિ ઉત્તમ જાની, ચરન પર પ્રીત બઢૈયે હો ।
કાન કાહુકી મન ન ધરીયે, વ્રત અનન્ય એક ગહૈયે હો ।।૩।।

સુમર સુમર ગુનરૂપ અનુપમ, ભવ દુઃખ સબે વિસરૈયે હો
મુખ વિધુ લાવણ્ય અમૃત ઈકટક, પીવત નાહીં અઘૈયે હો ।।૪।।

ચરન કમલકી નિશદિન સેવા, અપને હૃદે વસૈયે હો ।
'રસિક' સદા સંગીન સો ભવોભવ, ઇનકે દાસ કહૈયે હો ।।૫।।

પરમ કૃપાળુ શ્રી હરિરાય પ્રભુ શ્રી વલ્લભના મુગ્ધ સ્વકીયોને શ્રી વલ્લભના મહાન દિવ્ય સ્વરૂપનું આ પદમાં જ્ઞાન કરાવી રહ્યા છે.

ભાવાર્થ—"શ્રી વલ્લભ તજ અપુનો ઠાકુર, કહો કોન પે જૈયો હો" "શ્રી વલ્લભ" શબ્દનો અર્થ અસીમ વ્હાલા થાય છે. જેના સ્વરૂપમાં જોડેલા દિવ્ય પ્રેમનો પાર પામી ન શકાય. તેવા નિજજનોને પ્યારા છે. તે શ્રી વલ્લભ નામનો અર્થ છે. અથવા નિત્યલીલા ધામમાં અનંત શ્રી સ્વામિનીજીઓમાં જે દિવ્ય પ્રેમનો નૂતન નૂતન વિલાસ પ્રતિક્ષણ થઇ રહ્યો છે. તે દિવ્ય પ્રેમના સમૂહાત્મક-ઘનીભુત—સાકાર સ્વરૂપ શ્રી વલ્લભ છે. અથવા લીલા લોકમાં અનંત શ્રી સ્વામિનીજી અને અનંત શ્રી ઠાકોરજીને જે અસીમ પ્યારા છે તે શ્રી વલ્લભ નામનો અર્થ છે. અથવા જેની પ્રાપ્તિ અતિ દુર્લભ છે તે શ્રી વલ્લભ નામનો અર્થ છે.

શ્રી હરિરાય પ્રભુએ એક પદમાં વર્ણન કર્યું છે—

"શ્રી વલ્લભ મહા સિન્ધુ સમાન" જેમ અનેક સરિતાઓનો પ્રવાહ સમુદ્રમાં સમાય જાય છે અને અનેક સમુદ્રોનો પ્રવાહ મહા સમુદ્રમાં સમાય જાય છે. તેમ અનંત શ્રી સ્વામિનીજીઓ દિવ્ય પ્રેમના સમુદ્રરૂપ છે. તે અનંત દિવ્ય પ્રેમના સમુદ્રોનો પ્રવાહ મહા સમુદ્રરૂપ શ્રી વલ્લભના સ્વરૂપમાં સમાવિષ્ટ થઈ જાય છે. તેથી શ્રી વલ્લભને દિવ્ય પ્રેમના મહા સમુદ્રરૂપ કહ્યા. વળી જેમ આ સમુદ્રના અનંત તરંગો કે જે પ્રેમાનંદરૂપ છે. તેનો અનંત ભક્તો ભોગ કરે તો પણ મહા સમુદ્રમાં કાંઇ ન્યૂનતા થતી નથી. અથવા અનંત ભક્તો આ મહા સમુદ્રના તરંગોથી સુખ પ્રાપ્ત કરે તો પણ મહા સમુદ્ર પૂર્ણ જ રહે છે. વળી પ્રતિક્ષણ પ્રેમાનંદના અનંત તરંગો પ્રગટ થયા જ કરે છે. દિવ્ય પ્રેમના મહા સિંધુ શ્રી વલ્લભના સ્વરૂપમાંથી અનંત સ્વામિનીજીઓ દિવ્ય પ્રેમાનંદનો ભોગ કરે છતાં મહા સિન્ધુ પૂર્ણ જ ભરેલો રહે છે.

અહીં આમ સમજવું કે શ્રી વલ્લભ સિન્ધુના જે તરંગો છે તે શ્રી સ્વામિનીજીના સ્વરૂપો છે. એક એક તરંગ શ્રી વલ્લભ મહાસિંધુમાંથી પ્રગટ થાય છે. તે પ્રત્યેક તરંગરૂપ શ્રીસ્વામિનીઓ છે. અને આ સ્વામિનીઓ દિવ્ય પ્રેમના સમુદ્રરૂપ છે. તે શ્રીવલ્લભ મહાસિંધુમાંથી પ્રગટ થયેલ છે. આવો કલ્પનામાં ન આવી શકે તેવો અનિર્વચનીય દિવ્ય પ્રેમ મહિમા શ્રીવલ્લભને હોવાથી શ્રીવલ્લભને 'મહાસિંધુ સમાન' કહ્યા છે. અથવા દિવ્ય પ્રેમનો મહાસિંધુ જેમાં ભરેલો રહે છે તે શ્રીવલ્લભ શબ્દનો અર્થ છે. તેથી શ્રીહરિરાય પ્રભુ કહે છે કે આવા મહિમાવાળા શ્રીવલ્લભને છોડીને કોની પાસે જૈયે. કોની આશા કરીએ ? આ શ્રીવલ્લભ મહાસિંધુ સ્વરૂપનો મહિમા શ્રીવલ્લભ નામમાં પણ રહેલો છે.

શ્રીવલ્લભ નામ અગાધ હે જહાં તહાં મતિ ખોલ ।
જબ ગ્રાહક હરિજન મિલે, તીન આગે તુ ખોલ ॥

શ્રીવલ્લભ નામનો મહિમા શ્રીવલ્લભના વિરહી જન સિવાય બીજા જાણી શકતા નથી. તેથી વિરહી જન પાસે જ શ્રીવલ્લભના અગાધ મહિમાનું યશોગાન કરવું.

પ્રશ્ન—શ્રીલ્લભ નામના અગાધ મહિમાને શ્રીવલ્લભના વિરહીજનો જ જાણી શકે છે તેમ કથવામાં શું રહસ્ય રહેલું છે.

ઉત્તર—શ્રીવલ્લભનું સ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક છે. ભાવાત્મક હોવાથી લીલાલોકના શ્રીસ્વામિનીજીઓ અને શ્રી ઠાકોરજી એમ યુગલ સ્વરૂપોના હૃદયમાં, હૃદયરૂપ અલક્ષ કુટીરમાં યુગલ સ્વરૂપોની આત્મરૂપે—અથવા પ્રેમ સુધારૂપે બિરાજમાન છે. આપના ધર્મી વિપ્રયોગ ભાવાત્મક સુધા સ્વરૂપનો વિલાસ કૃષ્ણાસ્ય સ્વરૂપથી કૃષ્ણાસ્ય કુંજમાં જે થઈ રહ્યો છે તે તો

સર્વાજ્ઞાત છે. આવી સર્વાજ્ઞાત કૃષ્ણાસ્ય કુંજમાં પ્રવેશ શ્રીવલ્લભના વિરહી જનોનોજ થાય છે. નિરંતર વિરહના અનુભવથી વિરહીજનનો આત્મ પ્રદેશમાં પ્રવેશ થાય છે. ત્યારે શ્રીવલ્લભ વિરહાગ્નિ સ્વરૂપનો પ્રકાશ થાય છે.

અથવા આપ જ્યારે 'ભક્તિ માર્ગાબ્જ માર્તંડ' સ્વરૂપથી વિરહી સ્વકીયના હૃદય આકાશમાં ઉદિત થાય છે. ત્યારે શ્રી સર્વાજ્ઞાત વલ્લભ સ્વરૂપ અને આપના નામના મહિમાને જાણી શકે છે. અથવા શ્રીવલ્લભ પતિવ્રતાના પતિ છે. તેથી જે વિરહી રસિક જન આપના અનન્ય આશ્રયપૂર્વક નામ સ્મરણ કરે છે તેના હૃદય આકાશમાં આપ 'ભક્તિમાર્ગાબ્જ માર્તંડ' સ્વરૂપ પ્રવેશ કરી પોતાના મહિમાનું જ્ઞાન કરાવે છે. વિરહના અનુભવ વિના તો સર્વાજ્ઞાત સ્વરૂપ શ્રીવલ્લભની સન્મુખતા પણ પ્રાપ્ત થતી નથી તો આપના સ્વરૂપ અને નામના મહિમાને કેમ જાણી શકે ? વસ્તુતઃ આપ શ્રીવલ્લભનો પ્રાદુર્ભાવ પોતાની કૃષ્ણાસ્ય કુંજમાંથી વિછુરેલા સ્વકીયો માટે થયો છે તેથી સ્વકીયોનો પક્ષપાત કરી-વિરહ ભાવનું દાન કરી પોતાના મહિમાનું પોતે જ જ્ઞાન કરાવે છે. શ્રી હરિરાય પ્રભુ કરે છે કે આવા અગાધ મહિમાવાળા શ્રીવલ્લભ પ્રભુને છોડીને કોની પાસે આનંદની ભિક્ષા માગવા જઈએ!

અનંત શ્રી સ્વામિનીજીઓના દિવ્ય પ્રેમ વિલાસની પૂર્ણતા મહાસિન્ધુ સ્વરૂપ શ્રીવલ્લભથી જ થાય છે. તેવા શ્રી વલ્લભવરને છોડીને કોની પાસે આનંદની ભિક્ષા માગવી ? આ પદમાં શ્રી હરિરાય પ્રભુએ દિવ્ય પ્રેમ સુધા સ્વરૂપ શ્રીવલ્લભ વરનો અકથનીય અચિન્ત્ય અનંત શક્તિ યુક્ત મહિમા જણાવ્યો છે. આ મહિમા દિવ્ય પ્રેમ સુધા રૂપજ છે. જેમ મીઠા સમુદ્રનું જલ મીઠું હોય છે. તેમ દિવ્ય પ્રેમના મહાસિન્ધુરૂપ શ્રી વલ્લભનો મહિમા દિવ્ય પ્રેમરૂપ જ છે.

હવે આગળ શ્રી વલ્લભના બીજા દિવ્ય ગુણોને કહે છે 'સબ ગુણ પૂરણ કરૂણા સાગર જહાં મહારસ પૈયે હો' 'સબગુણ પૂરણ' એટલે સૌન્દર્યતા-લાવણ્યતા-માધુર્યતા-વાત્સલ્યતા-કારૂણ્યતા-સુકુમારતા-મૃદુલતા-તારૂણ્યતા ઇત્યાદિ દિવ્ય પ્રેમના અનંત ગુણોની સીમા શ્રીવલ્લભ સ્વરૂપમાં જ રહેલી છે. વળી પ્રત્યેક ગુણ સાગર સમાન પૂર્ણ છે આવા અનંત ગુણોની સીમાવાળા શ્રીવલ્લભ સ્વરૂપને સ્વકીયજન હૃદયમાં ધારણ કેમ કરી શકશે? આવી શંકા થાય ત્યાં કહે છે કે 'કરૂણા સાગર' શ્રીવલ્લભ કરૂણાના સાગર છે. કરૂણા એટલે વાત્સલ્યતા જેમ માતાનો વાત્સલ્ય પ્રેમ તેના બાલકમાં હોવાથી માતા પોતેજ બાળકનું લાલન-પાલન કરે છે બાલકની કોઈ અપેક્ષા રાખ્યા વિના માતા પોતે જ બાલકને હર પ્રકારે સંભાળે છે. તેમ આપ શ્રીવલ્લભ વાત્સલ્ય સ્નેહના સાગરરૂપ હોવાથી પોતના અનંત દિવ્ય ગુણોને પોતાના વિરહી ભક્તો ધારણ કરી શકે તેવી પાત્રતા પોતાના અદ્ભૂત સામર્થ્યથી સિદ્ધ કરે છે. તે કેવી રીતે સિદ્ધ કરે છે કે શ્રી સર્વોત્તમજીમાં આપશ્રીનું નામ

'વિભુ' છે. વિભુ એટલે અનંત બ્રહ્માંડોને પોતાના સ્વરૂપમાં ધારણ કરનારા અથવા અનંત બ્રહ્માંડોમાં વ્યાપક આવું આપનું વિભુસ્વરૂપ સ્વકીય ભકતના હૃદયમાં પ્રગટ થાય છે ત્યારે સ્વકીયના હૃદયને પણ વ્યાપક ધર્મવાળું બનાવે છે. અને આવા વ્યાપક બનેલા ભકતના હૃદયમાં અનંત દિવ્યગુણો ધારણ કરી શકાય છે. શ્રી વલ્લભવરની આ મહાન ઉદારતા છે કે પોતાના જનને પોતાની સમાન બનાવે છે.

હવે "મહારસ, પૈયે" તેમ કહ્યું તેનો ભાવાર્થ 'રસ' અને 'મહારસ'ના આનંદ અનુભવમાં તારતમ્ય રહેલું છે સંયોગના આનંદને 'રસ' કહેવાય છે અને વિપ્રયોગના આનંદને 'મહારસ' કહેવાય છે શ્રીવલ્લભનું સ્વરૂપ વિપ્રયોગાત્મક છે, તેથી આપ મહારસ રૂપ છે અથવા સંયોગનો આનંદ પરિચ્છિન્ન–એકજ સ્થાને એક જ સ્વરૂપથી અનુભવાય છે જયારે વિપ્રયોગનો આનંદ અપરિછિન્ન–વ્યાપક પ્રકારે કોટાન કોટિ સ્વરૂપોથી અનુભવાય છે. તેથી વિપ્રયોગાત્મક સ્વરૂપ શ્રી વલ્લભને મહારસરૂપ કહ્યા છે.

પ્રશ્ન – વિપ્રયોગની અવસ્થામાં પ્રિય પ્રભુના કોટાન કોટિ સ્વરૂપોનો અનુભવ થાય છે તે કેવી રીતે જાણી શકાય ?

ઉત્તર – જેમ સૂર્ય આકાશમાં રહી પોતાના સહસ્ત્રો કિરણોને પ્રકટ કરી સમસ્ત જગતને જોઈ શકે છે. તેમ શ્રી વલ્લભનું 'ભકિત માર્ગાબ્જ માર્તંડ' સ્વરૂપ અલૌકિક સૂર્ય રૂપ છે. તે ભકતના હૃદય આકાશમાં પ્રગટ થઇ પોતાના સહસ્ત્રો કિરણોને પ્રગટ કરી લીલા લોકની કોટાન કોટિ કુંજોમાં પ્રવેશ કરી કોટાન કોટિ યુગલ સ્વરૂપોના અને તેમની લીલાઓનાં દર્શન કરાવે છે. આવું અદભુત સામર્થ્ય શ્રી વલ્લભના સ્વરૂપમાં રહેલું છે તેથી આપશ્રીને 'મહા રસરૂપ' કહયા છે. ૧

–ક્રમશઃ

પૃષ્ઠ સહાય–

પ. ભ. સોની વલ્લભદાસ દેવચંદભાઇના સુપુત્રના લગ્ન પ્રસંગે ભેટ,

રાજકોટ

॥ શ્રી વલ્લભ : ॥

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

ભયંકર ઠગો પણ વૈષ્ણવ થયા

લેખક-**પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી.**

[પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રીના સાંપ્રદાયિક ગદ્ય પદ્ય સાહિત્યથી વૈષ્ણવ સમાજ સુપરિચિત છે. બોધપ્રદ સિદ્ધાંતો સૌ કોઇ સમજી શકે તેવી સરળ ભાષામાં વાર્તાશૈલીમાં રજુઆત કરવાનું તેમનું આગવું સ્થાન છે. પ્રસ્તુત વાર્તામાં પતિના આપત્તિ કાળમાં પત્નિનો ધર્મ, વિશ્વાસઘાતનું પરિણામ, ઠગ લોકોના માનસ પરિવર્તનનું દિગ્દર્શન લેખકશ્રી કરાવે છે. —સંપાદક]

રામબરનજી-હરિશરનજી ! આ પ્રયાગ જેવા મહા તીર્થમાં વાસ. તેમાં પણ આપણી ગાઢી મિત્રતા આપણો સ્નેહ જોઈને લોકો આપણને ધન્યવાદ પણ આપે છે. આપણે આવો સ્નેહ કાયમ નિભાવવા માટે આપણે કંઇક કરવાની જરૂર છે. જો તમે સ્વીકાર કરો તો આપણા બન્નેનાં બાલકોનો વિવાહ કરી મિત્રતાની વૃદ્ધિ અને બન્નેનાં મગજ ઉપરનો બોઝો ઉતારીએ.

હરિશરન—રામબરનજી ! તમે જે કહો છો તે બિલકુલ સાચી વાત છે અને જોડી પણ સારી છે.

આમ બન્નેએ નકકી કરી શ્યામુ અને માયાનાં લગ્ન કરી દીધાં. માયાને સાસરે વળાવી. અને તેઓ પ્રયાગમાં સુખેથી રહેવા લાગ્યા. ઘરની ખેતી હતી એટલે ખેતી કરવા લાગ્યા. થોડા વરસો પછી બન્નેનાં માતા પિતા હરિશરન થયા. હવે સ્ત્રી પુરુષને પ્રતિબંધ રહ્યો નહિ. એ સમયમાં શ્રીગુંસાઈજી મકર સ્નાન માટે પ્રયાગ પધાર્યા.

ચાચાજી—કૃપાનાથ ! અહીં સ્થળ સારું છે. અહીં નજીકમાં જ ડેરા તંબુ નાખીએ.

શ્રી ગુંસાઇજી—હા, ચાચાજી ! હવે તો મકર સ્નાન કરીને પછી જ પધારશું.

આમ કહી મુકામ કરી આપશ્રી ગાદી તકીયા ઉપર બિરાજ્યા.

રામાનુજ-નિમ્બાર્ક વગેરે સર્વ આચાર્યો પણ મકર સ્નાન માટે આવ્યા હતા. તેઓને ખબર થયા કે શ્રી ગુંસાઈજી પણ અહીં પધાર્યા છે અને મકર સ્નાન કરવાના છે. એટલે સર્વ મળી શ્રી ગુસાંઈજી પાસે આવ્યા.

રામાનુજાચાર્યજી—અમે આપના અહીં પધારવાના સમાચાર સાંભળી બહુ જ પ્રસન્ન થયા. વિશેષ આપને એક વિનંતિ અને સાથે વિચાર વિનિમય પણ કરવા સૌ આવ્યા છીએ. આપની આજ્ઞા અને ઇચ્છા હોય તો નિવેદન કરીએ.

શ્રી ગુંસાઇજી—આપ સૌને જોઇને હું પણ પ્રસન્ન થયો છું જે હોય તે જરૂર કહો.

નિમ્બાકાચાર્યજી—આપણું સર્વ આચાર્યોનું અહીં મિલન થયું છે તે આનંદોદધિ સમાન છે. હવે તો પ્રથમ સ્નાન આપને જ કરવાની વિનતિ કરીએ છીએ. કારણ કે આગળ પણ જ્યાં જ્યાં એવા પર્વ સ્નાન થયાં છે, ત્યાં અમારા સૌની વિનતિથી શ્રી આચાર્યજીએ જ સ્નાન કર્યું છે. માટે આપ પણ પ્રથમ સ્નાન કરો.

રામાનુજાચાર્યજી—જરૂર! આપણા સર્વ ધર્મના રક્ષક તો શ્રી આચાર્યજી જ છે. કૃષ્ણદેવરાજાની રાજ સભામાં જ્યારે આપશ્રીનો વિજય થયો ત્યારે અમો સર્વેએ ભકિતમાર્ગના સર્વોચ્ચ રક્ષણહાર તરીકે તિલક અને આરતિ કરી આપશ્રીનો જય જયકાર ગજાવી કનકાભિષક પણ કર્યો છે જો આપશ્રીએ ભકિત માર્ગનું રક્ષણ ન કર્યું હોત તો અત્યારે માયાવાદીઓનું જ સામ્રાજ્ય હોત. જેથી શ્રી આચાર્યજી પછી પ્રથમ સ્નાન તો આપે જ કરવું જોઇએ.

શ્રી ગુંસાઇજી—ભલે આપ સૌની પ્રસન્નતા અને આગ્રહ છે તો જરૂર એમ કરશું.

પછી સર્વના આગ્રહથી આપે સ્નાન કર્યું તે વખતે ઝાલર, શંખ, ઘંટા અને દુંદુભિ વાગવા લાગ્યાં. શ્રીગુસાંઇજીનો જય જયકાર બોલાવ્યો. આપશ્રીનું આવું માહાત્મ્ય અને પ્રતાપબળ જોઇને ઘણા જીવો શરણે આવ્યા તેમાં આ સ્ત્રી પુરુષ શ્યામસીંગ અને માયા પણ શરણે આવ્યાં. મુળમાં દૈવીજીવ અને છાયા–માયા રૂપે ભગવદ્ લીલામાં કુંજરીની સખીઓ હોવાથી તેને શ્રી ગુસાંઇજીનું અલૌકિક સ્વરૂપે દર્શન થયું અને વિનતિ કરી.

સ્ત્રી પુરુષ—પ્રભુ! અમે શરણે તો થયાં. પરંતુ હવે અમારૂં કર્તવ્ય શું? અમે આપનાજ છીએ. અમારાલાયક કંઇ આજ્ઞા કરો જેથી અલૌકિક નિર્વાહ થઈ શકે.

શ્રીગુસાંઇજી—હવે તમે બન્ને ભગવદ્ સેવા કરો એમ કહીને એક લાલજીનું સ્વરુપ પધરાવી આપ્યું અને આજ્ઞા કરીકે ઋતુ અનુસાર પ્રભુને સુખ થાય તેમ ઉત્તમ રીતે સેવા કરજો અને પ્રયાગમાં એક ક્ષત્રાણી શ્રીમહાપ્રભુજીની સેવક છે તેનો સંગ કરજો એ તમને સેવાની સર્વ રીત શિખવશે. તે કહે તેમ કરજો.

શ્યામુ—પ્રભુ! અમને તો આપના સ્વરૂપમાં આસકિત છે અને આપની સેવાની ઇચ્છા છે.

શ્રીગુસાંઇજી—વૈષ્ણવ! આ મારૂંજ સ્વરૂપ છે એમ માનો અને સ્નેહપુર્વક સેવા કરજો. હું સદા તમારી પાસે જ છું. જ્યારે તમારી ઇચ્છા થશે ત્યારે હું તમોને દર્શન આપીશ.

આમ કહીને આપશ્રીતો અડેલ પધાર્યા શ્યામુ અને માયા સ્ત્રી પુરુષ બન્ને ક્ષત્રાણી પાસેથી સેવાની રીત શિખ્યા. અને સ્નેહ પુર્વક સેવા કરવા લાગ્યા. શ્રીઠાકોરજી પણ તેને સાનુભાવ જણાવવા લાગ્યા. જ્યારે મનોરથ થતો ત્યારે શ્રીગુસાંઇજી પણ સાક્ષાત્ દર્શન આપી આનંદનું દાન કરતા. સમય જતાં એક વરસ વરસાદ થયો નહિ. અનાજ થયું નહિ.

કામદાર—હાકેમજી! શ્યામુ પાસેથી આ વરસે કાંઇ વસુલાત આવી નથી.

હાકેમ—લોકો પણ કેવા થઈ ગયા છે કામદાર, એની મિલ્કત હોય તે લુંટી લીયો.

આમ મિલ્કત બધી લુંટાઇ ગઇ. ઘરમાં કાંઇ પણ રહ્યું નહિ. પણ ધીરજ ન છોડી.

માયા—સ્વામી! પ્રભુને ગમ્યું તે ખરૂ ઘરમાંથી પ્રભુએ મમતા છોડાવી. કૃપા કરી. હવે હું ચરખો કાંતીશ 'પુણી' લાવી આપજો તેની મજુરીમાંથી કામ ચાલશે.

આ પ્રમાણે જે કંઈ આવે તે સર્વ શ્રી ઠાકુરજીને ભોગ ધેર અને પાતળ કરી પતિને પ્રસાદ લેવરાવે પોતે પાતળમાં વધે તો ખાય નહિંતર ભૂખ્યાં રહે. એમ કરતાં સ્ત્રી કૃષ (દુબળા) થવા લાગ્યાં. શ્યામુને થયું કે માયા ભૂખ્યાં રહે છે.

શ્યામુ—માયા! તમે મને તો પાતળ ધરી, પણ તમારા માટે?

માયા-સ્વામિ! મારા માટે મેં ઢાંકી રાખ્યું છે.

શ્યામુ જાણી ગયા અને પોતે અધીં પાતળ લીધી અને અધીં રાખી. પછી વિચાર્યુ કે હવે પરદેશ જવું જોઇએ. શ્રી ઠાકોરજી અને સ્ત્રીને શ્રમ થાય છે. પછી માયાને પરદેશ જવા સંબંધે વાત કરી.

માયા સ્વામિ! આપણું કામ તો ચાલ્યા કરે છે છતાં શા માટે જવાનું કરો છો.?

શ્યામુ - માયા! તમને ધન્યવાદ છે કે આવી સ્થિતિમાં પણ પ્રભુની સુખ સ્નેહ પૂર્વક સેવા કરો છો. આવા સમયમાં પણ તમે ધર્મ રાખ્યો. હવે તમે શ્રી ઠાકોરજીની સેવા સારી રીતે કરજો. હું પરદેશ જાઉં છું અને થોડા મહિનામાં જ પાછો આવીશ.

પોતે હીરાની જમીન પારખતા હતા એટલે જ્યાં હીરા નિકળતા હતા તે દક્ષિણ દેશમાં ગયા અને શહેરમાં એક વેપારીને મળ્યા.

વેપારી - તમે ક્યાં રહો છો ? અને શું કામ કરો છો ?

શ્યામુ - હું ઉત્તર પ્રદેશમાં રહું છું અને હીરાની જમીન પારખવાનું કામ કરૂં છું. તમારી ઇચ્છા હોય અને ખર્ચ કરો તો જમીન પારખી આપું.

વેપારી - ભલે ! તમે જમીન પારખી આપો. હું લઈને ખોદાવું. આપણું અરધો અરધ.

શ્યામુ - પરંતુ મારી પાસે ખર્ચનું દ્રવ્ય નથી. તમે ખર્ચ કરો તો જ બને એવું છે. પછી તમે ખર્ચમાં અરધો ભાગ માગો તો મારી પાસે કાંઈ નથી.

વેપારી - ખર્ચ બધું મારૂં અને માલમાં મારો તમારો અરધો અરધ ભાગ બસને ?

આ પ્રમાણે વેપારી સાથે નક્કી થયું. પરંતુ તેમની આ બધી વાત ત્યાં વેપારીને ઓટલે બેઠા બેઠા બે મિત્રો સાંભળતા હતા. તેમણે વિચાર્યું કે આ વેપારી લુચ્ચો છે અને આ બિચારા ભગત જેવા પરદેશીને ગોળને પાણીએ નવરાવી દેશે. તેની જાળમાં આ પરદેશી ફસાય નહિ તો સારૂં. તેઓ ભલા હતા. તેમણે શ્યામુને ઇશારાથી બોલાવી ને

ચેતવ્યા કે આ વેપારી સારો નથી. તમને ફસાવીને કાંઇ નહિ આપે. તમારા ભલા માટે કહિએ છીએ. ચાલો બીજા સારા વેપારી સાથે તમારો મિલાપ કરાવીએ.

શ્યામુ – ભાઇ ! જે થયું તે થયું. જેમ પ્રભુ ઇચ્છા હશે તેમ થશે. હવે તો આગળ જોશું.

વેપારી – ભાઈ શ્યામુ ! હવે તમે મારે ત્યાં રહો. એક મકાન આપું. સીધું સામાન લીયો. રસોઇ કરો અને ખાઓ પીઓ. જોઇએ તે માગી લેજો.

પછી જમીનમાં ખોદાણકામ શરૂ કર્યું. પરંતુ પહેલા ભલા મિત્રો જગ્ગુ-મંગ્ગુને ચિંતા હતી.

જગ્ગુ – હં, મંગ્ગુ ! આ પરદેશી તો ભકત લાગે છે. અને આપણે બરાબર ધ્યાન રાખવું પડશે. આ વેપારી નક્કિ આ પરદેશીને દગો દઇને હેરાન કરશે.

મંગ્ગુ – આવા ભલા પરદેશીને જો તે દગો કરશે તો તેનો બદલો આપણે લઇશું અને તે વેપારીને ગોળને પાણીએ આપણે નવરાવશું. મેં યુકિત પણ વિચારી રાખી છે. એમ કહી જગ્ગુના કાનમાં વાત કરી અને બન્ને ખૂબ હસ્યા.

પારખી આપેલ જમીનમાં ખોદકામ કરાવવાથી માલ ઘણો નિકળ્યો. દ્રવ્ય બધું વેપારીએ ખર્ચ્યું. એક વરસ જેટલો સમય ચાલ્યો ગયો. ત્યારે શ્યામુને થયું કે હવે તો ઘેર જઇએ તો ઠીક.

શ્યામુ – (વેપારીને) મને હવે અહીં ઘણો સમય થયો. હવે મારો ભાગ મને આપો. એટલે હું મારા દેશમાં જાઉં.

વેપારી :– શ્યામુ ! તમે કેવી વાત કરો છો એ માલમાં દ્રવ્ય બધું મેં ખર્ચ્યું છે. અને તે માલ તો મારા ભાગ્યનો હતો અને નિકળ્યો. એમાં તમારૂં શું છે ? તમે મારી નોકરી કરી અને મેં તમને પેટીયું ખાવા આપ્યું. તમે પારખી આપેલી જમીનમાં કાંઇ નિકળ્યું ન હોત તો ! એટલે તમારું મારા પાસે કાંઇ નિકળતું નથી. તમારે રહેવું હોય તો રહો અને જવું હોય તો જાઓ.

આવો જવાબ સાંભળીને શ્યામ સીંગ ચૂપ રહયા. મનમાં વિચાર્યું કે જમીન મેં પારખી આપી અને એક વરસ ચાકરી કરી છતાં મને કાંઇ ન આપ્યું. માલ તો ઘણો નિકળ્યો છે. ઠીક ભગવદ્ ઇચ્છા. હું શ્રી ઠાકોરજીને છોડીને દ્રવ્ય કમાવા આવ્યો. તેનું ફળ બીજુ શું મળે ? આમ વિચાર કરતા બજારમાં ઓટલે બેઠા બેઠા તે સોચ કરે છે.

જગ્ગુ :– જોયું ને મંગ્ગુ ! આ ભગત ભાઈને પહેલા વેપારીએ લુચ્ચાઇ કરીને ગોળને પાણીએ નવરાવી નાખ્યો ને ? આવા ભલા ભોળા પરદેશીઓને ઘણાને લુંટયા અને રોવરાવ્યા છે. કેવો ભલો ભોળો ભકત છે.

મંગ્ગુ :– જગ્ગુ ! એ પરદેશી ભલો ભોળો ભગત છે. પણ આપણે કયાં એવા છીએ આપણે તો જેવાની સાથે તેવા છીએ ને ! એને એની લુચ્ચાઈનો સ્વાદ બરાબર

ચખાડશું. પરંતુ પહેલા તો આપણે આ પરદેશી શ્યામસીંગને માટે કાંઇક કરીએ. અને કોઇ સારા વેપારીને ભલામણ કરીએ અને તે કાંઇક કમાય ને માલ લઇને ઘેર જાય તેવું કરીએ. એક વરસ થયાં હેરાન થાય છે અને ખાલી હાથે ઘેર જાય એ તો ઠીક નહિ.

આમ વિચારીને એક સારા અને સાચા વેપારીને વાત કરી કે શ્યામુ ભલો માણસ છે અને હિરાની જમીન પારખે છે તેને મળો.

બીજો વેપારી :– ભાઇ! કેમ ઉદાસ બેઠા છો. મેં તમારી બધી વાત સાંભળી છે. તમે આવતાં જ એ લુચ્ચા વેપારીના પંજામાં ફસાય ગયા. હવે તમે ઠાલે હાથે ઘેર જાઓ તે ઠીક નહિ. તમે મને જમીન પારખી આપો તે લઇને હું ખોદાવું તેમાંથી જે માલ નીકળે તે આપણે અરધો અરધ જે ખર્ચ તે બધું હું કરીશ. માટે મારે ત્યાં ચાલો અને રોકાય જાવ.

શ્યામુ :– ભાઇ! એક વખત તો દગો થયો હવે અહીં પરદેશમાં કોના ઉપર વિશ્વાસ મુકવો? તમારી ઇચ્છા હોય તો કોઈ ચાર માણસની રૂબરૂ વાત કરીએ.

બીજો વેપારી :– ભાઇ! એમ નિરાશ ન થાઓ. તમે એક વખત છેતરાયા છો, એટલે તમને વિશ્વાસ નહીં બેસે. પરંતુ મારા ઉપર વિશ્વાસ રાખો. આ વખતે તમને દગો નહીં થાય. ચાલો આપણે ચાર સારા માણસો રૂબરૂ વાત કરીએ એટલે તમને પણ વિશ્વાસ બેસે.

શ્યામસીંગે મનમાં વિચાર્યું કે ખાલી હાથે ઘેર જવા કરતાં સાથો સાથ થોડું રોકાઇ જોઇ લઇએ. પછી જેમ પ્રભુ ઇચ્છા. એમ સમજી આ બીજા વેપારી સાથે તેમના ઘેર ગયા અને સારા ચાર માણસો રૂબરૂ વાત કરી નક્કી કર્યું. પછી શ્યામસીંગે જમીન પારખી આપી. તે વેપારીએ ખોદાવી તેમાંથી માલ ઘણો નિકળ્યો. વેપારી પણ ખૂબ રાજી થયો અને એમ બીજા ચાર છ મહીના પસાર થઇ ગયા એટલે શ્યામસીંગે દેશમાં જવાનું વિચાર્યું અને વેપારીને કહ્યું કે હવે મને અહીં દોઢ વરસ થઇ ગયું. હવે તો મારે ઘેર જવાની ઇચ્છા છે. મારો ભાગ જે થાય તે આપો એટલે હું વિદાય થાઉં.

[હવે બીજો વેપારી શું કરે છે? પહેલા વેપારીનું શું થયું.? શ્યામસીંગ પોતાના દેશ તરફ જતાં ઠગ લોકોનો ભેટો થાય છે. તેમના મનનું પરિવર્તન કેવી રીતે થાય છે વગેરે જાણવા આવતો અંક જરૂર વાંચવા વિનંતિ.]

॥ શ્રી ગોકુલેશો જયતિ ॥

ધર્મ અને ધીરજ ધરનાર રાજાની વાર્તા

એક રાજા શ્રી ગુંસાઇજીનો સેવક હતો. તે રાજાના ગામમાં જે વસ્તુ આવે, તે કોઇ ન લીયે તો તે વસ્તુ રાજા લીયે. એક વખત દારિદ્ર વેંચવા કોઇ આવ્યો. ગામમાં દારિદ્ર કોઇ ન લીયે, પછી રાજાએ લીધું. અને ભંડારમાં મુકાવ્યું. રાત્રે રાજા સુતો હતો ત્યારે લક્ષ્મીએ કહ્યું કે રાજા, હું જાઉં છું. ત્યારે રાજાએ કહ્યું કે જાઓ. પછી વિવેક આદિએ જવાની આજ્ઞા માગી. તેઓને પણ જવાની આજ્ઞા રાજાએ આપી. તે બધા આગળ જઇને ધીરજ અને ધર્મની વાટ જોવા લાગ્યા. ત્યારે ધર્મ અને ધીરજ એ બન્નેએ રાજાને કહ્યું કે અમે જઇએ છીએ.

ત્યારે રાજાએ પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે તેઓએ કહ્યું કે અમો ધર્મ અને ધીરજ છીએ. ત્યારે રાજાએ કહ્યું કે તમો કેમ જાઓ છો ? તમને રાખવા માટે તો મેં દારિદ્ર લીધું છે. આ સાંભળી ધર્મ અને ધીરજ રહયા. એટલે લક્ષ્મી વગેરે પણ પાછાં ફરી આવ્યાં એટલે સાર એ કે ધર્મ અને ધીરજ રાખશે તેનું કાંઇ નહિ જાય.

આ રાજાના હૃદયમાં ભગવાનના અલૌકિક ભાવો રમતા હતા જયારે દારિદ્ર વેચવા આવનાર લૌકિક જીવ હતો. રાજાએ તેની પાસેથી દારિદ્ર લીધું અને તેને ધન આપીને સંતોષ્યો.

ભા. ૧૧–૧૯–૪૪ શ્લોકમાં –જેનામાં સંતોષ નથી તેને દરિદ્ર કહયો છે. પણ રાજામાં જે દરિદ્ર અથવા અસંતોષ હતો તે લોકથી વિપરીત હતો. એટલે અલૌકિક પ્રકારનો હતો. રાજાને ભગવદ્ સેવા પોતાથી પૂરતી બનતી નથી તેનો અસંતોષ હતો. તે અસંતોષથી વધુ ને વધુ ભગવદ્ સેવા કરવા લાગ્યો. તેના પરિણામે લૌકિક લક્ષ્મી અને વિવેક જવા તત્પર થયા. તેમને રાજાએ જવા દીધા. પણ જયારે ધર્મ અને ધીરજ જવા માટે રજા માગવા આવ્યા, ત્યારે રાજાએ કહ્યું કે "લૌકિક ધર્મ અને વિવેક તો મારામાં નથી, પણ જે ઉપાયોથી ભગવાનની ભકિત થાય તે ધર્મ શ્રીમદ ભા. ૧૧–૧૯–૨૭મા શ્લોકમાં જણાવ્યો છે અને શ્રી મહાપ્રભુજીએ સર્વભાવથી એટલે લૌકિક વૈદિક ધર્મનો મોહ રાખ્યા વિના શ્રી ગોપીજનોના ભાવથી ભગવદ્ સેવા કરવાનો મુખ્ય ધર્મ કહયો છે તે ધર્મ મારામાં છે. વળી આ ધર્મ પાળતાં ગમે તેવાં ત્રણ પ્રકારનાં આધિ (મનના દુ;ખો) વ્યાધિ (શરીરના દુ;ખો) અને ઉપાધિ (લૌકિક દુઃખો આવશે તો પણ તે હું ધીરજથી સહન કરીશ.

વળી શ્રી ભા, ૧૩–૧૯–૪૩મા શ્લોકમાં લક્ષ્મીનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે જેનામાં ઘણા સદ્દગુણો છે તથા જે ધર્મને ઇચ્છે છે તે લક્ષ્મીવાન છે, તો લૌકિક લક્ષ્મીને જવું હોય તો ભલે જાય, પણ તમે (ધર્મ અને ધીરજ) બન્ને કેમ જવા તત્પર થયા છો: રાજાનું આ ધર્મયુક્ત વચન સાંભળી ધર્મ અને ધૈર્ય રહયાં. જ્યાં ધર્મ, ધૈર્ય છે ત્યાં લક્ષ્મી, વિવેક જ્ઞાન વગેરે વસે છે.

–શ્રી ગોકુલેશ સુબોધ વાર્તા સુધા–૫

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષિ શ્રી રમાનાથ શાસ્ત્રીજી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રીજી**

પરંતુ કોઈ કોઇ સ્થળે અર્થવાદથી મોક્ષફલ પણ કહી નાખે છે. આવી રીતે અધ્યારોપાપવાદથી બંને પ્રકારની શ્રુતિઓ સાર્થક થાય છે. અને માટે જ અમારા મતમાં કોઈપણ પ્રકારના વિરોધનો છાંટો શુદ્ધાં ન રહેવાથી નિર્વિશેષ નિર્ધર્મક જ બ્રહ્મ છે. આ મત શુદ્ધ છે. અને નેદં યદિદંમુપાસતે અર્થાત્ આદેશો નેતિ' 'પરાચિખાનિ યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ ન ચક્ષુષા ગૃહ્યતે નાઅપિ વાચા' યત્તદેતદદ્રશ્યમગ્રાહ્યં અશરીરં થાવ સન્તં ન પ્રિયા પ્રિયે સ્પૃશતઃ ''અપ્રાણો હ્યમનાઃ શુભ્રો' 'અન્યદેવ તદ્વિદ્વિનાદથોઅવિદિતાત્' 'યસ્યામતં તસ્ય મતં મતં યસ્ય ન વેદ સઃ 'યદ્વાચાઅનભ્યુદિત' અવચનૈવ પ્રોવાચ 'અશબ્દમસ્પર્શ સ હોવાચૈતદ્વૈ તતક્ષરં ગાર્ગિ બ્રાહ્મણાઃ અભિવદન્ત્યસ્થૂલમનણ્વહ્રસ્વમદીર્ઘમલોહિતમનેહમચ્છાંયમતમો અવાય્વાનાકાશમસંગમસ્પર્શમંગંધમરસમ્ ચક્ષુષ્કમશ્રોત્રમવાગમનોઅતેજ સ્કમ પ્રાણમમુખમનામાં અગોત્રમજરમરમભયમૃતમરજોઅશબ્દમ વિવૃતમસંવૃતમપૂર્વ મનપરમનંતરમ બાહ્યં ન તદશ્નોતિ કશ્ચન તદશ્નોતિ કશ્ચન અવ્યક્તોઅયમચિંત્યોઅયમવિકાર્યોઅયમુચ્યતે' ન તદ્દાસ્તિ વિના યત્સ્યાન્મયા ભૂતં ચરાચરં 'વિભેદ જનકે અજ્ઞાને નારામાત્યંતિકં ગતે આત્મનો બ્રહ્મણો ભેદમસન્તં કઃ કરિષ્યતિ' 'સ વૈ ન દેવાઅસુરમર્ત્યતિર્યઙ્ ન સ્ત્રી ન ષંઢો ન પુમાન્ ન જન્તુઃ । નાયં ગુણઃ કર્મ ન સન્નયાસન્નિષે ધશેષો જયતાદશેષઃ' સંસુપ્ત સંસુપ્તવચ્છૂન્યવદ પ્રતર્ક્યમ્' અરૂપવદેવ હિ તત્પ્રધાનત્વાત'' વિગેરે સેંકડો શ્રુતિ, સ્મૃતિસૂત્ર તથા પુરાણ સમૂહો પણ એજ વાતને પુષ્ટ કરી રહ્યાં છે કે 'બ્રહ્મ અનિર્દેશ્ય. (ઇદમિત્થતથા નિર્દેશ કરવા અયોગ્ય) અનાકાર, (આકાર વગરનું) અગ્રાહ્ય, (ગ્રહણ ન કરાય એવું) સર્વ વિશેષ શૂન્ય, નિર્ધર્મક, તથા ચિન્માત્ર (ચૈતન્યમાત્ર) છે.

બ્રહ્મવિષયમાં માયાવાદનો કેવલાનુભૂતિ પક્ષ

ખરી રીતે તો કેવળ અનુભૂતિજ (અનુભવ જ્ઞાન) બ્રહ્મ છે. માટે બ્રહ્મ નિર્વિશેષ છે એ વાત યુક્તિઓથી બહુ સારી રીતે સિદ્ધ થાય છે. 'ઘટોઅસ્તિ પટોસ્તિ' (ઘટ છે પટ

છે.) પટ, ઘટ અનુભવાય છે. અથવાં ઘટ તથા પટને હું જાણું છું વિગેરે સ્થળોમાં માલુમ પડે છે કે ઘટ, પટ વિગેરે બધાય પદાર્થો જેની અંદર આવી રહયાં છે. તે સર્વવ્યાપક 'જ્ઞાન પદાર્થ' બધાંથી જુદો જ છે. ઘટ, પટ વિગેરે પદાર્થોની સાથે સાથે અનુભૂતિ (જ્ઞાન) પણ લાગેલી જ છે. ઘટો અસ્તિની જગ્યાએ પટાદિનું વ્યાવર્તન (જુદાપણું) થાય છે. અને પટો અસ્તિ ને ઠેકાણે ઘટાદિની આવૃતિ થાય છે. પરંતુ અનુભવ અથવા જ્ઞાન તો બધાની સાથે લાગ્યું જ હોય છે, તેની વ્યાવૃતિ (અટકાવ) કયારે પણ થતી નથી. જ્ઞાન સ્વતંત્ર છે. અને અન્ય સર્વ પરતંત્ર છે. વખતોવખત બધાં પદાર્થો જ્ઞાનથી અલગ થતાં રહે છે. કિંતુ કોઈથીયે પણ જુદું પડતું નથી અર્થાત જ્ઞાનની જયોતિ તો સદા માટે ઝળહળતી રહે છે. માટે જ સ્વતંત્ર, અવ્યાવૃત (જુદુ ન થનારું) સર્વત્ર અનુવર્તમાન અને બધામાં મળીને રહેતું એવું એક જ્ઞાન જ પરમાર્થ અને નિત્ય, સત્ય છે. અને વારાફરતી વખતો વખત જ્ઞાનથી જુદા પડનારા ક્ષણિક, તથા પરતંત્ર સર્વ પદાર્થો અપરમાર્થ અને અનિત્ય છે, મિથ્યા છે, સતા અને અનુભૂતિમાં પણ કશો ભેદ નથી કારણકે અન્યોન્યાભાવનું બીજું નામ ભેદ છે તે અભાવ કોઈના ગ્રહણ કરવામાં આવતો નથી. માટે એ કહી શકતા નથી કે સતા અને અનુભૂતિ માંઅલગ અલગ છે. વળી અનુભુતિ એક જ પદાર્થ છે. ભેદ માત્ર ગ્રહણ કરવામાં આવતો નથી. માટે વાસ્તવમાં કોઇ અન્ય પદાર્થ જ નથી કારણ કે જાત્યાદિયુકત પદાર્થોનું જયારે જ્ઞાન થાય ત્યારે ભેદ માલુમ પડે છે. અને બે પદાર્થોનો જયારે ભેદ માલુમ પડે છે ત્યારે જાત્યાદિનું ગ્રહણ થાય છે. માટે આવા દોષરૂપ અન્યોન્યાશ્રયના આવી પડવાથી ભેદ જ દુર્નિરૂપ છે (નિરૂપી શકતો નથી)

ઘટપટાદિ બધા જ પદાર્થો જ્ઞાનના વિષય બને છે. તેઓનું પ્રત્યક્ષ જ્ઞાનથી થાય છે, માટે જ તે બધાં જડ છે. આવો એક સિદ્ધાંત છે કે જે કોઇ પદાર્થ અન્યનો વિષય થતો હોય અથવા જેનું ગ્રહણ બીજાથી થતું હોય તો તે વસ્તુ જડ છે જ્ઞાન કોઇનો વિષય નથી માટે તે જડ નથી પણ ચેતન તથા સ્વયં પ્રકાશ છે. અનુભૂતિ, અનુભવ, જ્ઞાન, સંવિત્ અને સત્ આ બધા એક જ પદાર્થનાં જુદાં જુદાં નામો છે. તો હવે એ સિદ્ધ થયું કે કોઇ અન્યનો વિષય ન હોવાથી અજડ હોવાથી, ચેતન હોવાથી નિત્યને સત્ય હોવાથી અનુભૂતિ (જ્ઞાન) જ બ્રહ્મ છે અને તે નિર્વિશેષ નિર્વાણ છે તથા શુદ્ધ બુદ્ધને નિત્ય મુક્ત છે. અને એ નિર્વિશેષ બ્રહ્મથી જુદાં જેટલાં પદાર્થો છે તે બધાં જ જડ અનિત્ય કે અસત્ય છે. વધારે તો શું, તે બધું નીરૂં અજ્ઞાન જ છે જેમ જ્ઞાન પદાર્થ અનાદિ છે તેમ 'અહમજ્ઞઃ હું

અજ્ઞાની છું. આ અનુભવથી સિદ્ધ થયેલું એક અજ્ઞાન પણ અનાદિ પદાર્થ છે, જ્ઞાનનો અભાવ અજ્ઞાન નથી, પણ જ્ઞાનથી વિરૂદ્ધ પદાર્થને જ અજ્ઞાન કહે છે. અહીં વિરોધાર્થમાં 'નમ્' છે, જેમ અમિત્ર કંઇ મિત્રનો અભાવ નથી. પણ મિત્રથી વિરૂદ્ધ પદાર્થ જ અમિત્ર કહેવાય છે. જેમ ભૂતલથી જુદો અભાવ પદાર્થ કોઇ નથી એ વાત તો અમે પહેલાં કરી આવ્યા છીએ, માટે અજ્ઞાન પણ ભાવરૂપ અનાદિ સિદ્ધ પદાર્થ છે. એ અજ્ઞાન પણ ભાવરૂપ અનાદિ સિદ્ધ પદાર્થ છે. એ અજ્ઞાન સત્ કે અસત્ બેમાંથી એકે પ્રકારનું ન હોવાથી અનિર્વચનીય છે. અને એનેજ મિથ્યા કહે છે. અને તેજ (અજ્ઞાન) માયા, અવિદ્યા, મલિનસત્ત્વ, શુદ્ધ સત્ત્વ વિગેરે વિગેરે અનેક નામોથી નિર્દેશાયું છે. તે અજ્ઞાન બ્રહ્મસ્વરૂપ અનુભવનો તિરોભાવ કરે છે એ માટે જ્ઞાનને પોતામાં 'હું જ્ઞાતા છું' સર્વજ્ઞ છું, કર્તા છું, ભોક્તા છું, અલ્પજ્ઞ છું. હું સુખી તથા દુઃખી છું વિગેરે અનેકાનેક ભ્રમો થવા લાગે છે. માટે જ તે (જ્ઞાન) તે અવસ્થામાં ઈશ્વર (શબલ) જીવ, વિગેરે શબ્દોથી ઉલ્લેખાય છે. વાસ્તવમા તો નથી તે જ્ઞાતા, નથી કર્તા, નથી ભોક્તા, નથી સર્વજ્ઞ કે નથી, 'અહં' પ્રત્યયથી જાણી શકાતો અજ્ઞાનયુક્ત જ્ઞાન જ અહંપ્રત્યયવેદ્ય (હું પ્રતીતિજ્ઞેય) વિગેરે છે. અર્થાત્ 'હું' આ સમજથી સમજાય છે વધારે તો શું, પણ જ્ઞાતા, જ્ઞેય, જગત્ બધું ભ્રમમાત્રજ છે, વાસ્તવમાં કંઇ પણ બીજું નથી, નાસદાસીન્નોસદાસીત્' ઇત્યાદિ પ્રમાણોથી તે અજ્ઞાન અનિર્વચનીય છે.

કહેવાની મતલબ એ જ છે કે 'અહં આત્માનં જાનામિ' હું મારા આત્માને જાણું છું' આ વાકયથી જે કંઇ અહંરૂપ જ્ઞાતા આત્મરૂપ જ્ઞેય, અને 'જાનામિ' ઇત્યાકારક જ્ઞાન, આ ત્રણ જુદા જુદા પદાર્થોની પ્રતીતિ થઇ રહી છે. તે માત્ર અજ્ઞાનથી જ થઇ રહી છે. જ્ઞાતા જ્ઞેય 'અહં' વિગેરે બધું તે અજ્ઞાન અર્થાત્ વિવિધ વિક્ષેપ કરનારી માયાનું (અજ્ઞાનનુ) જ કાર્ય છે, 'અહં

(ક્રમશઃ)

આ માસના ઉત્સવ

જેઠ વદ તા. ૧૪–૬–૮૫ શુક્રવાર યોગીની એકાદશી વ્રત.
અષાડ સુદ ૩ તા. ૨૧–૬–૮૫ શુક્રવાર રથયાત્રા.
અષાડ સુદ ૫ તા. ૨૩–૬–૮૫ રવિવાર.
શ્રી દ્વારકાધીશજી (કાંકરોલી) પાટોત્સવ ગ્રીષ્મઋતુ પૂરી થઈ.
અષાડ સુદ ૬ તા. ૨૪–૬–૮૫ સોમવાર કસુંબા છઠ્ઠ
વર્ષા ઋતુની શરૂઆત થઈ ભાદરવા સુદ ૧૦ સુધી
અષાડ સુદ ૧૦ તા. ૨૮–૬–૮૫ શુક્રવાર બેંગણુ દશમ
અષાડ સુદ ૧૨ તા. ૨૯–૬–૮૫ શનિવાર
દેવશયની એકાદશી વ્રત ચાતુર્માસના વ્રતના નિયમનો આરંભ-
અષાડ સુદ ૧૫ તા. ૨–૭–૮૫ મંગળવાર
ગુરુપૂર્ણિમાં કચોરી પૂનમ.
અષાડ વદ ૨ (વ્રજ શ્રાવણ કૃષ્ણ પક્ષ)
ગુરુવાર તા. ૪–૭–૮૫ હિંડોળા પ્રારંભ.
અષાડ વદ ૪ તા. ૬–૭–૮૫ શનિવાર.
શ્રીગોકુલનાથજી (ગોકુલ) અને શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન)નો પટોત્સવ.

રાજકોટ – શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ શ્રી ના અધ્યક્ષસ્થાને અને પૂ. પા. ગોસ્વામી બાલકોના સાનિધ્યમાં તા. ૧૩ થી ૧૫-૪–૮૫ એમ ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં "શ્રી સિધ્ધાંત રહસ્ય" ગ્રંથ ઉપર પરિચર્યા, "પુષ્ટિમાર્ગ અને અનન્ય આશ્રય" મુખ્ય વકતા પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી તથા પૂ. પા. ગો. પુરુષોતમ લાલજી બાવાશ્રી શ્રી સર્વોતમ સ્તોત્રના સમૂહ પાઠ, મહિલા મંડળના કળશ-રાસ વગેરે, શોભાયાત્રા, વધાઈ કીર્તન અને રાત્રે સભામાં વિદ્વાનો તથા પૂ. પા. ગો. બાલકોના પ્રવચનો દ્વારા ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો.

મુલુંડ – શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૦૭ મો પ્રાગટ્ય મહોત્સવ પૂ. પા. ગો. શ્રી રમેશ કુમારજી મહોદયની અધ્યક્ષતામાં ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો.

શોભાયાત્રા શ્રી મદન મોહન પ્રભુની હવેલીએથી પ્રારંભ થઇ મુલુંડમાં મેઈન રોડ પરથી પાછી હવેલીએ પહોંચી સભાના રૂપમાં ફેરવાઇ હતી સભામાં અ. સૌ. નિકુંજલતા બેટીજીએ તથા અધ્યક્ષ મહોદયે અને વિદ્વાનોએ પ્રવચનો કરેલા હતા છેલ્લે વધાઇ–કીર્તન અને આશ્રયના પદ સાથે કાર્યક્રમ સમાપન થયો હતો.

સિંહોર – શ્રી મહાપ્રભુજીનો પ્રાગટ્ય મહોત્સવ શ્રી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. તેમાં શ્રી સર્વોતમજી ના પાઠ, શોભા યાત્રા, આરતીની હરિફાઈ, રાસ–ગરબા વગેરેનો કાર્યક્રમ થયેલ હતો.

આ ઉપરાંત, વાંકાનેર, મોરબી, વઢવાણ, પારડી, જામજોધપુર, માણાવદર, વગેરે સ્થાનો પર પણ શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

SHREE VALLABH SUDHA Regd No. G/RJ. 212

શ્રી અષ્ટાક્ષર મહામંત્ર

"શ્રી" યુત કૃષ્ણ શ્રીદાતા છે, હાં શ્રીદાતા છે
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરણં મમ'** ૧

"કૃ" કાર પાપ વિદારે છે, હાં વિદારે છે
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરણં મમ'** ૨

"ષ્ણ" કારથી ત્રિતાપ ટળે, હાં ત્રિતાપ ટળે
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરણં મમ'** ૩

"શ" રણ મિટાવે જન્મ મરણ, હાં જન્મમરણ
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરણં મમ'** ૪

"ર" મણ પ્રભુમાં જ્ઞાન કરાવે, હાં જ્ઞાન કરાવે
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરમં મમ'** ૫

"ણં" ભકિત સુદઢ બનાવે, હાં સુદઢ બનાવે
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરણં મમ'** ૬

"મ" કાર પ્રીતિ ગુરુમાં સ્થાપે, હાં ગુરુમાં સ્થાપે
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરણં મમ'** ૭

"મ" થી મળે સાયુજ્ય પ્રભુમાં, હાં સાયુજ્ય પ્રભુમાં
તેથી રટ ભાવે : **'શ્રીકૃષ્ણ : શરણં મમ'** ૮

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

શ્રીવલ્લભસુધા

॥ શ્રી હરિઃ ॥

રાગ – બિહાગ

નીકો લાગત પુરુષોત્તમ માસ;
જાકી મહિમા જગત બખાનત,
કરત ભકત સબ જાકી આસ ૧

આપહી સૂર્ય આપહી ચંદા,
આપહી કો સબ હોત પ્રકાશ,
આપહી જોગ ભોગ સબ અર્પત,
વેહી પ્રભુ મમ મન હોત ઉલ્લાસ ૨

જયોં જયોં દાન કરત પ્રભુનહિત,
ત્યોં ત્યોં બઢત પ્રેમકી આસ,
'સૂરદાસ' પ્રભુ સબકા સ્વામી,
મોય રાખો ચરનનકી પાસ ૩

વર્ષ ૪ : અંક ૪ ✤ જુલાઇ, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

॥ શ્રી ગોકુલેશો જયતિ ॥

સંસારી જીવન અસંબદ્ધ વાર્તા

એક આંધળો, એક બહેરો, એક લંગડો અને એક નગ્ન એ ચાર બેઠા હતા. ત્યારે આંધળાએ કહ્યું કે "જુઓ છો, પર્વત ઉપર કીડીઓ ચાલી જાય છે?" ત્યારે બહેરાએ કહ્યું કે "હાં, હાં, ખડખડ તો ભાઇ સાંભળ્યું." ત્યારે લંગડાએ કહ્યું કે "ચાલોને પકડી લાવીએ." ત્યારે નગ્ન (વસ્ત્ર વિનાના) એ કહ્યું કે "ના ભાઈ, મારા કોઇ વસ્ત્ર લઇ લે!" આ વાતનો સાર એ છે કે આવા પ્રકારનું સર્વ કોઈ લોકો બોલે છે તે અસંગત છે. (અયોગ્ય છે) યોગ્ય તો કોઇ બોલી જાણતું નથી.

આ વાર્તાનો સાર એ છે કે માયાથી જીવ આંધળો, બહેરો, લંગડો અને નગ્ન છે. તે જીવ અજ્ઞાનથી આંધળો છે. તે સંસારરૂપી પર્વત ઉપર ચડવા મથે ત્યારે સુખ દુઃખનો ખડભડાટ થાય છે. તેમાં મન કારણ છે, ને બહેરો જે સાંભળી ન શકે છતાં ખડભડાટના મિથ્યા વચન બોલે છે. જીવ પાંગળો હોવા છતાં તે પકડવા (મિથ્યા વસ્તુને) ઇચ્છે છે, ને આત્મા તો નિર્વિકાર નિર્દોષ છે, છતાં જીવ માયારૂપી વસ્ત્રથી વિંટાયેલો હોવાથી મિથ્યા બોલે છે કે હું લુંટાઇ જઇશ.

જીવ જે ભગવાનનો અંશ છે ને ભગવાન અંશી છે. છતાં જીવને માયા લાગવાથી સચ્ચિદાનંદ એવા પરમાત્માની સેવા મૂકી કેવો અસાર સંસાર તરફ દોડયો જાય છે. તેનું આ સુંદર દ્રષ્ટાંત શ્રીજીએ આપ્યું છે.

–શ્રી ગોકુલેશ સુબોધ વાર્તા સુધા–૮

સમાચાર

જુનાગઢ શ્રીપુરુષોત્તમ પાઠશાળા તરફથી સ્વમાર્ગીય શુદ્ધાદ્વૈતની સુરતની પરીક્ષાંમાં ઉતીર્ણ થયેલ વૈષ્ણવ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ તથા ઇનામ પ્રાપ્ત અને પંચમી પરીક્ષા 'શુદ્ધાદ્વૈત વિશારદ'ની ડીગ્રી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીને ચાંદીનું ચંદ્રક પૂ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજીના બેટીજીના વરદ્ હસ્તે તા. ૧૯–૫–૮૫ના રોજ મોટી હવેલીમાં મેળાવડામાં વિતરણ કરવામાં આવેલ પરિક્ષામાં પસાર થયેલ બાલકોને જુના મંડાણમાં મહાપ્રસાદ લેવરાવવામાં આવેલ તેમજ અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલ શ્રીનાથજીના મંદિરમાં પોલીસોએ મંદિરના દરવાજા તોડી ગેરવ્યાજબી દમન ગુજાર્યું તેના વિરોધનો ઠરાવ કરી સરકારને જુનાગઢ પરિષદના શાખાએ મોકલેલ.

જુનાગઢ શ્રી પુરુષોત્તમ પાઠશાળાના બાળકોનો એક યાત્રા પ્રવાસ શ્રીનાથદ્વારા, ખીમનોર, કાંકરોલી, ઉદેપુર વગેરે સ્થળનો તા. ૧–૬–૮૫ થી ૮–૬–૮૫ સુધીનો યોજવામાં આવેલ આ પ્રવાસના સંચાલક જુનાગઢના શ્રી નંદલાલ મોહનલાલ તથા બિલખાના શ્રી મગનલાલ નાનજીભાઈ હતા.

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :

* પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન

* શ્રી મગનભાઇ લા. તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિંદ

* શ્રી રવજીભાઇ પ. પટેલ

✻

વર્ષ ૪ : અંક ૪ થો
જુલાઇ, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

'વાસનાનું વિષ'

સુખ તથા દુઃખ બન્ને સ્થિર રહેતાં નથી, આવે છે અને જાય છે. તેથી તે ભોગવતાં જો તેમાં મમતા બાંધી હોય, તો તે ગયા પછી તેના સંસ્કારો હૃદયમાં રહી જાય છે અને તેવા અનેક જન્મના સંસ્કારો હૃદયમાં છવાય રહેવાથી, હૃદય તે તે વાસનામય બની જાય છે. જેમ કોઇ ડાબલામાં ઘણા વખત કપૂર રહ્યું હોય તે કપૂર નીકળી ગયા પછી પણ તે ડાબલામાંથી કપૂરની વાસ જતી નથી અને તે ડાબલો સુગંધમાં કપૂર રૂપ જ લાગે છે. તે જ પ્રમાણે આપણા અંતઃકરણની સ્થિતિ સમજાય છે. અગણિત જન્મોના અગણિત સંસ્કારોથી હૃદય તે તે વાસના રૂપ જ થઇ ગયું છે અને તેવા અંતઃકરણના અધ્યાસથી હું અંતઃકરણ છઉં, એમ આત્માએ માની લીધેલું હોવાથી આત્માની નિર્મળતા તેમ પરમેશ્વરના સ્વરૂપનું કે ગુણ કિર્તન વગેરેનું જે પરમ આનંદપણું છે તેને અંતઃકરણ અનુભવી શકતું નથી.

—વૈદ્યશાસ્ત્રી પ્રાણશંકર વિઠ્ઠલજી ભટ્ટ

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૯ મો)

સર્વભૂતસ્થિત યોમાં ભજત્યેકત્વમાસ્થિતઃ ।
સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે ।૩૧।

એકી ભાવને પામેલો જે પુરુષ સર્વે પ્રાણીઓમાં રહેલા મને ભજે તે, યોગી દરેક પ્રકારે વર્તતો હોવા છતાં મારામાં રહે છે. ।૩૧।

અને વળી, જે પ્રાણીમાત્રમાં રહેલો છે, એટલે કે સર્વે જીવોમાં રસભોગને અર્થે અથવા અલૌકિકોમાં નિરોધ અર્થે રહેલો છે, અને એકત્વે એટલે કે ભગવદીયતાથી સજાતીયપણે જે રહેલો છે તે મને ભજે છે, તે યોગી કહેવાય છે. અથવા તેઓમાં સર્વથા દાસ્ય વગેરે ભાવના ઉપદેશ અર્થે રહેલો છે તે મારામાં રહે છે, એટલે કે મારા સ્વરૂપમાં રહેલો છે, એમ અર્થ છે. ।।૩૧।।

આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઽર્જુન
સુખ વા યદિ વા દુઃખં સ યોગી પરમો મતઃ ।૩૨।

હે અર્જુન, જે યોગી સર્વત્ર થતા સુખને અથવા દુઃખને પોતાને થતું હોય તેમ સમાન ભાવે સમજે છે, તે યોગી શ્રેષ્ઠ મનાયેલો છે. ।।૩૨।।

અરે, સર્વત્ર એકીભાવથી શી રીતે વર્તે એવી શંકાના જવાબમાં 'આત્મૌપમ્યેન' વગેરે શબ્દોથી કહે છે. પોતાની સમાન માને એટલે કે જેવી રીતે અંતર્હિત કૃપાથી સંયોગરસની પ્રાપ્તિમાં પોતાનું સુખ માને અને વિયોગરસની પ્રાપ્તિમાં પોતાનું દુઃખ માને તેમ, સર્વત્ર એટલે કે સર્વે જીવોનાં સુખ કે દુઃખને પોતાનાં સુખ દુઃખની સમાન જુએ તે યોગી છે, એવો મારો શ્રેષ્ઠ મત છે, એવો અર્થ છે. અહીં આ ભાવ છે: જેવી રીતે પોતાને થતાં સુખ, દુઃખ આદિના રસાત્મકપણાનો અનુભવ તેના અંશરૂપ અલ્પ જ્ઞાનથી થાય છે તેવી જ રીતે બધાને થાય છે. પરંતુ ભક્ત જીવોને થતો સુખ કે દુઃખનો એ અનુભવ આકર્ષક હોય છે. એ પ્રમાણે જેનું સ્ફુરણ સર્વત્ર અલૌકિક હોય તે ઉત્તમ છે, એવો ભાવ છે. ।।૩૨।।

અર્જુન ઉવાચ —

યોઽયં યોગસ્ત્વયા પ્રોક્તઃ સામ્યેન મધુસૂદન
એતસ્યાહ ન પશ્યામિ ચંચલત્વાત્સ્થિતિં
સ્થિરામ ।।૩૩।।

અર્જુને કહ્યું, હે મધુસૂદન, જે આ યોગ આપે સમત્વ ભાવથી કહ્યો, તેની સ્થિતિ (મનની) ચંચળતાને કારણે મને સ્થિર લાગતી નથી. ।।૩૩।।

ઉપર કહેલા ભાવની સિદ્ધિ માટે સાધન શું ? એમ અર્જુન 'યઃ અયમ્ યોગઃ' વગેરે શબ્દોથી પૂછે છે.

અર્જુને કહ્યું, હે મધુસૂદન, હે દોષનું નિરાકરણ કરવા સમર્થ, આ યોગ આપે સમતાથી, એટલે કે સર્વત્ર થતાં સુખ કે દુઃખને પોતાને થતાં સુખ કે દુઃખની જેમ સર્વમાં સમત્વ ભાવથી કહ્યો. પરંતુ અભિમાનને કારણે તથા મનની ચંચળતાના કારણે આ યોગની સ્થિતિ મને સ્થિરતાવાળી લાગતી નથી. ।।૩૩।।

ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દૃઢમ્ ।
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ।।૩૪।।

હે શ્રીકૃષ્ણ, ખરેખર મન ચંચળ, વ્યગ્ર કરનારું, બળવાન અને હઠીલું છે; તેનો નિગ્રહ વાયુની જેમ હું અત્યંત દુષ્કર માનું છું. ।।૩૪।।

'ચંચલં હિ' વગેરે શબ્દોથી મનની ચંચલતા જ કહે છે. હે કૃષ્ણ, હે સદાનંદ, નિશ્ચયપુર્વક મન સ્વભાવથી જ ચંચળ છે, નહિ તો સદાય આનંદસ્વરૂપ એવા ભગવાનની ઉકિત હોવા છતાં પ્રશ્ન કરવાને હું શી રીતે તૈયાર થાઉં ? એમ 'હે કૃષ્ણ,' એવા સંબોધનથી સૂચવાયું છે. પ્રમાથી એટલે આત્યંતિક રીતે મથનશીલ, ઇંદ્રિયોને વ્યગ્ર કરનારું બલવત્ એટલે અતિ પ્રબળ, જ્ઞાન વગેરેનાં વચનોથી અસાધ્ય. દૃઢ એટલે પોતાના વિષયમાં અનુરાગ હોવાથી તેને નહિ છોડવાના સ્વભાવવાળું. એવા ગુણોવાળા મનનો નિગ્રહ એટલે કે મનને વશ કરવું તે અત્યંત દુષ્કર છે. પોતાના સુખને અર્થે તાપનું નિવારણ કરવા માટે આકાશમાં ફૂંકાઇ રહેલા વાયુનો ઘર વગેરે સ્થળોમાં નિરોધ કરવો અત્યંત દુષ્કર છે, અશકય છે. તેમ જ મનને વશ કરવું કઠિન છે, એમ હું માનું છું. અથવા વાયુ એટલે પ્રાણવાયુ દેહમાંથી નીકળી જતો હોય તેને રોકવો અશકય છે, એમ મનને વશ કરવું દુષ્કર છે, એમ હું માનું છું, એવો ભાવ છે. ।।૩૪।।

શ્રી ભગવાન ઉવાચ—

અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહ ચલમ્ ।
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ।।૩૫।।

શ્રી ભગવાને કહ્યું, હે મહાબાહુ અર્જુન ખરેખર મન ચંચળ અને કઠિનતાથી વશ થાય તેવું છે, પરંતુ હે કુંતીપુત્ર અર્જુન, અભ્યાસ અને વૈરાગ્યથી તે વશમાં લેવાય છે. ।।૩૫।।

એ પ્રમાણે અર્જુને કહેલ મનનું ચંચળપણું વગેરેનો સ્વીકાર કરીને, ભગવાન તેનો નિગ્રહ કરવાનું સાધન 'અસંશયમ્' વગેરે શબ્દોથી કહે છે.

ભગવાને કહ્યું, હે મહાબાહુ, હે કાર્ય કરવાને યોગ્ય શકિતવાળા, મન કઠિનતાથી વશ થાય તેવું ચંચળ છે, એમ જે તું કહે છે તેમાં શંકા નથી, મન ખરેખર તેવું હોય તો પણ હે કૌન્તેય, હે મારા વચનમાં એક માત્ર વિશ્વાસ રાખવાને યોગ્ય, હે ભકતપુત્ર,

અભ્યાસથી મન જ્યાં જ્યાંથી ચલિત થાય ત્યાં ત્યાંથી, એમ પહેલાં (૬–૨૬ માં) કહેવાયું છે, તે પ્રમાણે અન્યત્ર હીનતાના જ્ઞાનપૂર્વક અને મારા પ્રત્યે ઉત્તમતાના જ્ઞાનપૂર્વક મને અનુસરવાની રીતે મનની ચંચળતા વશ થાય છે. અને વળી, તેવા પ્રકારના જ્ઞાનથી મારા સંબંધની અતિશયતામાં વૈરાગ્ય વડે તે વશ કરાય છે, એમ અર્થ છે. ॥૩૫॥

અસંયતાત્મના યોગો દુષ્પ્રાય ઇતિ મે મતિઃ ।
વશ્યાત્મના તુ યતતા શકયોડવાપ્તુમુપાયતઃ ।૩૬।

જેનું મન વશમાં નથી તેવા પુરુષથી યોગ પ્રાપ્ત થવો કઠિન છે, એમ મારી માન્યતા છે; પરંતુ સ્વાધીન મનવાળા વડે પ્રયત્ન કરનારથી સાધનો દ્વારા (યોગને) પ્રાપ્ત કરવાનું શકય છે. ॥૩૬॥

હવે, જે પુરુષ મન ચંચળ છે એમ જાણીને અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા મનને વશ કરવા માટે પ્રયત્ન કરવાનું ઇચ્છતો નથી તેને યોગ પ્રાપ્ત થતો નથી, એમ 'અસંયતાત્મના' વગેરે શબ્દોથી કહે છે. અસંયત આત્મા વડે એટલે કે ઉપર કહ્યા પ્રમાણે અભ્યાસ અને વૈરાગ્યથી મનને વશ કર્યું નથી તેવા પુરુષથી યોગ એટલે મારા મારા સંયોગવાળો યોગ ભારે કષ્ટથી પણ પ્રાપ્ત કરવો શકય નથી. પરંતુ વશ થયેલા મનથી એટલે કે અભ્યાસ અને વૈરાગ્ય વડે વશ કરેલ મનવાળો યત્નપૂર્વક એટલે કે મારા સંયોગને માટે યત્ન કરવાથી યોગને પ્રાપ્ત કરવો શકય છે, એવો મારો અભિપ્રાય છે. અહીં પોતાનો અભિપ્રાય છે, એવા કથનથી મારા કથનમાં વિશ્વાસપૂર્વક જે યત્ન કરે છે તેને મારા સંયોગનું ફળ અવશ્ય મળે છે, પરંતુ તેને માટે મનનો નિગ્રહ કરવો જરૂરી છે, એમ દર્શાવ્યું છે. ॥૩૬॥

અર્જુન ઉવાચ

અયતિઃ શ્રદ્ધયોપેતો યોગાચ્ચલિતમાનસઃ ।
અપ્રાપ્ય યોગસંસિદ્ધિં કાં ગતિં કૃષ્ણ ગચ્છતિ ।૩૭।

અર્જુને કહ્યું, હે શ્રીકૃષ્ણ, શ્રદ્ધાથી યુકત, પૂરો પ્રયત્ન નહિ કરનાર, યોગથી ચલિત થયેલા મનવાળો, યોગની ઉત્તમ પ્રકારની સિદ્ધિને પ્રાપ્ત કર્યા વિના તે કઇ ગતિને પામે છે ? ॥૩૭॥

જો એમ માનીએ તો, આપના વચનમાં કેવળ શ્રદ્ધાથી, અને અભ્યાસ કે વૈરાગ્ય વગર પ્રયત્ન કરે તો પછીથી તે સિદ્ધિને પ્રાપ્ત કરે કે નહિ ? એમ અર્જુન પ્રભુને 'અયતિઃ' વગેરે શબ્દોથી વિનતિ કરે છે.

અર્જુને કહ્યું, શ્રદ્ધાપૂર્વક એટલે કે માત્ર આપના વચનમાં શ્રદ્ધા રાખીને પ્રવૃત્ત થયેલો એટલે કે ભગવાનના સંયોગરૂપ યોગને માટે પ્રવૃત્ત થયેલો, અભ્યાસ અને વૈરાગ્યમાં પ્રયત્ન વગરનો, સ્વરૂપના જ્ઞાનના અભાવથી યોગથી ચલિત થયેલા મનવાળો થઇ જાય તેથી યોગની સિદ્ધિને પણ તે પ્રાપ્ત કરી શકતો નથી. એમ હોવાથી અર્જુન કહે છે કે હે કૃષ્ણ, હે સદાનંદ, યોગની સિદ્ધિને પ્રાપ્ત કર્યા વગર, આપના વચનમાં વિશ્વાસ રાખીને પ્રવૃત્ત થયેલની સિદ્ધિ યોગ્ય જ છે. એમ

કહીને 'કઇ ગતિને તે પામે ?' એમ ભગવાનને પૂછે છે. ।।૩૭।।

કચ્ચિન્નોભયવિભ્રષ્ટશ્છિન્નાભ્રમિવ નશ્યતિ ।
અપ્રતિષ્ઠો મહાબાહો વિમૂઢો બ્રાહ્મણઃ પથિ ।૩૮।

હે મહાબાહુ શ્રીકૃષ્ણ, બ્રહ્મના માર્ગમાં સ્થિર નહિ થયેલો, મોહમાં પડેલો, બંનેમાંથી ભ્રષ્ટ થયેલો, વિખૂટા પડેલા વાદળાની જેમ શું નાશ નથી પામતો ? ।।૩૮।।

સ્વમતિ અનુસાર કલ્પના કરેલ સંદેહની પૂર્ણ નિવૃત્તિ માટે, સ્વમતિ અનુસાર થયેલ સંદેહને જ અર્જુન 'કચ્ચિત્' વગેરે શબ્દોથી દર્શાવે છે. પહેલાં શરૂ કરેલ કર્મ વગેરેના ત્યાગથી, યોગમાર્ગમાં આધાર વગરનો થયેલો અભ્યાસના અભાવે સ્વરૂપના જ્ઞાન વગરનો હોવાથી બ્રહ્મના માર્ગમાં એટલે કે ભગવાનની પ્રાપ્તિ એ જ એક માર્ગમાં વૈરાગ્યના અભાવથી મોહમાં પડેલો, હે મહાબાહુ, હે સર્વ પ્રકારની કૃપા કરવાને સમર્થ, એ પ્રમાણે બંને માર્ગથી ભ્રષ્ટ થયેલો, છૂટા પડી ગયેલા વાદળાની જેમ, એટલે કે પહેલાંનાં વાદળાંથી છૂટું પડેલું વાદળું અન્ય વાદળામાં નહિ ભળી જવાથી વચ્ચે જ નાશ પામે છે તેમ, પહેલાના ધર્મના ત્યાગથી સ્વધર્મથી ઉપાર્જિત મોક્ષના ફળ વગરનો, ભગવાનના માર્ગના સ્વરૂપને નહિ જાણવાથી પોતાના સ્વરૂપના સંયોગ વગરનો, એટલે કે જીવના સ્વરૂપની પ્રાપ્તિના ભાવ વગરનો એવો તે શું નાશ તો નથી પામતોને ? ।।૩૮।।

એતન્મે સંશયં કૃષ્ણ છેત્તુમર્હસ્યશેષતઃ ।
ત્વદન્યઃ સંશયસ્યાસ્ય છેત્તા ન હ્યુપપદ્યતે ।૩૯।

હે શ્રીકૃષ્ણ, મારા આ સંશયને સંપૂર્ણપણે કાપી નાખવાને આપ સમર્થ છો. આ સંશયનો નાશ કરનાર આપના સિવાય બીજો કોઇ યોગ્ય નથી. ।।૩૯।।

હે શ્રીકૃષ્ણ, હે દાસ્યભાવથી સદાનંદનું દાન કરવાને સમર્થ, આ મારો સંશય એટલે કે મારા મનમાં ઉદ્ભવેલો આ સંશય છે, તે માત્ર આપનાં વચનોમાં વિશ્વાસ રાખવાથી નાશ નહિ થાય, પરંતુ મારો સંશય દષ્ટાંતવાળાં અને આજ્ઞારૂપ વાકયોથી પૂર્ણપણે દૂર કરવાને આપ જ શકિતમાન છો. અરે, અન્યત્ર ગુરુ વગેરે પ્રત્યે અથવા ભકતો પ્રત્યે વિનતિ કરીને સંશયને તું દૂર કર, એમ હોય તો તેના જવાબમાં 'ત્વદન્યઃ' વગેરે શબ્દોથી કહે છે. આ મારા અંતર્ગત સંશયને એટલે કે આપના મધુર એક વાકયમાં નિષ્ઠાવાળા એવા મારા સંશયો કાપી નાખવાને આપના વિના નિશ્ચયપૂર્વક બીજો કોઈ યોગ્ય નથી. ।।૩૯।।

॥ શ્રી વલ્લભ : ॥

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

ભયંકર ઠગો પણ વૈષ્ણવ થયા

લેખક-પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી.

[ગતાંકથી ચાલુ]

[ગતાંકમાં પતિના આપત્તિ કાળમાં પત્નિએ કેવો ધર્મ બજાવ્યો, વિશ્વાસઘાત થયો વગેરે હકીકત વાંચી. હવે વિશ્વાસઘાતનું પરિણામ, ઠગ લોકોના માનસ પરિવર્તન કેવી રીતે થયું વગેરે જાણવા માટે આગળ વાંચીએ.
-સંપાદક]

બીજો વેપારી-ભાઈ શ્યામસીંગ ! આ બધો માલ તમારા ભાગ્યનો છે અને તમારો જ છે, કારણ કે જમીન તમે પારખી આપી છે. માટે હવે તો આ માલમાંથી તમે જે આપો તે જ હું લઇશ. પરંતુ હજુ થોડો સમય રોકાઇ જાઓ તો બીજી જમીન લઇએ ને ખોદાવીએ. પછી તમારી ઇચ્છા.

શ્યામસીંગ-ભાઈ! હવે તો મારે ઘેર જવું જ છે. માટે મને મારો ભાગ આપો. મારે વધારે કંઇ પણ જોઇતું નથી તમે ભલાઈ રાખી એટલો તમને ધન્યવાદ.

પછી વેપારીએ શ્યામસીંગને ઘણો માલ આપ્યો અને પોતે થોડો રાખ્યો. શ્યામસીંગને ભક્તરાજ જાણી સ્નેહભરી વિદાય આપી.

જગ્ગુ-મંગુ ! તે કાંઈ સાંભળ્યું ? શ્યામુને દગો કરનાર વેપારીના ઘરમાં આગ લાગી અને બધું....સાફ. એતો રસ્તાનો રઝળતો ભિખારી થઈ ગયો. બિચારા ઘણા પરદેશીઓને લુંટયા હતા. આ ભકતની હાય લાગી.

મંગુ-સારૂં થયું જે આપણે કાળા હાથ કરવા ન પડયા. દગો કોઇનો સગો નથી. ઇશ્વરને ઘેર તો ન્યાય જ છે. તે આવા ભકતનો અપરાધ કેમ સહન કરે ? પણ જગ્ગુ હવે આપણે એક કામ કરીએ. આ ભકત શ્યામસીંગને સહિ સલામત માલ સાથે તેને ઘેર પહોંચાડવાનું કારણ કે માર્ગમાં ઠગ લુંટારાઓ ઘણા છે. આપણા જીવના જોખમે પણ આપણે એ ભકતની એટલી સેવા કરીએ. એમ કહીને શ્યામસીંગની પાસે ગયા

શ્યામસીંગે હવે જવાની તૈયારી કરવા લાગ્યા. કોઇ સારા ચાર માણસને સાથે લઈ જવા વિચારી રહ્યા હતા. ત્યાં જગ્ગુ, મંગુ પહોંચ્યા.

જગ્ગુ-મંગુ-ભાઈ, શ્યામસીંગ ! અહીંથી જતાં રસ્તામાં ચોર, લુંટારા, ઠગો વગેરેનો બહુ જ ભય છે. અમે રસ્તાના ભોમિયા છીએ, અને તમને સહી સલામત ઘેરે પહોંચાડીશું અમારા ઉપર અને પ્રભુ ઉપર વિશ્વાસ રાખજો. અમે ચાર મિત્રો છીએ. અમને તમારા નાનાભાઈ જ માનજો.

શ્યામસીંગ-ભલે ભાઇ તમે તો મને પહેલા વેપારીથી ચેતવ્યો હતો. પણ વાત થયા પછી ફરવું એ તો ઠીક નહિ. તેથી પ્રભુ ઇચ્છા માની લીધી. હું પણ ચાર વિશ્વાસુ માણસની શોધમાં હતો, ત્યાં તમે જ આવી ગયા. ચાલો તમે આજે તૈયાર થઇ જાઓ. કાલ સવારમાં જ ચાલશું. રક્ષણ માટેની તમારે કરવી ઘટે તે તૈયારી કરી લેજો.

પહેલો વેપારી-શ્યામુભાઇ ! તમને દગો કર્યો એટલે મારૂં બધું બળી ગયું. ખાવાનું પણ રહ્યું નહિ. મારા ઉપર કૃપા કરો. હું તમારે શરણે છું.

શ્યામસીંગ-ભાઇ ! તમે કોચવાશો નહિ. લ્યો આ સો રૂપિયા અને ઘર વસાવો.

જગ્ગુ-કેમ વેપારીભાઇ ! શ્યામસીંગ તો ભકતરાજ છે. જોયો તેના અપરાધનો પરચો ? તેણે તો ભકતરાજને યોગ્ય ઉદારતા બતાવી. પણ હવેથી કોઇને દગો વિશ્વાસઘાત ન કરતા. ડાહ્યા થશો નહિં તો આનાથી પણ માઠાં પરિણામ ભોગવવા પડશે. સમજ્યા ?

પછી પૂરતી તૈયારી કરી અને સવારમાં વહેલા રસોઇ કરી, ભોગ ધરી, પ્રસાદ લઇને શ્યામસીંગ ચાર માણસો સાથે રવાના થયા.

ઠગ સરદાર-કેમ ભોપ્યાજી ! કેમ ઢીલા થઈ ગયા છો ? તબીયત તો સારી છે ને !

ભોપ્યાજી-શું કરૂં સરદાર ! હમણાં તો કોઈ બડદ હાથમાં આવ્યું નથી એટલે હાથમાં ખંજવાળ ઉપડી છે. કોઈ જડી જાય તો હાથ અજમાવું.

હીરાજી-હા સરદાર ! હમણાં તો કાંઈ નથી મળ્યું. એટલે મારો મગજ પણ ચસકી ગયો છે. કોઈ જડે તો ઠેકાણે આવે.

લુંબાજી-સરદાર ! આ મકકાઇના રોટલા ખાઇ ખાઇને હવે તો કંટાળો આવી ગયો છે. કોઇ હાથમાં આવે તો લાડુ જલેબી બરફી પેંડા ઉડાવીએ.

મંગાજી-અરે યાર ! બરફી પેંડાની કયાં વાત કરે છે. કોઇ બડદ નહિ મળે તો હવે તો ઉપવાસ ખેંચવા પડશે એનો વિચાર કર્યો ?

સરદાર-સાથીઓ ! મંગાજી સાચું કહે છે. પણ આજે તો મારો જમણો હાથ ફરકે છે. જરૂર કોઈ બડદ મળી જશે અને લાડુ જલેબીથી સહુના મોઢાં મીઠાં થશે. પછી મન માન્યા જલસા કરજો.

રૂગાજી-અરે જરા સાંભળો તો સરદાર ! કોઇ માણસ આવવાનો અવાજ આવે છે. એમ કહી જોયું તો શ્યામસીંગનો રસાલો ચાલ્યો આવે છે.

સરદાર-ચાલો હવે તૈયાર થઇ જાવ અને તેઓ નજીક આવે ત્યાં સુધીમાં વેપારીઓ જેવા ભલા માણસ બની જાવ. અને સૌ તૈયાર થઇ જાવ.

રૂગાજી-સરદાર ! આની સાથે ચાર માણસો પણ છે જેથી માલ ઘણો હશે.

આમ વાત કરે છે ત્યાં તો શ્યામસીંગ અને માણસો નજીક આવી ગયા અને આ અગીયાર ઠગો પણ સારા માણસ બની સાથે ચાલવા લાગ્યા.

શ્યામસીંગ-તમે કોણ છો ? અને અમારી સાથે કેમ ચાલો છો ?

સરદાર-અમે અહીંના શહેરના રાજાને ત્યાં નોકરી કરતા હતા. હવે તેણે અમને છૂટા કર્યા છે. જેથી નોકરીની શોધમાં છીએ.

શ્યામસીંગ-(મનમાં) આવા ભયંકર જંગલોમાં એકથી વધારે માણસો હોય તો સારૂં એમ સમજી તેઓને કહ્યું કે અમારી સાથે ચાલવું હોય તો બે રૂપીયા મહીનો અને ખાવાનું આપીશ. ઇચ્છા હોય તો સાથે ચાલો.

સરદાર-અમારૂં મહિનાનું કંઇ નહિ. અમે તો ચાલતાં ચાલતાં નોકરી મળે તો કયાંય રોકાય પણ જઇએ. નોકરી નહિ મળે ત્યાં સુધી સાથે ચાલશું.

એમ કહી સાથે ચાલ્યા અને લાગ જોવા લાગ્યા. એવામાં એક ગામ સામે દેખાયું એ એક ગાઉ દૂર હતું. ત્યાં એક સુંદર તળાવ આવ્યું અને સહુની ઇચ્છા ત્યાં જ રસોઇ કરી પ્રસાદ લઇને ગામમાં જઇને સુઇ રહેવાની થઇ. ઠગોને પણ જોઇતો હતો તેવો લાગ મળી ગયો અને રાજી થયા અને તૈયાર થઇ ગયા.

શ્યામસીંગ-(સાથેના ચાર માણસોને) તમે ચારે જણા સામેના ગામમાં જઈ સીધુ સામાન લઇ આવો. (પણ જગ્ગુ, મંગુ ચાલાક હતા.)

જગ્ગુ મંગુ-શ્યામસીંગ ! આ લોકોની ચાલ ચલગત અને વાતચીત સારી લાગતી નથી એટલે બે જણ જઇએ અને બે જણ તમારા પાસે રહીએ.

શ્યામસીંગ-આ બધા માણસો સારાં છે. કંઇ હરકત નથી. તમે જાઓ જલદી આવો. અને ચારે માણસો સીધુ સામાન લેવા ગયા.

સરદાર-સાથીઓ ! અત્યારે બરાબર દાવ છે. આંકડે મધ અને માખી વિનાનું છે. જલદી ખંખેરી જ લીયો. માલ ઘણો છે. જીંદગીભરનું સુખ થઇ જાય તેમ છે.

આ વાત શ્યામસીંગે સાંભળી અને ઠગોને પુછયું કે તમે આ શું વાત કરો છો.

ઠગો-અમે સારા માણસ નહિ પણ ઠગો છીએ અને તમારા ચાર માણસો અહીં આવે તે પહેલાં તમને મારી નાખી માલ લઇને રવાના થવાના છીએ. માટે ગુપચુપ મરવા તૈયાર થઇ જાવ. એમ કહી છુપાવેલ તલવાર કાઢી.

શ્યામસીંગ-ભલે તમારે એમ કરવું હોય તો એમ પણ હું જરા તળાવમાં ન્હાઇ લઉં.

ઠગો – અમે આ જંગલના ભયંકર ઠગો છીએ. અમારા હાથનાં આવેલ શિકાર કદિ પણ છટકી શકતો નથી ને સીધો યમદરબારમાં જ જાય છે અને માલ બધો હઝમ થઇ જાય છે. માટે છટકવાની આશા રાખતા જ નહિ.

રૂગાજી – સરદાર ! ભલે ન્હાઈ લીયે. માલ તો બધો આપણી પાસે જ છે ને !

પછી શ્યામસીંગે તળાવમાં નહાય શ્રી ગુસાંઇજીનું સ્મરણ કર્યું અને વિનતિ કરી કે હે પરમકૃપાળુ પ્રભુ ! મારો એવો તે કયો અપરાધ છે કે ઘેર પણ પહોંચ્યો નહિ. શ્રી ઠાકોરજીના ચરણસ્પર્શ પણ થયા નહિ. આપ

નવું પ્રકાશન

શ્રીમદ્ ભગવદ્ ગીતા, ભકિતયોગ ('પ્રમીલા' વ્યાખ્યા સહિત) ગ્રંથ મળ્યો. ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (વડોદરાવાળા)એ આ ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતાના બારમા અધ્યાય ઉપર ટીકારૂપે લખેલો છે, તે મૂળે સંસ્કૃતમાં લખેલો છે અને ગુજરાતીમાં થયેલો આ અનુવાદ પણ આપશ્રીએ જ કરેલો છે. પુષ્ટિસંપ્રદાયમાં ગીતાજીનું મહત્ત્વ ઘણું જ હોવા છતાં પુષ્ટિસંમત ગીતાજી ઉપર પૂ. પા. શ્રી પુરુષોત્તમજીએ લખેલ અમૃતરંગિણી ટીકા સિવાય અન્ય કોઇ ટીકા મળતી નથી. અલબત્ત ભાગવતજી ઉપર પૂ. પા. શ્રી વલ્લભાચાર્યજીએ કરેલી 'સુબોધિની' ટીકામાં ગીતાજીનો ઉલ્લેખ ઠેકઠેકાણે થયો છે, વળી નિબંધનું શાસ્ત્રાર્થ પ્રકરણ એ ગીતાર્થ પ્રકરણ જ છે, એમ મહાપ્રભુજીના અને અન્ય આચાર્યશ્રીઓના અન્ય ગ્રંથોમાં પણ તેનો બહોળો ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે, પરંતુ એક જ ગ્રંથરૂપે ગીતાજી ઉપરની પુષ્ટિમાન્ય વ્યાખ્યા અન્ય કોઇ જોવા મળતી નથી. આમ હોવાથી ગીતા પ્રેમીઓને આ એક મહાન ઊણપ ખટકયા કરતી હતી. તેમ છતાં સૌ સમજતા હતાં કે, આમ તેમ વિખરાયેલું ગીતાજીના સંબંધવાળું પુષ્ટિસાહિત્ય એકય કરાય તો એક મહાન કાર્ય થયું ગણાય; પરંતુ પુષ્ટિસંપ્રદાયનું અપાર અને ગહન સાહિત્ય વાંચીને એ કાર્ય પાર પાડવાનું ઘણું જ દુર્ઘટ હતું. તેથી આજ સુધી આ સ્વપ્ન અધૂરું જ રહેવા પામેલું. સદ્ભાગ્યે આ મહાન વિરલ કાર્ય પૂ. પા. શ્રી ચંદ્રગોપાલજીએ હાથ ધરીને એક શ્રેષ્ઠ હેતુ પાર પાડયો છે. એ ગ્રંથ પણ એકાદ વર્ષમાં આપણને પ્રાપ્ત થઇ જશે; પરંતુ અત્યારે તો તેના આધારે લખાયેલ શ્રી ગીતાજીના અઢાર અધ્યાયોમાંથી બારમા ભકિતયોગ ઉપરની ટીકાનું ગુજરાતી ભાષાંતર એ માંગલિક સાહિત્યના પ્રથમ પુષ્પરૂપે આપણને પ્રાપ્ત થાય છે, અને અન્ય અધ્યાયો ઉપરની ટીકાવાળા ભિન્ન ભિન્ન ગ્રંથો હવે પછી આપણને મળશે. વિનંતિ છે કે, આવા અમૂલ્ય ગ્રંથો આપણે ઘેર ઘેર વસાવીએ, વાંચીએ અને સમજીએ. આવા અવનવા પ્રાપ્ત થતા રહેતા પુષ્ટિસાહિત્યમાં નિમજ્જન દરેક વૈષ્ણવજન પ્રેમપૂર્વક અને નિયમિત કરતો રહે એ જ અભ્યર્થના ! મંગલઅસ્તુ !

શ્રીમદ્ ભગવદ્ ગીતા, ભકિતયોગ
વ્યાખ્યાકાર તથા અનુંવાદક :
ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી–વડોદરા
પ્રકાશક :
શ્રી વલ્લભવિઠ્ઠલગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ–વડોદરા
"રાધાકૃષ્ણ કુંજ", મરીમાતાનો ખાંચો,
રાજમહેલ રોડ, વડોદરા, ૩૯૦ ૦૦૧
ન્યોછાવર રૂા. ૧૫–૦૦

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૧૨મું

ગુણ અપાર એકમુખ કહાંલો કહિયેં,
તજો સાધન ભજો નામ શ્રી યમુનાજીકો;
લાલ ગિરિધરનવર તબહિં પૈયેં. ૩

પરમ પુનિત પ્રિત કી રીત સબ જાનીકે,
દ્દઢ કરિ ચરન-કમલ જુ ગ્રહિયેં;
'છીતસ્વામિ' ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
ઐસી નિધિ છાંડી અબ કહાંજુ જઇયેં. ૨

અર્થ-શ્રી યમુનાજીના અનંત ગુણો છે. જે એક મુખથી ક્યાં સુધી કહી શકાય ? (પરંતુ સિંધુમાંથી બિંદુતુલ્ય કહું છું) માટે અન્ય સર્વ સાધન તજી માત્ર શ્રી યમુનાજીના નામ-સ્મરણના આશ્રયથી પણ શ્રી ગિરિવરધર પ્રભુની પ્રાપ્તિ અવશ્ય થશેજ. ૧.

પરમ પુનિત અલૌકિક પ્રેમ-પંથનું રહસ્ય સમજી લઇ દ્દઢતાપૂર્વક શ્રી મહારાણીજીના ચરણ-કમલનો આશ્રય કરશું, તો પણ બસ છે. છીતસ્વામી દ્દઢતાપૂર્વક કહે છે કે-શ્રી યમુનાજી અને શ્રીનાથજી રૂપી નિધિ આપણને પ્રાપ્ત થઈ છે તો એને છોડીને અન્યત્ર ક્યાં જઇયેં ? (શા માટે જઇયેં ?) ૨

વિવેચન-જેના ગુણ-સમુહનો કોઇ થાહ પામી શકતું નથી. સહસ્ત્રીમુખ શેષજી પણ થાકી જાય છે. તો પછી હું એક મુખથી એનો પાર કેમ પામી શકું ? માટે બીજી સર્વ ચિંતા છોડીને સાધનની પરવા કર્યા વગર શ્રી યમુનાજીનું સ્નેહપૂર્વક નામ સ્મરણ ચાલુ રાખશું તો પણ બેડો પાર થઈ જશે. પરમ પુનિત એવા શ્રી યમુનાજીના અલૌકિક મહાત્મ્યને વિચારીને આપના ચરણ કમલને દ્દઢતાપૂર્વક પકડી રાખશું તો પણ ભગવદ્ લીલા રસની પ્રાપ્તિ સહજ સુલભ બની જશે,

સકલસિદ્ધિના દાતા શ્રી યમુનાજીરૂપી નિધિ આપણને પ્રાપ્ત થઇ છે તો એને છોડી અન્યત્ર ભટકનાર ખરેખર દુર્ભાગી છે. અન્ય દેવનો આશ્રય કરનાર તો શ્વાનનું લંગુર પકડી સાગર પાર થવા ઇચ્છે એના જેવી મિથ્યા અભિલાષા રાખે છે. એવાના જીવનમાં સુખ-શાંતિ કે સિદ્ધિ જેવું કાંઈ પ્રાપ્ત નથી.

સોરઠો

અનંત ગુણો આપના, પામે નહિં કોઇ પાર;
સાધન તજી શરણે ગયો, ઉતાર્યો ભવ પાર.

“શ્રીવલ્લભ સ્વરૂપ મહિમા”

શ્રીહરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા

લેખક – **શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ**

(ગતાંકથી ચાલુ)

હવે શ્રીવલ્લભના સ્નેહરૂપની મહાન દિવ્ય સૌન્દર્યતા કેવા પ્રકારની છે તેને કહે છે.

“સૂરત હી દેખ અનંગ વિમોહિત, તન મન પ્રાણ બીકૈયે હો”

શ્રી વલ્લભના સ્વરૂપની સૌન્દર્યતા જોઇને ‘અનંગ’ જો કામદેવ વિશેષે કરીને મોહિત થઈ જાય છે. લીલા ધામમાં ‘કામદેવ’ શ્રીજી છે. કારણ કે ભૌતિક અને આધ્યાત્મિક કામદેવનો લીલાધામમાં પ્રવેશ થઇ શકતો નથી. તેથી કામદેવ સ્વરૂપ શ્રીજી શ્રીવલ્લભની સૌન્દર્યતાના દર્શન કરી વિશેષે કરીને મોહિત થઇ જાય છે. “મોહિત” એટલે જેમાં મોહ થયો હોય તેના વિના બીજું કંઈ જ્ઞાન ન રહે તો અહીં વલ્લભ સ્વરૂપની સૌન્દર્યતા લાવણ્યતાની માધુર્ય સુધાનું પાન કરી શ્રીજી તેમાં મોહિત થયા છે. પ્રેમામૃત રસાયન’માં એક નામ છે “વલ્લવી વદનાંભોજ મધુમત મધુવ્રત” । ‘વલ્લવી’ એટલે શ્રીસ્વામિનીજી ભાવવાળા શ્રીગોપીજનો તેના વદન કમલના સૌન્દર્ય માધુર્ય સુધાનું પાન કરવાથી જેની મત્ત અવસ્થા છે તેવા શ્રીજી છે. મત્ત હોય તેને અન્યનું વિસ્મરણ હોય છે. જેમ મદિરા પાન કરનારને તેના નશામાં પોતાનું કે અન્યનું જ્ઞાન રહેતું નથી. તેમ શ્રીસ્વામિનીજીઓના શ્રીમુખ મધુનું પાન કરી શ્રીજી મત્ત થઈ ગયા છે. શ્રીવલ્લભના શ્રીમુખની સૌન્દર્યતામાં તો કોટાનકોટિ શ્રીસ્વામિનીજીઓના શ્રીમુખનું સૌન્દર્ય એકઠું થયું છે. તેવા શ્રીવલ્લભના શ્રીમુખની સૌન્દર્યતાના પાનમાં શ્રીજી વિશેષ મોહિત થાય તેમાં શું આશ્ચર્ય ? શ્રીસર્વોત્તમજીમાં ‘ત્રિલોકી–ભૂષણ’ આપશ્રીનું નામ છે. ‘ત્રિલોકી’ એટલે રાજસ, તામસ, સાત્વિક ભાવવાળા કોટાનકોટિ સ્વામિનીજીઓમાં જે સૌન્દર્યતા રહેલી છે. તે સર્વ શ્રીવલ્લભના એક સાકાર સ્વરૂપમાં સમાઈ જાય છે. અથવા કોટાનકોટિ શ્રીસ્વામિનીજીઓને સૌન્દર્યતાથી ભૂષિત કરનાર શ્રીવલ્લભ છે. શ્રીવલ્લભનાં મૂલ સ્વતઃ સિદ્ધ નિરતિશય સૌન્દર્ય સ્વરૂપમાંથી જ કોટાનકોટિ સ્વામિનીજીઓ સૌન્દર્યતા સહિત પ્રગટ થયા છે. તેથી આપનું નામ ‘ત્રિલોકી’ ભૂષણ છે. આવા અસીમ સૌન્દર્યતાવાળા શ્રીવલ્લભ સ્વરૂપમાં તન–મન પ્રાણ ન્યોછાવર કરવા શ્રીહરિરાય પ્રભુ ઉત્સાહિત થઈ રહ્યા છે. અને સ્વકીયજનોને પણ પ્રાણ વલ્લભમાં તન–મન–પ્રાણ ન્યોછાવર કરવાનો બોધ કરી રહ્યા છે.

"સૌન્દર્ય પદ્ય" શ્લોકમા શ્રીમત્પ્રભુચરણે 'સ્ત્રી' સ્વામિની ભાવાત્મક સૌન્દર્ય અને 'પું' પુરૂષોત્તમ ભાવાત્મક સૌન્દર્યથી શ્રીવલ્લભ સ્વરૂપ સંશ્લિષ્ટ કહ્યું. આથી એક જ યુગલના સૌન્દર્યને શ્રીવલ્લભે પોતાના સ્વરૂપમાં ધારણ કર્યું, તેમ નહિ સમજવું, કારણ કે પુષ્ટિશ્રુતિએ પરબ્રહ્મ શ્રી વલ્લભનું સ્વરૂપ લક્ષણ "સત્ય–જ્ઞાન–અનંત" કથ્યું છે. તેથી 'અનંત' પદવાચી પરબ્રહ્મ શ્રીવલ્લભના સાકાર સ્વરૂપમાં અનંત યુગલોનું સૌન્દર્ય રહેલું છે,

આવા અનંત યુગલોના સૌન્દર્યતાવાળું શ્રી વલ્લભનું સ્વરૂપ છે કે જેમાં અનંત યુગલો મોહિત થઇ રહયા છે. તેવા શ્રી વલ્લભ સ્વરૂપની ભૂતલમાં રહેલા ભક્તોને પ્રપ્તિ કેમ થાય ? આવી શંકાના સમાધાનમા શ્રી હરિરાય પ્રભુ શ્રીવલ્લભના મહાન ઉદાર ગુણોને જતાવે છે :–

'પરમ ઉદાર ચતુર સુખ સાગર અપાર સદા ગુન ગૈયે હો.' 'પરમ ઉદાર' પરમ શબ્દનો અર્થ જેનાથી અન્ય કોઈ તત્વ શ્રેષ્ઠ ન હોય અથવા કર્તું–અકર્તું–અન્યથા કર્તું સર્વ કરવા સમર્થ હોય. અથવા શરણે આવેલા જીવની યોગ્યતા–અયોગ્યતાનો વિચાર નહીં કરીને પોતાના મહોદાર ગુણથી (ઐશ્વર્વથી) મહત્ફલનું દાન કરે. શ્રી વલ્લભથી બીજું કોઇ તત્ત્વ શ્રેષ્ઠ નથી. એટલે ભગવાનના બીજા અવતારો શ્રી વલ્લભની સમાન નથી. અને શ્રી વલ્લભ સમાન બીજું કોઈ પરમ ઉદાર નથી, સંસાર સાગરમાં ડૂબેલા અને તેથી પતિત થયેલા જીવને એક કૃપાદષ્ટિ માત્રથી ઉદ્ધાર કરી પોતાના દુર્લભ સ્વરૂપાનંદનું દાન કરે છે. પાત્ર–અપાત્રનો વિચાર કર્યા વિના, આ જીવ મારો છે તેટલો જ સંબંધ વિચારીને પોતાના અદ્ભૂત સામર્થ્યથી જીવને યોગ્ય પાત્ર બનાવી તેજ ક્ષણે દિવ્ય દેહ પ્રાપ્ત કરાવી દિવ્ય પ્રેમ સાગરમાં ડૂબાવે છે.

ચોરાશી ભગવદીયોમાં (શ્રી દમલાજીની વાત તો ન્યારી છે કારણ કે તેઓશ્રીના અસીમ સૌભાગ્ય મહિમાને જ કથવામાં પામર લેખક અશકય છે. પરન્તુ–) શ્યામદાસજી–પ્રભુદાસ જલોટાજી–કૃષ્ણદાસ મેઘનજી–કૃષ્ણદેવરાજા શેઠપુરૂષોત્તમદાસજી–મહાભાગ્યવાન રજોબાઇ–મહાવનના ક્ષત્રાણીજી–તુલસા–રૂક્ષ્મણીજી–કોટિમાં વિરલ પદ્મનાભદાસજી ઇત્યાદિ બડભાગી સ્વકીયોને શ્રી વલ્લભ પ્રભુએ પોતાના પરમ ઉદાર ગુણ ચરિત્રથી પોતાના અનિર્વચનીય મહિમાવાળા સ્વરૂપાનંદમાં નિમગ્ન કર્યા છે, તેમ આધુનિક ભક્તો કે જે શ્રી વલ્લભચરણકમલના અનન્ય આશ્રિત છે. તેને પણ શ્રી વલ્લભ પ્રભુ પોતાના સ્વરૂપાનદનું દાન કરશે. કરે છે. તેથી શ્રી હરિરાય પ્રભુ આપ શ્રી વલ્લભને 'પરમ **ઉદાર**' કહે છે.

મહાનુભાવ શ્રી પદ્મનાભદાસજી પોતાની પદકૃતિમાં, સ્વકીયોને આશ્વાસન આપતા કહે છે–

શ્રીવલ્લભ ચાહે સોઇ કરે !

જો ઇનકે પદ દૃઢ કરી પકરે મહારસ સિન્ધુ ભરે ।।૧।।

નાથ કે નાથ અનાથ કે બંધુ અવગુણ ચિત્ત ન ધરે,
'પદ્મનાભ'કો અપુનો જાનિકે, બૂડત કર પકરે. ॥૨॥

હવે 'ચતુરસુખ સાગર' કહ્યા. આપની ચાતુર્યતા ભૂતલના ભક્તોને લીલાધામના મહાન દિવ્ય સ્વરૂપનો અનુભવ કરાવવામાં રહેલી છે. નિત્ય લીલાધામમાં બિરાજતું પ્રભુનું સ્વરૂપ લીલાધામમાં રહેલા નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજીઓમાં જ આસક્ત છે. તેવી આસક્તિ ભૂતલના ભક્તોમાં પ્રભુની થાય તેવી ચાતુર્યતા શ્રીવલ્લભમાં રહેલી છે. તે એવી રીતે કે ભૂતલના અંગીકૃતજનોમાં આપશ્રીએ તત્સુખી પ્રેમભાવનું દાન કરી પ્રભુને ભૂતલના ભક્તોમાં આસક્ત કર્યા છે. તત્સુખ પ્રેમમાં માધુર્યતા રહેલી છે. અને શ્રીજી માધુર્ય પ્રેમના જ ભોક્તા છે. "રાધા અધર સુધા વિના પિયુને બીજુ તે કંઈ નવ ભાવે જી" તેથી જેમ ભ્રમરને કમલ પુષ્પની મકરંદ ભરી સુવાસ દુર દુરથી પ્રાપ્ત થતાં ભ્રમર સ્વયં ચાલીને કમલની મકરંદ પાનમાં લુબ્ધ થઇ જાય છે. કમલ ભ્રમરને બોલાવવા જતું નથી. પણ ભ્રમર સ્વયં ચાલીને કમલ મકરંદ પાનમાં લુબ્ધ બને છે. તેથી કહ્યું છે કે.

કમલ બુલાવન કબ ગયે કબ કીનો સન્માન ।
નેહ નિમંત્રણ કે સગે અલિ અધીર ઉલટાન ॥

મકરંદ પાનનો લોભી ભોંરા સ્વયં અધીર બનીને કમલ પાસે જઇને મકરંદ પાનમાં લુબ્ધ બને છે. તેમ નિજજનોને શ્રીવલ્લભે તત્સુખી માધુર્ય પ્રેમનું દાન કરેલું છે. તેથી પ્રભુ સ્વયં નિજજનોના હૃદય કમલમાં પ્રગટ થયેલ તત્સુખી મધુર પ્રેમરૂપી મકરંદ પાનમાં વશીભૂત થઇ જાય છે.

રૂક્ષ્મણીજી વિના શ્રીમદનમોહનજી રહી ન શકે તત્ સુખી મધુર પ્રેમથી શ્રીમદનમોહનજી રૂણી થઇ ગયા. શ્રીમથુરેશજી તુલસામાં આસક્ત થઇ ગયા. થીનવનીતપ્રિયાજી ગજ્જન વિના એક ક્ષણ રહી ન શકે. નારાયણદાસ બ્રહ્મચારીજીના વાર્તા પ્રસંગમાં શ્રીચંદ્રમાજીએ તત્સુખ સેવાથી પ્રસન્ન થઈ આજ્ઞા કરી કે તું માંગ, હું તારા ઉપર પ્રસન્ન થયો છું. પ્રભુના આવા મધુર વચનો શ્રવણ કરીને વિનતિ કરતાં કહે છે આપ શ્રીગુસાંઇજીના ઘરે પધારો આવી વિનતિ કરવાનું કારણ મારા પ્રિયતમને શ્રીચંદ્રાવલીજી નારાયણદાસજી વિનતિ કરી રહ્યા છે. આવી તત્સુખ ભાવવાળી ભાવનાથી શ્રીચંદ્રમાજી પરવશ થઇને નારાયણદાસજી ને માથે ૫૦ વર્ષ અધિક બિરાજ્યા આવા તત્સુખી માધુર્ય પ્રેમનું દાન નિજજનોને ચાતુર્યતાપૂર્વક કરેલું છે.

શ્રીમદનમોહનજી રૂક્ષ્મણીજીના ઋણિ થઇને રહ્યા તે તત્સુખી પ્રેમભાવનો જ પ્રભાવ છે. આપ શ્રીવલ્લભની ચાતુર્યતા પૂર્વકની મહોદારતા આ તત્સુખી માધુર્ય પ્રેમના દાનમાં જ રહેલી છે. અથવા આ તત્સુખી માધુર્ય પ્રેમ તે શ્રીવલ્લભનું શ્રીસ્વામિની ભાવાત્મક સ્વરૂપ છે. તે સ્વરૂપનું દાન આપશ્રી અતિ ઉદારતાથી નિજજનોને જ કરે છે. જે સ્વકીયજન શ્રીવલ્લભ ચરણ કમલનો જ અનન્ય આશ્રય રાખી પતિવ્રત ભાવથી શ્રીવલ્લભનું જ સેવન ભજનાદિ કરે છે તેને જ સ્વામિની ભાવનું આપ દાન કરે છે.

શ્રી સર્વોત્તમજીમાં "અંગીકૃત્યેવ ગોપીશ વલ્લભીકૃત માનવઃ" આ આપશ્રીનું નામ છે. તેનો ભાવાર્થ શ્રી વલ્લભ જેનો અંગીકાર કરે છે તેવો જન શ્રી ઠાકોરજીને પ્રિય બને

છે. તેનું કારણ આ જનમાં તત્સુખી માધુર્ય પ્રેમભાવવાળું શ્રી વલ્લભનું જે સ્વામિની ભાવાત્મક સ્વરૂપ છે, તેનું આપશ્રીએ દાન કરેલું છે. તેથી શ્રી ઠાકોરજીને આ જન અતિ પ્રિય બને છે. શ્રી વલ્લભનું નિગૂઢ સ્વરૂપ, નિગૂઢવાણી, નિગૂઢ ચાતુર્યતા, નિગૂઢ દાન અને આપનો વિલાસ પણ નિગૂઢ જ છે. તેનો અનુભવ પતિવ્રત ભાવીને જ થાય છે તેથી "નિગૂઢ હૃદયોનન્યભક્તેષુ જ્ઞાપિતાશય:" આપશ્રીનું નામ છે. શ્રી પદ્મનાભદાસજીને આપશ્રીના નિગૂઢ સ્વરૂપનો અનુભવ હોવાથી 'કોટિમાં વિરલ' એવું બિરદ શ્રીગોકુલેશ પ્રભુએ આપ્યું છે. એટલે કે અનન્ય પતિવ્રતભાવવાળા શ્રી પદ્મનાભદાસજી જેવા ભક્તો દુર્લભ છે તેથી કોટિમાં વિરલ કહ્યાં.

હવે આપશ્રીને 'સુખસાગર'નું વિશેષણ આપ્યું તેનો ભાવાર્થ–સંયોગલીલામાં ભક્તોને પ્રિય પ્રભુના સંયોગ પછી વિયોગનો અનુભવ થાય છે. આ વિયોગમાં તો વિયોગ દુઃખનો અનુભવ થાય છે. જો કે આ વિયોગ દુઃખ લૌકિક જેવું નથી, કારણ કે વિયોગમાં પણ પ્રિય પ્રભુના ભાવાત્મક સ્વરૂપનો સંબંધ રહેવાથી ભક્તોને આંતરમાં સુખ રહે છે. તેમ છતાં પ્રભુ સ્વરૂપની બહાર પ્રગટ મિલનની ઇચ્છાથી વિયોગ હોય ત્યાં સુધી દુઃખનો અનુભવ કરવો પડે છે. સંયોગદલના અનુભવમાં આજ પ્રકાર છે.

જયારે શ્રી વલ્લભ જનને સંયોગ પછી વિયોગ દુઃખનો અનુભવ કરવો પડતો નથી. તેનું કારણ શ્રી વલ્લભજન શ્રી વલ્લભના વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપમાં નિષ્ઠાવાળો છે. તેથી તેને બહાર પ્રગટ સ્વરૂપની અપેક્ષા રહેતી નથી. શ્રીવલ્લભનું આ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ વલ્લભજનના હૃદયમાં સદૈવ બિરાજે છે. તે મહાસાગર જેવું છે. તેથી જેમ મહાસાગરનો પ્રવાહ અખંડ વહ્યા જ કરે છે, તેવો અખંડ આનંદનો અનુભવ થાય છે. આજ હેતુથી શ્રી વલ્લભના વિલાસને 'સુખસાગર' કહેવાય છે. શ્રીવલ્લભવરના ચાતુર્યપૂર્વકના દાનમાં નિજજનોમાં માધુર્ય પ્રેમનો મહાસિન્ધુ લહેરાતો હોય છે. તેથી શ્રીજીસદા વલ્લભજનને વશ થઇને રહયા છે. શ્રી વલ્લભ આશ્રિત જનમાં માધુર્ય પ્રેમનો મહાસિન્ધુ લહેરાતો હોય છે. તેમાંથી પ્રતિક્ષણે અનિર્વચનીય મધુર પ્રેમના નૂતન નૂતન ભાવ તરંગો પ્રગટ થયાજ કરે છે. તેનાં આસ્વાદમાં શ્રીજી સદા અતૃપ્ત રહે છે, તેથી અન્યનું વિસ્મરણ થયું છે.

શ્રીમદ્ ભાગવતમાં પ્રભુના વાકયો છે– "હું મારા પ્રેમી ભકત વિના બીજું કંઇ જાણતો નથી અને પ્રેમીભકત મારા વિના બીજું કંઇ જાણતો નથી." અમારા બન્નેની દુનિયા નિરાલી રચાય છે. શ્રીવલ્લભના મહા ઉદારતાપૂર્વકના અદેયદાનમાં આથી વધારે શું કહેવું ? કારણ કે માધુર્ય પ્રેમ અપાર હોવાથી તેનું કથન વાણીમાં કેટલું આવી શકે ? તેથી કહ્યું– "અપાર સદા ગુન ગૈયે હેઃ" આવા અપાર દિવ્ય ગુણોના ભરેલા શ્રીવલ્લભનાં સ્વરૂપનું સદા ગાન કરવું. "રસિક સદા બડભાગી તે જે શ્રી વલ્લભ ગુણ ગાયે" શ્રી વલ્લભનો અનન્ય જેને આશ્રય છે તેનાં ભાગ્યનો પાર નથી અને શ્રી વલ્લભના યશોગાનમાં જે ભકત આસકત છે, તેના સમાન કોઇ બડભાગી નથી. શ્રી વલ્લભ જેને પોતાનો કરવા ઇચ્છા કરે છે તેવો જન આપશ્રીને શરણે આવે છે. અને તેવા જનને જ આપ ગુણગાન કરાવે છે. ૨

–ક્રમશઃ

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષિ શ્રી રમાનાથ શાસ્ત્રીજી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રીજી**

'અહંજાનામિ' ઇત્યાદિમાં જે કંઇ આત્માનું અહંવેદ્યપણું અને જ્ઞાતાપણું માલમ પડે છે તે માત્ર શુકિતખંડ (છીપ)ને ચાંદી માની લેવાની માફક ભ્રમજ છે. જ્ઞાનનું પોતે પોતામાં કર્તૃપણું યુકત જ નથી કારણ કે જ્ઞાનના કર્તાને જ જ્ઞાતા કહેવામાં આવે છે. ક્રિયા હંમેશ આત્માથી અતિરિકતમાં જ થાય છે ક્રિયા હંમેશ એક પ્રકારે વિકાર જ છે માટે તે (ક્રિયા) અચિદ્ગ્રંથિરૂપ અહંકારમાં જ રહે છે. અહંકારમાં રહેલી વિકારસ્વરૂપ જ્ઞાનક્રિયાનું કર્તાપણું, સાક્ષી અને ચેતન માત્ર આત્મામાં શી રીતે રહી શકે ? 'અહં આત્માન' જાનામિ' આ વાકયમાં 'આત્માન'' અહીં કર્મસંજ્ઞા પણ શુદ્ધ આત્મા અને અજ્ઞાનાવચ્છિન્ન આત્મા આવો ભેદ લઇને થાય છે. નહિ તો એક જ પદાર્થની 'કર્મસંજ્ઞા અને કર્તૃસંજ્ઞાસંગત થઇ શકતી નથી. માટે શુદ્ધ આત્મા જ્ઞાતા નથી.

જેમ જ્ઞાનની અનુવૃત્તિ હંમેશાં છે, અર્થાત ગાઢ સુષુપ્તિ અને મૂર્છામાં પણ સાક્ષી જ્ઞાન ઉપલબ્ધ થતું જ રહે છે, તેમ 'અહં' પદાર્થ, મુર્છા અને સુષુપ્તિમાં ઉપલબ્ધ થતો નથી. માટે 'અહં' આત્મા નથી. બીજું આત્મા, અહંપ્રત્યય ગોચર પણ નથી. યદિ તે (આત્મા) અહં પ્રત્યયનો ગોચર હોય તો તે જડ કહેવાશે, કદાચ હઠાગ્રહથી આત્માને અહંપ્રત્યયગોચર અને કર્તા માનશો તો તેને પણ દેહની માફક જડપણું અને અનાત્મપણું આવી નડશે. જેમ કે પ્રામાણિક લોકોનું માનવું છે કે અહંપ્રત્યયગોચર અને કર્તાપણાથી પ્રસિદ્ધ શરીરથી જુદો જ આત્મા સ્વર્ગાદિફલોનો ભોકતા છે. તેમજ કર્તાપણાથી પ્રતીત થતો અને અહંપદથી જુદોજ સાક્ષી આત્મા કહેવાય છે.

સુષુપ્તિ અને મુર્છાથી ઉઠેલો માણસ કહેવા લાગી પડે છે કે હું એવો તો બેહોશ થઇ ગયો, હતો કે હું પોતાને પણ જાણી શકયો નહિ. હવે અગર સુષુપ્તિ અને મુર્છામાં અહં પણ થતું હોય તો આમ કહી શકત નહિ કે હું પોતાને ન જાણી શકયો પરંતુ સુષુપ્તિ વિગેરે અવસ્થામાં પણ ન જાણવાનું સાક્ષી જ્ઞાન તો હાજર જ છે, માટે જ્ઞાનરૂપ આત્મા અહંપ્રત્યય ગોચર નથી પણ 'અહં'થી જુદોજ સાક્ષી જ્ઞાનરૂપ આત્માજ બ્રહ્મ છે, નિત્ય છે સત્ય છે, અને તે સિવાય બીજુ બધું જ ભ્રમ માત્ર છે. અનૃતેન હિ પ્રત્યૂઢાઃ તમ આસીત્તમસા ગૂઢમગ્રે, તસ્માન્માયી સૃજતે વિશ્વમેતત્ માયાં તું પ્રકૃતિ વિદ્યાન્માયિનં તુ મહેશ્વરમ

વિગેરે શ્રુતિઓથી અને અહમજ્ઞઃ આ અનુભવસિદ્ધ માયા, અવિદ્યા, વિગેરે શબ્દોથી કહેવા યોગ્ય અનિર્વચનીય અજ્ઞાનજ 'અહં' ભાવ જ્ઞાતૃભાવ, જીવ, ઇશ્વર તથા જગત્ ઈત્યાદિનું કારણ છે અને એવો ભાવ થવાનેજ આત્માનો બંધ કહે છે. જયારે તેને 'વિસ્મૃતકંઠમણિ' ન્યાયથી પોતાના સ્વસ્વરૂપનું ભાન થાય છે. અર્થાત્ અસ્થૂલમનણુ, નેતિ નેતિ વિગેરે ઉપનિષત્‌ના શ્રવણદ્વારા અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. ત્યારે તે મુક્ત કહેવાય છે. ખરી રીતે તો બંધ મોક્ષ વિગેરે વ્યવસ્થા પણ અજ્ઞાન માત્ર છે.

અહીં એક એવો પ્રશ્ન થઇ આવે છે કે 'સત્યં જ્ઞાનમનંતં બ્રહ્મ' આ સ્વરૂપ લક્ષણ શ્રુતિમાં તો સત્યજ્ઞાનાદિધર્મયુક્તબ્રહ્મનું નિરૂપણ છે અને આપ તેને નિર્ધર્મક કહો છો એ કેમ ઘટે? તો એનો સરસ ઉત્તર એટલોજ છેકે કોઇ પણ પદાર્થનું જ્ઞાન થવું તે લક્ષણથી થાય છે અને લક્ષણનું એ કામ છે કે તે લક્ષ્યથી ઇતર બધાં પદાર્થોને તેનાથી (લક્ષ્યથી) દુર રાખી બતાવે લક્ષ્ય માત્રને જ (જેનું લક્ષણ કરવામાં આવે તે) બતાવે છે. અહીં 'સત્યં જ્ઞાનમનંત' આ પણ જ્યારે બ્રહ્મનું લક્ષણ છે તો જરૂર આ લક્ષણ 'વાકયમાં આવેલા ત્રણ પદો બ્રહ્મથી અન્ય બધાંય પદાર્થોને દુર કરી કેવળ બ્રહ્મ માત્ર અર્થનું ગ્રહણ કરાવે છે. 'સત્ય' આ પદ વિકારના સ્થાનરૂપ સમગ્ર અસત્ય પદાર્થોને દુર રાખી બધાંથી વ્યાવૃત્ત (જુદુ) એક માત્ર બ્રહ્મનો જ બોધ કરાવે છે, અને 'જ્ઞાન' આ પદ અન્યાધીન-પ્રકાશ એટલે જેનો પ્રકાશ (જ્ઞાન) બીજાને અધીન છે, એવા તથા બીજાનાં વિષય થનારા જડ પદાર્થોને દુર કરી જડ વસ્તુથી વ્યાવૃત્ત કેવલ બ્રહ્મને જ નિર્દેશી રહ્યું છે, તથા 'અનંત' આ પદ પણ દેશ, કાલ, દુર કરી પરિચ્છિન્ન વસ્તુથી વ્યાવૃત્ત કેવલ બ્રહ્મનું નિરૂપણ કરે છે. અને આવી રીતે અનેક પદો રહેવા છતાં પણ એક કેવલ બ્રહ્મનું નિરૂપણ કરવાથી ત્રણે પદોની એકાર્થપરતા (એક અર્થને બોધન કરવાપણું) અથવા એક વાકયતા થઇ ચૂકી અગર અહીં એવી શંકા થઇ આવે છે કે જે તેની અહીં સત્યાદિપદોની અસત્યાદિથી વ્યાવૃત્ત એવો અર્થ કરો છો તો અહીં 'વ્યાવૃત્તિ' શું ભાવરૂપ ધર્મ છે કે અભાવરૂપ ધર્મ? બંન્ને પ્રકારે માનવામાં પણ બ્રહ્મ તો સધર્મક જ ઠરે છે તો એનો ઉત્તર એ છે કે સત્યાદિવ્યાવૃત્તિ ન તો ભાવરૂપ છે કે ન તો ભાવરૂપ છે કે ન તો અભાવરૂપ છે, પરંતુ તે માત્ર બ્રહ્મ જ છે, જેમ શુકલ રંગનું નિરૂપણ કરતી વખતે કોઇકે કહ્યું કે તે કૃષ્ણાદિ બધાં રંગોથી વ્યાવૃત્ત છે. તો અહીં તે વ્યાવૃત્તિ શુકલ રંગ જ સમજાઈ આવે છે; એવી જ રીતે 'સત્યાદિ' પદોથી અન્ય વ્યાવૃત્તિ કોઈ ભાવ કે અભાવરૂપ નથી પરંતુ સકલ પદાર્થોથી જુદું બ્રહ્મ જ સમજાય છે. આવી રીતે 'સત્યાદિ' ત્રણે પદોથી વસ્તુનું જ અન્ય સકલ પદાર્થોથી જુદાપણું દેખાડતાં સાર્થક થાય છે અને એકાર્થક બને છે. અને આ યુક્તિથી પણ 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ વિગેરે શ્રુતિઓમાં નિર્વિશેષ, નિર્ધર્મક બ્રહ્મનું જ નિરૂપણ છે.

(ક્રમશઃ)

શ્રીનાં દર્શન પણ થયાં નહિ. આ તે દ્રવ્ય કેવું છે કે દ્રવ્ય મળવાથી પ્રાણ જઇ રહયા છે. બહુજ મહેનતે મેળવેલું દ્રવ્ય પ્રભુ વિનિયોગ પણ થયું નહિ અને આવા ઠગને હાથે મૃત્યુ થાય છે અને વળી તે આમ જંગલમાં અંતરીયાળ ! અને પરમ કરૂણાકર દીનવત્સલ પ્રભુ શ્રી ગુંસાઇજી તુરત પ્રગટ થયા.

શ્રી ગુંસાઇજી – શ્યામુ ! તું દુઃખ કરીશ નહિ તે આગલા જન્મમાં આ અગીયારેયને મારી નાખ્યા હતા. જો જુદા જુદા મારત તો તારે અગીયાર જન્મ લેવા પડત. પણ પ્રભુની કૃપા માન કે એ બધા મળી તને મારે છે એટલે એકજ જન્મમાં તું છૂટી જઇશ. માટે સોચ કરીશ નહિ. પ્રભુ જે કંઇ કરે છે તે ભલા માટે જ કરે છે.

શ્યામસીંગે તળાવમાંથી બહાર આવી ઠગોને કહ્યું કે ચાલો હવે મને જલદી મારી નાખો નહિતો મારા માણસો આવી જશે અને તમને વિઘ્ન થશે.

ઠગો પણ વિચારવા લાગ્યા કે આ માણસે તળાવમાં જઇ કોઈની સાથે વાત કરી છે. શ્રી ગુસાંઇજીના દર્શન ઠગોને થયાં ન હતાં. પણ વાણી સાંભળી અને મન નિર્મળ થવા લાગ્યાં હતાં. એટલે ઠગોએ પૂછયું.

ઠગો – તમે તળાવમાં કોની સાથે વાત કરી હતી ? એ સાચું કહો.

શ્યામશીંગ – એ વાતની સાથે તમારે શું પ્રયોજન છે તમે મને જલદી મારી નાખો અને આ માલની ગાંઠડીઓ લઇ અહીંથી જલ્દી ચાલ્યા જાવ. નહિ તો કોઇ આવી જશે તો તમને મુશ્કેલી થશે અને માલ નહિ મળે.

ઠગો આ વાત સાંભળીને વધારે વિચારમાં પડી ગયા કે કોઇપણ માણસ મરવાની આટલી ઉતાવળ કરે નહિ અને મારીને માલ જલદી લઈ જવાનો પણ આવો આગ્રહ કરે નહિ. માટે જરૂર કંઇક કારણ છે.

ઠગો – તમે તળાવમાં કોઇની સાથે વાત કરતા હતા તે કોણ હતું ? હવે અમે તમને મારશું તો નહિજ માટે સાચું કહો.

શ્યામશીંગ – તમે બહુ કહો છો તો સાંભળો. અમારા ગુરુદેવ શ્રી વિઠ્ઠલનાથજી ગુંસાઇજી કે જે સાક્ષાત ઇશ્વરનો અવતાર છે. તેને મેં વિનતિ કરી હતી કે આ લોકો મને શા માટે મારે છે ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે એ બધાને તેં પૂર્વજન્મમાં માર્યા હતા. એટલે બધા સાથે મળીને મારશે તો ઠીક છે નહિંતર અગીયાર જન્મ લેવા પડશે. માટે મારે છે તે જ બરાબર છે.

ઠગો – ત્યારે તો હવે તમારા જેવા ભકત પુરુષને અમે સર્વથા નહિજ મારીયે. તમારી સાથે તો સાક્ષાત ઇશ્વર વાતો કરે છે. તમારી રીતભાત પણ સચ્ચાઇ ભરેલી અને મહાપુરુષ જેવી જ છે. અમે તમારી હત્યાનું પાપ નહિજ કરીએ. હવે તો અમે તમારા દાસ છીએ.

ત્યારે શ્યામસીંગને થયું જે ઠગો જો મને નહિ મારે તો તેનું વેર બાકી રહી જશે

અને ક્યારેક તો આપવું જ પડશે. એટલે ફરી તળાવમાં જઇ શ્રી ગુસાંઇજીને પૂછયું.

શ્યામસીંગ – મહારાજ ! આ લોકો તો મને મારી નાખવાની ના કહે છે તો કેમ કરૂં ?

શ્રીગુંસાઇજી – જો તેઓ પ્રસન્નતાથી એમ કહે કે અમારૂં ઋણ અમને મળી ગયું અને અમારા ઋણથી છૂટયા તો તમારે ઋણનું બંધન નહિ રહે. છૂટી જશો.

શ્યામસીંગ – (ઠગને) જો તમારે મને ન મારવો હોય તો રાજીખુશીથી એમ કહો કે અમારૂં ઋણ અમને મળી ગયું. તમે અમારા ઋણમાંથી છૂટયા. હવે અમારે તમારી સાથે કંઇપણ લેણદેણ નથી.

ઠગો – એટલે સર્વ ઠગોએ રાજીખુશીથી ઉપર પ્રમાણે કહ્યું અને ઋણ છૂટી ગયું. તમારા જેવા ભકતના વેર ભાવના સંગથી પણ અમારા જન્મોજન્મનાં પાપ અને તાપ શાંત થઇ ગયા. ત્યારે તમારા ગુરુને શરણે થઇશું. ત્યારે તો જાણે કેવાં કેવાં સુખ અને આનંદ મળશે. આજ સુધીમાં અમને સારી શિખામણ આપનારને પણ સીધા સ્વર્ગમાં મોકલી દીધા છે પણ તમારા ચરણના તો અમે દાસ છીએ. અમે તમારા માટે એવી કુટીલતા કરી છે કે તમારા દાસ થવાને પણ યોગ્ય નથી. પણ ભકત પુરૂષો દયાળુ હોય છે છતાં અમારે અમારાં જન્મજન્મનાં અને આપને દુઃખ આપવાના પાપોને ધોવાની અમારી ઇચ્છા છે.

એમ કહી આંસુભરી આંખે શ્યામસીંગના ચરણમાં પડી ગયા અને ચરણ પકડી લીધા.

શ્યામસિંગ – હં, હં, આ શું કરો છો. તમારા માટે તો મારા મનમાં કાંઇપણ નથી. તમે તો સહુ ભલા માણસ છો. તમે મારો કંઇજ અપરાધ કર્યો નથી. પરંતુ મને ઉલટો ઋણથી છૂટો કરીને ભલાઇ જ કરી છે.

એમ કહી ઉઠાડી મધુર વચનથી તેનું સમાધાન કરીને કૃપાદૃષ્ટિ કરી. અને ઠગો હાથ જોડીને ઉભા રહ્યા. એટલામાં તો ગામમાં સામાન લેવા ગયેલા માણસો આવી ગયા.

શ્યામસીંગ–લીયો આ સીધુ સામાન પણ આવી ગયા ચાલો હવે રસોઇ કરીએ. એમ કહી રસોઇ કરી, ભોગ ધરી, સરાવી અને સર્વેને પ્રસાદ લેવા બેસી જવાનું કહ્યું. ઠગોને પણ હસતે મુખે સ્નેહથી પ્રસાદ લેવા બેસી જવાનું કહ્યું. ઠગો તો હજુ તેની દ્વિધામાંથી બહાર નિકળ્યા જ ન હતા કે જેને આપણે મારી નાખી માલ લઈ લેવા ઇચ્છતા હતા તેનું આપણા ઉપરનું હેત અને આગ્રહ તો જુવો કેવી ઉદાર ભાવના છે તેની ! ધન્ય છે તેને આપણે હવે કયે મોઢે તેની સામે બેસીને પ્રસાદ લેવો ?

ઠગો–ભકતરાજ ! અમે તો હવે ગામમાં જઇ રસોઇ કરીને પ્રસાદ લઈશું. હવે તમને જરાપણ પરિશ્રમ આપવાની ઇચ્છા નથી.

શ્યામસીંગ–તમે એવો સંકોચ કેમ કરો છો. પ્રસાદ ઘણો છે. કાલની અનસખડી પણ ધરી દઇશું. અમે પ્રસાદ લઇએ અને તમે ભૂખ્યા રહો એતો અમને અપરાધ પડે.

તમે તો અમારા ખાસં હિતેચ્છુ છો. તમે તો અમારૂં ભલું જ કર્યું છે. એમ કહી સર્વેને સ્નેહપૂર્વક પ્રસાદ લેવરાવ્યા.

ઠગો–જુવો, ભાઇઓ ! આ મહાપુરૂષ માટે આપણે કેટલું કર્યું છતાં પણ ન તો એણે મનમાં અપરાધ માન્યો કે ન તો એણે એના માણસોને વાત કરી. આવા ભક્તોની ચરણરજ તો આપણી સાત નહિ પણ એકોતેર પેઢીને પણ પાવન કરે. માટે આ ભક્તનો સાથ છોડવો નથી. હવે તો જ્યાં એ ત્યાં આપણે. એમ નક્કી કરી લીધું અને ચાલ્યા. જ્યારે શ્યામસીંગનું ગામ બે ગાઉ દૂર રહ્યું ત્યારે શ્યામસીંગે ઠગોને કહ્યું.

શ્યામસીંગ–ભાઇઓ હવે અમારૂં ગામ આવી ગયું. તમે હવે ઇચ્છો ત્યાં જઈ શકો છો.

ઠગો–ભક્તરાજ ! હવે તો અમને માયા અને સંસારમાં ભટકવા જવાની જરાપણ ઇચ્છા નથી. અમે તો હવે આપને શરણે છીએ. અમે એવા ભયંકર પાપો કર્યાં છે કે એ સંભારતાં અત્યારે અમે પણ ધ્રુજી જઇએ છીએ. એ પાપોમાં લુંટ, અનેકની હત્યાઓ સ્ત્રીઓ, બાળકો, સંતો, બ્રાહ્મણોને લુંટયા. લુંટયા પછી પણ જીવનદાન માટે આર્તસ્વરે આજીજી કરનારને પણ નિર્દયતાથી રહેંસી નાખ્યા છે. બેન દીકરીઓનાં શિયળ લુંટયા છે. ગરીબોના મોઢામાંથી રોટીના ટૂકડા પણ લુંટી લીધા છે. જે પાપો કરતાં ભયંકર' રાક્ષસો પણ થરથરી જાય તેવાં પાપ કર્મો અમે કર્યાં છે આવા અત્યાચારો અને પાપોમાંથી બચાવી પાવન કરી અને મુક્ત કરનાર આપની ચરણરજ અને આપના ગુરુદેવ શ્રી ગુસાંઇજી જ છે આપના જેવાના સંગથી અમારા મન નિર્મળ અને હળવાં થયાં છે. પરંતુ અમને શાંતિ તો ત્યારે જ થશે કે જ્યારે તમારા ગુરુદેવને શરણે કરાવશો. અમારા તારણહાર હવે તો આપ જ છો. એમ કહી તેઓ પણ સાથે ગામમાં આવ્યા.

પછી શ્યામસીંગ સર્વને લઇને પોતાને ઘેર આવ્યા. પ્રભુની પ્રસન્નતાના ખબર પૂછયા વિરહના આંસુ સહિત સાષ્ટાંગ દંડવત કર્યા. પોતાના પતિ ઘણે દિવસે ઘેર આવ્યા. જેથી "માયા" પણ પ્રસન્ન થયાં. તુરત જ ગામમાંથી વિશેષ સામગ્રી મેવા મંગાવીને શ્યામસીંગ સ્ત્રી પુરૂષ નહાયા. શ્રી ઠાકોરજીના ઉત્થાપન કર્યા. ભોગ–સેન કરી શ્રીઠાકોરજીને પોઢાડી, સર્વેને પ્રસાદ લેવરાવ્યા. પોતાના ચાર માણસોને તથા તે અગીયાર જણાને જુદા મકાનમાં ઉતારો આપ્યો.

શ્યામસીંગ–ભાઈ જગ્ગુ, મંગુ ! તમારા બન્નેની મારા ઉપરની ભાવના અને પ્રેમ જોઇ હું રાજી થયો છું. તમે સચ્ચાઈ અને ખંતથી મારૂં જે કાર્ય કર્યું છે તેને માટે તમને ધન્યવાદ આ તમારી ચાકરીનું દ્રવ્ય અને તમારી મારા પ્રત્યેની વફાદારીનું આ વધારાનું દ્રવ્ય એમ રાજી કરીને તેઓને વિદાય કર્યા. અને જગ્ગુ, મંગુ પણ આંસુ ભરી આંખે બોલ્યા.

જગ્ગુ મંગુ–શ્યામુભાઇ ! અમે અમારી મનુષ્ય તરીકેની ફરજથી વિશેષ કંઈ પણ કર્યું નથી. ભાઇજી ! આ બહાને પણ તમારા જેવા ભક્તનો સંગ થયો. જેથી અમે પણ

અમારાં જીવન ધન્ય માનીએ છીએ. એમ કહી વિદાય થયા.

ઠગો – ભક્તરાજ ! હવે તો અમે તમારા ચરણમાં પડયા છીએ. હવે તો અમે શ્રી ગુસાંઇજીને શરણે થયા વિના કયાંય પણ જઇશું નહિ. અહીંજ રહીશું અને તમે શ્રી ગોકુલ ચાલશો ત્યારે તમારી સાથે ચાલશું.

શ્યામ સીંગ – ભાઇઓ ! મને શ્રી ગોકુલ જવાને એક મહિનાની ઢીલ થશે. તમે અહીં ગામમાં જુદું મકાન લઇને રહો. ખરચી જોઇએ તો લઇ જાવ.

ઠગો – ભાઈજી ! ખરચીતો અમારા પાસે છે અમે અહીં એક માસ કોઇની ચાકરી કરશું- પરંતુ તમારો સંગ નહિ જ છોડીયે એમ કહી ગામમાં કોઇ શેઠને ત્યાં ચાકરી કરવા લાગ્યા અને શ્યામ સીંગનો સંગ કરતા.

શ્યામ સીંગ – માયા ! શ્રીગુસાઈજીની કૃપાથી આપણને ઘણું દ્રવ્ય મળ્યું છે અને તે ઉપરાંત આપશ્રીની કૃપાથી હું જીવતો રહયો છું. આ અગીયાર ઠગ મને મારી નાખી માલ લઈ જવાના હતા. તે પણ આપશ્રીની કૃપાથી વળાવિયા થઇને પ્રભુ કૃપાથી સહી સલામત અહીં પહોંચાડવા પણ આવ્યા, શ્રી ગુસાંઇજી માટે હિરાનો હાર અને સોનેરી સાજ તૈયાર કરાવીએ.

એમ વિચારી બધી તૈયારી કરી. સ્ત્રી અને ઠગોને લઇ શ્રી ગોકુલ ગયા. શ્રીગુંસાઇજીને સોનેરી સાજ અને હિરાનો હાર ધરાવ્યા સાષ્ટાંગ દંડવત્ કરીને ઠગોને શરણે લેવાની વિનતિ કરી. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરીકે એવા લુંટારા, હત્યારાને શરણે કેમ લેવાય ? અમારી આજ્ઞા પાલન કરીને એ ધંધો બંધ કરે તો શરણે લઇએ.

ઠગો – પ્રભુ ! અમે આપની આજ્ઞાનું પાલન કરશું. ચાકરી અગર તો ખેતી કરીને અમારો નિર્વાહ કરશું. અમે આપની સન્મુખ પ્રતિજ્ઞા કરીએ છીએ.

પછી શ્રીસુસાંઇજીએ તેમને નામ આપી વૈષ્ણવ કર્યા અને સર્વે વ્રજનો આનંદ લઇ દેશમાં આવ્યા. શ્યામસીંગે તેઓને કહ્યું કે હવે તમે તમારા ઘેર જાવ અને ભગવદ્ ધર્મનું પાલન કરો.

ઠગો – ભાઈજી ! હમણાં અમે ઘેર નહિ જઇએ. થોડો સમય તમારો સંગ કરશું અને ધર્મ દૃઢ થાય ત્યાર પછી જ ઘેર જઇશું. નહિંતર ઘર કુટુંબના સંગથી બુદ્ધિ બગડે અને વિમુખ થઇ જઇએ.

એમ કહી તેઓ ગામમાં રહી ચાકરી કરવા લાગ્યા અને એ સ્ત્રી પુરૂષના સંગથી ઠગ પણ ભલા વૈષ્ણવ થયા.

"પારસ પરસે કંચન હોય,
સો પારસ હે કચ્ચી.
પારસ પરસે પારસ હોય,
સો પારસ હે સચ્ચી."
'બોલો શ્રીગુસાંઇજી પરમ દયાલકી જય'

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પંદરમો)

એ પ્રમાણે પ્રાસંગિકનું નિવારણ કરીને, આધુનિક જનોમાં જીવના પુષ્ટિપણાને દર્શાવતા લક્ષણનું વર્ણન કરતાં પ્રસંગથી બધાને કહે છે

વૈદિકત્વં લૌકિકત્વં કાપટયાત્તેષુ નાન્યથા ।।૨૦।।
વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યયઃ ।

તેઓનાં વૈદિકપણું અને લૌકિકપણું કાપટયથી દેખાય છે, બદલાઇ જવાથી નહિ. ।।૨૦।। પરંતુ વૈષ્ણવપણું સ્વાભાવિક જ હોય છે. અન્યત્ર તેનાથી ઊલટાપણું દેખાય છે.

'વૈદિકત્વમ્' વગેરે શબ્દોથી આગળ વર્ણવાય છે. 'કાપટયમ્' એટલે અંદરથી જુદા હોવું અને બહારથી જુદા દેખાવું તેવી અસંગતિ એવી અસંગતિથી સ્વભાવને છુપાવવા માટે તેવા તેવા દેખાવું એ એક પોતાને કોઇ પ્રયોજન ન હોવા છતાં તેવું કરવાનું એ બીજુ એવાં બંને પ્રકારનાં કાપટયથી તેઓમાં વૈદિકપણું અને લૌકિકપણું દેખાય છે. પરંતુ વૈષ્ણવપણું એટલે કે ભગવાનના આજ્ઞાકારી હોવાપણું તેઓમાં સાહજિક રીતે હોય છે. તેથી કરીને વૈષ્ણવપણા સિવાય બીજું જે કાંઇ દેખાય તે ભ્રમ હોય છે. એક ઠેકાણે વૈદિકપણું તો બીજે ઠેકાણે લૌકિકપણું સહજ હોય છે, તેનાથી ભિન્નતા દેખાવી તે કાપટયથી હોય છે. તેવાં તેવાં લક્ષણોથી તેઓને ઓળખવા, એમ અર્થ છે. એ પ્રમાણે ભગવાનની વિશિષ્ટતાને કારણે, કહેવાયેલી રીતે, તેઓનું ફળ તત્ક્રતુન્યાયથી ભાવનાને અનુરૂપ હોય છે. તેમાંયે પુષ્ટિમાર્ગીઓનું વ્રજપતિ ભગવાનની ભાવના એજ વ્રજ છે અને વ્રજમાં જ સેવામાં ઉપયોગી એવા દેહની પ્રાપ્તિ થાય છે, પરંતુ તેવી પ્રાપ્તિ ભગવાનની કરેલી સેવાને અનુરૂપ જ હોય છે. (મહાપ્રભુજીના ષોડશ ગ્રંથમાંનો સોળમો ગ્રંથ) 'સેવાફલ' નામના ગ્રંથમાં તે પ્રમાણે જ (જેવા પ્રકારની સેવા તેવા પ્રકારની પ્રાપ્તિ) સિદ્ધ થયેલ છે. ।।૨૦।।

સંબંધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્તથાપરે ।।૨૧।।
ચર્ષણીશબ્દવાચ્યાસ્તે તે સર્વે સર્વવર્ત્મસુ ।
ક્ષણાત્ સર્વત્વમાયાન્તિ રુચિસ્તેષાં ન કુત્રચિત્ ।।૨૨।।
તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલ ફલમ્ ।

જે જીવો (ત્રિવિધ માર્ગના) સંબંધવાળા છે, અને બીજા પ્રવાહમાં રહેલા જીવો 'ચર્ષણી' એવા શબ્દથી કહેવાયા છે, તેઓ બધા બધાય માર્ગમાં ક્ષણભર તે તેપણાને પામે છે, પરંતુ

કોઈમાં પણ તેઓની રુચિ હોતી નથી. ॥૨૧, ૨૨॥ તેઓ સર્વત્ર તેમનાં કર્મો પ્રમાણે બધા પ્રકારના ફળને પ્રાપ્ત કરે છે.

જો જીવો ત્રણ પ્રકારના જ હોય તો તેમાંના કેટલાક સર્વત્ર સમાન દેખાતા અને આસક્તિવાળા કેમ દેખાય છે? તેના જવાબમાં 'સંબંધિનઃ' વગેરે શબ્દોથી કહે છે. 'તુ' શબ્દ જીવો ત્રિવિધ છે, તેને જુદા પાડે છે. જે જીવો ઉપર કહેલા ત્રિવિધ માર્ગના સંબંધવાળા છે તેઓ, તથા બીજાઓ કે જેઓ આનાથીયે હીન છે તેઓ પ્રવાહમાં રહેલા છે, તેઓ 'ચર્ષણી' એવા શબ્દથી કહેવા યોગ્ય છે, 'ચૃષિ પ્રજન નૈશ્યયો': એ સૂત્ર અનુસાર ચૃષ ધાતુ પ્રજનન અને સ્વાતંત્ર્ય એવા બે અર્થ વાળો છે, તેથી તેને યોગ્ય ચર્ષણી એટલે કે પરિભ્રમણશીલ શક્તિવાળા, તેવા શબ્દથી જ તેઓ કહેવાય છે. તેની ઓળખ 'તે સર્વે' વગેરે શબ્દોથી શરૂ કરીને ત્રણ ચરણથી કરાવે છે. તેઓનું ફળ 'તેષામ્' વગેરે શબ્દોથી કહે છે. અને વળી, પંચરાત્રમાં મધ્યમ અને અધમ એવા જે મનુષ્યો કહ્યા છે તે આ આથી જ 'સંયમનમાં એટલે કે યમની સમીપમાં તો અનુભવીને યજ્ઞાદિ રહિતની ચડતીપડતી સુખ-દુઃખને છે. તેમની ગતિ જોવામાં આવે છે, તેથી.' (બ્રહ્મ સૂત્ર, ૩-૧-૧૩), એ સૂત્રથી યમના નિયમનવાળી તેઓની ગતિ વિચારાયેલી છે. 'વૈવસ્વતમાં વર્ણવાયું છે કે, જ્યારે યમ શાસન કરે છે ત્યારે તેવા માણસો કે જેઓ આ સંસારમાં સત્યથી કામનાઓ કરે છે. આશ્ચર્ય એ છે કે, જેઓ અસત્યવાદી છે તેઓ પણ સત્યથી કામનાઓ કરે છે.' (તૈત્તિરીય આરણ્યક, ૬-૫), આથી તેઓનાં છળકપટ અને તેના ખંડ સહિત બધાં જ જેવાં કર્મ તેવાં ખંડિત ફળને સર્વત્ર તેઓ પામે છે. તથા તેને ભોગવતા સંબંધીઓ તેની સાથે જ જાય છે; કારણ કે, તેવા પંથને તેઓ યોગ્ય હોય છે. પ્રવાહમાં રહેલા જીવો તેવા પ્રકારના થઇને, નરક તરફ જનારા એવા તેઓ આગળ હોય છે, એમ અર્થ છે. ॥૨૧, ૨૨॥

એ રીતે પ્રસંગ પ્રમાણે અહીં આવી પડેલું બધું કહીને, હવે ક્રમ પ્રમાણે પ્રવાહભેદને કહેતાં ભિન્નતા દર્શાવનારા ધર્મોથી અને પ્રવાહથી સ્વરૂપના ભેદો સિદ્ધ છે, તેથી સાધન આદિના ભેદને કહેવા માટે પ્રવાહિક જીવોના દેહભેદ અને ક્રિયાભેદનું નિરૂપણ 'પ્રવાહસ્થાન્' વગેરે શબ્દોથી નિશ્ચયપૂર્વક કરે છે.

પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગ ક્રિયાયુતાન્
॥૨૩॥
જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે 'પ્રવૃત્તિં ચે'તિ વર્ણિતાઃ ।

સ્વરૂપ, અંગ અને ક્રિયાથી યુક્ત પ્રવાહમાં રહેલાઓને હું વિશિષ્ટતાથી કહીશ. ॥૨૩॥ તેઓ બધા આસુરી જીવો જ છે, એમ 'પ્રવૃત્તિં ચ' એવા શબ્દોથી (ગીતાજી, ૧૬-૭ થી ૨૦ માં) વર્ણવાયેલા છે.

તેઓનાં સ્વરૂપ અને લક્ષણ 'જીવાસ્તે' વગેરે શબ્દોથી કહે છે. 'પ્રવૃત્તિં ચ' (પ્રવૃત્તિ માર્ગને અને નિવૃત્તિ માર્ગને આસુરી જનો જાણતા નથી. ગીતાજી, ૧૬-૭), એવા શબ્દોથી ગીતાજીમાં કહેવાયેલા તેઓ પૂર્વાપરના સંબંધથી વિવિધ લક્ષણોવાળા કહેવાયા છે. તેમ હોવાથી એકમાં તેટલું બધુંય સમજાય નહિ, તેથી તે દરેક જે કંઇ લક્ષણવાળા છે

તેઓને પૃથક પૃથક જણાવવાને બદલે 'સર્વે' એમ કહેવાયું છે. ॥૨૩॥

ખરેખર, પહેલાં કેટલાકને પ્રવૃત્તિથી તેવા લક્ષણવાળા નિશ્ચિત કરાયા છે, છતાં પછીથી તેઓ લોકમાં અને સ્મૃતિમાં માર્ગથી ઊલટા જતા દેખાયા છે. તેઓનાં લક્ષણો બહોળા પ્રમાણમાં હોવાથી તેઓને બે ભાગમાં વિભાજિત કરતાં 'તે ચ દ્વિધા' વગેરે શબ્દોથી કહે છે.

તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞદુર્જ્ઞ વિભેદતઃ ।૨૪।
દુર્જ્ઞાસ્તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્તાનનુ યે પુનઃ ।

વળી, 'અજ્ઞ' અને 'દુર્જ્ઞ' એવા વિભાગથી તેઓ બે પ્રકારતા નિશ્ચયપૂર્વક પ્રસિદ્ધ કરાયા છે. ॥૨૪॥ ભગવાને (ગીતાજી, ૧૬–૭થી૨૦માં) કહેલા છે તેઓ 'દુર્જ્ઞ' છે. વળી જે તેઓને અનુસરનારાઓ છે તેઓ નિશ્ચિતતાથી 'અજ્ઞ' છે.

'તાનનુ' એટલે માત્ર તેને અનુસરનાઓ, નહિ કે તેના જેવા, તેઓ 'અજ્ઞ' છે. તેઓ જ પછીથી ભગવાનથી હણાયેલા છે અને તેથી તેઓ મુકત થયેલા છે. કેટલાક દ્વેષનો ત્યાગ કરવાથી પણ મુકત થયેલા છે. આથી અન્ય હેતુ વડે તેઓ જ્યારે અજ્ઞાનમાં ડૂબે છે ત્યારે પોતાના સ્વભાવને વશ થાય છે. એમ છે તેથી તેઓ લક્ષ આપવા યોગ્ય નથી. આમ હોવાથી તેઓનાં લક્ષણ દૂષિત નથી, એમ અર્થ છે. ॥૨૪॥

અરે, સર્જનના ભેદથી પ્રાવાહિક જીવો અસુર છે, અને આસુરી સર્જન અધમ કહેવાયું છે. તેથી તેઓનાં દેહ અને ક્રિયા દૂષિત હોય છે, એ નક્કી છે. તેમ છે ત્યારે તેવા હોય તેને જ પ્રાવાહિમાં પ્રવેશ યોગ્ય છે, બીજાઓને નહિ. તેથી તેઓ હણવા જેવા જ હોય, અનુગ્રહને પાત્ર હોય નહિ; પરંતુ ઉલટું જ દેખાય છે. બલિ પ્રહલાદ વગેરે પ્રત્યે તેમ બાણાસુર વગેરે પ્રત્યે થયેલ કાર્યમાં વિરોધ દેખાય છે, તેથી 'અપિ' શબ્દથી કહે છે.

પ્રવાહેડપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે ॥૨૫॥
સોડપિ તૈસ્તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ ॥૨૫॥

પ્રવાહમાં સાથે મળીને પણ, તેની સાથે તે પણ તેના કુળમાં જન્મેલ છે છતાં, પુષ્ટિમાં રહેલ જીવ તેની સાથે જોડાતો નથી; કારણ કે જન્મ કર્મથી થાય છે. ॥૨૫, ૨૫½॥

'પ્રવાહે અપિ' વદેરે શબ્દોથી આગળ કહે છે. પ્રવાહમાં સાથે મળીને પણ પુષ્ટિમાર્ગીય જીવ તેવા સમાગમનથી કોઈ વિશેષ અવસ્થા પામીને તેઓની સાથે એટલે કે આસુરી ધર્મવાળાએ સાથે જોડાતો નથી. તેમાં હેતુ દર્શાવતા કહે છે કે, કર્મથી તેવા પ્રકારના તેના કૂળમાં તે જન્મે છે. એમ હોવાથી તે પ્રમાણે છે, એમ અર્થ છે. અને વળી, તેવાં કર્મની વાસનાથી તેવા પ્રકારની ક્રિયા કરવામાં પણ જીવ પુષ્ટિમાં રહેલો હોવાથી ભગવાન તેના કર્મનું નિવારણ કરીને અજામિલને આપ્યું હતું તેમ તેને ફળ આપે છે. આથી તેમાં દોષ નથી, એવો ભાવ છે. ભગવાનનો અપરાધ, ભકતનો અપરાધ, વેદની નિંદા, અધર્મનું આચરણ વગેરે જાતનાં કર્મથી તેમ થાય છે. તેવું 'અહીં પણ (ભગવાનના માર્ગમાં રહીને પણ) જો વેદોનું અપ્રામાણ્ય કહેવાય તો તેમ કરવાથી (ભગવાનનું નામ નરકવિરોધી હોવાથી)

નરકમાં પતન થતું નથી, પરંતુ હીન કુળમાં જન્મ પામે છે.' (નિબંધ, સર્વનિર્ણય પ્રકરણ, ૨૧૬), એ પ્રમાણે નિબંધમાં કહેવાયેલ માર્ગથી તેઓ વિચારણીય છે. એ પ્રમાણે બલિ પ્રહલાદ વગેરેમાં દુષ્ટ કર્મની અતિ અલ્પતા પણ વિચારણીય છે, તેથી દોષ નથી. એનાથી આગળ આધુનિક સંજોગોમાં નહિ જોયેલો ગ્રંથ મળતો નથી. એમ છે ત્યારે પ્રારંભ અને ઉપસંહારમાં સમરૂપતાનો અભાવ છે, તે દોષ નથી. એનાથી આગળ પ્રવાહ માર્ગીયોનાં પ્રયોજન, સ્વરૂપ, અંગ, ક્રિયા સાધન અને ફળ વગેરે જેટલા પ્રમાણમાં જ્ઞાત કરાવાયાં છે, તેટલા પ્રમાણમાં તે મળતાં નથી, તેથી ગ્રંથની પૂર્ણતા અપેક્ષિત રહે છે, એમ જાણવું. ।। ૨૫, ૨૫।। ।।

એ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યજીના ચરણ કમળનાં નખરૂપી ચંદ્ર વડે શોભતા જે તારાઓ છે તેને સ્વબુદ્ધિ અનુસાર સ્પષ્ટ કર્યા છે. ।।૧।। વિલસતા રસના સાગરરૂપ અને ચંદ્રના મુખથી ઝરતા વાણીરૂપ અમૃતનું સતત મનન કરીને, વિદ્વાનોના એક માત્ર સુખરૂપ એવા રહસ્ય સહિતનું, અહો, 'પુષ્ટિપ્રવાહ મર્યાદા'નું મારા વડે (શ્રીમત્ પીતાંબરજી વડે) વિવરણ કરેલું છે. ।।૨।।

એ પ્રમાણે, શ્રી વલ્લભનંદનનાં ચરણની રેણુઓમાં તલ્લીન, શ્રીયદુપતિના પુત્ર શ્રીમત્ પીતાંબરજી વિરચિત્ 'પુષ્ટિપ્રવાહ મર્યાદા'નું વિવરણ પુરું થયું.

સંપૂર્ણ

શ્રી વલ્લભ સુધાના આજીવન સભ્ય બનો

(આજીવન લવાજમ રૂ. ૧૫૧)

શ્રીવલ્લભ સુધામાં પૃષ્ઠ પ્રકાશન સહાયના રૂ. ૫૧/ ભરી પ્રકાશન કાર્યને સહાય કરો.

કડી : ગો. શ્રી વ્રજેશકુમારજીના બન્ને લાલબાબા ચિ. શ્રી યદુનાથજી તથા ચિ. શ્રી દ્વારકેશલાલજીનો શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ સઆનંદ સંપન થયો તા. ૩–૬–૮૫ થી તા. ૫–૬–૮૫ આમ ત્રણ દિવસ શ્રીના વિવિધ મનોરથ થયા. અમદાવાદ, કલોલ, પાટડી, દિલ્લી, રાજકોટ, હૈદ્રાબાદ મુરેના વિગેરે દુર દુરથી વૈષ્ણવો આવ્યા હતા અત્યારની રાજ્યની અશાંત પરિસ્થિત હોવા છતા. વૈષ્ણવોનો સમુહ સારો હતો ધરના બાળકો તથા સર્વે શ્રી ગો. શ્રી વ્રજરાયજી મહારાજ અમદાવાદ ગો. શ્રી પ્રભુજી મહોદય તથા ગો. શ્રી દ્રુમીલકુમારજી સુરત ગો. શ્રી શ્યામ મનોહરજી જામનગર તથા સજાતી વર્ગની ઉપસ્થીત સારી હતી.

આ માસના ઉત્સવ

અષાડ વદ ૧૧ તા. ૧૩–૭–૮૫ શનિવાર કામિકા એકાદશી વ્રત કુંજમાં હિંડોરા અષાડ વદ ૩૦ તા. ૧૭–૭–૮૫ બુધવાર હરિયાળી અમાસ દિવાસો

અધિક શ્રાવણ સુદ ૧ તા. ૧૮–૭–૮૫ ગુરૂવાર.

આજથી શ્રી પુરુષોત્તમ માસનો આરંભ આજથી શ્રીને નિત્ય નવા મનોરથો ઉત્સવો થાય અને વિવિધ પ્રકારની અધકીની સામગ્રી આરોગાવવી. અધિક શ્રાવણ સુદ ૧૧ તા. ૨૮–૭–૮૫ રવિવાર કમલા એકાદશી વ્રત

માર્ચ ૧૯૮૪ના અંક ૧૨ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૧૩૧ ગુજરાત મશીનરી કોર્પોરેશન–રાજકોટ

૧૩૨ કાંદીવલી કેસરીયા મંડલી
(અ. ભા. પુ. વૈ. પરિષદ)–કાંદીવલી

૧૩૩ કંસારા હરજીવનભાઇ ભાઈચંદભાઈ
રાજકોટ

૧૩૪ શ્રી રમણિકલાલ વિઠ્ઠલદાસ કેસરીયા
રાજકોટ.

૧૩૫ સોની મથુરાદાસ મુલચંદભાઇ–ખરેડી

૧૩૬ શ્રી લોહાણા બોર્ડીંગ–રાજકોટ

૧૩૭ શ્રી હરકીશન જે. કીકાણી–કાંદીવલી

૧૩૮ શ્રી રામજીભાઈ લક્ષ્મીદાસ ગોકાણી–અમદાવાદ

૧૩૯ શ્રી પરેશ ઇન્ડસ્ટ્રીઝ–પોરબંદર

૧૪૦ શ્રી ઠા. જયન્તિલાલ મુલજીભાઇ રાજાણી
પોરબંદર

SHREE VALLABH SUDHA Regd No. G/RJ. 212

શ્રી હરિરાયજી વિરચિત

શ્રી વલ્લભશરણાષ્ટકઃ પદ્યભાવાનુવાદ

નિઃસાધન જીવો ઉદ્ધરવા પ્રકટ ધર્યો અવતાર ધરા પર,
ગોકુલેશ સ્વરૂપ છે જે એ મહાપ્રભુને વંદી તું બોલઃ
શ્રી વલ્લભઃ શરણં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૧

ભજનાનંદદાયક છે જે પુષ્ટિમાર્ગ – પ્રકાશક જે,
કરુણાના મહાસાગર જે એ મહાપ્રભુને વંદી તું બોલ
શ્રી વલ્લભઃ શરણં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૨

સ્વામીભાવથી યુકત જે ભગવદ્‌ભાવમાં લીન જે
અતિ અલૌકિક મૂર્તિ જે એ મહાપ્રભુને વંદી તું બોલ
શ્રી વલ્લભઃ શરણમં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૩

શ્રી કૃષ્ણમુખ આનંદરૂપ જે વિરહરૂપી અગ્નિસ્વરૂપ જે
ભકિતરૂપ કમલસૂરજ જે એ મહાપ્રભુને વંદી તું બોલ
શ્રી વલ્લભઃ શરણં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૪

રાસલીલા રસથી સભર જે અખિલ અંગના ધારક છે જે
ભાવરૂપી પૂર્ણ દેહધારી જે એ મહાપ્રભુને વંદી તું બોલ
શ્રી વલ્લભઃ શરણં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૫

ભાવ વિભાવો ભાગવતના કરવા પ્રકટ લીધો અવતાર
સ્વામીતોષ હેતુસ્વરૂપ જે એ મહાપ્રભુને વંદી તું બોલ
શ્રી વલ્લભઃ શરણં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૬

ગોપીજનોને અતિપ્રિય જે ગુપ્ત લીલાનુભવના પ્રેમી
અન્યનું છે સ્ફુરણના જેને એ મહાપ્રભુને વંદી તું બોલ
શ્રી વલ્લભઃ શરણં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૭

કમલજીત ચરણારવિંદથી વસુંધરા સુંદર કરી જેણે
સદા વાસી ગોવર્ધનના જે એ મહાપ્રભુને વંદી તું બોલ
શ્રી વલ્લભઃ શરણં મમ શ્રી વલ્લભઃ શરણં મમ ૮

તત્પરાયણ અનન્ય થઇને આ અષ્ટકનો પાઠ કરે જે
સાધનવિણ એ હોય છતાંયે ભગવદ્-પદ આશ્રય પામે તે ૯

અનુ :— **પ્રા. એમ. આર. પાલેજા** (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेहिसन्मार्गरक्षका:

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

(રાગ – સારંગ)

જોપેં ચોંપ મીલન કી હોય
તો કયોં રહ્યો પરે વિનુ દેખે લાખ કરે જો કોય
જોપેં વિરહ પરસ્પર વ્યાપે તો કછૂ જીય બને
લોક લાજ કુલકી મર્યાદા એકો ચિત ન ગિને
'કુંભદનદાસ' પ્રભુ જાહી તન લાગી ઓર ન કછૂ સુહાઈ
ગિરિધરલાલ તાહિ બિનુ દેખે છિનુ છિનુ કલ્પ વિહાઈ

(રાગ – બિહાગ)

માધો યહ પ્રસાદ હોંપાઉં
તુવ ભૃત્ય ભૃત્ય ભક્ત પરિચારક
દાસ કો દાસ કહાઉં
યહ પરમારથ મોહિ ગુરૂ સિખાયો
શ્યામા શ્યામ કી પૂજા
યહ વાસના વસો જીય મેરે
દેવન દેખું દૂજા
'પરમાનંદદાસ' તુમ ઠાકુર
યહ નાતો જીન તૂટો
નંદકુમાર યશોદાનંદન
હિલ મિલ પ્રિત ન છૂટો

વર્ષ ૪ : અંક ૫ ✿ ઓગસ્ટ, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

છોટાઉદેપુરમા તા. ૨૪-૪-૮૫ના રોજ સત્સંગ હોલનું ઉદ્ઘાટન થયેલ પ્રસંગની તસ્વીર



જમણી બાજુથી (૧) શ્રી વિઠ્ઠલદાસ શાહ, મંત્રી વડોદરા જીલ્લા કારોબારી (૨) દિપ પ્રગટાવી ઉદ્ઘાટન કરતા કેન્દ્રીય સંગઠન મંત્રીશ્રી દ્વારકાપ્રસાદ પાટોદીયાજી (૩) શ્રી ડો. નટવરલાલ પરીખ, જીલ્લા પ્રમુખ (૪) શ્રી કંચનભાઈ દરૂ, જીલ્લા ઉપપ્રમુખ (૫) કેન્દ્રીય મંત્રીશ્રી ચીમનભાઈ શેઠ (૬) શ્રી શાંતિલાલ ગો. પટેલ, પ્રમુખ, છોટા ઉદેપુર શાખા. (૭) શ્રી ઓચ્છવલાલ શાહ, પ્રમુખ સત્સંગ હોલ.

સમાચાર

સુણાવ : શ્રી મદનમોહનલાલજીની હવેલીમાં પૂ. પા. ગો. શ્રી રમેશચંદ્ર બાવાશ્રીની પ્રેરણાથી "શ્રી મદનમોહનલાલજીના યુગલ સ્વરૂપ"ને નિતનિત મનોરથો થાય છે. સૌ વૈષ્ણવો ઉત્સાહથી ભાગ લે છે. દર એકાદશીએ શ્રીયમુનાષ્ટકના પાઠ થાય છે અને પૂ. બાવાશ્રીનું ચાલુ સમયને અનુકૂળ પ્રવચન થાય છે. એ પ્રવચન દ્વારા પુષ્ટિમાર્ગનું રહસ્ય સહજમાં સમજાય છે. વાર તહેવારે ઉત્સવોની ઉજવણી પણ થાય છે અને તે દ્વારા વૈષ્ણવોમાં જાગૃતિ લાવીને ધર્મ પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સિહોર : પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે મુંબઈ–કીશનગઢના પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીના ષોડશ ગ્રંથ પૈકીનાં નવરત્ન ગ્રંથ ઉપરના તેમજ અન્ય પ્રશ્નોત્તરીના પ્રવચનોની કેસેટો સમૂહમાં પાન કરવાનો અનેરો મનોરથ પંદર દિવસનો મુંબઈના પ. ભ. શ્રી બચુભાઈ પી. મહેતાના સહકારથી યોજાયો હતો તેમાં ઘણા વૈષ્ણવોએ તેનો લાભ લીધેલ.

વેદ પાઠી બ્રાહ્મણની વાર્તા

એક બ્રાહ્મણ ચાર વેદ ભણ્યો હતો. બીજો એક બ્રાહ્મણ ષટ શાસ્ત્ર અઢારે પુરાણ ભણ્યો હતો. તેમને ઘર વિવાહ હતો. તેણે રાજાને જઈને આશીર્વાદ દીધો. ત્યારે રાજાએ વિવાહનો બધો સામાન પોતાના ઘરથી આપ્યો ને સોપારીની ચિઠ્ઠી કરી આપી તેમાં લખ્યું– 'માદ્ધવા કેસવા પૂંગી ઘડી દોઉ.' તે બ્રાહ્મણે નીચે

(અનુસંધાન ત્રીજા ટાઇટલ ઉપર)

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* પ્રો. **શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મંગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

❋

વર્ષ ૪ : અંક ૫ મો
ઓગષ્ટ, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

આદરણીય વાંચક વૃંદ

આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય સ્થાપિત પુષ્ટિ સંપ્રદાયને જગતના તત્ત્વજ્ઞોએ તો શ્રેષ્ઠધર્મ તરીકે સ્વીકારેલ છે જ સાથોસાથ આપણે પણ પુષ્ટિ સંપ્રદાયને શ્રેષ્ઠ ધર્મ તરીકે માનીએ છીએ.

આપણા માનવાથી કર્તવ્ય પુરૂં થતું નથી શું આપણે આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિત ગ્રંથોને સમજવા કદી પ્રયાસ કરેલ છે ?

અવાર નવાર આપણે સૌ ફરીયાદ કરીએ છીએ કે યુવાનો ધર્મથી વિમુખ થતાં જાય છે. તો શું આપણે વિમુખ બનાવવામાં દોષી છીએ કે નહિ, તેનો કદી વિચાર કરેલ છે ?

આજે અન્ય સાહિત્ય વાંચનમાં તેમજ મોજ મજાહ ઉડાવવામાં વિપુલ પ્રમાણમાં અર્થ વ્યય કરીએ છીએ.

પરંતુ સંસ્કાર સિંચન આપણામાં તેમજ આપણી પેઢીમાં થાય તે માટે આપણે બેદરકાર રહીએ છીએ, શું આમાંથી જાગૃત થવાની જરૂર લાગતી નથી ?

ધર્મવિમુખ બનાવામાં આપણે પોતેજ દોષિત કહેવાઇએ કારણકે ઘરમા સાંપ્રદાયિક સાહિત્ય વસાવવામાં અને વાંચન કરવાથી હરહંમેશ તેમ કહીને દૂર રહીએ છીએ કે વાંચવાનો સમય મળતો નથી, અમારા ઘરમાં કોઈ સાંપ્રદાયિક સાહિત્ય વાંચવામાં રસ ધરાવતાં નથી.

શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પુષ્ટિમાર્ગના મૂળભૂત સિદ્ધાંતો સૌ સમજી શકે તે હેતુથી 'શ્રીવલ્લભ સુધા' છેલ્લા ચાર વર્ષથી પ્રકાશિત થઇ રહેલ છે.

અવાર નવાર લખવા છતાં આપણે લવાજમ મોકલવામાં આળસ કરીએ છીએ તે શું શોભાસ્પદ ગણાય ?

આપને ત્યાં સેવાભાવી કાર્યકરો ન હોય તો આપ પોતે સેવાભાવી કાર્યકર બની આપના ગામના લવાજમ ઉઘરાવી એકઠા કરી કાર્યાલય ઉપર વહેલી તકે મોકલી આપી સંપ્રદાયની સેવાનો યશ લેશો એવી અપેક્ષા.

લી. **વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ**

॥ શ્રીકૃષ્ણઃ ॥

પ્રસ્થાન ચતુષ્ટય

લેખક : પૂ. પા. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, વડોદરા

[ગતાંકમાં 'ભક્તિયોગ'ના પ્રકાશન અંગે શ્રીવલ્લભ સુધા'ના વાચકોને સુપરિચિત કરાયા છે. ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (વડોદરાવાળા) એ પુષ્ટિપ્રેમીઓ માટે હવે જાણે કે પ્રકાશનનો પ્રવાહ વહેરાવવા માંડયો છે; અને તેથી એક પછી એક પુષ્ટિગ્રંથ પ્રસિદ્ધ થતા રહેશે. એ રીતે 'ભક્તિયોગ' પછી હવે 'પ્રસ્થાન ચતુષ્ટય' છપાઇ રહેલ છે. શ્રીવલ્લભ સુધા'ના વાચકો માટે એ આખાયે ગ્રંથને ક્રમશઃ અહીં આપવાનું ઉત્કૃષ્ટ ભાગ્ય પ્રાપ્ત થયું છે.

શ્રીમહાપ્રભુજી પૂર્વે થયેલા આદ્ય શંકરાચાર્યથી માંડીને બધા જ આચાર્યશ્રીઓએ પ્રસ્થાનત્રયીનો સ્વીકાર કર્યો છે, જ્યારે શ્રીવલ્લભ પ્રભુ 'પ્રસ્થાન ચતુષ્ટય'ને સ્વીકારે છે. વેદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ ગીતા એ અગાઉના માન્ય ત્રણ પ્રમાણે છે, તેમાં ચોથું પ્રમાણ શ્રીવલ્લભાચાર્યજી કયું ઉમેરે છે, શા માટે ઉમેરે છે, મહત્ત્વ શું છે, વગેરે અટપટા પ્રશ્નોના જવાબોથી આ ગ્રંથ રસિક રીતે ભરી દીધેલો છે. ચારેય પ્રમાણોની છણાવટ પણ વિસ્તારપૂર્વક અહીં કરાયેલી છે, અને એ રીતે આ આખોય ગ્રંથ સંશોધનાત્મક માહિતીરૂપ બની રહ્યો છે. પુષ્ટિગ્રંથોના જ્ઞાતા ગોસ્વામી શ્રીચંદ્રગોપાલજી, શ્રીમહાપ્રભુજીની જેમ માત્ર શાસ્ત્ર પ્રમાણ જ સ્વીકારે છે. એ રીતે મૂળ સંસ્કૃત ઉક્તિઓ સાથે ચોથા શ્રીમદ્ ભાગવત પ્રમાણને સૌથી બલવત્તર પ્રમાણ તરીકે સિદ્ધ કરે છે.

આજના વિષમ સમયમાં માણસોની અલ્પ વિચારણાને કારણે અને સંપૂર્ણ અવલોકનના અભાવે તેમ જ માત્ર તર્ક પ્રધાન કથનોથી સંસ્કૃત સાહિત્યમાં અનેક પ્રકારની દ્વિધાઓ ઊભી કરી છે. જેવી કે, વ્યાસજીનાં અનેક નામો શાસ્ત્રોક્ત છે, તેમ છતાં આધુનિક ઘણા વિદ્વાનો તે તે દરેક નામની જુદી જુદી વ્યક્તિઓ ગણાવે છે. ગોસ્વામી શ્રીચંદ્રગોપાલજીએ શાસ્ત્ર પ્રમાણો આપીને તેને રદિયો આપ્યો છે અને તે બધાં નામ એક વ્યાસજીનાં જ હોવાનું સિદ્ધ કર્યું ઉપરાંત શ્રીમહાપ્રભુજી, વ્યાસજી વિષે શું કહે છે, તે પણ દર્શાવ્યું છે. આ બધું વાંચવું ખૂબ જ આનંદદાયક થઈ પડશે.

લૌકિક દૃષ્ટિએ વિચારી તો પણઃ–

'સતાં હિ સંદેહ પદેષુ વસ્તુષુ પ્રમાણમંતઃ-કરણ॰ પ્રવૃત્તયઃ' એ મહાકવિ કાલિદાસે દુષ્યંતના મુખે ઉચ્ચારેલ કથન શ્રીમહાપ્રભુજીના કથનને સન્માને છે, એટલું જ નહિ, પરંતુ અદ્યાપિ પર્યંત વલ્લભકુળનાં કથનોને પ્રાધાન્ય આપવામાં શ્રધ્ધા જગાડે છે.

આધુનિક વિદ્વાનોએ ભાગવતજીના રચનાકાળ વિષે પણ દ્વિધાઓ ઊભી કરી છે,

પરંતુ આજથી ૨૪૦૦ વર્ષ પૂર્વે થયેલા સંસ્કૃત કવિ શ્રી ભાસે 'બાલચરિત' નામે સત અંકી નાટક સરળ સંસ્કૃત ભાષામાં લખેલું છે, તેમાં શ્રીકૃષ્ણજન્મથી કંસવધ સુધીનું કથાનક વર્ણી દેવાયું છે, જે શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધનું તાદૃશ ઉદ્ધરણ જ છે.

આદ્ય શંકરાચાર્યશ્રીએ પણ યમુનાષ્ટક ભાગવતજીના આધારે જ લખેલું છે, અને ભાગવતમાંના જ શબ્દો તેમાં અપાયા છે. તેઓશ્રી યમુનાજીને 'મુરારિ પ્રેયસ્યાં' કહે છે. વળી 'તપનતનયાં', 'મધુવન–ચારિણિ' 'માધવતોષિણ', 'ગોકુલભીતિ વિનાશકૃતે', 'કેશવ કેલિનિદાનગતે', 'મરણસમયે યાતિ હરિતામ્' જેવા તેમાં વપરાયેલા શબ્દો શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધને અનુરૂપ જ છે. આજે તો આદ્ય શંકરાચાર્ય ઈ. સ. ૭૦૦ માં થયાનું કહેવાય છે, પરંતુ શારદા પીઠના આચાર્યશ્રીઓ જે શંકરાચાર્યને નામે ઓળખાય છે, તેમની વર્ષવાર નામાવલિ પ્રસિદ્ધ કરવામાં આવેલી, તેમાં પ્રથમ પીઠાધિપતિ મંડનમિશ્ર, જે સુરેશ્વરાચાર્ય નામ ધારણ કરીને યુધિષ્ઠિર સંવત ૨૬૯૨ માં શારદાપીઠના અધિપતિ થયા. એ રીતે લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાંની ગણતરી થાય છે. આમ સામાન્ય ગણતરી પ્રમાણે પણ હજારો વર્ષ પહેલાં પણ ભાગવતજીની પ્રસિદ્ધિ હતી જ, એ નક્કી થાય છે.

પરંતુ એ બધી આધુનિક ચર્ચાઓ કરતાં શાસ્ત્રનાં પ્રમાણો આપીને અને સ્વયં શ્રીવલ્લભાચાર્યનું કથન આપશ્રીના જ શબ્દોમાં આપેલું છે, તે અલૌકિક છે.

એક એવું પણ પ્રમાણ મળે છે કે, ઇ. સ. ના સાતમા સૈકાના પ્રારંભમાં ચીની યાત્રાળુ ઇત્સિંગ ભારતમાં આવેલ, તેમણે નાગાનંદ નાટક જોઇને અહોભાવ વ્યકત કરેલો કે, આ નાટકની રચના શ્રીભાગવતજીમાં વર્ણવેલ રાસક્રીડાના આધારે જ થયેલી છે. ભગવાનની અનેક લીલાઓમાં રાસક્રીડા સર્વશ્રેષ્ઠ છે. એવી ભગવાનની રાસક્રીડાનો આવો અવર્ણનીય અહોભાવ તે સમયે ચીન સુધી પહોંચી ગયેલો, એ જોતાં ભાગવતજીની રચના તે પહેલાં સૈકાઓ પૂર્વે થઈ હોય, એમાં શું આશ્ચર્ય છે!

ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજીએ આ લેખમાં આપેલાં પ્રમાણો અનન્ય વિદ્વતાપૂર્ણ અને તેથી જ રસભરપૂર, સંશોધનાત્મક છે, જે વાંચવામાં પુષ્ટિજ્ઞાન મળવા ઉપરાંત અલૌકિક આનંદ પણ આપી જશે, એમાં શંકા નથી, આ ગ્રંથ પણ સર્વે પુષ્ટિજને વસાવે, વાંચે, વંચાવે અને અલૌકિક આનંદ માણે, એ જ અભ્યર્થના !

–સંપાદક]

વેદાઃ શ્રીકૃષ્ણ વાક્યાનિ,
વ્યાસસૂત્રાણિ ચૈવ હિ ।
સમાધિભાષા વ્યાસસ્ય,
પ્રમાણં તચ્ચતુષ્ટયમ્ ॥

–શ્રીવલ્લભાચાર્ય ત. દી. નિ. સર્વ નિર્ણય.
શાસ્ત્રાર્થ પ્રકરણ–૭

ભારતીય સનાતન પરંપરામાં અનેક મહાપુરુષો દ્વારા જીવ, જગત, બ્રહ્મ વિષયમાં ખૂબજ વ્યાપક રીતે અને વિશિષ્ટ રીતે વિચારવામાં આવેલું છે. જો બુદ્ધિ માત્ર જગત સામે જોઇને ઇન્દ્રિયોને ભૌતિકતામાં જ માત્ર

પ્રેર્યા કરે તો તે વ્યક્તિનું અધઃપતન નિશ્ચિત બની જાય છે. તેથી માનવ માત્રના કલ્યાણ માટે તેને અધઃપતનના માર્ગથી વાળી ઊર્ધ્વ ગતિના માર્ગે અને પરિણામતઃ મોક્ષની સિદ્ધિને પામવા ભારતીય મહાપુરુષોએ માનવ બુદ્ધિને વિચારવાનો એક વિશિષ્ટ માર્ગ સૂચવ્યો કે પ્રથમ બ્રહ્મની સત્તામાં સમજપૂર્વક શ્રદ્ધા કરવી અને પોતાનો બ્રહ્મ સાથેના સંબંધની બુદ્ધિમાં સમજ પેદા કરવી તેમજ પોતે જે જગતમાં છે અને જે જગતમાં જકડાયેલો છે તે જગત શું છે અને તે જગતનો પણ બ્રહ્મ સાથે શું સંબંધ છે તેની પણ યોગ્ય સમજ બુદ્ધિમાં ઉત્પન્ન કરવી. બુદ્ધિ એ અહંકાર અને ઇન્દ્રિયોની મધ્યે હોવાથી બુદ્ધિમાં પ્રકટ થયેલો પ્રકાશ એ અન્તઃકરણને અને બહિષ્કરણોને એમ બન્નેને ઉજાળે છે. 'હું ભોગવું' આ પ્રયોગમાં હું એ અહંકાર કિંવા અસ્મિતાથી ઉત્પન્ન થયેલો છે, અને ભોગ ભોગવું એ ઇન્દ્રિયોની વાસના છે. આમાં હું જ્ઞાનમાં પણ બુદ્ધિનું મિથ્યાજ્ઞાન અને ભોગ ભોગવું એમાં પણ બુદ્ધિના મિથ્યાજ્ઞાનનો ઇન્દ્રિયો પર પ્રભાવ જોવા મળે છે. તેથી સંસારના સુખ દુઃખાદિથી નિવૃત્ત થઇને પરમ શાન્તિરૂપ મોક્ષના માર્ગમાં મહાભિયાન આરંભવા સર્વ પ્રથમ બુદ્ધિની શુદ્ધિ પરમ આવશ્યક બની જાય છે. ભગવતી વેદમાતા ગાયત્રી પણ એજ સૂચવે છે **"ધીમહિ, ધિયો યો નઃ પ્રચોદયાત્"** હું તેનું ધ્યાન કરું છું અથવા હું તેને મારા અન્તઃકરણમાં સેવું છું કે જે અમારી સર્વની બુદ્ધિના પ્રેરક છે અને જે અમને પ્રેરી રહ્યા છે. તેમજ અન્યત્ર શ્રુતિમાં પણ **"તં આત્મબુદ્ધિપ્રકાશં મુમુક્ષુર્વૈ શરણમહં પ્રપદ્યે"** આમાં પણ આત્મા અને બુદ્ધિને પ્રકાશનારા અથવા તો આત્મબુદ્ધિથી દૃષ્ટ થનારા એવા પરમાત્માનું શરણ મુમુક્ષુઓ માટે ચીંધવામાં આવ્યું છે. પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર પણ ગીતાના ૧૦ મા અધ્યાયમાં આજ્ઞા કરે છે કે, **"દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે"** આમ સ્વપ્રાપ્તિમાં પોતાના દ્વારા ભક્તને બુદ્ધિયોગનું દાન બતાવ્યું છે. બુદ્ધિમાં રહેલો દેહભાવ અથવા માત્ર લૌકિક ભાવ અધઃપતનને પ્રાપ્ત કરાવે છે અને બુદ્ધિમાં ઉત્પન્ન થતો આત્મભાવ કિંવા બ્રહ્મભાવ મોક્ષદાયક બને છે. જેમ જ્ઞાન માર્ગ પ્રકારે મોક્ષ માટે આ જ્ઞાન જરૂરી છે, તેવી જ રીતે ભક્તિ કરવા માટે પણ પ્રભુના સ્વરૂપનું જ્ઞાન જરૂરી છે અને માટે જ શ્રીઆચાર્યચરણ નારદ પંચરાત્રના એ શ્લોકનો નિબંધમાં પણ ઉલ્લેખ કરે છે કે–

માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ, સુદઢઃ સર્વતોઽધિકઃ ।
સ્નેહોભક્તિરિતિ પ્રોક્તસ્તયા મુક્તિર્ન ચાન્યથા ॥

શાસ્ત્રાર્થ પ્રકરણ ૪૨

જો કે સ્નેહની ઉત્પત્તિ પછીથી માહાત્મ્યજ્ઞાનનો કોઇ ઉપયોગ નથી, કારણ કે પછીથી તો ભક્તિ સ્નેહ વડે જ આપોઆપ થશે. તેમ છતાં પણ જ્યાં સુધી સ્નેહની

ઉત્પત્તિ થઈ નથી, ત્યાં સુધી તો ભક્તિ માટે પણ માહાત્મ્યજ્ઞાન આવશ્યક છે જ. અન્યથા ભક્તિ જ શક્ય નહિ બને. આમ ભક્તિ માટે પણ પ્રભુના સ્વરૂપનું જ્ઞાન અને પોતાનો તેમજ જગતનો પ્રભુ સાથે સંબંધ આ બધી વાતોનું વાચન–મનન–શ્રવણ વગેરે દ્વારા જેમ જેમ બુદ્ધિમાં સ્પષ્ટ વિશ્લેષણ થતું જશે તેમ તેમ જો ભગવદનુગ્રહ હશે તો ચિત્ત સંસારમાંથી વિરમિત થઈ ભક્તિ યુક્ત બનતું જશે. અને તેથી જ વેદ–ઉપનિષદમાં પણ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ જોવા મળે છે. અન્યથા બ્રહ્મ પ્રતિપાદન પર વેદોમાં આકાશ–પૃથ્વી જલ–તેજ–તન્માત્રા વગેરેની વાતો નિરર્થક બની જશે, રસાત્મક પરબ્રહ્મની રસરૂપતાની ચર્ચા કરનાર અથવા તો પર બ્રહ્મને રસરૂપે ઓળખાવનાર તૈત્તિરીય ઉપનિષદ પણ **"તસ્માદ્વા એતસ્માદાત્મનઃ આકાશઃ સંભૂતઃ"** વગેરે શબ્દોથી ભગવન્માત્મ્યજ્ઞાનનું પ્રતિપાદન કરે છે. યદ્યપિ અવતારદશામાં આ પ્રક્રિયા અપેક્ષિત નથી, કારણ કે ત્યારે તો સાક્ષાત્ પ્રભુ જ પોતાના સ્વરૂપને પ્રકટ કરી ભક્તિ પ્રદાન કરે છે, પણ અનવતારદશામાં તો આ જ પ્રભુના વાઙ્મય સ્વરૂપ દ્વારા ભગવત્સ્વરૂપના જ્ઞાનપૂર્વક ભક્તિ થઇ શકશે. અને તેથી જ ભક્તિમાર્ગીય અન્ય વૈષ્ણવાચાર્યોએ તેમજ ભક્તિના વિશિષ્ટ અને શુદ્ધ સ્વરૂપને બતાવવા પ્રકટ થયેલા શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણે પોતાના સંપ્રદાયના સિદ્ધાન્તોમાં તત્ત્વજ્ઞાનને સ્થાન આપ્યું છે. આ તત્ત્વજ્ઞાન પણ વસ્તુ તસ્તુ ભક્તિ હેતુરૂપ જ છે. આ તત્ત્વજ્ઞાનના નિર્ધાર માટે દરેક આચાર્યશ્રીએ પોત પોતાની દૃષ્ટિએ માનબિન્દુરૂપ અમુક શાસ્ત્રોને પ્રમાણરૂપે સ્વીકારેલાં છે. એટલે કે આ શાસ્ત્રોમાં જે તત્ત્વજ્ઞાન વિષયક નિર્ધાર કરવામાં આવ્યો હોય તેના અવિરુદ્ધ જ પોતાનો મત સ્થાપવો. આમાં વૈદિક પરંપરામાં આવેલા પાંચે આચાર્યો (૧) શ્રીશંકરાચાર્ય (૨) શ્રીરામાનુજાચાર્ય (૩) શ્રીમધ્વાચાર્ય (૪) શ્રીનિમ્બાર્કાચાર્ય (૫) શ્રીવલ્લભાચાર્ય. આ પાંચે આચાર્યો વેદ–ગીતા બ્રહ્મસુત્ર આ ત્રણ શાસ્ત્રોને પ્રમાણરૂપે સ્વીકારે જ છે, પણ આમાં બાકીના ચારથી આગળ વધીને શ્રીવલ્લભાચાર્યચરણ શ્રીમદ્ ભાગવત સમાધ ભાષાને પણ ચતુર્થ પ્રમાણ તરીકે સ્વીકારે છે. જેનું વિશેષ વિવેચન અમે આગળ લખીશું.

૧. વેદાઃ

આમાં સર્વ પ્રથમ પ્રસ્થાનમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે. "વેદાઃ" શબ્દરૂપ વેદો પ્રમાણ છે. પ્રત્યક્ષ–પરોક્ષ વગેરે પ્રમાણના પ્રકારોમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે અમને શબ્દ પ્રમાણ જ ગ્રાહ્ય છે. કારણ કે પ્રત્યક્ષાદિમાં કેટલીકવાર આપણામાં લૌકિકતા હોવાને કારણે તેમજ ક્ષુદ્રતા હોવાને કારણે ભ્રાન્તિ વગેરે દોષોનો પણ સંભવ છે. જ્યારે શબ્દ પ્રમાણમાં આવા કોઇ દોષોની ઉત્પત્તિ સંભવિત નથી. વેદ એ સ્વતઃ પ્રમાણ છે. અપૌરુષેય છે–અલૌકિક–જ્ઞાપક છે અને ભગવાનના નિઃશ્વાસરૂપે પ્રકટ થયેલા છે.

માયામાં વહી જતા જીવોને પોતાના સ્વરૂપનું માહાત્મ્ય જ્ઞાન કરાવવા પરમકૃપાળુ પ્રભુએજ પોતાના નિઃશ્વાસથી વેદોને પ્રકટ કરેલા છે. તેથી વેદ અક્ષર માત્ર પ્રમાણ છે. જેમ શ્રી શંકરાચાર્યજી પોતાના મતના સ્થાપનમાં શ્રુતિઓને બે ભાગે વહેંચી દે છે. જેમાં કેટલીક શ્રુતિઓને તેઓ ગૌણ પ્રકારે અને કેટલીકને મુખ્ય પ્રકારે સ્વીકારી મુખ્ય શ્રુતિઓના આધારે કેવલાદ્વૈત સિદ્ધાન્તને સમજાવે છે. તેમ શ્રી આચાર્યચરણ શ્રુતિઓના બે વિભાગોને માન્ય કરતા નથી. વેદની કોઇપણ શ્રુતિ અથવા તો તેનો કોઇપણ અક્ષર મિથ્યા કે ગૌણ હોઈ શકે નહિ, કારણ કે ભગવન્નિઃશ્વસિત છે. અને તેનો સમગ્ર પ્રયત્ન માત્ર પરબ્રહ્મનુંજ જ્ઞાન છે. તેથી વેદમાં ગૌણ–મુખ્યનો ભેદ કરવો એ સર્વથા અનધિકાર ચેષ્ટા જ કહેવાશે. **"સર્વે વેદાઃયત્પદમામનન્તિ" "વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ" "વેદોઽખિલો ધર્મમૂલમ્" "સર્વે વેદાઃયત્રૈકં ભવન્તિ"** આ સર્વ વાકયો સમગ્ર વેદની પ્રામાણિકતાને પ્રદર્શિત કરે છે. તેવી જ રીતે વેદનું બીજ ગાયત્રી પણ પોતાના સર્વ શબ્દો અને અક્ષરોથી માત્ર પરબ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. તેથી વેદનો પણ સમગ્ર પ્રયત્ન ભગવત્સ્વરૂપનું જ્ઞાનજ છે. તેથી લૌકિક બુદ્ધિ વડે અલૌકિક વેદોનું લૌકિકાર્થ ઘટન એ બુદ્ધિનો વ્યામોહ જ છે, બીજું કશું પણ નથી.

આવો જ પ્રશ્ન શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધમાં પણ બને છે. મહારાજા પરીક્ષિત શ્રી શુકદેવજીને કહે છે. આપ મને ભૂગોળ–ખગોળ–જ્યોતિષનો ઉપદેશ કરો. ત્યારે પ્રશ્ન થાય છે કે જેણે આજથી ત્રણ–ચાર દિવસ પછી દેહ છોડવાનો છે અને તે પોતે જાણે પણ છે, તેમજ જે પોતાની ૫૦–૬૦ વર્ષની વય વટાવી ચૂકયા છે, તેમજ જેણે સર્વ શાસ્ત્રોનું અધ્યયન સારી પેઠે કરેલું છે અને વિદ્વાન છે તેમજ હાલ્ર જેમણે મુમુક્ષભાવને ગ્રહણ કરેલ છે એવા પરીક્ષિતને નાનાં બાળકોની માફક ભૂગોળ–ખગોળ જાણવાની કેમ ઈચ્છા થઈ હશે ? કયાંક કથામાં અહીં વિસંવાદિતા તો નથી ? તેમજ પરીક્ષિતે તો પ્રશ્ન પૂછયો, તે પૂછયો, પણ પરમહંસ પરિવ્રાજકાચાર્ય પરમ બ્રહ્મનિષ્ઠ પરમ ભાગવત ભગવાન શ્રીશુકમુનિ પણ પ્રશ્ન સાંભળીને ખૂબ લંબાણપૂર્વક ભૂગોળાદિનું વર્ણન કરે છે. તો શું શુકમુનિ પણ ભૂલા પડયા ? ભગવચ્છાત્ર શ્રી ભાગવતમાં આ બધી લોકચર્ચાને સ્થાન કેવી રીતે ? આ પ્રશ્નનો ઉત્તર પંચમસ્કંધના પરીક્ષિતનાં અને શુકદેવજીનાં વાકયોમાંથી જ મળી જાય છે. પરીક્ષિતના ભૂગોળાદિ વિષયક પ્રશ્નમાંજ કહે છે–

"નવૈ મહારાજ ભગવતો, માયા ગુણ
વિભૂતેઃ
કાષ્ઠાં મનસા વચસા, વાધિગન્તુમલં
વિબુધાયુષાપિ, પુરુષસ્તસ્માત્પ્રાધાન્યે-
નૈવ ભૂગોલકવિશેષં નામરૂપ-
માનલક્ષણતો વ્યાખ્યાસ્યામઃ ॥"
(ભા. ૫–૧૬–૪)

અર્થાત્– ભગતદ્ગુણોનો એટલો વિસ્તાર છે કે કોઇ દેવતાઓની આયુથી પણ મનવાણી દ્વારા તેનો અંત પામી શકાય તેમ નથી. તેથી નામ–રૂપ–પરિમાણ અને લક્ષણથી મુખ્ય મુખ્ય વાતોને લઇને જ હું સર્વનું વર્ણન કરીશ.

આ સંવાદના શબ્દોથી જાણવા મળે છે કે ભૂગોળાદિ વિષયોનો શ્રીમદ્ ભાગવતમાં સમાવેશ લૌકિક પ્રકારે નથી, પણ ભગવત્સંબંધથીજ છે. આ વર્ણનમાં ભૂગોળાદિનું જ્ઞાન આપવાનો હેતુ નથી, પણ પ્રભુના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવવાનો હેતુ છે. એવી જ રીતે વેદ–ઉપનિષદમાં પણ તત્ત્વોની ચર્ચા આજનાં સાયન્સનાં પુસ્તકોની માફક માત્ર લૌકિકરિત્યા તત્ત્વ ચર્ચા કરવા માટે નથી, પણ ભગવદ્ભક્તિ માટે જરૂરી એવો સર્વાત્મભાવ ઉત્પન્ન કરવા માટે છે. જડ-ચેતન સર્વમાંથી લૌકિક ભાવનો ત્યાગ કરી બ્રહ્મદર્શન કરવું એ જ, મુખ્ય વાત છે. પોતાનામાં પણ જડદેહમાંથી જડબુદ્ધિનો ચેતન જીવમાંથી જીવ બુદ્ધિનો અથવા તો કતૃત્વ–ભોકતૃત્વાદિ ભાવોનો ત્યાગ કરી તેને પણ ભગવત્સંબંધિત્વેન વિચારવું. દેહ પણ ભોગાયતન શરીર એવું નહિ પણ પ્રભુએ સ્વસેવાર્થે આપ્યો છે. અને જીવ પણ ભોગ ભોગવવા માટે નથી. કે તે ભોકતા નથી, પણ તે ભગવદંશત્વેન સેવક હોઇ સેવા જ એનો પરમ ધર્મ છે, આ જ્ઞાનને ચિત્તમાં સ્થિર કરવા વેદોમાં તત્ત્વ વિષયક–જીવવિષયક ચર્ચા કરવામાં આવેલી છે. તેવી જ રીતે વેદોમાં બતાવેલાં કર્મો પણ બ્રહ્માનુભવ માટે ઉપયોગી એવી ચિત્તશુદ્ધિ માટે જ છે. નહિ કે લૌકિક ફલોનું પ્રતિપાદન કરવા બતાવ્યાં છે. આ વિષયમાં શ્રીઆચાર્ય ચરણ અણુભાષ્યના પ્રથમાધ્યાયના પ્રથમ અને દ્વિતીય અધિકરણમાં લખે છે કે – **"કિંચ પરમકૃપાલુર્વેદઃ સંસારિણઃ સંસારાન્મોચયિતું કર્માણિ ચિત્તશુદ્ધ્યર્થં બોધિતવાન્"**– (અ. ભા. અ. ૧ પા. ૧ અ-૧ સૂ-૧) તથા **"વેદશ્ચ પરમાપ્તોઽક્ષરમાત્રમપ્યન્યથા ન વદતિ । અન્યથા સર્વત્રૈવા વિશ્વાસ પ્રસંગાત્ ।** (અ. ભા. અ. ૧ પા. ૧ અ. ૨ સૂ ૨) આમ બન્ને વાકયોથી વેદ વિષયક શ્રીઆચાર્ય ચરણનો અભિમત સ્પષ્ટપણે સમજી શકાય છે.

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે–પ્રમાણમાં શબ્દ પ્રમાણને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે, તે માત્ર વેદાદિશાસ્ત્રો પૂરતું જ છે. કારણ કે તે સર્વ અલૌકિક છે અને અલૌકિક જ્ઞાયક છે. આથી લૌકિક પ્રકારે શબ્દ પ્રમાણ શ્રી આચાર્ય ચરણને અભીષ્ટ નથીજ. ગીતામાં અર્જુન ભગવાનને કહે છે–

"સ્વયમેવાત્મનાત્માનં વેત્થ ત્વં પુરુષોત્તમ" ગી-૧૦-૧૫

તમને આ જગતમાં કોઇપણ જાણી શકે તેમ નથી. તમે જ માત્ર તમને સારી પેઠે જાણો છો. તેથી તમે જો કૃપા કરીને તમને શબ્દથી જણાવો તો જ કોઈ તમને જાણી શકે છે. આપ ભગવત્સ્વરૂપને ભગવાન જ પ્રકટ કરી શકે છે. અને તેથીજ કૃપાલુ પ્રભુએ પોતાના જ્ઞાન માટે જે વેદોને પ્રકટ કર્યા તે વેદો ભગવાન્નિઃશ્વસિતરૂપ શબ્દ પ્રમાણ તરીકે હોઇ અહીં શ્રી આચાર્ય ચરણ પ્રથમ પ્રમાણમાં બતાવે છે કે અમારું પ્રથમ પ્રસ્થાન એ વેદો છે. **"વેદાઃ"**

–ક્રમશઃ

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
(લેખાંક ૩૦ મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

શ્રીભગવાનુવાચ-

પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।
નહિ કલ્યાણકૃત્કશ્ચિદ્દુર્ગતિં તાત ગચ્છતિ ॥૪૦॥

શ્રીભગવાને કહ્યું, હે પૃથાના પુત્ર અર્જુન તેનો વિનાશ અહીં નથી જ, પરલોકમાં પણ નથી. હે તાત, કલ્યાણ કરનાર કોઇ પણ દુર્ગતિને પામતો નથી જ. ॥૪૦॥

એવું અર્જુનનું નિશ્ચયાત્મક સંશય વાળું વાકય સાંભળીને 'પાર્થ' વગેરે શબ્દોથી શ્રી ભગવાને તેને કહ્યું: હે પાર્થ, હે એવો સંશય કરવાને અયોગ્ય, આ લોકમાં પહેલાં ત્યજેલાં કર્મના અનુકરણરૂપ મારી આજ્ઞાથી ધર્મ, ભક્તિ વગેરેમાં પ્રવૃત્ત થયેલનો અને પરલોકમાં સર્વોત્તમનું દાસ્ય વગેરે રૂપે રહેલા તેનો એટલે કે મારા વચનમાં વિશ્વાસપૂર્વક પ્રવૃત્ત થયેલાનો વિનાશ થતો નથી, એટલે કે વિશેષ નાશ રૂપ મારું અદર્શન તેને હોતું નથી. શ્રદ્ધાથી એટલે કે મારા વચનમાં વિશ્વાસ રાખીને પ્રવૃત્તિ કરવામાં શી રીતે નાશ સંભવે ? તેથી અસાધારણ રીતે ઉત્તમ કાર્યમાં પ્રવૃત્ત થયેલાનો નાશ થતો નથી, એમ નહિ વગેરે શબ્દોથી કહે છે. ભકત હોવાથી પોતાનું બાળક હોય તેમ 'હે તાત,' એવું સંબોધન કરીને ઉપદેશ કર્યો છે. કલ્યાણ કરનાર એટલે કે ધર્મ બુદ્ધિથી ફલેચ્છાની વિશ્વવ્યાપક દૃષ્ટિથી શુભ કરનાર નિશ્ચયપૂર્વક દુર્ગતિને પામતો નથી. તેમ હોવાથી શ્રદ્ધાથી અહીં પ્રવૃત્તિ થયેલ હોય તો તે શી રીતે નાશ પામે ? એમ અર્થ છે. ॥૪૦॥

પ્રાપ્ય પુણ્યકૃતાંલ્લોકાનુષિત્વા શાશ્વતી શમાઃ
શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોભિજાયતે ॥૪૧॥

યોગથી ભ્રષ્ટ થયેલો પુરુષ પુણ્યશાળીઓના લોકોને પ્રાપ્ત કરીને, ત્યાં ઘણાં વર્ષો સુધી રહીને, પવિત્ર શ્રીમંતોના ઘરમાં જન્મ પામે છે. ॥૪૧॥

શુભ કરનારનો નાશ થતો નથી, એમ કહીને, તેની જે ગતિ થાય છે તેનું સ્વરૂપ 'પ્રાપ્ય' વગેરે શબ્દોથી કહે છે. તે યોગભ્રષ્ટ પુરુષ સ્વરૂપના જ્ઞાનના અભાવે, અભ્યાસ અને વૈરાગ્ય વગરનો હોવાથી, તેને વારંવાર કરીને જ્ઞાનમાર્ગથી ભ્રષ્ટ થયેલો તે પુણ્યશાળીઓના એટલે કે યજ્ઞ વગેરે કરનારાઓના લોકોને તે મેળવે છે. એટલે કે પ્રવૃત્તિમાં માત્ર શ્રદ્ધા રૂપી જ્ઞાનથી, પણ અનિશ્ચિતતાથી થયેલ પહેલાં પ્રવૃત્ત થયેલ માર્ગના સ્વરૂપના જ્ઞાનને માટે એવા લોકોને પ્રાપ્ત કરે છે, અને ત્યાં ઘણાં વર્ષો સુધી તેનાં ફળનો ઉપભોગ કરતો તે રહે છે. પછી સંશય રહિત થયેલા મનવાળો તે પહેલાંની શ્રદ્ધા એ જ સાધનથી જન્મને પામે છે. જન્મની આકાંક્ષાથી પવિત્ર જનોને એટલે કે કપટ આદિ દોષ રહિત અને શ્રીમંત જનોના એટલે કે ભગવાનની પ્રતિષ્ઠાવાળા ભકત જનોના ગૃહમાં તે જન્મને મેળવે છે. 'અભિજાયતે' ક્રિયાપદમાં અભિ ઉપસર્ગ છે.

તે નજીક આવવું, પ્રાપ્ત કરવું, એવો અર્થ દર્શાવે છે. ॥૪૧॥

અથવા યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્ ।
એતદ્ધિ દુર્લભતરં લોકે જન્મ યદીદશમ્ ॥૪૨॥

અથવા બુદ્ધિશાળી યોગીઓના કુળમાં જ તે જન્મે છે. લોકમાં આવા પ્રકારનો જે જન્મ એ નિશ્ચયપૂર્વક વધુ દુર્લભ છે. ॥૪૨॥

હવે તેને બીજી રીતે દર્શાવે છે. અથવા બુદ્ધિમાનના કુળમાં એટલે કે સ્વરૂપનું જેને જ્ઞાન છે તેવા કુળમાં તે જન્મને પામે છે. ધીમંતપણું કહીને, તેવા કુળમાં જન્મ માત્રથી જ્ઞાનનો ઉદ્ભવ થાય છે, એમ દર્શાવેલ છે. 'એતત્' વગેરે શબ્દોથી જન્મ વિષે વિશેષ કહે છે. નિશ્ચયપૂર્વક આવો જન્મ વિશેષ દુર્લભ છે. લોકમાં આવા પ્રકારનો જન્મ ભગવાનના સ્વરૂપના જ્ઞાનથી યુક્ત હોય છે. ॥૪૨॥

તત્ર તં બુદ્ધિસંયોગં લભતે પૌર્વદૈહિકમ્ ।
યતતે ચ તતો ભૂયઃ સંસિદ્ધૌ કુરુનંદન ॥૪૩॥

હે કુરુકુળને આનંદ આપનાર અર્જુન, ત્યાં પહેલાંના જન્મના તે બુદ્ધિના ઉત્તમ યોગને તે પ્રાપ્ત કરે છે અને તેથીયે વધુ ઉત્તમ સિદ્ધિને અર્થે તે પ્રયત્ન કરે છે. ॥૪૩॥

તેવા પ્રકારનો જન્મ મળ્યા પછી શું થાય? એવા પ્રશ્નના જવાબમાં 'તત્ર તમ્' વગેરે શબ્દોથી કહે છે. ત્યાં બીજા જન્મે પણ પૂર્વના દેહના સંબંધવાળો એટલે કે ભગવાનની કૃપા જેને પ્રાપ્ત થઈ છે તેવા જીવભાવના અનુગામી રૂપે પ્રાપ્ત પહેલાના દેહના સંબંધ વાળો બુદ્ધિનો સંયોગ આવી મળે છે, એટલે કે ભગવાનની સેવા અર્થે પ્રકટ થયેલ જ્ઞાનનો સંયોગ માત્ર ભગવદીય કુળમાં જન્મને કારણે તેને પ્રાપ્ત થાય છે, અને પછી તે જ્ઞાનને મેળવીને વધારે ઉત્તમ પ્રકારની સિદ્ધિ અર્થે તથા ભગવાનની પ્રાપ્તિને માટે તે પ્રયત્ન કરે છે. હે કુરુનંદન, એવું સંબોધન શ્રદ્ધા પ્રકટાવવા માટે છે. ॥૪૩॥

પૂર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે હ્યવશોઽપિ સઃ ।
જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે ॥૪૪॥

તે જ પૂર્વના અભ્યાસ વડે પરવશ થયેલો પણ તે ખેંચાય જ છે. યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મને ઓળંગી જાય છે. ॥૪૪॥

અરે, ફરીને પણ પ્રયત્ન કરવામાં જો પહેલાંના જન્મ જેવું જ થાય તો પછી જન્મથી શું થાય? અને યત્નથી પણ શું થાય? એવી શંકા કરીને જવાબમાં 'પૂર્વાભ્યાસેન' વગેરે શબ્દોથી કહે છે. તેજ પૂર્વના શ્રદ્ધામય અભ્યાસ વડે પરવશ છતાં તેવા પ્રકારના કુળમાં જન્મની પ્રાપ્તિથી અને કુળ રીતિથી પણ અન્ય ભાવોમાંથી તે પાછો ફરે છે અને ભગવાનના સંયોગરસમાં તે નિષ્ઠાવાળો થાય છે, એવો ભાવ છે.

અરે, શ્રદ્ધાયુક્ત એવી પહેલાંની પ્રવૃત્તિથી જો સિદ્ધિ ન મળી તો હવે તે જ સાધનથી

શી રીતે સિદ્ધિ મળશે ? એવી શંકાના જવાબમાં 'જિજ્ઞાસુઃ અપિ' વગેરે શબ્દોથી કહે છે. યોગના સ્વરૂપનો જિજ્ઞાસુ જ નામરૂપાત્મક શબ્દબ્રહ્મને એટલે કે વિપ્રયોગના તત્પૂરતા જીવનના હેતુરૂપ શબ્દબ્રહ્મને તે ઓળંગી જાય છે. આત્યંતિક કલેશના આવિભાવથી, ગુણગાન વગેરેના ત્યાગથી, લૌકિક દેહના ત્યાગ પછી અલૌકિક દેહની પ્રાપ્તિ થાય છે, એવો ભાવ છે. તે પ્રમાણે આ અર્થ છે : પહેલાંની શ્રદ્ધાથી પ્રવૃત્ત થયો છે, પરંતુ યોગની જિજ્ઞાસાથી તે પ્રવૃત્ત થવામાં તેનાથી સિદ્ધિ મળી છે. હવે તો ઉત્તમ કુળમાં જન્મ મળવાથી તે સ્વરૂપે કામ કરે છે, તેથી તે સિદ્ધિને પ્રાપ્ત કરશે, એમ કહ્યું છે. ।।૪૪।।

પ્રયત્નાદ્યતમાનસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ ।
અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્।।૪૫।।

ભારે કાળજીથી યત્ન કરતો અને પાપોથી અત્યંત શુદ્ધ થયેલો યોગી, અનેક જન્મથી સારી સિદ્ધિ મેળવેલો તે તેથીયે શ્રેષ્ઠ ગતિને પામે છે. ।।૪૫।।

એવા પ્રકારના કુળમાં જન્મ થવાના અભાવે પણ પ્રયત્ન કરનાર સિદ્ધિને પ્રાપ્ત કરે, તો પછી તેવા પ્રકારના કુળમાં જન્મની પ્રાપ્તિ થવામાં શું કહેવાનું હોય ! એમ 'પ્રયત્નાત્' વગેરે શબ્દોથી કહે છે. જે પુરુષ એટલે કે સામાન્ય પુરુષ, નહિ કે તેવા પ્રકારના કુળમાં જન્મેલો જ, પ્રયત્નથી યત્ન કરી રહેલો હોય, પાપોથી પણ શુદ્ધ થયેલો હોય, એટલે કે તદ્ભાવના જ્ઞાનમાં પ્રતિબંધરૂપ જે થાય છે તેનાથી છૂટેલો હોય તે યોગી છે, એટલે કે યોગના સ્વરૂપને જાણનારો છે. અને વળી, અનેક જન્મોથી સારી રીતે સિદ્ધ થયેલો હોય એટલે કે અનેક જન્મોથી પ્રયત્ન કરી રહેલો હોય તે સિદ્ધ થાય છે, એટલે કે યોગ પ્રાપ્ત કર્યો હોય તેવો થાય છે; તેનાથી તે પરમ ગતિને પામે છે, એટલે કે દાસ્ય ભક્તિને મેળવે છે, એમ અર્થ છે. જે કારણે મારા સંયોગ રૂપ યોગ ઉત્તમ છે તે કારણે તું યોગીથા, એમ કહ્યુ છે. ।।૪૫।।

તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ
કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્યોગી ભવાર્જુન ।૪૬।।

તપસ્વીઓથી યોગી અધિક છે, જ્ઞાનીઓથી પણ આધક મનાયો છે અને કર્મવાદીઓથી યોગી અધિક છે; તેથી હે અર્જુન, તું યોગી થા. ।।૪૬।।

યોગનું સર્વથી અધિકપણું પ્રતિપાદિત કરીને 'તપસ્વિભ્યઃ' વગેરે શબ્દોથી આગળ કહે છે. તપસ્વીઓથી એટલે કે યોગના સ્વરૂપના અજ્ઞાનમાં તેને પ્રાપ્ત કરવાની અભિલાષાવાળા ભાવથી કેવળ કલેશને સહન કરનારાઓથી યોગી અધિક છે. અને વળી જ્ઞાનીથી પણ યોગી અધિક છે, એટલે કે જ્ઞાન વડે

સંન્યાસ વગેરે ધર્મોથી જોડાયેલો હોય તેમાથી યે યોગી અધિક મનાયો છે, અધિક હોવાનું મેં સ્વીકારેલ છે. અને વળી, જ્ઞાનવાન એવા કર્મમાર્ગીઓથી પણ યોગી અધિક છ, એટલે કે નિત્યયજ્ઞ વગેરેમાં 'નિષ્ઠાવાળાઓ' કરતાં પણ યોગી અધિક મનાયો છે. તેથી હે અર્જુન, હે મારા સ્નેહને યોગ્ય, તું યોગી થા, એટલે કે તું યોગમાં નિષ્ઠાવાળો થા. એમ અર્થ છે. ।।૪૬।।

યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના ।
શ્રદ્ધાવાન્ભજતે યો માં સમે યુક્તતમો મતઃ ।।૪૭।।

સર્વે યોગીઓમાં પણ જે શ્રધ્ધાળુ છે અને મારામાં લાગેલા અંતરાત્મા વડે મને ભજે છે તે મોરો શ્રેષ્ઠ યોગી (ભકત) મનાયેલો છે. ।।૪૭।।

યોગીઓ પણ અનેક પ્રકારના છે. તેઓમાં દાસ્યધર્મથી ભજનારો યોગી ઉત્તમ છે, એમ 'યોગીનામ્ અપિ' વગેરે શબ્દોથી કહે છે. બધા યોગીઓમાં યોગીઓના ત્રણ પ્રકાર છે: (૧) યોગાભ્યાસથી ભગવાનના ધ્યાનમાં નિષ્ઠાવાળા, (૨) ભકિતયોગથી સાધન અને સેવામાં પરાયણ રહેલા અને (૩) રસાત્મક ભગવાનના સંયોગભાવમાં નિષ્ઠાવાળા. તેમાં મારામાં રહેલા અંતરાત્મા વડે ભાવાત્મક સ્વરૂપથી મારી પોતાની શકિતનાં સંયોગની ઇચ્છારૂપ યોગથી, મારે માટે શ્રધ્ધાવાળો, પ્રેમયુકત થઇને જે મને ભજે છે તે મારો યુક્તતમ છે; એટલે કે તે મને આત્યંતિક રીતે જોડાયેલા છે, તે મને અત્યંત પ્રિય છે, એમ મનાયું છે, એવો અર્થ છે. આથી તેવા પ્રકારના ભાવથી તું યોગી થા, એવો ભાવ છે. ।।૪૭।।

ભકિતમાર્ગ ભ્રમરૂપ જ છે, પૃથાપુત્ર અર્જુનના એવા ભ્રમનો પોતાંના દાસ્યાત્મક યોગ વડે જેણે નાશ કર્યો, તે શ્રીકૃષ્ણ મારા ઉપર પ્રસન્ન થાઓ.

એ પ્રમાણે ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતામાં, શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'આત્મસંયમયોગ' નામનો છઠ્ઠો અધ્યાય પૂરો થયો. ।।૬।।

એ પ્રમાણે શ્રીગીતામૃતતરંગિણીમાં છઠ્ઠો અધ્યાય પૂરો થયો. ।।૬।।

॥ શ્રીવલ્લભઃ ॥

શિશુ શૌર્યનું મંગલ પ્રસ્થાન

લેખક : પ. ભ. શ્રીરવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી

[આ કરાલ કલિકાલમાં આપણી સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા દિન પ્રતિદિન ઘટતી જોવામાં આવે છે. તે બાબત પોતાના પૂર્વજો સ્વધર્મમાં કેટલે દરજજે પરાયણ હતા. તે પ્રમાણમાં સ્વધર્મ પરાયણતા આપણામાં કેટલી છે, તેનો મુકાબલો કરતાં ખુલ્લું જણાય આવશે કે જે ધર્મની શ્રધ્ધા આપણા પ્રપિતાને હતી, તેનાથી કાંઇક ઉતરતી પિતાના વખતમાં જોવામાં આવી અને પિતામાં હતી તેટલી આપણામાં નથી અને આપણા કરતાં પણ ઓછી આપણા બાળકોમાં છે. એવી રીતે દિન પ્રતિદિન ધર્મ પ્રત્યેની શ્રદ્ધા–ભાવના ઘટતી જતી જોવામાં આવે છે.

આપણે ગૃહસ્થીજનો છીએ તેથી ગૃહસ્થીના વ્યવહારિક કાર્યો ભલે બધાં કરીએ, પણ સાથોસાથ સ્વધર્મ પરાયણતા પણ અવશ્ય જાળવવી જોઇએ. તેમજ આપણાં બાળકોમાં પણ ધર્મના સંસ્કારરૂપી બીજ રોપવા જોઇએ. તેવી પ્રેરણા આપતા પ્રસ્તુત લેખમાં લેખક શ્રી પ્રાચીન અર્વાચીન વૈષ્ણવ સંસ્કારી કુટુંબોનો પરિચય કરાવે છે. —સંપાદક]

આપણા અષ્ટસખાઓમાં જેનું મહત્ત્વનું સ્થાન છે અને અનન્ય આસકિતમાં જે સદા અનુરકત છે. શ્રી ગોવર્ધનધરના ખાસ અંતરંગ સખા. એવા શ્રી કુંભનદાસજીને પુષ્ટિ પથિકો પૂર્ણ રીતે ઓળખે છે. તેને લીલા રસાવગાહન માટે સત્સંગની ઇચ્છા થઈ અને શ્રીગુસાંઇજીને વિનતિ કરીને માગ્યું કે મહારાજ ! સત્સંગ નથી. આ સાંભળી શ્રીગુસાંઇજી પ્રસન્ન થઇ મુંસકાયા અને આજ્ઞા કરી કે ભગવદીય પુત્ર થશે. અને શ્રી ચતુર્ભુજદાસજીનું પ્રાગટય થયું. એકતાલીશ દિવસે શુદ્ધ સ્નાન કરાવી શ્રીગુસાંઇજી પાસે લાવ્યા. આપશ્રીએ કૃપા કરી નામ નિવેદન આપ્યાં, એટલે ચતુર્ભુજદાસજીને લીલાની સ્ફુર્તિ થઇ અને તુરતજ કીર્તન ગાયું. —

સેવક કી સુખરાસ સદા, શ્રીવલ્લભરાજકુમાર,
દરસન હીં તે પ્રસન્ન હોત મન, પુરુષોત્તમ અવતાર. ૧

સુદૃષ્ટિ ચિત્ત સિધ્ધાંત બતાયો, લીલા એક અનુસાર,
યહ તજી આન જ્ઞાનકોં ધાવત, ભૂલે કૂમતિ વિચાર. ૨

જાકે કહે ગહી ભૂજ દઢ કરી, શ્રી ગિરધર નંદલાલ,
'ચતુર્ભુજ' પ્રભુ ઉધ્ધારે પતિત, શ્રી વિઠ્ઠલ કૃપા ઉદાર. ૩

આવી રીતે કુંભનદાસજીએ બાલ્યવયથીજ ચતુર્ભુજદાસને નામ નિવેદન કરાવી પ્રભુ સન્મુખ કર્યા અને ચતુર્ભુજદાસજી મહાનુભાવ ભગવદીય થયા. શ્રીગોવર્ધનધરણના અંતરંગ સખા થયા. અને શ્રીગુસાંઇજી મહારાજે તેઓને અષ્ટ છાપમાં સ્થાન આપ્યું. શ્રીનાથજી તેઓને સર્વ લીલાઓનો અનુભવ કરાવતા અને તદ્અનુસાર ચતુર્ભુજદાસજી નવાં કીર્તનો કરી અને શ્રીગોવર્ધનધરને સંભળાવતા અને શ્રીનાથજી તેમને રસાનુભવ કરાવતા.

આમ આપણે પણ આપણા બાળકોને બાલ્યવયથીજ શરણે કરાવી પુષ્ટિ સંસ્કારોથી સંસ્કૃત કરીએ તો, તેઓ જરૂર પોતાની વૈષ્ણવતાને દિપાવી પુષ્ટિ આકાશના ઝગમગતાં દિવ્ય તારલિયા બનીને શોભી ઉઠે અને પુષ્ટિ સેવા કાર્યમાં પ્રવૃત્ત થાય.

આગરવાળા મુનશીજીના ઘરમાં એક બાળકને ટાઇફોઇડ થયેલ. નિ. લી. પૂ. પા. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (મથુરા–પોરબંદર)નો મુકામ એ વખતે તેમને ત્યાંજ હતો. થોડાક દિવસ પછી ડૉકટરે મગનું પાણી અને ગળેલા ભાત લેવાની રજા આપી. નહાવાની સખત મનાઇ હતી. પણ તે બાળકે નાહ્યા સિવાય જમવાની ના પાડી. ઘરનાં બધાં વારા ફરતી ઘણું ઘણું સમજાવે પણ તે જમે જ નહીં ! ત્યારે ઘરના માણસોએ પૂ. મહારાજ-શ્રીને વિનતિ કે "જે, જે, આ બાળકને ટાઇફોઇડની અસર છે અને તે નાહ્યા વગર જમવાની હા નથી પાડતો. આપ તેને સમજાવો."

જયારે બાળકને પૂ. મહારાજશ્રીએ પ્યારથી ભોજન કરવાનું કહ્યું, ત્યારે જાણો છો તેણે શો જવાબ આપ્યો ! બાળકે કહ્યું–ગુરુદેવ ! આપ આજ્ઞા કરશો તો હું જમીશ. પરંતુ મારાં માતા પિતા તો નિત્ય મને સ્નાન કરીને શ્રી ઠાકોરજીના ચરણસ્પર્શ કર્યા પછી જ જમવાનું કહે છે. છતાં આજે તેમ કરવાની ના પાડે છે. મને આજે પણ હંમેશની જેમ કર્તવ્ય કરવાની તેમની પાસેથી રજા અપાવવા કૃપા કરો.

બાળકની આ શ્રદ્ધા–ભાવના જોઇને પૂ. મહારાજશ્રીનું હૃદય હર્ષ ગદ્ગદિત બની ગયું ! બાળકનો શુદ્ધ ભાવ સાથેનો આગ્રહ જોઇ પૂ. મહારાજશ્રીએ તેના માતા પિતાને કહ્યું કે. "બાળક કહે તેમ કરો. ભગવત્કૃપાથી તેનો વાળ પણ વાંકો નહીં થાય !"

આ ઉપરથી જાણવા મળે છે કે નાનપણના સંસ્કાર, શ્રદ્ધા–ભાવના કેવું અજબ કામ કરે છે !

પુષ્ટિ સૃષ્ટિમાં હાલ પણ ઘણા મહાનુભાવોના ઘરમાં બાલ સંસ્કારોને અગ્રસ્થાન આપી બાળકોને સેવા કુશળ બનાવે છે. મેં ઘણાં ઘરોમાં દર્શન કર્યા છે. તેવાં જ દર્શન ધોરાજીમાં મને થયાં એ સત્ય ઘટના રૂપે અહીં આપું છું અહીં આ લખવાનો હેતુ એ છે જે કેટલાંય સુષુપ્ત ઘરોમાં પણ જાગૃતિ આવે અને ભગવદ્ કાર્યમાં સંલગ્ન થાય અને ભગવદ્ નામથી સદા ગુંજતા રહે, એવા ઘરોની વૃદ્ધિ થાય.

એ વૈષ્ણવ પોતે મધ્યમ વર્ગના છે. છતાં તેઓ બે ત્રણ પેઢી થયાં વૈષ્ણવ સૃષ્ટિમાં કંઈક જાણીતા છે અને સર્વને તેઓના ઉપર પ્રેમાદર છે. તેઓ સત્યનિષ્ઠ અને કાર્યદક્ષ છે. તેના વડીલ પણ વૈષ્ણવો અને વલ્લકુલમાં કંઈક વિખ્યાત છે શ્રીગુરુકૃપાથી પોષાયેલ છે. તેના પુત્ર ઉગતા વૈષ્ણવ અને કીર્તનકાર છે. છતાં સર્વ વૈષ્ણવની કૃપા દૃષ્ટિના પાત્ર છે. તેની વૈષ્ણવતા અન્યાશ્રયના અંશોથી રહિત છે. શક્ય તેટલી વલ્લભ વલ્લભીયની ટહેલ સત્ય નિષ્ઠાથી પ્રેમ સહિત કરે છે. માર્ગના સિદ્ધાંતો અને પ્રણાલિકામાં આગ્રહપૂર્વક રસ લ્યે છે. લોકસમૂહના ધાર્મિક શિષ્ટ સમાજમાં પણ ઘણે અંશે વિખ્યાત છે. હજાર, બે, પાંચ હજાર વૈષ્ણવોના સમૂહમાં પ્રવચનના બે શબ્દો મધુરતાથી બોલે છે. તે પતિ પત્નિ વૈષ્ણવતાની ઉચ્ચ કક્ષાએ જવા માટે તત્પરતા પૂર્વક આગ્રહી છે. તેને ત્રણ બાળકો છે. ૫, ૩ાા, ૧ વર્ષનાં છે. પોતે સવારનાં ૫–૩૦ વાગ્યે ઉઠે છે. મોટાં બન્ને બાળકોને પણ 'જય શ્રીકૃષ્ણ' બોલી જગાડે છે. બધાં, ઘરના શ્રીઠાકોરજીને દંડવત્ કરે છે. પોતે દેહ કૃત્ય કરે, બાળકોને પણ દંત ધાવન કરાવીને સાથે સ્નાન કરાવે. પોતે તિલક ચરણામૃત કરે બન્ને બાળકોને પણ તિલક ચરણામૃત કરાવી પોતાના ગુરુદેવ, શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજીના ચિત્રજીનાં ચરણ-સ્પર્શ કરાવી ઘરમાં બિરાજતા પ્રભુ પાસે બેસાડે. મંગલાચરણ બોલાવે. શ્રીનાથજી, સાતે સ્વરૂપ, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગુરુદેવ અને શ્રીવલ્લભકુલ પરિવાર સર્વની જે બોલાવે. ચોરાસી, બસોબાવન વૈષ્ણવોની જે બોલાવે બાળકો પાસે કીર્તન બોલાવે 'વંદો ચરન કમલ હરિરાઇ' અને 'પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન' પછી શ્રીઠાકોરજીના ચરણ સ્પર્શ કરાવે. પછી દંડવત્ કરાવે. પછી દાદાજીને, માતા પિતાને જય શ્રીકૃષ્ણ કરે પછી શ્રીઠાકોરજીનો પ્રસાદ લઇને પછી દુધ, કલેઉ કરે. દિવસમાં પણ "સાચાં સંબંધી રે શ્રીગોકુલ કયારે જાશું" એ ધોળ બોલ્યા કરે અને પૂછયા કરે કે આપણે ગોકુલ મથુરાં ક્યારે જાશું ? શ્રીજમનાજીમાં કયારે ન્હાઈશું ? તે ઉપરાંત દર રવિવારે તેનાં પત્નિ પણ પોતાના બન્ને બાળકોને લઈને પાઠ શાળાએ જાય. ત્યાં બાલિકા, બાલકોને મંગલાચરણ, સ્તોત્ર પાઠ, ધોળ, રાસ ગરબા વગેરે બોલાવે. આ રીતે દોઢ બે કલાક બાળકોને આનંદ કરાવે ઘરમાં પણ ધોળ કીર્તન ગુંજતા હોય. નાના બાળકને રમાડે, પારણામાં હિંચોળે ત્યારે પણ નવ આખ્યાન, ધોળ, પદ, શ્રીયમુનાજીના ધોળ પદ હાલરડાં રૂપે ગાય છે. આ પ્રમાણે એ કુટુંબ પોતાના બાળકોમાં સંસ્કારો પૂરે અને આનંદ કિલ્લોલ કરે અને બાળકોને પણ કરાવે. હાલમાં તેઓ સોસાયટીમાં રહેવા ગયાં છે, તે દૂર હોવાથી પાઠશાળામાં જઇ શકતા નથી. પરંતુ શક્ય તેટલું બન્ને પ્રભુમય જીવન જીવે છે.

ધોરાજીમાં સેવા, ઉત્સાહી અને અગ્રસ્થાને ઘણા ભાઇઓ છે. તેમાં શિશુ શૌર્યના મંગલ પ્રસ્થાનરૂપે બે તારલીયા અગ્રભાગે ચમકી રહ્યા છે.

જેમાં એક દીનકરભાઈ લાઠીગરા બાલવયથી જ પુષ્ટિ સેવા કાર્યોમાં ઉત્સાહપૂર્વક રસ લ્યે છે. બાલ વયથી જ પુષ્ટિ સિદ્ધાન્તિક પ્રવચનો કરવાના પણ અભ્યાસી છે. ઘણા ધાર્મિક માસિકોના પ્રચારક અને કાર્યકર છે. ધોરાજી કીર્તન મંડળીના પ્રમુખ સ્થાને છે. ઘરમાં પણ પુષ્ટ રીતે બાળકોને સંસ્કાર પૂરે છે અને સમજદાર છે.

બીજા ગોવિંદદાસ મકવાણા છે. જેઓ આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય પરિષદના તથા "શ્રીવલ્લભ સંદેશ"ના આજીવન સભ્ય છે. અને વિશ્વ હિન્દુ પરિષદ ધોરાજી શાખાના મંત્રી છે પુષ્ટિ સેવા કાર્ય કીર્તન, પ્રવચનોમાં અગ્રભાગે ઉત્સાહપૂર્વક રસ લ્યે છે. સત્યનિષ્ઠ, કાર્યદક્ષ કાર્યકર છે. ઘરમાં પણ પતિ પત્નિ "શિશુ શૌર્યના મંગલ પ્રસ્થાન" સેવા કાર્યરત છે. ઉત્સાહી છે. શ્રીવલ્લભકુલ બાલકોના પણ પરિચયમાં અને કૃપાના આગ્રહી છે વૈષ્ણવોમાં પણ સ્નેહાદરવાળા છે. તેઓના વડીલો ત્રણ પેઢી થયાં વૈષ્ણવ અને બાલકો અને વૈષ્ણવોમાં વિખ્યાત છે. પુષ્ટિમાર્ગના સારા લેખક છે. ઘરમાં પણ પતિ પત્નિ બન્ને બાળકોમાં સુસંસ્કાર પૂરી રહ્યા છે.

આ પ્રમાણે આપણા સર્વ વૈષ્ણવોનાં ઘરોમાં "શિશુ શૌર્યનાં મંગલ પ્રસ્થાનો" થતાં હોય તો કેવું સારૂં આપણાં ઘરો પણ ભગવદ્ નામ અને પ્રભુના અવિર્ભાવની આભા–પ્રભાથી વ્રજ ભૂમિ સમાન આનંદ સુખનાં સ્થાનરૂપ બની જાય. આપણે ઘેરે આવનાર સર્વના મન પ્રભુ પ્રભાવથી નિર્મળ બની જાય અને કોઇ દૈવી જીવો વૈષ્ણવ પણ થઇ જાય અને ઘરની વૈષ્ણવતા મહેકી ઊઠે.

માટે ચાલો આપણે સર્વ પણ પ્રતિજ્ઞા કરીએ કે આપણાં ઘરમાં આજથી જ "શિશુ શૌર્યનું મંગલ પ્રસ્થાન" કરીશું. વર્ષો જુની શિથિલતાને તિલાંજલિ આપીએ અને આપણા ઘરને પણ સેવા, ગુણગાનથી ગૂંજતું કરીએ.

"શ્રીકૃપા પીયુષ પારાવાર શ્રી શ્રી પ્રથમેશ પ્રભુના ચરણ કમલમાં."

વાચક વર્ગને વિનંતિ

ઉપરોક્ત દર્શાવેલા પુષ્ટિ માર્ગ આકાશમાં ઝગમગતા દિવ્ય તારલિયાના જેવા જીવન ચરિત્રો પ્રાચીન–અર્વાચીન કે જેઓ વૈષ્ણવી જીવન જીવી ગયા કે જીવી રહ્યા છે તેવા જાણેલા સત્ય પ્રસંગો લખી મોકલાવવા કૃપા કરે, જેથી અન્યને પ્રેરણાદાયી બને.

"શ્રીવલ્લભં સ્વરૂપ મહિમા"

શ્રીહરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા

લેખક – શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ

સુધારો

જુલાઇ ૮૫ અંક ૪ના પાના ૨૧ ઉપર લીટી ૨૪મી આ પ્રમાણે છપાયેલ છે "મારા પ્રિયતમને શ્રીચંદ્રાવલીજી નારાયણદાસજી વિનતિ કરી રહયા છે" તેને બદલે "મારા પ્રિયતમને શ્રીચંદ્રાવલીજી સ્વરૂપથી અનંત સુખ મળશે. શ્રી ચંદ્રમાંજીના સુખની જ નારાયણદાસજી વિનતિ કરી રહ્યા છે." એમ સુધારીને વાંચવા વિનતિ છે.

(ગતાંકથી ચાલુ)

પ્રાણ પ્રિય શ્રીવલ્લભના મહાન અલૌકિક સ્વરૂપનું અહીં સુધી જે વર્ણન કર્યું તેનો અનુભવ અનન્ય-પતિવ્રતભાવી જનને જ થાય છે. તેથી આગળની તુકમાં શ્રી હરિરાય પ્રભુ અનન્ય ભાવને સિદ્ધ કરવાનો પ્રકાર જણાવે છે—

"સબહીન તે અતિ ઉત્તમ જાની ચરણ પ્રીત બઢૈયે હો" આપ શ્રીવલ્લના મૂલ પરબ્રહ્મ સ્વરૂપમાંથી ગોલોક ધામની દ્વિધા શૃંગાર રસાત્મક અનંત પ્રકારની લીલાઓ પ્રગટ થઇ છે. ગોલોક ધામમાં અનંત કુંજો નિકુંજો રહેલી છે અને આ કુંજો નિકુંજોમાં શ્રી સ્વામિનીજીના સ્વરૂપો પણ અનંત છે. અને જેટલા સ્વામિનીજીઓ છે, તેટલાજ તેમના ભાવાત્મક પ્રભુના સ્વરૂપો પ્રત્યેક સ્વામિજીની નિકુંજમાં બિરાજી રહેલ છે અને દિવ્ય લીલા સામગ્રી પણ અનંત પ્રકારની છે. આવું મહાન દિવ્ય લીલા ધામ શ્રી વલ્લભના મૂલ પરબ્રહ્મ સ્વરૂપમાંથી જ પ્રગટ થયેલ છે: અને આ સર્વ શ્રી વલ્લભના વિભુ નામ વાળા સાકાર વ્યાપક સ્વરૂપમાં રહેલું છે તેથી મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય પ્રભુ કહે છે કે "સબહીન તે અતિ ઉત્તમ જાની ચરણ પર પ્રીત બઢૈ યે હો."

સર્વથી ઉત્તમ શ્રીવલ્લભ જ છે. જ્યારે આપની સમાન કોઇ ભગવદ્ અવતાર પણ નથી તેમ સમજી લેવાથી બીજા કોઇ ભગવદ્ અવતારની પણ આશા કે આશ્રય રહેતા નથી. ત્યારેજ અનન્ય પતિવ્રત ભાવ શ્રીવલ્લભમાં જ થાય છે. શ્રીવલ્લભનું આવું માહાત્મ્ય સમજી લેવાથી સર્વથી અધિક અને સુદૃઢ સ્નેહ એક વલ્લભ સ્વરૂપમાં જ થાય છે. અથવા અનન્ય

ભાવ થયા પછી જ શ્રીવલ્લભમાં સ્નેહ પ્રગટ થાય છે. અનન્ય ભાવ વિના સ્નેહ પ્રગટ ન થાય તે માટે સર્વથી ઉત્તમ આપને જ જાણી આપનું જ સેવન–ભજન વગેરે કરવું.

જ્યારે શ્રીવલ્લભનું માહાત્મ્ય સમજાય ત્યારે આપમાં જ અનન્ય ભાવ રહેતો હોવાથી આપના સામર્થ્યના પ્રભાવે કોઇ ભગવદ્ અવતાર કે અન્ય દેવી દેવતા તથા મનુષ્ય જાતિનો ડર ભય રહેતો નથી. તેને સમજવા માટે કહે છે "કાન કાહુકી મન ન ધરીયે, વ્રત અનન્ય એક ગહે યે હો." જેમ ચોરાશી વૈષ્ણવમાં રામદાસજીનો શ્રી વલ્લભમાં જ અનન્ય ભાવ હતો આ રામદાસજી મીરાંબાઇના પુરોહિત હતા એક સમયે મીરાંબાઈ પાસે ગયા ત્યારે મીરાંબાઇએ કહ્યું કે પ્રભુના ગુણગાન સંભળાવો ત્યારે રામદાસજીએ શ્રીવલ્લભના ગુણનું ગાન કરી સંભળાવ્યું. ત્યારે મીરાં બાઇએ કહ્યું કે શ્રી ઠાંકોરજીનાં યશને સંભળાવો મીરાંબાઇને શ્રીવલ્લભના ગુણ ગાનમાં રૂચિ ન થઇ તેથી શ્રીવલ્લભનો અનાદર થયો કહેવાય. આવા પોતાના પ્રાણ પ્રિયના અનાદરથી રામદાસજીને ક્રોધ થયો અને કહ્યું "દારી રાંડ યહ ગાન કહા ખસમકે હે ?" એમ મીરાંબાઇનું અપમાન કરી ચાલતા થયા. આનું નામ કોઇની કાની નહીં કરવી કહેવાય છે. આતો એક જીવના વિષયમાં કહ્યું. પરંતુ શ્રીવલ્લભજનો દેવી દેવતા કે અન્ય અવતાર સ્વરૂપોની પણ કાની કરતા નથી. આવા પ્રસંગો પણ ચોરાશી બસો બાવનમાં લખાયા છે. શ્રીવલ્લભજન દેવીદેવતા કે અવતારોની કાની કરતા નથી તેનું કારણ સર્વથી શ્રેષ્ઠ પરબ્રહ્મ સ્વરૂપ શ્રીવલ્લભને વરેલા જનોને કોનો ભય રહે ? અથવા કોની કાની કરે ? (૩)

હવે આપ શ્રીવલ્લભમાં અનન્યભાવ થયા પછી શું કરવું તે આગળની તુકમાં કહે છે–

"સુમર સુમર ગુનરૂપ અનુપમ ભવદુઃખ સબે વિસરૈયે હો."

જેની ઉપમાં આપી ન શકાય તેવા આપણા પ્રાણ પ્યારા શ્રીવલ્લભના ગુણો છે. આપના સ્વરૂપમાં અનિર્વચનીય દિવ્ય પ્રેમના અનંત ગુણો ભરેલા છે. અને પ્રત્યેક ગુણ પણ સાગર સમાન છે. આપશ્રી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે – "જ્યારથી સૃષ્ટિની રચના થઇ ત્યારથી એક હજાર જીભવાળા શેષજી પ્રભુના ગુણને ગાયા જ કરે છે. પણ હજુ સુધી એક ગુણનો પણ પાર પામી શકયા નથી, અને આગળ બીજા કેટલા ગુણો છે તેને જાણી શકયા નથી !" આવા આપણા પ્રાણપ્રિય શ્રીવલ્લભના ગુણો છે કે જેની ઉપમા આપી શકાતી નથી. તેવા ગુણોને અગ્નિકુમાર શ્રીગુસાંઇજીએ શ્રી સર્વોત્તમજી, વલ્લભાષ્ટક સપ્તશ્લોકમાં પ્રગટ કર્યા છે. તેનું ગાન કરવું.

પરબ્રહ્મ સ્વરૂપ શ્રીવલ્લભમાં અચિન્ત્ય–અનંત શકિત રહેલી છે. અચિન્ત્ય એટલે મન તેની કલ્પના ન કરી શકે. ચિત્ત તેનું જ્ઞાન ન કરી શકે. આવી અચિન્ત્ય શકિતઓ પણ અનંત છે.

શ્રી હરિરાયપ્રભુએ આપણી જેવા નિઃસાધન જીવો પર કરૂણા કરી અનેક પદોમાં સ્તોત્રોમાં શ્રીવલ્લભ ગુણ ગાયા છે. તેમજ શ્રી પદ્મનાભદાસજી આદિ સ્વકીય જનોએ પણ શ્રીવલ્લભ યશોગાન કર્યું છે. આવા ગુણગાનથી ભવદુઃખ ભુલી જવાય છે. “ભવદુઃખ” એટલે જનમ–મરણનું દુઃખ. આપશ્રીના ગુણગાનથી દેહનું દુઃખ જનમ મરણ રહેતા નથી. તેનું કારણ આપના ગુણગાન કરનાર ભકતને અલૌકિક દેહતો અજર–અમર છે. આવો દેહ પ્રાપ્ત થવાથી ભવદુઃખ રહેતું નથી. અને ગુણગાનમાં દિવ્ય આનંદનો અનુભવ થાય છે.

હવે સ્નેહ સહિત શ્રીવલ્લભના ગુણગાન કરવામાં જે આપશ્રીના સ્વરૂપનો અનુભવ થાય છે તેને કહે છે–

“મુખવિધુ લાવણ્ય અમૃત એક ટક પીવત નાહીં અઘૈયેહો”

આપ શ્રીવલ્લભના શ્રીમુખનું લાવણ્ય–સૌંદર્ય કેવા પ્રકારનું છે કે જે અનંત આધિદૈવિક ચન્દ્રમાનું એકીભુતસમૂહાત્મક આપનું શ્રીમુખ છે. આધિદૈવિક ચંદ્રમાં એટલે શ્રી સ્વામિનીજી અને શ્રી ઠાકુરજીના શ્રીમુખને આધિદૈવિક ચન્દ્રમાં કહેવાય છે. આવા અસંખ્ય ચંદ્રમાનું લાવણ્ય શ્રીવલ્લભના એક શ્રીમુખમાં સમાઇ ગયું છે. શ્રીવલ્લભનું આવા મહિમા વાળુ સ્વરૂપ હોવાથી પદની પહેલી પંકિતમાં કહ્યું કે–“શ્રીવલ્લભ તજ અપુનો ઠાકુર કહો કોનપે જૈયે હો.” શ્રીવલ્લભના શ્રીમુખ લાવણ્ય સુધા પાનમાં તૃપ્તિ થતી નથી. તેથી કહ્યું–“પીવત નાહીં અઘૈયે હો.” આપશ્રીના શ્રીમુખમાં લાવણ્યામૃત સુધા છે. તે સુધામાં અલૌકિક (આનંદમય) અગ્નિ રહેલો છે. તેથી જેમ અગ્નિમાં ધૃતની આહુતિ દેતા અગ્નિ વિશેષ પ્રજવલીત થતી જાય છે. તેમ આપશ્રીના શ્રીમુખ લાવણ્ય પાનમાં તૃપ્તિ જ થતી નથી. આપના શ્રીમુખની લાવણ્યતા ક્ષણે ક્ષણે નૂતન પ્રગટ થતી હોય છે. તેથી પણ લાવણ્યામૃત પાનમાં તૃપ્તિ થતી નથી. (૪)

—ક્રમશઃ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

[ગતાંકથી ચાલુ]

પદ ૧૩ મું

ચિત્તમેં શ્રીયમુના નિશદિન જુ રાખો,
ભક્તકે વશ કૃપા કરત હૈં સર્વદા,
ઐસો શ્રીયમુનાજીકો, હૈ જુ સાખો. ૧
જા મુખતેં શ્રીયમુને યહ નામ આવૈ,
સંગ કીજે અબ જાય તાકો,
'ચત્રભુજ' દાસ અબ કહત હૈ સબનસોં,
તાતેં શ્રીયમુને-શ્રીયમુને જુ ભાખો. ૨

અર્થ :- ચત્રભુજદાસજી કહે છે કે- હે વૈષ્ણવો ! તમે તમારા ચિત્તમાં શ્રીયમુનાજીના મનોહર સ્વરૂપનું ચિતવન કરતા રહો. પરંતુ એ તમારા હાથની વાત નથી, શ્રીયમુનાજીના સ્વરૂપમાં જેની દઢ આસક્તિ છે એવા ભક્તોનો (દીનતાપૂર્વક) સત્સંગ કરશો ત્યારે શ્રીયમુનાજી એ ભક્તો દ્વારા કૃપા કરશે. આવું આપનું બિરૂદ છે માટે શ્રીયમુનાજીનું નામ-સ્મરણ નિરંતર કરતા રહેશો.

વિવેચન :- શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી બન્ને પોતાના ભક્તોને આધિન છે. જ્યાં પોતાના ભક્તો ગુણાનુવાદ કરતા હોય ત્યાં આપ અવશ્ય પધારે છે. શ્રીઠાકોરજી સાક્ષાત્ કૃપાનું સ્વરૂપ છે, તો શ્રીયમુનાજીને શ્રીમહાપ્રભુજી યમુનાષ્ટકમાં **"કૃપા-જલધિ મા સંશ્રિત"** કહ્યા છે.

શ્રીયમુનાજીના આવા કૃપાપાત્ર ભક્તોનો સંગ કરવાથી શ્રીયમુનાજી અવશ્ય કૃપા કરે જ છે. જે દાસાનુદાસ બને છે તેનું કાર્ય જલ્દી સિદ્ધ થાય છે. શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીની કૃપા પ્રાપ્ત થાય એના માટે દીનતા એક જ પરમ સાધન છે. શ્રીચત્રભુજદાસજી આગ્રહપૂર્વક આ પદ દ્વારા સમજાવે છે કે- નિરંતર શ્રીયમુને ! શ્રીયમુને ! એવું રટણ કરતા રહો. પછી અલૌકિક કે પરલોકની કોઇ ચિંતા કરવાની નથી.

સોરઠો-શ્રીયમુને-યમુને કહો,
સકલ શાસ્ત્રનો સાર;
શેષ સહસ્ત્ર મુખેથી રટે,
વેદ ન પામે પાર.

-ક્રમશઃ

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

ગ્રંથ પરિચય લેખક : **પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજ-પારલા**

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પહેલો)

[શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુના ષોડશ ગ્રંથોમાંથી ચાર ગ્રંથો તેના મૂળ, શ્લોક, શ્લોકના અર્થ અને તેના ઉપર પૂજ્યપાદ આચાર્યશ્રીઓએ કરેલી બૃહદ્ વિશદ ટીકાઓનું ગુજરાતીમાં થયેલું ભાષાંતર આ પહેલાં 'વલ્લભ સુધા'માં ક્રમશઃ પ્રસિદ્ધ થઇ ગયેલ છે. હવે પાંચમો ગ્રંથ 'સિદ્ધાંતરહસ્યમ્' એ જ રીતે ક્રમશઃ પ્રસિદ્ધ થાય છે. તેનો પ્રારંભ કરતાં પહેલાં પૂજ્યપાદ શ્રી શ્યામમનોહરજીએ આ ગ્રંથનો પરિચય હિંદીમાં આલેખેલ છે, તેનું ગુજરાતી ભાષાંતર અહીં આપવું ખૂબ જ જરૂરી છે. એના ઉપરથી ગ્રંથનો પરિચય થશે અને પછી ગ્રંથની ટીકા, મૂળ સાથે વાંચવામાં ખૂબ આનંદ આવશે. આ ભાષાંતરથી ગ્રંથની મહત્તા સમજાશે અને તેનું રહસ્ય જાણવું સરળ થઈ પડશે.

આ 'સિદ્ધાંતરહસ્યમ્' નામનો પંચમ ગ્રંથ વિ. સં. ૧૯૮૦માં ભગવદ્ધર્મપરાયણ શ્રી ભાઇલાલ પુરુષોત્તમદાસના આર્થિક સહયોગથી શ્રી મૂલચંદ તુલસીદાસ તેલીવાલા તથા શ્રી ધીરજલાલ વ્રજદાસ સાંકળિયાએ સંપાદિત તથા પ્રકાશિત કરેલ હતો, તેનું જે સંસ્કરણ ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત કરાયું છે. તેના પ્રારંભમાં પૂ. પા. શ્રીએ આલેખેલ સમગ્ર ગ્રંથનો ભાવ સમજાવતો લેખ હિંદી ભાષામાં પ્રકટ થયેલો છે, તેનું આ ગુજરાતી ભાષાંતર તે જ ગ્રંથનો પ્રારંભ કરતાં પહેલાં અહીં આપવામાં આવેલ છે. પુષ્ટિપ્રેમીઓ તેનું વાંચન, શ્રવણ, મનન કરીને અનુસરણ કરે, એ જ અભ્યર્થના !

—અનુવાદક]

એક કિંવદંતી અનુસાર 'સિદ્ધાંતરહસ્ય'નું આલેખન શ્રીમહાપ્રભુજીએ વિ. સં. ૧૫૪૯માં કર્યું હતું. શ્રીમહાપ્રભુજીના ચરિત્ર-ગ્રંથોના આધારે તથા આ ગ્રંથની અંદરના પુરાવાના આધારે એ નિશ્ચિત છે કે, એની રચના ગોકુળમાં શ્રાવણ સુદિ એકાદશીની અર્ધરાત્રિએ થઇ હતી.

શ્રીયદુનાથજી વિરચિત વલ્લભદિગ્વિજયના મધ્યમ-યાત્રા પરિચ્છેદમાં આ ઘટનાને આવી રીતે વર્ણવેલી છે : "શ્રીમહાપ્રભુજી મથુરાથી ગોકુળ પધાર્યા, ત્યાં શ્રાવણ માસની અજવાળી એકાદશીનું વ્રત તેમ જ જાગરણ કર્યું. મધ્યરાત્રિએ ભગવાને પ્રગટ થઈને દર્શન દીધા. તે સમયે મહાપ્રભુજીએ પવિત્રાં ધરીને મિશ્રીનો ભોગ ધર્યો. પછી શ્રીગોકુલનાથે શ્રીમહાપ્રભુજીને સાંત્વન આપ્યું કે, આપે દૈવી જીવોના ઉદ્ધારની ચિંતા કરવી જોઈએ નહિ. દૈવી જીવોના ઉદ્ધાર માટે પ્રસ્તુત ગ્રંથમાં વર્ણવાયેલ ભાવનાની સાથે ગદ્યમંત્રનું દાન (મદુક્તભાવનાસહિતં ગદ્યમ્) શ્રીમહાપ્રભુજીને દેવામાં આવ્યું. અન્ય જીવોને પણ આ

ભાવનાના ઉપદેશની સાથે ગદ્યમંત્ર દ્વારા દીક્ષિત કરવાનો આદેશ આપવામાં આવ્યો. શ્રીમહાપ્રભુજીને વચન આપ્યું કે, જેને આ સર્વસ્વના સમર્પણપૂર્વક આત્મનિવેદનની દીક્ષા દેવામાં આવશે તેની અહંતા મમતાનો સેવામાં વિનિયોગ કરવાથી તેને ભગવાનની લીલા અનુભવવાનું સામર્થ્ય પ્રદાન કરવામાં આવશે. પ્રાતઃકાલે શ્રીમહાપ્રભુજીએ આ દીક્ષા દામોદરદાસ તથા કૃષ્ણદાસને આપી.”

૮૪ વૈષ્ણવોની વાર્તા અનુસાર ભગવદાજ્ઞા પછી શ્રીમહાપ્રભુજીએ સમીપમાં સૂતેલા દામોદરદાસ હરસાનીને પૂછ્યું, “દમલા, તે કછુ સુન્યો ? તબ દામોદરદાસને કહ્યો, જી મહારાજ ! મૈંને શ્રીઠાકોરજીકે વચન સુને તો સહી સમુજ્યો નાહીં.”

બૃહદારણ્યક ઉપનિષદમાં પણ સાંભળ્યું તો બધાએ હતું–સમર્પણનો સિદ્ધાંત, ‘આ આત્મા સર્વ પ્રાણીઓનો અધિપતિ છે, બધાં જ પ્રાણીઓનો રાજા છે. તે જેવી રીતે રથના ચક્રના મધ્ય ભાગમાં અને રથના ચક્રના ઘેરાવામાં સર્વે આરાઓ સમર્પિત થયેલા છે તેમ જ સર્વે જીવો, સર્વે દેવો, સર્વ લોક, ભૂતમાત્ર અને બધા જ આત્માઓ આ પરમાત્મામાં સમર્પિત થયેલા છે,’ (બૃહદા-૨–૫–૧૫), પરંતુ સમજમાં ક્યાં આવે છે ? બધું જ જે પરમાત્મામાં સમર્પિત છે, તે પરમાત્મા પ્રત્યે મન વાણી અને દેહથી સર્વસમર્પણની સ્વીકૃતિ બધાની સમજમાં આવતી નથી. આથી જ ભગવાને ગીતામાં પણ કહી તો દીધું છે કે, “હે અર્જુન, તું મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું સેવન કર, મને નમસ્કાર કર, તું મને જ પામીશ. તું મને પ્રિય છે, એમ હું તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું, (ગીતાજી, ૧૮–૬૫ , પરંતુ ભગવાનની આ પ્રતિજ્ઞાનું તથા પ્રેમપૂર્વકના આશ્વાસનનું તાત્પર્ય સમજમાં ક્યાં આવે છે ? ભાગવતમાં પણ ભગવાનની વાણી આપણે સાંભળી તો છે કે, “જેઓ પત્ની, ગૃહ, પુત્ર, આપ્તજન, પ્રાણ અને આ ધન, એ બધાંનો આત્યંતિક ત્યાગ કરીને મારે શરણે આવેલા હોય છે તેઓનો ત્યાગ કરવાને ભગવાને ભગવાન કહે છે કે, હું કેવી રીતે ઇચ્છું ? (ભાગ ૯–૪–૬૫), પરંતુ તે સમજમાં ક્યાં આવે છે ?

આ સિદ્ધાંતરહસ્યમાં જ સાક્ષાત્ ભગવાને કહેલ ભાવના સહિત ગદ્યમંત્રમાંથી જ્યારે સ્વયં શ્રીમહાપ્રભુજીએ અક્ષરશઃ ભગવાને કહેલ ભાવના દોહરાવી દીધી છતાંય તે સાંભળ્યા પછી પણ સમજમાં આવતી નથી ! કેટલાક વિદ્વાનોને સંદેહ થાય છે કે, ગદ્યમંત્ર ભગવાને કહેલ છે કે શ્રીમહાપ્રભુજીએ કહેલ છે ? અથવા પ્રભુચરણશ્રીએ (શ્રી વિઠ્ઠલેશજીએ) કહેલ છે ? કે પછી ગોકુલનાથજીએ તેને પછીના સમયમાં જોડી દીધેલ છે ? તર્ક વિતર્ક થયા કરે છે કે, “સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે” (સાક્ષાત્ ભગવાને કહેલ તે અક્ષરશઃ કહેવાય છે), કહી દીધા પછી જ્યારે ગદ્યમંત્ર કહેવાયો નથી તો અવશ્ય જ તે પછીના સમયમાં શ્રી પ્રભુચરણશ્રીના (શ્રીવિઠ્ઠલેશજીના) ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીએ જોડી દીધેલ હશે ? પરંતુ આ અક્ષરશઃ નિરૂપણમાં તો પંચાક્ષરમંત્ર પણ દોહરાવવામાં આવેલ નથી, તો કેવળ ગદ્યમંત્ર

માટે જ એમ કેમ? પંચાક્ષરમંત્રને પણ પ્રક્ષિપ્ત કેમ માની લેવામાં ન આવે? જ્યારે શ્રી ગોકુલનાથજીની પહેલાં થયેલ શ્રીકૃષ્ણદાસ અધિકારી– "શ્રીગોપાલમંત્ર અષ્ટાક્ષર પંચાક્ષરકે શ્રવણ કરાયે, ગદ્યમંત્ર સબ જીવનિકો દે કૃષ્ણચરણ સબકે ચિત્ત લાયે," તથા "કૃષ્ણ શ્રીકૃષ્ણ મનમાહિ ગતિ જાનિયે, દેહ ઈંદ્રિય પ્રાણ દારાગારાદિ વિત્ત આત્મા સકલ શ્રીકૃષ્ણકી માનિયે, કૃષ્ણ મમ સ્વામી હોં દાસ મનવચનકરમ કૃષ્ણ કર્તા યેહી સદા જિય આનિયે. કૃષ્ણદાસનિનાથ હરિદાસવર્યધરચરણરજ વલ્લભાધીશ મન સાનિયે." એમ કહે છે. તેને નિરંતર સાંભળતા રહેવા છતાં અને ગાતા રહેવા છતાં આજ આ સમજમાં આવતું નથી!

કેટલાક વિદ્વાનોની માન્યતા અનુસાર, આથી જ આ ગદ્યમંત્ર શ્રીગોકુલનાથજી દ્વારા નહિ, પરંતુ શ્રીપ્રભુચરણ (શ્રી વિઠ્ઠલેશજી) દ્વારા પંચાક્ષરની સાથે જોડી દીધેલ હોવાનું મનાય છે. પરંતુ તેઓશ્રીના જ્યેષ્ઠ ભાઇ શ્રી ગોપીનાથજી રચિત સાધન દીપિકામાં– "નાયમાત્મા પ્રવચનૈઃ ન ધિયા બહુના શ્રુતેઃ, લભ્યતે વરણં હિત્વા વૃતં સંવૃણુતે શ્રુતેઃ, સ્મૃત્વા સ્વીયવિયોગાગ્નિં તાપદાહો ભવાંબુધૌ, તતઃ સર્વં સમર્પ્યૈવ શ્રીગોપાલમનુશ્રયેત ઇષ્ટં દત્તં તપો જપ્તં વૃત્તં યચ્ચાત્મનઃ પ્રિયં દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્ યત્પરસ્મૈ નિવેદનમ્" (આ પરમાત્મા પ્રવચનોથી કે બુદ્ધિપૂર્વક બહુ સાંભળવાથી પ્રાપ્ત થતા નથી, પરમાત્માને પ્રસન્ન કરીને, પરમાત્માથી વરણ કરાયેલો હોય તેનો સ્વીકાર થાય છે, એમ શ્રુતિમાં કહ્યું છે. પોતાના વિયોગરૂપ અગ્નિને સંભારીને ભવરૂપી સાગરમાં પડેલાને તાપદાહ થાય છે. તેથી ગોપાલ એવા શ્રીકૃષ્ણને બધું જ સમર્પણ કરીને તેનો આશ્રય લેવો જોઇએ. જે યજ્ઞથી પૂજાયેલ હોય તે, જે દાન કર્યું હોય તે, જે તપ કર્યું હોય તે, જે જાપ કરેલ હોય તે, જેનું આચરણ કર્યું હોય તે અને જે પોતાને પ્રિય હોય તે સ્ત્રી, પુત્ર, ગૃહ, પ્રાણ સહિત બધું જ પરાત્પર પરમાત્મા શ્રીકૃષ્ણને સમર્પણ કરવું,) એ પ્રમાણે કહે છે, તેથી સ્પષ્ટ થઇ જાય છે કે પ્રભુચરણશ્રીના પહેલાં જ દીક્ષાવિધિમાં ગદ્યમંત્રનો સમાવેશ થઇ ગયો હતો. પરંતુ "મહારાજ, સુન્યો પર સમુઝયો નાહીં!"

નિવેદન સમર્પણ તેમ જ વિનિયોગ ઉત્તરોત્તર એકબીજાના રહસ્યરૂપ છે અથવા તાત્પર્યરૂપ છે. પંચાક્ષર મંત્ર દ્વારા જે આત્મનિવેદન કરવામાં આવે છે, તે જ ગદ્યમંત્રમાં 'આત્મા' અને 'નિવેદન'નું રહસ્ય આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણના રૂપમાં સમજાવાયું છે. ગદ્યમંત્રમાં જે આત્મા તેમજ આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણ કરવામાં આવે છે, તેનું રહસ્ય પોતાના સ્વામી શ્રીકૃષ્ણની તનુજા અને વિત્તજા સેવામાં પોતપોતાની સાથે સંબંધિત બધા પદાર્થોના વિનિયોગમાં સરળતાથી સમાયેલું છે. અન્યથા, સમર્પણ પૂર્ણતાથી સાર્થક થતું નથી. સમર્પણ કરાયેલાનો વિનિયોગ પણ આથી જ આવશ્યક છે.

શ્રીમહાપ્રભુજીને આત્મનિવેદનની ભાવનાના રૂપમાં પ્રભુએ પ્રકટ થઇને આ જ સમજાવ્યું હતું. "તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો; જેણે આત્મનિવેદન કર્યું છે તેણે (બ્રહ્મસંબંધ પામેલા વૈષ્ણવોએ) પ્રભુને સમર્પણ કરીને જ

બધું કરવું, એવો નિશ્ચિત નિયમ છે,” (સિદ્ધાંતરહસ્ય; ૪–૫) જેઓ બ્રહ્મસંબંધ પામેલા છે તેમણે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. પોતાનાં બધાંજ કામકાજ સમર્પણપૂર્વક જ ચલાવવાં જોઇએ. આ જ બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદનની મૂળ ભાવના છે.

“નિવેદનના સમયે પોતાની સાથે સંબંધિત વસ્તુઓનો સંબંધ પ્રભુની સાથે–બ્રહ્મની સાથે થઇ જાય છે. .... જેઓએ પોતાના પ્રાણ પૂર્ણપણે શ્રીકૃષ્ણાધીન કરી દીધા છે, તેઓને કઇ વાતની ચિંતા હોઇ શકે ? (શ્રીનવરત્ન, ૪–૫), નવરત્નના આ વચનની તથા સિદ્ધાંતરહસ્યના “બ્રહ્મસંબંધ કરવાથી બધાયના દેહના અને જીવના સર્વ પ્રકારના દોષો નિવૃત્ત થઇ જાય છે,” (સિદ્ધાંતરહસ્ય, ૨), આ વચનનો પરસ્પર સંબંધ જોડવાથી પંચાક્ષરમંત્ર દ્વારા આત્મનિવેદન અને ગદ્યમંત્ર દ્વારા વિયોગરૂપી અગ્નિના સ્મરણપૂર્વક આત્મીય સઘળા પદાર્થોનું સમર્પણ એ બંનેનું જોડાણ જ ‘બ્રહ્મસંબંધ’ કહેવાય છે. આ સિદ્ધાંતનું રહસ્ય આપણને ‘સિદ્ધાંતરહસ્ય’ ગ્રંથમાં સંભળાય છે.

આ જ રહસ્ય શ્રાવણ માસની અજવાળી અગિયારશની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રગટ થઇને શ્રીમહાપ્રભુજીને સંભળાવ્યું હતું. તે પંચાક્ષર અને ગદ્યમંત્રના અંશને ગોપ્ય હોવાને કારણે છોડી દઇને સમર્પણના સિદ્ધાંતના ભગવાને કહેલા આ રહસ્યને અહીં અક્ષરશઃ શ્રીમહાપ્રભુજીએ બેવડાવી દીધેલ છે. જે વાત ભગવાને ગદ્યમંત્રની ભાવનાના રૂપમાં કહી હતી તેનું અહીં અક્ષરશઃ નિરૂપણ છે. પંચાક્ષર કે ગદ્યમંત્રનું નિરૂપણ નથી.

જીવ તો અનેક પ્રકારના દોષોથી ભરેલો છે. જેવા કે, (૧) અવિદ્યા સાથે સંબંધ, અવિદ્યાથી થયેલી અહંતા–મમતાની ભ્રાંતિ, અવિદ્યાથી થયેલ પ્રાણ ધારી રાખવાનો પ્રયત્ન, એવા દોષો આત્માની સાથે લાગ્યા રહે છે, સૂક્ષ્મ શરીરમાં કામ, ક્રોધ, લોભ વગેરે તથા ભૂખ, તરશ જેવા અનેક સહજ દોષો સદાય અસ્તિત્વમાં હોય છે. તેવી જ રીતે સ્થૂળ શરીરમાં પણ અનેક પ્રકારની અશુદ્ધિ તથા રોગ વગેરે દોષો સહજ રીતે રહેલા જોવા મળે છે. (૨) પાપની અતિશયતાવાળા પ્રદેશોમાં જન્મની પ્રાપ્તિથી અથવા કોઈ વાર તો એવા પ્રદેશમાં જવા માત્રથી દોષ લાગી જાય છે, એમ શાસ્ત્રો કહે છે. (૩) કલિકાલને કારણે અનેક ધાર્મિક વિધિ લુપ્ત થઇ ગઇ છે. આથી કાળથી થતા દોષો પણ શાસ્ત્રમાં સ્વીકારાયા છે. (૪) કોઇ કોઇ વાર જાણીબૂજીને અથવા મોહવશ થઇને પણ પણ આપણે એવાં આચરણ કરી બેસીએ છીએ, જેને લોકમાં તેમ જ શાસ્ત્રમાં નિંદ્ય માનેલ હોય છે. (૫) કોઇ કોઇ વાર નિવારી ન શકાય તેવી સ્થિતિમાં અનિચ્છાએ, અજાણમાં એવાં ભૂલભરેલાં કામ આપણાથી થઇ જાય છે, અથવા કરવાં પડે છે કે જે લોકમા અને વેદમાં નિંદ્ય હોય છે.

એવી રીતે લોકમાં તથા વેદોમાં નિંદિત એવા અનેક પ્રકારના દોષોથી ભરેલો એવો જીવ છે. પરંતુ બ્રહ્મસંબંધ થવાથી એ દોષો ભલે નિવૃત્ત થઇ જાય કે ન થાય, પરંતુ પુષ્ટિજીવ દ્વારા કરવામાં આવેલી ભગવત્સેવામાં

એ દોષો બાધક થઇ શકતા નથી. બ્રહ્મસંબંધ સિવાય અન્ય કોઇપણ પ્રકારે એ દોષોની નિવૃત્તિ શકય નથી.

બ્રહ્મસંબંધનું વાસ્તવિક સ્વરૂપ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવાથી જ સિદ્ધ થાય છે. છેલ્લે સરવાળે વાત એટલી જ છે કે, જેણે આત્મનિવેદન કર્યું છે તેણે પોતાનાં બધાં જ કામકાજ સમર્પણપૂર્વક જ ચલાવવાં જોઇએ પરંતુ તેમાં એક સાવધાની અવશ્ય રાખવી જોઇએ કે, એવી કોઇ પણ વસ્તુ કે જેનો ઉપભોગ પ્રથમ આપણે કરી લીધો હોય તે દેવાધિદેવ ભગવાનશ્રીકૃષ્ણને સમર્પણ કરાય નહિ. આપણા પ્રથમ ઉપભોગને કારણેતે વસ્તુ આપણી અર્ધ-ભુકત અથવા ઉચ્છિષ્ટ થઇ જાય છે અને તે વસ્તુ શ્રીકૃષ્ણને સમર્પિત કરવાની કોઇ તક નથી. તેથી આપણે ઉપભોગ કર્યા પહેલાં બધી વસ્તુઓનું સમર્પણ કરવું આવશ્યક છે.

ભગવાન અર્થે બધી વસ્તુઓને સમર્પિત કરી દેવાથી આત્મનિવેદન કરનારનો રોજે રોજનો વ્યવહાર કેવી રીતે નભી શકશે ? અને વળી અસમર્પિતનો પણ ઉપભોગ નિષિદ્ધ મનાયેલો છે તો આ બંને વાત શી રીતે શકય થઇ શકશે ?

"ભગવાનને દાનના રૂપમાં જે કાંઇ ભેટ કરી દેવામાં આવે છે તેનું ફરીને અપહરણ કે ઉપભોગ નહિ કરવો જોઇએ." આ વિધાન પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીને લાગુ નથી. કેમ કે, પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં જેવી રીતે ઘરનો સેવક ઘરધણીએ ઉપભોગ કરેલ વસ્તુઓનો—અન્ન, વસ્ત્ર વગેરેનો ઉપયોગ લોકમાં કરે જ છે, તે પ્રમાણે બધું જ પહેલાં એક વાર પ્રભુને સમર્પિત કરવું જોઇએ. તેથી સર્વસમર્પણના તેમજ અસમર્પિત ત્યાગના સિદ્ધાંતમાં નથી તો વિરોધાભાસ કે નથી કોઇપણ પ્રકારની કઠિનતા બ્રહ્મસંબંધ લેવાને સમયે જે વસ્તુઓનું આપણે સમર્પણ કરીએ છીએ તેનો સાક્ષાત્ કે પરંપરાથી કોઇપણ રીતે એક વાર ભગવાનની સેવામાં વિનિયોગ થઈ ગયા પછી તેના બધા દોષો નિવૃત્ત થઈ જાય છે. તેથી એ રીતે દોષ રહિત, બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલી વસ્તુઓના ઉપભોગમાં કોઇપણ પ્રકારના સાંસારિક અનર્થની સંભાવના રહેતી નથી. જેમ નદીનાળાં ગંગામાં મળી ગયા પછી ગંગાજલ જ માની લેવામાં આવે છે તેમ તેઓના સ્વતંત્ર અસ્તિત્વનો કે ગુણદોષોનો વિચાર નથી કરવામાં આવતો તેમજ ભગવાનની અલૌકિક સેવાનું અંગ બની ગયા પછી સાંસારિક વસ્તુઓના સ્વતંત્ર ગુણદોષોનો વિચાર પણ અનાવશ્યક થઈ જાય છે.

ભગવાન દ્વારા લેવાગેલાં જગતનાં બધાં જ રૂપ ભગવાનનાં રૂપ છે, તથા ભગવાનને માટે છે. આપણું પોતાનું અસ્તિત્વ અને પ્રયોજન પણ ભગવલ્લીલાને અનુરૂપ અને ભગવત્સેવા માટે છે. આથી ભગવાનને સમર્પણ કર્યા પછી ભગવાનના પ્રસાદના રૂપમાં તેનું પાછું ગ્રહણ થાય તે દોષ વગરનું છે. જ્યારે બધું જ ભગવાનનું અને ભગવાનની સેવા માટે બની જાય છે ત્યારે તે બધું ભગવદાત્મક જ થઇ જાય છે.

આ જ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનું અત્યંત ગૂઢ રહસ્ય છે. આ જ પુષ્ટિમાર્ગનું પ્રમુખ કર્તવ્ય છે. ભગવાનના સ્વરૂપની સેવાની દીક્ષા લેવાય તે સમયે અને લીધા પછી ભગવાનને અત્યંત પ્રિય એવી આ જ ભાવના છે.

(વધુ માટે જુઓ ટાઈટલ ૩ જું)

ઉતરીને ચિઠ્ઠી વાંચીને બે જણે અર્થ કર્યો. તે 'પૂંગી ને પૂંજો ઓજો ને ઘડીની જગાયે ગધેડી દીયો' ! એવો અર્થ કરીને પૂંજા ઓઝાને ઘેર ગયા ને કહ્યું જે રાજાએ ગધેડી મંગાવી છે દીયો. તે લઈને રાજા પાસે આવ્યા. તે વખતે રાજા હસ્યો. કહ્યું જે આ શું લાવ્યા ? તેઓએ કહ્યું કે તમે ચિઠ્ઠીમાં લખ્યું છે. ત્યારે રાજાએ કહ્યું કે એમ લખ્યું નથી. પુંગી એટલે સોપારી, ઘડી એટલે શેર એમ લખ્યું છે.

આમ પંડિત અર્થનો અનર્થ કરે. આવાનું સાંભળવાથી બહિર્મુખ થવાય અને ભગવદ્ ભાવમાંથી કાઢી કર્મ માર્ગમાં નાખે છે. તે માટે અન્ય માર્ગીના મુખથી સાંભળવુ નહિ કેમ જે અર્થના અનર્થ કરે, વૈષ્ણવના મુખનું સાંભળવું તેથી પ્રભુમાં પ્રીતિ થાય. માટે સત્સંગ વિના રહેવું નહિ. વૈષ્ણવની દયા વિના કે મહત્કુલની કૃપા વગર એક અક્ષરનો અર્થ સૂઝે નહિ.

(-શ્રી ગોકુલેશ સુબોધ વાર્તા સુધા ૧૭)

શ્રદ્ધાંજલી

રાજકોટના અગ્રગણ્ય વૈષ્ણવ પ. ભ. શ્રી હેમરાજ ઓધવજીભાઈ (મરજાદી) તા. ૨૫-૭-૮૫ ના રોજ ભગવદ્ ચરણારવિંદ પામ્યા. તેઓ શ્રી હરિ, ગુરૂ, વૈષ્ણવોની ટહેલમાં સદા તત્પર રહેતા. અનેક વ્રજયાત્રાઓ તેમજ પૂ. ગો. બાલકોને ત્યાં પ્રસ્તાવની વ્યવસ્થામાં હંમેશા આગેવાની લઇ સેવા કરતાં. તેમના કુટુંબીજનો પર આવેલ આ ભૌતિક દુઃખના પ્રસંગે 'શ્રીવલ્લભ સુધા' વ્યવસ્થાપક, સંપાદક મંડલ સમવેદના વ્યકત કરે છે. પ્રભુ તેમના પરિવારને ધૈર્યનુદાન કરે !

(૨૪ મા પાનેથી ચાલુ)

આ જ ભાવના ગોકુલમાં પ્રકટ થઇને ભગવાને શ્રીમહાપ્રભુજીને સમજાવી હતી. તે અર્ધરાત્રિએ પુષ્ટિજીવોના ઉદ્ધારની ચિંતામાં સાવધાન મહાપ્રભુજીની ચિંતા આ રહસ્યના પ્રકાશનથી દૂર કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી શ્રીમહાપ્રભુજીની સમીપ સુષુપ્ત એવા તેઓશ્રીના અનેક પુષ્ટિજીવ આ સિદ્ધાંતરહસ્યને સાંભળીને પણ સમજી શકતા નથી.

"દમલા, યહ મારગ તેરે લિએ પ્રકટ કિયો હૈ," એ વાણીમાં કેટલુંબધું પોતાપણું છે ! "દમલા ! તે કછુ સુન્યો ?" એ પ્રશ્નમાં સિદ્ધાંતનું પૂરેપૂરું રહસ્ય પોતાના પુષ્ટિજીવોને સંભળાવવાની અને સમજાવવાની કેટલીબધી ઉત્કંઠા છે ! જીવ એને સાંભળીને પણ ભલે સમજે કે ન સમજે !

આથી જ હરિજીવન કહે છે કે, જ્યાંસુધી પ્રભુ પોતાપણું જણાવે નહિ ત્યાં સુધી પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત કેવળ ભણી જવાથી કે સાંભળી લેવાથી સમજમાં આવતો નથી, ઉપનિષદ, ગીતા, પંચરાત્ર તથા શ્રીમદ્ ભાગવત, સર્વત્ર સમર્પણનો સિદ્ધાંત બધાએ કહેલો છે ને સાંભળેલો પણ છે, પરંતુ....

શ્રીમદ્ ભાગવતરૂપી અમૃતના સાગરનું સર્વોત્તમ મંથન કરીને શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ જ પોતાના ઊંઘતા પુષ્ટિજીવોને જગાડીને પૂછ્યું, "દમલા, કછુ સુન્યો ?" શ્રીમહાપ્રભુજી કેવળ સંભળાવવામાં કે સમજાવવામાં જ સંતોષ માનતા નથી. તેઓશ્રી પુષ્ટિજીવોના હાથમાં પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ શ્રીકૃષ્ણને સોંપવા ઇચ્છે છે. -"સેવા સાજ સિંગાર સુભગ રસ ખાન પાન પ્રકટાયો, વૃંદાવન નિકુંજકી લીલા હરિજીવન સ્વાદ ચખાયો, જો લોં હરિ આપુનપો ન જતાવે તો લોં સકલ સિદ્ધાંત મારગકો પઢે સુને નહીં આવે."

બાપની બેટાને શીખામણ

(રાગ-પ્રભાતનો અગર પહેલા આખ્યાનનો)

બાપ કહે સુણ બેટા અમારા, પાપને પંથે ચાલીશમાં,
પ્રભુ સેવામાં ભંગ પડાવે, એવી ઘોને ઘરમાં ઘાલીશમાં. ૧
પરધનને પરનારીને બેટા, કુડી નજરે નિહાળીશમાં,
સ્નેહભર્યા સંસારમાં તારા, ઘરનાં સુખને ટાળીશમાં. ૨
ગરીબને દુભાવીશમાં બેટા. હરામી ભેળો હાલીશમાં,
પ્રભુ રાખે એમ જગમાં રહેવું, મનમાં મોટાઈ લાવીશમાં. ૩
ક્ષણિક સુખને ખાતર કોઈથી બોલીને બગાડીશમાં,
કરી કમાણી સાંચવજે બેટા, અવળે માર્ગે ઉડાડીશમાં. ૪
અભિયાગતની આંતરડીને, દિકરા તું દુભાવીશમાં,
અતરની શિખામણ ન માની, મારા ધોળામાં ધુળ ઘાલીશમાં. ૫
મેડી કોઈની જોઈને બેટા, ઘરનો કૂબો બાળીશમાં,
સંગ જુગારી રંડોડીયાનો કરી તું, બાપનું નામ બોળીશમાં. ૬
રાજકારણમાં પડીને બેટા, ખોટાં વેર વધારીશમાં,
રાજ કચેરી કોરટમાં તું, ખોટો સાક્ષી થાઈશમાં, ૭
અધિયારીને આળશમાં તું, ઘરનો ધંધો ટાળીશમાં,
હરામીનો સંગ કરીને તું, ઘરમાં આગ લગાડીશમાં. ૮
સગાં સહોદર સાથી મિત્રો. સહુથી સંપ બગાડીશમાં,
ખટપટીઆનો ભોગ બની તું અવળી ઘો ઉપાડીશમાં. ૯
ખોટી વાતો સાંભળી બેટા, ઘરમાં લાઈ લગાડીશમાં,
પરગામ જાતાં વાટે ઘાટે, સાવચેતી ગુમાવીશમાં ૧૦
ઘરનો ધંધો છોડી બેટા, મિલ્કત ઘરની ગુમાવીશમાં,
ગમે તેવી આફતમાં તું, ધીરજ ધર્મ ગુમાવીશમાં, ૧૧
ઘરનાં બધાં વૈષ્ણવ જાણી, ખોટી રીતે ખીજીશમાં,
વૈષ્ણવ તારે આંગણે આવે, પ્રેમે પ્રસાદ તું ભૂલીશમાં ૧૨
વલ્લભ કુળનો મહિમા મોટો, ગુરુના ગુણને ભૂલીશમાં,
શરણ મંત્ર સહુથી મોટો, વલ્લભ નામ વિસારીશમાં. ૧૩
શ્રી વ્રજભૂષણ પ્રભુ પણ છે મારા. પુરુષોત્તમને છોડીશમાં,
'પોપટ' જ્ઞાન મૃગજળ જેવું. સેવા સ્મરણ ભૂલીશમાં. ૧૪

લે. પ. ભ. શ્રી પોપટલાલ રામજીભાઇ મરજાદી,
-આમણગામ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

શ્રીવલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

વિદ્યાનુરાગી પૂ. પા. ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજ
(પરાગ-વિલેપાર્લે)

પ્રાકટ્ય સંવત ૧૯૬૫ શ્રાવણ વદિ ૧૦

સંવત ૧૯૮૯માં પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત પ્રચાર સમિતિ સ્થાપી આપશ્રી ગામે ગામ ફર્યા હતા અને અજ્ઞાન ખેડૂત વૈષ્ણવોને પુષ્ટિમાર્ગની સમજ આપી હતી. વળી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ દ્વારા આપશ્રીએ ઘણાં પ્રવચનો કર્યાં હતાં અને કેટલીક પુસ્તિકાઓ લખી આપી હતી આપનું સાહિત્ય વિશાળ છે.

વર્ષ ૪ : અંક ૬ ⊕ સપ્ટેમ્બર, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સમાચાર

ગોધરા–"ધર્મને આપણે અપનાવીશું તો ધર્મ આપણને અપનાવશે. આપણે તેનું રક્ષણ કરીશું તો તે આપણું રક્ષણ કરશે. અને ત્યાગ કરીશું કે વિસરી જઈશું તો તે આપણો ત્યાગ કરશે અને વિસરાવી દેશે. અધિક માસને લોકો મળમાસ કહે છે. પરંતુ જો સેવા–સ્સરણ શ્રી ઠકોરજીનું કરવામાં આવે તો નિર્મલ માસ બની જાય. પૂ. શ્રી ગુંસાઈજી અને તાનસેનનો સોનામહોર અને કોડીના પ્રસંગના ઉદાહરણ દ્વારા જીવનમાં સેવા–સ્મરણમાં લીન ના થવાય તો આ જીરનની કિંમત કોડીની રહે છે" આ વચનામૃતો પૂ ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રી (સૂરત) એ શ્રી ગોકુલનાથજીના મંદિરમાં આં. પૂ. વૈષ્ણવ પરિષદ દ્વારા યોજીત ગોધરા મુકામેની વિશાળ સભાને સંબોધતાં જણાવ્યું હતું. તેઓ શ્રીએ વૈષ્ણવોમાં વૈષ્ણવતા જાગૃત કરી, પરિષદના કાર્યને વેગવંતુ બનાવવા અને પરિષદમાં જોડાઈ જવા અનુરોધ કર્યો હતો.

તેઓશ્રી સૂરતથી ગોધરા પધારતાં તા. ૩૧–૭–૮૫ ના રોજ રેલ્વે સ્ટેશન પર કેન્દ્રીય મંત્રી શ્રી પ્રા. ચીમનભાઈ શેઠ, ગોધરા શાખાના પ્રમુખ શ્રી બાબુભાઈ ગાંધી, મંત્રી શ્રી ગીરધરભાઈ, શ્રી મનહરભાઈ કોન્ટ્રાકટરે વગેરેએ ફૂલહારથી સ્વાગત કર્યું શતું.

પ્રાસંગિક પ્રવચન કેન્દ્રીય મંત્રીશ્રી પ્રા. ચીમનભાઈ શેઠે કર્યું અને પરિષદ વિષે વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રમુખ શ્રી બાબુભાઈ ગાંધીએ કર્યું હતું. બીજે દિવસે તેઓશ્રી ના વચનામૃતો શ્રી ગોકુલનાથજી મંદિરમાં અને પ્રભાકુંજ સોસાયટીના બાલમંદિરમાં પણ યોજવામાં આવ્યાં હતાં. ગુજ. આં. પૂ. વૈષ્ણવ પરિષદના ઉપપ્રમુખ શ્રી માણેકલાલ ગાંધીએ આં, પુ. વૈષ્ણવ પરિષદે કરેલી કામગીરીને બિરદાવી હતી અને વૈષ્ણવોના આ આં. પુ. વૈ. પ. ના સંગઠનને વધુ મજબુત બનાવવા અપીલ કરી હતી.

- પરિષદની ગોધરા શાખા તરફથી શ્રી સર્વોત્તમ સ્ત્રોત ઉપર "જ્ઞાનયજ્ઞ" અધિક માસ દરમ્યાન રાખવામાં આવ્યો છે. જેમાં દરરોજ સેંકડો વૈષ્ણવો લાભ લે છે. તેના વકતા પ. ભ. શ્રી ડો. કૃષ્ણજીવન ગાંધી સરળ–સાદી ભાષામાં, સચોટ ઉદાહરણ આપી સમજ આપે છે. જે કાર્ય પ્રેરણાદાયી છે.

* * *

આં. રા. પુ. વૈ. પરિષદનું કાર્ય ગુજરાતભરમાં વિસ્તારવા માટે કેન્દ્રીય મંત્રી શ્રી પ્રા. ચિમનભાઈ શેઠ તથા પ્રાંતીય કારોબારીના સભ્ય પ્રા. શ્રી ગોપાલભાઈ એસ. શાહ ઠાસરા, ટીંબા રોડ, સેવાલીયા, ધોરાજી મોડાસા મુકામે જઈ વૈષ્ણવોની મીટીંગનું આયોજન કરી પરિષદની વર્તમાન સંજોગોમાં આવશ્યકતા તથા તેની અનેકવિધ પ્રવૃતિઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી અને જ્યાં શાખા ન હતી ત્યાં શાખાની સ્થાપના કરી સંયોજકોની નિયુકિત કરી હતી.

* * *

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિંદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

⁂

વર્ષ ૪ : અંક ૬ ઠ્ઠો
સપ્ટેમ્બર, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂ. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

ભગવત્ પ્રાદુર્ભાવ મહોત્સવ

વધાઇ (રાગ : ધન્યાશ્રી)

રાનીજૂ આપુન મંગલ ગાવે ॥
આજ લાલકો જન્મઘોસ હે મોતિન ચોક પુરાવે ॥૧॥
ગામગામતે જાતિ અપની ગોપિન ન્યોતિ બુલાવે ॥
અન્વાચાર્યમુનિ ગર્ગ પરાસર તિનપેં વેદ પઢાવે ॥૨॥
હરદી તેલ સુગંધ સુવાસિત લાલેં ઉબટી ન્હવાવે ॥
હરિતન ઉપર વારી ન્યોછાવર જન **પરમાનંદ** ગાવે ॥૩॥

(રાગ : મારૂ)

આજ કહૂં તે યા ગોકુલમે અદ્‌ભૂત વરખા આઇ હો
મણિ ગણ હેમ હીર ધારાકી વ્રજપતિ અતિ ઝર લાઇ હોં
બાની વેદ પઢત દ્વિજ દાદુર હિયે હરખિ હરિયારે
દધિ ધૃત નીર ક્ષીર નાના રંગ વહિ ચલે ખાર પનારે
પટહ નિશાન ભેરિ સહનાઈ મહાગરજકી ઘોરેં
માગધ સૂત વદત ચાતક પિકુ બોલત બંદી મોરે
ભૂષન વસન અમોલ નંદજૂ નર નારિન પહરાયે
શાખા ફ્લ દલ ફૂલન માનો ઉપવન ઝાલર લાયે
આનંદ ભરી નાચત વ્રજ નારી પહરે રંગરંગ સારી
વરન વરન બાદરન લપેટી વિદ્યુત ન્યારી ન્યારી
દરિદ્ર દાવાનલ બુઝૈ સબનકે જાચક સરોવર પૂરે
બાઢી સુભગ સુજસ કી સરિતા દુરિત તીર તરુ ચૂરે
ઉલહ્યો લલિત તમાલ બાલ એકભઇ સબન મન ફૂલ
છાયા હિત અકુલાત **ગદાધર** તક્યો ચરન કો મૂલ

।। શ્રીકૃષ્ણઃ ।।

પ્રસ્થાન ચતુષ્ટય

લેખક : પૂ. પા. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, વડોદરા

[ગતાંકથી ચાલુ]

૨. શ્રીકૃષ્ણ વાક્યાનિ–

પ્રથમ પ્રસ્થાનમાં 'વેદાઃ' થી શ્રુતિઓમાં ગૌણ અને મુખ્યનો શ્રીશંકરાચાર્યની માફક ભેદ કર્યા વિના સર્વ શ્રુતિઓને સ્વીકારી આગમ દ્વિતીય પ્રસ્થાનમાં શ્રીઆચાર્ય ચરણ બતાવે છે 'શ્રીકૃષ્ણ વાક્યાનિ' એટલે કે 'શ્રીકૃષ્ણ વાક્યો' મહાભારત ભીષ્મપર્વના યુદ્ધના પૂર્વ સમરાંગણમાં બન્ને સેનાઓની વચ્ચે કિંકર્તવ્યવ્યામૂઢ એવા પોતાના ભક્ત અર્જુન પર કૃપા કરીને પોતાના મુખ કમલ દ્વારા ઉચ્ચારાયેલા 'કૃતસ્ત્વા કશ્મલમિદમ્' થી આરંભી 'કવચિદેતચ્શ્રુતં પાર્થ' પર્યન્તમાં કહેવાયેલા સર્વ ભગવદ્ વાક્યોનો અહીં સમાવેશ કરવાનો છે.

યદ્યપિ 'તં ત્વૌપનિષદં પુરુષ પૃચ્છામિ'એ શ્રુતિના આધારે બ્રહ્મ કેવલ ઉપનિષદ વેદ્ય જ છે, તેથી બ્રહ્મ વિચારમાં અથવા તો તત્ત્વ નિશ્ચયમાં સ્મૃતિ ગ્રન્થોનો સમાવેશ થઇ શકે નહિ, તેમ જ સ્મૃતિ શાસ્ત્ર ગીતાને સ્વીકારવામાં આવે તો પછી અન્ય મનુ વગેરેની સ્મૃતિઓનો પણ સ્વીકાર થવો જરૂરી થઇ જાય, તેથી ગીતાને પણ પ્રસ્થાનમાં મૂકવું ન જોઇએ તેવી શંકા થાય તો તેના સમાધાનમાં શ્રીઆચાર્ય ચરણ અણુભાષ્યના પ્રથમ અધ્યાયના દ્વિતીય પાદના છઠ્ઠા સૂત્ર 'સ્મૃતેશ્ચ'ના ભાષ્યમાં લખે છે–

'તં ત્વૌપનિષદં પુરુષં પૃચ્છામિ' ઇતિ શ્રુતેઃ કેવલોપનિષદ્વેદ્યં બ્રહ્મ, ન પ્રમાણાન્તર વેદ્યમ્ । તતશ્ચાર્જુનસ્ય શિષ્યરૂપેણ પ્રપન્નસ્યપુષ્ટિ ભક્ત્યા ભાવાદ્ ભગવદ્વાક્યે નિર્વિચિકિત્સવિશ્વાસાભાવાદ્ રથિત્વેનૈવ સ્થાપ્યત્વાન્ન તાદૃશ દેશકાલયોરૂપ નિષિદ્ધામવક્તવ્યત્વાદ્ ગુરૂપતાદૃશરૂપં નિઃશ્વસિતવેદોદ્ગમ જનકં સ્મૃત્વા તદર્થમપિ સ્મૃત્વા ભગવાન્ પુરુષોત્તમો વાક્યાન્યુક્તવાન્ સ્મૃતિ રૂપાણિ'।

તતો બ્રહ્મવિચારે તાન્યપ્યુદાહૃત્ય ચિન્ત્યન્તે । પુનશ્ચ ભગવાંસ્તદધિકારેણ બ્રહ્મવિદ્યાં નિરૂપ્ય સ્વકૃપાલુતયા સર્વ ગુહ્યતમમિત્યાદિના ભક્તિ પ્રપત્તિ એવોક્તાન્ । (અ. ભા. ૧–૨–૬)

અર્થાત્–તે ઔપનિષદ પુરુષને હું પૂછું છું. (બૃ. ૩–૯–૨૬) એ શ્રુતિ વાક્ય પ્રમાણે બ્રહ્મ કેવલ ઉપનિષદથી જ જાણી શકાય છે. અન્ય પ્રમાણોથી બ્રહ્મને સારી રીતે જાણી શકાતું નથી. તેમજ (શિષ્યસ્તેઽહં શાધિમાં

પ્રકાશન સહાય રૂા. ૫૧

ગો. વા. પ. ભ. ગોરધનદાસ કાલીદાસની માલાપેરામણી કરી તે પ્રસંગે **ચુનીલાલ ગોરધનદાસ કંસારા** સપરિવારના જયશ્રીકૃષ્ણ

ત્વાં પ્રપન્નમ્-ગી. ૨-૭ના વાક્ય પ્રમાણે) શિષ્ય તરીકે શરણે આવેલો અર્જુન પુષ્ટિ ભક્ત ન હોવાથી તે ભગવત્ સ્વરૂપ અને ભગવદ્ વાકયોમાં સંશય રહિત વિશ્વાસવાળો નથી. (જો તે સંશય રહિત વિશ્વાસવાળો હોત તો "અપરંભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ' ગી. ૪-૪, એમાં ભગવદ્ વાકયોમાં અને **"એવં સતત યુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે । યે ચાપ્યક્ષર મવ્યક્તં તેષાંકે યોગવિત્તમા"** ગી ૧૨-૧, માં બે પ્રકારના ઉપાસકોમાં શ્રેષ્ઠત્વ બાબત પ્રશ્ન કરીને પ્રત્યક્ષ ઉપસ્થિત પરબ્રહ્મના સ્વરૂપમાં શંકા પ્રતિધ્વનિત કરી છે તે ન થાત, તેમજ "કાલોડસ્મિલોકક્ષય કૃત્પ્રવૃદ્ધો લોકાન્સમાહર્તુમિહપ્રવૃત્તઃ" ગી. ૧૧-૩૨ સ્વયં પ્રભુએ જ પોતાની અત્યારે શું ઇચ્છા છે તે પ્રકટ કરી છે કે પોતાના અવતારપૂર્વ અવતરણમાં પ્રયોજનરૂપ બનેલી પૃથ્વીની પ્રાર્થના (અસુરોના વધી ગયેલા ભારથી પીડા થવી)ને લક્ષ્યમાં લઇ પૃથ્વી-દેવ બ્રાહ્મણ વગેરેનાં કષ્ટોને દૂર કરવા અને ગીતાના જ ચોથા અધ્યાયના સાતમા-આઠમા શ્લોકમાં "પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દૂષ્કૃતામ્ । ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે" (ગી-૪-૮) પ્રવૃદ્ધ અસુરભાવના પ્રાબલ્યથી ખંડિત થઈ ગયેલી અથવા ઊખડી ગયેલી ધર્મ પ્રવૃત્તિને પુનઃસંસ્થાપિત કરવા ધર્મરુપ બનેલા સાધુઓનું રક્ષણ કરવા, અને ભગવન્માર્ગમાં અવરોધરૂપ બનવાનો પ્રયત્ન કરી રહેલા દુષ્ટ છે કૃતિ જેની એવા અથવા કાળે કરીને પ્રવૃદ્ધ બનેલા હોઇ પ્રભુ વિના દુર્નિવાર છે કૃતિ જેની એવા દુષ્ટોનો વિનાશ કરવા અને સૃષ્ટિના કલ્યાણ માટે દરેક યુગનાઃ ધર્મોનું પણ ભિન્ન રીતે શાસ્ત્રોમાં નિરૂપણ કરવામાં આવેલું છે તે-તે ધર્મોને તે-તે યુગ અનુસાર સૃષ્ટિમાં પ્રવર્તન કરવા અને તેને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવા હું પ્રત્યેક યુગમાં જન્મ લઉં છું. આ પ્રમાણેની પોતાની પ્રતિજ્ઞા અનુસાર સર્વ લોકનો ક્ષય કરનાર 'હું કાળ છું" એમ કહી મહાભારતમાં ઉપસ્થિત સર્વજનોનું યુધ્ધમાં આગમન કાલબુભુક્ષાથી જ છે તેથી સંહાર એ જ ભગવદ્દિચ્છા છે. તે ઇચ્છાના આધારે ગીતાના ૧૧મા અધ્યાયમાં આગળ તેત્રીસમા શ્લોકમાં "તસ્માત્ત્વમુતિષ્ઠ યશો લભસ્વ જિત્વાશત્રુન ભુંક્ષ્વ રાજ્યં સમૃધ્ધમ્ । મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ નિમિત્તમાત્રંભવ સવ્યસાચિન" આ શ્લોકમાં તું ઊભો થા, શત્રુવિજયરૂપ યશને પ્રાપ્ત કર અને રાજ્ય સુખનો ભોગ કર, એમ કહી પાંડવોને માટે રાજ્યભોગ અને બાકીના ૧૮ અક્ષૌહિણીમાં ઉપસ્થિતોનો સંહાર એમ બે પ્રકારની ભગવદ્દિચ્છા બતાવી છે. એમ આ બન્ને પ્રકારની મારી ઇચ્છા પ્રમાણેની વ્યવસ્થામાં તું નિમિત્ત માત્ર થા, એમ ભગવાને અર્જુનને કહ્યું છે. એટલે અહીં આ પ્રકારે પંક્તિ બનાવાશે. "મયાકાલરૂપેણૈવ પૂર્વં નિહતાસ્તે એવોભય સેના સમ્બન્ધિતત્વેનાત્ર સમરાંગણે

પ્રકાશન સહાય રૂા. ૧૦૧
ગો. વા. શ્રી મોહનલાલ વાલજીભાઇ કંસારાના જય શ્રી કૃષ્ણ

યુદ્ધાર્થમાગતાઃ, તાનેવ હન્તુંત્વં નિમિત્તમાત્રં ભવ, તત્રહનને-ભોગે ચ મયાહતઃ, પ્રાપ્ત જયોઽસ્મિ, વીરોઽહમાખ્યોહં, સર્વ સાધન સમ્પન્નોઽહમિત્યા દ્ય જ્ઞાનજન્ય ભાવં ત્યક્ત્વા સર્વત્ર સર્વ કાલેષુચ મદિચ્છાનુકૂલ તથૈવ પ્રવર્તતે સ્વ સ્વરૂપં તદંશત્વેન સેવકત્વં હૃદીકૃત્ય ભકતો ચિત નિમિત્ત ભાવં ધારય" આ પ્રમાણે શ્લોકાર્થ કરવાથી બીજા અધ્યાયમાં અર્જુન ઉવાચથી 'કથં ભીષ્મમહં' થી આરંભી 'રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્ માં કહેવાયેલા ૫ શ્લોકોમાં પ્રદર્શિત થતા અર્જુનના ભાવોનું સમાધાન પૂર્વક ખંડન કરવામાં આવ્યું છે. આથી મહાભારત યુદ્ધની સમગ્ર પ્રવૃત્તિ કાલરૂપ ભગવત્પ્રેરિત છે. તેથી અહીં અર્જુનને પણ રથી તરીકે પ્રભુએ જ સ્થાપેલા છે. અને પોતાની તે ઇચ્છાને લઇને યુદ્ધને ઉપયુકત અહંકાર પણ આવશ્યક હોય છે. અન્યથા હનન સંભવ જ ન થાય, તેથી પ્રભુએ જ અર્જુનમાં તેટલો અહંકાર રહેવા દીધો છે. તેથી તેવા સાહંકારો માટે તેમજ તેવા યુદ્ધના પ્રદેશમાં અને યુદ્ધ કાલમાં ઉપનિષત્ તત્ત્વ કહેવું અયોગ્ય હોવાથી 'યો વૈ વેદાંશ્ચ પ્રહિણોતિ તસ્મૈ' ઇત્યાદિ શ્રુતિઓમાં વર્ણવેલું જે મર્યાદા પ્રતિપાદક નિઃશ્વાસરૂપ વેદના ઉદ્‌ગમજનક ગુરુરૂપનું તે પ્રકારના રૂપનું સ્મરણ કરીને સાક્ષાત ભગવાન પુરુષોત્તમે સ્મૃતિ રૂપે જે વાકયો ઉચ્ચાર્યા તેથી ગીતાને સ્મૃતિમાં ગણવામાં આવે છે. તેમ છતાં પણ ગીતામાં વેદોકત તત્ત્વનો નિર્ધાર અથવા તે વિષયમાં ઉત્પન્ન થતાં સંદેહનું નિવારણ સ્વયં પ્રભુએ જ સાક્ષાત્ પુરુષોત્તમે જ સ્વમુખ પદ્મનિઃસૃત વાકયોથી કરેલું છે, તેથી બ્રહ્મવિચારમાં કિંવા તત્ત્વ નિશ્ચયમાં અન્ય ઋષિઓ દ્વારા ઉચ્ચારાયેલાં સ્મૃતિ વાકયો કરતાં ભગવદ્વાકયોનું બલ ઘણું વિશિષ્ટ છે તે નિર્વિવાદ છે. આમ વેદમાં ઉભય વિધ શ્રુતિઓથી જો મનમાં સન્દેહ ઉત્પન્ન થાય જેમકે 'અપાણિ યાદો જવનો ગ્રહીતા' વગેરે શ્રુતિવાકયોમાં સન્દેહ થાય કે અહીં શ્રુતિ બ્રહ્મનું સામાન્યતઃ કરચરણાદિ રહિત નિરાકારત્વ બતાવવા માંગે છે કે પછી માત્ર પ્રકૃત કરચરણનો જ નિષેધ કરે છે, એ સન્દેહમાં 'સર્વતઃપાણિપાદાન્ત' શબ્દોથી ગીતાના ૧૩ મા અધ્યાયમાં કહ્યા પ્રમાણે સન્દેહવારણ કરી શકાય કે પ્રભુ પોતે જ કંઠતઃ આણ કરે છે કે બ્રહ્મ સર્વતઃ પાણિપાદાન્ત છે, તેથી શ્રુતિનો અર્થ માત્ર પ્રાકૃત કર ચરણાદિનોજ નિષેધ કરે છે તેથી પ્રાકૃત ગંધ રહિત અપ્રાકૃત કર ચરણાદિ યુકત પ્રભુનું સાકાર સ્વરૂપ છે, એમ સ્પષ્ટ થાય છે, અન્યથા ગીતામાં સર્વતઃ પાણિ પાદાન્ત તત્ત્વ બ્રહ્મનું કહ્યું છે તે સંભવી શકે નહિ. આમ ગીતા શાસ્ત્ર વેદમાં ઉત્પન્ન થતાં સન્દેહોનું નિવારક છે તેથી તે બ્રહ્મ વિચારમાં નિતાન્ત આવશ્યક છે.

તેમજ ગીતામાં પૂર્વોકત કહ્યા પ્રકાર ઉપરાન્ત પણ પોતાની વિશિષ્ટ કૃપાના આધારે પ્રભુએ વિશેષ પ્રકારથી પણ અર્જુનને ગીતામાં ઉપદેશ આપેલો છે, જે ૧૮ મા અધ્યાયમાં

પ્રકાશન સહાય

રૂા. ૨૫૧-૦૦ શ્રી સુશીલ એન્ટરપ્રાઇઝીસ, મુંબઇ

સ્પષ્ટ ભેદથી જોવા મળે છે. અઢારમા અધ્યાયના અન્તમાં 'તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત' (૧૮-૬૨) શ્લોકથી ઉપદેશ કરી ત્રેસઠમા શ્લોકમાં

ઇતિતે જ્ઞાનમાખ્યાતં, ગુહ્યાદ્ ગુહ્યાતરં મયા ।
વિમૃશ્યૈતદશેષેણ, યથેચ્છસિ તથા કુરુ ॥

એમ આમાં "ગુહ્યાદ્ ગુહ્યાતરનું મેં તને જ્ઞાન આપ્યું, હવે તને જેમ ઠીક લાગે તેમ તું કર," એ શબ્દોથી "કુતસ્વાકશ્મલમિદમ્" (ગીતા-૨-૨)થી આરંભી અહીં પર્યન્તના પોતાના ઉપદેશની સમાપ્તિ કરી. ત્યારબાદ પુનઃ વિશેષ અનુગ્રહપૂર્વક પ્રભુ ફરીથી ચોસઠમા શ્લોકથી ૬૬ મા શ્લોક પર્યન્તના ૩ શ્લોકો દ્વારા ઉપદેશ આપે છે કે

સર્વગુહ્યતમં ભૂયઃ, શૃણુ મે પરમં વચઃ ।
ઇષ્ટોડસિમેદઢમિતિ, તતો વક્ષ્યામિ તે હિતમ ॥

હે અર્જુન, તું મને અતિશય પ્રિય છે તેથી સર્વ ગુહ્યતમ એવા મારા પરમ રહસ્ય યુક્ત વચનને ખૂબ ધ્યાનથી સાંભળ, એમ કહીને 'મન્મનાભવ મદ્ભકતો' અને 'સર્વ ધર્માન પરિત્યજય' એમ બે શ્લોકોમાં ભકિત અને પ્રપત્તિનો વિશિષ્ટ ઉપદેશ આપ્યો. ગુહ્યાદ્ ગુહ્યાતર કહીને પછી ફરીથી જે સર્વ ગુહ્યતમત્વેન ભકિતપ્રપત્તિ કહેવામાં આવી છે તે પુષ્ટિ પ્રકારે કહેવામાં આવી છે. નહિ તો આના પહેલાં પણ ગીતામાં ભકિત અને પ્રપત્તિ બતાવાઇ જ ગઇ છે.

પૂર્વમાં ભકિત અને પ્રપત્તિનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જ્યારે અહીં અર્જુનને સ્વતંત્ર કૃપાપૂર્વક ભાવનું અને પ્રપત્તિનું દાન કરવામાં આવ્યું છે. અને તેથી સર્વ ધર્મના ત્યાગની આજ્ઞા આપી છે. જેમ 'શ્રુતિ સ્મૃતિ મમૈવાજ્ઞે' અર્થાત્ શ્રુતિ અને સ્મૃતિમાં જણાવેલા સર્વધર્મો મારી આજ્ઞારૂપ જ છે તેથી ભકતો ભગવદાજ્ઞા સમજીને જ તેનું પરિપાલન કરતા હોય છે. પણ પૂર્ણદાસ્યની પ્રાપ્તિ પછી દાસધર્મ સિવાયના અન્ય ધર્મોનું યથોચિત પરિપાલન એ શકય હોતું નથી. તેથી દાસધર્મનો નિર્વાહ એજ એનો સ્વધર્મ અથવા પરમ ધર્મ હોય છે. ધર્મનિષ્ઠ ભકતો ધર્મોની મર્યાદાને લાંઘીને પણ ધર્મી સ્વરૂપ પ્રભુને ભજતા હોય છે, તેથી તેમને અધર્મનો બાધ થતો નથી, કારણ કે 'અન્તરંગ કાર્ય કરણ બહિરંગમસિદ્ધમ્' એ ન્યાયે ધર્મી એ અન્તરંગ છે અને ધર્મ એ બહિરંગ છે. તેથી જ શ્રીમદ્ વ્રજસિમન્તિનીઓએ આરંભે મર્યાદારૂપ ભગવદુપદેશને નહિ સ્વીકારી પુષ્ટિરૂપ ધર્મી ભજનનો જ આગ્રહ સેવતાં પછી પ્રભુએ પણ પુષ્ટિને અંગીકાર કરેલી દેખાય છે. એમ આ ગીતા શાસ્ત્રમાં પણ પ્રથમ

રૂા. ૧૦૧-૦૦ સોની કેશવલાલ મોનજીના સુપુત્ર મગનકુમારના લગ્ન
પ્રસંગે હ. કેશવલાલ મોનજી તથા ભગવાનજી મોનજી
ના જય શ્રી કૃષ્ણ

મર્યાદાનું પ્રભુએ નિરૂપણ કર્યું છે. કે 'યઃ શાસ્ત્રવિધિમૃત્સૃજ્ય વર્તતે કામકારતઃ। નસ સિદ્ધિ મવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્। તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્ય વ્યવસ્થિત તૌ જ્ઞાત્વા શાસ્ત્ર વિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ। (ગી. ૧૬–૨૩, ૨૪) આમ આ બે શ્લોકોમાં દૈવીજીવોને માટે શાસ્ત્ર વિહિત કાર્યોનો નિર્દેશ કર્યો અને તેનાથી જ તેઓને સુખ–સિદ્ધિ અને પ્રગતિની પ્રાપ્તિ બતાવી અર્જુન દૈવી છે તેથી 'ન હિન્સ્યાત્સર્વ ભૂતાનિ' વગેરે ધર્મ વાક્યોથી જ પૂર્વમાં પ્રથમાધ્યાયમાં તેની યુદ્ધ માટેની અનિચ્છા બતાવી છે. 'ધર્મે નષ્ટે કુલં નષ્ટં' વગેરે વાક્યોથી પણ પ્રભુએ ગીતા શાસ્ત્રનો ઉપદેશ આપતાં અન્તના આ બે શ્લોકમાં પૂર્વ કથનથી વિપરીત અર્જુનને આજ્ઞા આપી છે. તું મારી આજ્ઞાથી યુદ્ધ કર. તને શરણાગતિનું દાન કરું છું, ધર્મ વિરુદ્ધ કરણથી મારી આજ્ઞાનું ઉલ્લંઘનરૂપ દોષથી ઉત્પન્ન થતાં સર્વ પાપોથી તું જે ભયમાં છે તેનો શોક છોડ, હું ધર્મીનું શરણ સ્વીકારી ધર્મી આજ્ઞાપાલનરૂપ યુદ્ધ કર તને સર્વ પાપોથી હું મુક્ત કરીશ. તું ચિન્તા છોડી દે. આમ અર્જુનમાં રહેલા મર્યાદા ભાવનું ખંડન કરી પુષ્ટિમાં તેનો અંગીકાર કર્યો છે. એટલે જ એ સર્વ ગુહ્યતમ ઉપદેશ પૂર્વ કથિત સંસ્મૃત ગુરુરૂપથી વિશિષ્ટ પ્રકારનો છે અને તેથી જ આ શાસ્ત્રનું ઉપનિષત્ત્વ પણ કહેવામાં આવેલું છે.

આમ અન્ય જીવકૃત સ્મૃતિઓ કરતાં આ સ્મૃતિ શાસ્ત્રનું વૈશિષ્ટ્ય હોઈ તેમજ આનું વેદતુલ્યત્વ હોઇ તેમજ વેદ–વેદાન્તના અર્થોના ભયરૂપ પ્રકાશ કરનાર હોઇ સાક્ષાદ્ ભગવન્મુખ નિઃસૃત હોઈ બ્રહ્મવિચારમાં કિંવા તત્ત્વ નિર્ધારમાં આનો મહત્ત્વપૂર્ણ ઉપયોગ હોઈ આ શાસ્ત્ર પ્રમાણરૂપે સ્વીકારવામાં આવ્યું છે.

—ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

કૃપાપત્ર

[નિ. લી. પૂ. પા. ગો. શ્રી વ્રજનાથજીલાલજી મહારાજશ્રી (રાજકોટમાં બિરાજમાન પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના પિતાશ્રી) એ આપશ્રીના અંતરંગ સેવક ખડખંભાળીયાવાળા પ. ભ. શ્રી ચકુભાઈ રાજાભાઇ પટેલ ઉપર કૃપાપાત્ર લખેલ તે સૌ કોઇને માર્ગદર્શક હોઇ પ્રસ્તુત કરતાં આનંદ અનુભવીએ છીએ. –સંપાદક]

પ. ભ. ચકુભાઇ રાજા પટેલ
આશીર્વાદ

તમે મને શિક્ષાપાત્ર લખવાનું કહો છો, પણ તે કામ શ્રીહરિરાયજી મહાપ્રભુ જેવા સમર્થ મહાપુરુષ કરી શકે. મારા જેવાનું ગજું નહીં, છતાં તમારા અતિ આગ્રહથી બે શબ્દો લખું છું.

ઇશ્વર મેળવવા માટે યોગીઓ યોગ સાધે છે. તપસ્વીઓ તપ આચરે છે તોયે તેમને પ્રભુનો સાક્ષાત્કાર ભાગ્યે જ થાય છે. બહુ બહુ તો તેઓના હૃદયમાં પ્રભુ પધાર્યાનો આભાસ ભ્રમ થાય, તેઓ એટલાથી જ સંતોષ માની પોતાને સિદ્ધિ મલી ગઇ તેવું અભિમાન સેવે. પણ આપણા પરમ કૃપાળુ શ્રી વલ્લભાચાર્યજીનો સમગ્ર જીવો પર મહદ અનુગ્રહ છે.

પરાત્પર શ્રી કૃષ્ણને પોતાને વશ કરી લેવાનો; જેમ માતાપિતા પોતાના બાલકને પોતાને આધીન રાખે, ઉંચામાં ઉંચો ઉપાય દેખાડી આપે તેમાં બીજા કશાની જરૂર ન રહે, માત્ર ચોકખું અને પવિત્ર હૃદય જોઇએ. લૌકિક વિષયોથી રહિત બની શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદનો દઢ આશ્રય કેળવવો જોઇએ. આબાલવૃદ્ધ નરનારી પ્રતિ સદ્ભાવ, દીન દુઃખી અને અનાથજનની સહાયતા એટલું જ નહી પણ શ્રી કૃષ્ણનો અનન્ય ભાવ હોય તો તેવા જીવને પ્રભુ વશ થઇ રહે છે.

દુષ્ટતા, કપટતા, મિથ્યા આડંબર પ્રભુને પ્રિય નથી જેઓ પોતાને મહાન ભગવદીય ગણાવતા હોય પણ તેમનું એકેય લક્ષણ દેખાતું ન હોય. ભગવાનની જેમ પોતાને પુજાવતા હોય તેવા વંચકોથી સાવધ રહેવું. તેઓના પડછાયાથી જીવનો નાશ થાય.

કોઇની નિંદા ન કરવી જુઠું ન બોલવું. ખરાબ માણસોની સોબતથી, દુઃસંગથી સદા દૂર રહેવું. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા વિકારો હૃદયમાંથી નષ્ટ કરવા જોઇએ. તેવું વિશુદ્ધ હૃદય ભગવદ્ ભક્તિને યોગ્ય બની શકે છે. જીવ પાસે રૂપ, ઐશ્વર્ય વગેરે ન હોય તો વાંધો નથી, તેથી કાંઇ પ્રભુ પ્રસન્ન થતા નથી. પણ જીવ પાસે ચારિત્ર્યબલ ન હોય તો તેવાનું પ્રભુના દરબારમાં કયાંય સ્થાન નથી.

પ્રભુ પતિત પાવન, અધમ ઉદ્ધારક ખરા. પણ પ્રભુને શરણે આવી પોતાના પતિત આચરણો ન મૂકે તો પ્રભુ તે કદી ચલાવી ન લીએ. પતિતો પોતાના પાપકર્મ માટે પશ્ચાતાપ કરે અને પતિત કર્મ સદાને માટે મૂકી દીયે, તો જ પ્રભુની શરણાગતી મલે.

પ્રભુના નામનો મહિમા મોટો છે. અજામિલ જેવાઓના અનેક દાખલા આપણને પ્રભુ નામની મહત્તા દેખાડી આપે છે પ્રભુમાં જીવનો ઉદ્ધાર કરવાની અપૂર્વ શકિત રહેલી છે. જીવ અધમમાં અધમ ભયંકર દોષ કરે પણ પ્રભુ તેથી વિશેષ પતિત કર્મનો નાશ કરી શકે છે, એમ કહીયે તો કશો વાંધો નથી. જીવ એટલી દુષ્ટતા નથી કરી શકતો, પ્રભુ જેટલી ક્ષમા કરી શકે છે. જીવ પ્રભુને છેતરવાનો પ્રયત્ન કરે. પ્રભુ સમર્થ છે. આપણે ગમે તેવા કુકર્મ કરશું તો પણ પ્રભુ ક્ષમા કરશે, એવું સમજે તો એવા જીવ ભીંત ભૂલી ગયા છે. પ્રભુના દરબારમાં એવી પોલ કેમ ચાલે. જીવે તો સાવધાન રહી પોતે દાસ તરીકેનું કર્તવ્ય બજાવતા રહેવું જોઇએ. તેમાં જાણી જોઇને જરાપણ ભૂલ કરે તો પ્રભુ તેવા જીવનો શીઘ્ર ત્યાગ કરી દીએ અને તેવા જીવ પછી કદી પણ પ્રભુને મેળવી શકે નહિ.

જીવ જયારે ભવાટવિમાં ભૂલો પડે ત્યારે અંધકાર સિવાય કશું ન સુઝે, ત્યારે તે ભોમિયાની શોધ કરે જેને આપણે ગુરુ કરીએ તેમાં ભૂલ કરી અયોગ્ય વ્યકિતને બાહોશ માની વળગી રહીયે તો તેમાં તેને કશો ફાયદો ન થાય. તેને ચોકકસ માર્ગ ન મલે. પ્રકાશનું એકેય કિરણ તે જોઇ શકે નહિ, માટે તેવું પગલું ભરવા બહુ સાવધ રહેવું.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કૃપાળુ, કોઇ પણ પ્રાણીનો દ્રોહ નહિ કરનાર, ક્ષમાવાળો, સત્યરૂપ બલવાળો, ઇર્ષ્યાદિકથી રહિત, સુખદુઃખમાં સમાન, યથાશકિત સર્વનો ઉપકાર કરનાર, વિષયોમાંથી નહિ ક્ષોભ પામતા મનવાળો, ઇન્દ્રિયઓને જીતનાર, કોમલ ચિત્તવાળો, સારો આચાર પાળનાર, દ્રવ્યમાં આસકિત નહિ રાખનાર, આલોકના સુખને માટે કશી ક્રિયા નહિ કરનાર, થોડું જમનાર, શાંત, સ્વધર્મમાં સ્થિર, ભગવાનના જ આશ્રયથી રહેનાર, મનન કરનાર, સાવધાન, નિર્વિકાર, કષ્ટના સમયમાં પણ ધૈર્ય રાખનાર, ક્ષુધા, તૃષા, શોક, મોહ, જશ તથા મૃત્યુએ જીતનાર, માનની ઇચ્છા નહિ ધરાવનાર, બીજાઓને માન આપનાર, બીજાને જ્ઞાન દેવામાં ચતુર, સર્વનો મિત્ર કરૂણાથી જ સઘળી પ્રવૃત્તિ કરનાર અને સારી રીતના જ્ઞાનવાળો જે હોય તે સત્પુરુષ કહેવાય છે તેથી કરીને ઉત્તમ કલ્યાણના જીજ્ઞાસુએ, વેદમાં પહોંચેલો હોવાથી સંશય મટાડનાર અને પરબ્રહ્મમાં અપરોક્ષ અનુભવથી પહોંચેલો હોવાથી શિષ્યો ઉપર પોતાના બોધની સચોટ છાપ બેસાડનાર અને પરમ શાંતિવાળા ગુરુને શરણે જવું.

ઘેર સુંદર સ્વરૂપ પધરાવી વસ્ત્ર અલંકારોથી સ્વરૂપાત્મક ગણી પૂજા સેવા કરવી. ભગવદ્ સ્મરણ કરતાં રહેવું. જો કદી વંચક આપણો ગુરુ થઈ ગયો તો ઉદ્ધારના બદલે

સર્વનાશ કરી નાખે. હૃદયમાં રહેલા ભગવદ્ ભાવનો નાશ કરી આપણને પ્રભુથી બહુ દૂર ફેંકી દે.

આપણે જ્યારે દોષથી ભરેલા હોઇએ ત્યારે બીજાના ગુણ જોઈ શકીએ નહિ. ગુરુ કરવાની જરૂર ઉભી થાય ત્યારે ગુરુ કેવા કરવા તે ઉપર ખુલાસો લખાયેલ છે. સ્વયં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વ્યર્થ કોઇના ગુણદોષ ન જોવા, પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો. સતત પોતામાં રહેલી ખામીનો વિચાર કરતા રહી તેને દૂર કરવા પ્રયત્નશીલ રહેવું.

કોઈ પણ દુષ્ટ જીવ ગમે તેવી આફતમાં સપડાયો હોય, આપણે તેને સહાયતા કરી શકતા હોઇએ તો જરૂર કરવી, એ આપણી ફરજ સમજવી. પુષ્ટિમાર્ગનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે. તેને સમજવું બચ્ચાના ખેલ નથી. તે રહસ્યને સમજવા આપણે તેને યોગ્ય બનવું જરૂરી છે. શ્રીમહાપ્રભુજીએ તે માટે શરણ અને આત્મ-નિવેદન જેવા સર્વોત્તમ માર્ગ જીવોને બતાવ્યા છે. જ્યાં સુધી જીવ સંસારથી મુક્તિ ન મેળવે ત્યાં સુધી તે કશું કરી શકે નહિ. બ્રહ્મસંબંધ દ્વારા જ જીવનો સંસાર છૂટે અને તે ભગવદ્ સેવા કરવા યોગ્ય બને. અન્યાશ્રય અસમર્પિત વસ્તુનો, ત્યાગ, અહોર્નશ પ્રભુના સુખના જ વિચાર એજ તેનું કર્તવ્ય થઇ પડે. અભિમાનથી દૂર રહી દીનતાપૂર્વક પ્રભુની સેવા કરવાથી, ચાર પુરૂષાર્થ સધાય જાય છે.

આ પ્રકારે સાવધાનીપૂર્વક જીવ પોતાનું કર્તવ્ય બજાવતો રહે ત્યારે પ્રભુ પોતાની પ્રસન્નતાથી જીવ પર કૃપાનંદ વરસાવે અને ત્યારે જ એવા ભાગ્યશાળી જીવ વિશુદ્ધ પુષ્ટિમાર્ગનું મર્મ સમજી શકે.

પુષ્ટિમાર્ગમાં કામુકતા, લંપટતા, વૈભવતા, ધુર્તતાને ક્યાંય સ્થાન નથી. તેવા જીવો માટે પ્રભુના કૃપામાર્ગના દ્વાર સદા બંધ રહે છે.

વધુ શું લખું, તમે વધુ સત્સંગ, ભગવદ્ નામ લેતા રહો. દુઃસંગ જેવા સાધનોથી બચતા રહી રસનો અનુભવ કરી પ્રભુ તમને તેમ કરવાનું સામર્થ્ય આપે તેવા આશીર્વાદ સાથે આ પત્ર પૂરો કરૂં છું વિશેષ બીજી કોઇવાર.

પારલા તા. ૧૮-૧-૪૮ **લી. ગો. શ્રી વ્રજનાથલાલ શર્મા**

પ્રેષક :- નિ. લી. પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી
મહારાજશ્રીના સેવક પ. ભ. શ્રી વ્રજલાલ
પરસોતમ સોની, **જામનગર.**

॥ શ્રીકૃષ્ણઃ ॥

છઠ્ઠી પૂજન

ચિત્રની અનુકૃતિ અને લેખ **શ્રી ગોકુલેન્દ્ર શર્મા, મુંબઈ**

[આ છઠ્ઠી (વિધાતા) દેવી સંબંમાં જુદા જુદા પ્રાંતોની જુદી જુદી માન્યતાઓ છે. ઘણી જગ્યાએ તો એ બાળકોના અંશુભને મટાડનારી માનીને પૂજા થાય છે. એવી પણ માન્યતા છે કે ભાગ્ય વિધાતા છઠ્ઠીને દિવસે રાત્રે આવીને બાળકની જીંદગીના શુભઅશુભ લેખ લખી જાય છે. ભાગ્ય વિધાતા બાળકના ભાગ્યને સારૂં લખી જાય તે માટે પૂજન કરે છે. પરંતુ તેનો પ્રચાર કોઇને કોઈ રૂપમાં સર્વત્ર છે.

એ રીતે શ્રી યશોદાજીએ પણ શ્રી ઠાકોરજીના પોતાના કનૈયાના કલ્યાણ માટે છઠ્ઠી પૂજન કરેલ છે. શ્રીકૃષ્ણનો જન્મ શ્રાવણ વદ ૮ના રોજ થયો અને છઠ્ઠી પૂજન શ્રાવણ વદિ ૭ના રોજ કરવામાં આવે છે. તે સંબંધમાં ભગવદીઓ દ્વારા જાણવા મલ્યું છે કે શ્રીઠાકોરજીના જન્મનો આનંદ મહોત્સવ એક વરસ સુધી ચાલ્યા કર્યો હતો અને એ આનંદમાં વ્રજવાસીઓ છઠ્ઠીનો દિવસ ભૂલી ગયા અને જ્યારે વરસ બાદ શ્રાવણ વદ ૭ આવી અને કાલે એટલે કે શ્રાવણ વદિ ૮ ના રોજ શ્રી ઠાકોરજીની વરસગાંઠ છે, તેમ યાદ આવતાં શ્રાવણ વદિ ૭ ના રોજ શ્રીયશોદાજીએ છઠ્ઠી પૂજન કર્યું અને ત્યારથી દર વર્ષે શ્રાવણ વદિ ૭ ના રોજ છઠ્ઠી પૂજન કરવામાં આવે છે.

આ છઠ્ઠીના પૂજન માટે ના ચિત્રની અનુકૃતિ અને લેખ જન્માષ્ટમી પર પ્રકાશન કરવા માટે શ્રીગોકુલેન્દ્ર શર્માજીએ મોકલાવેલ છે તે પ્રસ્તુત કરતાં આનંદ અનુભવીએ છીએ.

—વ્રતોત્સવાવલી ભાગ પહેલામાંથી સાભાર]



રાગ—સારંગ

મંગલ ઘોસ છઠીકો આયો,
આનંદે વ્રજરાજ યશોદા,
મનહું અધન ધન પાયો. ૧

કુંવર ન્હવાઇ યશોદારાની,
કુલ દેવી કે પાસ પરાયો,
બહુ પ્રકાર વિંજન ધરિ આગે,
સબ વિધિ ભલો મનાયો. ૨

સબ વ્રજનારી વધાવન આઈ,
સુત કો તિલક બનાયો,
જય જય કાર હોત્ ગોકુલમેં,
'પરમાનંદ' જસ ગાયો. ૩

પુષ્ટિ માર્ગમાં પુત્ર જન્મના દિવસનું જેટલું મહત્વ છે તેના કરતાં વધુ મહત્વ એના છઠા દિવસનું છે. જે દિવસે પુત્રના પ્રતિક રૂપમાં છઠ્ઠીનું પૂજન થાય છે, એજ દિવસે બન્ધુ બાન્ધવો સહિત ઉત્સાહ પુર્વક મનાવવામાં આવે છે. એજ દિવસે જન્મ પત્રિનું પણ પુજન કરી રાશિ પ્રમાણે નામ સંસ્કરણ કરવામાં આવે છે. એટલે કે પુત્રના સંસ્કારનો દિવસ આજ હોવાથી એનું મહત્ત્વ વધી જાય છે.

શ્રીકૃષ્ણના જન્મ નિમિત્તે જન્માષ્ટમીના અવરસર પર બધાં જ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં છઠ્ઠી માંડવાની અને પૂજવાની પ્રથા પરંપરાગત્ ચાલી આવે છે.

છઠ્ઠી, ચૌક અને આરતિની થાળી વગેરે અધિકાંશ ગોસ્વામી બાળકોના વહુજી-બેટીજીઓ માંડીને તૈયાર કરે છે, જેમાં બીજાઓ પણ મદદ કરે છે. છઠ્ઠી માંડવાની કળા બહુ જ ઓછા લોકો જાણે છે.

ગોબર અને ચોવાથી ભીંત પર લીંપી પોતીને ગહરા રંગના બેકગ્રાઉન્ડ ઉપર ચોખાનો લોટ, હળદર, કંકુ, ગુલાલ, ઈત્યાદિ અવયવોથી સફેદ અને પીળા રંગની વિવિધ વસ્તુઓ દોરી અંદર રંગ પુરવામાં આવે છે.

છઠ્ઠી માંડવામાં મુખ્ય ઉપર ઓઢણી, વચ્ચે અષ્ટદળ કમળ અને નીચે ચૌક આ વિશેષ મહત્ત્વના હોય છે. અન્ય વસ્તુઓમાં સૂર્ય, ચંદ્ર, સ્વસ્તિક, કંકુથી હાથના થાપા, પાલના, ઝબલા, ટોપી, રકમડાં શૃંગારનો સામાન, ગોરસના માટલાઓ, મથની, રવાઇ, પોપટ, મોર, હાથી ઘોડો, સંગીતના વાજિંત્રો અને બીજી ઘણી નવજાત શિશુ અને એની માતાને લગતી સામગ્રી દોરવામાં આવે છે. પછી એની વિધિવત્ પુજા કરવામાં આવે છે.

('સાંજે શયન ભોગમાં છઠ્ઠીનો ભોગ આવે. તેમાં દૂધ, શીરો, પુરી, સુતરફેણી, એક બાજુ પાચેલાં ખાજાં, કેસરીયા ઘેબર, ઘીમાં સાંતરેલો સુંઠનો ભૂકો, શાક, ભુજાનાં, સંધાનાં, મુરબ્બો, લુણ-મરી-બુરાની કટોરીઓ અને અધોટા દૂધ ધરવાં. આ ભોગ સર્યા પછી, પ્રસાદી છઠ્ઠીને ધરાય."

-વર્ષોત્સવનો સેવા પ્રકાર)

હું તો જાઉં વારી ઝારીજી

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

શ્રી વિઠ્ઠલેશકૃપા :-

બ્રાહ્મણદંપતી કેશવદાસ અને કલાવતી ગુજરાતથી કાશી આવ્યા'તા તો શ્રી વિશ્વેશ્વર મહાદેવના દર્શન કરવા પરંતુ કાશીમાં શાસ્ત્રાર્થ માટે પધારેલા મહાન પુષ્ટિમાર્ગાચાર્ય શ્રી વિઠ્ઠલેશજીમાં સાક્ષાત શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન કરી તેમના શરણે આવ્યા અંતર્યામી શ્રી ગુસાંઇજીએ લીલાના આ બંને જીવોને ઓળખી તેમને પ્રેમપૂર્વક નામનિવેદન કરાવ્યું અને 'સેવાફલ' ગ્રંથની ભાવભરી સમજણ આપી તેમને લાલનનું અતિ કમનીય સ્વરુપ પધરાવી આપ્યું. ભકિત સભર હૈયે તેઓ પોતાના વતન પાછા ફર્યા.

સેવામાં બાધા

વતનમાં આવી પતિ–પત્ની ભકિતભાવ પૂર્વક લાલનની સેવામાં ઓતપ્રોત રહેવા લાગ્યા. ધાર્મિક ગ્રંથોના અભ્યાસથી કેશવદાસ માર્ગના સિદ્ધાંતોને આત્મસાત કરી પુષ્ટિમય બનતા ગયા. કલાવતી પણ એકનિષ્ઠપણે પ્રભુ સેવામાં સહયોગ આપતી રહી.

એક દિવસ ગામના એક ધનાઢ્ય વૈષ્ણવને ઘેર શ્રી ઠાકુરજીની સેવાનો ઠાઠમાઠ જોઇ અંજાઇ ગયેલી કલાવતીના મનમાં અસંતોષ જાગ્યો. "સાધનસામગ્રી વિનાની અમારી ક્ષુદ્ર સેવાથી શ્રીહરિ કયાંથી પ્રસન્ન થાય ?' એવો ઊણો ભાવ તેના મનમાં પ્રવેશ્યો.

સાંજે કેશવદાસ ઘેર આવ્યા ત્યારે ઘરમાં અંધારું હતું. પત્ની સૂતેલી હતી અને પ્રભુ સેવાની કોઇ તૈયારી જોવામાં ન આવી ચાર પાંચ વાર પૂછ્યું ત્યારે અંતે પત્નીએ રીસ ભર્યા અવાજે કહ્યું, 'મારી તબિયત સારી નથી, તમે જાતે સેવા કરી લો.

કંઇ નહીં બોલતાં કેશવદાસે ત્વરાથી નાહી, શ્રીજીની ભાવપૂર્વક સેવા કરી ભોગ ધરી તેમને પોઢાડયા. પછી પૂછપરછ કરતાં કલાવતી પાસેથી તેમને વસ્તુસ્થિતિ જાણવા મળી,

પ્રભુ સેવા પરાયણ રહેતી પત્નીમાં ધન વૈભવ જોઇ ઉત્પન્ન થયેલ દ્રવ્ય લાલસાથી ભગવદ્‌સેવામાં બાધા આવી એ જાણી કેશવદાસ ખિન્ન થયા. સામાન્ય સ્ત્રી સ્વભાવવશ થઈ જતાં તેનામાં સાચા જ્ઞાનના અભાવે દેખાદેખીની વિપરીત અસર થઈ છે એવું તે સમજી શકયા છતાં નિરાશ ન થયા. તેમને 'નવરત્ન'ના શ્લોકનું સ્મરણ થયું.

"ગુર્વાજ્ઞાકૃત સેવામાં જો હો બાધા હરીચ્છયા
ચિત્ત સેવારત ત્યારે રાખી રે'વું નચિંત તો"

તેમને શ્રધ્ધા હતી કે સન્મતિપ્રેરક શ્રી ઠાકુરજી પોતાની પત્નીના હૃદયમાં સમજણ પૂર્વકની આસ્થા ફરીથી દૃઢીભૂત કરશે. 'હરિઃ શુભં કરિષ્યતિ' એવું વિચારી શ્રીહરિ

પર બધું છોડી નચિંત મનથી તે સૂઇ ગયા.

સાચું ઐશ્વર્ય

બીજે દિવસે વહેલી સવારે ઊઠી પ્રાતઃ કર્મથી નિવૃત્ત થઈ પત્નીને સાથે લઇ કેશવદાસ સવારની સ્વચ્છ, તાજગીભરી હવા લેવા ફરવા નીકળી પડયા. વળતાં માટી લાવવા ટોપલી અને કોદાળી પણ સાથે લઈ લીધાં.

ગામ બહાર એક એકાંત સ્થાનમાં આવી પહોંચ્યા ત્યારે કેશવદાસે એક ઊંચા વૃક્ષ તરફ પત્નીનું ધ્યાન દોર્યું અને તેને તે વૃક્ષ નીચેની જગાએ ખોદવાનું કહ્યું થોડી વાર ખોદ્યા પછી તેમને એ જગાએથી સોનામહોરોથી છલોછલ એક ચરુ મળી આવ્યો કલાવતીની ઉદાસીનતા ઊડી ગઇ. આ ધન ભંડારથી હવે તે પણ વૈભવી સેવા ઠાઠમાઠથી કરી શકશે એ વિચારે તેનું મન આનંદથી નાચી ઊઠયું

પરંતુ ચરુમાંથી સોનામોહોરો લેવા જતાં કલાવતીનો હાથ અધ્ધર સ્થંભી ગયો. વૃક્ષ પરથી આવતો ગેબી અવાજ સંભળાયો. ‘સબૂર બદલામાં કંઇ પણ આપ્યા વિના મફતમાં ધન લેવું છે ?’

અતિ વિસ્મય પામી કલાવતીએ કહ્યું, ‘હે અદષ્ટ આત્મા, મારા જેવી એક નિષ્કિંચન નારી પાસે કોઇને આપવા જેવું તો શું હોઇ શકે ?’

રહસ્યમયી વાણીએ કહ્યું, તું એક પરમ ઐશ્વર્યવતી ભગવદીયા નારી થઇ આવી કંજુસ વાણી બોલે છે ?’

કલાવતીએ વધુ આશ્ચર્યચકિત બની કહયુ હું ઐશ્વર્યવતી ? નહીં, નહીં, મારી પાસે તો કાણી કોડીયે નથી.

ગેબી વાણી ફરી બોલી ઊઠી હે ભગવતી શ્રીઠાકુરજીની સેવામાં અત્યાર સુધી તેં કેટલાં બધાં ઝ.રીજી ભરેલાં છે તે તું ભૂલી ગઈ? તેનુ અપાર ફળ–દૈવી ઐશ્વર્ય તારી પાસે સંચિત થયેલું છે. એમાંથી બસ એક જ ઝારીજીનું ફળ તું મને આપી દે અને બદલામાં આ તમામ સોનામહોરો તું ખુશીથી લઇ લે.

આ સાંભળી કલાવતીના અજ્ઞાનરૂપી અંધકારમય હૃદયમાં અચાનક જ્ઞાનરૂપી વીજળીનો જાણે ઝબકારો થયો ‘એક ઝારીજીનું ફળ આ અઢળક સોનામહોરોથી પણ વધુ !! યમુનામૈયાની મારા પર આટલી બધી કૃપા !! ‘ઓ પ્રભુ ! ખોટા ઐશ્વર્ય પ્રતિ લોભાઈ મેં નગુણીએ તારી સેવાની ઉપેક્ષા કરી !’ તેનું મન પશ્ચતાપથી ભરાઇ ગયું.

તે બોલી ઊઠી ‘હે રહસ્યમય આત્મા, મારે આ સોનામહોરો ન જોઇએ ઝારીજીની કૃપાથી પ્રાપ્ત થયેલ દૈવી ઐશ્વર્યનો સોદો કથીર સમાન સોનામહોરો જેવા ખોટા ઐશ્વર્ય સાટે ન થાય ભાવનો જુવાળ આવવાથી આપો આપ તેનાથી બોલાઇ ગયું.

‘હું તો જાઉં વારી ઝારીજી
પરમ સુખકારીજી’

ધનવૈભની લાલસાથી વિચલિત બનેલી પત્નીમાં ફરીથી આટલી ત્વરાથી ઇશ્વરમાં આસ્થા સ્થપાઇ તે માટે કેશવદાસ મનોમન

પ્રભુને પ્રણમી રહ્યા, કલાવતીના મનનો મોહ નાશ કરી ફરીથી તેનામાં પ્રભુપ્રીતિ પ્રેરવા માટે અને શ્રદ્ધાવાન બનાવવા માટે સકલ સિદ્ધિદાત્રી શ્રી યમુના મૈયાને તે મનમાં અત્યંત ભાવપૂર્વક વંદી રહ્યા.

કલાવતીની આંખોમાં પરમસુખની ઝલક જોઇ અને તેના ભકિતભાવ ભર્યાં બોલ સાંભળી હર્ષાન્વિત થઇ તેમણે કહ્યું, 'કલાવતી ઝારીજી ભરવાથી શ્રી યમુનામા આપણને સાચું ઐશ્વર્ય પ્રાપ્ત કરાવે છે તેનું ફળ અનેક સોમયજ્ઞોથી પણ વિશેષ છે. ઝારીજી ભરીને કરેલી ભગવદ્‌સેવા પાસે ધનવૈભવના મિથ્યાભિમાનથી કરેલી સેવાનું ફળ કોઇ વિસાતમાં નથી. બંને પ્રકારની સેવામાં આસમાન જમીનનું અંતર છે. ખોટા ઐશ્વર્ય પ્રત્યે ઉત્પન્ન થયેલ તારો મોહ નાશ પામ્યો. પ્રભુ સેવામાં અને ઝારીજીમાં ફરી તારો ભાવ સંધાયો. એ બતાવે છે કે આપણા પર શ્રી યમુનામૈયા અને શ્રીનાથજીબાવાની અનહદ કૃપા છે.'

કલાવતીએ પતિને કહ્યું, 'મારે આવા ખોટા ધનને શું કરવું છે ? મને હવે એની લાલસા રહી નથી. હવે તો હું ભલી, મારાં ઝારીજી ભલાં અને શ્રી ઠાકુરજી ભલા આજ પછી કોઇ અન્ય વસ્તુની કામના નહીં પરંતુ ભગવદ્‌સેવા એજ મારું પરમ ધન બની રહેશે. હવે મોડું ન કરો, ચાલો ઘેર આપણને શ્રીઠાકુરજીની સેવામાં વિલંબ થશે.'

બંને ભકિતભાવસભર હૈયે ઘેર પાછા વળ્યા.

જગતમાં સાચુ સુખ શ્રીજીશરણમાં છે એ તથ્ય સમજી લઇ કેશવદાસ અને કલાવતી બધી કામનાઓનો ત્યાગ કરી શ્રીઠાકુરજીની ઝારીજી યુકત સેવા ભકિતમાં લીન બની પોતાનું જીવન પરમ આનંદથી નિર્ગમન કરવા લાગ્યા.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૧૪ મું

પ્રાણપાત વિહરત શ્રી યમુનાજી કૂલે,
લુબ્ધ મકરંદકે, ભ્રમર જયોં બસ ભયે;
રવિ ઉદય દેખી માનો કમલ ફુલે. ૧
કરત ગુંજાર મુરલીજુ લે સાંવરો,
સુનત વ્રજવધુ તન સુધ જુ ભૂલે.
'ચત્રભુજ'દાસ યમુને પ્રેમ સિંધુમેં,
લાલ ગિરિધરનવર હરખિ ઝૂલેં. ૨

અર્થ :- પ્રાણપતિ શ્રીનાથજી શ્રીયમુનાજીના તટ ઉપર અહર્નિશ લીલા–વિહાર કરતા રહે છે. સૂર્યોદય થવાથી જેમ કમળ ખીલે છે ત્યારે એના મકરંદમાં ભ્રમર લુબ્ધ બની જાય છે તેવી જ રીતે શ્રી ઠાકોરજીના દર્શન કરીને શ્રી યમુનાજીનું હ્રદય–કમળ પ્રફુલ્લીત બની જાય છે. આવા પ્રસન્ન વદન-કમળયુકત શ્રી યમુનાજીના સ્નેહ પરાગમાં શ્રી ઠાકોરજી પણ મગ્ન બને છે. ૧

ત્યાર પછી તો શ્રી ઠાકોરજી યમુના તટ પર (લલિત ત્રિભંગી અદાથી) બિરાજી બંસી-વાદન કરે છે તે શ્રવણ કરીને સમસ્ત વ્રજ સુંદરીયો પોતાના તન-મનની સુધી ભૂલી જઇને શ્રી ઠાકોરજીની સમિપ પહોંચી જાય છે. ત્યાં રાસ વગેરે લીલાઓ પછી શ્રમ નિવારણ અર્થે શ્રી ઠાકોરજી સહિત વ્રજ ભકતો યમુનાજલરૂપી પ્રેમસિંધુમાં ક્રિડા કરવા પધારે છે. ૨

વિવેચન :- શ્રી ઠાકોરજીની વિવિધ પ્રકારની લીલાઓમાં ઉપયોગી એવું સમગ્ર સાહિત્ય શ્રી યમુનાજી દ્વારા પ્રસ્તુત થયું છે. જેવું કે- વિવિધ પ્રકારના પુષ્પાદિકોથી મધમધતી નિકુંજો, શુક, મયૂર, હંસ, કોકિલા, ભ્રમર વગેરેના સુમધુર સંગીતમય ગુંજારવ, વૃક્ષ-લતાઓ, અનેક પ્રકારના મૃગ વગેરેથી શોભાયમાન દુર્વાદલ અને પુષ્પસમૂહોથી શોભાયમાન ભૂમિ અને તેની સમિપ યમુનાતટ પર રત્ન સમાન ચકચકિત રેતી વગેરે શ્રીયમુનાજી દ્વારા નિત્ય સિદ્ધ થતા રહે છે. એથી શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને 'શૃંગાર-પ્રકરા' શૃંગાર સામગ્રીથી સમર્થ કહીને બિરદાવ્યા છે.

શ્રીયમુનાજીએ આવી નિષ્કામ સેવાથી શ્રીઠાકોરજીને વશમાં કરી લીધા છે. શ્રીઠાકોરજી શ્રીયમુનાજીના સ્નેહને અધિન બની યમુના તટ પર પધારી વેણુવાદન કરી વ્રજભકતોનું આકર્ષણ કરી ભકતોને સુખ આપે છે તે સમયે શ્રીઠાકોરજી તથા શ્રીયમુનાજી પરસ્પરના સ્વરૂપમાં આસકત બની ભ્રમર-કમળવત્ લુબ્ધ બની જાય છે. જાણે સ્નેહરૂપી ઝૂલામાં ઝૂલી રહ્યા ના હોય !

શ્રીઠાકોરજી વેણુ-વાદન કરે છે. વેણુ 'બ્રહ્મનાદ'ની જનનિ છે. એ નાદબ્રહ્મમાંથી વેદો પ્રગટ થયા છે. એવી ભાવના છે.

મુરલી મહારાણીજી છે. પ્રભુને પરમપ્રિય મુરલીના નાદથી પ્રભુ ગાયોને બોલાવે છે. વ્રજભકતોનું આકર્ષણ કરે છે. પ્રભુએ એને કેવું સૌભાગ્ય આપ્યું છે કે એનું મહારાણી પદ પણ સાર્થક છે. એને બિરાજવા માટે શ્રીઠાકોરજીની સુકોમળ શ્રીહસ્તની હથેળી ગાદીરૂપ છે. અધર ઓષ્ટ તકીયો છે. પ્રભુના બન્ને કુંડળો પંખા છે. પ્રભુનું ચિબુક મુરલી મહારાણીનું છત્ર છે.

નિકુંજ નાયકના મુખારવિંદ પર લાડથી બિરાજતા મુરલી મહારાણીને આરોગવાની સામગ્રી પણ શ્રીકૃષ્ણાધરામૃત છે. આવું સૌભાગ્ય માત્ર શ્રી યશોદાજી અને શ્રી ગોપીજનો સિવાય અન્ય કોઇનું પણ નથી.

શ્રી ઠાકોરજીના હસ્તકમળમાં બિરાજતા મુરલી મહારાણીમાંથી જ્યારે સુમધુર નાદ પ્રગટ થાય છે ત્યારે જડ ચૈતન્ય અને ચૈતન્ય જડ બની જાય છે. ચૌદ બ્રહ્માંડ જેના શ્રવણ માત્રથી પ્રભાવિત બની જાય છે. છેવટ તો આપ મુરલી મનોહરના મહારાણી છે ને ! મધુરાધિપતિનું સર્વ-સર્વત્ર મધુર હોય છે ને !

વેણુના છીદ્રો સાત છે. વ્રજભકતોના ચાર યુથો છે. તેમાંથી ત્રણ યુથના સંયોગ અને વિપ્રયોગ મળી છ રસો થયા, તેની સાથે નિર્ગુણ સ્વરૂપ શ્રી યમુનાજીનો સંયોગ રસ મળતાં સાત રસ જે વેણુનાદમાંથી પ્રગટ થયા છે એવી ભકતોની ભાવના છે.

વધુ માટે જુઓ પાનું ૨૨

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
(લેખાંક ૩૧ મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

મંગલાચરણ અને ઉપોદ્ઘાત

[શ્રીમદ્ ભગવદ્ ગીતા–અમૃતતરંગિણી ટીકાનું ગુજરાતી ભાષાંતર 'વલ્લભ સુધા'ના અંકોમાં નિયમિત અપાતું રહયું છે. પુષ્ટિ સંપ્રદાયમાં અતિ અમૂલ્ય એવી આ ગીતાજી ઉપરની અમૃત તરંગિણી ટીકા છે. તેનું વાચન અને મનન પુષ્ટિજનોને અલૌકિક આનંદ સાથે પુષ્ટિ સંપ્રદાયનું ઉચ્ચ કોટિનું જ્ઞાન આપશે, એ નિઃસંશય છે.

દરેક ગ્રંથમાં મંગલાચરણ અને ઉપોદ્ઘાત સમગ્ર ગ્રંથના હાર્દરૂપે લખાયેલાં હોય છે; કારણ કે તેના વાચન અને મનનથી તે ગ્રંથને સમજવામાં ઘણી સરળતા થઈ જાય છે. આથી મંગલાચરણ અને ઉપોદ્ઘાતનું ભાષાંતર પ્રારંભે આપવું અતિ જરૂરી હતું, જે આપી શકાયું ન હોવાથી 'જન્માષ્ટમી'ના પ્રારંભ થતા આહલાદક દિવસોમાં ગીતાજી વિષે દેવવાણી રૂપે સૌને વાંચવા મળે એ હેતુથી જન્માષ્ટમીના મહાપર્વ ઉપર આપવાનું હિતાવહ ધાર્યું છે. આ અંક વાચકોને હસ્તગત થશે ત્યારે જન્માષ્ટમીનો મંગલપ્રદ દિવસ નજીકમાં હશે. જન્માષ્ટમીના દિવસોમાં અતિ આનંદ અને ઉલ્લાસથી આવાં દિવ્ય મધુર વચનોનું વાચન પુષ્ટિજનોને પ્રેરણાઓ આપે એ જ અભ્યર્થના! – અનુવાદક]

મંગલાચરણ

જેમના નામનું માત્ર સ્મરણ કરવાથી બધા જ કલેશોનો તરત જ પૂર્ણપણે નાશ થઈ જાય છે. તેવા શ્રીકૃષ્ણને હું નમન કરું છું. ॥૧॥

એવા શ્રીકૃષ્ણની કૃપાદૃષ્ટિથી ભીંજાયેલા, સ્નેહરૂપી નવનવી કૂંપળોથી યુકત અને ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણને જેમણે સદાય પ્રસન્ન રાખ્યા છે એવા શ્રીવલ્લભને હું શરણે જાઉં છું. ॥૨॥

શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણકમળની કૃપારૂપી મધથી ભરપૂર, ભકિતમાર્ગને અનુરૂપ, શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપર હું (શ્રીપુરુષોત્તમજી) વિવરણ કરું છું. ॥૩॥

ઉપોદ્ઘાત

આ વિષયમાં, ગીતાશાસ્ત્ર શા માટે શ્રેષ્ઠ છે, તે પહેલાં વિચારાય છે. તેમાં શ્રી શંકરાચાર્યનું કથન એમ છે કે,

તે શ્રી ભગવાને આ જગતની રચના કરીને, તેની સ્થિરતા માટે 'પ્રવૃત્તિ લક્ષણવાળો ધર્મ' અને આત્યંતિક શ્રેયને માટે નિવૃત્તિ લક્ષણવાળો ધર્મ ગ્રહણ કરાવ્યો. અને પછી,

આજના સમયમાં કલિયુગના લાક્ષણિક ગુણોથી ધર્મ ઘેરાઈ જતાં, તેની રક્ષાને માટે તે આદિકર્તા, નારાયણ નામધારી શ્રી વિષ્ણુ ભિન્ન સ્વરૂપે જ વસુદેવથી દેવકીજીમાં પ્રાકટયને પામ્યા.

તે જ ભગવાન જ્ઞાન, ઐશ્વર્ય, શકિત, બલ, વીર્ય અને તેજ એ ષડગુણોથી સદાય

પરિપૂર્ણ અને પ્રકૃતિને એટલે કે ત્રિગુણાત્મિકા માયાને વશ કરીને, અજન્મા, ભૂતમાત્રના ઇશ્વર, નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવવાળા હોવા છતાંય માયાથી દેહધારી થયેલા અને જીવની જેમ જન્મ્યા હોય તેવા, લોકો ઉપર અનુગ્રહ કરતા દેખાય છે.

તે ભગવાનને પોતાને કોઇ પણ પ્રયોજન ન હોવા છતાં, પ્રાણી માત્ર ઉપર અનુગ્રહ કરવાની, ઇચ્છાથી શોક અને મોહરૂપી મહાસાગરમાં ડૂબેલા અર્જુનને (પ્રવૃતિ લક્ષણવાળા અને નિવૃત્તિ લક્ષણવાળા) બંને પ્રકારના વૈદિક ધર્મનો નિઃસંદેહ રીતે ઉપદેશ કર્યો.

એવા ઉપદેશવાળા આ ગીતા શાસ્ત્રનું પ્રયોજન શું છે. ? ટૂંકમાં કહીએ તો ‘ પરમ કલ્યાણ ’ એ જ એનો હેતુ છે. એવા હેતુવાળા તે શાસ્ત્રનું લક્ષણ શું છે? ‘ સંસારમાંથી આત્યંતિક નિવૃત્તિ ’ એ એની વિશિષ્ટતા છે.

સંસારમાંથી આત્યંતિક નિવૃતિ તરત જ થઇ જતી નથી, પરંતુ કામ્ય કર્મના ત્યાગપૂર્વક પરમેશ્વરાર્પણ બુદ્ધિથી આચરેલા ધર્મથી અને ઘણા જન્મો સુધી તેમાં રત રહેવાથી ક્રમશઃ નિવૃતિને પામી શકાય છે. સર્વ કર્મોનો ત્યાગપૂર્વક પરમેશ્વરાર્પણ બુદ્ધિથી આચરેલા ધર્મથી અને ઘણા જન્મો સુધી તેમાં રત રહેવાથી ક્રમશઃ નિવૃત્તિને પામી શકાય છે. સર્વે કર્મોના ત્યાગપૂર્વક, આત્મજ્ઞાનમાં નિષ્ઠાવાળા ધર્મથી સંસારમાંથી નિવૃત્તિ સત્વરે પામી શકાય છે. એ બે પ્રકારનું ધર્મનું સાધન આત્યંતિક શ્રેયના હેતુરૂપ છે.

વાસુદેવ નામે સર્વોતમ તત્વને પરબ્રહ્મ કહેવા યોગ્ય છે. સાધવા યોગ્ય તે પરમ તત્વને ઉત્કૃષ્ટ રીતે દર્શાવનારા વિષયને અને એવા જ

શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય દ્વારા નવિન પ્રકાશન
શ્રીવલ્લભાખ્યાન
સરળ ભાષામાં વિસ્તૃત વ્યાખ્યા
વ્યાખ્યા લેખક : પ. ભ. પોપટલાલ રામજીભાઈ (મરજાદિ) બામણગામ
પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (જામનગર) તથા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર)ના સુંદર આશિર્વાદ લેખ સહિત. (દ્વિતીય આવૃતી)
પૃષ્ઠ ૩૧૨. ચિત્રજી ૪, ન્યોછાવર રૂ. ૧૫ પોષ્ટેજ અલગ
-: પ્રકાશક :-
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

ઉત્તમ હેતુના સંબંધવાળા વિષયને 'ગીતાશાસ્ત્ર' એવા નામે કહેલ છે. તેનાથી તેમના મત પ્રમાણે આત્મજ્ઞાનની નિષ્ઠાવાળા વિદ્યારૂપી ધર્મથી કહ્યા પ્રમાણેનો મોક્ષ મળે છે, એમ સિદ્ધ થાય છે.

તેમાં વિદ્યા એ સાત્ત્વિકી છે અને અવિદ્યા રાજસતામસ ગુણવાળી છે. સત્વ, રજ અને તમોગુણમાં પરસ્પર પ્રબળતા રહેલી છે; કારણ કે રજોગુણને અને તમોગુણને દબાવીને સત્વગુણ પ્રબળ થાય છે, (રજોગુણને અને સત્ત્વગુણને દબાવીને તમોગુણ પ્રબળ થાય છે, તેમ જ તમોગુણને અને સત્ત્વગુણને દબાવીને રજોગુણ પ્રબળ થાય છે), (શ્રીગીતાજી ૧૪-૧૦ માં) એ પ્રમાણે કહેવાયેલું છે. તેથી રજોગુણ અને તમોગુણથી થતો પરાભવ નિવારવા માટે ત્રણેય ગુણનું નિવારણ કરનારું અને ભગવાનને પ્રિય હોય તેવું અન્ય સાધન શોધવું જરૂરી છે. પરંતુ તે અહીં કહેવાયું નથી, તેથી તે અપૂરતું હોવાને સમજવું જોઇએ.

અરે, ગીતાજીમાં ભગવાને જ્ઞાનનો અને સંન્યાસનો ઉપદેશ કર્યો અને તેથી ગીતાજીનું તાત્પર્ય પણ તેમાં જ રહેલું છે, એમ માનવું જોઈએ; કારણ કે પહેલાં કહેવાયેલાનું અર્જુનને વિસ્મરણ થઈ ગયું હોવાથી અર્જુન પ્રતિ ક્રોધે ભરાયેલા શ્રી ભગવાને તેટલો જ માત્ર ઉપદેશ કરેલો છે.

“યોગયુકત એવા મારાથી કહેવાયેલું તે નિશ્ચયપૂર્વક પરબ્રહ્મકથિત છે. હવે ફરીને તે પ્રમાણે તેને પૂરી રીતે કહેવું શકય નથી.” એ પ્રમાણે અનુગીતાના પ્રારંભમાં કહેવાયેલ વાકયથી તે પ્રમાણે નિશ્ચિત થયેલું છે.

અહીં પણ અંતે તો શરણે આવેલાને કરાયેલો ઉપદેશ છે. તેથી તેનું તાત્પર્ય જ્ઞાનમાં કે સંન્યાસમાં રહેલું નથી. અહીં તો માત્ર તેનું સૂચન થયેલું છે.

મધુસૂદન સરસ્વતી પણ આત્યંતિક કલ્યાણને માટે વિશેષ કહે છે કે,
સત્, ચિત્ અને આનંદરૂપથી પરિપૂર્ણ વિષ્ણુનું પરમ પદ છે તેને મેળવવા માટે પ્રયત્નશીલ વેદો પણ ત્રણ કાંડવાળા છે.

વળી, કર્મ, ઉપાસના અને જ્ઞાન એ પ્રમાણે ક્રમશઃ ત્રણ કાંડ છે. તદ્રૂપ અષ્ટદશાધ્યાયી ગીતાજી પણ ત્રણ કાંડથી યુકત છે.

છ અધ્યાયનો સમૂહ તે એક કાંડ, એમ વિચારીને કહેતાં, પ્રથમ છ અધ્યાયમાં કર્મનિષ્ઠા છે, બીજા છ અધ્યાયમાં ભકિતનિષ્ઠા છે અને ત્રીજા છ અધ્યાયમાં જ્ઞાનનિષ્ઠા કહેવાયેલી છે.

જ્ઞાનનિષ્ઠા અને કર્મનિષ્ઠા એકબીજાથી તદ્દન વિરુદ્ધ છે, તેથી તેના તે પ્રમાણે કરાયેલા વિભાગનો સ્વીકાર થતો નથી, તેથી પહેલા અને ત્રીજા કાંડને ત્રણેય કાંડમાં વહેંચી દેતાં ઉપાસના રૂપે ભગવાનની ભકિતમાં નિષ્ઠા નિશ્ચિતતાથી વચ્ચે રહેલા કાંડમાં કહેવાયેલી છે. વળી, ઉપાસના સ્વરૂપિણી ભગવાનની ભકિત ત્રિવિધ છે; એટલે કે કર્મના મિશ્રણવાળી, શુદ્ધ અને જ્ઞાનના મિશ્રણવાળી એમ ત્રિવિધ છે.

તેમાં પહેલી કર્મમિશ્રા ભકિત છે. તેમાંના પ્રથમ છ અધ્યાયમાં કર્મના ત્યાગની પ્રધાનતા પૂર્વક વિશુદ્ધ ત્વંપદાર્થ નિરૂપાયેલ છે. બીજા છ અધ્યાયમાં ભગવાનની ભકિતમાં નિષ્ઠાવાળા

વર્ણનની પ્રધાનતા છે. તેમાં ભગવાનના પરમાનંદ સ્વરૂપ તત્ પદાર્થ નિરૂપાયેલ છે. ત્રીજા છ અધ્યાયમાં તે બંનેનું ઐકય વાકયના અર્થને સ્પષ્ટતાથી વર્ણવે છે. એ પ્રમાણે અસાધારણ વિશિષ્ટતા કહે છે.

તેમ છતાં અરુચિકર એવા વાકયનું દર્શન તેમાં થતું નથી. 'સર્વધર્માન્' (સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ–ગીતાજી, ૧૮ ૬૬) એ વાકયમાં જે શરણ પદ છે તે તો કોશ પ્રમાણે શરણ એટલે આશ્રય અને રક્ષણ કરનાર એવા બે અર્થમાં છે. તે બેમાંથી એક અર્થ દર્શાવતું હોય તો તેવા પ્રકારના અર્થમાં લાક્ષણિકતા આવી પડશે; કારણ કે તેમાં અસંગતતા રહેલી છે.

શ્રીધર સ્વામીએ કહ્યું છે કે, જેમનાં ચરણ કમળ સકળ લોકથી વંદાયેલાં છે, જે અત્યંત દયાળુ છે, તેવા ભગવાન દેવકીનંદને તત્ત્વજ્ઞાનની અભિલાષાવાળા, શોક અને મોહથી જેમનું સાચું જ્ઞાન નાશ પામ્યું છે તેવા અને તેનાથી પોતાના ધર્મના પરિત્યાગપૂર્વક વિરૂદ્ધ ધર્મપરાયણ અર્જુનને ધર્મ, જ્ઞાન અને તેના રહસ્યરૂપ ભકિતરૂપી નાવ વડે શોક અને મોહરૂપી સાગરમાંથી બહાર કાઢયો.

એ પ્રમાણે, એટલું જ કહીને, ગીતાજીમાં મોટે ભાગે ભગવાને કહેલા જ શ્લોકો છે, અને વ્યાસજીએ તો તેનો સંબંધ જોડવા માટે વચ્ચે વચ્ચે કેટલાક શ્લોકો કહેલા છે, એમ જણાવવાને માટે ગીતા માહાત્મ્યનું નીચેનું વાકય તેઓ ઉમેરે છે :–

'ગીતા સુગીતા કર્તવ્યા કિમન્યૈઃ શાસ્ત્રવિસ્તરૈઃ ।
યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માદ્વિનિઃસૃતા ॥ ''

ગીતાજીનું વારંવાર ગાન કરવું જોઈએ, બીજાં ઘણાં શાસ્ત્રોની શી જરૂર છે ? કારણ કે, ગીતાજી તો સ્વયં પદ્મનાભ (શ્રીકૃષ્ણ) ના સ્વમુખેથી અંગત રીતે કહેવાયેલી છે.

શ્રી રામાનુજાચાર્યે કહ્યું છે કે, આત્યંતિક અને અસીમ કલ્યાણ સ્વરૂપ, ગુણોનું એક માત્ર સ્થાન, અનંત જ્ઞાન અને આનંદ આદિ સ્વરૂપ, સંપૂર્ણ જગતની ઉત્પતિ, પાલન અને લયની લીલા કરનારા, મનોહર અને સર્વે વિશેષણોથી યે વિશેષતાવાળા, પરબ્રહ્મ સ્વરૂપ, પુરુષોત્તમ, નારાયણ, બ્રહ્માથી સ્થાવર પર્યંત સમગ્ર સૃષ્ટિ સરજીને પોતાના સ્વરૂપે રહેલા, ભૂમિનો ભાર ઉતારવાના ઉપદેશથી અમારા જેવાનાં યે સંસારનાં દુઃખોને શાંત કરનાર, સર્વે મનુષ્યોની આંખોનો વિષય થઈ રહેલા, નાના મોટા સર્વે જનોના સંતાપને હરનારી ચેષ્ટાઓ કરનારા, પરમ પુરુષાર્થ મોક્ષના સાધનરૂપ, વેદાંતમાં વર્ણવાયેલા પોતાના વિષયસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણે જ્ઞાન અને કર્મ સહિત ભકિતયોગ પ્રકટાવ્યો, એટલે કે જ્ઞાન, કર્મ સહિત ભકિતયોગથી ભરપૂર એવા ગીતાશાસ્ત્રનું પ્રાકટય કર્યું. ગીતાના આવિર્ભાવનું પ્રયોજન તો અમારા જેવા ભકતોનાં સંસારનાં દુઃખોની નિવૃત્તિ સૂચવેલ છે, અને એ જ સિદ્ધાંતને અનુરૂપ છે.

ભગવાન પુરુષોત્તમ, શ્રીકૃષ્ણ અહીં ખરેખર બધાંની મુક્તિ માટે અવતર્યા છે. સ્વસ્વરૂપથી ભકિતનું દાન કરીને સાત્વિક આદિ ત્રણેય પ્રકારના ભકતોનો ઉદ્ધાર કરીને, ધર્મ રહિત કલિની પ્રવૃત્તિને જોઇને અગ્રિમ જનોના ઉદ્ધાર અર્થે ભકિત પ્રકટાવવાને માટે, ભગવાને પ્રસંગોપાત્ત અર્જુનને ઉપદેશ કર્યો.

'ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન, આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની, એમ ચાર પ્રકારના પુણ્યશાળી માણસો મને ભજે છે.

એ પ્રમાણે કહેવાયેલા વાકયમાં કહેવા યોગ્ય ચોથા પ્રકારના અધિકારીઓમાં (એટલે કે જ્ઞાનીઓમાં) પહેલા બે પ્રકારના અધિકાર (આર્તપણું અને જિજ્ઞાસાપણું) અર્જુનમાં વિદ્યમાન છે, તેથી તે ઉપદેશ ભગવાનના જ્ઞાનાવતાર વ્યાસજીએ સાતસો શ્લોકમાં લખેલો છે.

ગીતાજીમાં વર્ણવેલ વિષયને પ્રભુચરણ શ્રી વિઠ્ઠલેશજી ટૂંકમાં આ પ્રમાણે દર્શાવે છે.

ગો. શ્રી વિઠ્ઠલેશજીકૃત ગીતાર્થસંગ્રહઃ

(ગીતાર્થસંગ્રહ એટલે ગીતાજીનો વિષય ટૂંકમાં એમ અર્થ છે.)

પ્રવૃત્તિધર્મં ભગવાન ઋષિદ્વારા નિરૂપ્યતુ ।
નિવૃત્તિમિષ્ટાં સુદૃઢાં નિઃસંદિગ્ધાં હરિર્જગૌ ॥૧॥

અત્યંત સ્થિર અને શ્રેયસ્કર નિવૃત્તિ ધર્મ, શંકા ન રહે તેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં ગાયો છે. પ્રવૃત્તિ ધર્મનું પાલન ભગવાન વ્યાસજી દ્વારા અત્યંત ધ્યાનપૂર્વક થાઓ. ॥૧॥

સાંખ્યં યોગો રહસ્યં ચ રહસ્યતમમેવ ચ ।
અન્યોન્યાધિક્યનિર્ધારો જ્ઞાનવિજ્ઞાનયોરપિ ॥૨॥

સાંખ્ય અને યોગ ઉપરાંત ઉપનિષદો આત્યંતિક રીતે જ ગૂઢ અર્થથી ભરેલાં છે, જ્ઞાન અને વિજ્ઞાન એકબીજાથી અધિક હોવાનો પણ તેમાં નિર્ધાર છે. ॥૨॥

સ્વસ્વરૂપનિર્ધારો ભજનેતરનિર્ણયઃ ।
તદ્ધેતુર્ગુણવૈષમ્યં સર્વશાસ્ત્રવિનિર્ણયઃ ॥૩॥

ભગવાનના સ્વરૂપની નિશ્ચિતતા તેમાં વિચારાયેલી છે. ભકિત અને જ્ઞાનનો તેમ જ કર્મનો નિર્ણય તેમાં કરાયો છે. સૃષ્ટિનું કારણ સત્વાદિ ગુણોની વિષમતા છે, અને બધાં શાસ્ત્રોનો ચોકસ નિર્ણય તેમાં થયો છે. ।૩।

ઇતિ ગીતાર્થનિર્ધારો યથાભાગં વિતન્યતે ।
સાંખ્યયોગૌ નિરૂપ્યાદૌ મોહમુત્સાર્ય ફાલ્ગુનમ્ ।૪।

પ્રારંભમાં સાંખ્ય અને યોગનું નિરૂપણ કરીને, અર્જુનનો મોહ નષ્ટ કર્યો. એ પ્રમાણે ગીતાજીમાં વર્ણિત વિષયની નિશ્ચિતતા જે તે સ્થળે સિદ્ધ કરાયેલી છે. ॥૪॥

ભકિતપીયૂષપાતારં કૃતવાનિતિ સંગ્રહઃ ॥૪½॥

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ભકિતરૂપી અમૃતનું પાન કરાવ્યું. એ પ્રમાણે ગીતાજીનો અર્થસંગ્રહ પૂરો થયો. ॥૪½॥

તેમાં પહેલા અધ્યાયમાં ધૃતરાષ્ટ્રના વાકયથી પ્રારંભ કેમ કર્યો હશે ? એવો પ્રશ્ન થાય તો 'ગીતાતાત્પર્ય' ગ્રંથમાં પ્રભુચરણશ્રીએ વિચારણા કરી છે, ત્યાં જોવું.

અહીં ભગવાન પોતાનું સાચું સ્વરૂપ પાર્થને ઉપદેશે છે. તેમાં ધૃતરાષ્ટ્રના વચનથી કરાયેલ પ્રારંભ યોગ્ય ન ગણાય; કારણ કે તે અભકત હતો. તેનો પુત્ર દુર્યોધન પણ અત્યંત બહિર્મુખ હોવાથી અને રાક્ષસનો અવતાર હોવાથી તેને પણ પ્રારંભમાં જોડવો જોઇતો નહોતો. વળી અહીં તો બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરાય છે, તેમાં શાંત અધિકારી હોવો જોઇએ. સનત્કુમાર અને નારદના સંવાદમાં, તેવો હું ભગવાનનો શોચ કરું છું, એ પ્રમાણે નારદના શોકશ્રવણથી કહેવું યોગ્ય છે. ત્યાં શોકનો અર્થ આત્મજ્ઞાન છે. અહીં પાપના ભયથી,

વગેરે કહેતાં તેની વિલક્ષણતા દર્શાવી છે. પાર્થમાં આત્મજ્ઞાનની ઇચ્છા પણ દેખાતી નથી. વળી અહીં તો ઉપદેશ કરનાર ભગવાન સત્યસંકલ્પ છે, તે જો અર્જુનના ઉદ્ધાર માટે આત્મવિદ્યાનો ઉપદેશ કરે તો અર્જુન પણ રાજ્યથી તેમ જ સંસારથી પણ નિવૃત્ત થાય. પરંતુ તેમ દેખાતું નથી. આથી ફળમાં અવિશ્વાસને કારણે પણ ઉપદેશ આપવો યોગ્ય નથી, એમ કોઈ કહે તો અમે અહીંયાં કહીએ છીએ કે,

પોતાના હોવાથી ભગવાને પૃથાના પુત્રોનો ભક્તિમાર્ગમાં સ્વીકાર કરેલો છે. "તે દિવ્ય પુરુષ ભગવાન મુકુંદ, પૃથ્વી ઉપર પધારેલા દેવોના દેવ છે, તેમણે પૃથાના પુત્રોનો સ્વીકાર કરેલો છે." (ભાગ ૩-૧-૧૨), એ પ્રમાણે (ભાગવતજીના) ત્રીજા સ્કંધમાં વિદુરજીનું વાક્ય છે.

ભૂમિનો ભાર ઉતારવાની ઇચ્છાવાળા ભગવાને યુધિષ્ઠિર દ્વારા રાજસૂય યજ્ઞ કરાવ્યો; કારણ કે રાજસૂય યજ્ઞ પછી મહાયુદ્ધ આવી પડવાનું છે. રાજસૂય યજ્ઞ કરવો એ ભગવાનની ઇચ્છાનો વિષય છે, એમ દશમ સ્કંધમાં શ્રીમદ્ વિદુરજીએ કહ્યું છે : "અધિકતર પુણ્યના ફળરૂપ હોવાથી આપને પણ યજ્ઞ સ્વીકાર્ય છે." (ભાગ ૧૦-૭૧-૧૦), વળી, યુધિષ્ઠિર વગેરે દ્વારા ભગવાનથી ધર્મનું સ્થાપન થવાનું છે અને અસુરોનો નાશ થવાનો છે. 'યદા યદા હિ ધર્મસ્ય' (હે ભારત, જ્યારે જ્યારે ધર્મનો ક્ષય અને અધર્મનું ઉત્થાન થાય છે, ત્યારે નિશ્ચયપૂર્વક હું મારા સ્વરૂપને ધારણ કરું છું. -ગીતાજી, ૪-૭), એ પ્રમાણે ગીતાજીમાં કહેવાયેલા વાક્યથી, તેને માટે અવતાર લેવાનું સ્વયં ભગવાને જ કહ્યું છે. અને ધર્મનું સ્થાપન તો યુધિષ્ઠિરનું રાજ્ય થાય ત્યારે થાય. રાજ્યને અંતે નરક, એવો સામાન્ય નિયમ છે. એમ છે ત્યારે ભાઇ પણ ભાઇને હણે, એ ન્યાયે લૌકિક રીતે શત્રુઓને મારીને પોતે જો રાજ્ય ભોગવવામાં ભગવદીયપણું રહે નહિં અને હીન ફળ મળે. તેથી તેની નિવૃત્તિ માટે ભગવાને પાર્થમાં પ્રથમ અધ્યાયમાં કહેવાયેલો છે તેવો વિષાદ ઉત્પન્ન કર્યો આથી જ અર્જુનની પોતાની મેળે લૌક્કિ રીતિએ તેઓમાં રહેલો મનોગત ભાવ બાહ્ય રીતે દેખાવાનું કહેવાયું છે. નહિ તો, 'ક્ષત્રિયોનો આ ધર્મ છે,' એવા વચનથી તેવા શૂરવીરોનું યુદ્ધ આવી પડયું છે ત્યારે તેઓમાં પોતપોતાની પ્રકૃતિ અનુસાર ધૃતરાષ્ટ્રના પુત્રોની જેમ વીરરસ જ ઉત્પન્ન થાય, નહિ કે વૈરાગ્ય તેમ છતાં અર્જુનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેનું કારણ તેનું ભગવદીપણું છે, એ નક્કી છે. આથી તેને અનુરૂપ ભક્તિ માર્ગનો જ ઉપદેશ કરવો યોગ્ય છે. ભક્તિ માર્ગનો નિર્ણય લૌકિક રીતિથી કે વૈદિક રીતિથી સામાન્ય રીતે કરવો અયોગ્ય છે, એમ જણાવવાને માટે પ્રારંભમાં ધૃતરાષ્ટ્ર અને તેના પુત્રની કથા તેમ જ તેનો ઉત્સાહ કહેવાયો છે.

વળી, ભગવદીય જનની ભગવાને કરવા ઇચ્છેલા કાર્યને અનુકૂળ થવાની મતિ એ સુમતિ છે, તેનાથી વિરુદ્ધની મતિ એ કુમતિ જ છે; નહિ તો ધર્મશાસ્ત્રો વગેરેમાં ગુરુ વગેરેને હણવાનું કાર્ય નિષિદ્ધ કહ્યું હોવાથી તેમાંથી પાછા વળવાની બુદ્ધિને કુબુદ્ધિ ન કહેવાત. એમ અહીં વડીલો પ્રત્યેના આદરનો અભાવ નથી;

કારણ કે (શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કંધમાં ભીષ્મ ભગવાનની સ્તુતિ કરે છે કે), અર્જુને જ્યારે દૂરથી કૌરવોની સેનાના અગ્રેસર એવા એમને જોઇને, સ્વજનોને મારવા એ પાપ છે, એમ સમજીને યુદ્ધથી તે વિમુખ થઇ ગયો ત્યારે આત્મવિદ્યાનો ઉપદેશ કરીને, તેના અજ્ઞાનનો નાશ કર્યો, તેવા પરમ પુરુષ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણોમાં મારી પ્રીતિ હો,' ભાગ. ૧-૯-૩૬), એવાં પ્રથમ સ્કંધમાં ભીષ્મનાં વચનો છે. એનાથી નિરુત્સાહ થયેલ અર્જુનનો બ્રહ્મવિદ્યાના ઉપદેશમાં જે અધિકાર છે, તેને દર્શાવવાને માટે ગ્રંથમાં 'અર્જુન વિષાદયોગ' છે, એમ કેટલાક માને છે. અર્જુનના તેવા વિષાદનો ભગવાને નાશ કર્યો. તેમાં મુખ્ય પ્રયોજનનો અભાવ છે. અહીં ભક્તિમાર્ગની મર્યાદા લોકોથી પર છે, એમ દર્શાવવાનું જ પ્રયોજન છે અને તેથી ગીતાજીના અંત ભાગમાં અર્જુને કહ્યું છે કે, "મારો મોહ નાશ પામ્યો છે, મને સાચી સમજ પ્રાપ્ત થઇ છે, મારો સંદેહ નષ્ટ થયો છે, હું તૈયાર છું, [હું આપના કહ્યા પ્રમાણે કરીશ; (ગીતાજી, ૧૮-૭૩); ગીતાજીમાં સામાન્ય રીતે ભક્તિનો જ ઉપદેશ છે વળી બીજું જે છે તે બધું તેની જ આસપાસ ગોઠવાયેલું છે, એમ તેની સામાન્ય રૂપરેખા છે.

એ સિવાય જે વાક્યો કહેવાયાં છે, તેમાં પુષ્ટિમર્યાદાભક્તિ, અનુગ્રહથી વિવિધ શ્રેય સાધવાના ઉપાયથી ઉત્પન્ન થાય છે, એમ જણાવવા માટે પાંડવોનું ધર્મિષ્ઠપણું અને અર્જુનનો તેનાથી અધિક ઉત્કર્ષ સૂચવેલ છે. વ્યાસજીએ અર્જુનમાં ભક્તિનો અને ઉપદેશનો એમ બંને અધિકાર છે, એમ દર્શાવવાને માટે (ગીતાજીના) પહેલા અધ્યાયમાં અર્જુનના આર્તપણાનું પ્રતિપાદન કર્યું છે.

ભક્તિમાર્ગીયને પણ લૌકિકમાં આસક્ત ચિત્ત હોય ત્યારે, તેમ જ પ્રવૃતિધર્મમાં આસક્ત ચિત્ત હોય ત્યારે ભગવાનના સાચા સ્વરુપનો અને ભક્તિમાર્ગના સાચા સ્વરુપનો વગર વિચાર્યે ઉપદેશ કરવો જોઇએ નહિ, એમ જણાવાયું છે. એ પ્રમાણે ઉપોદ્ઘાતમાં પૂર્વાપર સંબંધ દર્શાવાયો છે.

વૈશંપાયન પણ જનમેજયને કથાપ્રસંગ કહેતાં પહેલાં ધૃતરાષ્ટ્રનો સંવાદ કહે છે. તેમાં ધૃતરાષ્ટ્ર પાંડવોને બહુ પ્રકારે ધર્મપરાયણ જ માનીને વધના હેતુવાળો અધર્મ તેઓએ કેમ કર્યો ? એમ માનીને પૂછે છે.

અહીં એવા પ્રકારની જ કથા છે.

ક્રમશઃ

(૧૫ માં પાનેથી ચાલુ)

નિધિ સ્વરૂપો પણ 'સાત' છે. શ્રીગુસાંઈજીના લાલજી પણ 'સાત' છે. શ્યામસુંદર પણ 'સાત' વરસના છે. જેણે 'સાત' કોસ ઊંચા શ્રી ગિરિરાજજીને પણ 'સાત' દિવસ પર્યંત ધારણ કર્યો છે. શ્રી યશોદાજી શ્રી બાલકૃષ્ણજીને વિનવે છે "ધોરીકો પય પરમ રસાલ, 'સાત' ઘુંટ પિઓ જો લાલ". આ સર્વ લીલાઓ શ્રી યમુનાજીના હૃદયમાં બિરાજે છે. આવા ભગવદ્ પ્રિયા શ્રી યમુનાજીકી જય હો !

સોરઠો-સુખદાતા શ્રીકૃષ્ણાને શ્રીકૃષ્ણ સદા છે સાથ;
કમળ ખિલે રવિ નિરખતાં તેમ પ્રસન્ન વ્રજનાથ.

-ક્રમશઃ

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પહેલો)

['વલ્લભ સુધા'ના વાચકો સમક્ષ પૂજ્યપાદ શ્રી મહાપ્રભુજીના ષોડશ ગ્રંથોમાંથી પ્રથમ ચાર ગ્રંથો ઉપરની ટીકાઓનું ભાષાંતર અપાઇ ગયું. હવે 'સિદ્ધાંતરહસ્યમ્' નામના પાંચમા ગ્રંથ ઉપરની પૂજ્યપાદ શ્રીપુરુષોત્તમજી કૃત ટીકાનું ભાષાંતર શરૂ થાય છે.

ખરેખર પુષ્ટિ સાહિત્ય તો ગહન છે જ, તેમાંયે સમર્થ આચાર્યશ્રીઓએ ષોડશ ગ્રંથો ઉપર લખેલી ટીકાઓ સંસ્કૃતમાં લખેલી છે, અને તે ઉંચામાં ઉંચું પુષ્ટિ સાહિત્ય છે. મહાપ્રભુજીનું પુષ્ટિ સાહિત્ય ટૂંકમાં ઘણું જ કહી જાય છે. અનેક આકર ગ્રંથોનું રહસ્ય તેમાં સમાયેલું હોય છે. તેને સમજાવવાને માટે ટીકાકારોએ તે તે ગ્રંથોના આધાર આપીને અને શ્રીમદ્ ભગવદ્ ગીતા, બ્રહ્મસૂત્ર અને વેદ તેમ જ ભાગવતજીમાં વણાઇ ગયેલું પુષ્ટિનું રહસ્ય સ્પષ્ટ કરેલું છે. અહીં અપાયેલા ગુજરાતી ભાષાંતરમાં તે તે ગ્રંથમાંથી અપાયેલ આધારો શોધીને તે ક્યાંથી લેવામાં આવેલ છે તે બતાવવામાં આવ્યું છે. આથી જિજ્ઞાસુ વાચકો તે તે ગ્રંથમાંથી વિશેષ માહિતી સરળતાથી મેળવી શકે છે. આ બધું સમજવું જેટલું અઘરું છે, તેટલું જ તે આવશ્યક પણ છે. જે પુષ્ટિ સાહિત્યનો અભ્યાસી, સંસ્કૃત શબ્દો અને સ્વમાર્ગીય શબ્દોનો જ્ઞાતા તથા પુષ્ટિમાર્ગની રીતે જીવન જીવનાર હશે તે તેને સરળતાથી સમજી શકશે. પરંતુ અઘરું છે, નથી સમજાતું, એમ કહીને તેમાં ઉદાસીનતા સેવનાર તેનું રહસ્ય પામી શકશે નહિ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા (૭–૧૬)માં ભગવાન કહે છે કે. આર્ત, અર્થાથી. જિજ્ઞાસુ અને જ્ઞાની એવા ચાર પ્રકારના ભક્તો મને ભજે છે, પરંતુ તેમાં જ્ઞાની શ્રેષ્ઠ છે (ગીતાજી ૭–૧૭) અહીં જ્ઞાની શબ્દ જ્ઞાનમાર્ગીય માટે નથી, પરંતુ પોતાના માર્ગના જ્ઞાનવાળો, તે શ્રેષ્ઠ છે, એમ કહ્યું છે, અને તેથી ભક્તિ માર્ગમાં પણ ભક્તિની રીતિ, ગતિ જાણ્યા વગર ભક્તિ પૂર્ણ ફળદાયી શી રીતે થશે ? માટે ભક્તિ પણ કોની ? શા માટે ? અને કેવી રીતે કરવી ? તેનું જ્ઞાન આવશ્યક છેજ. આથી સર્વે સુજ્ઞ વૈષ્ણવજનોએ પ્રતિદિન એક કલાક તો સ્વમાર્ગીય ઉત્તમ ગ્રંથોનું વાચન કરવું જ જોઈએ અને સ્વમાર્ગનું જ્ઞાન વધારતા રહેવું જોઇએ.

'પુષ્ટિપ્રવાહ મર્યાદા' ગ્રંથમાં પૂજ્યપાદ શ્રી પીતાંબરજીની ટીકા લેવાઇ છે, જે અતિ ગહન, અનેક આકર ગ્રંથોના આધારવાળી, અતિ વિદ્વતાપુર્ણ અને ઘણી લાંબી હતી, જેથી તેને સમજાવવામાં જાણકારોની સહાય અનિવાર્ય હતી જ; પરંતુ આ ટીકા લેવામાં કંઇક જુદો જ ઉદ્દેશ હતો, અને એ ઉદ્દેશ સિધ્ધ થયો છે, તેનો સંતોષ સંચાલકોને છેજ.

(ક્રમશઃ)

"શ્રીવલ્લભ સ્વરૂપ મહિમા"

શ્રીહરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા

લેખક – **શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ**

(ગતાંકથી ચાલુ)

હવે આપના ચરણ કમલના મહિમાનું જ્ઞાન કરાવી નિજજનોને ચરણ કમલની સેવાનો ઉપદેશ કરે છે.

'ચરણ કમલકી નિશદિન સેવા અપને હૃદે બસૌયે હો.' આપશ્રી મહાપ્રભુજીના ચરણ કમલ ધામરૂપ છે. અથવા લીલાધામ આપનાચરણ કમલમાં રહેલું છે. લીલાધામમાં કોટાનકોટિ શ્રીસ્વામિનીજીઓ કોટનકોટિ શ્રીઠાકોરજીના સ્વરૂપો સખી સહચરી કુંજો નિકુંજો નિભૃત નિકુંજો લીલા સામગ્રીઓ આ સર્વ અનંત પ્રકારનું રહેલું છે. આવું મહા અલૌકિક દિવ્ય લીલા ધામ શ્રીવલ્લભ પ્રભુના ચરણમાં રહેલું હોવાથી આપના ચરણ કમલની સેવાનો ઉપદેશ કરી રહ્યા છે.

શ્રીવલ્લભના અનન્ય આશ્રિતજનોને આપ પોતાના સ્વરૂપમાં રહેલા અથવા આપના ચરણકમલરૂપી ધામમાં રહેલા લીલા ધામના અપાર રસાત્મક વૈભવના દર્શન અને તેનું જ્ઞાન કરાવે છે. અનન્ય આશ્રય વિના આપના સ્વરૂપના અને ચરણકમલનું જ્ઞાન ન થાય. અનન્યતાનો અર્થ પતિવ્રત ભાવ થાય છે અને આપતો પતિવ્રતાના જ પતિ છે. પતિવ્રત ભાવવાળા હોય તે જ શ્રીવલ્લભને પતિરૂપે પ્રાપ્ત કરી શકે છે. પતિવ્રતા પતિના સ્વરૂપને અને પતિના સામર્થ્યને પોતાનામાં ધારણ કરી શકે છે. શ્રીવલ્લભના સ્વરૂપમાં જે મહાન દિવ્ય લીલાધામનો ગૈભવ રહેલો છે, તે ગૈભવ સહિત શ્રીવલ્લભનું સ્વરૂપ પતિવ્રત ભાવવાળા ~~ભક્તના~~ હૃદયમાં સદૈવ બિરાજી અનુભવ કરાવે છે જેમકે શ્રીપદ્મનાભદાસજીનો અનન્ય ભાવ શ્રીવલ્લભ ચરણ કમલમાં જ હોવાથી અનેક પ્રકારની દિવ્ય લીલાઓનો અનુભવ પદ્મનાભ દાસજીને શ્રીમહાપ્રભુજીના સાકાર સ્વરૂપમાંજ થઇ રહ્યો છે. તેનું વર્ણન તેમના પદોમાં કરેલું છે. આવો અનુભવ આપ પોતાના અનન્ય આશ્રિત જનોનેજ કરાવે છે. આવો અનન્ય ભાવ–પતિવ્રતભાવ સિદ્ધ કરવો દુર્લભ હોવાથી શ્રી ગોકુલેશ પ્રભુ શ્રીપદ્મનાભદાસજી માટે કોટિમાં વિરલની ઉપમાં આપે છે. કોટિ ભક્તોમાં કોઇ એકને જ આવો અનન્ય ભાવ થાય છે. તેનું કારણ શ્રીવલ્લભનું સ્વરૂપ મહાન દિવ્ય હોવાથી આ સ્વરૂપને ધારણ કરવાની પાત્રતા નિરંતર વિરહના અનુભવથીજ સિદ્ધ થાય છે. અથવા શ્રીવલ્લભના સ્વતંત્ર પ્રમેય બલવાળી કૃપાથી જ્યારે વિરહ ભાવનું દાન થાય ત્યારેજ પાત્રતા સિદ્ધ થાય છે. તેથી એક પદમાં શ્રીપદ્મનાભદાસજીએ વર્ણન કર્યું છે. "વલ્લભ સ્વરૂપ દુર્લભ પૈવો." વાસ્તવિક વિચારીયે તો વિરહાગ્નિ સ્વરૂપ શ્રીવલ્લભનું ભૂવિમાં પ્રાકટ્ય આપશ્રીની કૃષ્ણાસ્ય કુંજમાંથી વિછુરેલા આપનાજ વિલાસના મધ્યપાતિ સ્વકીયા માટે થયું છે, તેથી પરમ દુર્લભ વિરહ ભાવનું દાન પોતાના સ્વકીયોનેજ કરે છે. સ્વકીય જનો માટે આવો આપશ્રીનો પક્ષપાત રહેલો છે, આવા સ્વકીયોનું સર્વસ્વ શ્રીવલ્લભ જ છે. તેવું સ્વકીયોનું લક્ષણ છે. (ક્રમશઃ)

જામનગર – પરિષદના કેન્દ્રીય મંત્રી પ્રા. શ્રીચીમનભાઈ શેઠ, પ્રાંતિય કારોબારીતા સહમંત્રી શ્રી ડાયાભાઈ કંસારા તથા સભ્ય શ્રી પ્રા. ગોપાલભાઈ શાહ તા, ૩-૮-૮૫ના રોજ મુલાકાતે આવતા પૂ, પા, ગો. શ્રી સત્યભામા બેટીજીની અધ્યક્ષતામાં યોજાયેલ સભાને સંબોધી હતી. અને શાખાની તાત્કાલિક વ્યવસ્થા કાર્ય કરો શ્રી માર્કંડભાઈ ધોળકીયા તથા શ્રી મુકેશભાઈ છાપીયા સંભાળશે તેમ નકકી થયું. આ સભામાં શ્રી જયેન્દ્રભાઈ અડાલજા, શ્રી ગોકળદાસ ભાઈ રાજાણી, શ્રી જમનાદાસભાઈ પટેલ વગેરે અંગ્રગણ્ય વૈષ્ણવો સારી સંખ્યામાં ઉપસ્થિત રહી સારો સહકાર આપેલ.

શ્રી મથુરા વ્રજમંડલ યાને વ્રજદર્શન વસાવ્યું ન હોય તો વસાવો

કારણકે ચાલુ સાલે બે વ્રજ પરિક્રમા છે તેથી આપ સૌ યાત્રામાં જવાના જ હશો ! અને યાત્રાનો આનંદ, યાત્રાના તીર્થોની માહિતી, તેનું માહાત્મ્ય, તેનો ભાવ અને શ્રી બેઠકજીનું ચરિત્ર– આ બધી માહિતી આપણને ન હોય તો આપણી યાત્રા અધુરી જ રહે ! યાત્રામાં આ ૬૬૦ પાનાનું દળદાર પુસ્તક આપણી સાથે હોય તો કોઈ તીર્થ બાકી ન રહે. તો આ પુસ્તક હવે મંગાવી લેશો. વિલંબ કરશો તો પુસ્તક વિના કદાચ રહી જવુ પડે, તો તુર્ત જ મંગાવી લેશો. ન્યોછાવર રૂ. ૪૨–૦૦ પેકીંગ પોસ્ટેજ રૂ. ૩–૦૦ પ્રાપ્તિસ્થાન – શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ ૪૬0001

આ માસના ઉત્સવ

શ્રાવણ વદિ ૧૧ તા. ૧૧–૯–૮૫ બુધવાર અજા એકાદશી વ્રત.

ભાદરવા સુદિ ૫ તા. ૧૯–૯–૮૫ ગુરૂવાર દ્વિતીય સ્વરૂપોત્સવ શ્રીચંદ્રાવલીજીનો પ્રાકટય દિન ઋષિ પંચમી.

ભાદરવા સુદિ ૬ તા. ૨૦–૯–૮૫ શુક્રવાર શ્રી લલિતાજીનો પ્રાકટય દિન શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા)નો પાટોત્સવ.

ભાદરવા સુદિ ૮ તા. ૨૧–૯–૮૫ શનિવાર શ્રી રાધાષ્ટમી.

ભાદરવા સુદિ ૧૧ તા. ૨૪–૯–૮૫ મંગળવાર પરિવર્તિની (દાન) એકાદશી વ્રત લેખવાળા શ્રી પુરુષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૭૨૪) શ્રી વામન જયંતિ.

કવિશ્રી દયારામભાઇ જયંતિ (સં. ૧૮૩૩)

ભાદરવા સુદિ ૧૫ તા. ૨૮–૯–૮૫ શનિવાર પૂર્ણિમા, સાંઝીનો પ્રારંભ.

ભાદરવા વદિ ૫ તા. ૪–૧૦–૮૫ શુક્રવાર શ્રી હરિરાયજીનો ઉત્સવ (સં. ૧૬૪૭)

ભાદરવા વદિ ૧૧ તા. ૧૦–૧૦–૮૫ ગુરૂવાર ઇન્દિરા એકાદશી વ્રત.

ઓ શ્રીકૃષ્ણજી, હજુ ન આવિયા!

(રાગ : 'ઓ શ્રીનાથજી, આવજો તમે')

ઓ શ્રીકૃષ્ણજી, હજુ ન આવિયા! થાકયા છીએ અમે વાટ જોઈ જોઈ
વિનવીએ વિભુ, હવે તો આવોને! હટાવો ભાર આ ધરાતણો તમે.
લપટાયો માનવી માયામહીં અહીં, ઘેરાયો છે અરે અશાંતિથી ખરે
દુષ્ટ, દંભી ને સ્વાર્થી, ધૂર્તથી પીડિત છે અરે સાધુ સરળ જનો.
કર્મહીન તો થઈ ગયા જનો ભકિત, સેવના ધ્યાન ભૂલીને
વિષયભોગમાં અંધ થૈ ગયા, ભૂલી ગયા પ્રભુ, રે નામ આપનું.
આજ દ્રૌપદી પુકારે આર્ત થૈ, 'હે કૃષ્ણ, કૃષ્ણ હે! આવો સહાયમાં
પીડાય દેશ છે દુઃશાસનોથી રે, હે કરુણાકર પ્રભુ, આવો દયા કરી.
ભારત રે આજનો અતિ ગ્લાનિથી ભર્યો, છિન્નભિન્ન છે જુલ્મપાપથી
સ્મરી ગીતાતણો કોલ આવજો રક્ષવા ફરી ભારત ભૂમિ તમે
સત્ય માર્ગને વળગી રહ્યા અમે, દર્શાવો આપનું રૂપ હે પ્રભુ!
ઓ શ્રીકૃષ્ણજી, હજુ ન આવિયા! થાકયા છીએ અમે વાટ જોઈ જોઈ
વિનવીએ વિભુ, હવે તો આવોને! હટાવો ભાર આ ધરા તણો તમે.

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

◆

દાનનું ધોળ

લઈ માથે મટુકડી મહિયારી સર્વે ટોળે મળી,
લાવ દાણ લાવ દાણ જશોદા ક્યાં ગોરડી;
એમ કહી ગ્વાલન ઘેરી રે મટુકડી ..લઈ. ૧
એક કહે એ તો છે રે ધુતારો,
બીજી કહે છે હમારો રે મટુકડી...લઈ. ૨
ત્રીજી કહે એ તો ચોરી ચોરી ખાય છે,
ચોથી કહે ચીત્ત ચોર રે મટુકડી...લઈ. ૩
વૃંદાવન મેં રાસ રચ્યો હે,
સોળ સહસ્ત્ર વચ્ચે ગિરિધારી રે મટુકડી...લઈ. ૪
'પુરુષોત્તમ' પ્રભુ પ્રાણ હમારા,
ચરણ કમલ ચીત્ત ચોર રે મટુકડી...લઈ. ૫

—કવિ શ્રી પુરુષોત્તમ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तैलिंगमार्ग रक्षक

શ્રીવલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

મુરલી

(રાગ–રામકલી)

મુરલી હરિકો નાચ નચાવત ।
ચેતેપરયહ બાંસ બંસુરીયાં નંદનંદનકો ભાવત ॥૧॥

ઠાડે રહત વશ્ય તાકે વ્હે સકુચ ન બોલત બાત ॥
વહ નિધરક આજ્ઞા કરવાવત નેકહુ નહિ લજાત ॥૨॥

જબ જાનત આધીન ભયેહેં દેખત ગ્રીવ નવાવત ॥
પોઢત અધર ચલત કર પલ્લવ રંધ્ર ચરણ લપટાવત ॥૩॥

હમ પરી રસ કર કર અવલોકત નાસાપુટ ફરકાવત ॥
સૂર શ્યામ જબ જબ રીઝત હેં તબ તબ સીશ ડુલાવત ॥૪॥

રાસ

(રાગ–ઇમન)

સુધર રાધીકા પ્રવીન બંસીબટ રાસ રચ્યો
શ્યામ સમ વર સુધંગ તરનીતનયા તીરે ॥૧॥

આનંદ કંદ વૃન્દાવન શરદ ચંદ પવનમંદ
કુસુમપુંજ તાપદ મન ધુંનત કલ કુટીરે ॥૨॥

રુણિત કિંકિંણી સુચારૂ નુપુર મણીવલય
હાર અંગ વર સુગંધ તાર તિરપ રચીરે ॥૩॥

ગાવત અતી રંગ રહ્યો માનો સરસ પ્રવાહ વહયો
નિરખિ નેન મીન કરત પ્રેમ સીંધુ સીરે ॥૪॥

卐

વર્ષ ૪ : અંક ૭ ⊞ ઓકટોબર, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સમાચાર

સંખેડા : શ્રી દ્વારકાધીશ પ્રભુનો છપ્પનભોગ મહોત્સવ સંવંત ૨૦૪૨ કારતક વદિ ૯ ને શુક્રવાર તા. ૬-૧૨-૮૫ના સુમંગલ દિને આયોજીત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે દર્શનનો લાભ લેવા શ્રી છપ્પનભોગ મહોત્સવ સમિતિનું આમંત્રણ છે.

મુલુંડ : શ્રીમદનમોહનજીની હવેલીમાં "શ્રી"ના યુગલ સ્વરૂપને પૂ પા. ગો. શ્રી રમેશચન્દ્ર બાવાશ્રીની પ્રેરણાથી અધિક શ્રાવણ વદ ૧૩ના રોજ કુનવારો આરોગાવ્યો હતો તથા તપેલીના આયોજનમાં સ્થાનિક તેમજ ઘાટકોપર અને મુંબઇના વૈષ્ણવો સારી સંખ્યામાં ઉપસ્થિત હતા.

ડભોઇ : વડોદરા આં. રા પુ. વૈષ્ણવ પરિષદનું સંમેલન તા ૨૫-૮-૮૪ ના રોજ શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં જીલ્લા પ્રમુખ ડો. નટવરલાલ પરીખના અધ્યક્ષસ્થાને મળ્યું હતું. ધ્વજ વંદન તથા સ્વાગત ગીત ગવાયા બાદ શ્રી કંચનલાલ દરૂ, શ્રી વિઠ્ઠલદાસ શાહ, શ્રી ચીમનભાઈ શેઠે પ્રાસગિક પ્રવચનો કર્યાં હતા. આ સંમેલનમાં કાંકરોલીવાળા પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રી તથા પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (સુરતવાળા) એ પધારી વચનામૃત કરી પ્રોત્સાહિત કરેલ.

થાનગઢ : પવિત્રા બારસનો દિન શાખા દ્વારા પ્રભાતફેરી, ધ્વજવંદન સમૂહ સ્તોત્રપાઠ, શ્રી મહાપ્રભુજીને પવિત્ર ધરાહવા તથા સત્સંગસભા વગેરે કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવ્યો હતો.

લંડન(યુ.કે.)યુ એસ.એ. પૂ. પા ગો. શ્રી મથુરેશ્વરજી મહારાજ તથા પૂ. પા શ્રી ઇંદીરાબેટીજી પૂ. પા. શ્રી નિકુંજલતા બેટીજી દ્વારા ઇંગ્લેન્ડના તથા અમેરિકાના ઘણા શહેરોમાં પુષ્ટિમાર્ગીય પ્રચાર પ્રસારના વિવિધ કાર્યક્રમો યોજાયા જેમાં વેમ્બ્લીમાં 'શ્રી સર્વોત્તમજી નામાવલી' વિશે વચનામૃતો લંડનના જુદા જુદા ભાગોમાં પ. ભ શ્રી વિઠ્ઠલદાસભાઈ બાપોદરા દ્વારા કીર્તન, સંગીત શિક્ષણ શિબિર; લેસ્ટર, કોવન્ટ્રીમાં ભગવદિયવાર્તા સપ્તાહ. અમેરિકામાં હ્યુસ્ટનમાં પૂ પા. શ્રી ઇંદીરાબેટીજી દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ શીકાગોમાં શ્રી ભાગવત સપ્તાહ વગેરે કાર્યક્રમો સાથે સાથે શ્રી વિઠ્ઠલદાસ બાપોદરના કીર્તન શિક્ષણના વિવિધ કાર્યક્રમો યોજાયેલાં. અનેક સ્થળોએ પૂ. પા. શ્રી ઇંદિરાબેટીનું વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન થયું હતું એ જ પ્રમાણે પ. ભ. શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાના પણ અનેક સંસ્થાઓ દ્વારા યોજાયેલા કાર્યક્રમો પ્રસંગે તેમનું બહુમાન કરવામાં આવેલ. અનેક સ્થળોએ સુંદર સંગઠન કાર્યક્રમ થયેલ

॥ શ્રી હરિઃ ॥

સોમયજ્ઞ

સુરતની તપોભૂમિ વધુ પાવન બને તે માટે ષષ્ટપિઠાધિશ્વર પૂજ્યપાદ ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીએ આઠમો સોમયજ્ઞ સુરતમાં થાય તે માટે નિમંત્રણ આપ્યું છે. પ્રથમ પિઠાધિશ્વર પૂજ્યપાદ ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી મહારાજ દિક્ષિત સોમયાજી પધારી યજ્ઞ કાર્ય સંપાદન કરાવશે. સર્વે સ્વધર્મપ્રેમી વૈષ્ણવો તન, મમ, ધનથી આ આયોજન સફળ બનાવવા કટીબદ્ધ બને.

યજ્ઞ મૂહુર્ત, સં. ૨૦૪૨ ના માગસર સુદ પૂર્ણિમા થી માગસર વદ ૮

દિનાંક : ૨૭-૧૨-૮૫ થી ૪-૧-૮૬ શનિવાર

યજ્ઞ સ્થળ : શ્રી પુરૂષોત્તમ જીનીંગ ફેકટરી કંપાઉન્ડ, વરાછા રોડ, સુરત

સંપર્ક સ્થળ : શ્રી સોમયજ્ઞ આયોજન સમિતિ, વ્રજરત્ન એપાર્ટમેન્ટ, ચૌટીબજાર સુરત-૩

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિંદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

❁

વર્ષ ૪ : અંક ૭ મો
ઓકટોબર, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂ. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

: નમ્ર નિવેદન :

શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય દ્વારા પ. ભ. શ્રી, પોપટલાલ રામજીભાઇ એ લખેલ 'શ્રી વલ્લભાખ્યાન' વ્યાખ્યાનું પુસ્તક ગયે મહિને પ્રકાશિત થયું તેનું વિમોચન કરતાં પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર)એ આજ્ઞા કરેલ કે 'પુષ્ટિમાર્ગ' જાણવા કરતાં માણવાનો છે એટલે કે સિદ્ધાંતો માત્ર સમજીને બેસી ન રહેતાં જીવનમાં ઉતારવાના છે, આ પ્રસંગે આં. પુ. વૈ. પરિષદની રાજકોટ શાખાના મંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતી દ્વારા પ્રકાશિત થતું માસિક પત્ર શ્રી વલ્લભસુધા તેમજ પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન એ વૈષ્ણવોના ઘેર ઘેર શ્રી મહાપ્રભુજીના અલૌકિક વચનામૃતો-ચરિત્રોને પહોંચાડવાનું માધ્યમ છે. શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતી નજીકના ભવિષ્યમાંજ પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ-ચરણરજ રચિત શ્રીભ્રમરગીતની વ્યાખ્યાનું સુંદર રસમય પુસ્કક પણ પ્રકાશન કરી રહેલ છે. પરિષદના આ સ્વધર્મ પ્રચારના કાર્યને સહુ વૈષ્ણવોનો સહયોગ અવશ્ય મલશે જ.

વડોદરા ખાતે આં. પુ. વૈ. પરિષદની ગુજરાત પ્રદેશ સમિતીની મીટીંગ તા. ૧૫-૯-૮૫ના દિને પ. ભ. શ્રી ઇન્દ્રકાન્તભાઈ શેઠના અધ્યક્ષ સ્થાને મલી તેમાં વિવિધ ઠરાવો પસાર કરવામાં આવેલ. ૫૦ ઉપરાંત પ્રતિનીધીઓએ ભાગ લીધેલ.

–સંપાદક

શ્રી વલ્લભાખ્યાન વ્યાખ્યા પુસ્તક મુંબઈમાં રૂ. ૧૫ની ન્યોછાવરથી નીચે લખેલ સ્થળેથી મલી શકશે.

[૧] આં. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય જી-૨ સીતારામ બિલ્ડીંગ,
પલ્ટન રોડ, મુંબઈ--૧

[૨] શ્રી ભોગીલાલ રમણલાલ શાહ 'મથુરા ભુવન' ૮૭/૪
બજાજ રોડ, પાર્લા વેસ્ટ,

(ટપાલથી મંગાવનાર માટે ન્યોછાવર રૂ. ૧૫ ઉપરાંત પોસ્ટેજ રૂ. ૪ મલી રૂ. ૧૯નું મ.ઓ. અત્રે કાર્યાલયને કરવું જરૂરી છે.)

।। શ્રીકૃષ્ણ: ।।

પ્રસ્થાન ચતુષ્ટય

લેખક : **પૂ. પા. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, વડોદરા**

[ગતાંકથી ચાલુ]

૩. વ્યાસ સૂત્રાણિ ચૈવ હિ –

ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા ઉચ્ચારાયેલી વાણીને પ્રમાણરૂપે કહીને હવે આગળ શ્રી આચાર્ય ચરણ મીમાંસા શાસ્ત્રને પોતાના તૃતીય પ્રસ્થાનમાં જણાવે છે.

"વ્યાસસૂત્રો" એટલે **"અથાતો બ્રહ્મજિજ્ઞાસા"** આ સૂત્રથી આરંભ કરી ચાર અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસે વેદ–વેદાંતની સમીક્ષામાં જે સૂત્રો રચ્યાં તે બ્રહ્મ સૂત્રો અથવા વ્યાસસૂત્રો છે.

જો કે કેટલાક આધુનિક વિચાર કો વ્યાસ અને બ્રહ્મસૂત્રના વિષયમાં ગંભીર મતભેદો ધરાવે છે કેટલાકનું એમ માનવું છે કે, વ્યાસ એ કોઇ એક વ્યકિત નથી પણ એક પરંપરાનું નામ છે. એટલે વ્યાસ પરંપરામાં આવનાર પ્રત્યેક વ્યકિતને વ્યાસ તરીકે જ પહેલાં ઓળખવામાં આવતા હતા અને તેથી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ અને બાદરાયણ વ્યાસ જુદા છે, તેમ એ લોકો માને છે. તેમજ તે લોકોનું એમ પણ માનવું છે કે, વેદનો વિભાગ કરનારા એ વેદ વ્યાસ છે. ભાગવતના કર્તા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ છે. મહાભારતના રચયિતા પારાશર વ્યાસ છે. બાકીના ૧૭ પુરાણોમાં પણ ઘણા બધા અલગ – અલગ વ્યાસોની કૃતિ છે અને પ્રવર્તમાન બ્રહ્મસૂત્ર કિંવા વ્યાસસૂત્રોના કર્તા એ બાદરાયણ વ્યાસ છે. તેમજ ઉપર જણાવેલા દરેક વ્યાસનો કાળ પણ જુદો જુદો છે. તેવી જ રીતે ગીતાના ૧૩ માં અધ્યાયમાં જે બ્રહ્મસૂત્રોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે :–

"ઋષિભિર્બહુધાગીતં, છન્દોભિર્વિવિધૈ: પૃથક્ ।
બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ, હેતુમદ્‌ભિર્વિનિશ્ચિતૈ: ।।"
(ગીતા ૧૩–૪)

અહીં દર્શાવેલા બ્રહ્મસૂત્ર અને આજના પ્રવર્તમાન વ્યાસસૂત્ર છે કે જેના પર સર્વ આચાર્યોનાં ભાષ્યો તે બન્ને અલગ છે. તેમની માન્યતા મુજબ આજથી ૨૨૦૦ વર્ષ પર (એટલે કે "ઇસુ"ના પૂર્વ ૨૫૦ વર્ષ) તે સમયમાં એક સૂત્રયુગ આવ્યો હતો. જેમાં સિદ્ધાંતનું કે વિષયનું નિરૂપણ સૂત્રો દ્વારા સમજાવવાની પ્રણાલિકા પ્રચલિત થઇ હતી. જેને કારણે તે સમયમાં અનેક સૂત્ર ગ્રન્થોની રચનાઓ થઇ હતી. જેમાં આંગસૂત્રો–વ્યાકરણ સૂત્રો – ભકિત સૂત્રો–વેદાન્ત સૂત્રો વગેરેનો સમાવેશ થાય છે તે જ સમયમાં (તે સૂત્રયુગ) બાદરાયણ વ્યાસનો કાળ કલ્પી આ વેદાન્ત સૂત્રની રચનાનો કાળ પણ તેઓ આજથી ૨૨૦૦ વર્ષ પર માને છે.

ઉપર જણાવેલા બધા જ મતો શ્રી આચાર્ય ચરણના મતથી સમ્મત નથી. કારણ કે પ્રભુની નામ અને રૂપ એ ઉભયવિધ ક્રીડા અલૌકિક હોઇ તેનું જ્ઞાન અથવા તેનું પ્રતિવાદન ભગવત્કૃપા અને ભગવદિચ્છા વિના સંભવિત નથી. તેથી જ પરમ કારુણિક પ્રભુએ આ સર્વ કાર્યોના હેતુથી જ પોતાની જ્ઞાન કલા દ્વારા વ્યાસરૂપે અવતાર ગ્રહણ કર્યો અને તે અવતાર દ્વારા પોતાના મહાન કાર્યથી **વ્યાસોચ્છિષ્ટં જગત્સર્વમ્**'ની અદ્ભુત પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરી શકયા. પારાશરકૃષ્ણદ્વૈપાયન બાદરાયણ–વેદવ્યાસ અથવા વ્યાસ આ બધાં જ નામો એકનાં જ છે. તેમજ વ્યાસ નામથી પ્રસિદ્ધ સર્વ કૃતિઓ એક જ જ્ઞાનાવતાર વ્યાસની છે. જો જ્ઞાન અવતાર વ્યાસથી ભિન્ન બાદરાયણ વ્યાસને માનવામાં આવે તો શ્રુતિ સ્મૃતિના અર્થમાં કે નિર્ણયમાં બ્રહ્મ સૂત્ર પ્રમાણભૂત થઇ શકે નહિ. જેમ સ્મૃતિ ગ્રંથોમાં ઘણા ઋષિઓ દ્વારા સ્મૃતિ ગ્રંથોની રચના કરવામાં આવી છે તેમ છતાં પણ બ્રહ્મ વિદ્યાના વિકલ્પે સ્મૃતિ ગ્રંથોમાંથી માત્ર ગીતાને જ બધા વેદાર્થમાં પ્રમાણ તરીકે સ્વીકારે છે. કારણ કે અન્ય પ્રાકૃતિક ઋષિઓ દ્વારા ઉચ્ચારેલાં વાકયો છે. તેવી જ રીતે શ્રી વ્યાસ ચરણ પણ સાક્ષાત્ પ્રભુના જ્ઞાનાંશથી પ્રકટ થયેલા હોઈ અને તેમનું અવતાર પ્રયોજન તે માટેનું જ હોઇ શ્રી વ્યાસ ચરણે જે વેદ વેદાન્તનું અર્થ ગ્રહણ કર્યું હોય કે તે સંબંધમાં જે નિર્ણય કરેલો હોઇ તે પણ પ્રમાણભૂત જ છે; કારણ કે જ્ઞાનાંશત્વેન તે અર્થ ગ્રહણ કે નિર્ણય પણ પ્રભુ દ્વારા જ પ્રકટ કરવામાં આવેલો છે. અને તેથી જ શ્રી આચાર્યચરણ અણુભાષ્યમાં આજ્ઞા કરે છે કે 'વ્યાસસ્યાપિ ભગવજ્જ્ઞાનાંશત્વાદદોષઃ' (અ. ભા. ૧–૨–૬)

વેદનો વિભાગ–મહાભારતની રચના–પુરાણોની રચના–ભાગવતની રચના અને વેદાંતમાં વ્યાસચરણનું પ્રામાણિકપણું (સૂત્રધાર) તરીકે આ સર્વ એકથી જ તેમ હોવાનું શ્રી ભાગવત પ્રથમ સ્કંધથી ફલિત થાય છે. તેમજ શ્રી ભાગવતમાં તે સ્થાને થયેલા ઉલ્લેખથી વ્યાસચરણનો સમય પણ નિશ્ચિત થઈ જાય છે. જેથી પહેલાં કહેવાયેલા બધા જ મતો આપો આપ નિરસ્ત થઇ જાય છે.

૧. દ્વૈપાયનો વિરહકાતર આજુહાવ ।
(ભાગવત ૧–૨–૨)

૨. તતઃ સપ્તદશેજાતઃ સત્યવત્યાં પરાશરાત્ ।
ચક્રે વેદતરોઃ શાખા દૃષ્ટવા પુંસોડલ્પ મેધસઃ
(ભાગવત ૧–૩–૨૧)

૩. દ્વાપરેસમનુપ્રાપ્તે તૃતીયે યુગપર્યયે ।
જાતઃ પરાશરાદ્યોગી વાસવ્યાં કલયા હરેઃ ॥
(ભાગવત ૧–૪–૧૪)

૪. ઋગ્યજુઃ સામાથર્વાખ્યા વેદાશ્ચત્વાર ઉદ્ધૃતાઃ ।
ઇતિહાસપુરાણંચ પઞ્ચમો વેદ ઉચ્ય તે ॥
(ભાગવત ૧–૪–૨૦)

૫. ઇતિ ભારતમાખ્યાનં કૃપયા મુનિનાકૃતમ્ ॥
(ભાગવત ૧–૪–૨૫)

૬. જિજ્ઞાસિતમધીતં ચ બ્રહ્મ યત્તત્સનાતનમ્ ।
તથપિ શોચસ્યાત્માન કૃતાર્થ ઇવ પ્રભો ॥
(ભાગવત ૧–૫–૪)

૭. નિર્ગતે નારદે સૂત ભગવાન્ બાદરાયણઃ ।
શ્રુતવાંસ્તદભિપ્રેતં તતઃ કિમકરોદ્વિભુઃ ॥
(ભાગવત ૧–૭–૧)

ઉપર જણાવેલા ભાગવત પ્રથમ સ્કંધના અલગ–અલગ અધ્યાયોના શ્લોકો પૈકી પ્રથમ શ્લોકમાં જેમને દ્વૈપાયન કહેવાયા છે તેને જ સાતમાં શ્લોકમાં બાદરાયણ અને બીજા શ્લોકમાં પારાશર તરીકે ઓળખવામાં આવ્યા છે, તેમજ તેમને જ ચોથા શ્લોકમાં વેદ વ્યાસ તરીકે બતાવવામાં આવ્યા છે. તેવી જ રીતે જેમના દ્વારા ચોથા શ્લોકથી વેદ વિભાગ કરવામાં આવ્યા છે, તેમની જ કૃતિ મહાભારતમાં છે એમ પાંચમા શ્લોકથી અને તેમના દ્વારા જ પુરાણોની રચના એ ચોથા શ્લોકથી જોવા મળે છે. અને તેજ વ્યાસ મહાનુભાવે સમાધિ દ્વારા શ્રી ભાગવત પ્રકટ કર્યું, એમ તે સ્થાનોની કથાથી જાણવા મળે છે. તેમજ આજ વ્યાસ મહાનુભાવની વેદ–વેદાંતમાં પૂર્ણ યોગ્યતા અને અધિકાર છે, તેમ છઠ્ઠા શ્લોકમાં બતાવ્યું છે. તથા આજ વ્યાસચરણ ભગવાનના જ્ઞાનાંશથી સત્તરમાં અવતાર તરીકે બીજા શ્લોકમાં પ્રતિપાદિત થયેલા છે. આમ શ્રી ભાગવતનાં આ સર્વ પ્રમાણોથી એક જ વ્યાસ દ્વારા આ સર્વ શાસ્ત્રોની રચના છે, તે સ્પષ્ટ થાય છે.

આ માસના ઉત્સવ

ભાદરવા વદિ ૧૨ તા. ૧૧–૧૦–૮૫ શુક્રવાર શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭)

ભાદરવા વદિ ૧૩ તા. ૧૨–૧૦–૮૫ શનિવાર શ્રી ગુસાંઇજીના ત્રીજા લાલ શ્રી બાલકૃષ્ણલાલજી નો ઉત્સવ (સં. ૧૬૦૬)

ભાદરવા વદિ ૩૦ તા. ૧૪–૧૦–૮૫ સોમવાર સોમવતી અમાસ. સાંઝીની સમાપ્તિ, કોટની આરતી. નવરાત્રિ આરંભ. અંકુરારોપણ (એકમનો ક્ષય છે.)

આસો સુદિ ૯ તા. ૨૨–૧૦–૮૫ મંગળવાર વિજયાદશમી

આસો સુદિ ૧૧ તા. ૨૪–૧૦–૮૫ ગુરુવાર પાશાંકુશા એકાદશી વ્રત

આસો સુદિ ૧૩ તા. ૨૬–૧૦–૮૫ શનિવાર શ્રી બાલકૃષ્ણલાલજીનો પાટોત્સવ (સુરત)

આસો સુદિ ૧૪ તા. ૨૭–૧૦–૮૫ રવિવાર શરદ પૂર્ણિમા, રાસોત્સવ

આસો સુદ ૧૫ તા. ૨૮–૧૦–૮૫ સોમવાર ખગ્રાસ ચંદ્ર ગ્રહણ, સ્પર્શ રાત્રે ૯/૨૪ મોક્ષ રાત્રે ૧/૦૨

આસો વદ ૧ તા. ૨૯–૧૦–૮૫ મંગળવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ

આસો વદિ ૧૧ તા. ૯–૧૧–૮૫ શનિવાર રમા એકાદશી વ્રત.

॥ શ્રી વલ્લભઃ ॥

શિશુ શૌર્યનું મંગલ પ્રસ્થાન

આપનો ઋણિ, આપ સરખા વલ્લભીઓની કૃપાદષ્ટિથી સ્મરણ દ્વારા શરણ દઢ કરવાનો મનોરથી અતિ અલ્પજ્ઞ તુચ્છબુદ્ધિનો શ્રી મહાપ્રભુજીનો આશ્રિત ભગવદ્ચરણાનુરાગી દાસાનુદાસ દિનકિંકર–અરાદ

પ્યારા વલ્લભીય મારી શું યોગ્યતા છે ? અનેક અપરાધોની, અનેક દોષોની અખૂટ ખાણ જેવો, આપ સરખા વૈષ્ણવોની કૃપાથી શ્રી મહાપ્રભુજી ની મહોદરતાથી (બલિષ્ઠ) પોષાઇને અભયતાને પામ્યો છું.

વ્હાલા ! સંસારી જીવ છું. સાઠ વટાવી છતાંયે હજી કશું પ્રાપ્ત થયું નથી. ભાટની માફક રાગડા કરી જીવનના ભારને હલકો કરવાનો ઉપાય શ્રી ગુરુદેવની કૃપાથી કર્યો છે. હૃદયના સુરો અંતરના આક્રંદ, અંતઃકરણની આર્તિ શ્રી વલ્લભાધીશે બક્ષી છે. આઠ વર્ષની ઉમરે બ્રહ્મસંબંધ થયો. દ્વિતીય ગૃહનો સેવક છું. ગુરુદેવ શ્રીમદ્ ૧૦૮ શ્રી ગિરિધર બાવાની દ્રષ્ટિએ ચડયો. કૃપાનાથે ખૂબ કૃપા કરી, અતિ વહાલ વરસાવી શરણે લીધો. પ્રભુએ અનેક ભગવદીયોને મારી ઝૂંપડી ઉપર મારા ઉપર. વિશેષ કૃપા કરવા, કૈંક ગૂઢ રહસ્યોને મારા કોરા હૃદયમાં રેડવાને માટે મોકલ્યા છે. હજીયે અસ્ખલિત પ્રવાહ ચાલુ રાખ્યો છે. ભગવદીયોની એ મહોદરતાનો કયારેય બદલો વળાય તેમ નથી. શ્રીજી એ રીતે આશ્વાસન આપે છે. હૃદયના તાપોને શમાવી મારૂં સમાધાન કરાવે છે. નિશ્ચય દઢ કરાવે છે. મને ભગવદીયોનું અપાર બળ છે. વ્હાલા, સંયોગમાં પણ હૃદય ભરાય છે, વિપ્રયોગી તો છું જ. મારી અધમતા, મારો ભૂતકાળ, શ્રીની પરોક્ષ અને અપરોક્ષ બન્ને બાબતે બન્ને અવસ્થામાં મારા સારાયે અંગમાં વિકળતા ઉત્પન્ન કરે છે. સંયોગમાં ડર રહે છે કે આ આનંદ, આ પૂર્ણાનંદ, આ નિત્યાનંદ (નિજાનંદ) ને કોઇ ઝૂંટવીતો નહિ લે ને? તદુપરાંત આ પૂર્ણાનંદ મારા પૂર્વેના કૃત્યોથી અપ્રસન્નતા તો નહિ થાય ને? વળી વસવસો થાય છે કે પ્રસન્નતાથી કયારે મને બોલાવશો. પ્રિય પ્રાણનાથ! કયારે માગી માગીને આરોગશો. જીદ કરી પ્રેમભર્યા કંઠે વસ્તુ કયારે માગશો.

ભગવદ્ ભકતોની કૃપાદ્રષ્ટિ છે. એ કૃપાની વૃષ્ટિતો યોગ્યતા તપાસ્યા વિના એકધારી

અખંડિત વહેતી હું નજરે નિહાળું છું પરંતુ! એ મારા વ્હાલા વલ્લભના વલ્લભ! મારી સંસારાશક્તિ પ્રબળ હોવાથી એ કૃપા વૃષ્ટિના પ્રવાહો મને કયાંથી સ્પર્શે ? મને એ કયાંથી અનુભાયવ ભાઇ! લૌકિકાસક્તિ કયાંથી છૂટે. એને તો એક માત્ર ઇલાજ છે ભગવદ્ સંગ. હું ભગવદ્ ભક્તોનો સંગ ચાહું છું. ભગવદ્ ભક્તોના દર્શન, સેવા અને સ્મરણ ચાહું છું. શ્રી વલ્લભધીશના વ્હાલાઓની પ્રસન્નતા ચાહું છું.

વ્રજનું સ્મરણ ન ભુલાય, વ્રજ વલ્લભ પ્રિયતમની યાદ રોમેરોમમાં ગહેરી બની જાય. સર્વેશ્વર સર્વાંગ સુંદર અંગીકૃતો સહિત અંતઃપુરમાં અખંડ નિવાસ કરે તેવી ઇચ્છા સાકાર કયારે થશે! એમના ગુણગાન એમનાં. સ્મરણ, એમનું સાનિધ્યવાળું શરણ કયારે સિદ્ધ થશે, વ્હાલા! આશ્રય દઢ એ બીજ વસ્તુ છે અને એ સ્નેહ વિના સંભવ જ નથી. તો એ પ્રકારનો વિશુદ્ધ સ્નેહ મારા કોરા હૃદયમાં કયારે પ્રગટશે. શરણાગત જીવ છું. શ્રી મહાપ્રભુજીએ હાથ પકડયો છે, એમના ચરણારવિંદમાં આસક્તિ તો ભગવદ્ ભક્તો કૃપા કરે ત્યારે જ થશે.

મારી રાહ વલ્લભવર જોતો હશે!
કયારે જઇને પડું એમને પાય,
જીવતર ધન્ય થાય, કૃપાદૃષ્ટિ રાખજો.

કહો વ્હાલા! ભાવ વિચારો એ આનંદનો નિધિ અનન્ય ભગવદીય દ્વારા જ અનુભવાય છે કે નહિ? આપની રીતે આપ ગમે તેમ ધારો, મારી રીતે મારૂં માનવું બરોબર છે. અને એ સર્વેશ્વરને પણ કબુલવું પડશે. હું વિપ્રયોગી જ સારો છું. આપનું અહર્નિશ સ્મરણ રહેશે, અને તો જ મારૂં શરણ સિદ્ધ થવાનું છે.

ભૈયા! ગોકુલ કબ જાયેંગે! આ ભરદરિયે વ્રજમાં જાવાનો, પરિક્રમામા થશે ને! ત્યાંજ સદા નિવાસ થાય તો કેવું? આપણા ઘરમાં પ્રભુ બિરાજે, આપણે પ્રભુના ઘરમાં (ગોલોક વ્રજમાં) વસીયે તો પછી કોની મગદૂર છે. કાળ પણ આપણને સ્પર્શ કરતા ગભરાય, એને પણ શોટ લાગી જાય ખરૂં ને!

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

વારંવાર શ્રીયમુને ગુન-ગાંન કીજેં
યેહી રસનાતેં જો નામ–રસ અમૃત
ભાગ્ય જાકે હે સોઈ જુ પીજેં. ૧
ભાનુ–તનયા અતિહીં કરૂણામયા
કર ઈનકી આસ અબ સદાંહિ જીજેં.
'ચત્રભુજ' દાસ કહે, સોઇ પિય પાસ રહે,
જોઇ શ્રીયમુનાજીકે, રસ જુ ભીજેં. ૨

અર્થ–ચત્રભુજદાસજી આગ્રહપૂર્વક કહે છે–હે વૈષ્ણવો ! વારંવાર તમે શ્રીયમુનાજીના ગુણગાન કરો, પ્રભુયે જીભ (રસના) આપી છે તો તેનો સદ્ઉપયોગ એજ છે કે સ્નેહ સ્વરૂપ શ્રીયમુનાજીના નામરૂપી અમૃતનું પાન કરવું. પરંતુ તમારા ભાગ્યમાં હશે, શ્રી ઠાકોરજી અને શ્રીયમુનાજીની કૃપા હશે–તોજ આ નામામૃતનું પાન કરી શકશો.

ભાનુતનયા શ્રીયમુનાજી સાક્ષાત્ દયાનું સ્વરૂપ છે. એની કૃપાને ભરોસે જીવન વ્યતિત કરજો. શ્રીયમુનાજીના રસથી જે રસપૂર્ણ રહે છે તેને શ્રી ઠાકોરજી પોતાની નિત્ય લીલામાં અવશ્ય પ્રવેશ આપે છે.

વિવેચન – જીભને રસના કહેવામાં આવી છે. જે બે કાર્યો કરે છે, બોલવાનું અને સ્વાદ લેવાનું જીવ સ્વભાવથી દુષ્ટ છે. મનનો સ્વભાવ પાણી જેવો એટલે નિચાણ તરફ વહન કરવાનો છે. એટલે મલિન મનની પ્રેરણાથી જીંહ્વા ઘણું અર્થ વગરનું–ન બોલવા જેવું પણ બોલતી રહે છે. તેમજ અશુદ્ધ–શાસ્ત્ર નિષિધ–ખાન–પાનમાં એને આનંદ આવે છે. એટલે શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજીના નામામૃતમાં એની આસક્તિ થતી નથી. દયારામભાઇ પણ જીભને સામ, દામ, દંડ, ભેદ વગેરેથી સમજાવતાં કહે છે–

પદ (ઉર્દુમાં)

હરદમ શ્રીકૃષ્ણ કહે, શ્રીકૃષ્ણ કહે તું જબા મેરી,
યેહિ મતલબ કે ખાતીર, કરતા હું ખુશામદ તેરી૧
માખણ મિશ્રી દુધ દહીં, હરદમ મેં ખિલાતા
હું તુઝે,
તો બી શ્રીકૃષ્ણનામ, ના સુનાતી હે મુઝે ૨
કર ગોવિંદ ગુનગાન, તો મુખમેં પડી રહે ભલા,
નાતર મેં ખેંચ નિકાલું, કયા મુખમેં આય બલાઉ
ખોઈ જીંદગાની સારી, સોઇ ગુન્હા માફ તેરા,
'દયા' પ્રિતમ અબ શ્રીકૃષ્ણ ભજલે, આખિર
વખ્ત મેરા ૪

જીંહ્વાનો આવો પ્રકાર છે, પરંતુ પ્રભુ પરમકૃપાળુ છે. નિઃસાધનના આપ સાધન બને છે, એટલે એની કૃપાથી નામ સ્મરણ પ્રત્યે રૂચિ ઉત્પન્ન થાય છે. નહિંતર અનેક પ્રકારના કુવિચારો, આળસ, અભાવ, કંટાળો વગેરે વિઘ્નો આવે છે. પરંતુ ભાનુ તનયા શ્રી યમુનાજી અને નિકુંજ નાયક શ્રીનાથજીના કૃપાબળથી સર્વ કાર્ય અવશ્ય સિદ્ધ થશેજ. 'સ્વભાવ વિજયોભવેત્'.

સોરઠો

રસના તું રટતી રહે શ્રીયમુને સુંદર શ્યામ;
દુઃખ દ્વંદ્વ દૂર થાય ને ચરણ કમળ વિશ્રામ.

–ક્રમશઃ

પરમ ભગવદીય શ્રી સગુણદાસજી

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

પુષ્ટિમાર્ગ અનેક ભગવદ્દિય વૈષ્ણવ ભકતોની ભક્તિથી સરળ અને સુરમ્ય બનેલો છે. પુષ્ટિમાર્ગની કૃષ્ણ ભકિત ભાવનાના અનન્ય અનુયાયી ભકતોમાં શ્રી સગુણદાસજીનું નામ સર્વદા અવિસ્મરણિય રહેશે. ભાવપ્રકાશની ટીકા દર્શાવે છે કે તેઓ બંગાળના વતની હતા. બાલ્યાવસ્થાથી જ તેઓ વ્રજભૂમિ પ્રત્યે અનેરો અનુરાગ હતો. વ્રજધામમાં વિચરણ કરવું એ તેમના મનની એક અદમ્ય લાલસા હતી. ભગવાનની લીલાનું રહસ્ય પામવાની જિજ્ઞાસામાં એકવાર ભ્રમણ કરતાં કરતાં તેઓ ગોકુલ પહોંચી ગયા.

ગોકુલમાં શ્રી ઠકુરાણી ઘાટ પર તેમને ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન થયાં. તેમને જોતાં વાર શ્રીગુસાંઇજીએ તેમના નામનું સંબોધન કરી પોતાની પાસે બોલાવ્યા. પોતાના જેવા તદ્દન અપરિચિતને પૂર્ણ પરિચિતની જેમ આત્મીયતાથી શ્રી વિઠ્ઠલેશજીએ બોલાવ્યા અને પાસે બેસાડયા એ શ્રી સગુણદાસજી માટે એક વિશિષ્ટ અનુભૂતિ બની ગઈ. તેમનામાં સાક્ષાત્ નંદકુમાર શ્રીકૃષ્ણના દર્શન કરી શ્રી સગુણદાસજીને તેમના શરણે જવાની મનોમન ઇચ્છા થઇ. આજ્ઞા લઇ અષ્ટાક્ષર નામનિવેદનપૂર્વક તેઓ શ્રીગુસાંઇજીના શરણે આવ્યા. ગુરુ સંપર્કનો તેમના પર એટલો ગહન પ્રભાવ પડયો કે તેમના ચિત્તમાં ભગવદ્લીલાનું સ્મરણ સ્ફુરણ થયું. તેમના પર પ્રભુ કૃપા વરસી. અનેક નવાં નવાં સુંદર પદોનું ગાન કરી તેઓ શ્રીનાથજીને રીઝવવા લાગ્યા. તેમનાં કીર્તનો 'સગુણદાસ' નામની છાપથી અંકિત છે.

સંવત ૧૬૨૮ સુધી શ્રી સગુણદાસજીના જીવનની ઉપસ્થિતિ વિષે જાણ મળે છે. શ્રીગુસાંઇજી મહારાજના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો ઉલ્લેખ તેમના એક પદમાં થયેલ છે જે તેમણે જન્મોત્સવની વધાઇના રૂપમાં ગાયું છે :–

"શ્રી ઘનશ્યામ જૂ સુખદ સ્વરૂપ ।
શ્રી મુખ દેખત અતિ સુખ ઉપજાત જાકી
કાન્તિરૂપ અનૂપ ।।
શ્રી પદ્માવતી કૂખ પ્રગટ ભએ શ્રીગોકુલ કે
ભૂપ ।
'સગુનદાસ' ઘનશ્યામરૂપ ગુન વિરહ ભકિત
રસ રૂપ ।।"

શ્રી ઘનશ્યામજીનું પ્રાકટય શ્રીગુસાંઇજીના દ્વિતીય વહુજી શ્રી પદ્માવતીજીથી સં. ૧૬૨૮ના

માર્ગશીર્ષ માસના કૃષ્ણપક્ષમાં તેરસના દિને વ્રજના સુપ્રસિદ્ધ લીલાસ્થળ શ્રીગોકુલગામમાં થયું હતું. આથી તેમની વિદ્યમાનતા સં. ૧૬૨૮ સુધી નિર્વિવાદ પ્રમાણિત બની રહે છે.

શ્રી સગુણદાસજીના પરિવારમાં કોઇ હતું નહીં. તેઓ વિતરાગી સંત કોટિના મહાત્મા હતા. એ વસ્તુ નોંધપાત્ર છે કે સર્વ પ્રથમ તેઓ બંગાળથી વૃન્દાવન આવી ચૈતન્ય સંપ્રદાયના ગોસ્વામી શ્રી રૂપ સનાતનજીના સેવક બન્યા હતા. આ કારણે તેમના પર ચૈતન્ય મતનો પર્યાપ્ત પ્રભાવ જોવામાં આવે છે. પરંતુ ગોકુલમાં આવી શ્રીગુસાંઇજી પાસેથી દીક્ષા ગ્રહણ કરી તે પુષ્ટિમાર્ગી બન્યા અને શ્રી વિઠ્ઠલેશજીની અસીમ કૃપાથી ભગવદ લીલામાં તન્મય રહેવા લાગ્યા. શ્રીગુસાંઇજીના અંતરંગ સેવકોમાં તેમનું નામ અગ્રસ્થાને છે. પ્રસ્તુત પદ તેમની અનન્ય ગુરુનિષ્ઠાનું પ્રમાણ પૂરું પાડે છે.

'શ્રી વિઠ્ઠલેશ જુ કે ચરણ કમલ પર સદા
રહૌ મન મેરૌ ।

સીતલ સુભગ સદા સુભદાયક ભવસાગર
કો બેરૌ ।।

રસના રટત રહૌ નિસિવાસર સૂર પ્રભુ
પાવન જસ તેરૌ ।

'સગુનદાસ' ઇનકી સૌગંધ હૌં ભૃત્ય-
ભૃત્ય કૌ ચેરૌ ।।

ગુરુ શ્રી વિઠ્ઠલેશ, શ્રી વલ્લભકુલ અને સૂર પ્રભુ આ ત્રણે પ્રતિ તેમની જે સમર્પણ ભાવના આ પદ બતાવે છે એ નિશ્ચિતપણે શ્રી સગુણદાસજીની ભક્તિનું ઉત્તમ પ્રમાણ છે.

'શિવસિંહ સરોજ'માં આચાર્ય શ્રી વલ્લભની સ્તુતિનું એક પદ મળી આવે છે જેમાં તેમના અનેક ગુણોનું પ્રમાણ પ્રત્યક્ષ થાય છે. કીર્તન આ પ્રમાણે છે.

'નેહી શ્રી વલ્લભકે હૈ ગાજો ।
ચરનાંબુજ ગહિ માન ગ્રન્થિ તજિ, સ્વામી પદ
તે ભાજો ।।'

શ્રીચરણોનો આશ્રય, નિરભિમાનતા અને સ્વામીભાવવિહીનતા આ ત્રણે વૈષ્ણવ માટે પરમ આવશ્યક તત્વ છે. તેમની યાચના કરતાં કરતાં એક પ્રેમી ભકત બની અહર્નિશ ગુણાનુવાદ કરવામા રત રહેવાનું શ્રીસગુણદાસજીને અભીષ્ટ હતું. દાસાનુદાસ બની રહેવું તેમને પરમ વાંછિત હતું. તેઓ સ્વામી બની અહંભાવ યુકત જીવન વિતાવવા ઇચ્છતા ન હતા.

શ્રી સગુણદાસજીના અધિકાંશ કીર્તનો 'મહાપ્રભુસ્તુતિ મુકતવાલી'માં સંગ્રહિત છે. પુષ્ટિમાર્ગીય ભાવભાવનાનો સમગ્રતઃ નિર્વાહ એમની દરેક રચનામાં પ્રતિબિંબિત થાય છે.

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષિ શ્રી રમાનાથ શાસ્ત્રીજી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રીજી**

અમે આ ગ્રંથના પૂર્વભાગમાં યુક્તિઓનો ઉત્તર યુક્તિઓથી આપી એ સિદ્ધ કરી ચૂક્યા છીએ કે માયાવાદનો સંપૂર્ણ ભાર બુધ્ધીવાદ ઉપરજ છે. જે લોક એક વાતને યુક્તિ માત્રથી સિદ્ધ કરી અને પછી તેમાં શ્રુતિઓને લગાવે છે તે બુદ્ધિવાદ જ કહેવાય છે કારણકે ત્યાં યુક્તિઓનું જ પ્રાધાન્ય છે, અને જે લોક શ્રુતિશાશાસ્ત્રથી કોઇ વાતને સિદ્ધ કરી પછી તેને સમજાવવા માટે યુક્તિ પણ આપે તે બ્રહ્મવાદ છે કારણ કે ત્યાં કેવલ શાસ્ત્રનુંજ પ્રાધાન્ય છે, અને બુધ્ધિવાદનો એ સ્વભાવ છે કે તે સુંદર, મોહક તથા પ્રમાણિક જેવો લાગી આવે છે. પરંતુ થોડો પણ વિચાર કરવાથી તેનો મુકાબલો શ્રુતિ, સ્મૃતિઓ સાથે કરવામાં આવે તો તરત તે અપ્રમાણિક, અસત્ય અને ઇન્દ્રજાલ જેવો જણાઇ આવશે. માયાવાદીઓનાં આ ઊંટના જેવા લાંબા પૂર્વપક્ષની પણ એજ હાલત છે, માયાવાદનો બધો પ્રયત્ન તો માત્ર શ્રુતિઓને મારી મચડી જેમ તેમ તેનાં કરેલાં અર્થને પોતાની મનગઢંત યુક્તિઓમાં મેળવવા માટેજ પ્રારંભાયો છે. એ અમે આગળ સ્પષ્ટ રીતે જણાવિશું. પરંતુ હાલમાં તો એઓની યુક્તિઓનીજ કિંમત કરી દઇએ છીએ.

અત્ર મિથ્યાવાદી પ્રષ્ટવ્યઃ જગત્કતૃત્વેશિતૃત્વાદિવિશિષ્ટ નિર્વિશેષયોર્ભેદમંગીકરોષ્યુતાઅભેદમ ભેદપક્ષેપિ તાત્વિકમતાત્વિકં વા । ન તાવદાદ્ય સર્વત્રપ્રસિદ્ધોપદેશાદિત્યધિકરણવિરોધાત્ ઈત્યાદિ । ન દ્વિતીય સતુપાધિકૃત એવ સંભવતિ ઘટાદિકૃત ઇવાકાશસ્ય પ્રકૃતે તાદશ ઉપાધિ કઃ । માયૈવોપાધિઃ સચાઅનાદિરેવેતિપક્ષસ્ત્વસંગત એવ ઇત્યાદિ । સદેવ સૌમ્યેદમગ્રઆસીદિતિ શ્રુતિવિરોધશ્ચ । કિંચ ત્વન્મતેપ્યુપહિતસ્યોપાધ્યધીનતયા સ્વાતન્ત્ર્યાભાવાત્કર્તૃત્વા અનુપપત્તિઃ

ભવેદ્વા ઉપાધાવેવ સ્યાન્નતુપહિતે ઘટક્રિયેવ એવમસ્ત્વિતિ ચેન્ન, યતો વા ઇમાનિ ભૂતાનિ આનન્દાદ્ધ્યેવ ખલ્વિમાનિ ભૂતાનિ સન્મૂલાઃ સૌમ્યેમાઃ ઇત્યાદિશ્રુતિસ્મૃતિ ન્યાય વ્યાકોપાત ઇત્યાદિ વિશેષણામ વિદ્યાકલ્પિતત્ત્વં વદન્વાદી પ્રષ્ટવ્યઃ કા સા અવિદ્યા, જીવ ગતા બ્રહ્મગતા વા યત્કલ્પિતા વિશેષાઃ નતાવદાદ્યઃ । તસ્યા બ્રહ્મગતધર્મકલ્પને સામર્થ્યાભાવાત । કલ્પના હિ શુદ્ધ બ્રહ્મણિ વાચ્યા । તાદશસ્ય •મનોવચસોરપ્યવિષયત્વેનાધિષ્ઠાનજ્ઞાનાભાવાંજીવસ્યાઃ-સંબંધસ્તુ દૂરતરઃ પરાંચિ ખાનીત્યનેનાવિદ્યાસંબંધી ન્દ્રિયાણામવિષય ઇત્યુક્ત્વા તદ્રહિતેન્દ્રિય વિષયત્વં કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માન મૈક્ષદાવૃતચક્ષુરમૃતત્વમિચ્છન્ ઇત્યનેન નિરૂપ્યતે ઇત્યાદિ । વસ્તુતસ્તુ બ્રહ્મધર્માઃ સર્વ એવાનાગન્તુકા એવ યતો નિત્યાઃ । શ્રુત્યા તથૈવ નિરૂપણાત્ । ન તસ્ય કાર્ય કરણં ચ વિદ્યતે તત્સંબધિયત્કિંચિત્કાર્ય જન્ય નાસ્તિ કિન્ત્વજન્યમેવ । કિંચ તસ્યે તિષ્ઠયા ભેદો નિરૂપ્યતે । તથાચ જીવવત્સ્વરૂપાતિરિક્ત જ્ઞાન ક્રિયાદિષુ કરણમિન્દ્રિયાદિકમપિ તસ્ય નાસ્તિ । આનંદમાત્રકરપાદમુખોદરાદિત્વાત । ઇત્યાદિ । વિદ્વમંડનમ્ । જે લોકો એવું કહે છે કે ચિત્ત શુદ્ધ થવા માટેજ ઉપાસનાર્થ સોપાધિક વા સધર્મક બ્રહ્મ માન્યું છે. તો તેઓને પૂછવામાં આવે છે કે નિર્વિશેષ શુદ્ધ બ્રહ્મ અને સોપાધિક બ્રહ્મ આ બંન્નેનો પરસ્પર ભેદ છે કે અભેદે અર્થાત કર્તૃત્વ ભોક્તૃત્વ ધર્મવિશિષ્ટ શબલ બ્રહ્મ અને યાવદ ધર્મશૂન્ય નિર્વિશેષ બ્રહ્મ એ બંન્ને બિલકુલ અગ્નિ અને જલની માફક જુદાં છે અથવા એક છે? અગર 'જુદાં છે,' એમ કહો તો પણ શું કોઇ ઉપાધિને કારણે બંનેનો ભેદ માનો છો કે વાસ્તવમાં જુદાં છે? વાસ્તવમાં જુદાં છે એ તો કહી શકાય નહિ કારણકે બંન્નેનો વાસ્તવ ભેદ માનશો તો અદ્વૈતની ઠેકાણે દ્વૈતાપત્તિ થઇ જશે અને 'સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત' આ વ્યાસસુત્રનો પણ વિરોધ આવી નડશે.

વેદાંતસુત્રો, વ્યાસસુત્રો અથવા ઉત્તરમીમાંસાસુત્રો એ ફકત મંદ અને મધ્યમાધિકારીઓને પરસ્પર વિરૂદ્ધ ભાસતી શ્રુતિઓનો વિરોધ અને સંદેહને દૂર કરવા ખાતરજ રચાયાં છે. તો હવે ઉક્તસુત્ર પણ છાંદોગ્યોપનિષત્‌ના પંચમ પ્રપાઠકના સક્રતું કુર્વીંત મનોમયઃ પ્રાણ શરીરઃ' ઇત્યાદિ વાકયોનો સંદેહ દૂર કરવાને માંટે જ પ્રવૃત્ત થયું છે, અહીં (શ્રુતિમાં) 'મનોમયઃ' અને પ્રાણશરીરઃ આ ઉભય પદો હોવાથી એ સંદેહ ઉદભવે છે કે આ વાકયમાં ઉપાસના કરવા યોગ્ય જીવ છે કે બ્રહ્મ ? પૂર્વ પક્ષી કહે છે કે શ્રુતિમાં 'મનોમયઃ અને પ્રાણશરીરઃ' આ બે પદો હોવાથી જીવજ ઉપાસના કરવા યોગ્ય છે, તો એના ઉત્તરમાં વેદવ્યાસજી વદે છે કે સર્વ વેદાંતોમાં મનોમય, પ્રાણ શરીર, સર્વાન્તર્યામી સ્વરૂપ એક

બ્રહ્મ જ પ્રસિદ્ધ છે, અને તેની જ મનનદ્વારા ઉપાસના કરવા માટે ઉપદેશ કર્યો છે, મનોમયઃ અને પ્રાણશરીરઃ’ આ પદોનો એવો અર્થ છે, કે જે વિશુદ્ધ મનથી ગ્રહણ કરાય અને પ્રાણોનો આધાર અથવા નિયંતા કે આનંદમય વિગ્રહ છે, હવે અગર ઉપાસ્ય (ઔપાધિક શબલબ્રહ્મ) બ્રહ્મ અને નિર્વિશેષનો પરસ્પર વાસ્તવ ભેદ માનશો તો આ વ્યાસસુત્રનો સ્પષ્ટ વિરોધ આવશે કારણ કે આ સુત્રમાં પ્રસિદ્ધ એક બ્રહ્મને ઉપાસ્ય કહ્યું છે. અને તમે ઉપાસ્યને જુદું માનો છો. માટે શુદ્ધ બ્રહ્મમાં અને ઔપાધિક શબલ બ્રહ્મમાં વાસ્તવભેદ માની શકતા નથી અગર અવાસ્તવ ભેદ માની ઉપાધિવશ બંન્નેનો પરસ્પર ભેદ માનો તો પણ ઘટાકાશ, મઠાકાશ, વિગેરે ઔપાધિક ભેદો ગણાય છે તેમ બંને બ્રહ્મનો ઔપાધિક ભેદ અર્થાત્ ઉપાધિ કૃત ભેદ માનો તો પણ એવો પ્રશ્ન થઈ આવે છે કે તે અન્યોન્યથી એક બીજાનો ભેદ કરાવનારી ઉપાધિ કોણ છે ? અને તે ઉપાધિનું ગ્રહણ કરવાની બ્રહ્મને જરૂર પણ શી પડી છે ? અગર અનાદિ માયા જ ભેદનું કારણ છે એમ કહો તો પણ યુકત નથી કારણ કે એક માયા અને બીજું બ્રહ્મ આમ સ્પષ્ટ દ્વૈતતા આવી પડે છે. આ વાત અમે પૂર્વભાગમાં સિદ્ધ કરી આવ્યા છીએ. બીજું ઉપાધિથી ભેદ માનવામાં ‘સદેવ સૌમ્યેદમગ્રઆસીત’ આ શ્રુતિનો વિરોધ પણ ઊભો જ છે, માયા વિગેરેને અસત્ય માની અગર અદ્વૈત કરવા ચાહતા હો તો તેનું ખંડન આગળ જઇ કરીશું. સદેવસૌમ્યેદગ્રમ્’આસીત્આશ્રુતિમાં સૃષ્ટિની પહેલાં અન્ય સત્તાનો નિષેધ કરી માત્ર એક બ્રહ્મની સત્તા સ્થાપી છે. ‘સોઅનુવીક્ષ્ય નાન્યદ્દાત્મનો અપશ્યત’ અથાત પરમાત્માએ ચારે તરફ નજર નાંખી જોયું તો તેણે પોતાને છોડી બીજું કાંઇપણ ન ભાળ્યું.’ આ શ્રુતિ પણ સૃષ્ટિની પહેલાં બ્રહ્મ સિવાય બીજાની સત્તાનો સ્પષ્ટ રીતે નિષેધ કરી રહી છે. હવે અગર શુદ્ધ અને શબલ બ્રહ્મમાં કોઇ ઉપાધિને કારણે પરસ્પર ભેદ માનશો તો સૃષ્ટિની પૂર્વમાં એક માયારૂપ ઉપાધિ પણ અવશ્ય માનવી જોઇશે. તો પછી ઉકત શ્રુતિનો વિરોધ સ્પષ્ટ જ ઝલકી ઉઠે છે. ખરી રીતે તો માયાવાદમાં ‘જીવ ઇશો’ આ પ્રતિજ્ઞા મુજબ છ વસ્તુઓને અનાદિ માની છે, વાસ્તે ખુલ્લી રીતે દ્વૈતપણું તથા ઉકત શ્રુતિઓનો વિરોધ વ્હોરી લીધો છે.

અંતઃકરણ, અવિદ્યા અથવા માયારૂપ ઉપાધિયુકત શબલ બ્રહ્મનું કર્તાપણું તથા ભોકતાપણું માનવું પણ સિદ્ધ થતું નથી. કેમ કે કર્તા હંમેશા સ્વતંત્ર હોય છે પરંતુ માયાવાદીલોક માયાને વશ થઇ બ્રહ્મ કર્તા છે એમ કહે છે, એમ કહે છે, માટે પરતંત્રનું કર્તૃત્વ પણ સિદ્ધ થતું નથી. કારણ કે સોપાધિક બ્રહ્મ ઉપાધિને અધીન છે. કદાચ ‘રાજા

અને સિપાઈનું દ્રષ્ટાંત લઈ કહો કે યદ્યપિ રાજા અને સિપાઇ પરસ્પર એક બીજાની અપેક્ષા રાખતા છતાં પણ કર્તા છે જ, 'તો પણ કામ સરતું નથી, કારણ કે આમ માનવામાં તો કર્તૃત્વ ઉપાધિમાં રહેશે. જેમ કોઇ મનુષ્ય ઘટને લઈ જતો તો હોય તો ત્યાં ચલનક્રિયા આકાશમાં નથી પરંતુ ઘટમાં જ થઇ રહી છે. આકાશ તો નિષ્ક્રિય તથા વ્યાપક છે માટે ત્યાંજ રહી જાય છે કિંતુ ઘટમાત્રમાંજ ક્રિયા થાય છે. આવી રીતે ઉપાધિયુક્તને કર્તા માનવામાં તે કર્તૃત્વ ઉપાધિમાં રહેશે. પણ કંઇ બ્રહ્મમાં આવી શકવાવું નથી. માટે 'સોપાધિ બ્રહ્મ કર્તા છે' એ પણ કહી શકતા નથી કદાચ કહો કે ભલે ઉપાધિજ કર્તા રહો તો પછી 'યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે' 'સન્મૂલાઃ સૌમ્યેમાઃ પ્રજાઃ પ્રજાયન્તે' 'આનંદાદ્ધયેવ ખલ્વિમાનિ ભૂતાનિ જાયન્તે' વિગેરે અનેક શ્રુતિઓનો વિરોધ આવી પડશે અને ઉપાધિનેજ કર્તા માનવાથી અર્થાત્ અંતઃકરણ, માયા, અવિદ્યા, અથવા બધાં અચેતન પદાર્થોને કર્તા માનવાથી પત્થર ભીંત વિગેરેને પણ કર્તા માનવા જોઇએ. તો એ મોટી પંચાત આવી પડશે અને આથીજ 'બ્રહ્મમાં કર્તૃત્વાદિ આરોપિત છે' આ પક્ષ પણ સમાલોચિત સમજો, કારણ કે જ્યારે કૂવામાં જ જલ નથી તો પછી લોટામાં ક્યાંથી આવવાનું ? અર્થાત્ જ્યારે પ્રકૃતિ કે ઉપાધિમાંજ કતૃત્વ નથી તો તેનો આરોપ તો બ્રહ્મમાં કરાયજ ક્યાંથી ? અગર કહો કે અમે કેવલ ઉપાધિને કર્તા કહેતા નથી પરંતુ ઉપાધિના સંબંધથી 'અકર્તા પણ બ્રહ્મ કર્તા થઇ જાય છે' આમ કહીએ છીએ, તો વાહ ભાઈ !! તમે ખૂબ કહ્યું પણ તે બધું વગર વિચારે જ કહી નાંખ્યુ. કારણ કે ઉપાધિ સંબંધથી જ્યારે અકર્તા પણ કર્તા થઇ જાય છે તો પછી સ્ત્રી સંપર્કથી નપુંસક પણ આપના મતમાં પુત્ર પેદા કરનાર થઈ જવો જોઇએ, વાહ યુક્તિ તો ખૂબપ્રતિષ્ઠા કમાવનારી શોધી કાઢી !!!

બ્રહ્મમાં વિશેષો અથવા તો સર્વવિકારાદિ ઉપાસનાને માટે જ અવિદ્યાથી કલ્પાયેલાં છે. આ તેઓની કલ્પના પણ એક છલ જેવી જ તરી આવે છે કારણ કે અહીં એ પ્રશ્ન થઇ આવે છે કે જેથી બ્રહ્મધર્મોની કલ્પના થાય છે તે કલ્પના કારણ માયા અથવા અવિદ્યા જીવમાં છે કે બ્રહ્મમાં ? 'અવિદ્યા જીવમાં રહી બ્રહ્મધર્મોની કલ્પના કરે છે' આ ઉત્તર તો તદન જ અસંગત છે કારણ કે હંમેશા દ્રશ્ય અને અનુભૂત પદાર્થોમાં જ કલ્પના થાય છે પરંતુ આપના મનમાં તો બ્રહ્મ, મન, વચન અને નેત્રાદિથી પણ અતીત છે અર્થાત્ અદ્રશ્ય અચિંત્ય અને અવાચ્ય છે. તો પછી આવા ઉપયુક્ત બ્રહ્મમાં જીવગત અવિદ્યા ધર્મોની કે વિશેષોની કલ્પના શી રીતે કરી શકે ? અને એ વાત ઠીક પણ છે કારણ કે 'પરાંચિખાનિ'

અર્થાત્ બ્રહ્મદર્શનમાં અવિદ્યાની સંબંધવાળી સર્વ ઇંદ્રિયો અસમર્થ છે. આ શ્રુતિ દ્વારા બ્રહ્મને અવિદ્યાવાળી ઇંદ્રિયોનો અવિષય કહી કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષત' જ્ઞાનપ્રસાદેન વિશુદ્ધસત્ત્વસ્તતસ્તુ તં પશ્યતે નિષ્કલં ધ્યાયમાનઃ' ઇત્યાદિ શ્રુતિઓ તથા 'યદ્ધિપશ્યન્તિ મુનયો ગુણાપાયે સમાહિતાઃ' વિગેરે સ્મૃતિઓ દ્વારા પણ એવુંજ કહેવાયું છે કે 'જ્ઞાનીની અવિદ્યા રહિત ઇંદ્રિયો બ્રહ્મનું દર્શન કરી શકે છે. તો હવે એ સિદ્ધ થઇ ચૂક્યું છે કે જયારે અવિદ્યાવાળી ઇંદ્રિયો ત્યાં (બ્રહ્મમાં) પહોંચી પણ શકતી નથી તો પછી જીવગત અવિદ્યા બ્રહ્મમાં ધર્મોની કલ્પના કરે છે આ પક્ષ પણ અસંગતજ થઇ ગયો છે, કદાચ કહે કે 'તે વખતે થોડી અવિદ્યા છે, એથી તો દ્રષ્ટા અને દ્રશ્ય આવું દ્વૈત બની રહ્યું છે' તો પણ ઠીક નહિ, કારણ કે પ્રાયઃ બધાના મતમાં વિશેષે કરી આપના મતમાં જ જ્ઞાન થયા બાદ અવિદ્યાનો સમૂલ નાશ માન્યો છે, અને 'કશ્ચિદ્ ધીરઃ' તમેવ વિદિત્વતિ મૃત્યુમેતિ' 'યદ્ધિ પશ્યન્તિ' વિગેરે વચનોમાં 'ધીરઃ' અતિમૃત્યુમેતિ ગુણાપાયે' ઇત્યાદિ શબ્દોથી પુરૂષનું જ્ઞાન થયા બાદ અવિદ્યા સત્તાનો સ્પષ્ટ રીતે નિષેધ કર્યો છે માટે જીવગત અવિદ્યા બ્રહ્મમાં ધર્મોની કલ્પના કરે છે' આ વાત તદ્દન જ અસંગત કરે છે.

પ્રકાશન સહાય રૂ. ૧૦૧

ગો. વા. રેવાબેન ધનજીભાઈના જયશ્રીકૃષ્ણ
હા. અમૃતલાલ ધનજીભાઇ તથા પરિવાર

॥ શ્રી વલ્લભો જયતિ ॥
॥ વાક્પતિ વિઁઠ્ઠેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ: શ્રીવલ્લભાયન મહા કાવ્ય રચયિતા
શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

[શ્રીમદ્ વલ્લભાચાર્યજીના દિવ્ય ચરિત્રની કથા શ્રીલ્લભાયન–મહાકાવ્યરૂપે શ્રીવલ્લભ પ્રભુની સમસ્ત ભારતમાં ત્રણ વખત પદયાત્રા, અગિયાર વખત વ્રજ પરિક્રમા, ગ્રંથોની રચના, છ સોમયાગ, શ્રીગોવર્ધન નાથજીની કથા, કનકાભિષેક લગ્નોત્સવ, શ્રીગોપીનાથજી, શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાકટય અને ચરિત્રો, અનેક પ્રસંગો, માનવધર્મ ભાગવત્ ધર્મચે પદેપદે પ્રતિપાદન કરતા આ દિવ્ય ચરિત્ર છંદોબદ્ધ રચના ધમ્બોલા (રાજસ્થાન) નિવાસી શ્રીમાન ગણપતરામભાઇ શાસ્ત્રીજીએ કરેલ છે.

અત્યાર સુધીમાં શ્રીવલ્લભાયન–મહાકાવ્યની ૪૦૦ ઉપરાંત મહા કથાઓ ભારતભરમાં છેલ્લા પાંત્રીસ વર્ષ દરમ્યાન તેઓ કરી ચૂકયા છે અને આ કથા સર્વતોમુખી બનેલ છે.

આ મહાકાવ્ય સંબંધમાં પૂ. પા. ગો. શ્રી દિક્ષિતજી મહારાજશ્રીના ઉદ્ગારો–

“આ ગ્રંથ મુદ્રિત થવાની ખાસ જરૂર છે. જેથી ભવિષ્યમાં લગભગ ૩૦૦ ગ્રંથોને આવરી લેતું “શ્રીવલ્લભ દર્શન શાસ્ત્ર તરીકે સંપ્રદાયમાં એક પ્રમાણરૂપ ગ્રંથ બને આવા પ્રકારનો પ્રયાસ અત્યાર સુધીમાં કાવ્યરૂપ ન બનેલ હોવાથી ભવિષ્યમાં સાંપ્રદાયિક પ્રજાને ઘણો ઉપયોગી, પઠન, પાઠન અને વાદ્યગીત સાથે ગાતા આનંદદાયી તુલસીકૃત રામાયણની માફક સંપ્રદાયમાં અદ્વિતીય મહાકાવ્ય બની રહેશે.”

આ મહાકાવ્ય મુદ્રિત થઈ શકયું નથી. પરંતુ વાચકોને લાભ મળે તેવા શુભાશયથી ગ્રંથના હાર્દ દર્શાવતા લેખો ક્રમશઃ શ્રીવલ્લભ સુધામાં પ્રસ્તુત કરવાનું કૃપાથી સ્વીકારતાં લેખકશ્રીને આભાર સહ અભિનંદન.

–સંપાદક]

મહત્વ પંડિતાઇનું કે ભાવનું

સર્વ શકિતમાન સર્વેશ્વર નિયન્તા શ્રી પરબ્રહ્મ પુરુષોત્તમ છ પ્રકારના અવતાર ભેદમાં પરિપૂર્ણ સ્વરૂપ ભૂતલમાં અવતીર્ણ શ્રીકૃષ્ણ નામથી ઉપનિષદો, પુરાણો અને સંહિતા-

ઓમાં કૃષ્ણ શબ્દની વિસ્તૃત ક્રીડાનું દિગ્દર્શન કરાવનાર શ્રીવલ્લભ પ્રભુના ઇષ્ટદેવ શ્રીગોવર્ધનેશના ચરણ કમલમાં કોટિકોટિ દંડવત્ પ્રણામ.

અંશ, કલા, અંશાઅંશ, પૂર્ણ પરિપુર્ણ અને આવેશ નારાયણાદિ ૬ સ્વરૂપ, દેવાદિ ત્રયીરૂપ, વ્યૂહ જ સ્વઅંશ ભાગ. સર્વનું કારણ સર્વથી પૃથક "યતો વાચો નિવર્તન્તે" "હય પ્રાપ્ય મનસા સહ" "નાયમાત્મા પ્રવચનેનલભ્યો નમેધયા, ન બહુના શ્રુતેન, યમે વૈષ વૃણુતે તેન લભ્યઃ (કઠોપનિષદ) અર્થાત્ પરબ્રહ્મ ભાવનાથી જ પ્રાપ્ત છે, સાધનોથી નહિ. નારાયણાદિ વ્યૂહાદિ ભલે મંત્રાધીન હોય. "ભાવોભાવન્યા સિદ્ધઃ" (સંન્યાસ નિર્ણય) કલિના સ્વરુપ આયુષી જીવ ૧૦૦ કરોડ પુરાણનું પઠન પાઠન ન કરી શકે તેથી ફકત ૧૮ પુરાણમાં સર્વસાર સંગ્રહ કરનાર તેમ વેદ ૧ તેનું વિભાજન સંહિતારૂપથી ૪ પ્રકારે અધિકાર ભેદે પઠન પાઠન સરલ કરનાર સર્વ ઇશ્વિરવાદી ગ્રંથો ઇશ્વરના જ્ઞાનાવતાર ભગવાન બાદરાયણ વ્યાસ બ્રહ્મ સૂત્રથી બ્રહ્મ સ્વરૂપનું દર્શન કરાવનાર તેમની કોટિમાં, બીજો કોણ હોઈ શકે ? તેમના આપેલા જ્ઞાનથી જ્ઞાનિપણું પ્રાપ્ત કરનાર કદાચ ભગવાન વ્યાસજીના વાકયના વિરોધમાં પોતાનો મત ખડો કરે તો પ્રતારણા ખરી કે નહિ ? સર્વ વ્યાસ ભગવાનનું વમન કરેલ છે તે તો સત્ય છે. ઇતિહાસ, પુરાણો વેદનો પાંચમો ભાગ છે.

"ઇતિહાસઃ પુરાણં વેદાનામ્ પઞ્ચમંવેદમ્" (છાંદોગ્ય ઉપનિષદ), વાલ્મિકી રામાયણ, મહાભારત વગેરે ઇતિહાસો ગણવા. જેમાં ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન વેદ સમાન છે. ભગવાન વ્યાસજી જે સિદ્ધાન્તોનું દર્શન કરાવતા હોય તે મુખ્ય પ્રમાણ ગણાય. સર્વ શાસ્ત્રો, વેદ, ઉપનિષદ અને પુરાણોમાં સહજ બ્રહ્મવાદ સ્પષ્ટ છે. બ્રહ્મ સ્વરૂપ શુદ્ધ અદ્વૈત અવિકૃત પરિણામવાદ બ્રહ્મના ધર્મોથી સિદ્ધ છે. પ્રાકૃત અપ્રાકૃત દ્વિવિધ ક્રીડા વિરૂદ્ધધર્માશ્રયત્વ, કર્તું, અકર્તું, અન્યથા કર્તું ઇશ્વરી ધર્મો સદા બ્રહ્મમાં વિદ્યમાન છે. તે જ વ્યાસ કલિમાં વિષ્ણુ–સ્વામી છે. શ્રી વલ્લભ, શ્રી વ્યાસ અને શ્રીકૃષ્ણના મુખરૂપ અવતાર આચાર્યત્વેન શત સોમયાગ અને હરિ સેવા ભાવાત્મક વૈષ્ણવ ધર્મ પરાયણ, તૈલુંગ દ્વિજ, વેલનારી કુલના ચુડામણિરૂપ શ્રી વલ્લભ ભાવાત્મક પરબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ સ્વરૂપની ગુપ્ત લીલાનું પ્રકટ દર્શન કરાવનાર શ્રી વલ્લભની કૃતિ, ગતિ અને મતિથી દિવ્યજનોને હરિ રતિનું દાન દેનાર (શ્રી વલ્લભ અયન) ને સમજવા પ્રથમ ચરણગતિનું વર્ણન વિચારશો.

[હવે પછી શ્રી વલ્લભની વિશેષતા, પૂર્વજો તથા સોમયાગ.]

–ક્રમશઃ

શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક બીજો)

સિદ્ધાંતરહસ્ય ગ્રંથ સમજવામાં ઘણો સરળ પડશે; કારણ કે તેમાં અપાયેલું જ્ઞાન પુષ્ટિના પાયામાં રહેલું જ્ઞાન છે, તેમજ તેનો પ્રચાર પણ બહોળો થયેલો છે. ઉપરાંત શ્રીમહાપ્રભુજી અને પુરુષોતમ પ્રભુનું મિલન, નિર્દેશન અને મમત્વ દરેક ભાવિક ભકતના હૃદયમાં વસી જાય તેવું છે. વળી શ્રી પુરુષોત્તમજી જેવા સમર્થ આચાર્યશ્રીએ તેના ઉપર કરેલી છણાવટ ટીકારૂપે અહીં લેવામાં આવી છે. આશા છે કે દરેક વૈષ્ણવ જન તેને આવકારશે, તેમ જ પરમ પ્રેમથી તેનું પુનઃ પુનઃ વાચન કરી ધન્ય બનશે, એવી ધારણા અસ્થાને નથી.

પુષ્ટિ સાહિત્યનું બહોળું વાચન, તેનો ઊંડો અભ્યાસ અને પુષ્ટિ પ્રત્યે અપાર પ્રેમ સર્વે ભાવિક ભકતોને પુષ્ટિ સાહિત્ય સમજવામાં પ્રેરક બનો, એ જ પ્રભુપ્રાર્થના ! અનુવાદક]

વસંતતિલકા છંદમાં નમસ્કારાત્મક મંગલાચરણ કરતાં પૂજ્યપાદ શ્રીપુરુષોત્તમજી ગાય છે કે, ભગવાન શ્રીકૃષ્ણના મુખકમળમાંથી નીકળેલાં અને મધ જેવી મીઠાશથી ભરેલા વાકયોનું કથન જીવના દોષોનું નિવારણ કરનાર છે. પૂજ્યપાદ શ્રીવલ્લભાચાર્યજીનાં બંને ચરણોને હૃદયમાં ધારણા કરીને અને તેઓશ્રીને વંદન કરીને, તેઓશ્રીથી કહેવાયેલાં વચનોનું આ દાસ (શ્રીપુરુષોત્તમજી) વિવરણ કરે છે. ॥૧॥

અહીં શ્રીમદ્ આચાર્ય શ્રીવલ્લભાચાર્યજી ભગવાનની આજ્ઞાથી, ભગવાનને પ્રિય એવા ભકિતમાર્ગને પ્રકટ કરનારા છે. ‘યો વૈ ભૂમા તત્સુખમ્’ (જે નિરતિશય છે, તે જ સુખકર છે.–છાંદોગ્ય, ૭–૨૩–૧) અને ‘કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ’ (કૃષ ધાતુ સંચાલન કરવાના અર્થમાં છે, જે બધા ઉપર સત્તા ચલાવે છે તે કૃષ્ણ) વગેરે શ્રુતિઓ પ્રમાણે પુર્ણ આનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ છે. તેવા ભગવાન શ્રીકૃષ્ણની ભકિતનો માર્ગ પ્રગટ કર્યો. ‘અથવા તે પરમાત્મા પાપનો નાશ કરનાર છે,’ વગેરે શ્રુતિ કહે છે. વળી ‘તે નિર્દોષ અને (ઐશ્વર્ય આદિ) ષડ્ગુણોથી પરિપૂર્ણ દેહવાળા છે,” એમ પંચરાત્રસ્મૃતિ કહે છે. અને તે નિર્દોષ હોવાથી બ્રહ્મસૂત્ર (૧–૨–૩)માં ‘મુકતોપસૃત્ય’ એટલે તે મુકત જનોએ પામવા યોગ્ય છે, એમ કહ્યું છે. તેથી નિર્દોષ જનોએ સેવવા યોગ્ય છે, એમ પણ સિદ્ધ થાય છે. આમ હોવાથી આધુનિક જનોમાં કલિયુગના દોષોને કારણે દુષ્ટતાની અતિ પ્રબળતા છે, તેવા વિષમ સમયમાં ભગવાનની સેવારૂપી કરેલી ભકિતનો અંગીકાર જો ભગવાન ન કરે તો તેના ફળની પ્રાપ્તિ થાય નહિ. ભકિતમાર્ગનો ઉપદેશ કરાય તો પણ તે ફળરૂપ શી રીતે થઇ શકે ? એવા

પ્રકારની ચિંતા જ્યારે શ્રી વલ્લભાચાર્યજી કરી રહ્યા હતા ત્યારે તેમની તેવી ચિંતાને દૂર કરવાને માટે ત્યાં ભગવાન સ્વયં પ્રકટ થયા અને કૃપા કરીને પ્રત્યક્ષ રીતે ભગવાને જે કહ્યું તે અહીં પોતાનાં જનો ઉપર કૃપા કરીને દર્શાવવાને માટે, ભગવાન પ્રકટ થયા તે સમયનો ઉલ્લેખ કરીને, મહાપ્રભુજીએ ઉત્તમ પ્રકારની કરેલી રચના 'શ્રાવણસ્ય' વગેરે શબ્દોથી નિશ્ચયપૂર્વક કહે છે.

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ॥૧॥

શ્રાવણ મહિનાની અજવાળી એકાદશીની મધ્ય રાત્રિએ પ્રકટ થઇને ભગવાને જે કહ્યું તે અક્ષરે અક્ષર કહેવાય છે. ॥૧॥

અહીં મહિનો, પક્ષ, તિથિ અને સમયનો ઉલ્લેખ થયો છે, તેનાથી કહેવા ધારેલ આ સાધનમાં સાધકમાં રહેલા આધિભૌતિક વગેરે ત્રિવિધ દોષોને નિવારવાનું સામર્થ્ય છે, એમ સૂચવાયેલું છે. જાણીતું છે કે, શ્રવણ નક્ષત્ર વૈષ્ણવ છે, તેના સંબંધથી શ્રાવણ મહિનો જાણીતો છે. જે કોઈ સાચો વૈષ્ણવ છે તે લોકમાં અનેકને ગૈષ્ણવ બનાવે છે." એ ન્યાયે શ્રાવણ માસ પણ સાધક જનોને પાવન કરે છે. બેમાં પ્રમુખ પક્ષ અજવાળિયું છે અને તે નિર્મળ હોવાથી પ્રતિદિન વધારે ને વધારે અંધકારનો નાશ કરનાર છે. એ પ્રમાણે મહિનાનો અને પક્ષનો ઉલ્લેખ બાહ્ય ભૌતિક દોષોનું નિવારણ કરનાર છે. વળી એકાદશી ઉપવાસ કરનારના અગિયારેય ઇંદ્રિયોના દોષોનો નાશ કરનારી છે, અને ગુણોને ધારણ કરનારી છે. એ રીતે તે આધ્યાત્મિક દોષોને પણ હરી લેનારી છે. મધ્ય રાત્રિ ભક્તની રક્ષાને માટે પ્રકટ થયેલા ભગવાનનો પ્રકટ થવાનો સમય છે, તેથી તે આધિદૈવિક દોષોનો નાશ કરનારી છે. એવે સમયે પ્રકટ થઇને ભગવાને જે સાધનનો ઉપદેશ કર્યો તે ઉપદેશ સાધકમાં રહેલા ત્રિવિધ દોષોને નિવારનારો છે, એમ સૂચવ્યું છે.

અહીં કહેવાઇ રહેલ એ બધું, ભગવાનનાં વાકયોને લક્ષમાં રાખીને શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ તે વિષયને ગ્રહણ કરવા રૂપ પદ્યમાં કહેલું છે. તે બધું પહેલાં કહેવાયેલું છે તે કહે છે.

મને (શ્રીપુરુષોત્તમજીને) તો અહીં બીજું પણ સ્ફુરણ થાય છે, જેમ કે, (અહીં પૂજ્ય પાદ શ્રીપુરુષોત્તમજી ઉપરના કથનના સમર્થનમાં અનેક આધારો આપતાં કહે છે કે,) શ્રીમદ્ ભાગવતમાં એકાદશ સ્કંધમાં સ્થલચતુષ્ટયમાં (ભાગ. ૧૧–૨–૩૩ થી ૩૬ માં) સમર્પણનું નિરૂપણ થયેલું છે. તે ચાર શ્લોકમાં નવ યોગેશ્વરોનાં વચનોમાં પ્રથમ કવિ નામના યોગેશ્વરે પ્રભુપ્રાપ્તિને માટે જે ઉપાયો ભગવાને કહ્યા છે તેને ખરેખર તે પ્રભુ પ્રાપ્તિને માટે છે,' એમ તું જાણ. તેનાથી અજ્ઞાની જનોને પણ તરત પ્રભુપ્રાપ્તિ થાય છે,' (ભાગ. ૧૧–૨–૩૪), એમ જણાવ્યું છે. અને 'જે સાધનનો (ઉપાયનો) આશ્રય કરીને મનુષ્ય કયારેય પ્રમાદી નહિ થાય, અથવા આંખો મીંચીને દોડે તો પણ તેમાં તે ભૂલ નહિ કરે, તેનું પતન નહિ થાય," (ભાગ ૧૧–૨–૩૫), એ પ્રમાણે તે સાધનનુ માહાત્મ્ય કહ્યું છે, અને "કાયાથી, વાણીથી મનથી કે ઇંદ્રિયોથી, બુધ્ધિથી, શરીરથી કે અનુસરણ કરવાના સ્વભાવથી જે જે કરે તે બધું પરાત્પર

નારાયણને તે સમર્પણ કરે," (ભાગ ૧૧–૨–૩૬), એ પ્રમાણે શ્લોકમાં બધી ક્રિયાઓ(નું ભગવદર્થે સમર્પણ કરવાનું કહ્યું છે. તે સિવાય પણ ભક્તિપૂર્વક ગુરુદેવનું અને ભગવાનનું ભજન વગેરે કરવાનું કહીને આગળ કહે છે કે, "જેવી રીતે ભોજન કરી રહેલા માનવીને દરેક કોળિયે ભૂખની નિવૃત્તિ, તૃપ્તિ અને પુષ્ટિ એ ત્રણેય એકી સાથે થતાં જણાય છે, તેમજ ભજન કરી રહેલા માનવીને પણ શ્રધ્ધા, પ્રભુના સ્વરૂપનો અનુભવ અને તે સિવાયનામાં વૈરાગ્ય એ ત્રણેય એકી સાથે જ થતાં જણાય છે," (ભાગ ૧૧–૨–૪૨), અને "એ પ્રમાણે જેઓ ભગવાનનાં ચરણકમળોનું સેવન કરે છે તેઓને ભગવાનની ભક્તિ, સંસાર પ્રત્યે વૈરાગ્ય અને ભગવાન સંબંધી જ્ઞાન–એ બધું પ્રાપ્ત થાય છે. હે રાજન્, એવા ભગવદીય જનને તેનાથી સ્પષ્ટ રીતે પરમ શાંતિનો અનુભવ થાય છે," (ભાગ ૧૧–૨–૪૩), એ બે શ્લોકથી બધી ક્રિયાઓનું ભગવદર્થે સમર્પણ કરાય તો ભક્તિ, ગૈરાગ્ય, જ્ઞાન અને પરમ શાંતિ એ ચાર ફળો મળવાનું કહેવાયું છે. (ક્રમશઃ)

"શ્રીવલ્લભ સ્વરૂપ મહિમા"

શ્રીહરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા

લેખક – **શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ**

(ગતાંકથી ચાલુ)

મહાવનના ક્ષત્રાણીજી આપશ્રીને શરણે આવ્યા પછી આપે આજ્ઞા કરી–'શ્રીઠાકોરજીને પધરાવી સેવા કરો.' ત્યારે ક્ષત્રાણીજીએ આપશ્રીને વિનંતિ કરી કે રાજ હું તો આપની જ છું. લીલા ધામમાં પણ આપની જ સેવા કરી છે. તેથી હું તો આપની જ સેવા કરીશ. આવી દૃઢતા પૂર્વકની વિનંતિથી આપ પ્રસન્ન થયા. મંદ મુસ્યકાનથી કૃપા દૃષ્ટિથી સીંચીને આપે પોતાના દુર્લભ ચરણ કમલ સેવા માટે પધરાવી આપ્યા. આ સ્વકીયનું લક્ષણ છે. કે તેઓ શ્રીવલ્લભને જ સર્વસ્વ માને છે. અન્ય ઉપાસ્ય, અન્ય ઉપાસ્યનું વર્ચસ્વ શ્રીવલ્લભના હૃદયમાં પ્રવેશી શકતું નથી. શ્રીવલ્લભનું જ સેવન–ભજન સ્મરણાદિ કરે છે.

હવે પદની અન્તીમ પંક્તિમાં શ્રીહરિરાય પ્રભુ આપ શ્રીવલ્લભના આવા મહાન અલૌકિક સ્વરૂપનું દાસત્વ ભવોભવ પ્રાપ્ત થાય. તેવો પોતાના માટે અને સ્વકીયો માટે મનોરથ કરી રહ્યા છે–

'રાસક' સદા સંગીનસો ભવોભવ ઈનકે દાસ કહૈયે હો.' 'સંગ' અને 'સંગી'માં તારતમ્ય છે, જે સર્વ પ્રકારની ભાવનાઓથી સમાનશીલ હોય તેને સંગી કહેવાય છે. સંગીના અરસપરસ મનની એકતા હોય છે. જે એકને અનુભવ થાય છે. તેજ સમયે દૂર રહેતા સંગીને તેવો જ અનુભવ થાય છે. કોઇ પ્રકારની જુદાઇ રહેતી નથી.

શ્રીહરિરાય પ્રભુ, શ્રીવલ્લભ ચરણ કમલનું જ દાસત્વ મને અને આપના સ્વકીયોને પ્રાપ્ત થાઓ, એવો મનોરથ કરી રહ્યા છે. તેનું સ્વારસ્ય લીલાલોકમાં શ્રીવલ્લભના દાસત્વથી બીજો કોઇ પુરુષાર્થ શ્રેષ્ઠ નથી. દિવ્ય પુરુષાર્થના શિખર રૂપ શ્રીવલ્લભનું દાસ્ય છે. અહીંઆ દાસ્યના રહસ્યને પ્રકટ કરવું ઉચિત નથી. શ્રીવલ્લભના અનન્ય આશ્રિતજનોને આપશ્રીના ચરણ કમલની સતત સાન્નિધ્યતાથી આપ કૃપાએ સ્વતઃ સ્ફુરશે.

આ પદમાં શ્રીહરિરાય પ્રભુએ શ્રીવલ્લભના મહાન અલૌકિક નિગૂઢ સ્વરૂપનું વર્ણન કરેલું છે. તે એટલા માટે કે શ્રીવલ્લભના મુગ્ધજનોને શ્રીવલ્લભના સ્વરૂપનો મહિમા સમજાય અને તેથી શ્રીવલ્લભ ચરણ કમલમાં જ અનન્ય ભાવ થાય તો શ્રીવલ્લભના સ્વરૂપનો અનુભવ કરી શકે. સંગ એનું નામ છે કે બીજા બધાય બંધનો-પ્રલોભનો-સંગો છોડાવીને એક પ્રભુના સ્વરૂપમાં જ અનન્ય ભાવ અને દૃઢાસક્તિ કરાવે. પરમ કારૂણિક શ્રીહરિરાય પ્રભુએ શ્રીવલ્લભજનોને આવા પ્રકારે પોષણ કરી શ્રીવલ્લભ પદામ્બુજમાં દૃઢાસક્તિ કરાવી છે. આ પદમાં શ્રીવલ્લભ સિવાય બધાય સંગો છૂટી જાય. અને એક શ્રીવલ્લભમાં જ અનન્ય ભાવ થાય. આપમાં જ દૃઢાસક્તિ થાય, તેવું વર્ણન કરી ખરેખર વલ્લભી જગતને ઉપકાર ગ્રસ્ત બનાવેલ છે. ૫

ઇતિ.

---

(૧) શ્રીગોપીગીત-પંચામૃત (શ્રીસુબોધિનીજીના ગુજરાતી અનુવાદ સાથે) અનુવાદક અને લેખક શ્રી પ્રેમલાલ ગો. મેવચા, 'ભક્તિપ્રિય', તંત્રી-વૈશ્વાનર, પોરબંદર, પ્રકાશક-વૈશ્વાનર કાર્યાલય, ઝવેરી બજાર, પોરબંદર, ૩૬૦ ૫૭૫, ન્યોછાવર રૂા. આઠ (પોસ્ટેજ અલગ)

શ્રીમદ્ ભાગવતમાંથી ઉદ્ધૃત શ્રીગોપીગીત પુષ્ટિ માર્ગીઓ માટે અમુલું ગીત છે. તેને અન્વય, અર્થ અને સમશ્લોકી ભાષાંતર સાથે આપેલ છે. ઉપરાંત મહાપ્રભુજી વિરચિત સુબોધિનીજીનું તત્પૂરતું ભાષાંતર પણ અપાયું છે, તે ધ્યાનાકર્ષક છે.

આ ગીત ગોપીજનોએ વિપ્રયોગ અવસ્થામાં ગાયેલું ગીત છે. પૂજ્યપાદ શ્રીહરિરાયજીએ લખ્યું છે કે, સંયોગ અવસ્થા કરતાં વિપ્રયોગ અવસ્થામાં વધુ સુખ છે. આપણે સૌ આજે તો વિપ્રયોગ અવસ્થામાં જ છીએ. એ વિપ્રયોગ અવસ્થા કેવી રીતે ગાળવી, તેનું ઉત્તમ દૃષ્ટાંત ગોપીગીત છે. એવા ગોપીગીતમાંથી પ્રેરણા મેળવવા આ ગ્રંથ ઉપયોગી થઇ પડશે, એ નિશ્ચિત છે. ગોપીગીત દિન પ્રતિદિન ગવાય, ગોપીઓની વિપ્રયોગ અવસ્થા સૌના હૃદયમાં વસે અને એવી પ્રેરણાઓ મેળવવાને માટે 'ગોપીગીત-પંચમૃત' વસાવવા અમે આ પ્રકાશનને આવકારીએ છીએ.

(૨) બેઠક-સ્મરણ (૧૪૨ બેઠકોનું સંક્ષિપ્ત ચરિત્ર) લેખક-પ્રકાશકઃ શ્રી પ્રેમલાલ ગો. મેવચા, 'ભક્તિપ્રિય', તંત્રી વૈશ્વાનર, પોરબંદર, ન્યોછાવર રૂા. ત્રણ (પોસ્ટેજ અલગ) પ્રકાશક ઉપર મુજબ.

મહાપ્રભુજીની ૮૪ બેઠકો, ગુસાંઇજીની ૨૮ બેઠકો, જયેષ્ઠ લાલજી શ્રી ગિરધરજીની ૪ બેઠકો, ચોથા લાલજી શ્રી ગોકુલનાથજીની ૧૩ બેઠકો. શ્રી હરિરાયજીની ૭ બેઠકો, શ્રી દામોદરદાસજીની ૩ બેઠકો અને શ્રી નાથજીની ૪ બેઠકો, એમ ૧૪૩ બેઠકોની માહિતી આ પુસ્તિકામાંથી મળે છે. દરેકનાં સ્થળ અને મહત્વ દર્શાવતી આ પુસ્તિકા પુષ્ટિમાર્ગીઓએ વસાવવા યોગ્ય છે.

(ટા. ત્રણ ઉપર જુઓ)

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

અધ્યાય સાતમો

શ્રીભગવાનુવાચ–

મય્યાસક્તમનાઃ પાર્થ યોગં મુંજન્મદાશ્રયઃ ।
અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ ॥૧॥

શ્રીભગવાને કહ્યું, હે પૃથાના પુત્ર અર્જુન મારામાં આસક્ત મનવાળો, મારે આશ્રયે રહેલો, યોગને સાધતો, સંશય રહિત સંપૂર્ણ મને (પરમાત્માને) જે રીતે તું જાણીશ, તે તું સાંભળ. ॥૧॥

ભગવાનના યોગની સાથે મનને જોડેલું હોવાથી અને ભગવાનના સ્વરૂપના ઉપદેશમાં લીન હોવાથી ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના સ્વરૂપનું જ્ઞાન ઉપદેશ્યું.

આ પહેલાના અધ્યાયને અંતે (૬–૪૭માં) 'જે શ્રદ્ધાળુ મને ભજે છે તે મારો શ્રેષ્ઠ ભક્ત મનાયેલો છે.' એમ કહ્યું છે તે પ્રમાણે તેવા યોગ સહિત ભગવાનનું ભજન કરનાર શ્રેષ્ઠ છે અને તે ભગવાનને પ્રિય છે, એમ કહ્યું છે તેમાં સ્વરૂપનું અજ્ઞાન હોય તો ભજન થાય નહિ, અને તેવા પ્રકારનું જ્ઞાન તો યોગનું જ્ઞાન થાય પછીજ પ્રાપ્ત થાય છે, એમ હોવાથી યોગનું સ્વરૂપ કહીને હવે ભજનને માટે 'મય્યાસક્તમનાઃ' વગેરે શબ્દોથી સ્વરૂપનું જ્ઞાન વર્ણવે છે ભગવાને કહ્યું કે, હે પાર્થ, હે આને શ્રવણ કરવાને યોગ્ય, મારો આશ્રય કરીને રહેલો એટલે કે મારે માટે જ, મારું એકનું શરણ સ્વીકારીને રહેલો, મારી ક્રીડાને માટે, મારા સંયોગને માટે આશ્રય લઇને યોગમાં અનુરક્ત થઇને એટલે કે દાસ્યભાવમાં નિરંતર સ્થિર રહીને, સંશય વગર જેવી રીતે થવાય તેમ, સમગ્રતાથી એટલે કે સંયોગાત્મક સર્વે રસ સહિત, મને જે રીતે તું જાણીશ તે, જે આગળ કહેવાશે તેવું જ્ઞાનનું સ્વરૂપ, મારામાં આસક્ત થઈને એટલે કે પોતાની કશી અપેક્ષા વગર, મારા સુખની અભિલાષાવાળું મન જેનું છે તેવો થઇને તું સાંભળ. ॥૧॥

જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમિદં વક્ષ્યામ્યશેષતઃ ।
યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્જ્ઞાતવ્યમવશિષ્યતે ॥૨॥

આ વિજ્ઞાન સહિત જ્ઞાન હું તને સંપૂર્ણ રીતે કહીશ; જેને જાણ્યા પછી આ લોકમાં બીજું કાંઈ જાણવા જેવું બાકી રહેતું નથી. ॥૨॥

અરે, યોગના સ્વરૂપના નિરૂપણમાં પહેલાં પણ સ્વરૂપનું જ્ઞાન કહેવાયું જ છે. ફરીને આ જ્ઞાન કેવા પ્રકારનું છે ? એવી શંકા કરીને જવાબમાં 'જ્ઞાનં તે અહમ્' વગેરે શબ્દોથી કહે છે. 'અહમ્' એટલે હું, પુરુષોત્તમ તારે માટે શાસ્ત્રમાં કહ્યું છે તેવા પ્રકારનું જ્ઞાન એટલે કે મારા સ્વરૂપ વિષેનું જ્ઞાન, અશેષતઃ એટલે સંપૂર્ણ રીતે, લીલા વિગેરે સહિત હું કહીશ. તે કેવા પ્રકારનું છે ? એવા પ્રશ્નના

જવાબમાં કહે છે કે, તે જ્ઞાન વિજ્ઞાન સહિતનું અને સ્વસ્વરૂપના અનુભવ સહિતનું છે. અનુભવનું સ્વરૂપ ‘ઇદમ્’ વગેરે શબ્દોથી કહે છે. તે અનુભવ કરાવતું સ્વસ્વરૂપાત્મક છે. આ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી અધિક બીજું કાંઇ પણ જાણવા જેવું રહેતું નથી, એમ ‘યત્’ વગેરે શબ્દોથી કહે છે. જે સ્વરૂપના અનુભવ સહિત સ્વસ્વરૂપને જાણીને અહીં એટલે મારી ભક્તિના માર્ગમાં, ભરત ખંડમાં, અથવા આ મનુષ્ય જન્મમાં જાણવા જેવું કંઈ બાકી રહેતું નથી. આ જ્ઞાનથી જ દાસપણાનો અનુભવ થાય છે, એમ અર્થ છે. ।।૨।।

મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।
યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ ।।૩।।

મનુષ્યોમાંના હજારોમાં કોઈક જ સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે. યત્ન કરનાર સિદ્ધ પુરુષોમાંનો કોઇક જ મને યથાર્થપણે જાણે છે. ।।૩।।

જાણવા જેવું કેમ કંઇ બાકી રહેતું નથી? એવા પ્રશ્નના જવાબમાં ‘મનુષ્યાણામ્’ વગેરે શબ્દોથી કહે છે. શ્રેષ્ઠતા બતાવતાં કહ્યું છે કે, પહેલાં તો ભગવાનના સાંનિધ્યથી છૂટા પડેલા જીવોમાંથી મનુષ્યત્વ પામેલાઓનેજ ભજનનો અધિકાર છે અને તેને પ્રાપ્ત કરવાનો અધિકાર પણ તેઓનો જ છે. એકમાત્ર અનુગ્રહથી પ્રાપ્ત કરાય તેવો દાસ્યભાવ મેળવવા તેઓ અધિકારી છે. દાસત્વની પ્રાપ્તિ પછી પરમાત્માની પ્રાપ્તિ માટે, ભક્તિ અર્થે સમર્પિત કરાયેલ દેહનું લીલાથી નવતનું પ્રકટ થવું અતિ દુર્લભ છે. તેમાંયે ભાવપૂર્વક કરેલ સેવાથી પ્રસન્ન થઇને ભગવાને કહેલું સ્વસ્વરૂપનું જ્ઞાન અતિ દુર્લભ છે, એવી બધી સિદ્ધિ જે જ્ઞાનથી પ્રાપ્ત થાય છે, તેવું જ્ઞાન મળ્યા પછી કાંઇ જ મેળવવાનું બાકી રહેતું નથી. તેથી કહે છે કે, હજારો મનુષ્યોમાંથી એટલે કે ભજનને માટે યોગ્ય અસંખ્ય શરીરોમાંથી દુર્લભ એવો કોઇક જ, એક માત્ર મારા અનુભવરૂપ જે છે તે સિદ્ધિને માટે યત્ન કરે છે, એટલે કે મારી સિધ્ધિ અને સ્વરૂપના નિમિત્તથી જે સિદ્ધિ શ્રીમદ્ ભાગવતના બીજા સ્કંધમાં કહેવાયેલી છે તેને માટે તે યત્ન કરે છે, એટલે કે યત્ન કરનારો થાય છે. યત્ન કરનારા સિદ્ધોમાં પણ કોઇકજ પોતાના રમણની ઈચ્છા વગેરેના ભાવ વગર તે સ્વરૂપાત્મક ધામમાં રમમાણ એવા મને, જે એક માત્ર અનુગ્રહથી પ્રાપ્ત થાય છે તેને તે જાણે છે; કારણ કે આવું જ્ઞાન અતિ દુર્લભ છે. તે જ્ઞાન પામ્યા પછી બીજું કાંઈ પામવાનું બાકી રહેતું નથી. તે મેં તારે માટે કહેલ છે. એવો ભાવ છે. ।।૩।।

ભૂમિરાપોડનલો વાયુઃ ખં મનો બુધ્ધિરેવ ચ ।
અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ।।૪।।

ભૂમિ, જલ, અગ્નિ, વાયુ અને આકાશ, તેમ જ મન, બુદ્ધિ અને અહંકાર એ પ્રમાણે આ મારી પ્રકૃતિ (માયા) આઠ રીતે વહેંચાયેલી છે. ।।૪।।

એ પ્રમાણે સાવધાનતાથી સાંભળવા યોગ્ય છે, એમ અર્જુનને જણાવીને, પહેલાં કહેલ પોતાના સ્વરૂપના જ્ઞાનને માટે, પોતાનું સર્વ કર્તાપણું અને સર્વસ્વરૂપપણું ‘ભૂમિઃ આપઃ’ વગેરે શબ્દોથી કહે છે. ભૂમિ, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચમહાભૂત છે, મન સંકલ્પ વગેરેનું સાધન છે, બુદ્ધિ જ્ઞાનસ્વરૂપિણી

છે, અહંકાર અભિમાન વગેરે રૂપે છે. એ પ્રમાણે એવી રીતે આ મારી પ્રકૃતિ (માયા) આઠ વિભાગે વહેંચાયેલી છે. લૌકિક કાર્યને માટે એ પ્રમાણે ભાવ છે. ।।૪।।

અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્ ।
જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્ ।।૫।।

એ અપરા (પ્રકૃતિ) છે. હે મહાબાહુ અર્જુન, આનાથી બીજી જીવસ્વરૂપા મારી પરા પ્રકૃતિને તું જાણ; જેના વડે આ જગત ધારણ કરાય છે. ।।૫।।

તે જ 'અપરા' વગેરે શબ્દોથી આગળ કહે છે. એ અપરા એટલે નિકૃષ્ટ છે, એમ અર્થ છે. વળી, હે મહાબાહુ, હે કાર્ય કરવા સમર્થ, હે આ જ્ઞાનને યોગ્ય, આનાથી બીજી પરા એટલે ઉત્કૃષ્ટ મારી પ્રકૃતિ જીવસ્વરૂપે રહેલી છે તેને તું જાણ. 'યયા ઇદમ્' વગેરે શબ્દોથી તેનું શ્રેષ્ઠત્વ કહે છે. જેના વડે આ ચોતરફ દેખાતું જગત ધારણ કરાય છે અને પોષણ કરાય છે. અહીં આ ભાવ છેઃ ભગવાન પોતાની ક્રીડા માટે જગતનું સર્જન કરે છે. તેમાં પ્રકૃતિ વડે એટલે કે પોતાની શકિત વડે ક્રીડાના સ્થાન રૂપ સૃષ્ટિની રચના કરીને, તેના ભોગને માટે ક્રીડાના હેતુવાળી પોતાની શક્તિથી તે પ્રકારની જીવસૃષ્ટિ બનાવી છે. તે શક્તિ વડે આ પહેલાં રચાયેલું જગત ભોગ વગેરે રૂપે ધારણ કરાય છે. તેથી લૌકિક સૃષ્ટિમાં જીવસ્વરૂપે ભગવાન ભોગ ભોગવતા ક્રીડા કરે છે. એવા જ્ઞાનથી તેમાં માયામાં બંધન નહિ થાય. આ સ્વરૂપના જ્ઞાનથી રસની અનુરૂપતાવાળું જ્ઞાન થાય, એવો ભાવ છે. અથવા તો જેને પહેલાં અષ્ટધા એટલે આઠ પ્રકારે કહ્યું તે અપરા પ્રકૃતિ છે, એટલે કે બીજી શકિત છે. ક્રીડાને માટે તે પોતાના અંશથી થયેલ શકિત છે, એવો ભાવ છે. સંયોગના વિલાસમાં અનેક પ્રકારે રસની ઉત્પત્તિ માટે તેનો આવિર્ભાવ થયો છે, એમ અર્થ છે. આથી જ વિલાસની ઇચ્છાથી તે ભિન્ન ભિન્ન છે. આ સિવાયની બીજી વિપ્રયોગમાં તેની શોધ કરવા માટે અને વળી હાસ્ય રસની સિદ્ધિને માટે પ્રકટ કરાયેલ, જીવનસ્વરૂપે રહેલી હાસ્યસ્વરૂપની જે મારી શકિત છે તેને માટે પરા એટલે કેવળ મારા અંશવાળી અને ઉત્કૃષ્ટ છે, એમ તું જાણ તેનું શ્રેષ્ઠપણ કહે છે. જેના વડે આ જડસ્વરૂપ જગત ધારણ કરાય છે, જીવોનાં પ્રાકટય પછી તદ્ભાવથી બધું જ ક્રીડાને યોગ્ય હોવાથી પોષાય છે, એવો ભાવ છે. ।।૫।।

એતદ્યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય ।
અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા ।।૬।।

સર્વે ભૂત આના મૂળ કારણરૂપ છે, એમ તું જાણ સંપૂર્ણ જગતની ઉત્પત્તિનું કારણ તથા વિનાશનું કારણ હું છું. ।।૬।।

એ જ્ઞાનથી શું થાય? એવા પ્રશ્નના જવાબમાં 'એતદ્' વગેરે શબ્દોથી કહે છે. 'સર્વાણિ ભૂતાનિ' એટલે સ્થાવર, જંગમ બધું જ. 'એતદ્યોનીનિ' એટલે એ બે પ્રકારની પ્રકૃતિને ઉત્પત્તિના કારણરૂપ તું જાણ. 'ઉપ' સમીપ, અંતઃકરણ, પોષણ અને પાલનના અર્થમાં વપરાય છે. આ મૂળ કારણના જ્ઞાનથી બધામાં મારી ક્રીડા માટે યોગ્યતા આવશે, એવો ભાવ છે. જેથી તેના કારણરૂપ બધું

એટલે કે સ્થાવર, જંગમ બધું મારા અંશ રૂપ છે. તેથી સંપૂર્ણ જગતનું ઉત્પત્તિસ્થાન હું છું. 'પ્રભવઃ' એટલે વિશેષે કરીને તે એનાથી થાય છે ઉત્પત્તિસ્થાન, મૂળ કારણ, એમ અર્થ છે. તે જ પ્રમાણે આત્યંતિકતાથી એનાથી લય થાય છે, તે પ્રમાણે તે લયસ્થાન છે; પ્રલયકર્તા પણ હું જ છું, એમ અર્થ છે આથી ઉત્પત્તિ અને પ્રલયનું કારણ હું જ છું. ॥૬॥

મત્તઃ પરતરં નાન્યત્ કિંચિદસ્તિ ધનંજય
મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ ॥૭॥

હે ધનંજય, મારાથી વધુ શ્રેષ્ઠ બીજું કાંઇ નથી; સૂત્રમાં મણિઓના સમૂહોની જેમ આ બધું મારામાં પરોવાયેલું છે. ॥૭॥

તેથી હે ધનંજય, હે મારી વિભૂતિરૂપ, હે આ જ્ઞાનને યોગ્ય, મારાથી શ્રેષ્ઠ જગત નથી, અથવા જગતમાં મારાથી શ્રેષ્ઠ બીજું કાંઇ નથી, હું જ સર્વશ્રેષ્ઠ છું, એવી રીતે ભિન્નતાથી પણ બીજું કાંઇ શ્રેષ્ઠ નથી. એ પ્રમાણે ઉત્પત્તિ અને પ્રલયનું કારણ પોતે જ હોવાથી, અન્યની ઉત્તમતાનો અભાવ દર્શાવીને, સ્થિતિના હેતુથી પણ તેમ જ છે, એમ 'મયિ' વગેરે શબ્દોથી સ્થિતિના હેતુરૂપ પણ પોતે જ હોવાનું કહે છે. આ બધું જગત મારામાં પરોવાયેલું છે, મારા આશ્રયથી રહેલું છે, એમ અર્થ છે. અહીં દૃષ્ટાંત આપે છેઃ દોરામાં પરોવાયેલા મણિઓની જેમ અહીં આ ભાવ છેઃ મણિઓનો સમૂહ એટલે ક્રીડામાં રહેલા જીવો જેવી રીતે આધિદૈવિકરૂપે મારામાં સ્થિત છે, તેવી જ રીતે આ જગત પણ આધિદૈવિકરૂપે મારામાં રહેલ છે, એવો ભાવ છે. ॥૭॥ (ક્રમશઃ)

શ્રીવલ્લભાખ્યાન : સરળ વિસ્તૃત વ્યાખ્યા

શ્રીવલ્લભાખ્યાન ઉપર પ્રકટ થયેલ અનેક વ્યાખ્યા ટીકાઓમાં નવિન ભાત પાડતા આ પુસ્તકના લેખક છે અનુભવી – ભગવદિય શ્રી પોપટલાલ રામજીભાઈ બામણગામવાળા.

પૂ. પા. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી લખાએલ આ વ્યાખ્યાને સંશોધિત કરી છે. પૂ. પા. શ્રી હરિરાયજી બાબા (જામનગર) એ અને સંકલન ભાષા શુદ્ધી વગેરેના કર્તા છે. સુપ્રસિદ્ધ વિદ્વાન પ. ભ. શ્રી રમેશભાઇ વિ. પરિખ (મહેસાણા) તંત્રીશ્રી 'વૈષ્ણવ પરિવાર'.

સામાન્ય ભણેલા વૈષ્ણવો પણ સમજી શકે તેવી સરળ શૈલીમાં લખાએલ આ વ્યાખ્યામાં અનેક ગ્રંથો પુરાણાદિકના આધારો અને પ્રાચિન ભગવદિઓની અનુભવ વાણીનો સુભગ સમન્વય કરવામાં આવ્યો છે અને પરમ ફલરૂપ, અનેક રહસ્યોને ઉજાગર કરતાં આશિર્વાદ લેખ પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (જામનગર) અને પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર) દ્વારા લખાએલ છે તે સોનામાં સુગંધ જેમ લાગે છે. આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ પ. ભ. શ્રી પોપટભાઈએ પોતાના તરફથી પોતાના સ્નેહીજનોને ભેટ આપવા પ્રકટ કરેલ છે. દ્વિતિય આવૃત્તિના પ્રકાશક :– શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ. પૃષ્ઠ ૨૮૮+૨૪=૩૧૨, ચિત્રજી–૪, ન્યોછાવર રૂ. ૧૫.

(૨૪મા પાનાથી ચાલુ)

(૩) વીણેલાં મોતી : (ગોસ્વામી બાલકોનાં વચનામૃતોનો સંગ્રહ) : સંપાદક બાબુભાઇ વ. સવાણી, પ્રકાશક– રમણલાલ કૃષ્ણદાસ, વ્યવસ્થાપક ‘ સત્સંગ ’ કાર્યાલય, અમરેલી ૩૬૪ ૬૦૧

સત્સંગ માસિકના ૩૭ મા વર્ષનું આ ભેટ પુસ્તક છે તેમાં પ્રાચીન ગોસ્વામી બાલકોનાં પસંદગીના વચનામૃતોનો સંગ્રહ છે. ગ્રંથના નિવેદનમાં જ દર્શાવ્યું છે કે, ગોસ્વામી બાલકોનાં વચનામૃતો એ શાસ્ત્રો અને સ્વમાર્ગીય સિદ્ધાંતના તત્ત્વરૂપ હોય છે. શ્રી ઠાકોરજીની સેવા, સેવાનું સ્વરૂપ, સ્નેહ, આસક્તિ–વ્યસન, આશ્રય, અન્યાશ્રય, તનુજા-વિતજા અને માનસી સેવાની સમજણ મંદિર અને ઠાકોરજીના સાહિત્યનું સ્વરૂપ, એવી અનેક બાબતોની સમજણ અને જાણકારી આપણને ગો. બાલકોના વચનામૃતમાંથી પ્રાપ્ત થાય છે, જે આપણા જીવન ઘડતરમાં બહુ ઉપયોગી બની રહે છે.

એવું પુષ્ટિપથ પ્રદર્શક, અનેક સંશયોનું આપોઆપ સમાધાન કરતું, વિવિધ જ્ઞાનથી ભરપૂર અને અમૂલી પ્રેરણા આપતું, પુષ્ટિપ્રણાલી શીખવતું આ પુસ્તક દરેક વૈષ્ણવના ગૃહનું આભૂષણ બની રહે એવી અમારી હાર્દિક લાગણી દર્શાવીએ છીએ. આ પુસ્તક વાંચીને વાચકના મુખમાંથી જરૂર શબ્દો નીકળી પડશે કે, ઘણું સરસ, ખૂબ આનંદ આવ્યો. આવાં વચનામૃતો એ વૈષ્ણવોનો સ્થિર અને અમર વારસો બની રહો, એ જ અભ્યર્થના !

– સંપાદક

સને ૧૯૮૫ના અંક ૪ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૧૪૧	ઠા. નારણદાસ હંસરાજભાઇ રૂઘાણી	પોરબંદર
૧૪૨	કંસારા જગજીવન પ્રાગજીભાઇ	અમદાવાદ
૧૪૩	શ્રી વ્રજલાલ રાઘવજીભાઈ	રાજકોટ
૧૪૪	શ્રી ભૂપેન્દ્રભાઇ મનુકાન્ત શાહ	બોરીવલી
૧૪૫	શ્રી ચીમનલાલ છોટાલાલ શાહ	બોરીવલી
૧૪૬	સોની વ્રજલાલ સુંદરજીભાઈ	ઇન્દોર
૧૪૭	શ્રી જયંતિલાલ આર. અમીન	વિલેપાર્લે
૧૪૮	કંસારા નાનજી વલ્લભદાસ	વઢવાણસીટી
૧૪૯	શ્રી મોહનભાઇ વેલજીભાઇ પ્રજાપત	મકનસર
૧૫૦	શ્રી કાંતિલાલ દામજીભાઇ રાધનપુરા	રાજકોટ
૧૫૧	શ્રી રામજીભાઈ જીવરાજભાઈ સાંગાણી	હડમતીયા
૧૫૨	,, મુલજીભાઇ ભાટીયા	કલકત્તા
૧૫૩	શ્રીમતી રમાબેન આર. છોટાઈ	રાજકોટ
૧૫૪	શ્રી એન. કે. પરીખ	વિલેપાર્લે
૧૫૫	,, નવિનભાઈ આર. શાહ	મુંબઇ
૧૫૬	,, જમનાદાસ મુલચંદભાઇ પરીખ	વિરમગામ
૧૫૭	,, લાલજીભાઈ કલ્યાણજી રાજદેવ	રાજકોટ
૧૫૮	કંસારા મણીલાલ ભીખાલાલ	ધ્રાંગધ્રા
૧૫૯	કંસારા ગાંગજીભાઈ નથુભાઇ	ધ્રાંગધ્રા
૧૬૦	કંસારા પરસોતમ હરજીભાઇ	ધ્રાંગધ્રા

ધોરાજી–આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખાના ઉપક્રમે શ્રીમુરલીધર મંડાણના સેવાભાવી કાર્યકર મરજાદી શ્રી મનજીભાઈ દેવજીભાઈ બાવીસા (મોટી પરબડીવાળા) નિવૃત્ત થતાં તેમનો વિદાય સન્માન સમારંભ તા. ૨૧–૯–૮૫ (રાધાષ્ટમી)ના રોજ ‘‘શ્રી વલ્લભાશ્રય’’માં શાખાના અધ્યક્ષ શ્રી છગનલાલ જાદવજીભાઇ માવાણીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. તેમાં ઉપાધ્યક્ષ શ્રી એમ. કે. ગજેરાએ શ્રી મનજીભાઇની છેલ્લા તેર વર્ષની સેવાને બિરદાવી હતી. ત્યારબાદ શ્રી મનજીભાઈને ફૂલહાર તથા ધોતી ઉપરણાથી સત્કારવામાં આવેલ.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

ગઝલ

ટપટપ ગણુ સંસારને, મમ મમ હરિનું નામ છે;
તન ઘુમતુ સંસારમાં, મારૂં મન પ્રભુની પાસ છે. ટપટપ ૧
ટપટપ તિજોરી જાણું ને મમ મમ અલૌકિક દામ છે;
એ દામ દૃષ્ટિએ પડે તો, એ તિજોરી નાકામ છે. ટપટપ ૨
મમ મમ મળે છે જિવડા, ટપ ટપ તણું શું કામ છે ?
કરૂણાકૃપા ગિરીરાજની, ચિત્તમાં સદા ઘનશ્યામ છે. ટપટપ ૩
દૃઢ આશરો વલ્લભ પ્રભુનો, એક એ આધાર છે;
વ્રજધામ શ્રી વલ્લભ પ્રભુનું, નિત્યલીલા ધામ છે. ટપટપ ૪
આ મૂક વાણી હૃદયની, જે હૃદયથી સમજાય છે;
અનુભવ વીના કળવી કઠણ, જ્યાં જ્ઞાન ગોથાં ખાય છે. ટપટપ ૫
મારો સૂકાની શ્યામ છે, સૌ દોર એને હાથ છે;
ગિરીધારી શ્રીવિઠ્ઠલેશ વલ્લભ, એક મારો નાથ છે. ટપટપ ૬
સઘળા મનોરથ એ પૂરે છે, સાવ સાચી વાત છે;
અનુભવ અનુભવીને થશે, ભાનુઉગ્યો ના રાત છે. ટપટપ ૭
ગૌલોકનું ગૂંજન અહર્નિશ એક ધાર્યું થાય છે;
સારા જીવનમાં અનુભવ્યું, મને ભક્તિરસ એ પાય છે. ટપટપ ૮
વ્રજમાં વહું ચિત્તથી સદા, ટપ ટપ તણું શું કામ છે;
"નટવર" મહાસુખ અંતરે, હૈયે હરિનું નામ છે. ટપટપ ૯

–પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ, અરાદ

શ્રીનાથ દરસન દ્યો

મલિન ઉરનું આંગણ મારું, કેમ કરી બોલાવું,
તનની જીર્ણ કુટિરમાં શેણે, સુંદર સાજ સજાવું,
કેમ કરી કાળાં નયનોને, સ્વાગત – દીપ બનાવું,
શબ્દફૂલની માળા બનાવી, રે કેમ તને રીઝાવું ?
જેવો છું તેવો અપનાવો, હે કરુણાકર આવો
પુષ્ટિની વૃષ્ટિ વરસાવો, નાથ સનાથ બનાવો.
મુજ ઉરથી તુજ ઉર સુધી મેં, સેતુ ભાવનો બાંધ્યો,
મુજ ભાવે ભીંજાયા હો તો શ્રીનાથ દરસન દ્યો (૨)

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

શ્રીવલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

ભાઇ-બીજ

(રાગ-સારંગ)

યશોમતિ થાર સાજકેં બૈઠી મોહન તિલક કરાવે હો ॥
બૈઠ અંક ભોજન કરો લાલન ભાઇ દૂજ મનાવે હો ॥૧॥
દેખ નંદ ઉપનંદ ગોપ સખ દોર દોર હુલસાવે ॥
શ્રીમુખચંદ્ર નિરખ ગોપીજન નયનન ચકોર સિરાવે ॥૨॥
મુદિત ભાઇ અતિ રોહિણી માતા સુખ અંતર ઉપજાવે ॥
નાના ભાંત સકલ ગોકુલ ત્રિય મંગલ ગીત જો ગાવે ॥૩॥
યહ લીલાં અવગહાન કરિયેં જો ચિતવન ઉરલાવે ॥
કહત પ્રવિત યહ સાધનબલ શ્રીવલ્લભ પદરજ પાવે ॥૪॥

ઈન્દ્ર માન ભંગ

(રાગ-બિલાવલ)

આવો રે આવો રે ભૈયા ગ્વાલો યા પર્વત કી છૈંયા ॥
નાચો ગાવો કરો વધાઇ સુખે ચરાવો ગૈયાં ॥૧॥
જિન તુમારો પકવાન જો ખાયો સોઇ રક્ષા કરી હે ॥
'પરમાનંદદાસ' કો ઠાકુર ગિરિ ગોવર્ધન ધરિ હે ॥૨॥

卐

વર્ષ ૪ : અંક ૮ ❋ નવેમ્બર, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ
(મથુરા–પોરબંદર) ના સેવક

ગો. વા. વિઠ્ઠલદાસ દેવજીભાઇ કેશરીયા

પૂ. પા. ગો. શ્રી પ્રદ્યુમ્નલાલજી મહારાજ
(બેટ–દ્વારકા) ના સેવક

ગો. વા. જડાવબેન વિઠ્ઠલદાસ કેશરીયા

રાજકોટ નિવાસી પ. ભ. શ્રી વિઠ્ઠલદાસ દેવજીભાઇ કેશરીયા જેઓ ગયા અધિક શ્રાવણ વદ ૫ ને તા. ૫–૮–૮૫ ના દિવસે ૮૫ વર્ષની વયે સર્વે વૈષ્ણવોને ભગવદ્ સ્મરણ કરી, સુખીપૂર્વક ભગવદ્ નામ સ્મરણ કરતાં હરિશરણ થયા

એમના પિતાશ્રી દેવજીબાપા વર્ષો પર્યંત શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં સાંજના સત્સંગમાં ભગવદ્ વાર્તા કરતા, પ. ભ. વિઠ્ઠલદાસબાપાએ પણ એમની પરંપરા વર્ષો સુધી નિભાવી, સત્સંગ, ભગવદ્ વાર્તામાં જ સદા રચ્યાપચ્યાં રહેતા. શ્રી વિઠ્ઠલદાસભાઇ વૈષ્ણવો સાથે રસમય પ્રસંગો ચર્ચતા ત્યારે ભાવવિભોર થઇ અસ્ખલીત અશ્રુ પ્રવાહ વહાવતા. પોતે તથા તેમના ધર્મપત્નિ ગો. વા. જડાવબાએ સાથે રહીને અનેક વખત શ્રી વ્રજ પરિક્રમા, શ્રીજીદ્વારની યાત્રાઓ કરી જીવન ધન્ય કરેલ. એમના ધર્મપત્નિ જડાવબાના ગોલોકવાસ બાદ એમની સ્મૃતિમાં ધોળ પદ સંગ્રહ-સ્તોત્રપાઠના પુસ્તકો છપાવી વૈષ્ણવોમાં વિટી ઉત્તમ નામ સેવા કરેલ. છેલ્લે છેલ્લે શ્રી લોહાણા કન્યા છાત્રાલય માટે પણ મોટું દાન કરેલ. એમના બધા સુયોગ્ય પુત્રો પણ શ્રી હરિગુરૂ વૈષ્ણવની ટહેલમાં સદા તત્પર રહે છે.

એમના પરિવાર દ્વારા શ્રીવલ્લભ સુધાના પ્રકાશન કાર્યમાં સહાય રૂ. ૧૫૦૧/- પ્રાપ્ત થયેલ છે.

હસ્તે :- શ્રી પ્રાગજી વિઠ્ઠલદાસ કેશરીયા શ્રી મનસુખલાલ વિઠ્ઠલદાસ કેશરીયા
શ્રી જયન્તીલાલ વિઠ્ઠલદાસ કેશરીયા શ્રી રમણીકલાલ વિઠ્ઠલદાસ કેશરીયા

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

❋

વર્ષ ૪ : અંક ૮ મો
નવેમ્બર, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

: નમ્ર નિવેદન :

શ્રી વલ્લભ સુધાનો ચોથા વર્ષનો આ આઠમો અંક આપના પાસે આવશે ત્યારે શ્રી અન્નકુટ ઉત્સવની મંગલ વધાઇ ચાલતિ હશે. નવલ વર્ષના શુભ આગમન પ્રસંગે પ્રભુ, પ્રાણી માત્રને સ્વ-સ્વ અધીકાર અનુસાર આનંદનું દાન કરે એવી અભિલાષા.

શ્રીવલ્લભ સુધાનું ચાલુ વર્ષનું લવાજમ હજુ કેટલાક સભ્યોનું આવેલ નથી તેમના અંક પર લવાજમ બાકીનો સીકકો લગાવેલ છે કૃપા કરી લવાજમ તુરત મોકલી આપી સહકાર આપે તેવી વિનંતી.

શ્રીવલ્લભ સુધા દ્વારા પ્રકટ થયેલ પુસ્તક શ્રીવલ્લભાખ્યાન ને સર્વે તરફથી સારો આવકાર મલ્યો છે. હવે સુરતવાળા પ. ભ. શ્રી જાદવજીભાઈ ખેરાજભાઇ દ્વારા તૈયાર થયેલ શ્રીભ્રમરગીત વ્યાખ્યાનું પુસ્તક તૈયાર થઈ રહ્યું છે. જે ટુંકસમયમાંજ આપની પાસે મુકતાં આનંદ અનુભવિશું આપના ગામોમાં જોઇતી પ્રતોની એક સાથે નોંધણી કરી મંગાવતાં રેલ્વે પારસલથી એક સાથે રવાનગીમાં ખર્ચ ઘણુ ઓછુ આવે તેમજ કાર્યાલયનો સમય વ્યયપણ ઓછો થાય માટેપોતપોતાના ગામના વૈષ્ણવોની જરૂર મુજબ નકલો મંગાવવા વિનંતી.

મુંબઈ મોટા મંદિરવાળા પૂ. પા. ગોસ્વામી શ્રી ગોપીનાથજી મહારાજના નિત્યલીલા પ્રવેશથી સંપ્રદાયમાં એક મહાન કલાવિદ્ ગો. બાલકની ખોટ પડી છે, આપશ્રીના બન્ને લાલજીશ્રી રમેશચંદ્રજી તથા શ્રીરાજકુમારજી પણ કલા-ભાવનાનું પોષણ અને પુષ્ટિમાર્ગીય ભાવનાના પોષણદ્વારા સદા દૈવિસૃષ્ટિને પોષે છે. શ્રીવલ્લભ સુધા સંપાદક-વ્યવસ્થાપક મંડલ આપશ્રીના શ્રી ચરણોમાં શ્રદ્ધાંજલી અર્પે છે.

—સંપાદક

॥ શ્રીકૃષ્ણ: ॥

પ્રસ્થાન ચતુષ્ટય

લેખક : **પૂ. પા. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, વડોદરા**

[ગતાંકથી ચાલુ]

અહીં વ્યાસજીના કાલ નિર્ણયને માટે અંક ૩ થી જણાવેલ ૧ શ્લોકને બરાબર તપાસવો જરૂરી છે. તેમાં જણાવ્યું છે કે ત્રીજી વખત જ્યારે ચતુર્યુગ ફર્યા (સતયુગ–ત્રેતાયુગ–દ્વાપરયુગ અને કલિયુગ આ ચારનો ભેગો સમય તે એક "ચતુર્યુગ" કહેવાય છે.) ત્યારે તેમાં દ્વાપરયુગ આવ્યો તે દ્વાપરમાં પારાશર મુનિથી વાસવીમાં પ્રભુ શ્રીહરિની જ્ઞાન કલા વડે વ્યાસજી ઉત્પન્ન થયા.

આ શ્લોક પર અન્ય ટીકાકારો અને શ્રી આચાર્ય ચરણ તેમજ ગો. શ્રી પુરુષોત્તમજીના મતને બરાબર સમજવો જરૂરી છે. શ્રીમદ્ ભાગવતના ટીકાકાર શ્રીધર સ્વામી લખે છે કે–

....દ્વાપર ઇતિ। દ્વાપરે સમનુપ્રાપ્તે ! કદેત્યપેક્ષાયામાહ। તૃત્તીયે યુગસ્ય પર્યયે પરિવર્તે। વાસવ્યામુપરિચરસ્ય વસોર્વીર્યાજ્જાતાયાં સત્યવત્યાં યોગી જ્ઞાની વ્યાસો જાતઃ (ભાવાર્થ દીપિકા શ્રીધરકૃત ભાગવત ૧–૪–૧૪) ત્યારબાદ તે શ્રીધરી ભાવાર્થ દીપિકા ઉપરનું વ્યાખ્યાન ભાવાર્થ દીપિકા પ્રકાશમાં બંશીધર લખે છે કે–યુગાનાં સત્યાદીનાં બહુનાં પર્યયોઽતિક્રમો યત્ર તસ્મિન્ "પર્યયોઽતિક્રમસ્તસ્મિન્નતિપાત ઉપાત્યયઃ" ઇત્યમરઃ। બહુ યુગાત્તિક્રમે। યદ્વા પરં તસ્મિંસ્તચ્ચ કૃષ્ણાવતાર સમ્બન્ધ્યેવ જ્ઞેયમ્। તદવતાર વૈવસ્વત મન્વન્તરી યાષ્ટાવિંશતિતમે દ્વાપરે વ્યાખ્યાસ્યતે। કીદૃશે તૃત્તીયે સંધ્યારૂપ યુગરૂપ સંધ્યાંશરૂપાણીતિ સર્વયુગાનિ તિરૂપાણિ ભવન્ત્યતસ્તૃતીયે સંધ્યાંશરૂપે ઇતિ વિશ્વનાથઃ। તીર્થસ્તુ કૃત યુગાપેક્ષયા તૃતયે દ્વાપરે સમનુપ્રાપ્તે કિંભૂતે યુગસ્ય પર્યયોઽવસાનં યત્ર તસ્મિન્ દ્વાપરાન્ત ઇત્યર્થમાહ। વંશીધરકૃત ભાવાર્થ દીપિકા પ્રકાશ ભાગવત ૧-૪–૧૪)

શ્રી રાધારમણદાસ ગોસ્વામી દીપની વ્યાખ્યામાં સંક્ષિપ્તથી જણાવે છે કે–તૃતીય ઇતિ। તૃતીયત્વં કલિમાદાય વૈપરીત્યેન ગણનયા ત્રેતા યુગાવસાને ઇત્યર્થઃ। ઇતિ વ્યાખ્યાલેશઃ। પરિવર્તે સમાપ્તિ કાલે સન્ધા વિત્યર્થ : –ઇતિ બુધ રંજની। (શ્રીરાધા રમણદાસ ગોસ્વામી કૃત 'દીપની' વ્યાખ્યા, ભાગવત ૧–૪–૧૪)

શ્રીમદ્ વીર રાઘવ વ્યાખ્યામાં લખે છે કે–દ્વાપરે યુગે સમનુ પ્રાપ્તે તત્રાપિ તૃતીયેસ્ય યુગસ્ય પર્યાયે વડવસાને પરાશરાત્....... । શ્રીમદ્ વીરરાઘવ વ્યાખ્યા, ભાગવત ૧–૪–૧૪)

શ્રીમદ્ વિજયધવજ તીર્થ કૃત પદરત્નાવલીમાં કૃતયુગા પેક્ષયા તૃતીયે દ્વાપરે યુતે યુગ પર્યવસાને સમનુપ્રાપ્તે સતિ.... । (શ્રીમદ્વિજયધ્વજ તીર્થ કૃત ભાગવત ૧–૪–૧૪) શ્રીજીવગોસ્વામી ક્રમસન્દર્ભમાં લખે છે કે–યુગસ્ય તસ્ય દ્વાપરાખ્યસ્ય તૃતીયે પર્યયે યુગત્રયમન્યદતિક્રમ્યાતિક્રમ્ય વૈવસ્વત મન્વરાદિત સ્તૃતીય આગમને સતિ। (શ્રીજીવ ગોસ્વામી કૃત ક્રમ સન્દર્ભ, ભાગવત ૧–૪–૧૪)

શ્રીમદ્ વિશ્વનાથ ચક્રવર્તિ સારાર્થ દર્શિનીમાં લખે છે કે દ્વાપર ઇતિ । યુગાનાં સત્યાદીનાં બહુનાં પર્યયોડતિક્રમોયત્ર તસ્મિન ‘પર્યયોડતિક્રમસ્તસ્મિન્નતિપાત ઉપાત્યયઃ’ ઇત્યમરઃ । બહુયુગાદિક્રમે યદ્ દ્વાપરં તસ્મિન તચ્ચ કૃષ્ણાવતાર સમ્બન્ધ્યેવ જ્ઞેયમ્ । તદ્દવતારશ્ચ વૈવસ્વતમન્વન્તરીયાષ્ટાવિંશતિ તમે સંધ્યાંશરૂપે । (શ્રીમદ્ વિશ્વનાથ ચક્રવર્તિ કૃત સારાર્થદર્શિની, ભાગવત ૧–૪–૧૪).

શ્રીશુકદેવના સિદ્ધાન્ત પ્રદીપમાં જણાવ્યું છે કે દ્વાપરે ઇતિ। દ્વાપરે ‘અષ્ટાવિંશે ભવિત્રીત્વ દ્વાપરે મત્સ્યયોનિષુ’ ઇતિ હરિવંશે સત્યવતી જન્મ સ્મરણાત્ તત્રૈવ અષ્ટાવતારાનુક્ત્વા ‘નવમો દ્વાપરે વિષ્ણુરષ્ટાવિંશે પુરાભવત્ । વેદ વ્યાસસ્તથા જજ્ઞે જાતુ કર્ણ્યં પુરસ્કૃત’ ઇતિ શ્રીવેદ વ્યાસ જન્મ સ્મરણાત ચ સમનુ પ્રાપ્ત સમ્યગનુપશ્ચાદ્ ગતે સતિ તૃતીયે યુગ પર્યયે યુગસ્ય દ્વાપરસ્ય ત્રેતાનન્તરઃ દિવ્ય સંવત્સર શત દ્વયાત્મકઃ પ્રથમઃ પર્યયઃ। દિવ્ય સંવત્સરાત્મકો દ્વિતીયઃ પર્યયઃ । દિવ્ય સંવત્સરશત દ્વયાત્મકઃ ચરમ ભાગઃ તૃતીયઃ પર્યય સંધ્યાંશલક્ષણઃ સન્નિહિતઃ કાલસ્તસ્મિત ।। પુનસ્તિષ્યે ચ સમ્પ્રાપ્તે કુરવો નામ ભારતઃ । ભવિષ્યન્તિ મહાત્માનો રાજાનઃ પ્રથિતા ભુવિ ।। તેષાન્ત્વતઃ પ્રસૂતાનાં કુલ ભેદો ભવિષ્યતિ । પરસ્પર વિનાશાર્થં ત્વામૃતે દ્વિજસત્તમ ।। તત્રાપ્યનેકધા વેદાન્ ભેત્સ્યસે તપસાન્વિતઃ। કૃષ્ણે યુગે ચ સમ્પ્રાપ્તે કૃષ્ણવર્ણો ભવિષ્યસી’તિ મોક્ષધર્મોક્તેઃ ।

આ પ્રમાણે અલગ અલગ ટીકાકારોના વિભિન્ન મતો જોયા. તેમાં પ્રાયઃ ઘણા ખરા વૈવસ્વતમન્વન્તરમાં ભગવાન શ્રીકૃષ્ણનો અવતાર અને વ્યાસજીનો અવતાર થયો એમ માને છે. પણ આ બધાથી અલગ જ રીતે શ્રીઆચાર્ય ચરણે વિલક્ષણતાથી પોતાનો મત પ્રગટ કર્યો છે ભાગવત ૧–૪–૧૪ ની શ્રીસુબોધિનીમાં શ્રીઆચાર્ય ચરણ લખે છે કે–

બ્રહ્મકલ્પસ્ય પ્રથમ મન્વન્તરસ્ય તૃતીય યુગ પર્યાવૃત્તૌ વ્યાસસ્ય જન્મ । પ્રથમં યુગ પર્યાયો જ્ઞાનસ્ય સંસાધનસ્ય કાલઃ। દ્વિતીયઃ કર્મણઃ। તૃતીયસ્તુ ભક્તેઃ। તથાપિ ધર્માણાં બાધકત્વાત્ કૃતે ત્રેતાયાં ચ ન જન્મ, કિન્તુ ધર્મસ્ય દ્વિપરતાયાં સન્દેહે સર્વેષામેવ સન્દેહઃ સંશબ્દાર્થઃ। (સુબોધિની ૧–૪–૧૪)

અર્થાત્ બ્રહ્મકલ્પના પ્રથમમન્વન્તરની ત્રીજી યુગ પર્યાવૃત્તિમાં (યુગ પર્યાવૃત્તિ–સત્યથી કલિ સુધીના ચાર યુગોનું ક્રમશઃ આવર્તન) એટલે કે ત્રીજી વખત યુગ ફર્યા ત્યારે વ્યાસજીનો જન્મ છે, યુગની પ્રથમ પર્યાવૃત્તિ એ કર્મનો કાળ છે. અને ત્રીજી વખતની પર્યાવૃત્તિ તે ભક્તિનો કાળ છે. તેમ છતાં પણ સત્ય યુગમાં અને ત્રેતાયુગમાં ધર્મોનું બાધકપણું હોવાથી તે બે યુગમાં વ્યાસજીનો જન્મ નથી, પણ ધર્મની દ્વિપરતામાં બધાને સન્દેહ થયો એમ મૂળ ભાગવત વાક્યમાં “સમ્” ઉપસર્ગથી શબ્દાર્થ ગ્રહણ થાય છે.

શ્રીસુબોધિનીજીના આ પ્રકરણને વધુ વિસ્તારથી સમજાવતાં ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજ શ્રીસુબોધિની પ્રથમ સ્કન્ધ પ્રકાશમાં જણાવે છે કે–

બ્રહ્મકલ્પસ્યેત્યાદિ । અત્રાયમાશયઃ મૂલે તૃતીયે યુગ પર્યયઃ ઇતિ કથનદૃષ્ટા વિંશતિપર્યાય દ્વાપરસ્ય નિવૃત્તૌ તત્રોત્પન્નાયાઃ સત્યવત્યા એતન્મ-ન્વન્તરીય તૃતીય પર્યાય દ્વાપરેઽભાવાત્

તસ્યાપિ નિવૃત્તૌ તસ્યાઃ સોમવંશીયત્વેનં તદ્ધિતમન્વન્તરાણામપિ નિવૃત્તાવેતત્કલ્પસ્યૈવ નિવૃત્તોર્ભૂતસ્ય કલ્પન્તરસ્યૈવ પ્રથમં ક્ષોભાત્ "પ્રથમઃ કલ્પો રાજસ" ઇતિ બ્રહ્મકલ્પસ્ય રાજસત્વે "ચાક્ષુષોદધિ સમ્પ્લવ ઇત્યત્રોકતન્યાયેન તત્ર રાજસમન્વન્તર પ્રાથમ્યે પ્રાપ્તે, તત્ર સૂર્યાદ્યપેક્ષાસત્ત્વાત્ મૃતેડણ્ડ એવ એતસ્મિન યદભૂત્તતો માર્તણ્ડ" ઇતિ નિરુકત્યા જગતોડગ્નીષોમાં ત્મકત્વેન ચ સોમસ્યાપિ તદા સત્ત્વેન તદ્ધંશે જાતે તૃતીય પર્યાય દ્વાપર એવ સત્યવત્યા ઉત્પત્તૌવક્ષ્યમાણ યુકત્યા પરાશરસ્યાપિ તદાનીં સત્ત્વાત્ તૃતીય પર્યાવૃતૌ વ્યાસ જન્મેત્યર્થઃ। તૃતીય ઇત્યાદિ કથનસ્ય પ્રયોજનમાહુઃ મિત્યાદિ। તથા ચ ભકિત પ્રચારાર્થત્વાતૃતીયે પર્યાયે જન્મેતિ ભાવઃ। માધ્વાસ્તુ "અધીતવાન દ્વાપરાદા" વિત્યસ્ય વ્યાખ્યાને "વ્યાસઃ ષટશતવર્ષીયો ધૃતરાષ્ટ્રમજીજન" દિતિ વાકયાદસ્મિન કલ્પે વ્યાસ જન્માહુઃ। દ્વાપરસ્ય તાત્પર્યમાહુઃ તથાપીત્યાદિ। ધર્માણાં બાધકત્વાદિતિ। કૃતત્રેતયોધર્મસન્દેહાભાવેના સન્દિગ્ધતમા ક્રિયમાણાનાં તેષાં ભકિતબોધકત્વાત્। દ્વિપરતાયાં સન્દેહ ઇતિ। "દ્વાપરૌ યુગસંશયા" વિતિ કોશાત્ દ્વાપરશબ્દ ઉભયાર્થઃ, પ્રકૃતે શકિત નિયંત્રણાભાવદિકે યોકત્યા પૂષ્પવચ્છબ્દ વદુભયં વકિત। દ્વિપરતા તૂકતામાત્સ્યે ॥ દ્વૈધમુત્પદ્યતે ચૈવયુગે તાસ્મિન શ્રુતૌ સ્મૃતા" વિત્યાદિના એવઞ્ચ દ્વાપરાનો વ્યાસાવતાર આયાતિ। (શ્રી સુબો. પ્રકાશ ૧-૪-૧૪)

અર્થાત્– "બ્રહ્મકલ્પના" એમ કહ્યું છે ત્યાં આ પ્રમાણેનો આશય છે. મૂળમાં (ભાગવત) 'તૃતીયે યુગ પર્યયે" એમ કહેલું હોવાથી આ મન્વનારના અઠયાવીસમા પર્યાય દ્વાપરના અન્તમાં ઉત્પન્ન થયેલ સત્યવતીનો આ મન્વન્તરના ત્રીજા પર્યાયમાં અભાવ હોવાથી આમન્વન્તરમાં વ્યાસ જન્મ નથી, એવો નિશ્ચય થાય છે તેમજ તે સત્યવતીનુ સોમવંશીય પણું હોવાથી જે મન્વન્તરોમાં સોમવંસજ ન હોય તે તે મન્વન્તરોમાં પણ વ્યાસનો જન્મ નથીજ, એ નિશ્ચય થાય છે. તો પછી [illegible]ી હકીકતો કલ્પાન્તરની હોવી જોઇએ.

કે[illegible] તેનો વિચાર કરતાં રજો ગુણનો જ પ્રથમ ક્ષોભ થવાથી પ્રથમ કલ્પ રાજસ થયો છે. એ પ્રકારે બ્રહ્મકલ્પનું રાજસપણું છે. તેમજ મત્સ્યાવતારમાં ચાક્ષુસ મન્વન્તર થયો ત્યારે પ્રલય થયો, એમ સિદ્ધ થવાથી તેમાં રાજન્ન મન્વન્તર વહેલો પ્રાપ્ત થયો તેમાં સૂર્ય ચંદ્ર વગેરે હોવા જોઈએ. તેથીજ ભાગવતમાં પંચમસ્કંધમાં માર્તણ્ડ શબ્દના અર્થમાં અંડમૃત થયું તેમાં ઉત્પન્ન થયેલો તેને માર્તણ્ડ કહેવાય છે. માટે જગતને અગ્નિ અને સોમાત્મકપણું હોવાથી તે વખતે સોમ પણ છે. માટે તેનો વંશ પણ તેમાં થયો. ત્યારે ત્રીજી વખત દ્વાપર આવ્યો તેમાં સત્યવતીની ઉત્પત્તિ સિદ્ધ થાય છે. તેમજ પરાશર પણ તે વખતે હતા. તેથી ત્રીજી વખતના દ્વાપરમાં વ્ય.સજીનો જન્મ સિદ્ધ થાય છે.

પૃષ્ઠ પ્રકાશન રૂા. ૫૧-૦૦
ગો. વા. માતુશ્રી સવિતાબેન મોહનલાલના જય શ્રીકૃષ્ણ
હ. શ્રી રસિકલાલ મોહનલાલ રાજકોટ.

॥ શ્રી વલ્લભઃ ॥

જનકલ્યાણમય–પુષ્ટિમાર્ગ

(શિશુ શૌર્યનું–મંગલ પ્રસ્થાન)

લેખક – **પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી**

[લીલાનો જીવ સેવામાં સાવધાન ન રહેવાથી અનેક જન્મમાં ભટકતો રહી હીન યોનીમાં પઠાણને ત્યાં જન્મ લે છે, અને વૈષ્ણવના સંગથી પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન થાય છે અને વૈષ્ણવ ધર્મ અપનાવવાથી તેના પિતા તેનો વિરોધ કરે છે તેનો સામનો દ્રઢતાથી પઠાણ પુત્ર કેવી રીતે કરે છે તેમજ પુષ્ટિમાર્ગમાં કોઈ જીવને ઉંચ નીચ ગણવામાં આવતો નથી. સૌ સૌને પોત પોતાની જાતિ વર્ણાશ્રમમાં રહેવા દઇને ધર્મનું પાલન કરવા દેવાનું વિશાળ હૃદય ધરાવે છે વગેરે હકીકતનું દિગ્દર્શન લેખક શ્રી પ્રસ્તુત વાર્તામાં કરાવે છે. –સંપાદક]

આ પઠાણ પુત્ર નંદાલય લીલામાં શ્રી નંદ રાયજીનો અંગ રક્ષક છે. તેનું નામ "રાસો ગોપ" છે. એક સમય સેવામાં સાવધાન રહી ન શકયો અને ભૂતલ ઉપર પડયો. અનેક જન્મોની ભટકનને અંતે તે, દિલ્હીમાં એક પઠાણને ત્યાં જનમ્યો. તે સમયે ઘણા ખંડીયા રાજાઓ પણ દિલ્હીના દરબારમાં દિલ્હી રહેતા તેવા એક 'શેરશાહ' બાદશાહનો દરબાર આજે ભરચક્ક ભરાયો હતો. અને કાર્યવાહી ચાલતી હતી, તે વખતે.

હઝુરી : સેનાપતિજી ! આપને ત્યાં બીબીજીને બેટો આવ્યો. કુદરતેશું એને રૂપ આપ્યું છે ! જાણે ચાંદનો ટુકડો અને જીન્નતનું નુર.

સેનાપતિજી : ઓહ હઝૂરી । તેં આજે ખુશ ખબર આપ્યા ! લે આ તારો શિરપાવ એમ કહીં શિરપાવ આપે છે, અને હઝૂરી જાય છે.

શેરશાહ : ઓહો ! સેનાપતિજી ! તમારે ત્યાં બેટો આવ્યો ! આજે હું પણ બહુ જ ખુશ છું. આ મારા તરફથી બેટાને શિરપાંવ એમ કહી એક ઝરી ખીનખાબનું થાન (તાકો) અને ઉપર સો. સોના મહોર રોકડી આપી. અને કહ્યું કે જાઓ ખુશિયાં મનાઓ.

સેનાપતિજી : (જ્યોતિષી, શાસ્ત્રીને) મૌલાના સાહેબ ! આ બેટાનું ભવિષ્ય તો જુઓ. તે કેવો થશે ?

મૌલાના : સેનાપતિજી ! આપનો બેટો મોટો થઇ અને બહુ જ ઈજ્જત કમાશે. ખુદાનો બંદો થશે. જનાબે મુકદ્દર પાક પરવર દીગારની સદા તેના ઉપર રહેમ રહેશે. ઓલીયો પુરુષ થશે. ઇશ્વરને બહુ જ વહાલો થશે તેથી તેનું નામ અઝીઝ (વહાલો) ખાન રહેશે. એમ કહી મૌલાના ગયો.

આમ પઠાણ પુત્ર અઝીઝખાન માતા–પિતાના લાલન પાલનમાં મોટો થયો. તે દૈવી જીવ હોવાથી તેને બે–ત્રણ વૈષ્ણવો સાથે મિત્રતા થઈ. અને તેની સાથે મન મળી ગયું. બીજા બે–ત્રણ વૈષ્ણવનું મિત્ર મંડલ પણ મળી ગયું. વૈષ્ણવોના સંગથી અઝીઝખાન પઠાણી ખાન પાન છોડી. હિંદુની રીતે બહુ જ સાત્વિકતાથી રહેવા લાગ્યો. અને વૈષ્ણવોને પણ વહાલો થઇ પડયો.

કીશનદાસ : કેમ બલદેવ ! આ પઠાણ પુત્ર કેમ લાગે છે ?

બલદેવ : ભલે જન્મ મલેચ્છનો છે પરંતુ લાગે છે તો કોઇ દૈવી જીવ આપણા ધર્મ ઉપર પ્રેમ, શ્રદ્ધા, અને દ્રઢ આગ્રહ છે.

શ્યામપ્રસાદ : બરાબર છે પરંતુ થોડો સમય રાહ જુઓ, વખતે એમ પણ થાય કે સ્વાંતિજલ બુંદ જબ પરત હે જાહીમેં તાહિમેં હોત તૈસો જુબાનો. "થોડી રાહ જોઇએ તો તેને ફલિત અને આપણને આનંદ થશે.

આમ થોડો સમય રાહ જોઈ અને સહુને લાગ્યું કે તેની ભાવના, સુદ્રઢ છે એટલે અઝીઝખાનને સિંચન કરવાનું સહુએ વિચાર્યું.

કીસનદાસ : અરે અઝીઝખાન ! તું તો દૈવી જીવ છો. પ્રભુ શ્રી કૃષ્ણની અલૌકીક અચ્યુત અને અખંડ લીલામાં તારૂં સ્થાન છે. હજારો વરસ થયાં એ પ્રભુથી જુદા પડયા પછી અનેક યોનિઓમાં જન્મ લઈ અને ઘણું ભટકયો. જેથી તારૂ સ્વરૂપ તને ભુલાઇ ગયું છે. પુરાણનું એક દ્રષ્ટાંત છે. કે એક સિંહનું બચ્ચું જગલમાં તેની માં થી જુદુ પડી ગયું. તે એક ભરવાડના હાથમાં આવ્યું. અને તે ઘેટાં બકરાં સાથે રહેવા લાગ્યું. પશુઓની સાથે ઘાસ ખાવાની પણ તેને ટેવ પડી ગઇ. અને તે પોતાને પણ પશુ માનવા લાગ્યું. એમ કરતાં મોટું થયું. અને એક દીવસ જંગલમાં ચરતાં તે સિંહની નજરે ચડયું. તેને ઘાસ ખાતું જોઈ સિંહને નવાઇ લાગી. સિંહે ત્રાડ નાખી અને ઘેટાં બકરાં ભાગવા લાગ્યાં તેની સાથે તે સિંહ બચ્ચું પણ ભાગવા લાગ્યું. સિંહે દોડી અને તેને પકડયું અને તે થર થર ધ્રુજવા લાગ્યું. ત્યારે સિંહે કહ્યું કે તું કેમ ધ્રુજે છે. તું કાંઈ પશુ જાતીનું નથી. પણ મારા જેવો સિંહ છો. ચાલ મારા સાથે તને તારા સ્વરૂપનું જ્ઞાન કરાવું. એમ કહી અને તેને એક જળાશયમાં લઈ જઇ પોતાની સાથે સરખામણી કરાવી. અને પોતાના જેવી ત્રાડ નાખવા કહ્યું. સિંહ બચ્ચાએ ત્રાડ નાખી એટલે તે સિંહના જેવી જ લાગી અને પોતાને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું. અને તે જંગલમાં સિંહ સાથે રહેવા લાગ્યું આ સિંહ બચ્ચાની જેમ તું પણ સિંહ રૂપ દૈવી છો. સંસારનાં બીજાં મનુષ્યો જેવો નથી. સંસારની અટપટી ભુલભુલવણીમાં તું પોતાનું સ્વરૂપ ભુલી ગયો છે.

અઝીઝખાન : કીસનદાસ ! મને તમારામાં પુરો વિશ્વાસ છે. તમે મારા માટે જે કંઇ કહો છો, અને કરો છો, તેમાં હું મારૂં હિત જ માનું છું. મને મારા પૂર્વ જન્મની સ્મૃતિ થાય અને મારો જન્મ સફળ થાય તેવી રાહ કૃપા કરી અને બતાવો. હું આપનો વગર મુલનોદાસ છું.

કીસનદાસ : અઝીઝખાન ! તું હવે તારૂં પોતાનું હિત અહિત સમજે છે. જો તું વૈષ્ણવ થાય તો તારો જન્મ સફળ થઇ જાય. પ્રભુ પ્રસન્ન થઇ જાય. અને અંતે તારી લીલાત્મક સ્વરૂપની તને પ્રાપ્તિ થાય. અને તારા આ જીવનનો અલૌકીક સ્વાદ અને આનંદમાણી શકે.

અઝીઝખાન : ભાઇ જી ! તમે જેમ કહો તેમ કરવા તૈયાર છું. પરંતુ તમે તમારા બાલ જીવનના વૈષ્ણવી અનુભવની કોઇક વાત કરો. તો મારૂં મન વિશેષ દ્રઢ થાય. અને મનમાં આનંદ થાય.

કીસનદાસ : અઝીઝખાન ! હું બાલ પણથી જ શ્રી ગુંસાઇજીને શરણે થયો હતો.

તે પછી હું મારા એક સંબંધી મિત્ર સાથે બ્રજમાં ગયો હતો. ત્યાં અમે શ્રી ગિરિરાજજીની પરિક્રમા કરતા કરતા. આન્યોરમાં ગોવિંદ કુંડ પાસે આવ્યા. ત્યાં મારા શ્રી ગુરૂદેવ શ્રીગુંસાઇજી સ્નાન કરી સંધ્યા વંદન કરી રહ્યા હતા. અમને આપશ્રીનાં અલૌકીક દર્શન થયાં. અમે સ્તબ્ધ થઈ ગયા

જેમ મૃગ વાજીંત્રના સ્વરમાં ભાન ભૂલી જાય તેવું અમારૂં થયું. પરંતુ! તેટલામાંતો, એક કોઇ શિકારી ખંભે મરેલાં પક્ષીઓ અને લોહી ભરેલાં કપડાં સહિત ત્યાં આવ્યો. તે દિલ્હીશ્વર, અકબરના શિકારખાના નો વર્ષો જુનો સરદાર હતો. તેણે આવી અને શ્રી ગુંસાઇજીને વિનંતિ કરી કે પ્રભૂ! હું આવો અધમ પતિત અને પાપી છું. આપ મારો ઉદ્ધાર કરશો? ત્યારે પતિત પાવન પરમ કૃપાળુ શ્રી ગુંસાઇઓ હંસીને આજ્ઞા કરી કે આવો મુરારિદાસ! ઉધ્ધારની ચિંતા કેમ કરો છો? ઉદ્ધાર તો તમારો થઇ ગયો. જાઓ ગોવિંદકુંડમાં સ્નાન કરી અને અહીં આવો. એટલે તેણે મરેલાં પક્ષી અને લોહી ભરેલાં કપડાં ગોવિંદ કુંડને કાંઠે મુકી સ્નાન કરી અને થી ગુસાંઇજી આગળ આવી દંડવત કરી હાથ જોડી અને ઉભા રહ્યા. શ્રી ગુસાંઇજીએ તેના ઉપર કૃપા દ્રષ્ટિ કરી. અને હંસતા મુખથી નામ સંભળાવ્યું. ત્યાં તો કુંડને કાંઠે મુકેલાં લોહીવાળાં કપડાં વગર ધોયે ઉજળાં થઇ ગયાં. અને પક્ષીઓ સર્વ જીવતાં થઇ ઉડી ગયાં. એટલે મુરારિદાસને નિશ્ચય થઇ ગયો કે. પતિત પાવન પ્રભૂએ મારો ઉદ્ધાર કર્યો. એટલે તેણે શ્રી ગુસાંઇજીને સાષ્ટાંગ દંડવત કર્યા. અને શ્રી ગુસાંઇજી મહારાજે મંદિરમાં લઇ જઇ તેને શ્રીજી સન્મુખ નિવેદન કરાવ્યું. અને અમે પણ પરમકૃપાળુ શ્રી ગુસાંઇજી મહારાજની કૃપાળુતા જોઇ ભાવ વિભોર અને ચકિત થયા. અઝીઝખાન! આ શ્રી ગુસાંઇજી આપણા આદિ અનાદિ સ્વામિ અને પરમ પ્યારા મહેબૂબ છે. અને એવા સમર્થ છે. સાક્ષાત્ પુર્ણ પુરૂષોત્તમનું સ્વરૂપ છે. આ અનુભવ મેં મારી બાલ અવસ્થામાંજ કરેલ છે. માટે તું પણ શ્રી ગુસાંઇજીને શરણે જાય, તો તારો આ જન્મ સફળ થઇ, પ્રભુના અક્ષય લોક ગોલોક ધામમાં પ્રભુની સાથે ગ્વાલ સખામાં તું પણ આનંદ અને સુખ પામશે. અને તને એ પ્રભૂ હોંશે હોંશે સાથે રમાડશે. અને અલૌકિક સુખ આપશે.

ધન્ય જીવન તેમનું !

[રાગ–હરિગીત 'શ્રીકૃષ્ણના ચરણાવિંદની……']

શ્રીનાથ પ્રભુની સમક્ષ કોણ સુપાત્ર કે કુપાત્ર છે ?
સર્વ તો બાળક છીએ કરુણાનિધાન શ્રીજી તણા.
વરસી રહી છે એમની કરુણા તો અનરાધાર રે,
ધારા ઝીલે જે જીવ ભાવથી ધન્ય જીવન તેમનું !

—પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

અઝીઝખાન : (મનમાં) આકીસનદાસ ભગવદીય મહાપુરૂષ છે. તેના સંગથી મારૂં નિશ્ચય ભલું જ થશે. મારા સદભાગ્યે જ મને તેઓનો સંગ થયો છે. એમ સમજી તેણે કીસનદાસને કહ્યું કે. ભાઇશ્રી ! હઝારો વરસ થયા બંધ થયેલાં મારાં હૃદયના દ્વારોને તમે ખોલી દીધા છે. અને મને મહાન સુખમય માર્ગ બતાવ્યો છે. હું તમારો જન્મો જન્મનો ઋણી છું. કૃપા કરી અને કહો કે હવે મારે શું કરવું ?

કીસનદાસ : અઝીઝખાન ! અહીં દીલ્હીમાં શ્રી યમુનાજીના નિગંબોધ ઘાટ ઉપર શ્રી ગુસાંઇજી મહારાજ બીરાજે છે ત્યાં જઇ શરણે થઇ આવો આટલું સાંભળતાં જ તે. ચાલ્યો અને નિગંબોધ ઘાટ ઉપર આવ્યો. શ્રી ગુસાંઈજીનાં દર્શન કર્યાં તો સાક્ષાત શ્રી ગોકુલેશ્વર પ્રભૂ રૂપે થયાં અને તે પ્રસન્ન થયો. તુરતજ શ્રી ગુંસાંઇજીને સાષ્ટાંગ દંડવત કરી હાથ જોડી અને વિનંતિ કરી.

અઝીઝખાન : પ્રભૂ ! હું પઠાણ પુત્ર છું વૈષ્ણવોનો સંગ અને કૃપાથી મને આપશ્રીના દર્શનનું સૌભાગ્ય મળ્યું છે પ્રભૂ મારે આપશ્રી અને આપના અંગીકૃત ભગવદીઓ સિવાય મારૂં કોઇ નથી. હું અનંત જન્મો થયાં ભટકું છું હું આપનો છું. મારા ઉપર કૃપા કરી મને શરણે લઇ અને સનાથ કરો પ્રભૂ તેની આવી દીનતા જોઇ દૈવી જીવ અને લીલામાં તેને 'રાસો ગોપ' જાણી શ્રી ગુંસાઈજીએ કૃપા કરી નામ સંભળાવી તુલસી માલા પહેરાવી શરણે લીધો. અને પઠાણ પુત્રે ભેટ-દંડવત કર્યાં. પછી આપશ્રી એ આજ્ઞા કરીકે વૈષ્ણવોનો સંગ કરજો. પછી તે ઘેરે આવ્યો અને પોતાના વૈષ્ણવ મિત્ર મંડલને બધી વાત કરી. અને આનંદ માન્યો

હવે તો અઝીઝખાન, પ્રગટ રીતે ધોતી બંડી પહેરી માલા તિલક કરી વૈષ્ણવની રીતે રહેવા લાગ્યો. શ્રી ગુંસાઇજીની આજ્ઞા પ્રમાણે પીતાના ઘરનું ખાન પાન પણ છોડી દીધું. અને જુદો રહી વૈષ્ણવી આચાર વિચાર અને ખાન પાનથી શુદ્ધ રહી વૈષ્ણવોનો સંગ કરવા લાગ્યો. અને વૈષ્ણવોના સંગથી પોતે સેવા ટહેલ-જપ-પાઠ કરવા લાગ્યો.

સેનાપતિ : બેટા અઝીઝ ! તું હિંદુ ધર્મ પાળે છે પરંતુ આપણે માટે તે યોગ્ય નથી. આપણે તો આપણો પઠાણી ધર્મ જ પાળવો જોઇએ.

અઝીઝખાન : પિતાજી ! આપ મારા વડીલ છો. પરંતુ આ ધર્મ મેં મારા આત્મકલ્યાણ માટે જ અપનાવ્યો છે. અને એનાથી મારૂં જીવન ઉજવળ થયું છે. હિંદુ ધર્મ અહિંસક અને નિર્મળ છે પરમ પવિત્ર અને પ્રેમ મય છે જગત કલ્યાણ કારી અને મહાન છે.

સેનાપતિ : બીબીજી ! આપણો બેટો તો આપણાથી જુદો થઇ આપણી સાથેનું ખાન

પૃષ્ઠ પ્રકાશન રૂા. ૧૦૦-૦૦
ગો. વા. ઠા. હેમરાજભાઈ ઓધવજીભાઈના જય શ્રીકૃષ્ણ
હ. ગં. સ્વ. હેમીબેન હેમરાજભાઈ તથા શ્રી હસમુખલાલ હેમરાજભાઈ

પાન પણ છોડી દીધું ઘર વ્યહવાર પણ છોડી દીધો. કેમ જાણે એ પઠાણ પુત્ર જ ન હોય આ તેણે ઠીક કર્યું ન કહેવાય આમાં આપણા મોટા ઘરની ઈજ્જત શું ?

બીબી : ખાવિંદ એ જેવો છે તેવો પરંતુ આપણોજ પુત્ર છે. પઠાણો અંદરો અંદર માતા પિતા અને સગા ભાઇ સબંધી ઓનાં પણ ખુન કરી નાખે તેવા ઝનુની હોય છે. તેના કરતાં તો આપણો બેટો લાખ દરજે સારો છે. આપણો મલાજો માન અદબ સારી રીતે સાંચવે છે. કારણકે ધર્મ પાનથી તેના પઠાણી હિંસક જીવન કરતાં તો ઘણા એ સદ્‌ગુણો ભર્યા છે. જુઓછો ને તે આપણી સાથેના દરેક વ્યહવારમાં નમ્રતાથી આપણા દરેક હુકમોનું બરાબર પાલન કરે છે. અને વળી પ્રેમ પુર્વક. આપણે તેને કાંઈ કેવી રીતે કહી શકીએ ?

સેનાપતિ : એ ભલે સારો અને સદ્‌ગુણી છે. એતો આપણે પણ માનવું પડે પરંતુ તેણે આપણો ધર્મ છોડયો એટલે આપણા મૌલાના મોલવીઓ (શાસ્ત્રી પંડિતો) મુંઝાવરો (પુજારી) આગળ મારે બહુજ શરમાવું પડે છે. એ મારા જેવા સેનાપતિની ઇજ્જતમાં મોટો દાગ લાગ્યો કહેવાય. એ મારાથી ચલાવી ન લેવાય દરબારીઓમાં પણ મારી ઇજ્જત શું ? જેણ્ હિંદુ ધર્મ સ્વીકાર્યો તેને હું મારો બેટો કેમ કહી શકુ ?

[પઠાણ પુત્ર વૈષ્ણવ, શેરશાહના દરબારમાં વિરોધનો સામનો કેવી રીતે દ્ઢતાથી કરે છે અને પોતાના જીવનને ધન્ય બનાવે છે વગેરે આવતા અંકે જરૂર વાંચો.]

— ક્રમશ :

સને ૧૯૮૫ના અંક ૭ના અનુસંધાને શ્રીવલ્લભસુધાના આજીવન સદસ્યોની નામાવલી

૧૬૧	શ્રી પ્રભુદાસ દામોદરભાઈ દત્તાણી	અમદાવાદ	૧૬૬	હરસુખભાઈ અમૃતલાલ દરજી	આણંદ
૧૬૨	પુરૂષોતમદાસ મુળજીભાઈ પટેલ	આણંદ	૧૬૭	પટેલ બ્રાસ વર્કસ	રાજકોટ
૧૬૩	નરોતમદાસ માધવજીભાઈ હરિયાણી	રાજકોટ	૧૬૮	મધુસુદન ચીમનલાલ શાસ્ત્રીજી	સુરત
૧૬૪	રૂખડભાઈ મેઘજીભાઈ બાબરીયા	સમઢીયાળા	૧૬૯	હીરાલાલ જમનાદાસ કારીયા	રાજકોટ
૧૬૫	સોની જગજીવનભાઈ શામજીભાઈ	મોટીમારડ	૧૭૦	રમણલાલ લક્ષમીચંદ	દ્વારકા

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૩૩મો)

રસોઽહમપ્સુ કૌંતેય પ્રભાસ્મિ શશિસૂર્યયોઃ ।
પ્રણવઃ સર્વવેદેષુ શબ્દ ખે પૌરુષં નૃષુ ॥૮॥

હે કુંતીપુત્ર અર્જુન. જલમાં રસ હું છું. ચંદ્ર અને સૂર્યમાં તેજ હું છું. સર્વે વેદોમાં ૐકાર આકાશમાં શબ્દ અને મનુષ્યોમાં પુરુષત્વ હું છું. ॥૮॥

આધિદૈવિક રૂપથી જગતની સ્થિતિ પોતાનામાં છે, એમ 'રસઃ અહમ્' વગેરે શબ્દોથી શરૂ કરીને પાંચ શ્લોકથી કહે છે. હે કૌંતેય, હે મારા ભકત. હે આ જ્ઞાનને યોગ્ય, હું જલમાં રસરૂપ છું. જલમાં ઠંડક વગેરે આનંદદાયક છે, તે આનંદ વગેરે ગુણો મારા રૂપે રહેલા રસના સંબંધને કારણે આવિર્ભાવ પામેલા છે, એમ અર્થ છે. તેમ જ ચંદ્ર અને સૂર્યની પ્રભા હું છું, એટલે કે પ્રકાશક તેજરૂપે હું છું. મારા રૂપે રહેલું સંયોગ અને વિયોગના આનંદરૂપ ચંદ્ર અને સૂર્યનું તેજ મારા સંબંધથી બંનેમાં તદ્રુપપણાને પામે છે, એટલે કે આનંદ અને પ્રકાશપણાને પામે છે, એવો ભાવ છે. સર્વે વેદોમાં અને શબ્દ રસાત્મક પ્રણવમાં ત્રિરૂપાક્ષર (અ. ઉ. મ) રૂપે રહેલ ૐકાર હું છું. અને શકિત સહિત પુરુષરૂપ હું છું. તેના સંબંધથી જ વેદોના શબ્દોમાં રસરૂપતા છે. તેથી જ શ્રુતિઓમાં રહેલા ભાવનું પ્રાકટય થાય છે, આકાશમાં શબ્દરૂપે હું છું. અહીં આ ભાવ છેઃ આકાશ સ્વરૂપે રહેલા ભગવાનની વેણુના સંબંધથી શબ્દોમાં આનંદરૂપ રહેલું છે. મનુષ્યોમાં પૌરુષ એટલે પુરુષરૂપનો અંશ હું છું. પુરુષનો અંશ જેમાં છે તેઓનીજ ભજનની યોગ્યતા છે, એમ છે તેથી તેના સંબંધથીજ સર્વે મનુંષ્યોનું ઉત્તમપણું કહેવાય છે, એવો ભાવ છે. ॥૮॥

પુણ્યો ગંધઃ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ ।
જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ ॥૯॥

પૃથ્વીમાં પવિત્ર ગંધ અને અગ્નિમાં તેજ હું છું, વળી સર્વે પ્રાણીઓમાં જીવન અને તપસ્વીઓમાં તપ હું છું. ॥૯॥

અને વળી, પૃથ્વીમાં પવિત્ર ગંધ હું છું. જે ગંધ વડે પુલિંદીઓ વગેરેમાં ભગવદ્રસની ઉત્પત્તિ થાય તે પુણ્યરૂપ ગંધના સંબંધથી પૃથ્વી ગંધવતી છે. પૃથ્વી ગંધવતી હોવાથી આ સ્થળની સાથે સંબંધિત સુગંધથી આનંદદાયક બનેલા વૃંદાવનનો આધાર વગેરે છે, એવો ભાવ છે. તે જ પ્રમાણે અગ્નિમાં રહેલું જે તેજ છે એટલે કે કાંતિ છે, તે હું છું. તેમાં આ ભાવ છે. વિપ્રયોગના તાપરૂપ અગ્નિ છે અને મારા અંશના સંબંધથી અગ્નિમાં તાપ છે, તે તાપ વડે બધું પરિપકવ થઇને અન્ન વગેરે બધું મારી ભોગ્યતાને યોગ્ય થાય છે, એવો ભાવ છે. બધાં પ્રાણીઓમાં પ્રાણને ધારી રાખવા જીવન હું છું. નહિ તો ભગ-

વાનથી વિખૂટા પડેલા તેઓમાં ભગવાનના આધાર વિના શી રીતે ટકે? તપસ્વીઓમાં એટલે કે તાપ યુકત પ્રવૃત્તિવાળાઓમાં તપ હું છું, એટલે કે કલેશ અને આનંદરૂપ તપ હું છું. નહિ તો આનંદના અભાવમાં સુખ ન હોવાથી અથવા દુઃખમાં જ કોણ પ્રવૃત્ત થાય? ॥૯॥

બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્ ।
બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ તેજસ્તેજસ્વિના મહમ્ ।૧૦।

હે પૃથાના પુત્ર અર્જુન, ભૂત માત્રનું સનાતન બીજ તું મને જાણ. બુદ્ધિમાનોની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ હું છું. ॥૧૦॥

'બીજમ્' વગેરે શબ્દોથી આગળ કહે છે. હે પાર્થ, હે મારી કૃપાના આશ્રય, ભૂતમાત્રનું સનાતન બીજ એટલે નિત્ય બીજ તું મને જાણ. અહીં આ ભાવ છેઃ પુરુષોત્તમની લીલામાં રહેલા જીવો તદ્રુપ જ હોય છે. પરમાત્માના અંશરૂપ જ તેઓને અહીં પ્રકટ કરાયેલા હોય છે, નહિ તો તેઓ લીલામાં ઉપયોગી ન થાય. તેથી તેના બીજથી જન્મેલા તેઓ પણ સેવાને યોગ્ય છે. એ પ્રમાણે બધાયનું બીજ તું મને જાણ એવા પ્રકારનું જ્ઞાન સ્વરૂપજ્ઞાન માટે ઉત્તેજક છે, એવો ભાવ છે. તે જ પ્રમાણે બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું, એટલે કે. મારા સ્વરૂપના જ્ઞાન માટે મંગલપ્રદ પ્રયત્નો કરનારાઓની બુદ્ધિ એટલે કે કૌશલ્ય હું છું. તેજસ્વીઓનું તેજ હું છું, એટલે કે દુરાધર્ષીઓની (પરાભવ ન પામનારાઓની) દુરાધર્ષતા (પ્રચંડતા) હું છું. ॥૧૦॥

બલં બલવતામસ્મિ કામરાગવિવર્જિતમ્ ।
ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોઽસ્મિ ભરતર્ષભ ॥૧૧॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન, બળવાનોનું કામ અને રાગ રહિત બળ અને પ્રાણીઓમાં ધર્મથી વિરૂદ્ધ નહિ એવો કામ હું છું. ॥૧૧॥

અને વળી, બળવાનોનું બળ હું છું, એટલે કે મને વશ કરનારાં લક્ષણો જેઓમાં છે તેઓનું બળ એટલે વશ કરવાનાં લક્ષણો હું છું. 'ચ' કારથી તદ્રુપ પણ હું છું. એ બળ કેવા પ્રકારનું છે? કામ અને રાગ રહિત છે. મને જે વશ કરે છે તેમાં પોતાની અભિલાષા રહિતના ભાવવાળો તે હોય છે, એટલે કે પોતાની પ્રસન્નતા માટે નહિ પરંતુ ભગવાનમાં અભિલાષા વગેરે ભાવવાળો તે હોય છે અને હે ભરતર્ષભ, હે સત્કુલોત્પન્ન હે તેવી કામનાના ભાવને યોગ્ય, ધર્મથી વિરુદ્ધ ન હોય તેવો પ્રાણીઓમાં રહેલો કામ હું છું અહીં આ ભાવ છે. લૌકિક કામ તો ધર્મથી વિરૂદ્ધ હોય છે, કારણ કે આ રસ પોતાની સાથે વિવાહિત નહિ તેવી સ્ત્રીમાં જ હોય છે. દેખીતી રીતે જ એ બધા ધર્મોની વિરૂદ્ધ છે. અલૌકિક કામ તો રસાત્મક અને ધર્મને અનુરૂપ હોય છે, એવો ભાવ છે. ॥૧૧॥

યે ચૈવ સાત્ત્વિકા ભાવા રાજસાસ્તામસાશ્ચ યે ।
મત્ત એવેતિ તાન્વિદ્ધિ ન ત્વહં તેષુ તે મયિ ।૧૨।

અને વળી, જે સાત્ત્વિક તેમ જ જે રાજસ અને તામસ ભાવો છે તેઓને મારાથી જ થયેલા તું જાણ; હું તેઓમાં નથી, પરંતુ તેઓ મારામાં છે. ॥૧૨॥

'યે ચૈવ' વગેરે શબ્દોથી આગળ કહે છે અને વળી, જે માત્ર સાત્ત્વિક ભાવો, જેવા કે મારા સંબંધવાળાં દર્શનથી રોમાંચ થવા વગેરે, રાજસરૂપ વિક્ષેપ વગેરે અને વળી

તામસરૂપ વિપ્રયોગના સ્વરૂપનું સ્મરણ થતાં થતી મૂર્છા, ભ્રમ વગેરે, તે બધા જ ભાવો, તે પ્રકારે તેઓને મારાથી જ ઉત્પન્ન થયેલા તું જાણ. તેઓમાં તેના સામર્થ્યથી હું તે પ્રકારે પ્રકટ થતો નથી, પરંતુ તે મારામાં પ્રકટ થાય છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છેઃ એ ગુણો રસને માટે મારાથી પ્રકટ કરાયેલા છે. મારા રસાત્મક ગુણની સફળતા માટે મારા સંબંધથી સ્વયં ઉદ્દીપ્ત થયેલા તે રસો મારી સેવા કરે છે, એ પ્રમાણે તેઓ મારામાં છે, પરંતુ જીવની જેમ જેઓમાં તે ઉત્પન્ન થયા છે તેઓમાં હું રસયુક્ત થતો નથી, એવો ભાવ છે. ।।૧૨।।

ત્રિભિર્ગુણમયૈર્ભાવૈરેભિઃ સર્વમિદં જગત્ ।
મોહિતં નાભિજાનાતિ મામેભ્યઃ પરમવ્યયમ્ ।૧૩।

એ ત્રણ ગુણોથી ભરપૂર ભાવો વડે આ બધું જગત મોહ પામેલું છે. એનાથી પર અને નિર્વિકારી મને તે જાણતું નથી. ।।૧૩।।

એ પ્રમાણે લીલાથી રસને માટે પ્રકટ કરાયેલા તે ગુણોને મારામાં જોઇને બધા મોહ પામે તેથી તેઓ મને જાણતાં નથી, એમ 'ત્રિભિઃ' વગેરે શબ્દોથી કહે છે. એવા ચોતરફ દેખાઈ રહેલા અને મારા સંબંધવાળા સ્નેહલીલાના રસથી પ્રકટ થયેલા સાત્ત્વિક આદિ ત્રણ ગુણો વડે એટલે કે મારા ગુણાત્મક ભાવો વડે, ભાવાત્મક ગુણો વડે આ ચોતરફ દેખાતું અને અધિકરણરૂપ આધ્યાત્મિક જગત છે તે પહેલાં કહેવાયેલ એ ભાવોથી પરમ ઉત્કૃષ્ટ, કેવળ રસાત્મક અને તેથી જ શાશ્વત તેમ જ વિપ્રયોગ વગેરે ભાવોમાં ન્યૂનતા વગેરેથી રહિત એવા મને જાણતું નથી. ।।૧૩।।

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ।।૧૪।।

મારી આ ગુણોવાળી દૈવી માયા તરવી કઠિન જ છે. જેઓ મને જ ભજે છે તેઓ એમાયાને તરી જાય છે. ।।૧૪।।

અરે, જો એમ હોય તો અમારાથી તે શી રીતે જાણી શકાય ? એવી આકાંક્ષામાં 'દૈવી' વગેરે શબ્દોથી કહે છે. એવી મારી ગુણ યુક્ત એટલે કે મારા ગુણોના સંબંધવાળી દૈવી અને કેટલાક ભાગ્યશાળીઓમાં રસદાન કરવાની ઇચ્છાથી પ્રકટ કરાયેલી ક્રીડાત્મિકા માયા અલૌકિક સામર્થ્યથી અન્યથા ભાવને ઉત્પન્ન કરવા સમર્થ છે, આથી જ દુઃખથી પણ તે જીતવાને અશકય છે. એવા પ્રકારની હોવા છતાં જેઓ કેવવ અનન્ય ભાવથી મને જ એટલે કે પુરુષોત્તમને જ શરણે આવેલા હોય તે તેઓ એ મોહ પમાડનારી માયાને તરી જાય છે, એટલે કે તેઓ મને જાણે છે, એમ અર્થ છે. 'મામ્ એવ યે' એમાં 'એવ' શબ્દથી અને 'મામ્' એવા એકવચનથી ભાવાત્મકતાથી કેવળ પુરુષોત્તમપણાથી પોતાનું ભજન દાસ્યભાવથી કરવાનું કહેવાયું છે, નહિ કે લીલા વગેરેનાં દર્શન સહિત ભગવાનની રમણ કરવાની ઇચ્છા વગેરેથી એનાથી તું પણ તે પ્રમાણે શરણાગત થા, એમ કહ્યું છે. ।।૧૪।।

ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમઃ ।
માયયાપહૃતજ્ઞાના આસુરં ભાવમાશ્રિતાઃ ।।૧૫।।

આસુર ભાવને આશ્રયે રહેલા, માયા વડે જેઓનું જ્ઞાન હરાઇ ગયું છે તેવા, દુષ્ટ જનો, મૂઢ લોકો, પાપીઓ મને ભજતા નથી. ।।૧૫।।

અરે, જો એમ હોય તો બધાય શા માટે શરણાગત થતા નથી ? એવા પ્રશ્નના જવાબમાં 'ન મામ્' વગેરે શબ્દોથી કહે છે, દુષ્ટ કર્મ કરનારા, પાપીઓ, મૂઢ જનો એટલે કે વિવેક રહિત પશુબુદ્ધિવાળાંઓ, અધમ મનુષ્યો કે જેઓ માત્ર વિવિધતાના હેતુથી જગતને ભરી દેવા માટે સર્જાયેલા છે, તેઓ મારે શરણે આવતા નથી. અરે, ઉપદેશ વગેરેથી પાપકર્મોને ત્યાગીને તેઓ કેમ શરણે આવતા નથી ? એમ શંકા કરાય તો 'માયયા' વગેરે શબ્દોથી કહે છે. જેઓનું ગુરુના ઉપદેશ વગેરેથી થયેલું જ્ઞાન માયાથી હરાઇ ગયું છે તેઓ મારે શરણે આવતા નથી. તેમાં 'માયા' એવા શબ્દથી જ્ઞાનના નાશનું સામર્થ્ય કહેવાયું છે. આથી જ દેવી પુરાણમાં કહ્યું છે કે, "તે જ મહામાયા દેવી ભગવતી જ્ઞાનીઓના પણ મનને પરાણે ખેંચી લઈને મોહમાં નાખે છે." અરે, ભગવાનનું શરણ ઇચ્છનારાઓનું રક્ષણ ભગવાન કેમ ન કરે ? એવા પ્રશ્નના જવાબમાં કહે છે કે, તેઓ આસુર ભાવનો આશ્રય કરી રહેલા છે. મારો વિરોધ કરીને આસુર ભાવના સંગથી તેવા ભાવને તેઓ પામેલા છે. તેથી મારાથી તેઓનું રક્ષણ થતું નથી, એવો ભાવ છે. એનાથી દુઃસંગ રહિતતાથી રક્ષણ સ્વીકારવું જોઇએ, એમ ઉપદેશાયું છે. આથી જ દુઃસંગનો નિષેધ કરાયો છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે, 'તે પ્રમાણે એને મોહ થતો નથી,' (જેવી રીતે સ્ત્રીઓના સંગથી અને સ્ત્રીઓના સંગવાળા પુરુષના સંગથી મોહ થાય છે તેવો મોહ અને બંધન તે જીવને કોઈ બીજાના આત્યંતિક સમાગમથી પણ થતાં નથી. ભાગ. ૩–૩૧–૩૫), અને 'તેઓનો સંગ તમારે જરૂર ઇચ્છવા યોગ્ય છે.' (હે સાધ્વી, આ તે સાધુઓ કોઇ પણ પ્રકારના સંગથી રહિત છે, તેઓનો સંગ તમારે જરૂર ઇચ્છવા યોગ્ય છે; કારણ કે તેઓ સંગદોષનો નાશ કરનારા છે, ભાગ. ૩–૨૫–૨૪), વગેરેથી તેમ જ કહેવાયું છે. ।।૧૫।।

ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ।।૧૬।।

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન, આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની (એમ) ચાર પ્રકારના પુણ્યશાળી માણસો મને ભજે છે. ।।૧૬।।

એ પ્રમાણે પાપકર્મ કરનારાઓ મને ભજતા નથી, એમ કહ્યું, તો પછી કોણ ભજે છે ? એવી આકાંક્ષાના જવાબમાં 'ચતુર્વિધ' વગેરે શબ્દોથી કહે છે. હે અર્જુન, સાવધાનતાથી સાંભળવા યોગ્ય હોવાથી એવું સંબોધન કરીને કહે છે કે, સત્કર્મ કરનારાઓ એટલે કે પહેલાંના જન્મોમાં કરેલાં પુણ્યોના સંચયવાળા માણસો મને ભજે છે, નહિ તો ભજનમાં ભાવવાળું વલણ જ ન થાય. આથી જ 'જેનાં પાપ નાશ પામ્યાં છે એવા મનુષ્યોની શ્રીકૃષ્ણમાં ભક્તિ અન્યતાર્થા થાય છે, 'એમ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. ભક્તો ચાર પ્રકારના છે : (૧) 'આર્ત' એટલે સંસારના દુઃખ વગેરેથી ત્રાસેલો. એવાં દુઃખોની નિવૃત્તિ માટે ધર્મરૂપે મને ભજે છે. (૨) 'જિજ્ઞાસુ' એટલે જાણવાની ઇચ્છાથી મારા સ્વરૂપનું જ્ઞાન થાય તેવી ઇચ્છાવાળો, કામરૂપે મને ભજે છે. (૩) 'અર્થાર્થી' એટલે મારી સેવાને યોગ્ય સાધનસંપત્તિરૂપ અર્થની ઇચ્છાવાળો, અર્થરૂપે મને ભજે છે. અને છેલ્લો (૪) 'જ્ઞાની' એટલે શાસ્ત્રવિષયક જ્ઞાનવાળો, મોક્ષરૂપે મને ભજે છે. 'ભરતર્ષભ' (હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન), એવું સંબોધન સત્કુળમાં જન્મેલાઓ જ ભજનમાં પ્રવૃત્ત થાય છે, એમ દર્શાવવા માટે છે. ।।૧૬।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિતમ

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ત્રીજો)

"ગુરુ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ છે. તેમની પાસેથી નિષ્કપટભાવે અને અનુસરણ કરવાની વૃત્તિથી ભગવાનની ભકિતથી ભરપૂર એવા પોતાના ધર્મોને શીખે. તેનાથી પરમાત્મા પ્રસન્ન થાય છે. અને પ્રસન્ન થયેલ પ્રભુ પોતાના આત્મ સ્વરૂપનું દાન કરે છે," (ભાગ. ૧૧-૩-૨૨), ત્યાંથી શરૂ કરીને "સર્વ પ્રથમ મનને અનાસકત બનાવીને સત્પુરુષોનો સંગ કરવો. વળી પ્રાણી માત્ર પ્રત્યે દયા રાખવી, સદાચારીઓ સાથે મૈત્રી તેમ જ ભગવાનના ભકતો પ્રત્યે સ્નેહપૂર્ણ આદર રાખવાં," (ભાગ. ૧૧-૩-૨૩), વગેરે કહીને "મનુષ્યે જે કાંઇ યજ્ઞ, દાન, તાપ, જપ અને સત્કાર્ય કરેલ હોય તે તેમ જ પોતાને જે પ્રિય હોય તે તેમ જ પોતાને જે પ્રિય હોય તે બધું, સ્ત્રી, પુત્ર, ઘર અને પોતાના પ્રાણ સહિત બધું જ ભગવાનને સમર્પણ કરી દેવું," (ભાગ ૧૧-૩-૨૮) એમ કહ્યું છે. એવી ભકિતથી માયાને તરી જવાય છે, એ આ ઉપદેશનું ફળ છે. તેમ જ એકાદશ સ્કંધમાં (ભાગ. ૧૧-૧૧-૨૬માં) ઉદ્ધવજી ભગવાનને પૂછે છે કે, હે પ્રભુ, "સંતજનો જેનો આદર કરે છે તેવા પ્રકારની આપની ભકિત કેવી રીતે કરવી જોઈએ ?" એવા ઉદ્ધવજીના પ્રશ્નના જવાબમાં 'શ્રીમલ્લિંગમ્' વગેરે શબ્દોથી શરૂ કરીને આઠ શ્લોકથી (ભગવાન ઉદ્ધવજીને કહે છે કે, "મારા સ્વરૂપનાં તથા મારા ભકતજનોનાં દર્શન, સ્પર્શ, પૂજા તથા સ્તુતિ કરે અને પ્રણામ કરે, તેમ જ મારામાં આસકત જનો મારા ગુણો અને મારી લીલાઓનાં કીર્તન કરે,- ભાગ. ૧૧-૧૧-૩૪; હે ઉદ્ધવજી, મારી કથાનું શ્રવણ કરવામાં શ્રદ્ધા રાખે અને મારું નિરંતર ધ્યાન ધરતો રહે, વળી પોતાને જે કંઇ પ્રાપ્ત થાય કે ભોજન પીરસાય તે અને પોતાનું બધું જ દાસ્યભાવથી મને સમર્પિત કરી દે,- ભાગ ૧૧-૧૧-૩૫; મારા પ્રાદુર્ભાવનું તેમ જ મારી લીલાઓનું વર્ણન કરે, જન્માષ્ટમી જેવાં પર્વોમાં ઉત્સવો કરીને આનંદ મેળવે અને વાદિત્ર સાથે નાચગાન કરીને તેમ જ સંમેલનો યોજીને મારાં મંદિરોમાં ઉત્સવો ઉજવે,-ભાગ ૧૧-૧૧-૩૬; બધાં વાર્ષિક પર્વોમાં મારાં સ્થાનોની યાત્રા કરે, પુષ્ટિ પ્રણાલી અનુસાર ભગવાનને ભોગ ધરાવે, મંગલાથી શયન પર્યંતની ભગવાનની સેવા ભાવપૂર્વક કરે, વૈદિક કે તંત્ર પ્રમાણેની (પોતપોતાની પ્રણાલી પ્રમાણે) દીક્ષા ગ્રહણ કરે અને મારાં વ્રતોનું નિયમિત રીતે પાલન કરે;- ભાગ ૧૧-૧૧-૩૭; મારા સ્વરૂપનું સ્થાપન કરવામાં તેમ જ મારે માટે પ્રમોદવનો, પુષ્પવાટિકાઓ, ક્રીડાસ્થાનો, નગરો અને

મંદિરો સ્થાપવામાં શ્રદ્ધા રાખે, આવાં કાર્ય પોતે જાતે કરવાં અથવા બીજાઓ સાથે મળીને કરવાં –ભાગ ૧૧–૧૧–૩૮; મારાં મંદિરોમાં બુહારી કરવી, જલસિંચન, ચોક પૂરવા, મંડલો રચવાં, લીંપણગૂંપણ આદિ સેવાનાં કાર્યો દાસ્યભાવથી અને દંભ વગર કરવાં. ભાગ ૧૧–૧૧–૩૯; માન અને દંભનો ત્યાગ કરવો, કરેલાં શુભ કાર્યોનાં ગાણાં ગાવાં નહિ, કોઇ દેવને સમર્પિત કરેલ વસ્તુ મને સમર્પણ કરે નહિ અને મને સમર્પિત કરેલ દીવાથી પણ પોતાનું કામ ન કરે; –ભાગ ૧૧–૧૧–૪૦ લોકમાં જે અત્યંત પ્રિય હોય તે અને પોતાને જે અત્યંત પ્રિય હોય તે મને સમર્પણ કરી દે, એમ કરવાથી તે અનંત ફળ આપનાર થઇ જાય છે; – ભાગ ૧૧–૧૧–૪૧; એ પ્રમાણે (ભાગ ૧૧–૧૧–૩૪ થી ૪૧ એ આઠ શ્લોકથી) ભગવાને સર્વલાભની પ્રાપ્તિ અને દાસ્યભાવથી આત્મનિવેદન કરવું, તેને ભકિતમાં ગણાવેલ છે; પરંતુ ત્યાં તેનું ફળ દર્શાવેલું નથી. એમ હોવાથી કરાયેલા પ્રશ્નના ઉત્તરરૂપે કહ્યા પ્રમાણે, બધાંનો ભગવાનને માટે ઉપયોગ કરવો તે જ તેનું ફળ છે. (શ્રીમદ્ ભાગવતના ૧૧ મા સ્કંધના) ઓગણીસમા અધ્યાયમાં પણ પરમ ભકિતની પ્રાપ્તિ માટે કરેલ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન ઉદ્ધવજીને કહે છે કે, 'ભકિતયોગ' તો પહેલાં જ મેં તને કહેલો છે, તેથી તેવી ભકિતની પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય હું તને કહીશ એમ કહીને 'શ્રદ્ધામૃતકથાયાં મે' (ભાગ ૧૧ ૧૯–૨૦) થી શરૂ કરીને ચાર શ્લોકથી રહે છે.

'તેવા પ્રકારની ભકિત મેળવવાને માટે મારી અમૃત ભરી કથામાં શ્રદ્ધા રાખે અને નિરંતર મારું કીર્તન કરે, મારી પૂજામાં પૂર્ણ નિષ્ઠા રાખે, અને સ્તોત્ર વગેરે ગાઇને મારી સ્તુતિ કરે,–ભાગ. ૧૧–૧૯–૨૦ મારી સેવા પૂજામાં પરમ આદર રાખે, મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે, મારા ભકતની પૂજાને ઉત્તમ ગણે અને પ્રાણી માત્રમાં પ્રભુમય બુદ્ધિ રાખે; ભાગ. ૧૧–૧૯–૨૧; દેહના પ્રત્યેક અંગનું કાર્ય મારા માટે જ હોય, વાણીથી મારા ગુણોનું ગાન કરે, અને કોઇ પણ પ્રકારની કામના વગરનું થયેલું તેનું મન પણ મને અર્પણ કરી દે; –ભાગ-૧૧-૧૯-૨૨; મારે માટે બધી કામનાઓનો પૂર્ણપણે ત્યાગ કરે, પોતાના ભોગનો તેમ જ પોતાના સુખનો પણ ત્યાગ કરે; તેમ જ યજ્ઞ, દાન, હોમ, જપ, વ્રત, તપ–એ બધું મારા માટે જ કરે; –ભાગ ૧૧-૧૯-૨૩; "એ પ્રમાણે હે ઉદ્ધવજી, ભગવાને મનુષ્યોને આચારથી આત્મનિવેદન જ કરવાનું કહ્યું છે; –ભાગ ૧૧ ૧૯ ૨૪; એનાથી અધિકાર પ્રમાણે આત્મનિવેદન કરવાનું કહ્યું છે. "તેમ કરવાથી મારી ભકિત પ્રકટ થાય છે, અને પછી તેને બીજું કાંઇ પણ મેળવવાનું બાકી રહેતું નથી; (ભાગ ૧૧-૧૯-૨૪); એ પ્રમાણેનું તેનું ફળ દર્શાવ્યું છે. આથી અહીં નિરૂપણ કરાયેલ બ્રહ્મસંબંધ સાથે સંબંધવાળું સમર્પણ, તેનું ફળ, તેની પ્રશંસા અને તેની આવશ્યકતા જે છે તે બધું તેમનાં જ વાકયોનો અનુવાદ છે. એ પ્રમાણે શંકાનું નિવારણ કરવાને માટે યોગ્ય એવા અસાધારણ સમયે ભિન્નતાથી પ્રગટ થઇને ભગવાને કહેલું છે, એમ સમજાવવા માટે તેવા પ્રકારના સમયનો ઉલ્લેખ છે તેમ જ 'તે અક્ષરે અક્ષર કહેવાય છે,'

એમ કહ્યું હોવાથી તેમાંનાં વાક્યો અને શ્લોકનું સ્વરૂપ પણ ભગવાનનું કહેલું છે. તેથી જે વાક્યો કહેવાયાં છે, તેનું જ આ નિશ્ચિત નિવેદન છે.

(અરે, તે સમયે જે વાક્યો કહેવાયેલાં હોય તેનું જ જો આ નિવેદન હોય તો સમર્પણનું ગદ્ય પણ કેમ નથી કહેવાયું ? એમ શંકા કરાય તો જવાબમાં કહે છે; કારણ કે, પંચાક્ષર મંત્ર આત્મનિવેદનના રહસ્યરૂપ હોવાથી અતિ ગોપ્ય રાખવા યોગ્ય છે, તેથી તે કહેવાયેલ નથી. શાસ્ત્રમાં નિશ્ચિત પણે કહેવાયું છે કે, અતિ ગોપ્ય મંત્રો વગેરે પૂર્ણપણે રક્ષણીય છે, પરંતુ પ્રકટપણે તે કહેવા યોગ્ય નથી જેમ બ્રહ્મસંબંધથી જે ગૃહ, દારા, દ્રવ્ય, એકાદશ ઈંદ્રિયો, અંતઃકરણ અને પ્રાણ–એ સોળેયની શુદ્ધિ થાય છે. અને વળી ભગવાનના સ્વરૂપનો સ્પર્શ થવા માત્રથી ૨૧ પેઢીઓ તરી જાય છે, તે બધું આત્મ નિવેદન મંત્રની ગુપ્તતાથી જાણવું. તે મંત્રમાં જ અંતે રહેલ ઉત્તમ પુરુષ-કૃષ્ણ (હે કૃષ્ણ), એવા સંબોધનથી અને 'અસ્મિ' ક્રિયાપદથી સૂચવેલ કર્તા 'હું' વગેરે શબ્દોથી પોતાનું અને પોતાના પરિવાર સહિતનું ભગવદીયપણું સૂચવાયેલું છે. તેનું જ ભગવાનથી વિખૂટા થવાપણું વગેરે જણાવ્યું છે તેથી અને મંત્રમાં રહેલ છઠ્ઠી વિભક્તિવાળા (તવ-તારો) શબ્દથી ભગવાન સ્વામી હોવાનું અને સંબંધ વાળા હોવાનું દર્શાવેલ છે. ભગવાન, એવા વિશેષણવાળા કૃષ્ણ શબ્દથી (ભગવતે કૃષ્ણાય કહેલું હોવાથી) તે નિરંકુશ જગદીશ્વર હોવાનું દર્શાવેલું છે, તેથી વિશિષ્ટ પ્રકારના અવતારને ધ્યાનમાં શભીને મંત્રમાં રહેલ કૃષ્ણ, એવું પદ દર્શાવ્યું છે. 'તેને માટે' એવા હેતુથી ચોથી વિભક્તિમાં વપરાયેલ (ભગવતે કૃષ્ણાય, ગોપીજનવલ્લભાય) શબ્દમાં સમર્પણનો આશય દર્શાવેલ છે. એમ છે તેથી ગદ્યમંત્ર કહેવાયો નથી. વળી સમર્પણ શબ્દ નવ પ્રકારની ભક્તિમાં આત્મ નિવેદન કરવા માટે પ્રસિદ્ધ છે, એમ છે તેથી તેમાં કાંઇ સંદેહ નથી, આથી પણ ગદ્ય મંત્ર કહેવાયો નથી. તેનું દોષ નિવારવા પણું પણ છઠ્ઠા સ્કંધમાં કહેવાયું છે કે, 'હે પરીક્ષિત પાપી જનોની શુદ્ધિ શ્રીકૃષ્ણને આત્મસમર્પણ કરવાથી અને તેમના ભક્તોનું અનુસરણ કરવાથી અથવા ભક્તોની સેવા કરવાથી થાય છે, તેવી શુદ્ધિ તપ વગેરેથી પણ થતી;' (ભાગ. ૬–૧–૧૬); એ પ્રમાણે ભગવદીય જનોના સંગથી દોષનું નિવારણ થાય છે, એમ કહ્યું છે. ઉપરાંત આત્મસમર્પણ પૂર્વકની સેવા એ તો પ્રિયતમ પ્રભુના અસહ્ય વિરહ રૂપી તીવ્ર તાપને અને અશુભને હરનારી છે એમ અહીં સેવા સર્વે અશુભોનું નિવારણ કરનારી નિશ્ચિતતાથી કહી છે, તેનો અને અસહ્ય એવા ભગવાનના વિરહરૂપી તાપની સફળતાનો તે સમયે અભાવ હોવાથી સેવાનો અંગીકાર થાય અને તેથી દોષની નિવૃત્તિ થાય, એમ શી રીતે બને ? એવા પ્રકારની શંકાને નિવારવાને માટે જ બ્રહ્મસંબંધ કરાવવાનું પહેલાં કહેવાયેલ છે. તે બધાંનું સમર્થન કરીને તેનાથી દોષની નિવૃત્તિ છે, એમ કહેવાને અહીં ઇચ્છેલું છે.)

।। શ્રીવલ્લભો જયતિ ।।

।। વાક્પતિ વિંભુધેશ્વરઃ ।।

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ : શ્રીવલ્લભાયન મહા કાવ્ય રચયિતા
શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

ત્રય અક્ષર ત્રય વેદ સમ, દિવ્ય કર્મ ગુણવાન;
ગાયત્રી શ્રુતિ શારદેય, વલ્લભરાય પ્રમાન.
શ્રી વલ્લભ વ્રજ લાડલે, સ્વામિનિ હૃદય નિવાસ;
સેવત ભાવુક ભકતજન, પૂર્ણ કરત અભિલાષ.

વલ્લભ નામ અતિ પ્રિય વાચક, ત્રણ વેદમા થતાં નિષ્કામ બ્રહ્મભાવમય કર્મરુપ નિર્ગુણ (દિવ્ય ગુણ) બ્રહ્મવિદ્યારુપ, ત્રિઅક્ષરા, ત્રિપદા ગાયત્રી રુપ, શ્રુતિ રુપ માલા ધારણ કરનાર સરસ્વતીના પતિ રુપ ભાવાત્મક ભકતોના રાજા. શ્રી રાધીકા હૃદયમાં નિવાસ કરનાર શ્રી કૃષ્ણ સ્વરુપ, નિજ સ્વરુપની ભાવના સમજી સેવનારને સર્વદાન (સંયોગ, વિપ્રયોગ) દેનાર, ભૂતલ ઉપર પ્રાકટય શા માટે ? વિ. સંવત ચાલુ થી ૬૦૦ વર્ષ પૂર્વે શ્રી વિષ્ણુસ્વામીએ ગોપાલ ઉપાસના પુષ્ટિમર્યાદામય ભકિતનો પ્રચાર કરતા પરંપરા ચાલતા કર્મ જડવાદીઓને હટાવવા વિ. સંવત ૧૦૦૦ એક હજારની સદીમા શ્રી લક્ષ્મણમુનિ શ્રી રામાનુજ પ્રકટ થઇ પતિત પાવની ભકિતનો પ્રચાર કરી મર્યાદા પુષ્ટિ વૈકુંઠી લીલા સ્વિકાર કરનાર અધમોદ્ધારક થયા. વિક્રમ સંવત અગીયારસોમાં મધ્વ પ્રવાહ મર્યાદા કંઇક અંશે પુષ્ટિ વિષ્ણુ ભક્તિનો પ્રચાર કરતાં. વિક્રમ સંવત ૧૩૦૦ તેરસોમાં શ્રી નિમ્બાર્કાચાર્ય મર્યાદા મિશ્ર પુષ્ટિના પ્રચારક સેવા માર્ગમય બનતા. મુખ્ય પુરુષ ગોલોક નિવાસીના સ્વરુપનું પૂર્ણ લીલામય કથન કરનાર કયાંય પણ ન મલતાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના મુખ અવતાર શ્રીવલ્લભ શ્રીમુખની ભકિત ગોલોક (અધરામૃત) રુપ વર્ણન કરનાર સંવત ૧૫૩૫માં પ્રાકટય ભૂતલ ઉપર થયું.

પૂર્વજો તથા સોમયાગ

પૂર્વ પુરુષો શ્રીવલ્લભ દીક્ષિત જે વિષ્ણુ સ્વામી સંપ્રદાયનાં આચાર્ય શ્રી ગોવિંદ આચાર્ય પાસે સંપૂર્ણ આચાર્ય અધિકાર પ્રાપ્ત કરી ધર્મના પ્રચારક બન્યા. પ્રથમ પુરુષ.

કુલની વિશેષતા શ્રીવલ્લભ દીક્ષિતની ભકિતના પ્રભાવે સાક્ષાત્ તેમના પુત્ર રુપથી શ્રીસૂર્યના અવતારરુપ યજ્ઞ નારાયણ ભટ્ટ પ્રકટ થઈ વેદત્રયી સ્વરૂપ પોતે ૩૨ સોમયજ્ઞ કરી અંતિમ યજ્ઞ વખતે યજ્ઞ કુંડથી અગ્નિ નારાયણ સાક્ષાત્ શ્રી હસ્તથી મદન મોહનજી સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું. પૂર્વે ગોવિંદાચાર્યશ્રીએ પધરાવેલ શ્રીબ્રહ્માજીની વિષ્ણુ શીલા તથા શ્રી મુકુન્દરાયજી અને શ્રી મદન મોહનજીની સેવામાં સંપૂર્ણ રત શ્રી યજ્ઞ નારાયણ ભટ્ટજી પોતાના સ્વરૂપનો પરિચય આપતા રાત્રિમાં સૂર્ય સમાન પ્રકાશ કરી આંધ્ર પ્રદેશમાં રાત પ્રકાશમય રાખી.

તેમના પ્રતાપી પુત્ર ગંગાધર શિવ સ્વરૂપ પ્રકટ થઇ ૨૮ સોમયાગ તથા વૈષ્ણવ ધર્મના પ્રચારક બની જટામાં ગંગાજીનો આવિર્ભાવ દેખાડી જગતને વિસ્મય કર્યું.

તેમના પ્રતાપી પુત્ર શ્રી ગણપતિ ભટ્ટ શ્રી ગણેશના અવતારરુપ ૩૦ સોમયજ્ઞ કરી દક્ષિણમાંથી શાક્ત અને તાંત્રિક મતાનુયાયીઓને ભગાડી વૈષ્ણવ ધર્મનો પ્રચાર કરી ગ્રંથોની રચના ભકિતમાર્ગ પરત્વે કરી મુખથી ગજ સૂંઢ દેખાડી. સૂંઢમાંથી સુવર્ણ મુદ્રાની વૃષ્ટિ કરી બ્રાહ્મણોને અઢળક દ્રવ્ય દાન દીધું.

તેમના પુત્ર. શ્રી વલ્લભ ભટ્ટજી વેદોના અવતાર રૂપ શિષ્યોને એકવાર વેદ ઉચ્ચાર કરાવી કંઠાગ્ર કરાવી મહાન ખ્યાતિ પ્રાપ્ત કરનાર, ભકિતદીપ ગ્રંથની રચના કરનાર, પાંચ સોમયજ્ઞ કર્યા. દશ ગ્રંથી નામથી પ્રસિદ્ધિ પામ્યા. હાસ્યમાં મહિષને વેદોચ્ચાર કરાવી વિરોધીઓને લજ્જિત કર્યા. તેજ પ્રતાપી વલ્લભ ભટ્ટજીને ૩ સંતાનો હતા મોટા પુત્ર શ્રી લક્ષ્મણ ભટ્ટ, નાના જનાર્દન ભટ્ટ, એક પુત્રી પણ હતી.

પૂર્વે કશ્યપ, દ્વિતીય જન્મ વસુદેવજી, તૃતીય જન્મ શ્રી લક્ષ્મણ ભટ્ટ શેષ સ્વરૂપથી પ્રસિદ્ધિ પામ્યા. વિજયનગરના રાજપુરોહિતની પુત્રી શ્રી ઇલ્લંમાગારુજી સાથે લગ્ન કરી પિતાને સંતોષ પ્રદાન કરી ગૃહ નિવાસ કરતા પ્રથમ પુત્ર રામકૃષ્ણ ભટ્ટ, ત્યારબાદ બે પુત્રીઓ સરસ્વતી, સુભદ્રા. શ્રી લક્ષ્મણ ભટ્ટજી પિતાના આગ્રહથી સોમયાજી બની ૫ સોમયજ્ઞ કર્યા, સમાપ્તિ સમયે યજ્ઞકુંડમાંથી યજ્ઞનારાયણની આશિષ, પુત્રરૂપથી પ્રાકટ્ય નિર્દેશ, આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઇ.

[હવે પછી શ્રી લક્ષ્મણ ભટ્ટ પર ભગવત્ અનુગ્રહ]

–ક્રમશઃ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૧૬ મું

હેત કર દેત શ્રીયમુને વાસ કુંજે;
જહાં નિશવાસર, રાસમેં રસિક વર,
કહાં લગ બરનિયેં પ્રેમ પુંજે. ૧
થકિત સરિતાનીર, થકિત વ્રજ વધુ ભીર,
કોઉ ન ધરત ધીર, મુરલી સુની જે;
'ચત્રભુજદાસ' યમુને પંકજ જાનિ,
મધુપકી નાંઇ ચિત્ત લાઇ ગુંજે. ૨

અર્થ :– શ્રીયમુનાજીનું સ્વભક્તો પ્રત્યે ખૂબ હેત છે. જેથી કૃપા કરી એને પોતાની નિકંજમાં વાસ આપે છે. જ્યાં રાત્રિ–દિવસ શ્રીઠાકોરજીની અનેક પ્રકારની રાસાદિક લીલાઓ થઇ રહી છે. આવા પ્રેમના સમૂહ રૂપ નિકુંજો અને રસિકરાસ–વિહારી શ્રીમહારાણીજીના અલૌકિક સ્વરૂપનું કેટલું વર્ણન થઇ શકે ?

આવી નિકુંજોમાં રસિકવર જ્યારે વેણુવાદન કરે છે ત્યારે ગોપીજનો ગૃહકાર્યો છોડી પ્રભુ પાસે દોડી જવા અધીર બને છે ત્યારે ક્ષણભર પણ ધીરજ રહેતી નથી. ચત્રભુજદાસજી કહે છે કે– (જેવી રીતે) કમળના મકરંદથી લુબ્ધ બની ભ્રમર જેમ એના ઉપર ગુંજારવ કરે છે, તેમ મારો મનરૂપી ભ્રમર પણ શ્રીયમુનાજીના ચરણકમલમાં મુગ્ધ બની સદા ગુંજતો રહે છે.

વિવેચન – વ્રજભક્તોનો પ્રભુ સાથેનો સંબંધ ચંદ્ર અને ચાંદનીવત્ છે. ગોપીજનોને પણ ગૃહકાર્યો બધા જ કરવા પડતા હતા. એટલે લોકોપવાદથી બચવા માટે જાણે સંસારમાં આસક્ત હોય એવી રીતે રહેતા હતા. છતાં તેનું મન તો પ્રભુની પાસેજ હતું.

સંસાર દુઃખ રૂપ નથી. સંસાર કોઇથી છૂટી શકતો નથી. પોતે સંસાર છોડયો છે એમ કહેનારા પોતાની જાતને જ છેતરે છે. વનમાં જવાથી પણ મનનો નિરોધ થતો નથી અનેક પ્રકારના સાધનોથી પણ ભગવદ્ પ્રાપ્તિ થતી નથી. જ્યાં જશું ત્યાં સંસાર સાથે જ રહેવાનો છે, કારણ કે દેહ અને ઇન્દ્રિયોના ધર્મો બળાત્કારે સંસારમાં ખેંચી જાય છે. ચિત્તની વૃત્તિ પ્રભુના ચરણોમાં રહે અને સંસાર પ્રત્યેની આસક્તિ છૂટી જાય તો ઘર પણ સંન્યાસ બની જાય છે. વિવેકપૂર્વક જીવન જીવનારને સંસાર બાધક બનતો નથી. ગોપીજનોનો સંસાર આવો જ હતો. ઘરમાં જ જેણે વનની સાધના પ્રત્યક્ષ બતાવી હતી, જેના ચરણરજની ઇચ્છા બ્રહ્માદિક દેવો પણ કરે છે. એટલે જ કહ્યું છે કે–

"સંસારમાં સરસો રહે, મન મારી પાસ;
મુજને ભૂલે નહીં, તે જાણ મારો દાસ,"

ચત્રભુજદાસજી પદમાં કહે છે કે ગોપીજનોની માફક મારૂં મન પણ મધુકર બની શ્રી ઠાકોરજીના ચરણમાં લાગેલું છે. તો વૈષ્ણવો, તમે પણ એવા ભગવદ્ ચરણાનુંરાગી બનજો.

સોરઠો

શ્રી યમુનાજી આપશે નિત્યલીલામાં સ્થાન,
સ્નેહ સહિત કરતો રહે, માતાના ગુણગાન.

–ક્રમશઃ

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષિ શ્રી રમાનાથ શાસ્ત્રીજી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રીજી**

વાસ્તવમાં તો બ્રહ્મના સર્વ ધર્મો, આકારાદિ સર્વ વિશેષો અનાગંતુક છે એટલે સ્વાભાવિક છે અને બ્રહ્મથી અભિન્ન પણ છે આ વાત શ્રુતિમાં જ કહી છે.

ન તસ્ય કાર્યં કરણં ચ વિદ્યતે
ન તત્સમશ્ચાભ્યધિકશ્ચ દૃશ્યતે ।।
પરાસ્ય શક્તિર્વિવિધૈવ શ્રૂયતે
સ્વાભાવિકી જ્ઞાનબલક્રિયા ચ ।।

અર્થાત તે બ્રહ્મને કાંઈ પણ કર્તવ્ય કરવાનું બાકી નથી અને જીવની માફક સ્વરૂપથી ભિન્ન ઇંદ્રિય, આકારાદિ પણ નથી અને તેના જેવો તથા તેનાથી અધિક પણ કોઇ નથી. આ બ્રહ્મની સ્વાભાવિક, જ્ઞાન, બલ, ક્રિયા વગેરે અનેક પ્રકારની વિચિત્ર શકિતઓ છે તો આ શ્રુતિથી એ સિદ્ધ થયું કે બ્રહ્મના ધર્મો આકાર તથા શકિતઓ બધા સ્વરૂપાત્મક છે અને સ્વાભાવિક છે, અને બ્રહ્મ સધર્મક છે, બીજું જે માયાવાદીઓ 'તત્વમસિશ્વેતકેતો' અહીં 'જહદજહલ્લક્ષણા' કરે છે, તે પણ પૂર્વોકત શ્રુતિવાકયોથી ખંડિત સમજી લેવું, કારણ કે 'હેયોપાદેય' ભાગ વગર લક્ષણા થઇ શકતી નથી. અર્થાત ઉકત લક્ષણા ત્યાં થઇ શકે છે કે જયાં કાંઇક ભાગ ગ્રાહ્ય અને કાંઇક અંશ ત્યાજય હોય છે અને અહીં તો બ્રહ્મના સ્વાભાવિક ધર્મો હેય (ત્યાજય) થઇ સકતાજ નથી.

યદ્યપિ અમે પ્રથમ ભાગમાં 'તત્ત્વમસિ' વાકયમાં લક્ષણાનું ખંડન કરી ચૂકયા છીએ. છતાં પણ પ્રસંગ આવી પડવાથી થોડીક અવશિષ્ટ વાત અહીં કહી દઈએ છીએ. પ્રાયઃ સર્વ શાસ્ત્રોમાં 'જહલ્લક્ષણા, અજહલ્લક્ષણા અને જહદજહલ્લક્ષણા આ ત્રણ લક્ષણા સ્વીકારી છે, જયાં શકય (અક્ષરોથી જ નીકળતો) અર્થનો ત્યાગ કરવો પડે છે તેને 'જહલ્લક્ષણા' કહે છે, જેમ 'ગંગામાં ઘોષઃ' અર્થાત ,પ્રવાહમાં ગોશાલા' અહીં પ્રયોજન અનુપપન્ન હોવાથી પ્રવાહમાં ગંગા પદનો શકયાર્થ ત્યજવો પડે છે. માટેજ એને 'જહલ્લક્ષણા' કહે છે, તત્ત્વમસિ' શ્રુતિમાં 'તત્' પદનો સર્વજ્ઞ વિગેરે અર્થ છે અને 'ત્વ' પદનો અલ્પજ્ઞ ઇત્યાદિ અર્થ છે. હવે અગર અહીં સર્વજ્ઞાદિ અર્થનો પરિત્યાગ કરવામાં આવે તો પછી બ્રહ્મને અલ્પજ્ઞ, અસત્ય, અજ્ઞાન તથા દુઃખસ્વરૂપ માનવું પડશે માટે ઉકત શ્રુતિમાં જહલ્લક્ષણા થઇ શકતી નથી જયાં શકયાર્થનો ત્યાગ ન કરવો પડે તેને 'અજહલ્લક્ષણા' કહે છે અને

એ લક્ષણા પણ અહીં સંભવી શકતી નથી કારણ કે 'તત' પદના સત્યજ્ઞાનાનંદ અર્થોનો ત્યાગ ન કરવાથી ધર્મ અને ધર્મી મળી તમારા મતમાં દ્વૈતાપત્તિ આવી પડશે. જે દ્વૈત તમને તો ઝેરના જેવું લાગે છે. જ્યાં હેય અને ઉપાદેય ભાગ હોય છે ત્યાં ત્રીજી લક્ષણાનો વિષય છે. અર્થાત જ્યાં કેટલોક ભાગ ત્યજી દેવામાં આવે છે અને કેટલોક ગ્રહણ કરાય છે તે 'જહદજલ્લક્ષણા' કહે છે, જેમ સોઅયં દેવદત્તઃ પરંતુ 'તત્ત્વમસિ સત્યં જ્ઞાનમાનંદ' વિગેરે સ્થલોમાં સર્વજ્ઞત્ય, સત્ય જ્ઞાન આનંદ અને કર્તૃત્વ વિગેરે શકયાર્થનો પરિત્યાગ કરી શકતા નથી કારણ કે એ બધાં બ્રહ્મમાં સ્વાભાવિક છે. તેઓનો ત્યાગ કદાપિ થઇ શકતો નથી 'યઃ સર્વજ્ઞઃ સર્વશકિતઃ' સત્યકામ સત્યસંકલ્પ 'સ્વાભાવિંકી જ્ઞાન બલક્રિયા ચ' 'અવિનાશી વા અરે અયમાત્મા અનુચ્છિત્તિધર્મા, ઈત્યાદિ વેદવાકયોમાં બ્રહ્મને સ્વાભાવિક નિત્ય ધર્મોથી યુકતજ કહ્યું છે, માટે થોડો પણ હેયોપાદેય ભાગ ન હોવાથી લક્ષણા થઇ શકતી નથી. લોકમાં કોઇ એક સ્વાભાવિક શકિતનો કોઇ મજબુત યુકિતથીએ પણ નિષેધ થઈ શકતો નથી. વાયુ, જલ અને અગ્નિનો સ્પર્શ તથા દાહધર્મનો કોઇપણ ડાહ્યો, તર્કકુશળ પુરૂષ નિષેધ કરી શકતાં નથી.

લક્ષણા માનવામાં વિશેષ વિરોધ તો એ આવે છે કે જ્યાં કોઇપણ પ્રકારનો સબંધ હોય ત્યાંજ લક્ષણા થઇ શકે છે પરંતુ માયાવાદ સમંત નિર્વિશેષ બ્રહ્મમાં તો કોઇપણ પ્રકારનો સંબંધ ન હોવાથી કલ્પનાની કલ્પના પણ ભ્રમ માત્ર છે અગર કહો કે 'શાખાચંદ્ર' ન્યાયની માફક કલ્પિત સંબંધ માનીને પણ લક્ષણા થઇ શકે છે, તો પણ ઠીક નથી કારણ કે દ્રષ્ટાંત અને દાષ્ટાંત બંને મળતાં જણતાં આવતા નથી. એક બીજાને સબંધી કહેવડાનાર શાખા અને ચંદ્ર બંને દશ્ય છે અર્થાત્ પ્રત્યક્ષ પ્રમાણ ગોચર છે, સવિશેષ છે, પરંતુ નિર્વિશેષ, અસતુલ્ય, અદશ્ય બ્રહ્મમાં સંબંધની કલ્પના અને લક્ષણા થવી અસંભવિત છે. કોઇ પણ પ્રજ્ઞ પુરૂષ શશશ્રૃંગ જેવી વસ્તુમાં કોઈ કલ્પના કરતો નથી. વધારે તો શું જ્યાં વાચ્યત્વધર્મ હોય છે ત્યાંજ લક્ષણા થાય છે, અને પ્રકૃતમાં તો બ્રહ્મનિર્ધર્મક છે. એટલે વાચ્યત્વધર્મ ન હોવાથી ત્યાં લક્ષણા માનવી એ પણ માત્ર પોતાનો વિવેકાભાવજ પ્રકટ કરવા બરોબર છે. અદ્વૈતભિમાનીઓને એટલુંજ પૂછવામાં આવે છે કે આપ 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ' આ સ્વરૂપનિરૂપક શ્રુતિના સત્યાદિ પદોને બ્રહ્મના સ્વરૂપવાચક માનો છો કે ગુણવાચક? અગર સ્વરૂપવાચક માનો તો સત્યસ્વરૂપ અને અનંતસ્વરૂપ આવી રીતે ત્રિવિધ બ્રહ્મ થઇ જવાથી અદ્વૈતમતનો ભંગ થઇ જાય છે. અને સત્યાદિ પદોથી કહેવા યોગ્ય હોવાથી બ્રહ્મને પણ સવિશેષ માનવું પડશે, જે સવિશેષ આપને તદ્દન અનિષ્ટ છે, અગર કહો કે સત્યાદિ પદો બ્રહ્મના ગુણવાચક છે તો પણ અનિષ્ટાપત્તિ તો જેવીને તેવીજ ગળે બાઝવાની કારણ કે ગુણી વિના ગુણો રહી શકતાં નથી. માટે ગુણોથી કોઇ જુદુ સ્વરૂપ અવશ્ય માનવું જોઇશે એ માટે 'તત્ત્વમસિ' 'સત્યં જ્ઞાન" વિગેરે શ્રુતિઓમાં લક્ષણા માનવી પણ માત્ર અવિવેકથીજ મધુર લાગે છે. (ક્રમશઃ)

કાર્યાલયને મળેલાં પુસ્તકો

(૧) **પ્રસ્થાન ચતુષ્ટય :** 'વલ્લભ સુધા' ના ગત ઓગસ્ટ, ૧૯૮૫ના અંકમાં પ્રારંભમાં જ 'પ્રસ્થાન ચતુષ્ટય' એવા મથાળા નીચે જેના વિષે ઘણું જ કહેવાઇ ગયું છે, એવો આ અમૂલ્ય ગ્રંથ હવે છપાઇને પ્રસિદ્ધ થઇ ગયો છે, જે સર્વે વૈષ્ણવોએ અવશ્ય ગૃહમાં વસાવવા વિનંતિ કરવામાં આવે છે.

પુષ્ટિજનો માટે પુષ્ટિ સાહિત્ય બહોળા પ્રમાણમાં ઘેર ઘેર સંગ્રહાય, તેનું નિયમિત શ્રવણ, વાચન અને મનન થાય, એ ઘણું જ ઇચ્છવા યોગ્ય છે. વળી સૌથી મહત્ત્વની વાત એ છે કે, પાછલી પ્રજા ધાર્મિક વૃત્તિની અને સંસ્કારી થાય, એ જોવાનું દરેક વડીલનું પ્રથમ કર્તવ્ય છે. તેથી આવું સાહિત્ય જ બાળકોમાં ઉત્તમ ગુણો ખીલવવામાં સહાયક થશે, એમ વિચારીને પણ આવા અમૂલ્ય ગ્રંથો વસાવવા જોઇએ. જ્યાં ધર્મ નથી, ત્યાં કશું જ નથી, ધર્મ વિહોણો જનસમાજ પશુતુલ્ય જ છે. માટે સૌએ પોતપોતાના ધર્મ વિષે ઊંડુ જ્ઞાન મેળવવું જોઇએ, જે આવા ગ્રંથોમાંથી જ મળી શકશે. **પ્રસ્થાન ચતુષ્ટય** લેખકઃ પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી મહોદય, વડોદરા, પ્રાપ્તિસ્થાનઃ શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ, વડોદરા, રાધાકૃષ્ણકુંજ મરીમાતાનો ખાંચો, રાજમહેલ રોડ, વડોદરા (૩૯૦૦૦૧), મૂલ્ય માત્ર દોઢ રૂપિયો.

(૨) **નૂતનસ્તોત્ર નિકુંજ :** આમાં મૌલિક સ્તોત્રોનો સંગ્રહ છે, જેના રચયિતા પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી, સુરતવાળા છે. બધાં જ સ્તોત્રો છંદોબદ્ધ અને વિવિધ રાગરાગણીમાં સુંદર રીતે ગવાય તેવાં છે તે સંસ્કૃતમાં લખાયાં હોવા છતાં એટલાં સુંદર અને સરળ રીતે લખાયાં છે કે, સામાન્ય જન પણ, જો પુષ્ટિ સાહિત્યનો અભ્યાસક હશે તો, એકાગ્રતાથી વાંચતાં તે સમજી શકે તેમ છે. પરંતુ એનો આનંદ તો તન્મય થઇને ગાવામાં જ રહેલો છે. આ સ્તોત્રો જયદેવના ગીતગોવિંદનું સ્મરણ કરાવે છે. ગીતગોવિંદની રાગરાગણીઅને રાધાકૃષ્ણનો પ્રેમ સંસ્કૃતપ્રિય જનોથી અજાણ્યો નથી જ.

જયદેવ તો મહાપ્રભુજીના પ્રાકટ્ય પૂર્વે થયા, એને પુષ્ટિના વધૈયા કહી શકાય, પરંતુ આ સ્તોત્રોની રચના પૂ. પા. શ્રીવલ્લભાચાર્ય વંશજ શ્રી યદુનાથ વંશજ પૂ. પા. શ્રીવલ્લભરાયજીએ કરેલી છે, તેથી તેમાં પુષ્ટિનું પીયૂષ છલોછલ ઊભરાય છે.

અંતમાં કહેવાનું એટલું જ કે, તે સંસ્કૃતમાં લખાયેલ છે તેથી ઉદાસીન રહેવાની કશીય જરૂર નથી; કારણ કે તે સ્તોત્રો ગાવામાં, સાંભળવામાં અત્યંત રસપ્રદ થઇ પડશે, એટલાં તે સરળ છે. વળી તે સસ્તા સાહિત્યને ધોરણે નહિવત્ મૂલ્યથી મળે છે, તેથી તે અપ્રાપ્ય થઇ જાય તે પહેલાં તેને વસાવી લેવા સૌનું ધ્યાન દોરવામાં આવે છે.

નૂતન સ્તોત્ર નિકુંજ :– રચયિતા પૂ. ગો. શ્રીવલ્લભરાયજી, સુરતવાળા : પ્રાપ્તિસ્થાન : શ્રીમહાપ્રભુ–શ્રીયદુનાથ–ગ્રંથ પ્રકાશન કાર્યાલય, C/o. શ્રી હીરાલાલ વી. દેસાઇ, ગલેમંડી, મોટી શેરી, સુરત (૩૯૫ ૦૦૫), ન્યોછાવર રૂપિયા પાંચ.

(૩) નિત્ય સ્મરણિકા

આપણી આં.રા.પુ.વૈ. પરિષદની ગુજરાત પ્રદેશ સમિતિ તરફથી 'પરિષદ'ની ગુજરાતમાં બે વર્ષની પ્રગતી અને નિત્ય સ્મરણીકાની પુસ્તિકાનું પ્રકાશન તાજેતરમાં થયું છે વૈષ્ણવોને નિત્ય સ્મરણના વિવિધ સ્તોત્રો ધોળ–પદોનો મહત્વનો સંગ્રહ તથા સુંદર દર્શનિય ચિત્રજી સાથેની આ પુસ્તિકામાં છેલ્લા, બે વર્ષ દરમ્યાન ગુજરાતમાં થયેલ પરિષદના કાર્યોનો સંક્ષીપ્ત અહેવાલ આપવામાં આવ્યો છે. તેમજ પરિષદની કાર્યપદ્ધતી પ્રવૃતી ઇત્યાદિનો સમાવેશ થયેલ છે. સામાન્ય રીતે આવા અહેવાલો લોકો એક વખત વાંચીને મુકી દેતા હોય છે તેને બદલ નિત્ય સ્મરણ સ્તોત્રપદો સાથે સંલગ્ન કરવાથી સ્તોત્રપાઠ સ્મરણ સાથોસાથ પરિષદનુ પણ સ્મરણ રહે એ એક સુંદર અભીગમ છે 'પરિષદ'ની શાખાઓ કાર્યકરોને માટે પ્રકટ થયેલ આ પુસ્તિકાનું પ્રાપ્તિસ્થાનઃ

–આં; રાઃ પુ, વૈ પરિષદ
ગુજરાત પ્રદેશ
શેઠવાડા બજાર રોડ
કપડવંજ પીન ૩૮૭ ૬૨૦

(૪) વૈષ્ણવ સંમેલન–પાટણ, સ્મરણિકા

તાજેતરમાં પાટણ મુકામે આં. રા. પુ. વૈ. પરિષદની મહેસાણા–બનાસકાંઠા જીલ્લા સમિતિનું એક વિશાળ સંમેલન મળેલ પ્રસંગની સ્મરણીકારૂપે સુંદર ગ્રંથ પ્રકટ થયો છે સ્વમાર્ગીય–વિદ્વાન લેખક–વકતા પ. ભ. શ્રી રમેશભાઇ પરિખના મુખ્ય સંપાદકત્વે પ્રકટ થયેલ આ સ્મરણીકામાં 'પરિષદ'નો ઇતિહાસ–સંમેલન પ્રસંગે થયેલ મુખ્ય ઉદ્બોધનો અને ઉપરોકત બન્ને જીલ્લામાં થયેલ અને થનાર કાર્યવાહીનો અહેવાલ સુચારૂરૂપે અપાએલ છે. બન્ને જીલ્લામાં જયાંજયાં આપણો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમુદાય વસે છે ત્યાંની મુખ્ય મુખ્ય માહિતિ મંદિરો–બેઠકજીઓ આદિના શરનામા અને ઘણી પુરક માહિતીઓ અપાએલ છે. 'પરિષદની શાખાઓએ કરવાની કાર્યવાહિની સુચારૂ રૂપરેખા, સમસ્ત દેશભરની પરિષદ શાખાઓને સુંદર માર્ગદર્શન પુરૂ પાડે છે. પાટણનો વૈષ્ણવ સમાજ 'પરિષદ'ના પ્રારંભના સમયથીજ અગ્રીમ ભાગ લેતો આવેલ છે તેની ઝાંખી આ અહેવાલમાંથી થાય છે. સાંપ્રદાયિક પુસ્તક પ્રકાશનના કાર્યોમાં પણ એ સમાજ મોખરે રહેતો આવ્યો છે. આથીજ આ સ્મરણિકાનું પુસ્તક એક સંગ્રહણિય ગ્રંથનું સ્થાન લે તે ઉચિતજ છે શ્રી મહાપ્રભુજીના વિવિધરંગી ચિત્રજીવાળુ મુખપૃષ્ઠ અને સુંદર છપાઈ વગેરેથી ઓપતાં આ ગ્રંથનું અમો સ્વાગત કરીએ છીએ.

–સમીક્ષક

સમાચાર

ધોરાજી : અગ્રગણ્ય ઉદ્યોગપતિ પ. ભ. શ્રી વશરામભાઈ ડાયાભાઈ કંટેસરીયા (વિજય ઓઈલ મિલવાળા)નો તા. ૧૧-૧૦-૮૫ના રોજ ગોલોકવાસ થતાં સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પવા પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી બાવાશ્રી મુંબઈવાળાના અધ્યક્ષસ્થાને શ્રી પુષ્ટિમાર્ગીય સેવા સદન (નવી હવેલી)માં તા. ૧૬-૧૦-૮૫ના સાંજે ૬ વાગ્યે વૈષ્ણવોની શોકસભા મળેલ તેમાં સદ્‌ગતની સાંપ્રદાયિક સેવાને બિરદાવી હાર્દિક શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ.

આણંદ–પુષ્ટિમાર્ગના પ્રચાર–પ્રસારાર્થે તથા વૈષ્ણવોની એકતા–સંગઠન મજબુત બનાવવા માટે આણંદ મુકામે ખેડા જીલ્લાના વૈષ્ણવ કાર્યકરોનું એક સંમેલન ડીસેમ્બરના પ્રથમ પખવાડીયામાં યોજવાનું આજરોજ આણંદ બેઠક મંદિરમાં મળેલ આં. પુ. વૈષ્ણવ પરિષદની ખેડા જીલ્લાની શાખાઓની વૈષ્ણવ કાર્યકર્તાઓની મીટીંગમાં નકકી કરવામાં આવ્યું. ઉપરાંત તે અંગે જીલ્લાના વૈષ્ણવ ગામોની સંપર્કની યોજના વિચારવામાં આવી. કેન્દ્રીય મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે મિટીંગનું સંચાલન કરી સાત વૈષ્ણવોની સમિતીની નીચે પ્રમાણે જાહેરાત કરી. (૧) પ. ભ. શ્રી દાસકાકા (૨) પ. ભ. શ્રી ચીમનભાઈ પટેલ (૩) પ. ભ. શ્રી બંસીભાઈ પુરાણી (૪) પ.ભ. શ્રી કૃષ્ણકાન્ત શાહ (૫) પ.ભ. શ્રી મધુભાઈ (૬) પ.ભ શ્રી નરસિંહભાઈ પટેલ (૭) પ.ભ. ભાઈલાલભાઈ પટેલ. ખેડા જીલ્લા આં. પુ. વૈ. સ. ના સંયોજક પ્રો. ગોપાલભાઈ શાહ આ મિટીંગમાં હાજર રહ્યા હતા.

સ્વાગત પ્રવચન મંદિરના ટ્રસ્ટી શ્રી ચીમનભાઈ પટેલે કર્યું તથા આભારવિધિ ડૉ. કૃષ્ણકાન્તભાઈ શાહે કરી.

વધાઈ

સુરત : આ વર્ષે દીપાવલિ–અન્નકુટ મહોત્સવ પર શ્રીમદ્ ગોસ્વામી તિલકાયત ૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રી તથા ષષ્ઠપીઠાધીશ્વર શ્રીમદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીની ઈચ્છા–મનોરથથી (ષષ્ઠનિધિ) શ્રી બાલકૃષ્ણ પ્રભુ શ્રીનાથદ્વાર પધારશે. આ અલૌકિક અવસર પર શ્રીજી તથા અન્ય નિધિસ્વરૂપો સાથે બીજા પણ ભવ્ય મનોરથો યોજાશે. શ્રીજી ની સાથે શ્રી બાલકૃષ્ણ પ્રભુનો આ આધિદૈવિક દિવ્ય મહોત્સવ ઘણાં વર્ષો બાદ ફરી સંપન્ન થઈ રહ્યો છે. આ અણમોલ અલૌકિક મહોત્સવ પર સપરિવાર ઉપસ્થિત થઈ અવશ્ય કૃતાર્થ બનશો.

વૈષ્ણવધર્મ અંગીકાર કરાવ્યો

છોટાઉદેપુર : આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના મંત્રી શ્રી વિઠ્ઠલદાસ શાહે તા. ૧૫-૯-૮૫ ના રોજ પટેલ, દરજી, પ્રજાપતિ અને તડવી કોમના ઈસમોને વડોદરા લઈ જઈ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજ દ્વારા બ્રહ્મસંબંધ કરાવ્યો. તે જ દિવસે પ્રદેશ કારોબારીની મીટીંગ વડોદરા મુકામે અલકાપુરીમાં હતી. જેમાં કેન્દ્રીય મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે શ્રી શાહના આ કાર્યને બિરદાવ્યું હતું. "તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો" ભકત કવિ શ્રી દયારામભાઈની આ પંકિતને સાર્થક કરી છે.

ખાસ કરીને વડોદરા જીલ્લાના ડભોઈ–છોટાઉદેપુર વિભાગમાં વૈષ્ણવોમાં એક માન્યતા પ્રવર્તે છે કે વાણિયા કોમ જ વૈષ્ણવ હોઈ શકે. શ્રી મહાંપ્રભુજી અને શ્રી ગુંસાઈજીના વખતમાં મુસ્લીમોએ પણ વૈષ્ણવધર્મ અંગીકાર કરી શ્રીકૃષ્ણની સેવા કરી પોતાનું જીવન સાર્થક કર્યાના દાખલા સંપ્રદાયના ગ્રંથોમાં મોજુદ હોવા છતાં વણિક સિવાય ઈતર કોમના માણસોને વૈષ્ણવધર્મ અંગીકાર કરવો હોય તો પણ ક્ષોભ અનુભવે છે. આ આખીય રૂઢીચુસ્ત માન્યતાને શ્રી વિઠ્ઠલદાસ શાહે જમીનદોસ્ત કરી નાખી છે. હજુ તેઓ આદીવાસીઓમાં પણ પુષ્ટિમાર્ગનો પ્રચાર કરી આદીવાસીઓને વૈષ્ણવો બનવાની ખ્વાયેશ ધરાવે છે. તેમના આ કર્મને તાલુકા પંચાયત તથા છોટાઉદેપુર શાખાના પ્રમુખશ્રી શાંતિલાલ પટેલ ઊંડો રસ લઈ મદદ કરી રહ્યા છે. છોટાઉદેપુર અને બોડેલી વિભાગની વૈષ્ણવ જનતા પણ શ્રી શાહના આ કાર્યને બિરદાવી રહી છે, અને વૈષ્ણવો આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

આ માસના ઉત્સવ

આસો વદિ ૧૪ તા. ૧૧-૧૧-૮૫ સોમવાર રૂપ ચતુર્દશી અભ્યંગ સ્નાન

આસો વદિ ૩૦ તા. ૧૨-૧૧-૮૫ મંગળવાર દિપોત્સવી, હટડી, કાન જગાવન લક્ષ્મી પૂજન

સં. ૨૦૪૨ કારતક સુદિ ૧ તા. ૧૩-૧૧-૮૫ બુધવાર નુતન વર્ષ આરંભ, ગોવર્ધન પૂજા, અન્નકુટ ઉત્સવ.

કારતક સુદિ ૨ તા. ૧૪-૧૧-૮૫ ગુરૂવાર ભાઇ બીજ.

કારતક સુદિ ૮ તા. ૧૯-૧૧-૮૫ મંગળવાર ગોપાષ્ટમી.

કારતક સુદિ ૯ તા. ૨૦-૧૧-૮૫ બુધવાર અક્ષય નવમી કૃતયુગાદિ ગોવિંદાભિષેકોત્સવ

કારતક સુદિ ૧૦ તા. ૨૧-૧૧-૮૫ ગુરૂવાર શરદ ઋતુ પૂરી થઇ.

કારતક સુદ ૧૧ તા. ૨૩-૧૧-૮૫ શનિવાર પ્રબોધિની એકાદશી વ્રત. મંડપ શૃંગારમાં. રસાત્મક મહારાત્રિ. હેમન્ત ઋતુનો પ્રારંભ થઇ પોષ વદ ૮ સુધી.

કારતક સુદિ ૧૨ તા. ૨૪-૧૧-૮૫ રવિવાર શ્રી ગુસાંઇજીના પ્રથમ લાલ શ્રી ગિરિધરજી (સં. ૧૫૯૭) અને પંચમલાલ શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧)નો જન્મોત્સવ

કારતક સુદિ ૧૫ તા. ૨૭-૧૧-૮૫ બુધવાર પૂર્ણિમા, ચાતુર્માસ નિયમ સમાપ્તિ ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ. યજ્ઞપત્નિનો અંગીકાર

કારતક વદિ ૧ તા. ૨૮-૧૧-૮૫ ગુરુવાર ગોપમાસ આરંભ વ્રતચર્યા.

કારતક વદિ ૮ તા. ૫-૧૨-૮૫ શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯)

કારતક વદિ ૧૧ તા. ૮-૧૨-૮૫ રવિવાર ઉત્પતિ એકાદશી વ્રત.

કારતક વદિ ૧૩ તા. ૧૦-૧૨-૮૫ મંગળવાર શ્રી ગુસાંઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮)

સમાચાર

રાજકોટ : સાં. ૨૦૪૧ના ભાદરવા વદ ૫ને શુક્રવારે મહાનુભાવ દીનતાસાગર શ્રી હરિરાયજી મહાપ્રભુનાં પ્રાગટય મહોત્સવના દિવસે પુ. પા. ગો. ૧૦૮ શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીનાં અધ્યક્ષ સ્થાને તથા પૂ. પા. ગો. શ્રી ગોપિકાલંકારજી બાવાશ્રી અને પૂ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રીનાં સાનિધ્યમાં 'શ્રી મદનમોહન કુંજ' આપશ્રીનાં બંગલે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં વધાઈ-કીર્તન તથા સભાનો કાર્યક્રમ હતો, જેમાં પૂ. પા. ગો. શ્રી પુરૂષોતમ લાલજી બાવાશ્રી તથા અધ્યક્ષશ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ અલૌકિક વચનામૃત દ્વારા શ્રી હરિરાયજીનું પ્રાગટય, આપશ્રીનો સેવાપ્રકાર, ભગવદ્દ્વાર્તા, શિક્ષાપત્રો વિગેરે ઉપરથી આજની વૈષ્ણવ સૃષ્ટિને સાચા કર્તવ્યનું ઉદ્દબોધન કરેલ તેમજ યુવકમંડળનાં સભ્યો શ્રી શાંતિભાઈ ઘેડીયા તથા કરશનભાઈ ફીચડીયાએ પણ શ્રી હરિરાયજી મહાપ્રભુનાં જીવન પ્રસંગો ઉપર પ્રાસંગિક પ્રવચન આપેલા. રાજકોટની વિપુલ વૈષ્ણવ સૃષ્ટિએ આ અલભ્ય લાભ લીધેલ.'

ગૌ ચારણ

(રાગ–સારંગ)

ભૌયારી મેં ગાય ચરાવન જેહાં ।।
તૂ કહિ મહરિ નંદબાબા સોં બડોભયો ન ડરે હોં ।।૧।।
શ્રીદામા દે આદિ સખા સબ ઓર હલધર સંગ લેહો ।।
દહયો ભાત કાંવરિ ભરિલેહોં ભૂખ લગે તબ ખેંહો ।।૨।।
બંસીબટકી શીતલ છૈયાં ખેલતમેં સુખ પેહો ।।
'પરમાનંદદાસ' સંગ ખેલોં જાય જમુના મેં નેહો ।।૩।।

(૨)

વારતા રે વારતા, ગોવિંદ ગાયો ચારતા,
ગ્વાલોને બોલાવતા, મુરલી બજાવતા. ૧
મોરોને નચાવતા, દેવોને ભરમાવતા,
આનંદ વરસાવતા, ભકતોને હરખાવતા. ૨
યમુનાતટ શોભવતા, વૃંદાવન ગજાવતા,
શ્રીવલ્લભને મન ભાવતા શ્રીવિઠ્ઠલને શિર રાજતા. ૩
સંધ્યાએ વ્રજ આવતા, ગોપી પ્રેમ વધારતા,
યશોદા અંક શોભાવતા, નંદજીને પુલકાવતા. ૪
રાધાને રિઝાવતા, રૂડા રાસ રચાવતા,
એવા રૂડા ગોપાલને, ભેળા થઇ સૌ ગાવતા. ૫

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

आन्तर-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेऽस्मिन्मार्गे रक्षकाः

શ્રીવલ્લભસુધા

॥ શ્રી હરિઃ ॥

વધાઇ

(રાગ-સારંગ)

પોષ નિર્દોષ સુખકોશ સુંદર માસ
કૃષ્ણ નોમી સુભગ નવધરી દિન આન
શ્રીવલ્લભ સદન પ્રકટ ગિરિવર ધરન
ચારુવિધુ વદન છબી શ્રીવિઠ્ઠલરાજ
ભીર માગધભઈ પઢત મુનિજન વદે
ગ્વાલ ગાવત નવલ વસન ભૂષણ સાજ
હરદ કેસર દહી ચીચકો પાર નહીં
માનો સરિતા વહી નીર નિર્ઝર વાજ
ઘોષ આનંદ ત્રિયવૃંદ મંગલ ગાવે
વજત નિર્ઘોષ રસપુંજ કલ મૃદુ ગાજ
વિષ્ણુદાસ શ્રીહરિ પ્રકટ દ્વિજ રૂપ ધર
નિગમ પથ દૃઢ થાપ ભકત પોષણ કાજ

* * *

કલીમેં એક બડો આધાર
શ્રીવલ્લભ ગૃહ શ્રીવિઠ્ઠલપ્રભુ આનલિયો અવતાર
પૂરનબ્રહ્મ શ્રીકૃષ્ણ બિરાજત ખેલત આંગન દ્વાર
માધવ ચરન શરન જે આયે તે ઉતરે ભવ પાર

卐

વર્ષ ૪ : અંક ૯ ❁ ડીસેમ્બર, ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

વૈષ્ણવ યાત્રાળુઓની સમસ્યાઓ

ભગવાન શ્રીકૃષ્ણની લીલાસ્થળી વ્રજભૂમિનું પાવન સ્મરણ કરતાં જ કયા ભકતનું મન પુલકિત નથી થતું ? અને આ લીલાસ્થળીના દર્શન કરવાની ઇચ્છા કયા ભકતના મનમાં નથી ઉઠતી. પ્રત્યક વૈષ્ણવ પોતાના મનમાં એવી ભાવના કરતો રહે છે, કયારે શ્રીવ્રજભૂમિના દર્શન કરૂં, ક્યારે શ્રી ગિરિરાજજીના દર્શન કરૂં, કયારે રાધાકુંડ અને માનસીગંગામાં સ્નાન કરૂં. સંપૂર્ણ વ્રજભૂમિ અને તેના રજકણો પ્રત્યેક વૈષ્ણવો માટે પવિત્ર છે. આ જ વિચારથી વૈષ્ણવ માત્ર સેંકડો વર્ષોથી વ્રજમંડલની પરિકમ્મા કરતા આવ્યા છે અને પોતાના જીવનને ધન્ય બનાવે છે.

આપણા પૂ. પા. ગો. બાળકો વ્રજમંડલની આ યાત્રાઓનું સ્વયં નેતૃત્વ કરી વૈષ્ણવોને પ્રેરણા અને માર્ગદર્શન પ્રદાન કરે છે. આ વ્રજયાત્રાઓમાં હજારો વૈષ્ણવ ભાગ લઇને પોતાના જીવનને ધન્ય બનાવે છે. જેઓ પૂરી વ્રજયાત્રામાં ભાગ નથી લઈ શકતા તેઓ પણ શ્રી ગિરિરાજજીના કુંનવાડાના દર્શનોના સમયે દર વર્ષે અવશ્ય ઉપસ્થિત થાય છે.

પરંતુ જે વૈષ્ણવ વ્રજમંડલની પરિક્રમ્મા કરીને આવે છે, તેઓ નિષ્ઠાપૂર્વક ભલે વ્રજયાત્રા કષ્ટ ઉઠાવીને પૂરી કરી લ્યે પણ જે ગામોમાં થઈને આ વ્રજયાત્રા જાય છે તે ગામોનું વાતાવરણ આ ધર્મ-યાત્રાઓ માટે પ્રેરક નથી કહી શકાતું, સ્નાન કરવાના કુંડ ગંદા પાણીથી ભર્યા છે, તેમાં ભેંસો તરતી હોય છે. આ કુંડોનું જલ જોઇને યાત્રાળું સ્નાન કરવું તો દૂર રહ્યું આચમન પણ કેમ કરીને કરે એ પ્રશ્ન ઉઠે છે. ઘોર અંધકાર, વીજળીની લાઈટની પુરતી વ્યવસ્થા નથી, યાત્રાળુઓ માટે પીવાના જલની યોગ્ય સગવડ નથી, સાફસુફીની વ્યવસ્થા નથી, સડકો ઉપર ગટરોનું ગંદુ પાણી ફેલાઇ રહ્યું હોય, યાત્રાળુઓની સુરક્ષા માટે પોલીસની કોઇ વ્યવસ્થા નથી, સડકો ઉપર ઠેક ઠેકાણે બેરીયર (આડચો) લાગેલા છે. જ્યાં યાત્રી બસોને ડગલે પગલે રોકીને ટેકસ વસુલ થાય છે. યાત્રાળુ વેરાને નામે ભારી લૂંટ ચાલે છે. મનમાન્યા પૈસા વસુલ કરાય છે. કોઈ સાંભળવાવાળુ નથી.

સરકારના તરફથી કોઇ વ્યવસ્થા નથી, શું એ સારૂ ન કહેવાય કે. ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સરકાર આ વ્રજયાત્રા માટે એક સક્ષમ અધિકારી નિયુકત કરે અને યાત્રાળુઓની સુખ સુવિધા તરફ એ અધિકારી ધ્યાન દયે.

કેટલાં દુ:ખની વાત છે કે મુસલમાનોની હજયાત્રાની વ્યવસ્થા માટે તથા અજમેર ખ્વાજાની દરગાહને માટે સરકાર લાખો રૂપીયા ખર્ચ કરી શકે છે પણ દેશ–વિદેશથી આવનારા હજારો–લાખો શ્રદ્ધાળુ વૈષ્ણવોની ઐતિહાસિક વ્રજયાત્રાઓ માટે સરકાર કોઈ વ્યવસ્થા નથી કરતી.

આગરા થી પ્રકાશિત 'અમર ઉજાલા' અખબારમાં પણ યાત્રા સ્થળોની અવ્યવસ્થાના સમાચારો પ્રકાશિત થયા છે, છતાં મોટા દુ:ખની વાત છે, કે પાચ કરોડ સંખ્યાવાળા પુષ્ટિમાર્ગિય વૈષ્ણવ સમાજની મુશ્કેલીઓ તરફ સરકાર ધ્યાન નથા આવતી. આશા છે સરકાર આ દિશામાં પગલા લેશે.

—પં. દ્વારકાપ્રસાદ પાટોદિયા
(સંગઠન મંત્રી આં. પુ વૈ. પરિષદ)

ગોંડલ : શ્રી દામોદરલાલજી મહોદય (કઠી–કલોલ)નો જન્મદિન તા. ૨૨–૧૦–૮૫ (વિજ્યાદશમી) ના રોજ આપશ્રીના બંગલે ખૂબજ ધામધૂમ પૂર્વક ઉપવવામાં આવેલ હતો. માર્કેન્ડેયપૂજા, પલના, નંદમહોત્સવ, કેસરસ્નાન, સમાજકીર્તન, ઢ,ઢીલીલા રાસનો કાર્યક્રમ થયેલ હતો. આજુબાજુના ૨૫ થી ૩૦ ગામોના તથા સ્થાનિક વૈષ્ણવોએ ખૂબજ મોટા પ્રમાણમાં હાજરી આપી, આ અલૌકિક પ્રસંગનો લ્હાવો લીધો હતો.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

✽

વર્ષ ૪ : અંક ૯ મો
ડીસેમ્બર, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

દીપાવલી અભિનંદન

કૃષ્ણ-રામકી જન્મ-કર્મભૂમિ ભારત સબ જગ સે મહાન ।
જહાં દિવ્ય ગુણ તૈલ સભર પ્રકટ સતત દીપક વિજ્ઞાન ॥૧॥

રામચરિત અરુ કૃષ્ણગાનકો દેવ-મનુજ સબ કરે પ્રણામ ।
ઉનકે દિયે દિવ્ય દીપક સહ કરેં તદીય પથ પર અભિયાન ॥૨॥

સાહસ-શૌર્ય-સતત સન્તુષ્ટિ ધૈર્ય-સ્થૈર્ય ક્ષમા સન્માન ।
દયા તિતીક્ષા શાન્તિ સરલતા સાથ લિયે કરલે પ્રભુધ્યાન ॥૩॥

પ્રેમ મૈત્રી કરુણા સેવાકી છેડેં અધરસે મધુરી તાન ।
પ્રકટાયેં દીપક મન-મનમેં નષ્ટ કરેં તિમિર અજ્ઞાન ॥૪॥

કરેં વિલય હમ પ્રેમસિન્ધૂમેં ક્રોધ-વૈર-ઈર્ષા અભિમાન ।
કરેં સુવાસિત વિકસિત પ્રમુદિત ધન્ય-ધન્ય જીવન ઉદ્યાન ॥૫॥

—ગોસ્વામી ચંદ્રગોપાલજી

પૂ. પા. ગો. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રીના ઉપરોક્ત વચનામૃતો આપણને દિવ્ય પ્રેરણા આપે છે. મનન આચરણ કરી કૃતાર્થ થઇએ એજ વિનમ્ર અભિલાષા. —સંપાદક

॥ શ્રીકૃષ્ણઃ ॥

પ્રસ્થાન ચતુષ્ટય

લેખક : **પૂ. પા. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, વડોદરા**

[ગતાંકથી ચાલુ]

ભાગવતના પ્રથમ સ્કંધમાં જેમની આ કથા આપેલી છે તેજ પરાશર અથવા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ દ્વારા વેદાન્ત સૂત્રની રચના થયેલી છે. તેમ શ્રી આચાર્યચરણની અને આ સમ્પ્રદાયની પરમ્પરાની માન્યતા છે. શ્રીઆચાર્યચરણ અણુભાષ્યનાં કેટલાંક સ્થાનોમાં વ્યાસચરણ માટે જે પ્રકારથી ઉલ્લેખ કર્યો છે તે અમે અહીં આપીએ છીએ.

(૧) તથા ચ નિર્ણયે યેનકેન ચિદ્રુક્તવ્યે હરિઃ સ્વયં વ્યાસો વિચારં ચિકીર્ષુસ્તત્કર્તવ્યતાં બોધયતિ । બ્રહ્મ જિજ્ઞાસા કર્તવ્યેતિ વ્યાસોક્તત્વાદપિ કર્તવ્ય । (અ. ભા. ૧-૧-૧)

(૨) બ્રહ્મવિચાર એવારમ્ભણીયો, ન ધર્મ વિચારઃ । સર્વવેદવ્યાસ કર્ત્રા વેદવ્યાસેના કૃતત્વાત્ તુચ્છફલત્વાચ્ચ । (અ. ભા. ૧-૧-૧)

(૩) તથા હિ । જૈમિનિ ધર્મ જિજ્ઞાસામેવ પ્રતિજ્ઞાય તત્પ્રતિ પાદકસ્ય પૂર્વકાણ્ડસ્ય સમન્યવમાહ । અવાન્તર વાક્યાનાં પ્રકાર શેષત્વાત્ । ન ચ સર્વસ્મિન્વેદે ધર્મ એવ જિજ્ઞાસ્યઃ । તદ્ગુરુણૈવ વ્યાસેન બ્રહ્મજિજ્ઞાસાયાઃ પ્રતિજ્ઞાતત્વાત્ (અ.ભા. ૧-૧-૩)

(૪) ઇદં ચ શાસ્ત્રં મોક્ષરૂપ પુરુષાર્થ સાધકમ્ । (અ. ભા. ૧-૧-૩)

ઉપર જણાવેલાં વાકયોમાં પ્રથમમાં ભગવાનના જ્ઞાનાવતાર વ્યાસ દ્વારા જ બ્રહ્મ જિજ્ઞાસાથી આરંભ થતાં બ્રહ્મ સૂત્રની રચનાનો ઉલ્લેખ શ્રી આચાર્યચરણ ભાષ્યમાં કરે છે. ભાષ્યની આજ પંકિતઓ પર પ્રકાશમાં શ્રીપુરુષોત્તમજી મહારાજ લખે છે.

ઉક્તરીત્યા વેદાર્થ નિર્ણય સ્યાવશ્યકત્વાદ્ તન્નિર્ણયે યેનકેન ચિદ્રુક્તવ્યે યદાકાલવશાત્ તપ આદીનામ સંભવં વ્યંગતયા તેષામસાધકત્વં ચ દૃષ્ટ દૃષ્ટવાંસ્તદા જગદ્ દુઃખ દૂરીકરણાર્થં હરિઃ સ્વયં વ્યાસરૂપેણાવતીર્ય વેદ વ્યાસ કાર્યં કૃત્વા સર્વ વેદાર્થં નિર્ણયાર્થં બ્રહ્મવિચારં ચિકીર્ષુસ્તત્ કર્તવ્યતાં બોધયતિ બ્રહ્મજિજ્ઞાસા કર્તવ્યેતિ ।

અર્થાત્-તે કહ્યા પ્રમાણે વેદાર્થ નિર્ણયનું આવશ્યકપણું હોવાથી તેમજ કાલવશ તપ વગેરેનું અસંભવપણું, વ્યંગતા વડે તે બધાનું અસાધકપણું ભગવાને જયારે જોયું ત્યારે જગતના દુઃખને દુર કરવા માટે સ્વયં શ્રીહરિ ભગવાને વ્યાસરૂપથી અવતરીને વેદનો વ્યાસ વગેરે કાર્ય કરીને સર્વવેદાર્થ નિર્ણયને માટે બ્રહ્મ વિચારની ઇચ્છા રાખીને તેની કર્તવ્યતાને ઉપદેશે છે કે બ્રહ્મા જિજ્ઞાસા કરવી.

તેવી જ રીતે બીજાં વાકયોમાં પણ આ બ્રહ્મસૂત્રની રચના વેદનો વ્યાસકરનાર વ્યાસજી દ્વારાજ થઇ છે તેમ જણાવે છે.

ત્રીજા વાક્યોમાં સૂત્ર કર્તા વ્યાસજીએ પૂર્વમીમાંસાના કર્તા જૈમિનિઋષિના ગુરુ છે, એ સ્પષ્ટ કર્યું છે કે, જે જૈમિનિનો ઉલ્લેખ માર્કંડેય પુરણમાં પણ વ્યાસ શિષ્ય તરીકે કરવામાં આવ્યો છે કે—

વ્યાસશિષ્યો મહાતેજા જૈમિનિઃ
પર્યપૃચ્છત ।
યસ્યાગ્રે ભારતાખ્યાનં વ્યાસેનોક્તં
મહાત્મના ॥

તેવીજ રીતે આજ પ્રકારે વ્યાસ શિષ્ય તરીકે જૈમિનિનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતના બારમા સ્કંધમાં પણ કરવામાં આવેલો છે કે

પરાશરાત સત્યવત્યામંશાંશકલયા વિભુ
અવતીર્ણો મહાભાગ વેદં ચક્ર ચતુર્વિધમ્
સામ્નાં જૈમિનયે પ્રાહતથા છન્દોગ
સંહિતામ્ ।
અથર્વાંગિરસીં નામ સ્વશિષ્યાય
સુમન્તવે ॥
(ભાગવત ૧૨-૬-૪૯, ૫૩)

ચોથા વાક્યમાં આ શાસ્ત્રને મોક્ષરૂપ પુરુષાર્થ સાધક તરીકે જણાવેલું છે. તે પણ જ્ઞાનાવતાર વ્યાસ સાથે જ સંગતિ થાય છે.

આ પ્રકારે શ્રી આચાર્ય ચરણનો અભિમત વેદનો વિભાગ, મહાભારત=પુરાણો અને ભાગવતની રચના તથા બ્રહ્મસૂત્રનું નિર્માણ એકજ વ્યાસ દ્વારા સ્વીકારે છે.

ખરેખર તો જે લોકો અલગ-અલગ વ્યાસોની કલ્પના કરે છે અને બ્રહ્મસૂત્રનો કાલ નિર્ણય ૨૨૦૦ વર્ષ કરે છે લોકો આજના પશ્ચિમીઓના અતિભૌતિકવાદમાં તણાઇને અને ભારતીઓની આધ્યાત્મિક શક્તિઓથી અપરિચિત રહીને જ કરતા હોય છે અને તેથી જ તે લોકોની બુદ્ધિમાં લૌકિક અલૌકિક એવો ભેદ સમજમાં નથી આવતો જયારે આપણાં ધર્મશાસ્ત્રો અને પુરાણો અથવા તો વેદ એ અલૌકિક હોઇ લૌકિકતાથી તેનું વિવેચન શક્ય જ નથી જેમ કે

(૧) વ્યાસ : ષટશતવર્ષીયો ધૃતરાષ્ટ્રમજિજનત્ ॥

(૨) તમદ્ભુત બાલકમમ્બુજેક્ષણં ચતુર્ભુજં શંખ ગદાર્યુદાયુધમ્ ॥

(૩) પિત્રો : સમ્યશ્યતો સદ્યો બભુવ પ્રાકૃત : શિશુ : ॥

(૪) સત્રંસ્વર્ગાયલોકાય સહસ્રસમ માસત ॥

આ બધાં વાક્યોમાં દર્શાવાયેલી અલૌકિક વાતો કે જે સામાન્ય રીતે લોકમાં સંભવિત નથી. તથા રામાયણમાં ૩૬ હજાર વર્ષ શ્રીરામનું રાજય મહાભારતમાં એવા વ્યક્તિની કથા કે જે અમુક સમય પુરૂષ અને અમુક સમય સ્ત્રીરૂપે જીવન જીવતો હોય ભીષ્મનું ઐચ્છિક મૃત્યુ, ભગીરથ દ્વારા સ્વર્ગમાંથી ગંગાનું અવતરણ પુરાણોમાં બતાવાયેલી ઘણા કલ્પોની કથાઓ કે જેમાં ઘણા બધા પ્રલયો પહેલાંની અને પ્રલયોના પછીની કથાઓનો સમાવેશ થાય છે. વાલ્મિકિ દ્વારા રામજન્મ પૂર્વે રામાયણનું નિર્માણ, શુકદેવજીનું વર્ષો સુધી માતાના ઉદરમાં ગર્ભાવસ્થામાં રહેવું અને ૧૬ વર્ષની વયના દેહથી જન્મ થવો વગેરે આ બધી વાતો પણ લૌકિક પ્રકારે કહેવાયેલી નથી. તેથી લોકમાં આ સંભવિત નથી. તેમ વિચારી

તેનું વિવેચન શકય નથી. આધુનિક વિચારકોનાં વૈચારિક પરિશીલનનો આધાર આજનું વિજ્ઞાન અથવા તો વૈજ્ઞાનિક સંશોધનો અને તેની ઉપલબ્ધિ છે. જ્યારે અત્યારની મોજૂદ પૃથ્વીના જન્મથી આધુનિક વૈજ્ઞાનિક વિચારસરણીનો આરંભ થાય છે. તેના પૂર્વ માત્ર એટલું જ જણાવવામાં આવે છે કે ધગધગતો ગોળો વિશાલકાય સૂર્યમાંથી પૃથ્વી વગેરે સર્વ ઉત્પન્ન થયાં છે પણ સૂર્ય કેવી રીતે? તેમજ તેના પૂર્વ શું? વગેરે અનેક વાતો હજુ સુધી વિના વિચારાયેલી રહી છે. જ્યારે આપણા ધર્મશાસ્ત્રો અનેક કલ્પોની વાતને કરી અનેક પૃથ્વીઓ અને અનેક પ્રકારની સૃષ્ટિઓની કથા કહે છે અને તે અનેક કલ્પ–વિકલ્પનું ભૂત–ભવિષ્ય વર્તમાનનું જ્ઞાન, લોક–પરલોકનું જ્ઞાન વગેરે ઋષિ–મુનિઓએ પોતાની ઉત્કૃષ્ટ અધ્યાત્મશકિતઓ દ્વારા અને પરમાત્માના પરમ અનુગ્રહથી અલૌકિક રહસ્યોને પામી શકયા છે. તેથી વિશ્વમાં જીવન જીવી ચૂકેલા અથવા જીવી રહેલા માનવોમાં તે પ્રકારની શકિત જોવા નથી મળતી, કે જે ભગવાન વ્યાસમાં જોવા મળે છે. આવું અગાધ સર્વ ક્ષેત્રીય જ્ઞાન અને તેના આધારે અનેક ધર્મશાસ્ત્રોની રચના એ એક માનવ દ્વારા શકય નથી; તેથી તે લોકો અનેક વ્યાસની કલ્પના કરે છે. તેમજ આજના સમયમાં માનવજીવન શતાધિક જોવા મળતું નથી. ત્યાં સદીઓના જીવનને લૌકિક ભાવે તે લોકો કેવી રીતે શમજી શકે? તેથી શ્રી વ્યાસજી પણ ભગવાનનો જ્ઞાનકલાથી થયેલો અવતાર છે. તેમાં આપણા જેવા મનુષ્યોની માફક કલ્પના કરી વિષયોને વિચારવાથી કશું પણ સમજી નહિ જ શકાશે. જેમ કોઇ અતિ ગ્રામીણ વ્યકિતની પાસે કે જે વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સત્યોથી કે વિજ્ઞાન દ્વારા થયેલી ઉપલબ્ધિઓથી સર્વથા અપરિચિત છે, તેની પાસે કોઇ અણુ બોંબની–રોકેટની–ટી.વી.ની કે એવી ઈતર આશ્ચર્યજનક વસ્તુઓની વાતો કરશે તો તે સાચી જ નહિ જ માને અને કયારેક પ્રત્યક્ષ જોઇ લેશે તો તેને જાદુ માનશે. અથવા તો મંત્ર–તંત્રનો પ્રભાવ માનશે, કારણ કે તેને માત્ર મંત્ર–તંત્રમાંજ અંધશ્રદ્ધા છે. તેવી જ રીતે અશ્રદ્ધાથી પીડાવું તે પણ અયોગ્ય જ છે. અંધશ્રદ્ધા અને અશ્રદ્ધા આ બંને એક જ લાકડીનાં બે નાકાં છે. જ્યારે ખરેખર શ્રદ્ધા જ જીવનનો યોગ્ય માર્ગ છે; કારણ કે શ્રદ્ધા શબ્દ 'શ્રત્' થી બન્યો છે. જે સત્ય સૂચક છે, તેથી સત્યને ધારણ કરવું. તેનો અર્થ થાય છે તીવ્ર અને વિશાલ બુદ્ધિના ઊંડાણથી અને ઇશ્વરે માનવશરીરમાં અને આત્મામાં મૂકેલી અનંત શકિતઓના વિકાસથી તે વિકસિત શકિતઓ દ્વારા સત્યનું સંશોધન કરતાં જે ઉપલબ્ધ થાય, તેવી ઉપલબ્ધિઓ સિદ્ધાંત પ્રકારે ધર્મશાસ્ત્રોમાં બતાવાયેલી છે. તેથી તે વાતો અંધશ્રદ્ધા અને અશ્રદ્ધાથી પીડિત છે. તેથી જ બન્નેની આપણાં શાસ્ત્રોમાં ગતિ જોવા મળતી નથી. અશ્રદ્ધા એ પણ એક મનોરોગ છે.

તેથી ઉપર જણાવેલા શ્રદ્ધા પ્રકારથી શ્રી વ્યાસજીનું કાર્ય અને તેમના જન્મનો કાળ વિચારવામાં આવશે તો આધુનિક વિચારકોએ જે વિચારેલું છે તેના કરતાં

કંઈક જુદું જ જાણવા મળશે, તેવું મને લાગે છે.

આમ વ્યાસસૂત્રો (ઉત્તર મિમાંસા) ને પ્રમાણમાં કહી આનુષંગિક રીતે જૈમિનિસૂત્રો (પૂર્વ મિમાંસા)નો "ચૈવહિ" થી ઉલ્લેખ ધ્વનિત થાય છે.

"જૈમિનિસૂત્રો" એટલે "અથાતો ધર્મ જિજ્ઞાસા" સૂત્રથી આરંભી પૂર્વકાંડ સંબંધી પ્રતિપાદન કરનારું શાસ્ત્ર. આને 'પૂર્વ મીમાંસા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણા સંપ્રદાયમાં એવી માન્યતા છે કે શ્રી આચાર્યચરણે જેમ ઉત્તરમિમાંસા—વ્યાસસૂત્ર ઉપર અણુભાષ્ય લખ્યું છે તેમ શ્રીઆચાર્યચરણ દ્વારા આ જૈમિનિ સૂત્રો ઉપર પણ "પૂર્વ મીમાંસા ભાષ્ય" લખવામાં આવ્યું હતું. જે આજે અપ્રાપ્ય છે. પણ એવી કિંવદન્તિ છે કે, આ ભાષ્ય જર્મનીમાં હાલમાં હાલ બિરાજે છે અને તે કોઇ પણ કારણોસર ભારતથી ત્યાં પહોંચી ગયું છે. જો કે આજે આ વિષય પર શ્રીઆચાર્યચરણ દ્વારા લખાયેલ "પૂર્વ મીમાંસા કારિકા"નો કેટલોક ભાગ પ્રાપ્ત છે. જે પૂર્વમાં પ્રકાશિત પણ થઇ ચૂકયો છે. આ કારિકાઓ પણ તે ભાષ્યની અન્તર્ગત હોય એમ માનવું છે.

શ્રી આચાર્યચરણ જૈમિનિમતને વ્યાસ ચરણના મતથી અવિરુદ્ધ પ્રકારે સ્વીકારે છે, તેથી જેટલો ભાગ વ્યાસમત સંમત ન હોય તેને બાદ કરીને જ બાકીને પ્રમાણ તરીકે સ્વીકારે છે, આમ શ્રીઆચાર્યચરણ પ્રમાણ ગ્રન્થોમાં વ્યાસસૂત્રો અને જૈમિનિ—સૂત્રોનો ઉલ્લેખ કરે છે.

"વંદના"

(રાગ : હરિગીત : 'શ્રીકૃષ્ણના ચરણાવિંદની રજ થકી શોભી રહ્યાં')

મુજ પ્રાણના છો નાથ હે શ્રીનાથ પ્રભુજી આપ તો
જાણી લીધું છે સત્ય આ પહેલા જ દર્શને આપના
સ્વીકારો આત્માનંદ હે ! વંદન કરું છું ભાવથી
મારાં વિચારો, ઉર્મિઓ ને હૃદયનાં ભાવો બધાં
સર્વ ઉંન્મેષો અને જીવનતણી ગતિવિધિ બધી
એકૈક અણું મુજ અંગતું, હર બિંદુ મારા રુધિરનું
કંઇ પણ નથી હે નાથ ! મારું, સર્વ કંઇ છે આપનું
સર્વાત્માભાવે છું સમર્પિત આપનો જ હું દાસ છું
મારા વિષે જે આપશ્રી ઈચ્છા કરો તે બનીશ હું
જીંદગી કે મૃત્યુ વા સુખદુઃખ જે કૈં આપ દ્યો
આનંદ હો કે યાતના જે જે મળે કંઈ આપથી
સર્વ કંઇ સ્વીકાર્ય છે, ફરિયાદ મારી ના કશી
હર કોઈ બક્ષિસ આપની મુજને મળે નિશ્ચે હશે
વર અલૌકિક લાવતું જે પરમસુખ શ્રીનાથજી !

—**પ્રા. એમ. આર. પાલેજા**
(રાજપીપળા)

દૃઢ અનન્યતાના પુરસ્કર્તા શ્રી ગોકુલેશ

લેખક : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજીમહારાજ

(મથુરા—પોરબંદર)

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ વેદ, ભગવદ્ વાક્યો અને વ્યાસ સૂત્ર તેમજ શ્રીમદ્ ભાગવત નું મંથન કરીને બ્રહ્મવાદનો સિધ્ધાન્ત સ્થાપિત કર્યો અને આચાર ના રૂપમાં પુષ્ટિભકિતમાર્ગ પ્રગટ કર્યો એટલુંજ નહી. પરંતુ આચરીને બતાવ્યો. અને સ્વધર્મ ના રૂપમાં વ્રજાધિપઃની સેવા અને ભાવના પ્રગટ કરી જે ભાવના સારસ્વત કલ્પ માં ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યે ગોપિઓના પ્રેમ પર આધારિત વિવિધ રાગ અને ભોગથી સંમિશ્રિત સેવા પ્રણાલિ પ્રગટ કરી યથા—सेवा रीत प्रीति ब्रजजनकी जनहित जग प्रगटाई, प्रगट व्हे मारग रीति बताइ પરંતુ આચાર્યચરણોની પ્રવૃત્તિ ૩-૩ વખત ભારતવર્ષની પરિક્રમ્મા કરી બ્રહ્મવાદ નો પ્રચાર કરવો, અનેક ગ્રંથો ની રચના કરવી અને સાથે સાથે વર્ણાશ્રમ ધર્મોનું પાલન કરતાં કરતાં પુષ્ટિ ભકિતનો પ્રચાર કરવો, આ બધા કાર્યો સંપન્ન કરવા ઉપરાંત ૩ વખત સ્વધામ પધારવાની ભગવદ્ આજ્ઞા થતાં ભૂતલપરની સ્વ-લીલાને સંપૂર્ણ કરી, ત્રિદંડ સન્યાસ ધારણ કરી પછી ભૂતલ ત્યાગ કર્યો અને પુષ્ટિ સંપ્રદાયને આગળ વધારવા નુ ઉત્તરદાયિત્વ પોતાના પુત્રો શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી વિઠ્ઠલનાથજીને સોંપ્યું.

શ્રી ગુસાંઇજીએ, શ્રી વલ્લભ પ્રકટિત ભાવાત્મક સેવા પ્રણાલિને વિકસિત કરી અને વિવિધ લલિત કલાઓનો વિનિયોગ સેવા પ્રણાલિમાં ગુંથીને કર્યો અને ભારતવર્ષ ના અનેક સ્થાનોમાં પરિશ્રમ કરીને પધાર્યા અને ભકિત બીજ જેમાં હોય એવા નિઃસાધન જીવોનો અંગીકાર કર્યો. આ રીતે પોતાનું નામ पितृप्रवर्तित पथ प्रचार सुविचारकः સાર્થક કર્યું.

પછી આપના સાત લાલજી; શ્રી ગિરિધરજી, શ્રી ગોવિંદરાયજી, શ્રી બાલકૃષ્ણજી, શ્રી ગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનસ્યામજી એ સાતે લાલજીઓએ પિતૃ ચરણની અલૌકિક પરંપરા જાળવી રાખીને પુષ્ટિ જીવોનો અંગીકાર કર્યો પરંતુ વિશેષ યોગદાન ચતુર્થ લાલજી શ્રી ગોકુલેશ પ્રભુનું રહ્યું છે. પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં આપશ્રીનું નામ સ્વર્ણાક્ષરે અંકિત થયેલું છે.

આપશ્રીનું અલૌકિક ચરિત્ર; આપના સેવકોએ જે પ્રસ્તુત કર્યું છે. તે ગ્રંથોમાં; પ્રાકટય સિદ્ધાન્ત, ગુજરાત પ્રસંગ ઇત્યાદિમાં છે જેનું મનન કરતા પુષ્ટિ ગૂઢ રસ કે જેનો પાર ન પામી શકાય એવા અલૌકિક સૌન્દર્ય અને અલૌકિક પ્રતાપના દર્શન થાય છે.

આપશ્રીના ચરિત્ર નો અત્યંત મહત્વપૂર્ણ હિસ્સો છે—માલાતિલક રક્ષાર્થે આપનો અહિંસક સત્યાગ્રહ.

બાદશાહ જહાંગિર એક સંન્યાસીના આડંબરથી પ્રભાવિત થઈને તેનો શિષ્ય બની ગયો હતો. અને એ પાખંડી તેજોદ્વેષી સન્યાસીની ચડામણીથી પોતાના આધીન પ્રદેશોમાં એવો હુકમ એનાયત કર્યો કે માલા અને તિલક કોઈએ પણ ધારણ ન કરવાં. અનેક અપરિપકવ મનોદશાવાળાઓએ તો

માલા–તિલકનો ત્યાગ કર્યો પરંતુ શ્રી ગોકુલેશ પ્રભુના અનન્યાશ્રિત મહદ્ ભક્તોએ ત્યાગન કર્યો. એટલુંજ નહીં કઠોર તપ યાતનાઓ સહન કરી પરંતુ માલા–તિલકનો ત્યાગ તો સર્વથા ન કર્યો અને જયારે જુલ્મ વધી ગયો ત્યારે આપશ્રીએ જહાંગિરની મુલાકાત લેવાનું નક્કી કર્યું. વયોવૃદ્ધ અવસ્થામાં આપ કાશ્મિર પધાર્યા અને બાદશાહ જહાંગિર સાથે શાસ્ત્રોક્ત આધારે ચર્ચા કરી. ક્યાં આપશ્રીની સર્વશાસ્ત્ર નિપુણતા અને ક્યાં બાદશાહ ની ધર્મ પ્રત્યેની અજ્ઞાનતા ! વિચાર વિમર્શમાં જહાંગિર થાપ ખાઈ ગયો પરંતુ પોતાના અહં ને વશ બાદશાહે શ્રી ગોકુલનાથજીને કહ્યું કે : खाली हमारी आज्ञा को मान रखनेके लिये अपने मुख सों इतनो बोल दो की, हां हमने माता तिलक को त्याग कियौ ! ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે : हमारा सिध्धान्त तो यह है कि जो कहयो सो कर्यो बराबर है ! એટલે પછી છેલ્લો પ્રસ્તાવ બાદશાહે મૂક્યો કે યાતો આપ માલા તિલક ત્યાગો અથવા આપની સંપત્તિ સહિત આપના નિવાસસ્થાન ગોકુલનો ત્યાગ કરો આ વિકલ્પમાં આપશ્રીએ સહર્ષ, ગોકુલ ત્યાગનો પ્રસ્તાવ સ્વીકાર્યો પછી આપશ્રી સોરમજીમાં વસ્યા. થોડા સમય બાદ જહાંગિરને પોતાની ભૂલ સમજાણી અને તેને ચિદ્રુપ સન્યાસીનું અસલી રૂપ સમજાતા તેના તરફ તિરસ્કાર થયો. અને શ્રી ગોકુલનાથજીને વિનંતિ પત્ર મોકલાવ્યો કે આપ ગોકુલ પધારીને ફરી વસાવો આ રીતે જો આપશ્રીએ માલા તિલકના રક્ષણાર્થે દિગ્વિજય ન કર્યો હોત તો ધર્મ કેવલ નામ શેષ જ રહી જાત.

આ સીવાય આપશ્રીના ૧૦૦૦ જેટલા વચનામૃતો 'શ્રી વર વાક્યામૃત રત્ન કોષ' માં સંગ્રહિત છે ઉપરાંત ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તા–નિજવાર્તા–ઘરૂવાર્તા ઇત્યાદિકનું સમ્પાદન કર્યું. જે આજે આપણને એ વખતના ભગવદીઓનું ચરિત્ર તેના વાસ્તવિક સ્વરૂપ માં પ્રાપ્ત થાય છે. એનું શ્રેય શ્રી ગોકુલેશ પ્રભુ નેજ છે.

ઉપરાંત શુધ્ધ પુષ્ટિ ભક્તોને માટે જે ભાવ જે અનન્યતા જે કડક આચાર–વિચાર કે જેનાથી સેવક, બહિર્મુખતાથી બચી શકે એ માટે પુષ્ટિ સૃષ્ટિમાં 'અનન્યતા'ને અનિવાર્ય બતાવી અને શ્રી મહાપ્રભુજી દ્વારા પરિવર્ધિત ભાવાત્મક પુષ્ટિમાર્ગની રક્ષા માટે દૃઢ અનન્ય આસ્થાની મજબુત દિવાલ બાંધી દીધી આજે આવા ઘોર કલિકાલમાં જયાં ચારેય બાજુ સ્વાર્થ, હિંસા, દ્વેષ, અહંકાર, વિષય–લોલુપતા વિગેરે ફેલાયેલ છે એવા કપરા સમયમાં પણ હૃદ્ગત્ ભાવ, અલૌકિક ભાવની રક્ષા થઇ શકે તેમ હોય તો એ અનન્ય નિષ્ઠાથી જ થઈ શકે છે. આપશ્રીએ પોતાની નિજસૃષ્ટિના રસાત્મક ભાવોનું પોષણ પોતાના અલૌકિક વચનામૃતોથી કર્યું છે જેની બીજી મિસાલ પ્રાપ્ત થાય તેમ નથી.

શિક્ષાપત્રના રચયિતા શ્રીહરિરાયજી એ પણ શ્રી ગોકુલેશપ્રભુ પાસે જ બ્રહ્મ સંબંધ લઇને તેમની પ્રણાલિ અને ઉપદેશનું જ અનુસરણ કર્યું છે. ગુરૂદેવાષ્ટકમાં अनन्य धर्मदाता च व्यभिचार निवारकः એ ઉક્તિમાં શ્રીગોકુલેશ દ્વારા નિજ ભક્તોમાં પ્રસારિત અન્યાશ્રયના ત્યાગ

પૂર્વકના અનન્ય ધર્મો–ભક્તિનું દાન કરનાર એમ કહે છે.

આપશ્રીના અલગ ૨૪ વચનામૃતોમાં પુષ્ટિજીવોને અનેક પ્રલોભનોથી સાવધાન રહેવાનું તેમજ પુષ્ટિ ભાવોને દ્રઢ કરવાનાં અમોઘ ઉપાય બતાવ્યા છે.

આપશ્રીની સૃષ્ટિ પરંપરા આજે પણ વિસ્તૃત પ્રમાણમાં છે જેઓની આચાર પ્રણાલિમાં અનન્યતા અને અન્યાશ્રયનો સર્વથા ત્યાગ જોવા મળે છે નિ. લી. ગો. શ્રીરમણલાલજી મહારાજે આ અનન્યતાના સિદ્ધાન્તો હૃદયમાં સ્થિરપણે ધારણ કરીને પોતાના નિજ સેવકોને માટે પણ અનન્યતાનો પથ પ્રશસ્ત કર્યો હતો. સિધ્ધાન્તના જ્ઞાનને અભાવે અનુસરણ સ્વસ્થપણે ન થાય, કેવલ અનુકરણજ થાય અને આ પ્રમાણે અનુસરણને બદલે અનુકરણ કરનારાઓમાં કયાંક સિદ્ધાન્ત પ્રત્યેના અજ્ઞાનને કારણે વિષમતા યુકત આચાર–વિચાર જોવા મળે તો એ વ્યકિતગત ક્ષતિને લક્ષ્યમાં લઇને, આ પ્રકારનું સ્વસ્થ અનુસરણ કરનાર પર મિથ્યા આક્ષેપ યા નિંદા કરવી. મન ઘડંત પ્રસંગો (કુહેલિકાઓ)ના આધાર પર 'બહિર્મુખતા' ના દોષનો આરોપ કરવો મારી દૃષ્ટિએ અક્ષમ્ય અપરાધ છે.

ગુણ દોષ તો દરેક વ્યકિતમાં ઓછે વત્તે અંશે રહેલજ છે પરંતુ આપણે ગુણ દૃષ્ટિથી જોઇએ તોજ તત્વ રહસ્યને પામી શકિયે નહી તો મિથ્યા વિવાદમાંજ જીવનનો અમૂલ્ય સમય વેડફાઇ જાય.

સ્વસ્થ અનુસરણ કરનારા–મહદ્ માર્ગનું અનુસરણ કરનારાઓ તો પ્રભુને ખૂબજ વ્હાલા લાગે છે. પ્રવાહ પુષ્ટિ, મર્યાદા પુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ, અને શુદ્ધ પુષ્ટિ આ ચાર પ્રકારના જીવોમાં જે ધર્મી સ્વરૂપનો આશ્રય પ્રાપ્ત કરી તેનામાં અનન્ય ભાવ વાળા છે તેઓ શુદ્ધ પુષ્ટિ ભકતો કહેવાય. શ્રી હરિરાયજીએ પુષ્ટિ માર્ગ લક્ષણાની ગ્રંથમાં स्वरूपमात्रपरता तात्पर्य ज्ञान पूर्वकम् । धर्मनिष्ठा यत्रनैव पुष्टिमार्ग सकथ्यते ॥ આ શ્લોકમાં જયાં સ્વરૂપ નિષ્ઠા આગળ પોતાની ધર્મ નિષ્ઠાની પણ ઉપેક્ષા કરવામાં આવે તેને પુષ્ટિમાર્ગ કહેવાય આ શ્રી હરિરાયજીએ બતાવેલ ગુણ ધર્મ શ્રી ગોકુલનાથજીની અનન્ય સૃષ્ટિમાં તેમજ તેનું સ્વસ્થ અનુસરણ કરનારામાં સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે.

વ્યકિતગત રીતે કોઇ અવિવેક અહંકાર કરતુ હોય તેમને યોગ્ય માર્ગદર્શનનો અભાવ હોવાથીજ આવી સ્થિતિ થાય છે શ્રીગોકુલેશ પ્રભુએ સ્વતંત્ર યા પુષ્ટિમાર્ગથી જુદો કોઇ માર્ગ પ્રગટ નથી કર્યો પરંતુ શ્રીમહાપ્રભુજી શ્રીગુંસાંઇજી દ્વારા પરંપરાથી પ્રાપ્ત ભાવત્મક પુષ્ટિ માર્ગનુંજ ગૂઢ રસાત્મક સ્વરૂપજ પ્રગટ કર્યું છે. અને વિસ્તૃત કર્યું છે. સ્થિર કર્યું છે.

શ્રીગુસાંઇજીએ પણ એક વખત પોતાની સમીપમાં ઉપસ્થિત સેવકોને કહ્યું હતુ કે हमारी तुमारी और प्रभुनकि कागडोर श्रीवल्लभकें हाथमें हे તથા શ્રીગુસાંઇજી પર છત્રી ધરતા એક સેવકને આપે આજ્ઞા કરીકે श्रीवल्लभकें उपर छत्र धरौ । શ્રીરઘુનાથજી (પંચમલાલજી)ના

नामरत्नाख्य स्तोत्रमां स्वानुरूप सुतः प्रसु એનામથી પણ શ્રીગોકુલેશ પ્રભુના અગાધ સ્વરૂપનો થોડો ખ્યાલ આવી શકે.

શ્રીગોકુલેશ પ્રભુનુ સ્વરૂપ, ગુણ, નામ લીલા બધુ અપ્રાકૃત પરંતુ પ્રાકૃત બુદ્ધિથી કઇ રીતે વર્ણવી શકાય? લખી શકાય? આ પ્રસંગે એક વચનામૃત શ્રીગોકુલેશપ્રભુનુ અહિં' ઉદાહરણના રૂપમાં મુકવું ઉપયુકત છે. જેમાં આપશ્રીના એક વખતના વચનામૃતને લક્ષ્યમાં લઇને એક સેવકે પૂછયું કે આપે આજ્ઞા કરી હતી કે लौकिक और अलौकिक को कोइ सम्बन्ध नहीं તો અમારી જીભતો લૌકિક છે અને આપનુ નામ અલૌકિક આ બન્નેનો સંબંધ કેમ થાય? ત્યારે આપશ્રીએ કહ્યું કે अरे! हमारो नाम लेवेको विचार तुमारे मनमे आतेही तुमारी रसना (जीभ) अलौकिक व्हे जावे हे ।

આ વચનામૃત અનુસાર્ જે કંઇ પણ લખાયુ છે એ કેવલ કૃપા બલેજ–બાકી શ્રી ગોકુલેશનું અગાધ અનિર્વમનીય, ગૂઢ, અનન્ત અનાદિ સ્વરૂપ–ગુણનું વર્ણન કરવાની શકિત કોનામાં છે?

કપડવંજ–સુરતથી પૂ. ગોસ્વામી આચાર્યશ્રીઓ શ્રીબાલકૃષ્ણ પ્રભુનું સ્વરૂપ પધરાવી શ્રીનાથજી પધારતા માર્ગમાં કપડવંજ ખાતે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે ટાઉનહોલ પાસે શ્રી પ્રવિણભાઈ ચંદુલાલ દેસાઈના પેટ્રોલપંપ ઉપર શહેરના સમગ્ર વૈષ્ણવ સમાજે તેઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું. પૂ. ગોસ્વામીશ્રી બાલકૃષ્ણજી, પૂ. ગોસ્વામીશ્રી કલ્યાણ બાવાશ્રી અને પૂ. ગોસ્વામીશ્રી વલ્લભબાવાશ્રી વગેરે આચાર્યશ્રીઓની અત્રે પધરામણી થતાં ઉપસ્થિત વૈષ્ણવોએ 'વલ્લભકુળ પરિવારની જય' અને 'શ્રી વલ્લભાધીશકી જય હો' ના ગગનભેદી નારાઓથી વાતાવરણને ધાર્મિક બનાવી દીધું હતું.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે પ્રો. ચીમનલાલ એમ. શેઠ, શ્રી નારાયણ ભજન મંડળના સદસ્યશ્રીઓ, શ્રી વલ્લભ સેવક સમાજ અને શ્રી વૈષ્ણવ મહિલા સમાજના સભ્યોએ તેમજ અત્રેના જાણીતા ઉદ્યોગપતિશ્રી ધીરજલાલ ઓ. શાહ, કાંટાવાળા શ્રી મફતલાલ એ. શાહ, શ્રી બાબુભાઇ દલસુખભાઈ અને શ્રી કાન્તીલાલ એસ. તલાટી તથા શ્રીમતી કલાબેન શાહે પૂજય ગોસ્વામી આચાર્યશ્રીઓનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. અત્રે પધારેલા પૂ. ગોસ્વામી આચાર્યશ્રીઓએ વૈષ્ણવોને આશિર્વચનો પાઠવ્યા હતા.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

ભક્ત પર કરિ કૃપા શ્રીયમનેજુ એસી,
છાંડી નિજ ધામ વિશ્રામ ભૂતલ કિયો,
પ્રગટ લીલા દિખાઇ જુ તેસી. ૧
પરમ પરમારથ કરત હૈ સબન કેં
દેત અદ્‌ભુતરૂપ આપ જૈસી,
'નંદદાસ' યોં જાનિ, દઢ કરી ચરન ગહે
એક રસના કહા કહો વિસેસી. ૧

અર્થ–ભક્તો પર શ્રીયમુનાજીએ કેવી મહાન કૃપા કરી છે કે એમના સુખને ખાતર નિજ લીલા ધામ (ગોલોક) છોડીને આપ ભૂતલ પર પધાર્યા છે અને ભક્તોને ભૂતલ પર જ ગોલોક જેવી ભગવદ્‌ લીલાઓના પ્રગટ દર્શન કરાવ્યા છે. ૧

આમાં આપનો કોઇ સ્વાર્થ નથી, માત્ર પરમાર્થ જ કરી રહ્યા છે. અને પરમાર્થ પણ કોઈ સામાન્ય નથી, પરંતુ ભગવદીયોને ભગવદ્‌ સેવાપયોગી દેહ (તનુ નવત્વ) ના દાનરૂપી પરમાર્થ કરે છે. નંદદાસજી કહે છે મને શ્રીયમુનાજીની આવી કૃપાનો અનુભવ થયો છે. જેથી મેં દઢતાપૂર્વક આપના ચરણ કમલનો આશ્રય કર્યો છે. મારી એક જીભથી વિશેષ શું કહું ?

વિવેચન–નિત્યલીલામાંથી વિખૂટા પડેલા અસંખ્ય જીવો ભોમિયા વગર ભવાટવિમાં ભટકતા હતા. તે જોઇ શ્રીયમુનાજીને દયા આવી. મારા બાળકની આ દશા ! છેવટે તો **'મા'** છે ને ! એટલે કરૂણા પરવશ બની આપ સર્વથી પ્રથમ ભૂતળ પર પધાર્યા છે.

શ્રીઠાકોરજી અને સ્વામિનીજીને પણ આવી જ ચિંતા થઈ. એટલે યુગલ સ્વરૂપોમાંથી તૃતિયાત્મક સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા અને ભૂતલ પર પધાર્યા છે. જાણે કે દૈવી જીવોનું સદ્‌ભાગ્ય જ પ્રગટ થયું.

જીવોને શરણે લેવા માટે શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા છે. આપને શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન છે. બ્રહ્મ સંબંધ લીધા પછી જીવ નિર્દોષ બને છે. પરંતુ અનેક દોષથી ભરેલા જીવને આવું જ્ઞાન કેમ થાય ! એટલા માટે શ્રીમહા પ્રભુજીએ સર્વ પ્રથમ **'યમુનાષ્ટક'**ની રચના કરી, એ દ્વારા દૈવી જીવોને શ્રીયમુજીના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું.

ભૌતિક સંસાર પણ 'મા' વગર ચાલતો નથી, તો અલૌકિક ભગવદ્‌ લીલામાં 'મા' વગર કેમ ચાલે ! એટલે સદોષ જીવો કોઇ પણ નિમિતથી શ્રીયમુનાજીના સંબંધમાં આવ્યા છે એના પ્રત્યે શ્રીયમુનાજીએ પુત્ર તુલ્ય કૃપા વિચારી એને નિર્દોષ બનાવી શ્રીવલ્લભ અને વલ્લભકુળ દ્વારા પ્રભુના ચરણમાં સોંપ્યા છે. આવા પરમકૃપાળુ શ્રીયમુનાજીના ઉપકારનો પાર કોણ પામી શકે ? માત્ર તૃષા નિમિતે અને માહાત્મ્ય જ્ઞાન જાણ્યા સિવાય પણ શ્રીયમુનાજીનું પય–

જળ પાન કરનાર જીવ પણ યમયાતનાથી મુક્ત બને છે.

શ્રીયમુનાજીની આવી અહૈતુક કૃપાનો અનુભવ નંદદાસજીને પણ થયો છે. નંદદાસજી ભોમિયા વગર ભટકતા હતા. ક્ષત્રિયની વહુ પ્રત્યેની આસક્તિથી વ્રજમાં પણ એની પાછળ આવ્યા. પરંતુ ક્ષત્રિયના કુટુંબીઓએ નાવવાળાને પૈસા આપી સામે પાર આવતાં નંદદાસજીને અટકાવ્યા. નિરાશ થયેલા નંદદાસજી શ્રીયમુનાજીને આશ્રયે તટપર બેસી રહ્યા. શ્રીયમુનાજીયે કૃપા કરી અને શ્રીગુસાંઈજી દ્વારા નંદદાસજીને બોલાવી શ્રીનાથજીના ચરણમાં સોંપ્યા (જુઓ ૨૫૨ વૈ. ની વાર્તા)

એટલે નંદદાસજી સ્વાનુભવથી કહે છે કે શ્રીમહારાણીજીની કૃપાનો મને મહાન અનુભવ થયો છે, એટલે હું આપના ચરણનો આશ્રય કરી નિશ્ચિંત બન્યો છું તો વૈષ્ણવો તમે પણ શ્રીમહારાણીજીનો આશ્રય કરજો.

સોરઠો

છોડીને નિજ ધામ, ભૂતળ પધાર્યા માવડી,
સોંપ્યા સુંદર શ્યામ, જે જીવ આવ્યા શરણમાં

–ક્રમશઃ

સમાચાર

રાજકોટ : આં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં તા. ૩૧–૧૦–૮૫ ગુરૂવાર તથા તા. ૧–૧૧–૮૫ શુક્રવારે સાંજના ૬ થી ૭ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રી (મથુરા–પોરબંદર)ના પ્રવચનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. તેમાં પ્રથમ દિવસે પુષ્ટિ અને પુષ્ટિમાર્ગ તથા બીજે દિવસે પુષ્ટિ–પ્રવાહ–મર્યાદાસૃષ્ટિ સંબંધમાં વિસ્તૃતરીતે વિવેચના કરેલ.

તા. ૨–૧૧–૮૫ શનિવારે રાત્રિના ૯–૩૦ થી ૧–૦૦ વાગ્યા સુધી શ્રી દ્વારકેશ સ્મારક સમિતિના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીના હારમોનિયમવાદનનો કાર્યક્રમ રાષ્ટ્રીયશાળાના મધ્ય હોલમાં યોજવામાં આવેલ હતો. કાર્યક્રમના પ્રારંભ થયા પૂર્વે શ્રી વલ્લભ સુધાના સંપાદક શ્રી રવજીભાઈ પટેલે શ્રી દ્વારકેશ સ્મારક સમિતિનો ટુંકો પરિચય આપ્યો હતો.

આ કાર્યક્રમમાં આપશ્રીએ રામ–યમન કલ્યાણ, કીરવાણી માલકૌંસ–ચંદ્રકૌંસ, પીલુ ઠુમરી અને છેલ્લે ભૈરવીની રજુઆત કરી આપશ્રીની વાદન કલાથી શ્રોતાવર્ગને આશ્ચર્ય ચકિત કરેલ. તબલા સંગત આકાશવાણીના કલાકાર શ્રી નિતાઈ ચક્રવર્તિજીએ કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લાલદાસ હરજીવનદાસ સોની, શ્રી રતિભાઈ મણિયાર, શ્રી હરિદાસભાઈ વગેરે વૈષ્ણવભાઈઓ તથા કીર્તન મંડલીના ઉત્સાહી કાર્યકરભાઈઓએ સંપૂર્ણ સહકાર આપેલ.

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૩૪મો)

તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।
પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સચ મમ પ્રિયઃ।૧૭।

તેઓમાંનો સદાય જોડાઇ રહેલો અનન્ય ભક્તિવાળો જ્ઞાની ઉત્તમ છે. જ્ઞાનીઓને હું જ અત્યંત પ્રિય છું અને તે મને પ્રિય છે. ।।૧૭।।

એ પ્રમાણે ભક્તોના ચાર પ્રકાર કહીને હવે તેઓમાં જ્ઞાની એટલે કે મોક્ષને માટે ભજન કરનાર ઉત્તમ છે, એમ 'તેષામ' વગેરે શબ્દોથી કહે છે. તેઓમાં એટલે કે આગળના શ્લોકમાં કહેલા ચાર પ્રકારના ભક્તોમાં, નિત્યયુક્ત એટલે પ્રતિદિન મારી સાથે જોડાઇને રહેલો, જ્ઞાની શ્રેષ્ઠ છે, એમ અર્થ છે એ ચારેયમાં પણ અનન્યતાથી કશી અપેક્ષા વગર દાસની જેમ ભજન કરનારો જે છે તે, તેવી ઉત્તમતાને કારણે શ્રેષ્ઠ છે, એમ અર્થ છે. તેનાં વિશિષ્ટ લક્ષણ 'પ્રિય;' વગેરે શબ્દોથી કહે છે. 'હિ' નિશ્ચિતતાના અર્થમાં છે. જ્ઞાનીઓ કરતાં મને કોઇ વધારે પ્રિય નથી; અને જ્ઞાનીઓને આત્યંતિક રીતે સર્વભાવથી હું જ પ્રિય છું, આથીજ શ્રીમદ્ ભાગવતમાં ભગવાનનું કથન છે કે, મારા સિવાય બીજાને તેઓ જાણતા નથી, હું પણ તેઓ સિવાય બીજાઓને જરાય જાણતો નથી.' (ભાગ ૯–૪–૬૮) ।।૧૭।।

ઉદારઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ।
આસ્થિત; સ હિ યુક્તાત્મા મામેવાનુત્તમાં
ગતિમ્ ।।૧૮।।

એ બધાજ (ભક્તો) ઉત્તમ છે; પરંતુ જ્ઞાની (મારો) આત્મા જ છે, એવો મારો મત છે. નિશ્ચયપૂર્વક જોડાયેલા ચિત્તવાળો તે સર્વથી ઉત્તમ ગતિરૂપ મનેજ આશ્રય કરીને રહેલો છે. ।।૧૮।।

અરે, તે ચાર પ્રકારના ભક્તોમાં જ્ઞાની ઉત્તમ કહેવાયો છે, તેમાંયે ભક્ત ઉત્તમ છે, ત્યારે પહેલાં કહેવાયેલ છે તેનું ફળ શું ? એવી અપેક્ષામાં 'ઉદારા;' વગેરે શબ્દોથી કહે છે; એ બધાય સ્વાર્થના સંપૂર્ણ ત્યાગથી મારે માટે ધર્મ, અર્થ, કામ એ ત્રણના હેતુથી ભજન કરનારાઓ ઉદાર છે, એટલે કે મોક્ષના અધિકારીઓ છે. વળી, જ્ઞાની મારા આત્મસ્વરૂપજ છે, એટલે કે મુક્ત જ છે, એવો મારો મત છે. 'હિ' એટલે નિશ્ચયપૂર્વક, અનન્ય મનથી, સર્વના ત્યાગપૂર્વક, અનુત્તમ ગતિને એટલે કે જેનાથી બીજી કોઇ ગતિ ઉત્તમ નથી તેવા પ્રકારની ગતિને પામીને, એવા સ્થાનને જાણીને, મારો જ આશ્રય કરીને રહેલો છે, મારી સાથે જોડાઇને રહેલો છે, એમ અર્થ છે, તે ઉત્તમ છે, એવો ભાવ છે. ।।૧૮।।

બહુનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।
વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥૧૯॥

ઘણા જન્મોને અંતે બધું વાસુદેવ છે, એ પ્રમાણે જાણનાર મને મેળવે છે. તેવો મહાત્મા અત્યંત દુર્લભ છે. ॥૧૯॥

પહેલાં કહેવાયેલા છે તેઓ મોક્ષને શી રીતે ભોગવે છે ? એવી આકાંક્ષામાં 'બહૂનામ' વગેરે શબ્દોથી કહે છે. ઘણા જન્મોને અંતે, અંતિમ જન્મમાં તે જ્ઞાનવાન થાય છે. પછી તે મને પામે છે, એટલે કે મુકત થાય છે, એમ અર્થ છે. પરંતુ જે ભકત કહેવાયો છે તે તો દુર્લભ છે, એમ 'વાસુદેવ' વગેરે શબ્દોથી કહે છે. બધું એટલે ઐહિક અને પારલૌકિક બધું વાસુદેવજ છે, એમ જાણે છે તે મહાન આત્મા છે, એટલે કે મારે માટે જ અથવા હું જ મહાન આત્મા છું, તેવા પ્રકારે જાણનાર તે દુર્લભ છે, એટલે કે અપ્રાપ્ય છે, એમ અર્થ છે. અથવા દુર્લભ છે એટલે દુઃખથી કે કલેશથી ભગવાન મેળવાય છે, તેવી રીતે તેની પ્રાપ્તિ થવી પણ કઠિન છે, એવો ભાવ છે. ॥૧૯॥

કામૈસ્તૈસ્તૈર્હૃતજ્ઞાના; પ્રપદ્યન્તેઽન્યદેવતા; ।
તં તં નિયમમાસ્થાય પ્રકૃત્યા નિયતા; સ્વયા ॥૨૦॥

તે તે કામનાઓ વડે જેઓનું જ્ઞાન હરાઈ ગયેલું છે તેવા, પોતાની પ્રકૃતિથી વશ થયેલા, તે તે નિયમને આચરીને તેઓ બીજા દેવોને શરણે જાય છે. ॥૨૦॥

તેવા (મહાત્મા) દુર્લભ કેમ છે ? એવા પ્રશ્નના જવાબમાં "કામૈ;' વગેરે શબ્દોથી કહે છે. તે તે પહેલાં કહેવાયેલ કામનાઓથી આર્ત (જિજ્ઞાસુ, અર્થાર્થી) આદિ ત્રણ ભેદોથી જેમનું જ્ઞાન હરાઇ ગયું છે તેવા તેઓ અન્ય ક્ષુદ્ર દેવોને એટલે કે શિવ વગેરેના ભૂતપ્રેતાદિ દેવોને પોતાની પ્રકૃતિથી ધારણ કરીને તે તે નિયમને એટલે કે દેવોના આરાધનમાં ઉપવાસ આદિવાળા વિશિષ્ટ ધર્મને આચરીને તેઓને શરણે જાય છે. અહીં આ અર્થ છે; કામનાને માટે તેઓ મારી સેવામાં પ્રવૃત્ત થયેલા હોય છે, મોક્ષને માટે કે ભકિત માટે નહિ. પરંતુ હું ભકિતને અનુરૂપ નહિ તેવા મોક્ષને ઇચ્છિત ફળરૂપે આપતો નથી, તેથી તેનાં ફળને ભોગવ્યા વગર તેવી કામનાઓ વડે મારા સ્વરૂપનું જ્ઞાન હરાઇ ગયું છે તેવા તેઓ પોતાની પ્રકૃતિથી નિયત થયેલા અને પ્રકૃતિના અંશથી તત્કાલ તેનું ફળ આપનારા અન્ય દેવોને ભજે છે. આથી જ 'જે જેનો અંશ છે તે તેને ભજે છે,' એમ કહ્યું છે. ॥૨૦॥

યો યો યાં યાં તનું ભક્તઃ શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ ।
તસ્ય તસ્યાચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્ ॥૨૧॥

જે જે ભક્ત જે જે સ્વરૂપને શ્રદ્ધા વડે પૂજવાને ઇચ્છે છે તેની તે શ્રદ્ધાને હું જ દૃઢ કરું છું. ॥૨૧॥

આથી પણ સ્વરૂપના રસનું દાન કરવાને અયોગ્ય એવા તેઓને તે દેવોના ભજનમાં હું સ્થિર કરું છું, એમ 'યઃ યઃ' વગેરે શબ્દોથી કહે છે. જે જે ભકત જે જે દેવના સ્વરૂપને શ્રદ્ધાથી એટલે કે પોતાના કામની સિદ્ધિને માટે શુદ્ધ અંતઃકરણપૂર્વક આરાધવા ઇચ્છે છે તે ભકતની તેવી શ્રદ્ધાને તે દેવમાં જ હું સ્થિર કરું છું, એટલે કે શાસ્ત્રના જ્ઞાન વગેરેથી ચલિત ન થાય તેવો તેને હું

જ બનાવું છું, અને હું જ તેમાં તેની ઉન્નતિ કરું છું, એમ અર્થ છે. ।।૨૧।।

સ તયા શ્રદ્ધયા યુક્તસ્તસ્યારાધનમીહતે ।
લભતે ચ તતઃ કામાન્મયૈવ વિહિતાન્હિ તાન્
।।૨૨।।

તેવી શ્રદ્ધાથી જોડાયેલો તે તેનું આરાધન કરે છે અને તેથી મારા વડે જ તે તે નિર્ધારેલી કામનાઓને નિશ્ચયપૂર્વક તે મેળવે છે. ।।૨૨।।

પછી મેં ઉત્પન્ન કરેલી શ્રદ્ધાથી તે તેનું આરાધન કરે છે, એમ 'સઃ તયા' વગેરે શબ્દોથી કહે છે. મેં ઉત્પન્ન કરેલી તેવી શ્રદ્ધાથી જોડાયેલો તે તેવા સ્વરૂપનું આરાધન કરે છે. પછી શ્રદ્ધાપૂર્વક એટલે કે શુદ્ધ અંતઃકરણપૂર્વક પોતાના મનોરથરૂપ મેં નિર્માણ કરેલ તે કામનાઓને તે મેળવે છે, એટલે કે મારી આજ્ઞા વિના જેને અન્યથા કરવાનું દેવો વગેરેનું સામર્થ્ય ન હોવાથી મારાથી જ નિશ્ચવપૂર્વક નિયત કરાયેલ કામનાઓને તે મેળવે છે, એમ અર્થ છે. ।।૨૨।।

અન્તવ-તુ ફલં તેષાં તદ્ભવત્યલ્પમેધસામ્ ।
દેવાન્દેવયજો યાન્તિ મદ્ભકતા યાન્તિ મામપિ
।।૨૩।।

પરંતુ અલ્પ બુદ્ધિવાળા તેઓનું તે ફળ નાશવંત હોય છે. દેવોને પૂજનારાઓ દેવોને પામે છે, પણ મારા ભકતો મને પામે છે. ।।૨૩।।

એમાં આપથી નિર્માણ થયેલ ફળની પ્રાપ્તિ જ ઉત્તમ છે, અને તેમના ફળની પ્રાપ્તિ ઉત્તમ નથી, એમ કેમ ? તેના જવાબમાં 'અંતવત્ તુ' વગેરે શબ્દોથી કહે છે. વળી મારાથી નિર્માણ કરાયેલું છતાં તેઓનું એટલે કે અલ્પ મતિવાળાઓનું ફળ ભકિત રહિત અને કામનાવાળું હોવાથી ઉત્તમ નથી. તેનું ફળ વિનાશવાળું હોય છે, એમ અર્થ છે. 'તત્' શબ્દથી તેની તેવી બુદ્ધિને અનુરૂપ મારાથી તેવું ફળ નિયત કરાય છે, એમ દર્શાવાયું છે. અરે દેવો પણ ભગવાનનો અંશ છે, તેથી દેવોનાં ભજનનું ફળ ઉત્તમ કેમ નહિ ? તેના જવાબમાં 'દેવાન્' વગેરે શબ્દોથી કહે છે. 'દેવયજઃ' એટલે પહેલાં કહ્યા પ્રમાણે પોતે કામના કર્યા પ્રમાણેના ફળની પ્રાપ્તિ માટે દેવોનું ભજન કરનારા અથવા દેવપણાથી દેવોનું ભજન કરનારાઓ દેવોને પામે છે, નહિ કે મારા અંગથી પ્રગટ થયેલ પુષ્ટિજનો. મારા સાયુજયની કામનાના અભાવથી તેઓ દેવોને પામે છે. તેવી કામનામાં તો તેને જ પામે, એમ અર્થ છે. દેવત્વથી અન્ય દેવોનું ભજન કરનારાંઓ તે દેવને પણ પામે નહિ, તેથી કામનાથી કરાય તો પણ મારું ભજન ઉત્તમ છે, એમ 'મદ્ભકતાઃ' વગેરે શબ્દોથી કહે છે. મારા ભકતો એટલે કે મારું ભજન કરનારાઓ મને પામે છે. કામનાથી પ્રવૃત્ત થયેલા છતાં એ કારણથી જ પહેલાં કહ્યા પ્રમાણે 'એ બધા ઉત્તમ છે,' એમ પહેલાં (૧૮ મા શ્લોકમાં) કહેવાયું છે, ઉપરાંત તેઓ અક્ષર સાયુજયને પણ મેળવે છે. આથી જ 'સંતાન, દ્રવ્ય, પત્ની, મહેલ, મોતીઓની માળા, હાથી અને ઘોડા, દરેક પ્રકારનાં સુખ તેમ જ સ્વર્ગ અને મોક્ષ પણ હરિની ભકિતથી દૂર નથી.' એ પ્રમાણ હરિવંશમાં કહેવાયું છે. એમ પણ 'અપિ' શબ્દથી સ્પષ્ટ કરાયું છે. ।।૨૩।।

શ્રીમદ્ વલ્લભાર્ય મહાપ્રભુ વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ચોથો)

એકાદશ સ્કંધના ઓગણીસમા અધ્યાયમાં ભકિતમાર્ગીય ધર્મમાં અધિકાર દર્શાવવા માટે આત્મનિવેદનના એવા ભાવનું ભગવાને સૂચન કર્યું છે. (એ પ્રમાણે ધર્મ વડે આત્મનિવેદન કરનાર મનુષ્યોમાં મારી ભકિત પ્રગટ થાય છે અને પછી તેને બીજું કાંઇ મેળવવાનુ બાકી રહેતું નથી, (ભાગ ૧૧–૧૯–૨૪), આથી જે તર્કમાં પણ ન આવે તેનેજ વિવેચન કરીને સમજાવવું જોઇએ, શંકા રહિત હોય કે સરળ હોય તેને સમજાવાની જરૂર નથી. આમ હોવાથી પણ ગદ્યમંત્રનું નિવેદન કરેલ નથી, એમ તું જાણ. વાકયમાંના શબ્દોને જાહેર રીતે કહેવાની જરૂરિયાત કરતાં તેના અર્થને દઢ રીતે દર્શાવવો એ વધારે સારું છે. એને સિદ્ધ કરવાની જરૂર નથી, એમ કહેવાય તો, તેના જવાંબમાં કહે છે કે, ગદ્ય એ મંત્રના વિવરણરૂપે છે, તેના અર્થને અત્યંત ગુપ્ત રાખવો જોઇએ. આથી અર્થને પ્રકટ રીતે દર્શાવવામાં અને બધાં વાકયોનો અર્થ કરાય ત્યારે, વાકયનો અર્થ દઢતાપૂર્વક સ્વીકાર્ય હોવા છતાં. ગદ્યાર્થ શા માટે નથી કહેવાયો ? એવી શંકા થાય તો તેના જવાબમાં કહે છે કે, તેમ હોય તો ગદ્યનો અર્થ પણ અવશ્ય સ્વીકારવા યોગ્ય છે, અને ત્યારે વાકય અને અર્થના કથનમાં સમાનતા છે, તેથી અર્થનો સ્વીકાર કરતાં શ્રીમુખે ઉચ્ચારેલાં વાકયોનો સ્વીકાર વધુ શ્રેષ્ઠ છે, એમ હોવાથી તેનો જ સ્વીકાર કરાયેલો છે. ગદ્યાર્થ કેમ નથી કહેવાયો ? એમ ત્યારે પણ શંકા થાય તો જવાબમાં કહે છે કે, એવી શંકા ઉદ્ભવે ત્યારે પણ તેમાં નિશ્ચિતતાની આવશ્યકતા છે; કારણ કે એમ હોવાથી બેય પક્ષે ભિન્નતાનો અભાધ છે. વળી, આ પહેલાં કોઇએ પણ તેના વિષે કહ્યું નથી, તેનું કારણ પણ આ ગુપ્તતા જ છે. મેં પણ આજે કહ્યું તે વિમુખજનોનાં મોં બંધ કરી દેવા માટે જ કહ્યું છે. એમ હોવાથી તે રીતે વિરોધ કરવો એ દોષ નથી. જો કે મારા કથનમાં માર્ગનું રહસ્ય પ્રગટ કરી દેવાનો દોષ આવે છે, તો પણ તે પ્રગટ કરવાનું કારણ બીજાઓથી જ છે અને તેઓના સંદેહના નિવારણ માટે જ છે. મારા કાર્યથી તેમાં સ્વમાર્ગનો ઉત્કર્ષ થવાના પ્રયોજનનો અભાવ છે, તેથી ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ આચાર્યચરણશ્રી મારો અપરાધ ક્ષમા કરે, એમ વિનતિ કરુ છું. એ પ્રમાણે મનનો ગુપ્ત ભાવ દર્શાવેલ છે.

(ભાગ. ૧૧–૩–૨૮માં) પ્રબુદ્ધે કહ્યું છે કે, મનુષ્ય જે કાંઇ યજ્ઞ, દાન, તપ વગેરે આચરે તે બધું, તેમ જ પોતાને જે પ્રિય હોય તે બધું, અને પત્ની, પુત્ર, ઘર તથા પોતાના પ્રાણો સહિત ભગવાનને નિવેદન કરી દે વળી

(ભાગ. ૧૧-૨-૩૬માં) કવિએ કહ્યું છે કે, મનુષ્ય શરીરથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, અહંકારથી કે અનુસરણ કરવાના સ્વભાવથી જે કાંઇ કરે તે બધું પરાત્પર ભગવાન નારાયણને સમર્પણ કરી દે; અને વળી અગિયારમા અધ્યાયમાં (ભાગ ૧૧-૧૧ ૩૫માં) કહેવાયેલું છે કે, હે ઉદ્ધવ, મારી કથા સાંભળવામાં શ્રદ્ધા રાખવી, મારું નિરંતર ધ્યાન કરવું અને જે કંઇ પ્રાપ્ત થાય તે બધું દાસ્યભાવે ભગવાનને સમર્પણ કરવું. એટલે કે ટૂંકમા, પ્રબુદ્ધે કહ્યા પ્રમાણે પત્ની, પુત્ર, ઘર તથા પોતાના પ્રાણનુ ભગવાનને સમર્પણ કર્યું હોય તે, કવિએ કહ્યા પ્રમાણે શરીર વગેરેથી જે આચર્યું હોય તે બધાનું સમર્પણ અને અગિયારમા અધ્યાયમાં કહ્યા પ્રમાણે દાસભાવે કરેલું આત્મ નિવેદન એ બધું ગદ્યમંત્ર દ્વારા ગુરુ પાસેથી મેળવેલ હોવાથી સમર્પણનો ગદ્યમંત્ર કે તેનું વર્ણન પ્રકટતાથી કોઇને કહેવું યોગ્ય નથી, તે અત્યંત ગોપ્ય છે; કારણ કે અર્થની દૃષ્ટિએ કે શબ્દશઃ કહેવાની દૃષ્ટિએ પહેલાં જે કહેવાયેલું છે તેને લગતું કહેવાનું પ્રબંધ આ વિષય માટે નથી; તેનું જે ફળ કહેવાયું છે તે પણ અહીં કહેવા યોગ્ય નથી. પરંતુ ભગવાનની સેવા કરવાનો ઉપદેશ આપતા પહેલાં બ્રહ્મ સંબંધ કરાવવાથી મળતો સેવાનો અધિકાર (શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના) ઓગણીસમા અધ્યાયમાં સ્પષ્ટતાથી કહેવાયેલ છે. (એ પ્રમાણે ધર્મ વડે આત્મ-નિવેદન કરનાર મનુષ્યોમાં મારી ભકિત પ્રગટ થાય છે. અને પછી તેને બીજું કાંઇ મેળવવાનું બાકી રહેતું નથી. ભાગ ૧૧-૧૯-૨૪) આત્મ નિવેદન પૂર્વક કરાતી ભગવાનની સેવાના ફળરૂપે કહેવાયેલી ભારે પ્રયત્નથી મળી શકે તેવી ભકિતરૂપી, આ ગદ્યમંગમાં 'સહસ્રપરિવત્સર' વગેરે શબ્દોથી વિશેષ પ્રકારના અધિકારથી મળતા ફળનું સૂચન છે. પ્રબુદ્ધ વગેરેએ દર્શાવેલ ધ્યેયના સંરક્ષણમાં પણ કુશળ જનોના અંતકરણમાં પ્રભુ પરાયણતા સ્થિર થવાથી આ સમર્પણનો ઉપદેશ કરાયો છે. વળી (ભાગ. એકાદશ સ્કંધના) ૧૯ મા અધ્યાયમાં કહેલ અધિકારી ભેદે સૂચવાયેલ પૂર્ણ સ્વરૂપના નિર્ણયવાળા આ ગદ્યમાં યોગેશ્વર વગેરેએ કહેલથી અતિ ઉત્તમ એવું આ સમર્પણ સૂચવાયેલું છે. અંતઃકરણ વગેરેના ગુપ્ત કથનની અધિકતા હોવાથી સમર્પણના અંશમાં પણ પ્રમાણભૂત ન હોવાની શંકાને સ્થાન નથી. અંબરીષને અનુલક્ષીને ભગવાને કહ્યું છે કે, સ્ત્રી, ઘર, પુત્ર, આપ્તજન, પ્રાણ, ધન, આ લોક અને પરલોકને પણ ત્યજીને મારે શરણે આવેલા છે તેઓને ત્યજી દેવાનું હું શી રીતે ઇચ્છું ? (ભાગ-૯-૪-૬૫), એ પ્રમાણે નવમા સ્કંધમાં દુર્વાસા પ્રત્યે ભગવાને કહેલ વાકયમાં તે બધાંનો નિર્દેશ છે. વળી આ વાકયમાં 'હિત્વા' (છોડીને) એવા પદથી સ્ત્રી વગેરેને ત્યજી જ દેવાં, એમ અર્થ નથી. પરંતુ 'સમર્પણ' એવો શબ્દ તેમાં ન હોવાથી તેની યથાર્થતા કેમ ગણવી ? એવી શંકા થાય તો જવાબમાં કહે છે કે, તે સમયે અંબરીષ રાજાની પરિસ્થિતિમાં હોવાથી પરમ હંસોની જેમ બાહ્ય ત્યાગ તેમનામાં નહોતો પરંતુ તેનો તે ત્યાગ આંતરિક જ હતો, એમ કહેવું જોઇએ. અને વળી રાજા પોતાના હાથ શ્રીકૃષ્ણના મંદિરની બુહારી જેવાં કામ કર-

વામાં રોકે છે. (તેણે પોતાનું મન ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણ કમલોમાં સ્થિર રાખ્યું છે અને વાણી શ્રીકૃષ્ણના અને વૈકુંઠનાં ગુણગાન કરવામાં રોકી છે. તેણે પોતાના હાથ શ્રીકૃષ્ણના મંદિરની બુહારી જેવાં કામ કરવામાં વાપર્યા છે અને તેમના કાન ભગવાનની મંગલમયી પવિત્ર કથાનો લાભ લેવામાં એકાગ્ર કર્યા છે, ભાગ. ૯–૪–૧૮) વગેરે વાકયોથી પોતે રાજરીતિથી પોતાનાં દેહ અને ઇંદ્રિયો દ્વારા પોતે જાતે જ સેવા કરે છે. એ પ્રમાણે ભગવદ્ધર્મને સમજીને રક્ષકપણાથી ભગવાનમાં જોડાયેલો હોય તે પોતાનું બધું જ ભગવાનને સમર્પણ કેમ ન કરી દે? તાત્પર્ય એ છે કે, એવા સ્વભાવવાળો પોતાનું બધું જ ભગવાનને અર્પણ કરી દે, એમ અર્થથી જ સમજી શકાય તેમ છે. ખરેખર તો રાજાનો મર્યાદા-પુષ્ટિમાં સ્વીકાર થયો છે, શુદ્ધ પુષ્ટિમાં કે પુષ્ટિમર્યાદામાં પણ તેનો સ્વીકાર નથી. એ કારણે તેમનામાં એક જ લક્ષ્યવાળી મહાન ભકિતની પ્રાપ્તિનો અભાવ હોવાથી ત્યાં તે કહેવાયેલ નથી, તેમ છતાં તેમાં દોષ નથી. તેવી યાચનાનો તેમાં અભાવ હોવા છતાં 'માત્ર ભગવદ્‌ભાવ હોવાના કારણે જ' (માત્ર ભગવદ્‌ભાવથી જ ગોપીઓ, ગાયો, પર્વતો, પશુઓ અને જેઓ મૂઢ બુદ્ધિવાળા છે તેઓ નાગ વગેરે પુણ્યશાળીઓ અનાયાસે મને પામ્યા છે. ભાગ ૧૧–૧૨–૮) એવા ભાગવતજીના કથનના સંદર્ભમાં તેનો ઉલ્લેખ થયો નથી, એ જ તેમાં વિશ્વાસ ઉત્પન્ન કરનાર છે. કૃષ્ણાવતાર પહેલાં તેના માર્ગનું (પુષ્ટિમાર્ગનું) પ્રાકટ્ય થયું નહોતું, તેથી 'સમર્પણ' શબ્દ વપરાયો નથી. તે કારણે આ ગદ્યમાં જે કહેવાયું છે તે કોઈનો પણ અનુવાદ નથી, પરંતુ કર્મના વિધિશાસ્ત્ર પ્રમાણે આ આત્મનિવેદનનો પ્રકાર નિશ્ચિત સ્વરૂપે છે. તેથી આ અનુવાદ નથી, એમ કહેવામાં જરાય શંકા નથી, એમ સૂચન છે. અને એમ ન હો, છતાંય અહીં પહેલાં કહેવાયેલ વાકયનો અર્થ લેવાનું પણ સ્પષ્ટ છે. તેમ છે ત્યારે, જિજ્ઞાસુ પુરુષોનો જ અધિકાર દેખાય છે. અહીં પુરુષો જ અધિકારી છે, પરંતુ સ્ત્રીઓ પણ અધિકારી છે? એમ શંકા કરવી નહિ. (તાત્પર્ય એ છે કે, બધાં જ અધિકારી છે.) હે રાજન્, એવો કયો પુરુષ છે કે જે ઇંદ્રિયોવાળો હોવા છતાં તે ભગવાનનાં ચરણકમળોને ન સેવતો હોય? જ્યાં જાઓ ત્યાં મૃત્યુ તો છે જ, તેથી દેવો પણ ભગવાનનાં ચરણકમળોને ઉપાસવા યોગ્ય છે, (ભાગ. ૧૧–૨–૨), હે રાજન્, અહીં વિષ્ણુભકિતમાં તો જેમ મનુષ્યો અધિકારી છે, તેમ દેવો કે અસુરો, બધા જ અધિકારી છે. વગેરે વાકયોથી ઇંદ્રિયવાળાં હોવાને કારણે જ સામાન્યપણે બધાંનો નવવિધ ભકિતમાં અધિકાર છે. વિશિષ્ટતાવાળી ભકિત સિદ્ધ થતાં, આત્મનિવેદનમાં સ્ત્રીઓનો અધિકાર નથી, એમ કહેવું અશકય છે; કારણ કે તેમાં તેઓને નિષેધ નથી. ઊલટાનું સાતમા સ્કંધમાં કહ્યું છે કે, "પરંતુ ઘણો સમય વીતી જવાથી અને સ્ત્રી હોવાને કારણે માતાજીને જ્ઞાનની સ્મૃતિ રહી નહિ," (ભાગ ૭–૭–૧૬), એ પ્રમાણે દૈત્ય બાળકો પ્રત્યે પ્રહલાદના કથનમાં કયાધૂને (પ્રહલાદની માતાને) ઉદ્દેશીને નારદજીએ નવવિધ ભકિતનો ઉપદેશ આપ્યો ત્યારે તેમાં તેને પણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી.

ભગવાને પણ એકાદશ સ્કંધમાં “પવિત્ર સત્પુરુષને (આ પ્રસંગ) કહેવો, (એવી) શૂદ્ર સ્ત્રીઓમાં ભક્તિ પ્રગટે,” (ભાગ ૧૧-૨૯-૩૧), એ પ્રમાણે ભક્તિના સદ્ભાવમાં શૂદ્ર સ્ત્રીઓને માટે પહેલાં કહેવાયેલ બધાં કથનોમાં એ પ્રમાણે આજ્ઞા અપાયેલી છે; કારણ કે કથનનું પ્રયોજન એક માત્ર અધિકાર પ્રમાણે કર્મ કરવું તે છે. “હે નિષ્પાપ ઉદ્ધવજી, વિદ્યાધરો ઉપરાંત મનુષ્યોમાં વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ અને અંત્યજો જેવા રજોગુણી, તમોગુણી સ્વભાવવાળા ઘણાયે તે તે યુગમાં મારા પદને પ્રાપ્ત થયા છે,” (ભાગ ૧૧-૧૨-૪-૫), એ પ્રમાણે સ્ત્રીઓને પણ સત્સંગનાં ફળનો બોધ કર્યો છે. સ્ત્રીઓનો આત્મનિવેદનમાં અધિકાર ન હોય, તેમ છતાં સ્ત્રીજાતિની આસક્તિ રહિત બાળાઓને નિવેદન કરાવતાં તેઓનાં પત્ની આદિના અભાવમાં ત્યાં તે પદ ન કહેવું અને પતિ વગેરેનો વિચાર ઉપસ્થિત થાય છે. એમ ન કરવામાં આવે તો તેઓના અસમર્પિતપણામાં તેને જોડવાથી દોષ આવે, આથી તેમાં એવા દોષનો વિચાર શા માટે ન કરવો ? એવી શંકાના જવાબમાં કહે છે કે, સૃષ્ટિન્યાય અનુસાર, સંખ્યાબંધ રચનાના ગૌણરૂપે ‘દાર’ પદથી પતિનું અને ‘સુત’ પદથી માતાપિતાના ભેદક રૂપનું ગ્રહણ કરવામાં તેઓના સમર્પિતપણાની સિદ્ધિ છે, તેથી પહેલાં કહેવાયેલ દોષ લાગતો નથી; કારણ કે તેમાં દોષનું કોઇ કારણ નથી. સૃષ્ટિન્યાયના પૂર્વતંત્રમાં પહેલાં અધ્યાયના લગભગ અંત ભાગમાં એમ કહેલું છે. ત્યાં જ ભગવાન ‘સૃષ્ટિરૂપ ધારણ કરે છે,’ એવું વાક્ય છે. તે પોતાને અભિલષિત સર્જનોની શ્રેષ્ઠતાને ધારણ કરે છે. તેમાં કયાં સર્જનો કરે છે ? એવી આકાંક્ષાવાળાઓને જવાબમાં કહે છે કે, ‘(૩૪૭૧) તદ્વાનાસામુપધાનો મંત્રઃ’ (૪-૪-૧૨૫), એ પાણિનિ સૂત્ર પ્રમાણે જે મંત્રની શ્રેષ્ઠતાથી રચના કરી તે સર્જન, એમ સિદ્ધ થાય છે. ‘બ્રહ્માસૃજયત’, ‘ભૂતાન્યસૃજયન્ત’ વગેરે મંત્ર છેવટે ભણાય છે. પ્રથમ મંત્રમાં ‘સૃજતિ’ (સર્જન કરે છે) ક્રિયાપદ વાપરેલ નથી, પરંતુ ‘દધાતિ’ (ધારણ કરે છે) વાપરેલ છે. એકથી પ્રજા સ્તવન કરે અને તે પછી સ્મરણ કરે, એવો ભાવ છે, તેમ છતાં બીજા, ત્રીજા વગેરે ઘણા મંત્રોમાં ‘સૃજતિ’ (સર્જન કરે છે) ક્રિયાપદનો પ્રયોગ હોવાથી અને સમાનતાનું બાહુલ્ય ગ્રાહ્ય હોવાથી ‘સૃજતિ’ (સર્જન કરે છે) એ અર્થમાં સૃષ્ટિ શબ્દ છે. તે શબ્દ સામુદાયિક સર્જનનો બોધ કરે છે. ભલે એમ હોય, તો પણ દેહથી માંડીને આત્મા સહિત બધાંનું હું સમર્પણ કરું છું, એમ ન કહેતાં અહીં જે પ્રમાણે કહ્યું છે તેમાં શું કારણ છે ? એમ પ્રશ્ન થાય તો જવાબમાં કહે છે કે, આચરવા યોગ્ય અંશના તાત્પર્યનું સમર્થન કરીને કહે છે કે, મિથ્યાં જ્ઞાનના નાશ માટે તું તેના સ્વરૂપને સ્પષ્ટ રીતે જાણ. અહીં આત્મનિવેદનમાં બધાએ સાથે આચરણ કરવાનું હોવાથી દેહ વગેરે અને આત્મા સહિત, એ પ્રમાણે કહેવાયું છે તેમ સેવાવૃત્તિથી સામુદાયિક રીતે જોડાઇને નિર્ણય કરાય છે. દેહ વગેરે તો હુંપણાના મિથ્યાજ્ઞાનનો વિષય છે. હું અને મારું તેના ધર્મો છે, તે બંને મિથ્યા જ્ઞાનના વિષયો છે. દારા (પત્ની) વગેરે કેવળ મમતાનો વિષય છે. ‘આત્મના સહ’ તેમાં ‘સહ’ શબ્દ આવેલો છે, તે તો જ્યારે

પિતાને આમંત્રણ કરાય છે ત્યારે પુત્ર પિતા સાથે આવેલ છે. એ પ્રમાણે અહીં સંભવિતપણું છે, પ્રાધાન્યતા નથી. તેથી ગદ્યમાં ઉપદેશાયેલ સમર્પણ (શ્રીમદ્ ભાગ. દશમ સ્કંધના) ૧૯ મા અધ્યાયમાં કહેવાયેલ અધિકારના સ્વરૂપનો જ બોધ છે, તે કોઈનું કહેવાહેલું કહ્યું નથી; કારણ કે તેમાંનાં વાક્યનો અર્થ જ અવનવો છે.

હવે અમે (શ્રીપુરુષોત્તમજી) પ્રસ્તુત વિષયને અનુસરીએ છીએ, એટલે કે શરૂ કરેલ વિષય ઉપર આવીએ છીએ. ॥૧॥ (ક્રમશઃ)

॥ શ્રી વલ્લભઃ ॥

જનકલ્યાણમય-પુષ્ટિમાર્ગ

(શિશુ શૌર્યનું-મંગલ પ્રસ્થાન)

લેખક - **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી**

[ગત અંકમાં આપણે જોયું કે લીલાનો જીવ અપરાધને કારણે અનેક જન્મ ભટકતો રહી હીન યોનીમાં પઠાણને ત્યાં જન્મીને વૈષ્ણવના સંગથી શ્રી ગુંસાઈજીનો સેવક થઈ વૈષ્ણવ ધર્મ અપનાવે છે, તેથી તેના પિતાએ વિરોધ કર્યો. હવે તે પઠાણપુત્ર વૈષ્ણવ શેરશાહના દરબારમાં દઢતાથી કેવી રીતે સામનો કરે છે અને પોતાના જીવનને ધન્ય બનાવે છે તે જાણવા માટે આગળ વાંચીએ. —સંપાદક]

બીબી : ખાવિદ ! હવે જે થવાનું હતું તે થઇ ગયું. થનાર કોઇ મિટાવી શકતું નથી તમે બાદશાહને કહો તે તેને સમજાવી ડરાવી અને ઠેકાણે લાવશે. આપણે વધારે ન કહી શકીએ સમજ્યા ?

સેનાપતિ : બીબીજી ! એ રસ્તો ઠીક છે. આપણો માતા પિતાનો જીવ છે. એટલે વધારે ન કહી શકીએ. અને આપણું ફરઝંદ હઠમાં હોય તો આપણું માને પણ નહીં. એ તો પારકા જ કાન વીંધે. બાદશાહ કહેશે એટલે એ તુરત માની જશે. આમ વિચારી અને બાદશાહને વાત કરી કે નામદાર ! મારો બેટો આપણો ધર્મ છોડી અને હિંદુ ધર્મ પ્રમાણે ચાલે છે. આપ કંઇ સમજાવો તો સારૂં.

શેરશાહ : સેનાપતિજી ! તેને દરબારમાં મોકલજો સિપાઇ ! કાલે અઝીઝખાનને દરબારમાં હાજર કરજો. અને બીજે દીવસે સિપાઇ લેવા આવ્યો. અને અઝીઝખાન ધોતી બંડી પહેરી માલા તિલક કરી અને દરબારમાં ગયો.

શેરશાહ : કેમ અઝીઝખાન ! તારા અબ્બાએ કહ્યું કે તેં આપણો ધર્મ છોડી હિંદુ ધર્મ સ્વીકાર્યો છે તો શા માટે ? એ જવાબ આપ.

અઝીઝખાન : નામવર ! ઇસ્લામ ધર્મ પ્રત્યે મને જરાપણ નફરત નથી. એ પણ ધર્મ છે. પરંતુ હિંદુ ધર્મ અહિંસક છે. અને તેમાં ઘણી એ વિશેષતાઓ હોવાથી

મને તે ઉત્તમ લાગ્યો એટલે મેં તેનો સ્વીકાર કર્યો છે. પોતાના આત્મ કલ્યાણ માટે સર્વને પોત–પોતાના મન માન્યા ધર્મો પાળવાની છૂટ હોય છે. દરેક ધર્મો ઈશ્વરને મેળવવાના રસ્તાઓ છે. ફક્ત રીત જુદી જુદી હોય છે. જેને જે રાહ ઠીક લાગે એ રાહથી ઇશ્વરને મળે. તેમાં કંઇ પણ ખોટું થતું હોય તેવું મને લાગતું નથી. તેથી જ મેં તેનો સ્વીકાર કર્યો છે.

શેરશાહ : તારી એ વાત સાચી માનીએ પરંતુ તેં કોઇની શિખામણથી કર્યું છે કે તને યોગ્ય લાગ્યું તેમ કર્યું છે ? કદાચ એમ કર્યું હોય તો કોઇનું કંઇ પણ ન સાંભળતાં તારે તારા અબ્બાની ઇજ્જતનો તો ખ્યાલ કરવો જોઈએ. હજુ પણ એ ધર્મ છોડી અને તારા અબ્બા કહે તેમ કરી તેની ઇજ્જત સાંચવ એ મારો હુકમ છે.

અઝીઝખાન : નામવર ! જેને ઇશ્વરમાં પ્રેમ થાય છે તેનાથી ઇશ્વર સિવાય બીજા કોઇને સાંચવી શકાતા નથી. મીરાંબાઇથી પોતાનો પતિ, અને પ્રહલાદથી તેનો જગત સમ્રાટ પિતા પણ સાંચવી શકાયા ન હતા. આપ તો પ્રજાના પાલક પિતા છો. આપને તો દરેક પ્રજા અને દરેક ધર્મ સરખા જ માનવા જોઇએ.

શેરશાહ : અઝીઝ ! મેં તને અહીં શિખામણ આપવા નહીં, પણ લેવા માટે જ બોલાવ્યો છે. મારો હુકમ છે કે તારે એ હિંદુ ધર્મ છોડવો જ પડશે. તું હિંદુ ધર્મ નહીં પાળી શકે સમજ્યો ?

અઝીઝખાન : તો, સાંભળો નામવર ! હું જે ધર્મ પાળું છું તે મારા મહેબૂબને બહુ જ પ્યારો છે. મેં મારા મન માન્યા મહેબૂબ સાથે પ્યાર કર્યો છે. અને એ પ્યારને હું કોઈ રીતે છોડી શકું નહીં. "લયલા-મજનુ" અને "શિરિ ફરહાદ"ના પ્યારને તો આપ માનો છો ને ? તેનો પ્યાર એક મનુષ્યમાં હતો. ત્યારે મારો આ પ્યાર તો ખુદ ઇશ્વરમાં છે. અને એ પ્યાર મેં શિર સાટે કર્યો છે.

આપને ખ્યાલ હશે કે, આપના મહેલ નીચે એક વખત એક ગોકુલના ફકીરની પાલખી નીકળી હતી. આપના ચુગલીખોરો એ આપને એ મહા પુરૂષને સજા કરવાની ચુગલી કરી હતી. પરંતુ આપને જ એ મહાપુરૂષ અગ્નિ ના પુંજ રૂપે દેખાયા હતા. અને આપે જ ચુગલીખોર ને કહ્યું હતું કે મુર્ખ ! મને અગ્નિ સાથે લડાવે છે. નામવર ! એ જ મહા પુરૂષ નો હું સેવક છું અને એ જ મારા પ્યારા મહેબૂબ છે. બીજા કોઇ નહીં.

શેરશાહને અઝીઝખાનનો શબ્દે શબ્દ સાચો અને પ્યારો લાગતો હતો. છતાં તેના સત્ય અને ટેકની કસોટી કરવાનું મન થયું. અને સર્વ સભા સાંભળતાં કહ્યુ કે, ત્યારે તો તુ તારો હિંદુ ધર્મ નહીં જ છોડી શકે એમને ? તો સાથે એ પણ સમજી લે કે મારો ખોફ તને ભારે પડી જશે. તેનાથી તને કોઇ નહીં બચાવી શકે. સમજ્યો ? આખરી જવાબ માટે હજુ પણ તને વિચારવાની તક આપું છું. તું નાદાન બાલક છે, હજુ પણ તને કહું છું કે એ ધર્મની હઠ છોડી દે. નહીં તો હું તને એવી શિક્ષા કરીશ કે

દરબારીઓ પણ થરથરી જશે. મારે હાથે જ તારૂં માથું ઉતારી લઇશ. માટે હજુ પણ વિચાર કર અને હઠ છોડી દે.

અઝીઝખાન : નામવર ! મેં જેના નામનાં માલા તિલક અને આ પોષાક ધારણ કર્યાં છે. તે, મારા મહેબૂબને બહુ જ પ્યારાં છે અને એ મહાસમર્થ મારા પ્યારા મહેબૂબ સાથે મેં પ્યાર કર્યો છે. જેથી હું એ નહીં છોડી શકું. આપ આપની ઇચ્છામાં આવે તે શિક્ષા મને કરી શકો છો. એમ કહી તે શેરશાહ સામે હંસતે મુખે ઉભો રહ્યો.

શેરશાહ : આ તારો આખરી જવાબ છે એમને ? અરે સિપાઇ મારી તલવાર લાવ. અને અઝીઝખાન ચાલ તૈયાર થઈ જા.

અઝીઝખાન : જહાંપનાહ ! હું તૈયાર જ છું. પરંતુ બીજી તલ્વાર શા માટે મગાવો છો ! આ મારી જ તલવાર આપને આપુ છું. પ્રભુના સાચા ભકતો પ્રાણ આપવા સદા તૈયાર જ હોય છે. એમ કહી પોતાની પાસેની તલવાર બાદશાહના હાથમાં મુકી. અને શિર ઝૂકાવીને ઉભો રહયો. દરબારી સર્વ જોઇ રહયા.

શેરશાહ મનમાં બહુ જ રાજી થયો. કે મારી પ્રજા કેવી બહાદુર છે. અને આ માણસ પોતાના ધર્મ ઉપરના પ્યારમાં કેટલો સાચો છે ! આવા સાચા માણસોની દુનીયાને બહુ જ જરૂર હોય છે. આ યુવાન શિરચ્છેદને નહીં. પણ શિર પાવને લાયક છે. આવા સાચા અને બહાદુર માણસોથી જ મારૂં રાજ્ય આબાદ રહેશે. આ તો. મારી, મારા દરબારની, અને રાજયની, પણ શોભા, અને ઇજજત છે. છતાં આખરી કસોટી કરી લઉં.

એમ કહી હાથમાં તલવાર લઇ અને શેરશાહ ઊભો થયો. અને તલવાર ઉગામી પણ ખરી અને દરબાર સર્વ ધ્રૂજી ગયો. પરંતુ શેર શાહના મુખ ઉપર હાસ્ય હતું.

અઝીઝખાન : નામવર ! મારા ધર્મ માટે હું પ્રાણ આપવા તૈયાર છું. આપ શું વિચારો છો ? ચલાવો તલવાર આ સાંભળી શેરશાહ બહુજ ખુશી થયો. હંસી અને તલવાર નીચે મુકી કહ્યું કે.

શેરશાહ : શાબાશ છે. અઝીઝખાન તને શાબાશ છે ! તું તારા ધર્મમાં સાચો છે. ઉપર લટકતી તલવારની પણ તે પરવાહ કરી નહી. મહેબૂબ ઉપરનો પ્યાર તે છોડયો નહીં. તારો પ્યાર સાચો છે. તારા જેવા સાચા અને બહાદુર માણસની 'મારે, મારા રાજ્યને અને જગતને પણ બહુ જ જરૂર છે. પ્રધાનજી ! આ પ્રભુના પ્યારા અઝીખાનને ઝરી કીનખાબનો પોષાક, અને દસ હઝાર સોના મહોર શિરપાવમાં આપો. આવા બહાદુર જવાન થકી આપણુ રાજ્ય જગતમાં રોશન થશે.

અઝીઝખાન : જહાંપના ! મારે તો, મારો ધર્મ, અને પ્રભુનો પ્યાર, એ મોટામાં મોટો શિર પાવ છે. એ મારા મહેબૂબે મને આપ્યો છે આપે પણ કદર કરી એજ બસ છે. નામ વર !

શેરશાહ ? નહીં નહીં અઝીઝ ! આ ઇતિહાસમાં તારી સાચાઇ અને જાન કુરબાની પાછળ મારૂં નામ પણ રોશન થશે. કે શેર શાહ

પણ સર્વ ધર્મ ચાહક, કદર દાન, અને દરિયાવ દિલનો હતો. એવો શિરપાવ મને પણ મળ્યો છે. અને ભવિષ્યમાં પણ મળતો રહેશે. અઝીઝખાન ! હવે થી તું તારા પ્યારા મહેબૂબની ખિદમત (સેવા)માં અને મોઝમાં રહે. તને રાજ્ય તરફથી વર્ષાસને મળતું રહેશે. આવી અને લઈ જજે. ફકત તને જોઇ અને રાજી થવા માટે બોલાવું ત્યારે આવી જજે. તેટલું જ ઇચ્છુ છું. તને જોઈ અને હું આત્મ સંતોષ અનુભવિશ. બસ, એમ કહી બે સીપાઇને બોલાવી કહ્યું કે અઝીઝખાનને, માન સહિત ઘેરે મુકી આવો. તેઓ તેને માન સહિત ઘેરે મુકી ગયા. તે પછી તેને કોઇ કાંઇ કહેતુ નહીં. ઘેરે આવી અને તુરતજ તેના વૈષ્ણવ મિત્ર કીસનદાસ ને મળવા ગયા. અને બન્ને રાજી થયા.

અઝીઝખાન : ભાઇજી ! પ્રભૂ શ્રી ગુસાંઇજી અને આપ સર્વ મહાનુભાવોની કૃપાથી મારા સર્વ મનોરથો સિધ્ધ થયા. ધન્ય છે આપ સર્વ અને પરમકૃપાળુ શ્રી ગુસાંઇજી મહારાજને.

કીસનદાસ : ભાઈ ! ધન્ય છે તારી ધર્મ પ્રત્યેની દ્રઢતા અને પ્રાણન્યોછાવરી ની સર્વોચ્ચ ભાવનાને. આવીભાવન એ જ પુર્ણ કૃપા અને વૈષ્ણવતા કહેવાય.

ત્યાર પછી આ વાત કોઇ વૈષ્ણવોએ શ્રી ગુંસાઈને કરી. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે ધન્ય છે. તેને કે ધર્મ માટે પ્રાણ દેવાનું કબુલ કર્યું. પરંતુ ધર્મ છોડયો નહીં. પ્રભુનો દઢ આશ્રય હોય તો પ્રભુ પોતે જ ધર્મનું રક્ષણ કરે છે. એમ સરાહના કરી. પછી અઝીઝખાન સર્વ વૈષ્ણવો સાથે રહી. પ્રેમથી ભગવદ વાર્તા અને પોતાના યોગ્ય સેવા કરતો. પોતે જુદું ઘર વસાવી. અને પુષ્ટિ માંગીય આચાર વિચારનું પાલન કરી, અને સર્વના સંગમાં રહેતો. સર્વ વૈષ્ણવો પણ તેની સાથે સ્નેહથી રહેતા. જાણે પૂર્વ જન્મનો સબંધ હોય તેમ આનંદ કરતા અને ભજન કરતા.

ઉત્સવ મનોરથોમાં પણ એ પઠાણ પુત્ર હોય જ. જયારે શ્રી ગુસાંઇજી દીલ્હી પધારતા, ત્યારે સર્વ વૈષ્ણવોની સાથે તે પણ સેવા દર્શન કરતો. અને લીલાનો જીવ હોવાથી દેહાનુંસંધાન પણ ભૂલી જતો. પોતે લીલામાં “રાસો ગોપ” હતો. શ્રી નંદરાયજીનો અંગરક્ષક હતો. અને શ્રી ઠાકુરજી સાથે વનમાં હથીયાર બાંધી અને જતો. પછી તે બ્રજમાં ગયો. ત્યાંનાં લીલા સ્થળો ના દર્શન કરી, અને પૂર્વ સ્મૃતિ જાગ્રત થઇ હતી. તેથી તે ભગવદલીલાની મસ્તીમાં બ્રજના લીલા સ્થળોમાં વિચરવા લાગ્યો. સમય જતાં તેની દેહ પડી અને બ્રજ રજમાં મળી ગઇ અને પોતે પોતાના લીલા સ્વરૂપ “રાસો ગોપ”માં મળી ગયા. ત્યારે સર્વ ભગવદીઓએ તેની સરાહના કરી. અને ધન્યવાદ આપ્યા.

જય હો શિશુ શૌર્ય–મંગલ પ્રસ્થાનનો.
જય હો પતિત પાવન પુષ્ટિમાર્ગનો.
જય હો સંગઠ્ઠન સામ્રાટ શ્રી વલ્લભનો.
જય હો સંગઠ્ઠનના સુત્રધારો મહાનુભાવ ભગવદીઓનો.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિ વિંબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ : શ્રીવલ્લભાયન મહા કાવ્ય રચયિતા
શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ત્રીજો

ગતાંકથી ચાલુ

શ્રીલક્ષ્મણ ભટ્ટ પર ભગવત્ અનુગ્રહ

શત સોમયાગ પૂર્ણ થતાં પૂર્વજો અને દેવો દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થવાથી શ્રી લક્ષ્મણ ભટ્ટે ત્યાં જ સર્વના સમક્ષ સવાલાખ બ્રાહ્મણોને ઇચ્છિત ભોજન, દક્ષિણા સહ સંકલ્પ કર્યો. ત્યાર બાદ સમયમાં પાંચ ઈસ્લામી રાજ્યોએ કાંકરવાડનો નાશ કરતાં વિજયનગરના સંગમ રાજ્યે બ્રાહ્મણોને આગ્રહાર ગામ વસવાટ કરાવી નષ્ટ થયેલી માલ મિલ્કત સોળગણી આપી પુનઃ સત્કર્મ કરવાની અને રક્ષાની બાંહેધરી આપી.

રાજ્યોના ઉપદ્રવથી શ્રી લક્ષ્મણ ભટ્ટ પોતાના મોટા પુત્રને અને મોટી પુત્રી સરસ્વતીને પોતાના ભાઈ જનાર્દનને સોંપી ઘણા કુટુંબો સાથે કાશી જવા રવાના થયા. રસ્તામાં યાત્રા કરતા ભૃંગ સાર્થક તીર્થમાં રાત્રે સ્વપ્ન દ્વારા શ્રી રાધીકા, શ્રીકૃષ્ણ યુગલ પ્રકટ થઇ આજ્ઞા કરી.

છંદ હરિગીત

પન્દ્રહસેં તૌત્તીસ શુભ વૈશાખ કૃષ્ણ એકાદશી,
નિશિ સુપન લછમન ભટ રહે પ્રકટત યુગલ મુખ મૃદુ હંસી;
કિય યજન શત મમ ભજન રત તવ સુજનતા લખ મુદિત હૈ,
પ્રકટત તનય શુભનામ ધર સુખદેન હૃદયે ઉદિત હૈ.
અબ બઢત કાશી કર્મ કર નિજ દેશ પથ જબ ધાવહીં,
અતિ ગુપત ચંપાણ્યકો મમ પ્રકટ દર્શન પાવહીં.
કછુ અટપટી લીલા લખેં ચિન્તાન કિગ્ચિત પાઇયે,
મમ સત્ય બચન મરમ સમઝ ધર ધૈર્ય દૃઢ ચિત લાઇયે.
દેવત પ્રસાદી મુદિત મન યહ વસ્ત્ર તનય ઉઢાઇયે,
યહ દેત કંઠી લાલ હિત સુત પેખ કંઠ ધરાઇયે;
પુનિ જન્મ ઘુંટી રૂપ તામ્બુલ લાલકે મુખ દીજિયે,
યહ દેત માલા આપકો શ્રીહસ્ત જપહિત લીજિયે.
હરિ દેત દરશન સુપનસોં કરુણાશરણ જનકાજકી;
'ગનપત' બસત હૃદયે સદા અભિલાષ બલ્લભરાજકી.

સ્વયમ્ શ્રીરાધિકા ભાવો વલ્લભો નામ શ્રીવરઃ ।
ચંપારણ્યે ભાવિષ્યામિ ગુપ્ત રાસ સ્થલ સ્થલે ॥
—નારદ પંચરાત્ર

ચાર વસ્તુઓનું દાન સ્વપ્ન દ્વારા થતાં જાગૃત થઇ આનંદનો પાર ન રહ્યો પતિ પત્નિ પૂર્વ પુરુષોનો મહાન ઉપકાર માનતા યાત્રા કરતાં પંઢરપુર આવ્યાં શ્રીવિઠ્ઠલેશની મહાપૂજા કરતા શ્રીવિઠ્ઠલનાથ, શ્રીરુક્મિણીની ઝાંખી પૌત્ર, પૌત્રવધુ સમાન થતાં સહર્ષ બ્રાહ્મણોને ભોજન દક્ષિણાથી પ્રસન્ન કરી અવન્તિકા થઇ પ્રયાગ આવ્યા. ત્યાં વિધિ સહ મકર સ્નાન કરી, પોતે ભારદ્વાજ ગોત્રી હોવાથી ભારદ્વાજ ઋષિના આશ્રમમાં પ્રણામ કરતા ભારદ્વાજ ઋષિ પોતે પ્રગટ થઇ શ્રી લક્ષ્મણ ભટ્ટને કહ્યું કે "તમારે ત્યાં યજ્ઞાત્મા પુત્ર તરીકે પ્રગટ થશે તે જાણી મને ઘણો જ હર્ષ થાય છે. મને પોતાને પણ કૃત કૃત્ય કર્યો કારણ કે તમે મારા ગોત્રમાં પ્રગટ થયા છો, તે મારી ભકિતનું સાફલ્ય છે."

આ સમયે ચંપારણ્યના ભુવનેશ નામના રાજાની રાજધાની ચૌડાનગરમાં હતી. તેમના પ્રધાન કાશીસ્થ કૃષ્ણદાસ મકર સ્નાન કરવા આવેલ તેમણે શ્રી લક્ષ્મણ ભટ્ટને ભગવદીય પુત્રની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરતા શ્રી લક્ષ્મણ ભટ્ટે આશીર્વાદ આપ્યો કે ભવિષ્યમાં તમારે ત્યાં ભગવદીય પુત્ર થશે. (તે પુત્ર કાશીવાળા શેઠ પુરૂષોત્તમદાસ પોતે). શ્રી લક્ષ્મણ ભટ્ટની આશિષથી પુત્ર પ્રાપ્તિ થતા કૃષ્ણદાસે શ્રી લક્ષ્મણ ભટ્ટજીને પોતાના કુલદેવ તરીકે માન્ય કર્યા.

શ્રી લક્ષ્મણ ભટ્ટ પ્રયાગથી પ્રસ્થાન કરી માર્ગોમાં આવતા તીર્થોમાં સ્નાન કરી કાશીમાં હનુમાનઘાટ ઉપર એક મકાન વેંચાતુ લઇ નિવાસ કર્યો. પોતાના સંકલ્પ પ્રમાણે વેદોનું પારાયણ, શ્રીમદ્ ભાગવત, સર્વ પુરાણો, અગ્નિ હોત્રાદિક કર્મ અને ક્રમવાર બ્રાહ્મણોને જમાડવાનું મહત્ત કાર્ય એક સાથે શરૂ કર્યું. બ્રાહ્મણોને અતિ દક્ષિણા દેતા દેવોને વિસ્મય પમાડે તેવું કર્મ જોઇ સર્વ કોઇ શ્રી લક્ષ્મણ ભટ્ટને સ્વરૂપ પલ્ટી ભૂતલ ઉપર સચિ પતિ (ઇન્દ્ર) પોતે જ પધારેલ છે તેમ માનવા લાગ્યા.

દોઢ વર્ષમાં પોતાનો સંકલ્પ પૂર્ણ થતાં શાંતિનો અનુભવ કરતા હતા. તે અરસામાં દિલ્હી ઉપર શક લોકો દશનામી સાધુઓને મારવા માટે ચડી આવ્યા. દિલ્હીની સરકારે દશનામી સાધુઓને અસ્ત્ર શસ્ત્રો આપી શક લોકોનો સામનો કરવા પ્રેર્યા. સમસ્ત ભારતના દશનામી સાધુઓ દિલ્હી તરફ રવાના થઇ ગયા. તે જ અરસામાં કાશી ખાલી થવા માંડી. કારણ કે શક લોકોનું આગમન કદાચ કાશીમાં પણ થાય. આ ઉપદ્રવ જોતાં શ્રી લક્ષ્મણ ભટ્ટે સજ્જનોની સલાહ લઇ આપ્તજનો સાથે સ્વદેશ (આંધ્રમાં) જવા પ્રસ્થાન કર્યું. તે સમયે શ્રી ઇલ્લંમાગાંરુજી સગર્ભા હતા. છ માસ પૂર્ણ થયા હતા.

(હવે પછી ચંપારણ્યમાં શ્રી મહાપ્રભુજીનું પ્રાગટ્ય)

—ક્રમશઃ

સને ૧૯૮૫ના અંક ૮ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના

આજીવન સદસ્યોની નામાવલી

૧૭૧ શ્રી હસમુખ સ્ટોર્સ રાજકોટ
૧૭૨ કંસારા શશીકાંત કાનજીભાઈ, રાજકોટ
૧૭૩ કંસારા રાયચંદ ખેતસાભાઈ, રાજકોટ
૧૭૪ શ્રીમતિ વીણાબેન ડોસા, ઉજ્જૈન
૧૭૫ કંસારા મોહનલાલ વાલજીભાઈ, રાજકોટ
૧૭૬ કંસારા નરોતમદાસ ચત્રભુજ, રાજકોટ
૧૭૭ સોની નરસીદાસ વાલજીભાઇ, રાજકોટ
૧૭૮ સોની રસિકલાલ માધવજી, રાજકોટ
૧૭૯ શ્રી આણંદભાઇ ભુરાભાઈ પટેલ, ધોરાજી
૧૮૦ દા. હેમરાજભાઇ ઓધવજીભાઈ, રાજકોટ

આ માસના ઉત્સવ

સં. ૨૦૪૨

માગશર સુદિ ૫ તા. ૧૬-૧૨-૮૫ સોમવાર
શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન) ધનુર્માસ આરંભ.

માગશર સુદિ ૭ તા. ૧૮-૧૨-૮૫ બુધવાર
શ્રીગુસાંઇજીના ચતુર્થ લાલજી શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮)

માગશર સુદિ ૯ તા ૨૦-૧૨-૮૫ શુક્રવાર
શ્રી ગટ્ટુલાલજીનો સ્મરણ દિન શ્રીગુસાંઈજીની વધાઈ પ્રારંભ.

માગશર સુદિ ૧૧ તા. ૨૨-૧૨-૮૫ રવિવાર
મોક્ષદા એકાદશી વ્રત. ગીતા જયંતિ.

માગશર સુદિ ૧૫ તા. ૨૭-૧૨-૮૫ શુક્રવાર
પૂર્ણિમા શ્રીનાથજીનો છપ્પન ભોગ. ગોપ માસ સમાપ્તિ. શ્રી બલદેવજીનો ઉત્સવ.

માગશર વદિ ૭ તા. ૩-૧-૧૯૮૬ શુક્રવાર
શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રીગોવિંદરાયજીના લાલજી શ્રીકલ્યાણરાયજી (શ્રીહરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સંવત ૧૬૨૫)

માગશર વદિ ૯ તા. ૫-૧-૮૬ રવિવાર
શ્રીગુસાંઈજીનો પ્રાકટ્ય ઉત્સવ (સંવત ૧૫૭૨)

માગશર વદિ ૧૨ તા. ૭-૧-૮૬ મંગળવાર
સફલા એકાદશી વ્રત. શ્રીને ફલનો ભોગ ધરવો.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

વિરહનો ગરબો

શ્રીનાથજી જીવડો મારો તલખે તમ દરશન વિનારે,
છબીલા મહેર કરીને દીઓ દાસીને દરશન;
ગોકુલ આવોને શ્રીનાથજી નંદાનંદના રે.
નટવર સ્નેહ ધરી વ્રજ વનિતા સામું નિહાળજો રે,
કૃષ તન થાય પ્રફુલ્લિત, મળતાં વારી મીન--ગોકુલ ૧

સાખી-મથુરાં ગયા મોરારજી, છલ કરી સુંદર શ્યામ;
તે દિનથી અન્ન પરહર્યાં, નિશમાં નિંદ્રાહરામ.
શ્રીનાથજી વિરહદશામાં દહન થાય દિલ મારૂં રે;
દષ્ટિવૃષ્ટિ કરો તો, શાંતિ થાય શરીર—ગોકુલ ૨

સાખી-મુરતિ મનોહર માવજી, છાઈ રહી ચિત્તમાંય;
અરૂચી ઉપજે અવરમાં, ઝંખું જાદવરાય.
ઝંખે સ્વપ્નાં આવે શ્યામ તમારા જામમાં રે;
ઝબકી જાગું ત્યાં તો, ઉપજે દારૂણ દુ:ખ—ગોકુલ ૩

સાખી-વૃંદાવન શશીશરદનો, મનોહર મુરલીનાદ;
રાસ રમીયા રસિલા પ્રભુ, એ સહુ આવે યાદ.
કાળજું કટકા થાય સંભારૂં કેલી કુંજની રે;
વ્હાલા કેમ વિસારી, એ વિહાર કેરી વાત--ગોકુલ ૪

સાખી-કુબ્જા પાસે કૃષ્ણજી, શું છે મોહિની મંત્ર,
સ્વતંત્ર સુંદર શ્યામ છો, કેમ થયા પરતંત્ર.
શ્રીનાથજી સર્વ જગતના જનમન પ્રેરક આપ છોરે;
ચોર્યું કંસ કીંકરીએ, કેમ તમારૂં ચિત્ત—ગોકુલ ૫

સાખી-આશ દઈ અળગાં કર્યાં, અવધ કરી અસુરાઈ,
વચન જલ વહેતું કર્યું, કપટી કુંજ વિહારી.
મિથ્યા નામ ધરાવ્યું નિજજન પાલક નાથજી રે;
કરશે કોણ તમારો, વનમાળી વિશ્વાસ-- ગોકુલ ૬

સાખી-રીસ ચડે તો રાજવી, તુરત થાજો તૈયાર;
વ્રજમાં વહેલાં પધારીને, શ્યામાની લેજો સંભાર.
હિત કરી હરિદાસના પ્રભુ, '**નિજજન**'નો નેહ નિભાવજોરે,
પ્રીતમ તમ પર મેં તો, તન મન કીધાં તુચ્છ --ગોકુલ ૭

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेहिसन्मार्गरक्षका

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

: સુરતમાં સોમયજ્ઞ :

આ સોમયજ્ઞ તા. ૧૦-૧-૮૬ થી તા. ૧૭-૧-૮૬ સુધી નીચેના સ્થળે ચાલશે, તો વૈષ્ણવ ભાઇ-બહેનોને લાભ લેવા વિનંતિ.

બહારથી આવનાર માટે આવાસ-પ્રસાદની વ્યવસ્થા સોમયજ્ઞ આયોજન સમિતિ કરશે.

-: સોમયજ્ઞનું સ્થળ :-

સ્નેહ મિલન પાર્ક સામે,
કદમપલ્લી સોસાયટી પાસે નાનપુરા, સુરત.

卐

વર્ષ ૪ : અંક ૧૦ ✤ જાન્યુઆરી, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

: સમાચાર :

મુલુંડ–શ્રી વલ્લભપીઠ પુષ્ટિમાર્ગીય સેવા સત્સંગ મંડળની સ્થાપના અ. સૌ. મીતા વહુજી દ્વારા કરવામાં આવી હતી. ધર્માધ્યક્ષ તરીકે પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રમેશકુમારજી મહોદયે મંડળના ઉદ્દેશ અને કાર્યની સુંદર સમજણ આપી હતી.

મંડળ દ્વારા નીચેની પ્રવૃત્તિઓ કરાશે. (૧) પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય સ્થાપવું. (૨) કીર્તન ક્લાસ ચલાવવા. (૩) સાંપ્રદાયિક શિક્ષા માટે ક્લાસ ચલાવવા. (૪) મોટા ઉત્સવો ઉજવવા. (૫) ગોસ્વામી બાલકોને પ્રવચનો માટે બોલાવવા. (૬) દર વર્ષે મંડળીનો વાર્ષિક ઉત્સવ ઉજવવો (૭) વૈષ્ણવોને સંગઠીત કરવા. (૮) દર વર્ષે પાંચ વૈષ્ણવ વિદ્યાર્થીઓને પુસ્તકો તથા નોટબુકો આપવી.

કારતક વદ ૧૩ ના રોજ શ્રી ગુસાંઈજીના સપ્તમલાલ શ્રી ઘનશ્યામલાલજીનો પ્રાકટ્ય મહોત્સવ તથા પૂ. પા. ગો. શ્રી રમેશચંદ્રબાવા (મુંબઈ)નો જન્મદિન મુલુન્ડ વૈષ્ણવ સમાજના ઉપક્રમે ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો.

સત્સંગ પાઠાવલી : પુષ્ટિપ્રથા અનુસાર પ્રારંભે 'ચિંતાસંતાનહન્તારો' અને અંતે 'દ્રઢ ઇન ચરનન કેરો ભરોસો' આપીને મધ્યે પુષ્ટિસાહિત્યનું શ્રેષ્ઠ તત્ત્વ છલોછલ ભરી દઈને આ નાની છતાં અતિ મૂલ્યવાન પુસ્તિકા તૈયાર કરાયેલી છે. પ્રસ્તાવના કે એવા બીજા ઔપચારિક કશાનો ઉલ્લેખ કરવાનો લોભ રાખ્યા વગર માત્ર પુષ્ટિનવનીત જ તેમાં પીરસાયું છે, તેવી આ પુસ્તિકા પુષ્ટિજનો માટે સરાહનીય છે.

પ્રભાતે પઠન કરવા યોગ્ય સર્વોત્તમ સ્ત્રોત અને ષોડશગ્રંથોમાંથી યમુનાષ્ટક, સિદ્ધાંતરહસ્ય, કૃષ્ણાશ્રય વગેરે આપેલાં છે, તો રાત્રે સત્સંગ મંડળમાં ગાવા ગવરાવવાને યોગ્ય ધોળ, મંગળ ગીતો વગેરેની વરણી અતિ ઉપયોગી છે. પુષ્ટિજનોનાં હ્રદયે વસી ગયેલાં મધુરાષ્ટક, શ્રીગોકુલેશાષ્ટક, ગિરિરાજ ધાર્યષ્ટકમ્ જેવાં અષ્ટકો પણ આમાં સંગ્રહાયેલાં છે, તો ભાગવતજીમાંથી ગોપીગીત કે જે વિપ્રયોગ અવસ્થાનું ગીત છે તે પણ અપાયું છે અને વૈષ્ણવોને અતિ પ્રિય યમુનાજીની આરતિ પણ તેમાં છે. આમ આ એક નાની સરખી પુસ્તિકામાં પુષ્ટિપ્રિય સર્વસ્વ સંગ્રહાયેલું છે. વળી તે નજીવી કિંમતે મળે છે તેથી આ 'સત્સંગ પાઠાવલી' ગૃહમાં વસાવવા કોઈએ ભૂલવું ન જોઈએ. —સમીક્ષક

સત્સંગ પાઠાવલી : ન્યોચ્છાવર રૂા. ૧-૦૦, પોસ્ટેજ રૂા. ૦-૫૦
પ્રકાશક : આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ શાખા,
"શ્રીવલ્લભાશ્રય," બસ સ્ટેશન સામે, ૮ નંદદાસદ્વાર,
શ્રી વલ્લભાચાર્યનગર, ધોરાજી, (૩૬૦૪૧૦).

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

❀

વર્ષ ૪ : અંક ૧૦ મો
જાન્યુઆરી, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

'અનુગ્રહ'

અનુગ્રહ કૃપાના માર્ગમાં યોગ્યતા, અયોગ્યતા, પાત્ર-સુપાત્ર-કુપાત્રનો વિચાર ન રહે, ને તેનો વિચાર કરવામાં આવે, તો પછી અનુગ્રહ-કૃપા કે દયા શાની ?

'અન્યાશ્રય'

ભગવત્પ્રાપ્તિને અર્થે પણ કાત્યાયની વ્રત કરવામાં કુમારિકાને અન્યાશ્રય-દોષ પ્રાપ્ત થયો અને તેઓનું અનન્ય વ્રત વિનષ્ટ થવાથી તેઓ મર્યાદામાં લેખાયા, તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ અન્યાશ્રયનો તો સર્વથા પરિત્યાગ જ કરવો.

'મૂત પૂજા'

પુષ્ટિમાર્ગમાં તો હવે કેવલ મૂર્તિપૂજા થતી ચાલી છે. શ્રીવલ્લભાચાર્યનાં ગુણો ગાવા, પણ આચરણ તો મનસ્વી જ કરવું, એને હું શ્રીવલ્લભાચાર્યની મૂર્તિપૂજા કહું છું.

બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદ પદ્મં પ્રસીદતુ.

--શ્રી મગનલાલ શાસ્ત્રીજી

॥ શ્રીકૃષ્ણઃ ।'

પ્રસ્થાન ચતુષ્ટય

લેખક : **પૂ. પા. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, વડોદરા**

[ગતાંકથી ચાલુ]

૪ સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્

વેદ–ગીતા–બ્રહ્મસૂત્રને પ્રમાણ તરીકે ગણાવી બીજા બધા આચાર્યો કરતાં વિશિષ્ટ પ્રણાલિકાથી શ્રીમદ્ ભાગવતને પ્રમાણ તરીકે શ્રી આચાર્યચરણ જણાવે છે કે "વ્યાસની સમાધિ ભાષા ભાગવત" આ ચતુષ્ટય પ્રમાણો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં મુખ્ય પ્રમાણભૂત છે.

શ્રીમદ્ ભાગવતનું વેદતુલ્યત્વ ભાગવત પ્રથમ સ્કંધના પહેલા અધ્યાયના પહેલા શ્લોકની **"જન્માદ્યસ્ય યતોઽન્વયાદિ"** ની સુબોધિનીજીમાં સવિસ્તર પ્રતિપાદન કરવામાં આવેલું છે. જેમ વેદનુ બીજ ગાયત્રી છે, તેવી જ રીતે શ્રી ભાગવત શાસ્ત્રનું બીજ પણ ગાયત્રી છે. તેથી જ શાસ્ત્રાન્તરમાં (મત્સ્યપુરાણ) ભાગવતનાં લક્ષણમાં બતાવવામાં આવ્યું કે–

યત્રાધિકૃત્યગાયત્રીં, વર્ણ્યતે ધર્મવિસ્તરઃ।
વૃત્રાસુરવધોપેતં, તદ્ ભાગવત મુચ્યતે ॥

તેમજ શ્રી ભાગવતના ૧–૧–૩ માં જણાવવામાં આવ્યું છે કે, ભાગવત એ વેદ કલ્પતરુનું પરિપકવ ફલ છે. આ રીતે ગાયત્રીને બીજ, વેદને વૃક્ષ અને શ્રી ભાગવતને તેના ફલ રૂપે કહેવામાં આવેલું હોઈ શ્રી ભાગવતનું વેદતુલ્યત્વ અને ફલરૂપ હોવાથી તેનું મહત્વ ઓર પણ વધી જાય છે. જો કે શ્રી ભાગવતમાંજ **"ઇતિહાસ પુરાણાભ્યાં પઞ્ચમો વેદ ઉચ્યતે"** એ વાકયથી મહાભારત અને બીજા ૧૭ પુરાણોનું પણ વેદતુલ્યત્વ પ્રાપ્ત થવા આવે છે. તેમજ છાન્દોગ્ય ઉપનિષદમાં પણ સનત્કુમાર–નારદ સંવાદમાં પણ **"ઇતિહાસ પુરાણં વેદાનાં પઞ્ચમં વેદમ્"** તથા બ્રહ્માંડ પુરાણના પ્રથમાધ્યાયમાં **"ઈતિહાસ પુરાણાભ્યાં વેદં સમુપબૃંહયેત્ । બિભેત્યલ્પશ્રુતાદ્ વેદો મામયં પ્રહરિષ્યતિ"** તેમજ વિષ્ણુપુરાણમાં **"વેદાઃ પ્રતિષ્ઠિતાઃ સર્વે પુરાણે નાત્ર સંશયઃ"** તથા કુર્મ પુરાણના ૧૫ માં અધ્યાયમાં **નાન્યથા જ્ઞાયતે ધર્મો, બ્રહ્મવિદ્યા ચ વૈદિકિ તસ્માત્સર્વં પુરાણં ચ શ્રદ્ધાતવ્ય મનીષિભિ : ॥**

આ બધા ઢગલાબંધ વાકયોમાંથી પુરાણોનું પણ વેદતુલ્યત્વ પ્રાપ્ત થાય છે. તેમ છતાં પણ **"શ્રીમદ્ ભાગવતં પુરાણતિલકં ય દ્વૈષ્ણવાનાં ધનમ્"** એ વાકયમાં શ્રી ભાગવતને વૈષ્ણવોના પરમધન રૂપ અને પુરાણતિલક રૂપ જે કહેવામાં આવ્યું છે તેના કારણો તપાસી જવા જરૂરી છે. જેથી આપોઆપ શ્રી ભાગવતનું વૈશિષ્ટય સામે આવી જશે.

જો કે દરેક પુરાણ શ્રી વ્યાસજી દ્વારા શ્લોક સંગ્રહ રૂપે રચવામાં આવેલ છે. તેમ

છતાં પણ દરેકથી અલગ રીતે શ્રી ભાગવતની રચના સમાધિમાં અનુભવ દ્વારા થયેલી છે.

બીજાં પુરાણો તથા મહાભારતની રચના કર્યા બાદ પણ જ્યારે શ્રી વ્યાસજીની મનમાં શાન્તિ ન થઇ અને કંઇક મુખ્ય વસ્તુનું લેખન અપૂર્ણ રહી ગયું છે એમ પ્રતીત થવાથી અને ત્યારે શ્રી વ્યાસજીએ નારદજી દ્વારા કહેવાયેલ વાતોને ભગવદાજ્ઞા સમજીને ભગવલ્લીલાવગાહન કરાવનારા એવા શ્રી ભાગવતની રચના કરી. અને તેથી તેમણે મનમાં અપાર આનંદ અનુભવ્યો. આમ જ્ઞાનાવતાર વ્યાસજીને પણ આનંદ અને શાન્તિ આપનાર આ ભાગવત શાસ્ત્ર છે.

ભાગવતના પાંચમા અધ્યાયમાં નારદજીએ કહેલા શ્લોકોમાં સ્પષ્ટ જણાવેલું છે કે, હે વ્યાસજી, તમે હજુ સુધી ભગવાનનો નિર્મળ યશ બરાબર કહયો નથી. તેમજ તમે જેમ ધર્માદિક અર્થનું પ્રતિપાદન કર્યું છે. તેમ તમે વાસુદેવ ભગવાનના મહિમાનું વર્ણન કરેલું નથી, અને જગતને પવિત્ર કરનાર એવો ભગવાનનો યશ જેમાં ઉચ્ચારાયેલો ન હોય તેવાં વચનો કાગડાના તીર્થ જેવાં છે. અને જેમાં ભગવાનનો યશ બરાબર પ્રતિપાદન થયેલો હોય તેવાં વચનો શ્લોકબદ્ધ છંદોબદ્ધ વ્યવસ્થિત નહિ પણ હોય તો પણ તે સત્પુરુષો દ્વારા સદૈવ શ્રવણીય છે. નિષ્કર્મ નિરંજનજ્ઞાન પણ જો ભકિત રહિત હોય તો તે શોભતું નથી. તો પછી ભગવત્સંબન્ધ વિના અથવા તો ભગવાનને અર્પણ નહીં થયેલું એવું કર્મ ભકિત રહિત હોય તે તો શોભેજ કેવી રીતે ? માટે હે વ્યાસજી, તમે સમાધિ દ્વારા જે ભગવલ્લીલાનો અનુભવ કરો તેને શાસ્ત્રરૂપે પ્રકટ કરો કે જે દરેકને માટે મોક્ષપ્રદ હોય. આમ આ નારદજીનાં વાકયોથી પૂર્ણરૂપેણ પરબ્રહ્મ પરમાત્મા જેમાં ગવાયેલા છે અને જેમાં માત્ર પ્રભુની લીલાનું જ પ્રતિપાદન છે, એ માત્ર શ્રીભાગવતજ છે.

બીજાં બધાં પુરાણોમાં જ્ઞાન પ્રકારે સર્ગ વગેરે બતાવવામાં આવેલું છે. જ્યારે ભાગવતમાં—

અત્ર સર્ગો વિસર્ગશ્ચ, સ્થાનં પોષણમૂતયઃ ।
મન્વન્તરેશાનુકથા, નિરોધો મુક્તિરાશ્રયઃ ।।
(ભાગવત ૨–૧૦–૧)

સર્ગ–વિગર્ગ–સ્થાન–પોષણ–ઊતિ–મન્વન્તર–ઇશાનુકથા–નિરોધ–મુક્તિ–આશ્રય; આમ દશ પ્રકારની લીલાના વર્ણન દ્વારા ભાગવત કહેવાયેલું છે. તેથી ભાગવતમાં આવતી કથા-સ્રષ્ટિનું સર્જન, દેવો દ્વારા તથા ઋષિઓ દ્વારા સર્જન, ભૂગોળ, ખગોળ, નરક વગેરેનું વર્ણન ૧૪ મન્વન્તરની કથા સૂર્ય–ચંદ્રવંશની કથા વગેરે કે જે એક રીતે એમ દેખાય કે તેને ભગવલ્લીલા સાથે શું સંબંધ ? પણ તે બધી કથાઓ પણ તે તેની કથાના વિષય પરત્વે નહિ પણ તે પણ ભગવલ્લીલામાં આવી જતી હોવાથી અને આદિથી અંત સુધીમાં જે કાંઇ થયું છે, થાય છે અને થશે તે સર્વ પ્રભુની લીલા માત્ર છે, એ સિદ્ધાંત પ્રકારે કહેવાયેલ છે. તેથી **"દ્વાદશાગોં ઠૌ પુરુષઃ"** એ પ્રકારે આ ભાગવત પ્રભુનું દશવિધ લીલાત્મક અને અધિકાર લીલા (પ્રથમ સ્કંધ), સાધન લીલા (દ્વિતીય સ્કંધ) સહિત દ્વાદશાત્મક વાઙ્મય સ્વરૂપ જ છે. અને તેથી જ શ્રીઆચાર્ય ચરણ સર્વનિર્ણય નિબંધમાં આજ્ઞા કરે છે

કે **"વૃત્ત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ ।** (સર્વ નિર્ણય પ્રકરણ–૨૫૪)

ભગવત્ પ્રીતિ સિવાયના તમામ હેતુઓથી રહિત રહીને ભાગવતનું શ્રવણ–પઠનાદિ કરવું. કયારેય કોઇ પણ હેતુ પુરઃ સર કરવું નહિ. કંઠપ્રાણ અવસ્થામાં પણ એટલે કે ગમે તેવી વિપદામાં પણ શ્રીમદ્ ભાગવતનો ઉપયોગ વૃત્તિને અર્થે કરવો નહિ. કારણકે ભાગવત ભગવાનનું વાઙ્મય સ્વરૂપ જ છે. તેમજ ભગવદ્ યશોગાન ક્ષુદ્ર હેતુઓ માટે અયોગ્ય જ છે. જેમ શ્રીહરિરાયમહાપ્રભુએ ભગવત્ સેવાના વિષયમાં કહ્યું છે કે **તસ્ય સેવાં પ્રકુર્વીત, યાવજ્જીવં સ્વધર્મતઃ । ન ફલાર્થં ન ભોગાર્થં, ન પ્રતિષ્ઠા પ્રસિદ્ધયે ॥**

અહીં અન્ય હેતુઓના સર્વથા વર્જન પૂર્વક માત્ર સ્વધર્મતઃ જ ભગવત્સ્વરૂપનું સેવન બતાવ્યું છે તેવીજ રીતે ભાગવતનું સેવન પણ શ્રીઆચાર્ય સમ્મત છે. ભાગવત એ પુરુષોત્તમનું સ્વરૂપ છે અને પુરુષોત્તમ સર્વતંત્ર સ્વતંત્ર છે અને તેના દ્વારા **'રસ હિ એવ અયં લબ્ધ્વાઽઽનન્દી ભવતિ'** એ પ્રકારે રસ પ્રાપ્તિ અથવા પરમાનંદ પ્રાપ્તિ એજ માત્ર ફલ છે. તેથી જ મોક્ષ વગેરે કાર્યો પ્રભુ પોતાના વાસુદેવ વગેરે વ્યૂહદ્વારા કરતા હોય છે. આમ સહેતુક ભાગવતના સેવનમાં પુરુષોત્તમ સેવન નહિં પણ વ્યુહ સેવન પ્રાપ્ત થાય છે.

આમ શ્રીઆચાર્યચરણ ભગવત્ સ્વરૂપત્વેનજ ભાગવતનો વૃત્યર્થ નિષેધ કરે છે. આ સર્વથી એમ જણાય છે કે ભાગવતની પુરાણોમાં ગણના કરી હોવા છતાં પણ પુરાણો કરતાં તેનું વૈશિષ્ટય છે જ.

અન્ય પુરાણોમાં અલગ–અલગ કલ્પોથી અલગ–અલગ રીતે સૃષ્ટિ વગેરેનું વર્ણન કરવામાં આવેલું છે. માટે જ જુદાં જુદાં પુરાણોમાં કયારેક શિવથી કયારેક બ્રહ્માથી તો કયારેક વિષ્ણુથી સૃષ્ટિ બતાવી છે, તેવી જ રીતે સૃષ્ટિક્રમમાં પણ ભિન્ન રીતિ જોવા મળે છે. તદ્ ઉપરાંત અવતારો વગેરેની કથાઓમાં પણ કયાંક–કયાંક અલગ પણું જોવા મળે છે. જુદા–જુદા કલ્પોમાં દરેક કલ્પ મુખ્યતયા આ ત્રણ પ્રકારે છે. (૧) સાત્વિક (૨) રાજસ (૩) તામસ. તેમજ ત્રણેના મિશ્ર ભેદથી તેની સંખ્યા ત્રણથી વધુ થઇ જાય છે. જ્યારે શ્રીમદ્‌ભાગવતમાં અનેક કલ્પોની કથાઓ કહેવામાં આવી છે, અને તે પણ શિવ–બ્રહ્માદિકમાં પણ મૂલતઃ પુરુષોત્તમની જ સર્વ લીલાઓ છે. તે પ્રકારે પ્રતિપાદન થયેલું છે. તેમજ કૃષ્ણાવતાર ની કથામાં પણ **"પ્રાપ્તે સારસ્વતે કલ્પે"** એ વાકયથી સારસ્વત કલ્પમાં પુરુષોત્તમનો શ્રી કૃષ્ણ રૂપે પ્રાદુર્ભાવ થયો તેની કથા કહેવામાં આવી છે. તેમજ આ શ્રી ભાગવતના દેવતા રૂપે મૂલસ્વરૂપ શ્રી કૃષ્ણ છે કે જેનું પ્રતિપાદન ગોપાલતાપિનીય વગેરેમાં **"તયોરૈકયં પરંબ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે"** વગેરે શબ્દોથી કરવામાં આવેલું છે તે છે. આ રીતે પણ શ્રી ભાગવતનું અન્ય પુરાણો કરતાં વૈશિષ્ટય અથવા શ્રૈષ્ઠય જોવા મળે છે.

– ક્રમશઃ

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ—જીવન ઝાંખી

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

૧ પ્રાકટ્યની આગાહી

એક દિવસ શ્રી મહાલક્ષ્મીજીએ શ્રી મહાપ્રભુજીને કહ્યું, "પ્રભુ, હમણા સેવાના સમયે શ્રી નાથજી મારી સામે જોઈ સ્મિત કરી રહે છે. આનો શો અર્થ હશે?"

મહાપ્રભુજીએ કહ્યું, "દેવી, એ આપણું પરમ ભાગ્ય દર્શાવે છે. નજીકના ભવિષ્યમાં આપણા પર ભગવદ્ કૃપા ઉતરશે તેનું આ શુભ ચિહ્ન છે. આપણે ત્યાં પ્રભુ સ્વયં અવતાર લેશે."

આ સાંભળી શ્રી મહાલક્ષ્મીજી અતિ પ્રસન્ન થયા.

૨ પ્રાકટ્ય

કાશીથી થોડે દૂર ચરણાદ્રિ પર્વતથી સુરક્ષિત, સુંદર પ્રકૃતિથી રમણીય ચરણાટ ગામે વિક્રમ સંવત ૧૫૭૨માં માગસર વદ નોમ અને શુક્રવારના શુભ દિને શ્રી મહાપ્રભુજીને ત્યાં બીજા પુત્રનું પ્રાકટ્ય થયું. શ્રી મહાપ્રભુજીએ ખૂબ આનંદ—ઉત્સાહથી નંદ મહોત્સવ ઉજવ્યો. ચરણાટ ગામ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી'ના આનંદ-ઉત્સાહભર્યા અવાજથી ગાજી ઉઠ્યું.

ઉત્સવ પ્રસંગે શ્રી રામાનુજ સંપ્રદાયના બટુક મહારાજે આવી કહ્યું, "પ્રભુ મારી પાસેના શ્રી વિઠ્ઠલનાથજીના સ્વરૂપને આપશ્રી પધરાવો અને આપને ત્યાં પ્રકટ થયેલ શ્રી વિઠ્ઠલપ્રભુના મને દર્શન કરાવો.

આ પ્રસંગે અતિ પ્રસન્ન મનથી શ્રી મહાપ્રભુજીએ પોતાના પ્રિય સેવક શ્રી હરસાનીજીને આજ્ઞા કરી: "દમલા, આજનો દિવસ આપણા માટે અનેરો શુભ દિન છે. આજે શ્રી ઠાકોરજી સેવક બની પુત્ર રૂપે અને સેવ્ય બની શ્રી વિઠ્ઠલનાથજી સ્વરૂપે પધાર્યા છે. આથી મારા પુત્રનું નામ અજ્ઞાનીઓને જ્ઞાન રૂપી પ્રકાશ આપનાર શ્રી વિઠ્ઠલ રાખું છું. વિઠ્ઠલ સ્વરૂપે પ્રભુ સ્વયં પુષ્ટિમાર્ગનો ઉત્કર્ષ કરશે."

૩ બાલપણ અને વિદ્યાભ્યાસ

ચાલતાં, દોડતાં અને બોલતાં શીખી ગયેલ સવા વર્ષના બાલ વિઠ્ઠલેશને શ્રી મહાપ્રભુજીએ સેવા સંસ્કારનું સિંચન કરવા કર્ણવેધકૂપમાંથી પ્રાપ્ત થયેલ શ્રી બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. શ્રી બાલકૃષ્ણ વિઠ્ઠલને સાક્ષાત્ દર્શન આપતા, તેમની સાથે ખેલતા અને સૌ ત્રીલાવે ભોગના ઠોરની ખેંચાખેંચી પણ કરતા. તેમની પરસ્પર ની ખેંચતાણ ની મનોહારી લીલાના દર્શન કર્યા પછી શ્રી મહાપ્રભુજીએ શ્રી બાલકૃષ્ણના સ્વરૂપ માટે બે ઠોરનો નેગ સેવા માટે બાંધી આપ્યો.

આઠ વર્ષની વયે શ્રી વિઠ્ઠલેશજીની યજ્ઞોપવિત વિધિ કરવામાં આવી. તે પછી વિદ્યાભ્યાસ માટે કાશીના સુપ્રસિદ્ધ, વિદ્વાન શાસ્ત્રી શ્રીમાધવ સરસ્વતિની પાઠશાળામાં તેમને મોકલવામાં આવ્યા. અહીં તેમને ગંગાજીમાં તરવાનો, અને મલ્લકુસ્તી કરવાનો અને ઘોડે-

સ્વારીનો શોખ લાગતાં અભ્યાસ કરતાં ઇતર પ્રવૃત્તિમાં તે વધારે રત રહેવા લાગ્યા. સ્વામીજીએ આ માટે તેમને ટકોર કરી. પરંતુ પૂછેલા પ્રશ્નોના સચોટ જવાબો આપી શ્રીવિઠ્ઠલે સ્વામીજીને આશ્ચર્યચકિત કરી દીધા. પ્રભુએ સ્વપ્નમાં આવી સ્વામીજીને કહ્યું કે તેમને ત્યાં અભ્યાસ કરી રહેલ શ્રીવિઠ્ઠલ એ તેમનું સ્વયંસ્વરૂપ છે. આ જાણી સ્વામીજીના આનંદ અને અહોભાવની અવધિ ન રહી.

૪. ભાગવતજીના પાઠનો નિત્ય નિયમઃ

મોટાભાઇ શ્રી ગોપીનાથજીને દળદાર ભાગવતજીનો પાઠ કરતા જોઈ શ્રીવિઠ્ઠલેશ પણ દશમ સ્કંધનો પાઠ કરતા બંને ભાઈઓ પાઠ પૂરો કર્યા પછી જ પ્રસાદ ગ્રહણ કરતા. આથી શ્રી મહાપ્રભુજીએ ગોપીનાથજી માટે શ્રીપુરુષોત્તમ સહસ્ત્ર નામ' અને શ્રી વિઠ્ઠલેશ માટે 'ત્રિવિધ નામાવલી' રચ્યાં. ત્યારથી 'ત્રિવિધ નામાવલી' નો પાઠ શ્રી વિઠ્ઠલેશ માટે નિત્યક્રમ બની ગયો.

૫. શ્રી મહાપ્રભુજીનો તિરોભાવ :

ગોલોક ધામમાં પધારવા પ્રભુની ત્રીજી અને અંતિમ આજ્ઞા મળતાં શ્રી મહાપ્રભુજીએ સર્વ કાર્ય સમેટી અડેલથી કાશી પધારવા અને સંન્યાસ લેવા નિર્ણય કર્યો. આ સમયે શ્રી ગોપીનાથજી ૨૦ વર્ષના અને શ્રીવિઠ્ઠલેશ ૧૫ વર્ષના હતા. આ વાત જાણી બધાનાં હૃદય ભરાઇ આવ્યાં. પરંતુ પ્રભુની અકળ લીલા પાસે બધા લાચાર હતા. શ્રી મહાપ્રભુજીએ સર્વને શ્રી ઠાકોરજી પ્રત્યે સદા અલૌકિક ભાવ રાખવા અને તેમનાં સેવા સ્મરણ કરવા આજ્ઞા આપી. ભગવદ્ લીલાના રહસ્ય સાથે નિજ સ્વરૂપ જેમના હૃદયમાં વિરાજતું હતું. એના દામોદરદાસ હરસાનીજીને માર્ગના સિદ્ધાંત અને માર્ગદર્શન માટે અનુસરવાનું સર્વને કહી કાશી પધાર્યા અને સંન્યાસ લીધો.

વિક્રમ સંવત ૧૫૮૭ ના અષાઢ સુદ ત્રીજનો રથ યાત્રાનો દિવસ આવ્યો. આ વખતે હરસાનીજીની સાથે કાશી આવેલ શ્રી ગોપીનાથજીએ અને શ્રી વિઠ્ઠલેશજીએ શ્રી મહાપ્રભુજીને વિનંતિ કરીઃ 'હવે અમારુ કર્તવ્ય શું એ કૃપા કરી કહો.'

મૌન ધારણ કરેલું હોવાથી ઘાટના શિલા ખંડ પર ખડીથી સાડા ત્રણ શ્લોક લખ્યા જે સંપ્રદાયમાં 'શિક્ષા શ્લોકી'ના નામે સુપ્રસિદ્ધ છે. આમાં તેમણે પ્રભુથી બહિર્મુખ ન થવા, શ્રી ઠાકોરજીમાં દઢ આસ્થા રાખવા અને તેમના સેવા–સ્મરણ કદી ન છોડવા બોધ આપ્યો છે. આ 'શિક્ષા શ્લોકી' પુષ્ટિમાર્ગની દીવા દાંડી છે. વલ્લભ કુલના બાળકો માટે અને વલ્લભી વૈષ્ણવો માટે એ 'પુષ્ટિ માર્ગ દર્શક'નું કામ કરે છે–પોતાના પથથી વિચલિત ન થવા અને પથ પર રહેવા ઉદ્બોધન કરે છે.

(૬) શ્રી હરસાનીજીની શીખ :

શ્રી મહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ત થયેલ પુષ્ટિજ્ઞાન ક્યારે શ્રી વિઠ્ઠલેશજી પાસે પ્રકાશિત કરું એ વિચારે શ્રી હરસાનીજીનું મન વાર વાર અધીરું બની જતું, પરંતુ તેમનું રમતિયાળપણું જોઇ તેમને માર્ગના ભાવિ ઉત્કર્ષ વિષે ચિંતા રહ્યા કરતી એક રાતે શ્રી પ્રભુચરણ પાસે જઈ દંડવત કરી તેમણે કહ્યું, "પ્રભુ ! અપનો મારગ નિશ્ચિંતતા કો નહીં હે. યહ મારગ તો અત્યંત કષ્ટ, આતુરતા કો હે, દુઃખ કો હે !"

મહા અનલાવતાર શ્રી મહાપ્રભુજી જેમના હૃદયમા બિરાજતા હતા એવા પરમ ભગવદીય શ્રી હરસાનીજીની વાણી ચિનગારી સમાન નીવડી શ્રી પ્રભુચરણ રાતોરાત પલટાઇ ગયા. તેમના હૃદયમાં પુષ્ટિજયોત ઝળહળી ઉઠી. તેઓશ્રીએ શ્રી મહાપ્રભુજીના સાહિત્ય અને પુષ્ટિ સિદ્ધાંતને સમજવા જાણે યજ્ઞ માંડયો. શ્રી હરસાનીજી અને પદ્મનાભદાસજી વગેરે પાસેથી પુષ્ટિસાહિત્ય સમજી આધિદૈવિક જ્ઞાન અને સિધ્ધાંત આત્મસાત્ કર્યા અને સાહિત્યનું પઠન પાઠન કરી નવું સાહિત્ય નિર્માણ કર્યું. હવે હરસાનીજીનો હરખ માતો ન હતો. શ્રી વિઠ્ઠલેશજીમાં જાણે પુષ્ટિમાર્ગનો પૂર્ણચંદ્ર ખીલી ઊઠયો હોય એવો ઉલ્લાસ તેમણે હૃદયમાં અનુભવ્યો.

(૭) ગૃહસ્થ જીવન

શ્રી મહાપ્રભુજીના લીલા પ્રવેશ પછી વિ. સં. ૧૫૮૮માં બાગરોદી શ્રી વિશ્વનાથભટ્ટના સુપુત્રી શ્રી રૂક્ષ્મણીજી સાથે શ્રી વિઠ્ઠલેશનું લગ્ન થયું. આ લગ્નથી તેમને ૧૦ સંતાન ૬ પુત્ર અને ૪ પુત્રીઓ પ્રાપ્ત થયાં. સંવત ૧૬૧૬માં રૂક્ષ્મણીવહુજી લીલાધામમાં પધાર્યા સંવત ૧૬૨૦માં રાણી દુર્ગાવતીના આગ્રહથી તેમની રાજધાની ગઢામાં શ્રી વિઠ્ઠલેશજીએ શ્રીકૃષ્ણરાયની કન્યા પદ્માવતી સાથે બીજું લગ્ન કર્યું. એમનાથી તેમને શ્રી ઘનશ્યામજી નામના પુત્રની પ્રાપ્તિ થઈ શ્રી વિઠ્ઠલેશજીને સાત પુત્રો હોવાથી તેમના પછી પુષ્ટિ સંપ્રદાયમાં સાત ગાદીઓ પ્રચલિત થઈ.

(૮) પુષ્ટિ પ્રચાર અર્થે યાત્રાઓ :

શ્રી મહાપ્રભુની જેમ શ્રી પ્રભુચરણે પણ પુષ્ટિમાર્ગના પ્રચાર-પ્રસાર અર્થે ભારત યાત્રાઓ કરી ગુજરાતની ભૂમિને તેઓશ્રીએ છ વાર પોતાના પુનિત પગલાંથી પાવન કરી ઇડર, ખંભાત, ગોધરા, ધોળકા, મોરબી, રાજનગર, જામનગર, દ્વારકા, વગેરે અનેક સ્થળોએ પુષ્ટિને પ્રસરાવી મોટી સંખ્યામાં લોકોને સેવક બનાવ્યા. ધોળકામાં દુષ્કાળ દૂર કરી મુસળધાર વરસાદ વરસાવી રાણી લાછબાઇ અને પ્રધાન બાજબહાદૂરની શ્રદ્ધા સંપાદન કરી. ખંભાતના વૈષ્ણવ વેપારીઓને જૂઠું બોલવાનું છોડાવી વેપારમાં પ્રામાણિકતાનું આચરણ કરવા પ્રતિજ્ઞાબદ્ધ કર્યા. સૌરાષ્ટ્રના માછીયારોનું જીવહિંસાનું પાપ છોડાવી, તેમને જમીન અપાવી અને સેવક બનાવ્યા. અમદાવાદના નિજ સેવક શ્રી ભાઇલા કોઠારીના જન્મથી મૂંગા જમાઈ ગોપાલદાસને પોતાનું પ્રસાદી તાંબુલ અપી વાચાળ બનાવ્યા એટલું જ નહીં પરંતુ તેમના પર અનહદ કૃપા વરસાવી તેમના મુખે 'વલ્લભાખ્યાન' ગવડાવી તેમને પુષ્ટિસંપ્રદાયમાં અમર બનાવી દીધા.

ગુજરાતમાં અને ગુજરાત બહાર અસંખ્ય લોકો તેમના સેવક બન્યા. આ ઉપરાંત અકબર બાદશાહ, રાજા માનસિંહ, બીરબલ, રાણી દુર્ગાવતી, રાજા આસકરણ જેવા અનેક મહાનુભાવો તેમને સન્માન અને આદરની દૃષ્ટિથી જોતા અને તેઓશ્રી પ્રત્યે પૂજ્યભાવ રાખતા.

(૯) અષ્ટછાપની સ્થાપના

શ્રી વિઠ્ઠલેશજીએ શ્રીનાથજીની આઠે ઝાંખીઓમાં નિયમિત કીર્તન માટે સંગીત-કલાવિશારદ કીર્તનકારો નીમ્યા. આ માટે એમના પિતૃચરણ શ્રી મહાપ્રભુજીએ નીમેલા

ચાર સેવકો કુંભનદાસ, સુરદાસ, પરમાનંદદાસ અને કૃષ્ણદાસની સાથે પોતાના ચાર કલાવિદ્ શિષ્યો ગોવિંદસ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસને સંમિલિત કરી એક મંડળની સ્થાપના કરી જે 'અષ્ટછાપ'ના નામથી પ્રસિદ્ધ થયું.

આ આઠે મહાનુભાવો શ્રીનાથજીની મૂળ લીલાના અર્જુન, કૃષ્ણ, લોક, ઋષભ, શ્રીદામા, સુબલ, વિશાલ અને ભોજ નામના આઠ અંતરંગ સખાઓ હતા જે ક્રમશ; કુંભનદાસ, સુરદાસ, પરમાનંદદાસ, કૃષ્ણદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસના રૂપમાં શ્રીનાથજીની સેવા માટે ભૂતલ પર અવતર્યા હતા. આ કારણથી અષ્ટછાપના આ આઠે ભકતકવિઓ 'અષ્ટસખા' નામથી સુવિખ્યાત છે.

કુશળ સંગીતજ્ઞ શ્રી વિઠ્ઠલેશજી હવેલી સંગીતના આદ્ય સ્થાપક અને 'સંગીત સાગર'ના બિરુદથી વિખ્યાત છે. તેમણે સંગીતકલાને શ્રીકૃષ્ણના ચરણકમલમાં ધરી પુષ્ટિ સંપ્રદાયની અને સંગીતની અનન્ય સેવા બજાવી છે.

(૧૦) પુષ્ટિમાર્ગીય સેવાનો સુવ્યવસ્થાપૂર્ણ વિસ્તાર :

શ્રીનાથજીની સેવાપ્રણાલી શ્રીવલ્લભાચાર્યજીએ પ્રચલિત કરી. આમ છતાં તેની યથાયોગ્ય વ્યવસ્થા અને સુચારૂ રૂપમાં વિસ્તાર કરવાનું શ્રેય શ્રી વિઠ્ઠલેશજીને ફાળે જાય છે. સાંપ્રદાયિક ઉત્તરદાયિત્વ સંભાળતાની સાથે જ સૌથી પ્રથમ તેમણે પુષ્ટિમાર્ગીય સેવાને મંગળા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ આરતી, સંધ્યા આરતી અને શયન એમ આઠ પ્રકારોમાં સુંગઠિત–સુવ્યવસ્થિત કરી. તેમણે શ્રી ઠાકોરજીની નિત્યોત્સવ અને વર્ષોત્સવની સેવાવિધિનું ભવ્ય અને કલાત્મક આયોજન કર્યું. તેઓશ્રીએ જે સેવાક્રમ નિર્ધારિત કર્યો તેને અદ્યાપિ પર્યંત પુષ્ટિ સંપ્રદાયના મંદિરોમાં અનુસરવામાં આવે છે.

શ્રી વિઠ્ઠલેશે પાનઘર, કુલઘર, શાકઘર, ખાસા ભંડાર, ખર્ચ ભંડાર બાલભોગ આદિ વિભિન્ન વિભાગોનું આયોજન કર્યુ અને સેવાવિધિને શૃંગાર, ભોગ અને રાગ એમ ત્રણ પ્રમુખ અંગોમાં વિસ્તારી, સંગીત, ચિત્રકામ, પાકશાસ્ત્ર, ભરતકામ, સુશોભન ઇત્યાદિ કલાઓને પ્રભુસેવામાં સ્થાન આપ્યું. સાંસારિક વિષયોમાં ફસાયલા જીવો ભગવાનની સેવામાં પ્રયુકત બને અને તેમની શૃંગારાત્મક, ભોગાત્મક અને રાગાત્મક લૌકિકવૃત્તિ પ્રભુની વ્યસનાત્મક સેવા દ્વારા પ્રભુપ્રીત્યર્થે અલૌકિક શૃંગાર, ભોગ અને રાગમાં પરિણમે અને એ રીતે તેઓ જીવન મુકત બને એવી કલ્યાણકારી સેવાપ્રણાલી તેઓશ્રીએ યોજી.

શ્રી મહાપ્રભુજીના સમયથી શ્રીનાથજીની સેવા બંગાળીઓ કરતા હતા. પરંતુ તેઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ન હોવાથી અને દેવીને માનતા હોવાથી શ્રીવિઠ્ઠલેશજીએ કુનેહથી શ્રી કૃષ્ણદાસ અધિકારી દ્વારા તેમને શ્રીનાથજીની સેવામાંથી દુર કરી સાચોરા બ્રાહ્મણ વૈષ્ણવોને સેવા સોંપી.

(૧૧) શ્રી વિઠ્ઠલેશજીની સાહિત્ય સેવા

શ્રી વિઠ્ઠલેશજી એક ઉત્તમ સાહિત્યકાર હતા. તેમણે વેદ–પુરાણાદિ ધાર્મિક અને

સૈદ્ધાંતિક ગ્રંથોનું અનુશીલન કરી અનેક સ્વતંત્ર ગ્રંથો અને ટીકાઓ રચી પિતૃચરણ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો પર પ્રકાશ પાડી પુષ્ટિ સંપ્રદાયના રહસ્યને પ્રગટ કર્યો છે. તેમણે રચેલા નાના–મોટા ગ્રંથોની સંખ્યા લગભગ ૫૦ જેટલી છે જેમાંના સારા એવા ગ્રંથો શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથોની પૂર્તિ અથવા ટીકાના રૂપમાં લખેલાં છે; જેવાં કે અણુભાષ્યનો અંતિમ દોઢઅધ્યાય, ગાયત્રી કારિકા, અષ્ટાક્ષર નિરુપણ, મધુરાષ્ટક, ગીતગોવિન્દની પ્રથમ અષ્ટપદિ ઇત્યાદિ.

તેમના સ્વતંત્ર ગ્રંથોમાં વિદ્વન્મંડન, ભકિતહંસ, ભકિતહેતુ નિર્ણય, શૃંગારરસમંડન, સ્વપ્ન દર્શન, ગુપ્તરસ, જન્માષ્ટમી, ચતુશ્લોકી પ્રમુખ છે. 'વિદ્વન્મંડન'માં તેમના અપૂર્વ પાંડિત્યના દર્શન થાય છે.

શ્રી ગોકુલાષ્ટક, સ્વામિન્યાષ્ટક, સ્વામિની સ્તોત્ર, લલિત ત્રિભંગ સ્તોત્ર, પ્રબોધ, શ્રી યમુનાષ્ટપદી, રક્ષાસ્મરણ; પ્રેંખપર્યંશયનમ્, મંગલ મંગલમ, ભાવૈરંકુરિતમ, વિજ્ઞપ્તિઓ આદિ તેમના અગણિત મધુર સ્તોત્રો છે.

સૌદર્યપદ્ય, શ્રી સવોત્તમ સ્તોત્ર, શ્રી વલ્લભાષ્ટક અને સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃત એ શ્રીમહા પ્રભુજીના સ્વરૂપનું નિરૂપણ કરતા તેમના સુંદર સ્તોત્રો છે.

શ્રી યમુનાષ્ટક વિવૃત્તિ, સિદ્ધાંત મુકતાવલિવિવૃત્તિ, સિદ્ધાંત રહસ્યવિવૃત્તિ અને નવરત્ન પ્રકાશ એ ષોડશગ્રંથ પરની તેમની પ્રમુખ ટીકાઓ છે. ઉપરાંત શ્રી ભાગવતાર્થ નિબંધ પ્રકાશ સ્કંધ ૩ થી ૫, શ્રી ટિપ્પણીજી અને શ્રીવૃત્રાસુર ચતુઃશ્લોકી એ તેમના શ્રીભાગવતજી વિષયક ટીકાગ્રંથો છે.

શ્રીકૃષ્ણદાસ અધિકારીએ શ્રી ગોપીનાથજીના પુત્ર શ્રી પુરુષોત્તમજીની તરફેણ કરી તેમને શ્રીનાથજીની સેવાના અધિકારી બનાવી શ્રી વિઠ્ઠલેશજીને શ્રીનાથજીની સેવા કરવાની મનાઇ કરી ત્યારે કોઇ પણ વિરોધ દર્શાવ્યા વિના શ્રી વિઠ્ઠલેશજીએ ચંદ્ર સરોવર પર છ માસ પર્યંત અન્નનો ત્યાગ કરી શ્રીનાથજીના વિરહમાં બિરાજી શ્રીજીને સુંદર ભાવાત્મક વિનંતિ પત્રો લખ્યાં જે આજે શ્રી ગુસાંઇજીની વિજ્ઞપ્તિઓ ના નામથી સુપ્રસિદ્ધ છે.

(૧૨) શ્રી વિઠ્ઠલેશજીની સમાજ સેવા

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ એક વિચારશીલ સમાજ સુધારક હતા. લોકકલ્યાણની ભાવનાથી પોતાના પરિચયમાં આવનાર વેશ્યાઓને વૈષ્ણવ બનાવી, ચોરોને પાપી ધંધો છોડાવી પ્રમાણિક ખેડૂત બનાવ્યા, માછીમારોની જીવહિંસા છોડાવી તેમને જમીન અપાવી વૈષ્ણવ બનાવ્યા, વેપારીઓને જૂઠનો વેપાર છોડાવી તેમને પ્રમાણિક વેપાર કરવા પ્રેર્યા, અફિણિયાઓનું વ્યસન છોડાવ્યું કન્યાવિક્રયીઓનો સામાજિક બહિષ્કાર કરાવ્યો. અને જ્યોતિષ, શુકન વગેરે ઠગારાં સાધનો છે એમ લોકોને સમજાવ્યું. અસત્ય માર્ગથી મળેલું દ્રવ્ય પ્રભુ અંગીકાર કરતા નથી. એવું સ્વઆચરણથી બતાવી સત્ય માર્ગે પ્રાપ્ત થયેલ દ્રવ્ય સેવામાં ઉપયોગ લેવાનો આગ્રહ રાખ્યો. વૈષ્ણવોને દુઃસંગ અને અસદાલાપથી દૂર રહી પ્રામાણિક અને પ્રભુમય જીવન જીવવા તેમણે અનુરોધ કર્યો.

શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રી વિઠ્ઠલેશજીને ગાયો પર અપાર મમતા હતી. શ્રીનાથજીની ગાયો માટે તેમણે વ્રજમાં ગોશાળા બંધાવી હતી. ગોસેવા તેમને અતિ પ્રિય હતી, તેથી તેમનું નામ ગોસ્વામી–ગુસાંઇજી પડ્યું છે. તેમના ન્યાય કૌશલ્યથી પ્રસન્ન થઈ અકબર બાદશાહે શ્રી વિઠ્ઠલેશજીને 'ગોસાંઇજી' નું પદ તથા સાનદ ન્યાયાધીશનો અધિકાર પ્રદાન કર્યા હતાં. ન્યાયધીશની રાજકીય વેશભૂષા-વાળાં શ્રી વિઠ્ઠલેશજીનાં અતિ પ્રભાવાત્મક ચિત્રજી આજે પણ ઉપલબ્ધ છે.

(૧૩) લીલા પ્રવેશ :

શ્રીગુસાંઇજીએ પોતાના સાત પુત્રોને સાત ભગવદ્ સ્વરૂપો સેવા માટે પધરાવી આપ્યાં હતાં. લોકલીલા સમેટી લેવાનો સમય આવી પહોંચતાં સીત્તેર વર્ષની વયે સં. ૧૬૪૨ના મહાવદ સાતમના દિને પોતાના પુત્ર–પૌત્રાદિને શ્રીનાથજી સંમુખ ઠાડા કરી તેમને આજ્ઞા કરી આ પ્રભુ આપણા કુલદેવતા છે. તેમની ભાવપૂર્વક સેવા કરજો અને શ્રી મહાપ્રભુજીની મેંડમાં ન્યુનતા ન આવે એ રીતે વર્તજો.

પછી શ્રીનાથજીને દંડવત કરી શ્રી વિઠ્ઠલેશે 'બાબા ! આ આપનો જ વંશ છે. એનો આપ કયારેય ત્યાગ ન કરશો.

પછી શ્રીગિરિરાજજીની કંદરામાં પ્રવેશ કરી સં. ૧૬૪૨ના મહા વદિ ૭ ના દિને શ્રીગુસાંઈજીએ સદેહે નિત્યલીલા પ્રવેશ કર્યો. શ્રી ગુસાંઇજીના અસંખ્ય સેવકો થયા પરંતુ તેમાં ૨૫૨ વૈષ્ણવો તેમના પ્રમુખ સેવકો છે.

"મનઃ સ્થિતિ"

[રાહ – **સવૈયા એકત્રીસા**]

[આ સવૈયામાં લેખક શ્રી વ્રજયાત્રા કરી આવ્યા બાદ મનથી પરિસ્થિતિનું શબ્દચિત્ર દ્વારા દિગ્દર્શન કરાવે છે. —સંપાદક]

શ્રીવલ્લભ વલ્લભીઓ, વ્રજની યાદ નિરંતર આવે છે;
ગોવર્ધન ગિરિરાજ ધરણકી છબિ હૃદય પર લાવે છે.
શ્રીયમુને મહારાની મા ની, કરૂણા હવે તપાવે છે;
વ્રજભૂમિ, વન, વૃક્ષ લાતા સૌ, અશ્રુ નયનમાં લાવે છે.
કયાં ગઈ વ્રજયાત્રા, વનવાસી, હરિભકતો મન ભાવે છે;
પાલ ગયા કયાં ? કયાં વ્રજ વલ્લભ ? નિત્યે ગુંજન ચાલે છે.
અનન્ય વલ્લભીયોનાં મિલન પ્રપંચ સૌ ભૂલાવે છે;
વ્રજ રજ, વ્રજની લતા પતાકા, કૂંજો હૃદય હલાવે છે.
સૂણો સ્નેહી વલ્લભીયો વ્હાલા, સદા સ્મરણ એ આવે છે;
ઉભય સુખ હરિ ગુરુ કૃપાથી, વલ્લભીયો જ અપાવે છે.
વારંવાર પ્રીતે વ્રજ વલ્લભ, કૃપા કરી બોલાવે છે;
હરિ અનુગ્રહે **'નટવર'** મહાસુખ, આનંદે ડોલાવે છે.
અંતરની આ વાતો, અંતરિયે ઉત્પાત મચાવે છે;
નથી રહ્યું અંતર દૂર તો યે, પરમાનંદ અપાવે છે.

પ. ભ. શેઠ નટવરલાલ મહાસુખલાલ, અરાદ.

“શ્રીમદ્ ભગવદ્ગીતા એક આદર્શ ગ્રંથ”

પ્રેષક : **કુ. રાગિણી જે, જોષી**
(M. A. Post–II ચાલુ, વેદાંત સાથે)

[વાચકોના કરકમલમાં જયારે આ અંક આવશે ત્યારે ગીતાજયંતીનો દિવસ નજીક હશે. એ દિવસને લક્ષમાં રાખીને પ્રસંગોચિત લખાયેલો આ લેખ ઘણો જ પ્રેરક થઇ પડશે. ગીતાજી એટલે સ્વયં ભગવાને અર્જુન જેવા અધિકારીને આપેલો ઉપદેશ. એ ઉપદેશમાંથી થોડાએક શ્લોકોની છણાવટ એમ. એ.નાં વિદ્યાર્થિની કુમારી રાગિણીબહેન જે. જોશીએ કરી છે. તેના ઉપરથી ગીતાજીનું મહત્ત્વ સમજાશે. ગીતાજી કોઇપણ ક્ષેત્રમાં કામ કરતા માનવજીવનને એકસરખી રીતે ઉપયોગી છે. લેખિકાએ આપેલા થોડાક શ્લોકો એવી જ પ્રેરણાનાં પીયુષનું પાન કરાવે છે, તે સૌને અવશ્ય આનંદદાયક થશે. –સંપાદક]

ગીતા વિષે કહેવાયું છે– “ગીતા સુગીતા કર્તવ્યા કિમન્યૈઃ શાસ્ત્રવિસ્તરૈઃ” એજ બતાવે છે કે ગીતાનું કેટલું માહાત્મ્ય છે ! ગીતાએ અનેક જીવનવીરોને જીવન જીવવાની પ્રેરણા આપી છે. તત્ત્વજ્ઞાનની સાંકડી કેડીમાંથી રાજમાર્ગ દેખાડી મનુષ્યને ઉચ્ચ જીવન જીવવાનો આદેશ આપ્યો છે. ગીતા માનવને ઉચ્ચતમ સ્થિતિએ પણ લઇ જાય છે. ગીતાનો ઉપદેશ અમૂલ્ય છે. આસક્તિ રહિત કર્મની ભાવના, આત્માની અમરતા, સ્વધર્મ પાલન, ભક્તનું ભગવાન દ્વારા કરવામાં આવતું રક્ષણ, સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો, સુખ–દુઃખમાં સમાનભાવે રહેવાનો ઉપદેશ વગેરે અનેક મુદ્દાઓ ગીતામાં મહત્ત્વના છે.

ગીતા માનવને આસક્તિ રહિત કર્મ કરવાની પ્રેરણા આપે છે અને કહે છે–

“કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન”
ગી–અ–૨–૪૭

કર્મ બંધનકર્તા નથી, પરંતુ કર્મફળની આશાજ બંધનકર્તા છે. અનાસક્તિથી કરેલ કર્મથી માનવ ‘જલકમલવત’ સ્થિતિને પામે છે. તેથી જ ભગવાન કૃષ્ણ અર્જુનને સ્વધર્મનું પાલન કરવા પ્રેરે છે. સ્વધર્મમાંથી ચ્યુત થનાર અર્જુનને કૃષ્ણ ખૂબજ સરસ શબ્દોમાં ઉપદેશ આપે છે. સામે પક્ષે સગાસંબંધીઓને જોઇ સ્વધર્મમાંથી પાછા ફરનાર અર્જુનને કૃષ્ણ કહે છે–

અશોચ્યાનન્વશોચસ્ત્વં, પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।
ગતાસૂનગતાસૂંશ્ચ, નાનુશોચન્તિ પંડિતાઃ ॥
ગી–અ–૨–૧૧

આંગળ ઉપર અર્જુનને કહે છે કે, માનવી જે રીતે આ શરીરમાં જ બચપણ, યુવાની અને ઘડપણ અનુભવે છે, તેવીજ રીતે બીજું શરીર પણ મેળવે છે. વળી આત્માની અમરતા સમજાવતાં કહે છે–

ન જાયતે મ્રિયતે વા કદાચિન
નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।
અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો
ન હન્યતે હન્યમાને શરીરે ॥
ગી–અ–૨–૨૦

વળી આત્માને અજ, અમર બતાવતાં કહે છે કે આત્માને હથિયારો કાપી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, જલ પલાળી શકાતું નથી અને પવન સૂકવી શકતો નથી. આત્મા સ્થિર, અચળ અને સનાતન છે. આત્મા ઇન્દ્રિયોથી પર, વિકાર વગરનો છે. વળી–

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહણાતિ નરોડપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણા
ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥

ગી. અ. ૨–૨૨

માનવ જૂનાં કપડાંને છોડીને નવાં બીજાં કપડાં પહેરે છે, તેમ આ દેહ ધારણ કરનાર આત્મા જુના શરીને ત્યજીને બીજા નવા શરીરને પામે છે.

જન્મ લેનારનું મૃત્યુ નકકી અને મૃત્યુ પામેલાનો પુનર્જન્મ નકકી છે. તેથી આ બાબતે માનવીને શોક ન કરવાનું કહે છે. માનવીએ સુખ–દુઃખ, લાભ–હાનિ, જીત–હારને સમાન ગણવાં.

ભગવાન કૃષ્ણ–અર્જુનને વિષાદ ખંખેરી સ્વધર્મનું પાલન કરવાનું કહે છે અને યુદ્ધ માટે તૈયાર થવાનું કહે છે.

હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં
જિત્વા ભોક્ષ્યસે મહીમ્ ।
તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય
યુદ્ધાય કૃતનિશ્ચયઃ ॥

ગી. અ. ૨–૩૭

ગીતાનો આ ઉપદેશ માનવીને શું શીખવે છે ? સ્વધર્મ પાલન કરવાનું, વિઘ્નરૂપ નડતરો દૂર કરી, પ્રભુ જ બધું કર્તા-હર્તા છે, એમ સમજી અનાસકિતભાવે કર્મ કરતાં રહેવું તદ્ ઉપરાંત ગીતામાં કૃષ્ણ પોતાના ભકતોને પોતાના પ્રાગટય વિશે પણ વચન આપે છે.

યદા યદા હિ ધર્મસ્ય
ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમ ધર્મસ્ય ॥
તદાત્માનં સૃજામ્યહમ્ ॥

ગી. અ. ૪–૭

જયારે ધર્મનો નાશ થતો જણાય અને અધર્મનું જોર વધતું જાય ત્યારે પ્રભુ અવશ્ય અવતાર લે છે. કારણ કે સાધુ, સંતોનો ઉદ્ધાર કરવા અને પાપીઓના નાશ માટે પ્રભુ દરેક યુગમાં પ્રગટ થાય છે જ. માનવી જે રીતે પ્રભુને ભજે છે તે રીતે પ્રભુ પણ તે ભકતને ભજે છે.

આ જગતમાં જે કાંઇ જડ–ચેતન સ્વરૂપે છે તે ઇશ્વરનો અંશ છે. "પિતા ડહમસ્ય. જગતો માતા ધાતા ધાતા પિતા મહઃ । ગી. અ. ૯–૧૬, એમ કહી સંપૂર્ણ ઇશ્વરને જ અર્પણ કરવાનો ઉપદેશ આપે છે. અર્જુનને કહે છે કે "નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન" ગી. અ. ૧૧–૩૩ આ સૃષ્ટિના કર્તા, હર્તા, ભોકતા સર્વ પ્રભુ જ છે. તેથી ભાવપૂર્વક સમગ્રનું પ્રભુને અર્પણ કરવું. માનવી જે કાંઇ પ્રેમથી આપે છે તેનો પ્રભુ સહર્ષ સ્વીકાર કરે છે. ભગવાનને શરણે જનાર ધ્રૂવ, પ્રહ્‌લાદ, અહલ્યા વગેરેનો ભગવાને ઉદ્ધાર કર્યો છે. પ્રભુ કહે જ છે ને–'નમે ભકતઃ પ્રણશ્યતિ' ગી. અ. ૯–૩૧.

ગીતાકાર કહે છે કે માનવીએ અર્જુનની જેમ નિખાલસતાથી સાચા ગુરુનું માર્ગદર્શન

મેળવવા જવું અને પોતાની અજ્ઞાનતાનો નિખાલસતાથી સ્વીકાર કરવો કારણ કે "The First Step For The Knowledge is To know That Weare Ignorant."

ગીતાકારે સંસારની ક્ષણભંગુરતા સમજાવવા 'અશ્વત્થઃ' વૃક્ષનું રૂપક આપ્યું છે. 'અ'=નહિ, 'શ્વઃ'= આવતીકાલે અને 'સ્થા'= હોવું અર્થાત્ આ સંસાર આજે છે અને કાલે નહિ સંસાર નાશવંત છે. 'સંસરતિ ઇતિ સંસારઃ' પરિવર્તન શીલ છે, પત્તાના મહેલ જેવો છે. આ સત્ય સમજી ઇશ્વરાભિમુખ બનવાનો ઉપદેશ આપ્યો છે. આ રીતે જોતાં અશ્વત્થઃ' વૃક્ષ સાથે સંસારને સરખાવી સુંદર રૂપકાત્મક શૈલીમાં ગીતાકારે સંસારની ક્ષણભંગુરતા બતાવી છે. ખરેખર, ગીતાકારનું જ્ઞાન સ્વયંભૂ છે. ગીતાના ઉપદેશ વિષે શું કહેવું ? ગીતાનો ઉપદેશ સર્વાંગી છે. વાઙ્મય રસિકોને વાઙ્મય સૌંદર્ય પ્રાપ્ત થાય છે. વ્યાકરણકારોનું મન પદ લાલિત્યથી ડોલી ઊઠે છે, ભકતોને ભગવાનનાં વચનોથી ભકિતનો રંગ લાગે છે અને અનેક જીવન વીરોને શું નથી મળતું ?

અંતમાં એટલું જ કહીએ કે, શ્રીકૃષ્ણ આપણો સહાયક હો અને અર્જુન આપણો આદર્શ હો !

।। શ્રીકૃષ્ણ શરણં મમ ।।

।। શ્રી નાથજી સત્ય છે ।।

(શ્રીજી રંગ શીદ લગાડ્યો...)

શ્રીજી આવો તે રંગ મને શીદ લગાડ્યો
બીજો ચડતો નથી એકેય રંગ વિઠ્ઠલનાથ... આવો૦
હું તો વ્રજમાં ગઈને મારૂં મન મોહ્યું,
મારી જાગી પૂર્વની પ્રીત વિઠ્ઠલનાથ... આવો૦
મારે રેવું અહિંયા જો મેળ તારો થયો,
હવે કેમ કરી દહાડા જાય વિઠ્ઠલનાથ... આવો૦
રંગ છાંટયો તો છાંટી હવે પૂરો કરો,
નિત્ય તમારા દર્શન થાય વિઠ્ઠલનાથ... આવો૦
રંગ છાંટયો એવો કે મારૂં હૈયું રંગ્યું,
હૈયું રેતું નથી હાથ વિઠ્ઠલનાથ... આવો૦
તારૂં મુખડું જોઈને મારૂં મન મોહયું,
મારા તૂટે છે દિલડાના તાર વિઠ્ઠલનાથ... આવો૦
દાસ વૈષ્ણવને આશરો તમારો,
તેણે સર્વે સમર્પણ કીધું વિઠ્ઠલનાથ... આવો૦
શ્રીજી પ્રગટ મળોને મારા તાપ ટળે,
ભાંગે જન્મો જન્મની ભીડ વિઠ્ઠલનાથ... આવો૦
શ્રી વલ્લભના સ્વામી શામળીયા,
અમને દેજો શ્રી વ્રજમાં વાસ વિઠ્ઠલનાથ... આવો૦

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૩૫મો)

અવ્યક્તં વ્યક્તિમાપન્નં મન્યન્તે મામબુદ્ધયઃ ।
પરં ભાવમજાનન્તો મમાવ્યયમનુત્તમમ્ ॥૨૪॥

મારા અવિનાશી, સર્વથી ઉત્તમ પરમ ભાવને નહિ જાણનારા અજ્ઞાનીઓ અવ્યક્ત ભાવવાળા મને મનુષ્ય-ભાવવાળો માને છે. ॥૨૪॥

તો પછી બધા આપને જ કેમ ભજતા નથી ? તેના જવાબમાં 'અવ્યક્તમ્' વગેરે શબ્દોથી કહે છે. અબુદ્ધિ એટલે કામનાથી જેઓનુ જ્ઞાન નાશ પામ્યું છે તેવા બુદ્ધિહીન જનો અવ્યક્તને એટલે કે જે ખરા સ્વરૂપે નહિ દેખાતા તેવાને, પ્રકટ રીતે લૌકિકની જેમ જેમનો વ્યવહાર છે તેવાને, અથવા વ્યક્તિ એટલે જાતિ આદિ અસ્તિત્વનું રૂપ જેનું છે તેવા પુરુષોત્તમને, મનુષ્ય વગેરેના ભાવથી જગતમાં પ્રગટ થયેલને લૌકિકતાથી અન્ય દેવોની સમાન અથવા મનુષ્ય વગેરેના જેવા માને છે. એમ કેમ માને છે ? એવી આકાંક્ષાના જવાબમાં 'પરમ્' વગેરે શબ્દોથી કહે છે. મારું પુરુષોત્તમનું અવ્યય એટલે નાશ રહિત, લીલાત્મક સ્વરૂપ કેટલાક ભાગ્યશાળીઓમાં પ્રકટ થઈને, તે રસના પોષણ માટે તેના જેવી આકૃતિ હોવાથી મારા લીલાત્મક સ્વરૂપને નહિ જાણનારાઓ મને સામાન્ય મનુષ્યની સમાન માને છે. વળી અનુત્તમ એટલે જેનાથી કોઈ ઉત્તમ નથી તેવા પ્રકારના પુરુષોત્તમ સ્વરૂપ પરમ ભાવને નહિ જાણનારાઓ મને તેવા પ્રકારનો માને છે. તેથી પોતે ઇચ્છેલા ફળને ઝટ મેળવવાને માટે અન્ય દેવોને જ તેઓ ભજે છે, પરંતુ મને ભજતા નથી, એમ અર્થ છે. ॥૨૪॥

નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ ।
મૂઢોઽયં નાભિજાનાતિ લોકો મામજમવ્યયમ્ ।૨૫।

યોગમાયા વડે ઢંકાયેલો હું બધાંને દૃશ્યમાન નથી, (તેથી) આ મૂઢ લોકો અજન્મા અને અવિનાશી એવા મને કોઈ પણ રીતે જાણતા નથી. ॥૨૫॥

અરે, મનુષ્યો તો વિવેક આદિ ગુણવાળા છે, તેઓ આપને કેમ ન જાણે ? એવા પ્રશ્નના જવાબમાં 'ન અહમ્' વગેરે શબ્દોથી કહે છે. હું સર્વને એટલે કે સાધારણ એવા બધા જનોને દૃશ્યમાન થતો નથી, પરંતુ કોઈક ભક્તને જ દૃશ્યમાન થાઉં છું. તેનું કારણ 'યોગમાયાસમાવૃતઃ' વગેરે શબ્દોથી કહે છે. યોગને માટે જે માયા છે તે ભગવાનની અંતરંગ અને દાસીરૂપે રહેલી શક્તિ છે. તે માયાશક્તિથી ઢંકાયેલ ભગવાન રસને માટે ગુપ્ત રહેલ છે, તેથી મૂઢ જનો એટલે કે ભક્તિથી દૃશ્યતા શક્ય છે એવા જ્ઞાન વગરના માનવો ચારે બાજુ દેખાઈ રહેલા એવા મને જોવા છતાં સ્વરૂપના જ્ઞાન વગરના અને બાહ્ય દૃષ્ટિવાળા હોવાથી તેવા લોકો અજન્મા, લીલાથી પ્રકટ થયેલા, અવિનાશી અને નિત્ય

એવા મને સંપૂર્ણ રીતે, એટલે કે આ બધું પરમાત્માસ્વરૂપ છે, એવા ભાવથી મને જાણતા નથી. ॥૨૫॥

વેદાહં સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન ।
ભવિષ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કશ્ચન ॥૨૬॥

હે અર્જુન, પૂર્વે થઇ ગયેલાંઓને અને વર્તમાનમાં થઇ રહેલાંઓને અને ભવિષ્યમાં થનારાં પ્રાણીઓને હું જાણું છું, પરંતુ મને કોઇ પણ જાણતું નથી. ॥૨૬॥

અરે, પોતાની સેવા અર્થે પ્રકટ કર્યાં છે છતાં તેઓને પોતાપણાથી આપ જાણતા નથી, ત્યારે માયા તેઓને વ્યામોહમાં નાખે છે, અથવા ઊલટાનું અન્યથા બનાવે છે, એવી શંકાના જવાબમાં 'વેદ અહમ્' વગેરે શબ્દોથી કહે છે. પૂર્વે થયેલાં અને સેવા કર્યા વિના નષ્ટ થયેલાં, વર્તમાનમાં થયેલાં અને યોગ્ય રીતે સેવા કરી રહેલાંઓને, ભવિષ્યમાં થનારાં અને સેવા માટે પ્રકટ કરાયેલાં જે પ્રાણીઓ હશે તેઓને, મારી સત્તાથી પ્રકટ કરાયેલાંઓને, સ્થાવર જંગમ એવાં અને ત્રણેય કાળમાં રહેલાંઓને, મારાપણાથી તે સર્વને હું જાણું છું. અને વળી, મારું જ્ઞાન થયા પછી પણ ત્રણેય કાળમાં થયેલાંઓમાં કોઇ પણ પ્રભુતાથી મને જાણતું નથી, એમ અર્થ છે. ॥૨૬॥

ઇચ્છાદ્વેષસમુત્થેન દ્વંદ્વમોહેન ભારત ।
સર્વભૂતાનિ સંમોહં સર્ગે યાન્તિ પરંતપ ॥૨૭॥

હે ભરતકુલોત્પન્ન, શત્રુને તપાવનાર અર્જુન, સંસારમાં ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા (સુખ–દુખાઃત્મક) દ્વંદ્વના મોહથી પ્રાણીમાત્ર મૂઢતાને પામે છે. ॥૨૭॥

તો પછી ભગવાન સંબંધી જ્ઞાન હોવા છતાં તેઓને માયા શી રીતે મોહ પમાડે છે? તેના જવાબમાં 'ઇચ્છા' વગેરે શબ્દોથી કહે છે. સૃષ્ટિમાં જન્મ્યા પછી પોતાને પ્રિય વસ્તુઓમાં ઇચ્છા અને તેનાથી વિપરીત એટલે કે અપ્રિય વસ્તુઓમાં દ્વેષ, તે બેથી એટલે કે ઇચ્છા અને દ્વેષથી સ્પષ્ટ રીતે ઉત્પન્ન થયેલો જે દ્વંદ્વનો મોહ એટલે કે સુખ અને દુ:ખરૂપ જે મોહ છે તેનાથી હે ભારત, હે ભકતવંશજ, સર્વે પ્રાણીઓ મૂઢતાને પામે છે. 'હે ભારત,' એવા સંબોધનથી રાજા ભરતના કુળમાં જન્મેલાંઓની જેમ કોઇ પણ ભકતને મોહ થતો નથી, એમ દર્શાવાયું છે. અહીં આ ભાવ છે; મારી ક્રીડા માટે અથવા મારી સેવા માટે જેઓને ઉત્પન્ન કરાયેલા છે તેઓએ મારા સંયોગ અને વિયોગનાં સુખ કે દુઃખનો જ વિચાર કરવો જોઇએ, નહિ કે પોતપોતાના સુખદુઃખના વિચારોનો. ભગવાનના કાર્યમાં નહિ જોડાયેલા હોવાથી તેઓને માયા મોહમાં નાખે છે, એવો ભાવ છે. ॥૨૭॥

યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્ ।
તે દ્વંદ્વમોહનિર્મુક્તા ભજન્તે માં દઢવ્રતા: ॥૨૮॥

પરંતુ જે પુણ્યકર્મવાળા માણસોનું પાપ નષ્ટ થયેલું છે તેઓ (સુખદુઃખાદિ) દ્વંદ્વરૂપ મોહમાંથી પૂર્ણપણે છૂટેલા અને દઢવ્રતવાળાઓ મને ભજે છે. ॥૨૮॥

અરે, જેઓ મોહમાં પડેલા છે તેઓમાંના કેટલાક તેના જ સંગવાળા અને પહેલાં ભજન નહિ કરનારાઓ પછીથી આપના ભજનમાં પ્રવૃત્ત શી રીતે થાય છે? એવા પ્રશ્નના જવાબમાં 'યેષામ્' વગેરે શબ્દોથી કહે છે. 'યેષામ્' એટલે જેઓનાં, દુર્લભ જનોનાં,

ભાગ્યશાળીઓનાં, પુણ્યકર્મ કરનારાનાં, મારા દર્શન વગેરેથી પુણ્ય આચરણ કરવાના સ્વભાવવાળાનાં, તેમ જ મહાન જનો પ્રત્યે વિનયયુક્ત જનોનાં અને જન્મમરણરૂપ ક્લેશવાળાનાં પાપ, એટલે કે મારા સ્વરૂપના જ્ઞાનમાં પ્રતિબંધક અંતિમભાવની પ્રાપ્તિને પામેલ પાપ જેઓનાં નાશ પામ્યાં છે, અને એમ હોવાથી દ્વંદ્વથી પૂર્ણપણે મુક્ત થયેલા, એટલે કે સુખદુઃખાદિ મોહથી પૂર્ણપણે છૂટેલા, દૃઢ સંકલ્પવાળા, એક માત્ર મારામાં નિષ્ઠાવાળા તેઓ મને ભજે છે. અહીં આ ભાવ છે પૂર્વજન્મમાં કરાયેલ જે કંઇ પુણ્ય કર્મ હોય તેનાથી અન્ય જન્મમાં આત્યંતિક વૃદ્ધિ પામતાં અથવા અનેક જન્મમાં વયની પરિપકવતામાં સંચિત પુણ્યને યોગ્ય એવા મરણના ભયથી પાપની નિવૃત્તિ માટે તેઓ મારા ભજનમાં પ્રવૃત્ત થાય છે. આથી જ 'હજારો જન્મોમાં કરેલાં તપ, જ્ઞાન, વગેરેથી જેઓનાં પાપ નષ્ટ થયાં છે તેવા જનોની શ્રીકૃષ્ણમાં ભક્તિ પ્રકટે છે,' એમ ભગવદીય જનોએ કહેલું છે. ।।૨૮।।

જરામરણમોક્ષાય મામાશ્રિત્ય યતન્તિ યે ।
તે બ્રહ્મ તદ્વિદુ કૃત્સ્નમધ્યાત્મં કર્મ ચાખિલમ્ ।૨૯

જેઓ વૃદ્ધત્વ અને મરણથી છૂટવાને માટે મને શરણનું સ્થાન કરીને પ્રયત્ન કરે છે, તેઓ તે બ્રહ્મને, સંપૂર્ણ અધ્યાત્મને અને સમગ્ર કર્મને જાણે છે. ।।૨૯।।

એ પ્રમાણે ભજનમાં પ્રવૃત્ત થયેલાઓ મને જાણે છે, એમ 'જરામરા' વગેરે શબ્દોથી કહે છે. બુઢાપો અને મરણના નિવારણ માટે એટલે કે ભગવાનના ભજનમાં પ્રતિબંધ રૂપ ભગવાનનું વિસ્મરણ છે, એવી સ્થિતિમાંથી છૂટવાને માટે મારો આશ્રમ કરીને અનન્યતા એકચિત્તો જેઓ પ્રયત્ન કરે છે એટલે કે ભજનને માટે યત્ન કરે છે, અથવા ભજે છે તેઓ તે પરબ્રહ્મને એટલે કે પુરુષોત્તમ સ્વરૂપને જાણે છે, તેઓ ભજનને યોગ્ય સાધનરૂપ પૂર્ણ અધ્યાત્મને જાણે છે. વળી, તેના સાધનરૂપ સંપૂર્ણ ભાવ વગેરેથી યુક્ત સેવારૂપ કર્મને તેઓ જાણે છે, એમ અર્થ છે. ।।૨૯।।

સાધિભૂતાધિદૈવં માં સાધિયજ્ઞં ચ યે વિદુઃ ।
પ્રયાણકાલેઽપિ ચ માં તે વિદુર્યુક્ત ચેતસઃ ।૩૦।

જેઓ અધિભૂત અને અધિદૈવ સહિત તેમજ અધિયજ્ઞ સહિત મને જાણે છે, તે જોડાયેલા ચિત્તવાળાઓ નિઃસંદેહ મરણ સમયે પણ મને જાણે છે. ।।૩૦।।

એ પ્રમાણે 'સાધિભૂતાધિદૈવમ્' વગેરે શબ્દોથી જ્ઞાનનું ફળ કહે છે. અધિકરણાત્મક અધિદૈવ સહિત એટલે કે મૂળરૂપ સહિત, એટલે કે અંશાત્મક કર્મ રૂપથી અધિયજ્ઞ સહિત જેઓ મને જાણે છે, તેઓ ભગવાન સાથે જોડાયેલા ચિત્તવાળા છે, તેઓ મને પામે છે, એમ અર્થ છે. વળી, મરણ સમયે પણ ભ્રમ વગેરેથી રહિત તેઓ મને જાણે છે. મરણ સમયે 'અંતે જેવી મતિ તેવી ગતિ' એ વાક્યમાં સ્વાભાવિક જ્ઞાનની રીતિથી કહેવાયા પ્રમાણે તેઓ મને પામે છે, એમ દર્શાવાયું છે. ।।૩૦।।

શ્રીકૃષ્ણના જ્ઞાન અને વિજ્ઞાનની યોગ્યતા ભક્તોની જ છે, તેથી અહીં 'જ્ઞાનવિજ્ઞાનયોગ' શ્રીહરિએ જ કહ્યો છે.

એ પ્રમાણે ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ અને યોગશાસ્ત્રરૂપ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં, શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં 'મય્યાસક્તયોગ' નામનો સાતમો અધ્યાય પૂરો થયો. ।।૭।।

શ્રીમદ્ વલ્લભાર્ય મહાપ્રભુ વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પાંચમો)

એ પ્રમાણે નિશ્ચયપૂર્વક કહીને 'બ્રહ્મસંબંધ કરણાત્' વગેરે શબ્દોથી આગળ કહે છે:

બ્રહ્મસંબંધકરણાત્સર્વેષાં દેહજીવયો : ।
સર્વેદોષનિવૃત્તિર્હિ દોષા : પંચવિધાઃ સ્મૃતા : ॥૨॥

બ્રહ્મસંબંધ કરવાથી સર્વે જનોના દેહના અને જીવના બધા દોષો ચોક્કસ છૂટી જાય છે. દોષો પાંચ પ્રકારના માનવામાં આવ્યા છે. ॥૨॥

બ્રહ્મસંબંધ એટલે બધા ઉપર ભગવાનનું સ્વામિત્વ છે. (બધું ભગવાનનું છે), એવા પ્રકારનો સંબંધ; તેને કરવાની ક્રિયા, એટલે કે, ભગવાને આચાર્યશ્રી પ્રત્યે (શ્રીમદ્ વલ્લભાચાર્યજીને) ગદ્યમાં કહેલો જે આત્મસમર્પણનો પ્રકાર છે તે પ્રકારે ભગવાનને પોતાના આત્મા સહિત પોતાના સર્વે પદાર્થોનું (સર્વસ્વનું) સમર્પણ, ભગવાન પ્રત્યે એવી અવસ્થાનું નિવેદન.

'સ ઠૈ નૈવ રેમે' (તેણે એકાકી હોવાથી રમણ કર્યું નહિ,– બૃહદારણ્યક, ૧–૪–૩) એમ શ્રુતિમાં કહ્યું છે. તેથી અને 'ક્રીડાને માટે પોતાનામાંથી આ ત્રણેય લોકની રચના કરી, તેમાં આપની સર્વોપરિતા છે, પરંતુ વિરોધી અધિપતિ દુષ્ટબુદ્ધિવાળા થાય, વગેરે વાક્યોથી વાસ્તવિક રીતે તો બધાનું ભગવદીયપણું છે, છતાં 'સ ઠૈ નૈવ રેમે' (તેણે એકાકી હોવાથી રમણ કર્યું નહિ,– બૃહદા ૧–૪–૩) વગેરે શ્રુતિ પ્રમાણે રમણને માટે બીજાઓનું નિર્માણ કર્યું., વગેરે વેદની આજ્ઞા પ્રમાણે કાર્યાન્વિત કરાયેલી જે મત છે, તે પ્રમાણે તે તે પદાર્થમાં જીવનું પોતાપણું છે, એવા મમત્વના સંપૂર્ણ ત્યાગથી બધા પદાર્થોમાં ભગવદીયપણું રાખવાનું કથન છે. તેથી સમર્પણ કરાયેલ જે પોતાનાં છે તેઓના દેહ અને જીવના એટલે કે સ્થૂલ શરીર અને લિંગ શરીરના (સૂક્ષ્મ શરીરના કે જે અવિનશ્વર અને મૂળ શરીર છે તેના) સર્વ દોષો નિવૃત્ત થાય છે. હિ શબ્દથી નિશ્ચયપૂર્વક તેમ થવાનું કહે છે; કારણ કે ભગવાને જ ગીતાજીમાં (૯–૨૭ માં) 'તું જે કરે છે તેને, તું જે ખાય છે તેને'– વગેરે શબ્દોથી સર્વ કર્મોને અર્પણ કરવાનો ઉપદેશ આપ્યો છે અને પછી (ગીતાજી, ૯–૨૮ માં) એમ કરવાથી કર્મનાં બંધનોરૂપી 'શુભ અને અશુભ ફળોથી તુ મુક્ત થઇશ, એવું સમર્પણનું ફળ કહેલું છે; અને અગિયારમા સ્કંધમાં (નવ યોગેશ્વરમાનાં કવિ નામના યોગેશ્વરે કહ્યું છે કે,) 'હે રાજન્, જે ધર્મસાધનોનો આશ્રય લઇને મનુષ્ય (ક્યારેય તેમાંથી વિચલિત નહિ થાય, આંખો બંધ કરીને દોડયો જતો હોય છતાં

આ સંસારમાં તેનું પતન થતું નથી, તે ભ્રષ્ટતાને પામતો નથી. – ભાગ ૧૧-૨-૩૫) એ પ્રમાણે તે સાધન વડે તે પ્રમાદના અભાવરૂપિણી ભગવદ્ ધર્મવાળી સ્થિતિને તે પામે છે, એવું એનું ફળ કહેવાયેલું છે. અને એ પણ યોગ્ય છે કે, ખરેખર તો સર્વનું બ્રહ્મરૂપપણું હોવાથી, અને તેમાંયે ભગવદીયતાને અનુસરાય છે ત્યારે ભગવાનને અધીન કરાયેલા દેહવાળાના પ્રાકૃત ગુણોને કારણે થયેલા તે દોષોનું નિવારણ થઈ જાય છે. તેમ જ જીવ વગેરેના દોષોને કારણે કરેલી સેવાનો અંગીકાર થવા માટેની ચિંતા પણ કરવી જોઈએ નહિ, એમ અર્થ છે. અહીં 'સર્વેષામ્' એવો શબ્દ મૂળમાં વપરાયો છે. તેનો અર્થ 'બધાંયનો' એમ છે. એટલે કે, 'દેવ, અસુર, મનુષ્ય અથવા યક્ષ, ગંધર્વ બધા જ મુકુંદચરણને એટલે કે ભગવાન શ્રીકૃષ્ણના ચરણને સેવનારા બધાજ અમારી જેમ કલ્યાણને પામે, (ભાગ ૭–૮–૫૦), એ પ્રમાણે સાતમા સ્કંધમાં પ્રહલાદના વાકયમાં કહેવાયેલા બધા જ ભજનના અધિકારી રૂપે સ્વીકારાયેલા છે. અહીં મૂળમાં કહેવાયેલ 'જીવ' શબ્દથી શરીરમાંનું વિશિષ્ટ પ્રકારનું ચેતન, એવો અર્થ છે. પરંતુ તેનો અર્થ 'શુદ્ધ આત્મા' એવો નથી; કારણ કે તેમાં સ્વતઃ દોષનો અભાવ છે, તેમ નિર્બાધ રીતે વેદ વાણીથી શરીરબ્રાહ્મણમાં સિદ્ધ કરાયેલું છે, મૂળમાં 'દેહ' શબ્દ જુદો જ કહેવાયો છે, તે તો સ્થુલ શરીરના દોષો વારંવાર અનુભવાતા રહે છે તેથી તેના અનેક દોષો હોવાનું દર્શાવેલું છે, એવા અર્થમાં છે. અથવા તો જીવ શબ્દથી અવિદ્યાના સંબંધવાળું ચૈતન્ય કહેવાયું છે અને દેહ શબ્દથી બંને દેહ (સ્થૂલ શરીર અને લિંગ શરીર) કહેવાયેલ છે, એમ જાણવું.

અરે, માત્ર બ્રહ્મસંબંધ કરવાથી જો બધાયના દેહના અને જીવના બધા દોષો નિવૃત્ત થતા હોય તો નિર્દોષતામાં પ્રતિબંધકના અભાવે તે સમયે જ માત્ર સેવાથી પણ મુખ્ય ફળની પ્રાપ્તિ થાય જ. ગદ્યમાં તેવા અર્થમાં જ સમર્પણનું કથન થયું છે, તેમાં સોંપવાનો હેતુ છે અને ભગવાનની ઇચ્છાને આધીન છે, તેથી દોષના અભાવમાં પણ સાયુજયની પ્રાપ્તિ તો થાય જ; કારણ કે તેમાં અવરોધકનો અભાવ છે અને સેવા તો પહેલાં કરાયેલી જ છે, તેથી પ્રમાણસિદ્ધ સેવાની નિષ્ફળતા કહેવાનું શકય નથી. તેમ હોય તો ઉપદેશકના અભાવે કહેવા ધારેલ પુષ્ટિમર્યાદા ભકિતમાર્ગનો જ સમૂળો વિનાશ થાય; વળી, કહેવાયેલી રીતિથી બ્રહ્મસંબંધ કર્યા પછી પણ દોષો થતા પ્રત્યક્ષપણે અનુભવાય છે, તેથી વિરોધ પણ છે. એમ હોવાથી દોષોની નિવૃત્તિ શી રીતે થાય ? અને સાચું જ્ઞાન શી રીતે મળે ? એવી આકાંક્ષામાં, દોષો દૂર થવાનું સ્વરૂપ જણાવવા માટે, પહેલાં દોષોને ગણાવીને પછી તેની નિવૃત્તિનું સ્વરૂપ સવા શ્લોકથી ભગવાન 'દોષા; પંચવિધા;' વગેરે શબ્દોથી કહે છે.

અહીં જીવના સહજ દોષો અવિદ્યાનો સંબંધ, તેનાથી કરાયેલી કામનાઓ અને પ્રાણ ધારણ કરવારૂપ ચેષ્ટાઓ છે. લિંગ દેહના સહજ દોષો કામ, ક્રોધ વગેરે અને ભૂખ વગેરે છે. સ્થૂલ દેહના સહજ દોષો તો માતાપિતાના લોહીના સંબંધરૂપ

રોગ વગેરે છે. દેશ અને કાળથી થયેલા દોષો એ બંને પ્રકારના (સ્થુલ દેહના અને લિંગ દેહના) જ દોષો છે, તે જીવના દોષો નથી. દેશ અને કાળ પ્રમાણે તે દોષો તેના દ્વારા પ્રાણીને તેવું વર્તન કરાવે છે. તેમાં દેશોત્થા એટલે તે દેશમાં થતા, મગધ, મહુ, સિંધુ વગેરે દેશોમાં જન્મથી કે ત્યાં જવાના કારણે થયેલા દોષો; કાલોત્થા એટલે કલિયુગને કારણે થયેલા, અશુભ સમયને કારણે થયેલા કે અવસ્થા વગેરેથી કરાયેલા દોષો; 'દેશ કાલોત્થા'માં ઉત્થ શબ્દ છે તે દ્વંદ્વ સમાસને અંતે શ્રવણ કરાયેલા પ્રત્યેક શબ્દને લાગીને 'દેશોત્થ' અને 'કાલોત્થ' શબ્દ થાય છે એમ તેનાથી અહીં બે પ્રકારના દોષો કહેવાયા છે. એ દોષોને ભક્તિમાર્ગીય દોષોથી જુદા પાડવા માટે 'લોકવેદનિરૂપિતાઃ' વગેરે શબ્દોથી વિશેષતાથી કહે છે. અને આ વિશેષણ 'દેહલી દીપ ન્યાયે' (ઉંબરામાં મૂકેલો દીવો જેમ અંદર અને બહાર બંને સ્થળે પ્રકાશ આપે છે તેમ) પહેલાનાં અને પછીનાંની સાથે સંબંધિત છે. એમ તેનો પણ પાંચમાં સંબંધ છે. અને આ પણ યોગ્ય છે કે, 'હે પ્રભુ, આપની ગુણ અને દોષોમાં ભેદવાળી દૃષ્ટિ વેદ પ્રમાણેની છે, તે કોઇની સ્વતઃ કલ્પના નથી,' (ભાગ ૧૧-૨૦-૫), એ પ્રમાણે અગિયારમા સ્કંધમાં ઉદ્ધવજીના વાક્યમાં ગુણ અને દોષનું કથન વેદના આધારે છે, લોકોનો પણ તે દૂરવર્તી આધાર છે. 'સંયોગજાઃ' એટલે સમજપુર્વક, ફળની ઇચ્છાથી અને સારી રીતે મનની સ્થિરતાથી કરેલા દોષો; 'સ્પર્શજાઃ' એટલે સમજ્યા વગર અને અનિચ્છાએ થયેલા દોષો; તે બધા દોષો કોઇ પણ રીતે એટલે કે શ્રૌત, સ્માર્ત કે લૌકિક રીતે પણ સેવામાં પ્રતિબંધક હોવાનું માનવું નહિ. બ્રહ્મસંબંધ કર્યા પછી જીવનાં દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણમાં અને તેઓની સ્વભાવિકતામાં ભગવદીયતા આવે છે ત્યારે ભગવાન સ્વામી હોવાથી અને ભગવાન જ પ્રેરક હોવાથી તેને ભગવાનનું જ અનુસંધાન રહે છે. અને તેથી તેના પોતાના સંબંધીઓ સાથેનો તેનો સાંસારિક સંબંધ પુરો થાય છે. એ પ્રમાણે જેઓનું સ્વરૂપતઃ અસ્તિત્વ હોવા છતાં પરાયાની જેમ તેમના પ્રત્યે કાંઇ પણ કરવાપણું રહેતું નથી. એ રીતે તેઓની સેવામાં પ્રતિબંધકતાની નિવૃત્તિ જ નિવૃત્તિપણાથી ઇચ્છેલી છે, પરંતુ સ્વરૂપની દૃષ્ટિએ તેઓની અહીં નિવૃત્તિ ઇચ્છેલી નથી. અને વળી, સંબંધીઓના સ્વરૂપતઃ અસ્તિત્વથી તે જ સમયે સાયુજ્યની પ્રાપ્તિ થતી નથી, અથવા પ્રત્યક્ષ રહે તો તેનો વિરોધ પણ નથી. પ્રતિબંધ થવાનું સામર્થ્ય નષ્ટ થયું હોય તો સેવાનો અંગીકાર થાય છે. એમ થવાથી કશી જ નિષ્ફળતા રહેતી નથી.

પ્રકાશન સહાય રૂ. ૫૧-૦૦ પ.ભ. શુશીલાબેન ભગવાનજીભાઇ તરફથી
લોટી ઉત્સવ પ્રસંગે હા. નાગજી ઝીણાભાઇ-પરિવારના જયશ્રીકૃષ્ણ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૧૮ મું

નેહ કારણ શ્રી યમુને પ્રથમ આઇ,
ભકતકે ચિત્તકી વૃત્તિ સબ જાનકે;
તહાં તેં અતિ હિ આતુર જુ ધાઈ. ૧
જાકે મન જૈસી ઇચ્છા હતી, તાહિકિ,
તેસિહિ, આય સાધજુ પુજાઇ;
'નંદદાસ' પ્રભુ તાપર રિઝિ રહે,
જોઈ શ્રી યમુનાજીકો યશ જુ ગાઇ. ૨

અર્થ :- શ્રી ઠાકોરજીથી પ્રથમ શ્રી યમુનાજી ભૂતળ પર પધાર્યા છે, આવો આપનો ભકતો પ્રત્યે સ્નેહ છે. ભૂતળ ઉપર ભટકતા દૈવી જીવોને પ્રભુ મિલનની જે તાલાવેલી હતી તે જાણીને આપ નિજધામમાંથી આતુરતાથી દોડતાં પધાર્યા છે અને સર્વ પ્રથમ તો જીવની જે જે અભિલાષાઓ હતી, તે સર્વ આપે પૂર્ણ કરી છે. નંદદાસજી કહે છે કે જીવો શ્રી યમુનાજીના ગુણગાન કરે છે તેના ઉપર શ્રીનાથજી પણ પ્રસન્ન રહે છે.

વિવેચન :- ભૂતળ પરના દુઃખી જીવો પર કૃપા કરીને શ્રી યમુનાજી ભૂતળ પર પધાર્યા છે, અને જીવોની સંપૂર્ણ અભિલાષાઓ પૂર્ણ કરી છે પ્રવાહી વિગેરે જીવોને ભૌતિક સુખની અભિલાષા હોય છે. પરંતુ પુષ્ટિ જીવો એનાથી જુદા તરી આવે છે. એની અભિલાષા માત્ર ભગવદ્ પ્રાપ્તિ હોય છે. પરંતુ ભગવદ્ પ્રાપ્તિ કેમ થાય એનું એને જ્ઞાન નહીં હોવાથી આવા મુંઝાયેલા જીવો પ્રત્યે કૃપા વિચારી શ્રીયમુનાજી ભુતળ પર દોડતા પધાર્યા છે અને લૌકિક માતાં જેમ પોતાના બાળકને સ્વચ્છ બનાવી નૂતન વસ્ત્રાભૂષણ પહેરાવી પિતા પાસે મોકલે છે, તેવીજ રીતે આપણા શ્રીયમુના મૈયાએ પણ અનેક દોષોથી મલિન બનેલા જીવોને નિર્દોષ બનાવી **'તનુનવત્વ'** રૂપી દિવ્ય આભૂષણથી શણગારી પ્રભુના ચરણમાં સોંપ્યા છે ત્યારે જીવોને ભગવદ્ લીલારસની પ્રાપ્તિ થઇ છે.

'નેહ કારણ શ્રીયમુને પ્રથમ આઇ' ભગવાન અને ભકતોના સ્નેહને કારણે આપ પ્રથમ પધાર્યા છે અને સર્વને સુખી કરીને આપે પણ સુખનો અનુભવ કર્યો છે તે આ મુજબ છે.

૧. કાત્યાચીની વ્રત પ્રસંગે કુમારિકાઓએ શ્રીયમુના સ્નાન કર્યું ત્યારે તેના સ્પર્શથી શ્રીયમુનાજીને અંગ સ્પર્શ રૂપી સ્નેહરસ પ્રાપ્ત થયો, ત્યારે શ્રીયમુનાજીની કૃપા અને સાન્નિધ્યથી કુમારિકાઓને પ્રભુની પ્રસન્નતા રૂપી સિદ્ધિ પ્રાપ્ત થઇ.

૨. રાસોત્સવ પછી શ્રી ઠાકોરજી તથા ગોપીજનોએ શ્રી યમુનાજીમાં જલ ક્રિડા કરી ત્યારે શ્રીયમુનાજીને પ્રસ્વેદ રૂપે અલૌકિક રસની પ્રાપ્તિ થઇ, ત્યારે યમુનાતટ ઉપર ગોપીજનોને આપના અનુગ્રહથી પ્રભુના દર્શન થયા છે. આ પરસ્પરની સુખ પ્રાપ્તિ છે.

।। શ્રીવલ્લભો જયતિ ।।

।। વાકપતિ વિંભુધેશ્વરઃ ।।

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ: શ્રીવલ્લભાયન મહા કાવ્ય રચયિતા
શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ત્રીજો ગતાંકથી ચાલુ

[શ્રીવલ્લભાયન મહાકાવ્ય સમસ્ત કાવ્ય રૂપમાં જ છે. અમો તેની ઝાંખી કરાવવા કયાંક દોહા–છંદ દર્શાવી રહ્યા છીએ.]

ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય

દોહરા

કષ્ટ સહત પુનિ બઢત પથ, ચંપારનમેં આય
રૈન પરત પહલે પ્રહર, ચલત બેગિ ભય પાય.
પન્દ્રહસેં પેંતીસ શુભ, કૃષ્ણ પક્ષ વૈસાખ;
ઇકાદશી રવિવારકી, દેત ગ્રંથ સબ સાખ.

અનેક કષ્ટ સહન કરતાં ચંપારણ્યમાં સંવત ૧૫૩૫ ચૈત્ર વદિ ૧૧ ના સાંજે ૫ વાગ્યાના સુમારે પ્રવેશ કર્યો. શ્રી લક્ષ્મણ ભટ્ટજીની સાથે લગભગ ૧૫૦ જેટલાં તૈલુંગસ્ત્રી પુરુષો અને બાલકો કુટુંબ સાથે હતા તે બધા ઉતાવળા ચાલવા લાગ્યા. આ સ્થાન ચંપકેશ્વર મહાદેવનું છે. તેથી ચંપારણ્ય નામથી ઓળખાય છે. તે જંગલમાં સિંહ વગેરે હિંસક પ્રાણી ઘણા રહેતા હતા. વૃક્ષોથી ભરચક વન દિવસના પણ બે માણસોથી પસાર થઇ શકાય તેમ ન હતું. છતાં હિંમત રાખી ચાલતા રાત્રિનો પ્રથમ પ્રહર શરુ થયો. અતિ ત્વરિત ગતિએ ચાલતાં સર્વ કોઇ આગળ નિકળી ગયા. પરંતુ શ્રીઇલ્લંમા ગારુજીને ગર્ભના ૭ માસ પૂર્ણ થયા છે અને ઉદરમાં પ્રસવની પીડ થતાં એક બાજુ બ્રહ્મ છોંકર (ખીજડા) નીચે મૌન ધરી ઉભા રહ્યા. પશ્ચિમ તરફ શ્રી ચંપકેશ્વર મહાદેવનું મંદિર હતું. રાત્રિના પ્રથમ પ્રહરનો અંધકાર જોતાં ભય વિવશં શ્રીઇલ્લંમા ગારુજી દેહાનુસંધાન રહિત થયા ત્યાં ૭ માસનું એક બાલક પ્રાણ નાડી રહિત જન્મેલ જોતાં વિસ્મીત થયા. અને વિચાર કરવા લાગ્યા કે કયાં સો સોમયાગ ? કયાં દેવોના દર્શન ? અને કયાં યજ્ઞકુંડની વાણી ? બાલક જોતાં શું સમજવું ? મારે શું કરવું ? શું ન કરવું ? કોની સલાહ લેવી ? મારી પાસે કોઇ નથી. આ અજીવિત બાલક શું ઇશ્વર અવતાર મનાય ખરો ? મારા મનમાં ભગવદ્ અવતાર ઉદરમાં છે તે મારી આશાનો સ્રાવ થયો: (આ ભગવાન નથી) પ્રાચીન ગ્રંથોને જોતાં સાત માસિક ગર્ભસ્રાવ શબ્દ વાપરે છે. શું વ્યાકરણાચાર્યો ભૂલ કરી રહયા છે ?

૩. શ્રીઠાકોરજીના જન્મ મહોત્સવ પ્રસંગે દહીં, દૂધ વગેરે રસની અનર્ગલ સરિતા વહી તેમાં ગોપીજનો (વ્રજભક્નો) એ ખૂબ નૃત્ય કર્યું તેની સાથે નંદ મહોત્સવ રૂપી રસ ભળ્યો. આ પ્રમાણે મહોત્સવ પ્રસંગના દહીં, દૂધની સાથે વ્રજ ભક્તોની ચરણ રજ પણ શ્રીયમુનાજી સુધી પહોંચી છે, જે શ્રી યમુનાજીને પ્રાપ્ત થઇ છે. ત્યારે વ્રજભક્તોને શ્રીયમુનાજીના તટ સમીપ ગોચારણ લીલા, પન ઘટ લીલા, છાક લીલા વગેરે પ્રભુની લીલાનું સુખ શ્રીયમુનાજીના અનુગ્રહથી પ્રાપ્ત થયું છે.

૪. વસંત પંચમીથી દોલોત્સવ પર્યંત અબિલ, ગુલાલ, ચોવા, ચંદન વગેરેથી સર્વાંગે લેપાયેલા વ્રજ ભક્તો સહિત શ્રી ઠાકોરજીએ જળ ક્રિડા કરી તે શ્રી અંગના-ખેલના પ્રચુર રસની પ્રાપ્તિ શ્રીયમુનાજી ને થઇ છે. ત્યારે વ્રજભક્તોને ડોલોત્સવ પ્રસંગે અનેક પ્રકારના પલાસ વગેરેના પુષ્પો વનસ્પતિ વગેરે શ્રી યમુનાજી દ્વારા વ્રજભક્તોને પ્રાપ્ત થયા છે. આ પ્રમાણે પરસ્પર ને સુખની પ્રાપ્તિ થઇ છે.

૫ સાંઝીના ઉત્સવમાં ફળ, પત્ર, પુષ્પો વગેરે શ્રી યમુનાજી દ્વારા વ્રજભક્તોને પ્રાપ્ત થયા છે. પુનઃ એ જ વન-સંપત્તિ પ્રસાદરૂપમાં શ્રી યમુનાજીને પ્રાપ્ત થઇ છે. આ પ્રમાણે પરસ્પર સેવાનું સુખ ઉભયને પ્રાપ્ત થયું છે.

શ્રી મહાપ્રભુજીએ યમુનાષ્ટકમાં કહ્યું છે **"તટસ્થ નવકાનન પ્રકટ મોદ પુષ્પામ્બુના"** યમુનાજીના નિતંબ તટ પર યૌવન રૂપીવન શોભી રહ્યું છે પુષ્પાદિક છે તે શ્રી યમુનાજીનું મધુર હાસ્ય છે. જેનાથી શ્રી ઠાકોરજી અને વ્રજભક્તોને સુખ પ્રાપ્તિ થાય છે.

સોરઠો–નિજ ભક્તોને કાજ, મા છોડ્યું નિજ ધામને;
સદા અવિચળ રાજ, વ્રજ ભૂમિમાં માતનું.

(ક્રમશઃ)

–: આ માસના ઉત્સવ :–

પોષ સુદ ૩ તા. ૧૩-૧-૮૬ સોમવાર ભોગી ધનુર્માસ સમાપ્તિ.

પોષ સુદ ૪ તા. ૧૪-૧-૮૬ મંગળવાર મકર સંક્રાંત, પુણ્યકાળ સવારે ૮-૫૦ થી બપોરે ૪-૧૫ સુધી છે. તિલવા શૃંગારમાં ધરવા.

પોષ સુદ ૧૧ તા. ૨૧-૧-૮૬ મંગળવાર પુત્રા એકાદશી વ્રત

પોષ સુદ ૧૫ તા ૨૫-૧-૮૬ શનિવાર માઘ સ્નાન પ્રારંભ, પોષી પૂનમ.

પોષ વદ ૧૧ તા. ૫-૨-૮૬ બુધવાર ષટતિલા એકાદશી વ્રત, તલનો ભોગ ધરવો.

પોષ વદ ૧૨ તા. ૬-૨-૮૬ ગુરુવાર ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો જન્મદિન (સંવત ૧૯૦૧).

સાત માસિક બાલક ગર્ભ સ્ત્રાવ તરીકે ગણાય નહિ. ગર્ભ રહેતા નિત્ય સ્ત્રાવ થતો હોય (ગળતો હોય) એને ગર્ભસ્ત્રાવ કહેવાય છે. રહેલો ગર્ભ ત્રણ, ચાર અથવા પાંચ મહિનામાં એક સામટો પડતા ગર્ભપાત ગણાય છે, છ મહિને તો ગર્ભમાં પ્રાણ નાડી જીવ સાથે શરૂ થાય છે. સાત માસિક બાલકના જન્મમાં અપૂર્ણ માસે બાલકનો જન્મ ગણાય છે. સ્ત્રાવ શબ્દ યોગીક અર્થમાં લીધેલ છે. માતા બાલકને જોતાં ભગવદ્ પુત્રની ભાવના સ્ત્રવિત થઇ. પછી માતાએ ભગવદ્ પ્રેરિત પોતાના ઇષ્ટદેવ અગ્નિ નારાયણની સ્તુતિ —

છંદ-હરિગીતિ

હરિ પ્રકટ યહબિધ કો કહે મમ હૃદય અતિ દ્રવિત હૈ.
મમ ઇષ્ટ અગ્નિદેવ હરિ સુત આશ હૃદયે સ્રવિત હૈ.
સમી વિટપ અગ્નિરૂપ માનત લાલ તવ ઉર દેત હૂં;
યહ બિકટ બન મમ વિકલ મન ધીરજ રહિત પથ લેત હૂં
ગૂઢ મરમ માતુ હૃદય ધર પુનિ વસન સુત લપટા રહી.
ખોઢર સમી તરુ મધ્યમેં અતિ સમજસે પધરા રહી.

વૃક્ષના પોલાણ ભાગને અગ્નિની ગોદ માન્ય કરી બાલક ભેટ કરી દીધું. જેમ આપને ઠીક લાગે તેમ કરો. મારી બુદ્ધિ કામ કરતી નથી.

ત્યારપછી અતિ ઉતાવળા પગદંડીએ ચાલતા ઉભા રહેલા શ્રી લક્ષ્મણભટ્ટને જોયા. વિતેલી વાત સર્વ વિદિત કરી. તે સાંભળી શ્રી લક્ષ્મણભટ્ટના હૃદયમાં સહજ કલેશ થયો. ત્યાં તો જંગલ એકદમ લીલી લીલી ઘાસથી પથરાયેલું જોયું, વૃક્ષો ફલફૂલથી પૂર્ણ જોયા. આકાશમાંથી દેવોની દિવ્ય ગર્જનાઓ શ્રવણ કરી, સર્વ દિશાઓ પ્રકાશમય બની સર્વગુણ સંપન્ન કાલ સર્વ પ્રાણીઓ નિર્વૈર બન્યા, સર્વના મન પરમાનંદ મગ્ન થયા. સ્પર્શાસ્પર્શનું જ્ઞાન રહેવા પામ્યું નહિ. હળીમળી એક સાથે ચાલવા લાગ્યા.

રાત્રિના લગભગ બાર વાગ્યે મહાનદ ચૌડાનગર પાસે જોતાં નદીમાં પ્રવેશ કરવા તૈયાર થતા ત્યાં કૃષ્ણદાસ રાજસચિવ સામે લેવા આવેલ તે લક્ષ્મણ ભટે જોયો. અને સચિવે શ્રી લક્ષ્મણ ભટને પ્રાર્થના કરી કે આપનો આશીર્વાદ સફલ થયો છે. મારી સ્ત્રી સગર્ભા છે, પુત્ર પ્રાપ્તિ થાય એમ ઇચ્છું છું. આપની કૃપાથી સર્વ થશે. હું સુતો હતો ત્યાં મને એકદમ

સ્વપ્ન આવ્યું. મહાનદના કિનારે જા. તારો દેવ આવી રહ્યો છે. એમનું સારી રીતે સ્વાગત કર. તેથી જ હું આપને લેવા આવેલ છું. હવે પધારો.

નગરમાં પ્રવેશ કર્યા પછી સર્વ તૈલુંગ કુટુંબોને સરાઈમાં સુંદર મુકામ આપ્યો. વ્યવસ્થા કરી. શ્રી લક્ષ્મણ ભટને રાજ મંદિરના મહેમાન ઘરમાં સ્થાન આપ્યું રાતના બે વાગ્યે સચિવ આજ્ઞા લઇ પોતાને ઘેર ગયો. શ્રી લક્ષ્મણ ભટ શ્રી ઇલ્લંમા ગારુજીને કહેવા લાગ્યા કે આપણને જનના શૌચ લાગેલ છે. એક મહિના સુધી રોકાયા પછી જ શાન્તિ હશે તો કાશીએ જઇશું મારી ઇચ્છા આંધ્રમાં જવાની નથી. ત્યારે શ્રી ઇલ્લંમાગારુજી કહેવા લાગ્યા—

ચોપાઈ

નયન લખિ સુત સમી પધરાયો અંગ અશુદ્ધિ ન દોષ દિખાયો
સંગીજન ઘટના સબ જાની સોચ દોષ તજ પાવત જ્ઞાની
વિવિધ વિચાર કરત મતિ લાઈ હરિ પ્રેરિત તહાં નિદ્રા ધાઇ
નિંદ્રાવશ જબ ભયે પિતુ માતા લખત સુપન ધ્વનિ સહ સુખદાતા
ભવન દિવ્ય ગાવત નરનારી ધ્વનિ સહ કરત કુલાહલ ભારી
જયં જય શબ્દ કરત ગતિ પાવે દધિ પય હલદી મુદિત ઉડાવે
નાચત વદત સુભગ દિન આયો ચંપારન્ય નંદગૃહ છાયો
નવનિધિ આજ સુભગ બન ધાઇ પર આભૂષણ દેત લુટાઇ
બિચ બિચ ડોલત સુર નર નીકે શિવ બ્રહ્મા મુનિ લાગત ફીકે
રત્ન જડિત ઇક પલના સોહે લાલ ઝૂલત લખ રતિપતિ મોહે

આવા દર્શન માતા પિતાને સ્વપ્નમાં થતાં આનંદનો પાર રહ્યો નહિ. બાલક ચતુર્ભુજ સ્વરૂપે પલનામાં ઝુલતો જોતાં શ્રીકૃષ્ણરૂપ ઝાંખી કરી.

—ક્રમશઃ

રાજકોટ માગશર સુદ બીજનાં રોજ રાજકોટ હવેલીમાં બિરાજતાં શ્રીગુસાંઈજીના સેવ્ય સ્વરૂપ શ્રી બાલકૃષ્ણલાલજી સ્વામિનીજી સહિતનો પાટોત્સવ હવેલીના મુખ્યાજી શ્રી યશોદાનંદનજીના અધ્યક્ષ પદે ત્રણ દિવસ સભા પ્રવચનોથી ઉજવાયો વૈષ્ણવોમાં ધર્મ પ્રચાર અંગે શ્રી ધનશ્યામભાઈ શાસ્ત્રીજી અને પૂ. શ્રી શ્યામમનોહરજી મહારાજ પોરબંદરવાળાએ સમુહમાં યમુનાષ્ટક તથા કૃષ્ણાશ્રયના પાઠ કરાવેલ.

ગૃહ ગોષ્ટિ શ્રી ગોકુલેશની– નિજ વાર્તા અને ધરૂવાર્તા સાહિત્યનું પુનઃ પ્રકાશન વૈષ્ણવ વાણીના ભેટ પુસ્તક રૂપે શ્રી ગોવિન્દ પ્રભુ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયેલ છે તેને આવકારીએ છીએ.

૧૬ પેઈઝ ક્રાઉન સાઇઝ પૃષ્ઠ ૧૧૩+૧૦ = ૧૨૩ કાચું પુંઠું ન્યોછાવર રૂા. ૮–૦૦

પ્રાપ્તિ સ્થળ : વૈષ્ણવવાણી કાર્યાલય, શ્રી ગોવિન્દ પ્રભુ હોલ, ચૌટા બજાર, સુરત–૩૯૫૦૦૩

વિનમ્ર ભાવના

સ્નેહકા હો સંગઠન જહાં હો સમર્પણ ભાવના;
પુષ્ટિ જીવોકા સકલ યહ જીવન સેવાર્થ હો.
અંશકે નાતે ઉસી સંબંધકી સ્ફૂર્તિ દે;
મહાપ્રભુકો વર અનુગ્રહ જીવન પરમાર્થ હો.
સાધનોકી સંપદા વહ ફલ જહાં સાધન બને;
સર્વ ભાવ સે ભજન વ્રજ ઇશ મેં ગતાર્થ હો.
વૈર ભાવ વિગત ખેલ એકતા મિલ સહ સમાજ;
સરસ રૂપ વહ લખેં જો ભક્ત ભાવાનાર્થ હો.
બ્રહ્મકા વૈવિધ્ય હૈ વૈષમ્ય નહિં ઉસમેં લખો;
વિશ્વ સૃષ્ટિ મેં હમારી દૃષ્ટિ લીલાર્થ હો.
ચલેં સાથ કહેં સાથ મીલકેં સબ સાથ રહે;
વાણી પ્રથમેશકી યહ હમમેં ચરિતાર્થ હો.

રચયિતા :– **વાસંતીબેન સોઢાની**
(ગ્વાલિયર)

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે સખી સુણજો એક વાતજી, વૈકુંઠ ધામથી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે આસોપાલવનાં તોરણ બંધાવજો,
હાં રે દીપમાળા ઘર ઘર પ્રગટાવજો;
હાં રે સખી વીતી આ રાતજી, ઊગ્યું પ્રભાતજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે દેવ દેવો સજોડે આવિયા;
હાં રે સાધુ સંતો સૌ દર્શને આવિયા;
હાં રે દેજો દેવોને માનજી, સાધુને સન્માનજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે દીન દુખિયા સૌ આંગણે આવિયા;
હાં રે ભૂલ્યા-ભૂખ્યા સૌ બારણે આવિયા;
હાં રે કેજો દુખિયાને દાનજી, ભૂખ્યાને ધાનજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે જલ જમનાનાં સ્નાન કરાવજો;
હાં રે રૂડા વસ્ત્રોથી એને શણગારજો;
હાં રે આજ હૈયું હરખાયજી, મનડું મલકાયજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે શ્રદ્ધા-ભક્તિના પારણા બંધાવજો;
હાં રે પ્રેમ-દોરીથા એને ઝુલાવજો:
હાં રે એ તો જગને ઝૂલાવનાર, ઝૂલે જીવણલાલ,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે એને હેતેથી ગોદમાં રમાડજો;
હાં રે પુરા પ્રેમેથી એને જમાડજો;
હાં રે એને કરજો પ્રણામજી જોડીને હાથજી;
આજે પધાર્યા શ્રીનાથજી !

દેવેન્દ્ર આર. પાલેજા
(કોઇતુમ્બતુર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

लोहितमार्गरक्षकः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

વધાઈ

શ્રી મહાપ્રભુજીના સેવ્ય નિધિ સ્વરૂપ **શ્રી મથુરાધીશજી** (કોટા-રાજસ્થાન)ને છપ્પન ભોગ આરોગાવવાનો બડોમનોરથ પૂ. પા. આચાર્ય શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રીપ્રથમેશજી મહા વદ ૬ રવિવાર તા. ૨-૩-૮૫ના શુભ દિને કરશે સર્વે વૈષ્ણવો સેવા-દર્શનનો લાભ લેશો. કોટા પાસે ચંબલ નદીને કિનારે કીશોરપુરા સ્થિત છપ્પનભોગ સ્થાન પર એકસો વર્ષ પૂર્વે આવો અલૌકિક મનોરથ થયેલો. તેજ સ્થળે આયોજન થયેલ છે.

-: પત્ર વ્યવહાર :-
શ્રી છપનભોગ ઉત્સવ આયોજન સમિતિ
પાટણપોળ-કોટા-રાજસ્થાન.

卐

વર્ષ ૪ : અંક ૧૧ ❖ ફેબ્રુઆરી, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સુરતમાં શ્રીસોમયાગ અને પરિષદ સંમેલન

સુરતમાં ષષ્ઠ પિઠાધીશ્વર પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના આમંત્રણથી પ્રથમ પિઠાધીશ્વર પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી, પ્રથમેશજી મહારાજ દિક્ષીત સોમયાજીએ તા. ૧૦ થી ૧૭ જાનેવારી સુધી આઠમો ગરૂડચયનમ્ સોમયાગ યોજેલ. સુરતના વૈષ્ણવોના અનેરા ઉત્સાહથી યજ્ઞસ્થળ સુંદર સુશોભીત બનેલ યજ્ઞશાળા શ્રી મહાપ્રભુજીનું મંદિર વૈષ્ણવોને મહાપ્રસાદ લેવાની સોંજ તથા સભામંડપ, સર્વે એક જ સ્થળે સ્નેહમિલન પાર્ક સામે આવેલ વિશાળ મેદાનમાં યોજાએલ.

તા. ૧૨-૧-૮૬ના દિને આં. પુ. વૈ. પરિષદ્નું ક્ષેત્રીય સંમેલન યજ્ઞસ્થળના સભામંડપે યોજાએલ. જેમાં ગુજરાતભરમાંથી પરિષદશાખાઓના પ્રતિનિધીઓ હાજર રહેલ. સંમેલનના પ્રારંભે સ્થાનિક શાખાના પ્રમુખશ્રી તેમજ સોમયાગ આયોજન સમિતિના પ્રમુખશ્રી તથા સ્વાગત સમિતિના પ્રમુખશ્રીએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. ત્યાર બાદ પરિષદ્ના સંગઠન મંત્રીશ્રી પં. દ્વારકા પ્રસાદ પાટોદીયાજીએ સંગઠનની આવશ્યકતા સમજાવેલ. પરિષદ્ના મંત્રી પ્રો. શ્રી ચિમનભાઈ શેઠે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના જીવનનો પાઠ તથા નરસિંહ મહેતાના કાવ્યો અભ્યાસક્રમમાં પુનઃ દાખલ કરાવવા જોરદાર રજુઆત કરેલ. આ અંગે રજુ થયેલ ઠરાવ સંમેલનમાં સર્વાનુમતે પારિત થયેલ.

આ સંમેલનમાં પૂ. પા. આચાર્યવર્ય ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (શ્રી દાદાજી મહારાજ) તથા પૂ. પા. આચાર્યવર્ય ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજશ્રી પ્રથમેશજી તથા પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી (સુરત) પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત) પૂ. ચિ. શ્રી અનુરાગ બાવાશ્રી (સુરત) બીરાજેલ.

આ પ્રસંગે પરિષદ દ્વારા સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ દ્વારા પ્રકાશિત પુસ્તક “ભ્રમર ગીત” નું વિમોચન પૂ. પા. શ્રી દાદાજી મહારાજ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના વરદ કરકમલો દ્વારા થયેલ પુસ્તકનો પરિચય ગોકુલદાસ સોનીએ આપેલ તથા પુસ્તકના લેખક પ. ભ. શ્રી જાદવજીભાઈએ શ્રી ગોપીજનોના અલૌકિક પ્રેમનું સ્વરૂપ જે આ પુસ્તકમાં નિરૂપીત થયેલ છે તે સમજાવેલ ત્યાર બાદ શ્રી વ. વિ. પ્ર. સમિતિના પ્રમુખ શ્રી ડાયાભાઇ ડેલાવાળા (રાજકોટ) એ પુ. આચાર્યશ્રીને પુસ્તકનું મિમોચમ કરવા વિનંતિ કરેલ. આજ પ્રમાણે શ્રી વેદભાગવતમ્ નામના પરિષદ તરફથી પ્રકાશિત થયેલ પુસ્તકનું મિમોચન પણ પૂ પા. શ્રી દાદાજી મહારાજના વરદ કરકમલો દ્વારા થયેલ. આ પુસ્તકનો પરિચય પ. દ્વારકાપ્રસાદ પાટોદીયાજીએ આપેલ.

ત્યારબાદ પૂ. અનુરાગ બાવાશ્રી (વય લગભગ ૫ વર્ષ)ના સુંદર-મધુર વચનામૃત થયેલ જેમાં દશ દિગન્ત વિજયી શ્રી પુરુષોત્તમજી મહારાજની બાલ્યાવસ્થાનો પ્રસંગે – આપશ્રીને શ્રી મહાપ્રભુજી દ્વારા અલૌકિક કૃપાદાન એ સુંદર છટાથી વર્ણવેલ;

પૂ પા. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીએ મનનિય વચનામૃતો કરતાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ – પુષ્ટિમાર્ગ એજ. વેદસમ્મત જીવોના કલ્યાણનો માર્ગ છે. અને એ માર્ગની પરિ પાટીએ ચાલતાં સર્વે પુરૂષાર્થો સિદ્ધ થઇ શકે તેમ જણાવેલ.

પૂ. પા. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ (દાદાજી મહારાજ)શ્રીએ પોતાના આશીર્વચનમાં સોમયાગનું આયોજન અને પરિષદ્ના સમેલન અંગે પોતાની પ્રસન્નતા પ્રકટ કરી શ્રી ભ્રમરગીત પુસ્તકનું પ્રકાશન થયુ. તે માટે લેખક, કાર્યકરોને આશિર્વાદ આપેલ અને ભ્રમરગીતના વિષય પર પ્રકાશ નાખેલ.

આશ્રયના પદ ગાન સાથે સંમેલનની પૂર્ણાહુતી થયેલ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

વર્ષ ૪ : અંક ૧૧ મો
ફેબ્રુઆરી, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નવિન પ્રકાશન

આપણી આં. પુ. વૈ. પરિષદ સંચાલિત શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત "શ્રી ભ્રમરગીત" રસમય વ્યાખ્યાનું પુસ્તક જેના લેખક પ. ભ. શ્રી જાદવજીભાઇ ખેરાજભાઈ છે. તે પુસ્તકનું વિમોચન તા. ૧૨-૧-૮૬ રવિવારે સુરત મુકામે સોમયજ્ઞ પ્રસંગે યોજાયેલ પરિષદના ક્ષેત્રીય સંમેલનમાં પૂ. પા. આચાર્યવર્ય શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના વરદ કરકમલો દ્વારા થયું.

આ વિમોચન પ્રસંગે પૂ. પા. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીએ "ભ્રમરગીત" પુસ્તકના પ્રકાશન ઉપર ખુબજ પ્રસન્નતા પ્રકટ કરી અને સર્વે વૈષ્ણવો આ પુસ્તકનો સમુચિત લાભ લે તેમ જણાવ્યું. આ પુસ્તક શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના કાર્યાલય ૫૫૧, તક્ષશિલા સોસાયટી રાજકોટ તથા પરિષદના કેન્દ્રીય કાર્યાલય જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોટ, મુંબઈ-૧થી ન્યોછાવર રૂ. ૮ થી મલી શકશે. ટપાલથી મંગાવવા માટે પોષ્ટેજ ખર્ચ ૧ થી ૩ પુસ્તક માટે ૪ રૂપિયા વધુ મોકલવા.

।। શ્રીકૃષ્ણઃ ।।

પ્રસ્થાન ચતુષ્ટય

લેખક : **પૂ. પા. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજ, વડોદરા**

[ગતાંકથી ચાલુ]

કેટલાકને પ્રશ્ન થશે કે– ભાગવતના ૧૧ માં સ્કંધમાં તેમજ ગીતાના દશમા અધ્યાયમાં વિભૂતિ વર્ણનમાં દરેકમાં પ્રભુએ પોતાની વિભૂતિનું પ્રતિપાદન કરેલું છે, તેમજ ગીતાના દશમા અધ્યાયમાં **'વેદાનાં સામવેદોઽસ્મિ'** વેદોમાં હું સામવેદ છું, એ રીતે વેદમાં પણ ભિન્ન રીતે પોતાનું સ્વરૂપ બતાવ્યું છે. તો પછી જો પુરાણોમાં ભાગવતનું તેવું વૈશિષ્ટ્ય હોય તો તેનો આ બન્ને સ્થાનોમાં ઉલ્લેખ કેમ નહિ ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવવાનું કે ગીતાના ૧૦ મા અધ્યાયમા અને ભાગવતજીના ૧૧ મા સ્કન્ધમાં વિભૂતિ પ્રકારથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે; જયારે શ્રીમદ ભાગવતએ ભગવાનની વિભૂતિ નથી, પણ સાક્ષાત શ્રી કૃષ્ણનું વાઙ્મય સ્વરૂપ જ છે. તેથી તેની વિભૂતિઓનાં ગણના કરવામાં આવેલ નથી.

આમ આવાં અનેક કારણોથી શ્રીમદ્ ભાગવતને પુરાણ તિલક તરીકે આલેખવામાં આવ્યું છે. પુરાણોનાં જે લક્ષણો શાસ્ત્રમાં નિર્દિષ્ટ છે તે લક્ષણો પણ અન્ય પુરાણો કરતાં શ્રીમદ ભાગવતમાં જ સંપુર્ણપણે ઉપલબ્ધ થાય છે. તેથી પણ આને પુરાણ તિલક કહેવામાં આવે છે. જો કે પુરાણ પદ્ધતિની આમાં જાળવણી હોવાથી આને પુરાણ, મહા પુરાણ કે પછી પુરાણ તિલક તરીકે ઓળખવામાં આવે છે. પણ વસ્તુતસ્તુ તો **'નિગમ કલ્પતરોર્ગલિતં ફલમ'** અને **'પિબત ભાગવતં રસમાલયમ'** એ વાકયથી ગાયત્રી જેનું બીજ છે એવા વેદ વૃક્ષનું પરિપકવ ફલરૂપ ભાગવત છે. અને તે **'રસો વૈ સઃ'** એવા રસરૂપ આનંદમય સર્વ શ્રુતિ પ્રતિપાદ્ય ભગવાન, શ્રી કૃષ્ણનું જ વાઙ્મય સ્વરૂપ હોવાથી રસાલય પણ છે. અને તેથી જ મૂલતત્વ શ્રી કૃષ્ણની સ્વરૂપાત્મકતા હોવાથી તત્વ નિશ્ચયમાં અથવા તો બ્રહ્મ વિચારમાં શ્રીમદ ભાગવત પ્રામાણ્ય છે. માટે જ આચાર્યચરણ ભાગવતને પણ પ્રમાણરૂપે સ્વીકારે છે. અહીં આ સ્થાનમા **'વ્યાસની સમાધિભાષા'** એમ કહ્યું છે, તેથી એમ સમજાય છે કે માત્ર વ્યાસની જ સમાધિ ભાષાવાળા શાસ્ત્રને પ્રમાણરૂપે સ્વીકાર્યું છે. તે સિવાયની અન્ય સમાધિભાષાનો મુખ્ય પ્રમાણમાં સ્વીકાર નથી. વાલ્મીકિ રામાયણ પણ વાલ્મિકિની સમાધિ ભાષા છે. પણ વેદના અર્થોને પ્રગટ કરવામાં પ્રભુએ સ્વયં વ્યાસ

અવતાર લીધો છે અને તે દ્વારા જ સર્વ અર્થો પ્રકટ કર્યા છે. તેથી મુખ્ય પ્રમાણમાં વ્યાસ સમ્મતને જ પ્રમાણ તરીકે લેવામાં આવ્યું છે. તેથી અન્ય શાસ્ત્રોમાં આ ચારથી અવિરોધેન જે અંશ છે તેટલાજ અંશો પ્રમાણ તરીકે ગ્રહણ કરવામાં આવે છે. આ ખુલાસાથી નિબંધના અંતમાં **અર્થોઽયમેવનિખિલૈરપિવેદવાકયૈઃ રામાયણૈઃ સહિત ભારતપઞ્ચ રાત્રૈઃ’** આમાં શ્રી આચાર્ય ચરણે જે શાસ્ત્રોનો ઉલ્લેખ કર્યો છે. ત્યાં પણ આજ પ્રકાર સમજવાનો છે.

આ પ્રકારે વેદ – શ્રી કૃષ્ણ વાકય ગીતા – વ્યાસ સૂત્ર (બ્રહ્મસૂત્ર) અને વ્યાસની સમાધિભાષા ભાગવતને ચતુષ્ટય પ્રમાણ અથવા તો પ્રસ્થાન ચતુષ્ટય તરીકે સ્વીકારવામાં આવ્યા.

આ ચારે શાસ્ત્રોનો સમ્બન્ધ શ્રી આચાર્યચરણના નામ સાથે સર્વોત્તમ સ્તોત્રમાં જયાં કરવામાં આવ્યો છે તે નામો આ છેઃ (૧) વેદ – **“વેદ પારગઃ”** (૨) ગીતા – **“પૃથકશરણમાર્ગોપદેષ્ટા” “શ્રી કૃષ્ણહાર્દવિત્”** (૩) બ્રહ્મસૂત્ર – **“શ્રી ભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ” “શ્રી ભાગવતપિયૂષસમુદ્રમથનક્ષમઃ”**

હવે આ ચારેયને પ્રસ્થાન ચતુષ્ટયમાં કહીને આગળ આની વધુ સ્પષ્ટતા કરતાં શ્રી આચાર્યચરણ લખે છે કે–

ઉત્તરં પૂર્વસન્દેહવારકં પરિકીર્તિતમ્ ।
અવિરુદ્ધં તુ યત્ત્વસ્ય પ્રમાણં તચ્ચનાન્યથા ।
એતદ્વિરુદ્ધં યત્સર્વં ન તન્માનં કથઞ્ચન ॥
(શાસ્ત્રાર્થ પ્રકરણ–૮)

વેદ–ગીતા–સૂત્ર–ભાગવત આ ચારેય અનુક્રમથી, પછીથી કહેવાયેલ તે તેના પૂર્વ શાસ્ત્રમાં જે સન્દેહ ઉત્પન્ન થાય તેના નિવારક છે. એટલે કે વેદમાં સન્દેહ થાય તો તેનું નિવારણ ગીતા દ્વારા થાય છે. તેમજ ગીતામાં જો સન્દેહ થાય તો તેનું નિરાકરણ સૂત્રો દ્વારા અને સૂત્રોમાં પણ કયાંક સિદ્ધાન્ત નિરૂપણમાં સન્દેહ થાય તો તેનું નિવારણ શ્રી ભાગવત દ્વારા થાય છે. જેમ કે શ્રુતિઓમાં **“અપાણિપાદો જવનો ગ્રહીતા પશ્યત્યચક્ષુઃ”** વગેરે વાકયોમાં શું માત્ર પ્રાકૃત કર–ચરણ વગેરેનો બ્રહ્મમાં નિષેધ કરવામાં આવ્યો છે કે પછી સામાન્ય રીતે જ નિષેધ છે કે બ્રહ્મને કર–ચરણ વગેરે છે જ નહિ. આ પ્રકારે શ્રુતિઓમાં સન્દેહ થતાં તેનું નિવારણ ગીતા દ્વારા કરવું. જેમ કે, ત્યાં ગીતામાં ૧૩મા અધ્યાયમાં કહ્યું છે કે–

સર્વતઃ પાણિપાદાન્તં, સર્વતોક્ષિઽશિરોમુખમ ।
સર્વતઃ શ્રુતિમલ્લોકે, સર્વમાવૃત્યતિષ્ઠતિ ॥
(ગીતા–૧૩–૧૩)

આમાં સર્વત; બ્રહ્મમાં કર-ચરણ-આંખ-શિર-મુખ વગેરે કહેવામાં આવ્યું છે, તેથી શ્રુતિમાં સામાન્ય નિષેધ નથી, પણ માત્ર પ્રાકૃત અંગો તથા ઈન્દ્રિયોનો જ માત્ર નિષેધ સૂચવ્યો છે, પણ તેનાથી બ્રહ્મમાં અપ્રાકૃત ઇન્દ્રિયો વગેરેનો નિષેધ પ્રાપ્ત થતો નથી.

તેવી જ રીતે જો ગીતામાં સન્દેહ થાય કે ગીતાના બીજા અધ્યાયમાં **“નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ”** ત્યાં જીવાત્માનું સ્વરૂપ નિત્ય–વ્યાપક–અચલ વગેરે

પ્રકારે કહ્યું છે, અને પંદરમાં અધ્યાયમાં **"મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ"** ત્યાં જીવને પોતાના અંશ તરીકે કહયો છે, તો પછી જો જીવ અંશરૂપ હોય તો પછી તેમાં વ્યાપકત્વ-અચલત્વ વગેરે ધર્મો કેવી રીતે હોઇ શકે? એવી શંકા થતાં તેનું નિરાકરણ **'ઉત્ક્રાન્તિગત્યાગતીનામ્'** વગેરે જે ઉત્ક્રાન્તિ આદિ ક્રિયા બોધક સૂત્રો દ્વારા જીવના અંશત્વનો નિર્ણય કરવો. તેવી જ રીતે **"જન્માદ્યસ્ય યતઃ"** વગેરે સૂત્રોમાં બતાવેલું કાર્ય લક્ષણ શબલનું છે કે પછી કેવલનું છે, તેમજ ત્યાં જે કારણતા દર્શાવવામા આવેલી છે તે નિમિત્તપણાથી બતાવવામાં આવી છે કે પછી ઉપાદાનત્વેન બતાવેલી છે, તેવા સન્દેહમાં તેનો નિર્ણય **"અન્વયવ્યતિરેકાભ્યાં યત્ સ્યાત સર્વત્ર સર્વદા"** એ ભાગવતના દ્વિતીય સ્કંધના વાકયથી તેમજ **'સમન્વયેન વ્યતિરેકતશ્ચ'** એ ભાગવત એકાદશ સ્કંધના અઠ્ઠાવીસમા અધ્યાયયા વીસમા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે નિર્ણય કરવો. આમ પ્રસ્થાન ચતુષ્ટયમાં ગણાવેલ સર્વ શાસ્ત્રો ઉત્તરોત્તર પૂર્વ-પૂર્વના સન્દેહ વારક છે. તેમજ મનુ સ્મૃતિ--પુરાણો વગેરેને પણ આ ચારથી અવિરુદ્ધ રહીને સ્વીકારાયેલાં છે. એટલા જ માટે શુક્રનીતિના ઘણા બધા અંશો તેમજ બાભ્રવ્ય વગેરેનાં શાસ્ત્રોનો આ ચાર પ્રમાણોથી વિરોધ આવતો હોઇ તેને સર્વથા અપ્રમાણિત માનવામાં આવેલાં છે. જૈમિનિના શાસ્ત્ર માટે પણ આમ જ સમજવાનું છે. (આ ચારથી અવિરોધેન માન્ય પ્રકારે)

આ પ્રસ્થાન ચતુષ્ટય દ્વારા પ્રતિપાદિત જે આનન્દમય રસાત્મક પર બ્રહ્મ છે તે ભગવાન શ્રી કૃષ્ણમાં શ્રી આચાર્ય ચરણોની કૃપાથી મતિ સ્થિર થાય અને તેમનામા પ્રીતી થાય એ જ શ્રી ચરણોમાં પ્રાર્થના.

સમાપ્ત

"આંતર સ્થિતિ"

કયાં યમુનાજી, કયાં ગોવર્ધન, કયાં વૃંદાવન કયાં વ્રજધામ?
કયાં વ્રજરજ, વન વૃક્ષ લત્તાઓ, કયાં બરસાના ને નંદગામ?
કયાં વલ્લભિઓ હરિરસમાતા, રસ રેલાવે રાધેશ્યામ?
કરિલ વૃક્ષો કદંબ છાયા, વ્રજ રજ લોટયાં આઠે જામ.
વલ્લભકુળનાં ચરણસ્પર્શને, દર્શન વચનામૃતનાં પાન;
કૃપાનાથ! આ સ્મરણ મધુરાં, કયા શબ્દથી લખું લખાણ?
વ્રજ ભૂમિનાં દર્શન દુર્લભ, દુર્લભ શ્રી યમુનાનાં પાન;
"**નટવર**" મહાસુખ વ્રજમાં મળીયાં, શામળિયાએ લીધાં દાન.

– શેઠ નટવરલાલ મહાસુખલાલ,
અરાદ

શ્રી વલ્લભ

જન કલ્યાણ મય પુષ્ટિમાર્ગ

(સંગઠન અને નવો જન્મ)

લે. રવજીભાઇ મીસ્ત્રી (બ્રજ) ધોરાજી

"આ મગનભાઈ, લીલામાં મયુરની નામે સખી છે. કોઇ અપરાધથી ભુતલ ઉપર પડી, ઘણા જન્મોને અંતે ખંભાતમાં એક શાહુકારને ત્યાં પુત્રરૂપે જન્મી તેનું નામ મગનભાઇ રાખ્યું." (૨૫૨ વૈ. વાર્તા ભાવપ્રકાશ).

ગુજરાતમાં ત્યારે ખંભાત, બંદર, મોટામાં મોટું ગણાતુ દેશવિદેશનાં મોટા વેપારનું મથક હતું. સુરતનો વિકાસ તે પછી થયો, એ ખંભાતમાં શ્રી ગોકુલના ગુંસાઇજી મહારાજ દ્વારકાં જતાં આવતાં પધારી મુકામ કરી, વૈષ્ણવ સૃષ્ટિને પરમાનંદનું દાન કરતા. તે સમયે આપના ખાસ સેવક ન્યાલચંદભાઇ. વાણીયા–સહજપાલ દોશી અને માધવદાસ દલાલ મુખ્ય હતા. અને શ્રેષ્ટી અને શરાફ તરીકે મગનભાઇ શેઠ હતા. તે શરણે આવ્યા ન હતા. પરંતુ શહેર અને રાજમાં તેની પ્રતિષ્ઠા સારી હતી.

ગોવર્ધન ભટ– મગનભાઇ ! મારે થોડા દીવસ યાત્રાએ જવું છે તો મારી આ પાંચ હજાર રૂપીયાની થાપણ આપને ત્યાં મુકું છું. આવી ને લઇ જઇશ.

મગનભાઈ – ભલે ભટજી ! તમે આનંદથી યાત્રા કરી પાછા આવો ત્યારે લઈ જજો. કોઇ જાતની ચીંતા કરશો નહી. અને ભટજી યાત્રાએ ગયા.

એક દીવસ ચાર પાંચ વૈષ્ણવો એક સ્થળે વાર્તા કરતા હતા કે શ્રી ગુંસાઇંજીએ આજ તો વચનામૃતમાં આજ્ઞા કરી કે બ્રહ્મસંબંધથી જીવનો નવો જન્મ થાય છે. બરાબર તેજ વખતે મગનભાઇ ત્યાંથી નીકળ્યા અને તેણે તે સાંભળ્યું. અને ઉભા રહયા, અને વૈષ્ણવોને પુછયું.

મગનભાઇ – તમે વાત કરો છો તે ખરી અને ખાત્રીવાળી વાત છે ?

વૈષ્ણવો – શ્રી ગુસાંઇજી સાક્ષાત ઇશ્વરનો અવતાર છે. તેની આ વાણી છે., એટલે સત્ય અને પુરેપુરી ખાત્રીવાળી છે. બ્રહ્મ સંબંધ થવાથી દેહ અલૌકીક થઇ નવો જ જન્મ થાય છે. આગલા જન્મોનાં–પાપો દુષ્કૃત્યો–હત્યાઓ બળી ભસ્મિભુત થઇ જાય છે. તે નિશ્ચિત જ છે.

મગનભાઇ – હું જો બ્રહ્મસબંધ કરાવું તો મારા આગલા જન્મોનાં પાપો અને અપરાધો નાશ પામી અને નુતન દેહ એટલે નવો જંન્મ થાય ને ?

વૈષ્ણવો – મગનભાઈ તેમાં જરા પણ શંકા રાખશો નહીં જરૂર નવો જન્મ થશે. અને મગનભાઇએ શ્રી ગુંસાઇજીને વિનંતિ કરી કે મહારાજ મને શરણે લઇ કૃપા કરો. શ્રી ગુસાંઇજી તો અંતર્યામી છે. તેઓ હસ્યા અને મગનભાઇને બ્રહ્મ સંબંધ કરાવી અને શરણે લીધા.

હવે મગનભાઈના મનમાં આવ્યું કે, નવો જન્મ થયો કે નહીં. તેની ખાત્રી તો કરવીજ. ગોવર્ધન ભટે મારા પાસે રૂપૈયા પાંચ હઝારની થાપણ મૂકી છે. અને તે યાત્રા કરવા ગયા છે. આ સારામાં સારી 'તક' છે. કારણ કે મને, તે પછી જ બ્રહ્મસંબંધ થયેલ છે. અને તે નકકી કરી લીધું.

થોડા દીવસ પછી ગોવર્ધન ભટ યાત્રાએથી આવી ગયા. અને મગનભાઈ પાસે પોતાની થાપણના રૂપીઆ માગ્યા.

ગોવર્ધન ભટ્ટ–મગનભાઇ ! આપને ત્યાં મેં થાપણ મુકેલ રૂપૈયા પાંચ હજાર આપો. એટલે હું મારો વ્યવહાર સંભાળું.

મગનભાઈ–ભટ્ટજીના રૂપૈયા કેવા અને વાત કેવી ! મારા પાસે તમારૂં કાંઈ જ નથી.

ગોવર્ધન ભટ્ટ–અરે, મગનભાઇ ! આપ આ શું બોલો છો મારા હાથે જ મેં તમને આપ્યા છે. અને તમે સ્વીકારી મને નિશ્ચિંત થવા કહ્યું હતું એ ભૂલી ગયા ?

મગનભાઇ–ભટ્ટજી ! તમારા રૂપૈયા મેં આ જન્મમાં તો લીધા નથી તો પછી સ્વીકારવાની વાત જ કેવી ? તમે મારે ગળે પડીને ખોટી રીતે લેવા માગો છો ગોવર્ધન ભટ્ટે વિચાર કર્યો કે મગનભાઇ જેવા શાહુકાર આમ કહે છે. તો હવે તો રાજા પાસે ફરીયાદ કરવી જ જોઇએ. અને ફરીયાદ કરી. રાજાએ મગનભાઇને બોલાવ્યા અને મગનભાઇ આવ્યા.

રાજાજી–મગનભાઇ ! ગોવર્ધન ભટ્ટ કહે છે કે તેના રૂપૈયા પાંચ હજાર થાપણ તરીકે તમારે ત્યાં છે. તે બાબત તમે શું કહો છો ?

મગનભાઈ–મહારાજ ! તેણે મારા આ જન્મમાં તો મારા પાસે રૂપૈયા મુકયા નથી અને મેં લીધા નથી. આ હું સત્ય કહું છું ત્યારે બે સભાસદો વાત કરે છે.

લલ્લુ–કલ્લુ ! જોયું ને કેવો હળાહળ કળીયુગ આવી ગયો છે. ગોવર્ધન ભટ્ટ ત્યાં રૂપૈયા મુકયા છે. એ મને પણ ખબર છે. મગનભાઇ જેવા પણ જુઠું બોલે છે.

કલ્લુ–લલ્લુ ! મગનભાઈ પ્રતિષ્ઠિત શાહ શરાફ છે. તેઓ સમજયા વીના કાંઇ પણ કરે નહીં. જેમ કુદરતનાં રહસ્યો વિજ્ઞાનીઓ પણ સમજી શકયા નથી. જયારે એ ખુલે છે. ત્યારે જ જગતને સમજાય છે. તેમ આમાં પણ કાંઇક કારણ તો હશે જ. મગનભાઇને રાજાએ બોલાવ્યા છે. અને તેઓ રાજ સભામાં છે. ચાલ આપણે પણ જઇએ. સાચું ખોટું ત્યાં સમજાશે.

લલ્લુ–કલ્લુ ! મગનભાઈ તો રાજા પાસે પણ જુઠું બોલી રાજાને પણ બનાવ્યા. આ શરાફ શાહુકારીનાં લક્ષણ છે. તું આને સારા કહે છે ?

કલ્લુ–લલ્લુ ! હજી વાતનો સાચો ન્યાય થયો નથી. માટે આપણે સભા પુરી થાય ત્યાં સુધી રોકાઇ સત્ય જોઈ અને પછી જઇશું.

રાજાજી–મગનભાઇ બ્રાહ્મણ જુઠું બોલે તેવો નથી તમે ના કહો છો. પરંતુ તમારે મારી કઠણ પરીક્ષામાં પસાર થઇને ખાત્રી આપવી પડશે. બોલો તૈયાર છો ને ? નહીં તો જે સત્ય હોય તે પ્રગટ કરો.

મગનભાઇ-મહારાજ ! આપ જે ખાત્રી માગો તે આપવા હું તૈયાર છું. એટલે રાજાએ તેજ વખતે લોઢાની પાંચશેરી મંગાવી અને એ અગ્નિમાં લાલચોળ જેવી તપાવી અને કહ્યું·

રાજાજી–મગનભાઇ ! તમે સાચા હોતો તમારા ખુલ્લા હાથે આ પાંચશેરી અગ્નિમાંથી ઉપાડી હથેળીમાં રાખો, એટલે સાચો ન્યાય થઇ જશે. એટલે મગનભાઈ હંસતા હંસતા આગળ આવ્યા. અને સભા સામે જોઈ કહ્યું કે. હે અગ્નિ ! મેં મારા આ જન્મમાં જો ગોવર્ધન ભટ્ટની થાપણ લીધી હોય તો મારા હાથ બળી જજો. અને ન લીધા હોય તો હે અગ્નિ ! તમે શાંત થઈ જજો. આમ કહી શ્રી મહા પ્રભુજી શ્રી ગુંસાજીનું સ્મરણ કરી અને ખુલ્લા હાથે લાલ ચોળ પાંચ શેરી ઉપાડી અને હથેળીમાં રાખી. અને કહ્યું કે આપ સર્વ કહો ત્યાં સુધી હથેળીમાં રાખીશ. એક ઘડી (૨૪ મિનિટ) રાખી. એટલે સર્વે એ કહ્યું કે મગનભાઇ હવે ફેંકી દીયો. તમે સાચા છો. પરંતુ

ગોવર્ધનભટ– મહારાજ ! એ બરાબર ગરમ થઇ ન હતી એમ કહી અને પોતે ઉપાડી એટલે તેના હાથ દાઝી ગયા. અને ચીસ પાડી.

રાજાજી–સભાજનો ! આ બ્રાહ્મણ જુઠો છે. મગનભાઇ જેવા આબરૂદાર શરાફ શેઠને ગળે પડે છે. તેને જેલમાં લઇ જાઓ. મગનભાઇ સજ્જન છે, ત્યારે મગનભાઇએ સર્વ સભા અને રાજાજીને કહ્યું.

મગનભાઈ-મહારાજ ! ગોવર્ધન ભટ સાચા છે. તેના રૂપૈયા પાંચ હઝાર મારા પાસે અનામત છે. મારે તો એક વાતની પરિક્ષા લેવી હતી. તે લેવાઈ ગઇ. એમ કહી પોતાની સર્વ વાત સભા અને રાજા સમક્ષ કરી. અને સર્વ સભા અને મહાજનો ચકીત થઇ ગયા. ગોવર્ધનભટ પણ હાથ દાઝી જવા છતાં બહુજ રાજી થયા. લલ્લુ અને કલ્લુ પણ પોતાના સંવાદનું પરિણામ આવી જવાથી રાજી થયા.

લલ્લુ–તારી વાત સાચી છે કલ્લુ ! મગનભાઇ એ પોતાની ખાત્રી માટે જ આ બધુ સમજીનેજ કર્યું હતું. મોટા મહાનુભાવોની કૃતિ ઉપરથી ગમે તેવી દેખાતી હોય. પરંતુ તેઓનાં સર્વ કાર્યો. સત્ય નિષ્ઠ પરમ પવિત્ર અને જગત કલ્યાણ કારી હોય છે. હવે રાજાજી અને સર્વ શ્રી ગુંસાઇજીને પધરાવી અને વૈષ્ણવ થશે. તો આપણે પણ થઇશું ને ? તૈયાર રહેજે. પછી, મગનભાઇની વૈષ્ણવતા બ્રહ્મસબંધની સત્યતા અને શ્રી ગુંસાઇજી મહારાજ અને પુષ્ટિમાર્ગનો આવો પ્રગટ પ્રતાપ જોઇ. અને ગામના કૃપા પાત્ર વૈષ્ણવો દ્વારા વિનંતિ કરાવી. શ્રી ગુંસાઇજી મહારાજને શ્રીમદ્ ગોકુળથી પોતાના રાજયમાં પધરાવી રાજા અને તેનો પરિવાર સર્વ સભાજનો પ્રતિષ્ઠિત મહાજન અને સર્વ પ્રજા ઉપરાંત

અનેક જીવો શ્રી ગુંસાઈજીને શરણે આવ્યા અને ખંભાતમાં શ્રી ગુંસાઇંજી અને પુષ્ટિ માર્ગનો જય જય કાર થયો. અને શરણે આવ્યા તેને શિવ–બ્રહ્માદિ યોગીઓને પણ અતી દુર્લભ એવા પુષ્ટિ માર્ગનાં શ્રીવ્રજના અને ગોલોક ધામનાં સુખો પ્રભૂ કૃપાથી સહજમાં મળ્યાં પરંતુ એ પણ ખરૂં કે શ્રી યમુનાજીના પદમાં કહ્યું છે કે "સ્વાંતિ જલ બુંદ જબ પરત હે જાહીમેં તારી સેં હોત તૈસોજુ બાનો."

બ્રહ્મ સબંધ દાનની વૃષ્ટિ તો સર્વ ઉપર સમાન વરસે છે પરંતુ પાત્રતા પ્રમાણે તેને ફલિત થાય છે. સ્વાંતિ બુંદ છીપમાં પડે તો અમુલ્ય "મોતી" થાય કેળ (કદળી) માં પડે તો–"કેળ કપુર થાય–વાંસમાં પડે તો વાંસકપુર" જેને વંશ લોચન પણ કહે છે તે થાય અને સર્પના મુખમાં પડે તો "ઝેર" થાય.

જય હો સંગઠન સામ્રાટ શ્રી વલ્લભનો

જય હો સંગઠના સુત્રધાર મહાનુભાવ ભગવદ ભકતનો

જય હો જન કલ્યાણ મય પુષ્ટિ માર્ગનો

આ માસના ઉત્સવ

મહા સુદ ૪ તા. ૧૨–૨–૮૬ બુધવાર શ્રી મુકુંદરાયજીનો પાટોત્સવ (કાશી) મહાનુભાવ શ્રી દામોદરદાસ હરસાનીજીનો પ્રાકટ્ય દિન.

મહા સુદ ૫ તા. ૧૩–૨–૮૬ ગુરુવાર વસંત પંચમી શ્રીમદનમોહનજી (શેઠ પુરુષોત્તમદાસ કાશીવાળાઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ કવિશ્રી જયદેવનો જન્મ દિન.

મહા સુદ ૧૧ તા. ૨૦–૨–૮૬ ગુરુવાર જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૨૧–૨–૮૬ શુક્રવાર શ્રી લાડીલેશજીનો પાટોત્સવ (વેરાવળ)

મહા સુદ ૧૫ તા. ૨૪–૨–૮૬ સોમવાર હોરી દંડારોપણ સાંજે સુર્યાસ્ત પછી ધમારનો પ્રારંભ માઘસ્નાન સમાપ્તિ.

મહા વદ ૫ તા. ૧–૩–૮૬ શનિવાર શ્રી રણછોડજી (ડાકોર) નો પાટોત્સવ.

મહા વદ ૬ તા. ૨–૩–૮૬ રવિવાર શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા) સાતમનો ક્ષય હોવાથી આજે.

મહા વદ ૧૧ તા. ૬–૩–૮૬ ગુરુવાર વિજ્યા એકાદશી વ્રત.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૧૯ મું

તાતેં શ્રીયમુને-શ્રીયમુનેજુ ગાઓ.
શેષ સહસ્ર મુખ નિશદિન ગાવત,
પાર નહીં પાવત તાહી પાઓ. ૧

સકલ સુખ દેનહાર, તાતેં કરો ઉચ્ચાર,
કહતહોં વારંવાર, જીન ભૂલાઓ,
'નંદદાસ' કી આસ શ્રીયમુને પૂરન કરી,
તાતેં ઘરી ઘરી ચિત્તજુ લાઓ. ૨

અર્થ :- માટે હે વૈષ્ણવો ! શ્રીયમુનાજીનું સતત ગુણગાન કરતા જ રહો. સહસ્ત્રમુખથી શેષજી પણ જેનાં ગુણ ગાય છે, છતાં પાર પામતા નથી. આવા અનેક ગુણોના સાગર શ્રીયમુનાજી તમને પ્રાપ્ત થશે. ૧

સકલ સુખના દાતા શ્રીયમુનાજી છે, એમ વિચારી આપનું નામ સ્મરણ કરતા જ રહો. નંદદાસજી ફરી ફરીને આગ્રહપૂર્વક (સ્વાનુભવથી) કહે છે, મારી સકલ અભિલાષા શ્રીયમુનાજીની કૃપાથી પૂર્ણ થઇ છે માટે તમે પણ પ્રતિક્ષણ શ્રીયમુનાજીનું સ્મરણ કરતા રહો. ૨

વિવેચન :- જે વસ્તુનો જેને પ્રત્યક્ષ અનુભવ ન હોય તેનું સંપૂર્ણ વર્ણન તે ક્યાંથી કરી શકે ? શેષજી, શિવ, બ્રહ્માદિક વગેરેને માત્ર શ્રીમર્યાદાપુરૂષોત્તમનો અનુભવ છે. પુષ્ટિલીલામાં એનો અધિકાર નથી. એટલે શ્રીયમુનાજી ગોલોકધામથી પધાર્યા છે, અને એનું માહાત્મ્ય અદ્‌ભૂત છે એટલું તો એ અવશ્ય જાણે છે, પરંતુ એના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન એને નથી, તો પછી એના ગુણોનો પાર એ ક્યાંથી પામી શકે ? છતાં એ ગુણગાન કરતા જ રહે છે. શ્રીમહાપ્રભુજીએ પણ યમુનાષ્ટકમાં કહ્યું છે **"શિવ વિરંચિ દેવસ્તુતે"** આ પ્રમાણે ગુણગાન કરવા છતાં એને સંતોષ થયો નથી. પ્રભુની અલૌકિક વ્રજલીલા રસની એક કણિકા પણ પ્રાપ્ત થાય એવી એને હંમેશાં અભિલાષા રહે છે જેથી શિવજીએ શ્રીયમુનાજીને સ્તુતિથી પ્રસન્ન કર્યા, ત્યારે શ્રીયમુનાજીની કૃપાથી શિવજીને ગોપી સ્વરૂપ પ્રાપ્ત થયું અને રાસલીલાના દર્શન થયા છે. આજે પણ ગોપી સ્વરૂપ શિવજીના દર્શન બંસીબટ પર થાય છે.

એવી જ રીતે બ્રહ્માજીએ પણ બચ્છવનમાં શ્રીયમુનાજીની સ્તુતિ કરી અને વ્રજલીલાનું સુખ પ્રાપ્ત કર્યું છે.

શિવજી રાજસ-તામસ ભકત છે. આ સ્વભાવથી મુકત થવા અને નિર્ગુણ ભકિતની

પ્રાપ્તિ માટે એમણે શ્રીયમુનાજીની સ્તુતિ કરી છે.

બ્રહ્માજી પણ રાજસ ભાવમાંથી મુકત થવા માટે શ્રી યમુનાજીની કૃપાના અભિલાષી છે.

ત્યારે પરમ ભાગ્યવંત છે વ્રજના પશુ પક્ષીઓ વગેરે કે જે આ જન્મમાં પણ ભગવાનની અનેકવિધ લીલાઓના દર્શન કરે છે.

શુક, મયુર, હંસ વગેરે સેવક ગણ શ્રીયમુનાજીની સાથે જ ભૂતળ પર આવ્યા છે, તેઓ ભકિતના ભાવાવેશથી શ્રીયમુનાજીના દ્રવિભૂત સ્નેહ રંસમાં એવા મગ્ન થઇ ગયા કે શુક એટલે નાસિકા જે પ્રત્યેક શ્વાસ સાથે શ્રીયમુનાજીનું સ્મરણ કરે છે.

મયુર એટલે નિષ્કામતા, હંસ એટલે ભકતોનો અલૌકિક સ્નેહભાવ, જેમાં નીરક્ષીર-રૂપી એટલે શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપને સમજવાની ક્ષમતા છે. આવા ભકતો જ સેવાના અધિકારી છે.

કાક પક્ષી શકુનાધમ ગણાય છે, કોઈ સામગ્રીનો સ્પર્શ કરે તો એ વસ્તુ પણ છોવાય જાય છે. છતાં એ વ્રજનો કાગ છે, એના ભાગ્યનું શું કહેવું !

શ્રીઠાકોરજી નંદ આંગણામાં ખેલતા માખણ રોટી આરોગી રહ્યા છે ત્યારે કાગડો પોતાના મલિન સ્વભાવને લીધે શ્રીઠાકોરજીના શ્રીહસ્તમાંથી માખણ રોટી ઝૂંટવી જાય છે. છતાં એ પરમ ભાગ્યવંત છે. શ્રી રસખાનજીએ પણ કહ્યું છે કે —

"કાગ કે ભાગ્ય કહા કહિયેં,
હરિ હાથોસોં લે ગયો માખન રોટી."

જે ભગવદ્ લીલાનું સુખ બ્રહ્માદિકને દુર્લભ છે તે વ્રજના કાગને પ્રાપ્ત થાય છે. એટલે જ લલીત કિશોરીએ પણ નીચેના પદમાં કહ્યું છે કે "વ્રજ રજ તજી કહું અનત ન જાઉં"

પદ

શ્રીયમુના પુલિન કુંજ ગહવરકી
કોકીલ વ્હૈ દ્રુમ કૂક મચાઉં
પદ પંકજ પ્રિય લાલ મધુપ વ્હૈ
મધુરે મધુરે ગુંજ સુનાઉં
કુકર વ્હૈ બન બિપિન ડોલોં
બચે સિથ રસીકનકે ખાઉં
'લલિત કિશોરી' આસ યહિ મમ
શ્રીયમુને તજી કહું અનત ન જાઉં

આ સર્વ સુખ આપણા ભાગ્ય વિધાતા શ્રીયમુનાજી કૃપાને આધીન છે.

સોરઠો-શિવ બ્રહ્માદિક રહે સદા,
કોઉ ન પાવે પાર;
ધન્ય જીવ વ્રજ કે સદા,
દર્શનકો અધિકાર.

—ક્રમશઃ

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૩૯મો)

અર્જુન ઉવાચ ।
કિં તદ્બ્રહ્મ કિમધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ ।
અધિભૂતં ચ કિં પ્રોક્તમધિદૈવં કિમુચ્યતે ॥૧॥
અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેસ્મિન્મધુસૂદન ।
પ્રયાણકાલે ય કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ ॥૨॥

અર્જુને કહ્યું, હે પુરુષોત્તમ, તે બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે? અધિભૂત કોણ કહેવાયું છે? અને અધિદૈવ કોને કહેવાય છે? ॥૧॥

અધિયજ્ઞ કોણ અને કેવી રીતે છે? અને હે મધુસૂદન, આ દેહમાં મૃત્યુ સમયે મનને વશમાં રાખનારાઓથી આપ કેવી રીતે જાણવા યોગ્ય છો? ॥૨॥

પહેલાં કહ્યું તે પ્રમાણે બ્રહ્મ, કર્મ વગેરેનું સ્વરૂપ જિજ્ઞાસુ એવા અર્જુને પૂછેલું, તેનો સ્પષ્ટ ઉત્તર ભગવાનશ્રીકૃષ્ણે આપ્યો.

આગળના અધ્યાયના અંતમાં ભગવાને 'તે બ્રહ્મ' (૭–૨૯) વગેરેથી તે શબ્દોના (બ્રહ્મ, અધ્યાત્મ અને કર્મના) અર્થની અને તેની સાથે સંબંધિત ભક્તોની સમજ આપી. તેનું સ્વરૂપ જાણવાની ઇચ્છાવાળા અર્જુને પ્રભુને વિનતિ કરી. તે બ્રહ્મ શું છે? વગેરે બે શ્લોકથી અર્જુને કહ્યું, હે પુરુષોત્તમ, તે બ્રહ્મ, એમ જે કહ્યું તે શું છે? અધ્યાત્મ એટલે શું? અને વળી કર્મ કોને કહેવાય? અધિયજ્ઞ એટલે યજ્ઞના અધિષ્ઠાતા અને યજ્ઞનું ફળ આપનાર કોણ છે? બીજા કોઇને નહિ પરંતુ એકને જ પારાયણ ચિત્ત જેનું છે તેઓનાથી, આ વિષયમાં આપ શી રીતે જાણવા યોગ્ય છો? હે મધુસૂદન. હે સર્વે અનિષ્ટોના નિવારક, આ દેહમાં અંતકાલે આપ શી રીતે જાણવા યોગ્ય છો? અહીં આ ભાવ છે; હે પુરુષોત્તમ એવા સંબોધનથી આપ જ પુરુષોત્તમ છો, આપનાથી પર કંઇ પણ નથી, એમ હોવાથી કથમ (શી રીતે) તદ્બ્રહ્મ (તે બ્રહ્મ), એવા શબ્દો કહ્યા છે. આધિદૈવિક તો આપનું જ સ્વરૂપ છે, તો આપનાથી બીજું કયું અધિદૈવ છે? વળી અધ્યાત્મ વગેરે હીન જ છે, તેના જ્ઞાનની શી આવશ્યકતા છે? અને સેવા શી રીતે કરવી જોઇએ? વગેરે સુચવાયું છે. હે મધુસુદન, એવા સંબોધનથી એઓ આપનાં છે તેઓને મરણ વગેરેનો ભય હોતો નથી, તો મરણસમયે આપ શી રીતે આપનું જ્ઞાન

આપનાર થાઓ છો ? એમ જણાવ્યું છે, એવો ભાવ છે. ।।૧, ૨ ।।

શ્રી ભગવાનુવાચ–

અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે ।
ભૂતભાવોદ્‌ભવકરો વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ ।।૩।।

શ્રી ભગવાને કહ્યું, પરમ ધામ અક્ષરબ્રહ્મ છે, સ્વભાવ (પ્રભુનુ જીવરૂપે પ્રાકટય) અધ્યાત્મ કહેવાય છે, સૃષ્ટિને ઉત્પન્ન કરવાનું સર્જનકાર્ય, કર્મ એવા નામથી ઓળખાય છે. ।।૩।।

આ પ્રશ્નોના ઉત્તરરૂપે સહેતુક જ્ઞાન આપવાને માટે શ્રી ભગવાન 'અક્ષરંબ્રહ્મ' વગેરે શબ્દોથી ત્રણ શ્લોકમાં કહે છે, જેનો ક્ષય થતો નથી, જે વિચલિત થાય નહિ તે અક્ષર છે. તે સદાય એકરસ, એકરૂપ છે, પુરુષોત્તમચરણરૂપ છે, ભકતોના હૃદયમાંથી ચલિત થતા નથી, તે સદાય સ્થિર છે તેનાથી પર, પરમ એટલે પુરુષોત્તમ એવા શબ્દથી એનું અનુમાન કરાય છે, તે બૃહદ્‌બ્રહ્મ અને વ્યાપક છે. સ્વભાવ એટલે અવિકારી એવા પોતાનો સેવાયોગ્ય દેહ ધારણ કરીને તેવે સ્વરૂપે રહેલા જીવભાવને અધ્યાત્મ એવા શબ્દથી કહેવાય છે, એમ અર્થ છે. ભગવદ્‌રસરૂપ જીવભાવનું પ્રાકટય તે વિસર્ગ એને ભગવદર્થે દ્રવ્યાદિના વિનિયોગપુર્વક સેવારૂપ જે ક્રિયા છે તે કર્મ એવા નામે ઓળખાય છે, એમ અર્થ છે. ।।૩।।

અધિભૂતં ક્ષરો ભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ।
અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાંવર ।।૪।।

આ દેહમાં નાશવંત ભાવ અધિભુત છે અને પુરુષ અધિદૈવત છે. હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન, યજ્ઞનો અધિષ્ઠાતા હું જ છું ।।૪।।

એ પ્રમાણે બ્રહ્મ, અધ્યાત્મ અને કર્મ સંબંધી ઉત્તર આપીને અધિભુત વગેરેનો પ્રત્યુત્તર 'અધિભૂતમ્' વગેરે શબ્દોથી આપે છે. ભગવાનના વિપ્રયોગના તાપની અધિકતાથી જે નાશભાવવાળો છે તે અધિભુત છે, સર્વે જીવોનાં નિશ્ચિત કર્તવ્ય માટેનો દેહ તે અધિભુત છે. દાસ્યને માટે પોતાના અંશથી, વિપ્રયોગના તાપને માટે પ્રકટ કરાય છે તેને અધિભૂત એમ કહેવાય છે, એવો ભાવ છે. વળી, હે દેહધારીઓમાં શ્રેષ્ઠ, હે મારી સેવાને યોગ્ય સામર્થ્યવાળા, આ જગતમાં દેહના નિમિત્તથી સેવાને યોગ્ય, સેવા કરવા માટે અધિયજ્ઞ છે, તેવો યજ્ઞ કર્મસ્વરૂપ અને યજ્ઞ પ્રવર્તક હું જ છું, એમ અર્થ છે. ।।૪।।

અંતકાલે ચ મામેવ સ્મરન્મુકત્વા કલેવરમ્ ।
યઃ પ્રયાતિ સ મદ્‌ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ।।૫।।

વળી મરણ સમયે મને જ સ્મરતો દેહને છોડીને જે પ્રયાણ કરે છે તે મારા સ્વરૂપને પામે છે, એમાં શંકા નથી. ।।૫।।

પ્રયાણ સમયે આપ શી રીતે જાણવા યોગ્ય છો ? તેનો ઉત્તર 'અંતકાલે' વગેરે શબ્દોથી કહે છે. અંતકાલે એટલે આ દેહના અવસાન સમયે, અથવા અંતરૂપ અંતિમ જન્મના દેહનો નાશ થવાનો સમય આવી પહોંચે ત્યારે, મારું જ સ્મરણ કરતો કરતો જે દેહને છોડે છે તે, મૃતદેહ કે જે ભજનને અયોગ્ય છે તેને છોડીને મારા ભાવને પામે છે, એટલે કે સેવામાં ઉપયોગી એવા સ્વરૂપને તે પામે છે. આ અર્થમાં શંકા નથી, તેથી શંકા કરવી જોઇએ નહિ, એમ અર્થ છે. મૂળમાં 'ચ' અક્ષર છે તેનાથી શુદ્ધ અવસ્થા

વગેરેનો વિચાર કરવો જોઇએ નહિ, એમ સૂચવાયું છે. ॥૫॥

યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।
તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવભાવિતઃ ॥૬॥

આથવા હે કુંતીપુત્ર અર્જુન, અંતકાળે ખરેખર જે જે સ્વરૂપને સ્મરતો શરીરને છોડે છે, સદાય તે સ્વરૂપની ભક્તિવાળો હોવાથી તે તે સ્વરૂપને જ તે પામે છે. ॥૬॥

અન્યનું સ્મરણ ન કરવાનું કારણ 'યં યં' વગેરે શબ્દોથી કહે છે, હે કૌંતેય, હે અન્યનું સ્મરણ કરવાને અશક્ત, અન્ય જે જે દેવનું અથવા પોતાના મનને ગમતા કોઇ જીવ સ્વરૂપનું સ્મરણ કરતો કરતો, અંતે દેહને છોડે છે તે તેને જ, તેના સ્વરૂપને જ પામે છે, એમ અર્થ છે. અહીં 'અપિ' શબ્દ છે તે નિશ્ચિતતાના અર્થમાં છે. આથી જ ભરતને અંતસમયે મૃગનુ સ્મરણ રહેવાથી મૃગશરીરની પ્રાપ્તિ થઈ હતી, એ જ અર્થ 'અપિ' શબ્દથી દર્શાવ્યો છે. જેથી અંતકાલે જેના સ્મરણથી એટલે કે જેનું સ્મરણ કરતાં કરતાં મરણ પામે છે તે તેને જ પામે છે. તે જ પ્રમાણે સામાન્ય રીતે પણ, મારુ સ્મરણ કરતાં કરતાં મરણ પામે તેને મારી પ્રાપ્તિ થાય, તેમાં શંકા નથી, એમ અર્થ છે. અરે, અંત સમયે વ્યાકુળતામાં અન્ય દેવનું કે મનને ગમતું હોય તેનું સ્મરણ શી રીતે થાય ? એમ પ્રશ્ન થાય તો કહે છે કે, સદાય તે ભાવની ભાવના કરેલી હોવાથી. નિરંતર જે માણસ જે ભાવની ભાવના કરે છે, તેનું જ સ્મરણ અંત કાળે તેને રહે છે. ॥૬॥

તસ્માત્સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ ।
મય્યર્પિતમનોબુદ્ધિર્મામેવૈષ્યસ્ય સંશયમ્ ॥૭॥

તેથી (હે અર્જુન) સર્વ કાળે મને તું યાદ કર, અને તું યુદ્ધ કર. મારામાં જેણે મન અને બુદ્ધિ અર્પણ કર્યાં છે તેવો તું નિઃસંદેહ મને જ પ્રાપ્ત કરીશ. ॥૭॥

તેથી તું સદાય મારા ભાવવાળો થા, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે. તસ્માત્ એટલે તેથી પહેલાં કહેવાયેલ કારણોથી લૌકિક ક્રિયા કે વૈદિક ક્રિયાને યોગ્ય સર્વ કાળમાં મારામાં સ્થિર થયેલું મન, એટલે કે મનની ચંચળતાનો દોષ નિવારવા માટેની બુદ્ધિ અન્યત્ર કામ ધંધાના દોષને નિવારવા માટેની બુદ્ધિ મારામાં સ્થિર કરીને મારું નિરંતર સ્મરણ કર, નિરંતર મારા સ્મરણથી, મારી કૃપાથી, મને પણ તારું સ્મરણ રહેશે, તેથી સદાય મારા સ્મરણના ફળને તું મેળવીશ, એવો ભાવ દર્શાવાયો છે. અને સદ્ભાવથી મારી આજ્ઞાથી તું યુદ્ધ પણ કર, એમ સૂચવ્યું છે. એ પ્રમાણે અનુસ્મરણથી તું મને જ પામીશ, એમાં શંકા નથી, એમ કહ્યું છે. 'અસંશયમ્' એટલે તેમાં શંકા નથી, એવો અભિપ્રાય દર્શાવ્યો છે. ॥૭॥

અભ્યાસયોગયુક્તેન ચેતસા નાન્યગામિના ।
પરમં પુરુષં દિવ્યં યાતિ પાર્થાનુચિંતયન્ ॥૮॥

હે પૃથાના પુત્ર અર્જુન, અભ્યાસરૂપ ઉપાયથી જોડાયેલા અને બીજે વહિ જનારા ચિત્તથી નિરંતર ચિંતન કરનારો પરમ દિવ્ય પુરુષને પ્રાપ્ત કરે છે. ॥૮॥

તો પછી, સાક્ષાત્ મેં ઉપદેશ કર્યો હોવાથી, તને તો મારી પ્રાપ્તિ થવામાં કોઈ શંકા નથી, પરંતુ મારી આજ્ઞા સિવાય પણ જેઓ અનન્ય ભાવથી મારું સ્મરણ કરે છે, તેઓ પણ મને પામે છે, એમ 'અભ્યાસયોગયુક્તેન' વગેરે શબ્દોથી કહે છે. હે પાર્થ, હે મારા ભક્ત, ભગવાનના સંગનું સતત સેવન, એ જે ઉપાય છે, તે ઉપાયથી અન્યત્ર નહિ ગયેલા મન વડે, એટલે કે અન્ય ઉત્તમ છે, એવા જ્ઞાનથી થતી મનની ચંચળતાના દોષ વગરના મન વડે દિવ્ય, ક્રીડાત્મક, પરમ પુરુષ એવા પુરુષોત્તમના સ્વરૂપનું, બીજાને વશ નહિ એવા મનથી નિરંતર સ્મરણ કરનારો, એટલે કે ભગવાનના સ્મરણ પછી પણ સ્મરણ કરનારો, વારંવાર ચિંતન કરનારો, હે પાર્થ તે તેને જ પામે છે, એમ કહેવાનું તાત્પર્ય છે. 'હે પાર્થ' એવા સંબોધનથી પૃથા સાથેના સંબંધથી મારું સ્મરણ કરાયા પછી પણ જેવી રીતે નિરંતર સ્મરણ રહ્યા કરે તેવા સ્મરણ વડે તું મને પામીશ, એમ સમજાવ્યું છે. ।।૮।।

સમાચાર

ગોંડલ– શ્રી ગોકુલનાથજી પ્રાટય ઉત્સવ માગશર સુદિ ૭ બુધવારે પૂ. પા. ગો. **શ્રી** દામોદરલાલજી બાવાશ્રીએ મનાવેલ હતો. પલનાનંદમહોત્સવ થયા હતા. રાત્રિના શ્રી મોટી હવેલીએ પૂજ્ય બાવાશ્રીના, શાસ્ત્રીજી અનંત પ્રસાદ તથા પ. ભ. ભગનબાપા શરાફના પ્રવચનો થયા બાદ વધાઈ સમાજ કીર્તનથયા હતા.

સિહોર– શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણનો પ્રાગટય મહોત્સવ માગશર વદ ૯ ના રોજ શ્રી સર્વોત્તમજી, શ્રી યમુનાષ્ટક, શ્રી નામરત્નાખ્ય સ્તોત્રનો સમૂહ પાઠ, વધાઈ કીર્તન, રાસ–ગરબા, હીંચ–હમચીથી ઉજવવામાં આવ્યો હતો.

ધોરાજી– શ્રીગુસાંઈજીનો પ્રાગટય મહોત્સવ શ્રી ધોરાજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડળના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી પ્રબોધકુમાર બાવાશ્રીના અધ્યક્ષસ્થાને વરણાગી તથા સભાના કાર્યક્રમથી ઉજવવામાં આવ્યો હતો.

નવાગામ :– (તા. કાલાવડ શિતલા) અત્રે સોની પરિવાર ના સેવ્ય સ્વરૂપની હવેલી એ કામવન વાળા પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી બાવશ્રીના સાન્નિધ્યમાં શ્રીગુંસાઈજીનો પ્રાકટય મહોત્સવ બળોળા સમુદાયે ઉત્સાહ પૂર્વક ઉજવ્યો.

તા. ૨૧ તથા ૨૨ જાનેવારી ના દિને પૂ. પા. ગો. શ્રી રણછોડચાર્યજી મહારાજ શ્રીપ્રથમેશજી નવાગામ પધારેલ આજુ બાજુનાં તથા મુંબઈ પોરબંદર–જુનાગઢ રાજકોટના વૈષ્ણવોનો મોટો સમુદાય એકત્ર થયેલ તા. ૨૧ મી એ સાંજે આપશ્રીનું ભવ્ય સ્વાગત શોભાયાત્રા અને પ્રવચન થયેલ તા. ૨૨ મી એ સાંજે પૂ. આચાર્યશ્રીના વૈષ્ણવો ના સંગઠનનું મહત્વ એ વિષય પર સુંદર વચનામૃત થયેલ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક છઠ્ઠો)

અરે, એવા પ્રકારના દોષોની નિવૃત્તિ તો પ્રાયશ્ચિત વગેરેથી પણ શક્ય છે, બ્રહ્મસંબંધ કરવાથી શી વિશેષતા છે ? એવો પ્રશ્ન થાય તો 'અન્યથા' વગેરે શબ્દોથી કહે છે.

એના સિવાય (બ્રહ્મસંબંધ વિના) બધા દોષોની નિવૃત્તિ કશાથી પણ શક્ય નથી, એટલે કે કર્મ જ્ઞાન અને ભક્તિરૂપી સાધનોથી પણ તે દોષો છૂટતા નથી. દોષનાં કારણો કર્મ, દેશ અને કાલ નિમિત્તરૂપે વિદ્યમાન હોવાથી તેઓનાથી (એટલે કે કર્મ, જ્ઞાન અને ભક્તિરૂપી સાધનોથી) સંયોગ (બ્રહ્મસંબંધ) અને સ્પર્શ (ભગવાનનાં ચરણનો સ્પર્શ) વડે તેની ઉત્પત્તિનું નિયંત્રણ શક્ય છે. બ્રહ્મસંબંધ કરવાથી તો ભગવદીયપણાનું અનુસંધાન રહે છે, અને તેથી દૂષિત જીવો અને દૂષિત દેહો સાથેના પોતાના સંબંધથી દૂર રહેવાથી તે દોષો કંઈ પણ કરી શકતા નથી. એ પ્રમાણે આ એક જ (બ્રહ્મસંબંધ જ) સ્વતંત્ર રીતે દોષોની નિવૃત્તિનું સાધન છે, તે સિવાય દોષોની નિવૃત્તિનું બીજું કોઇ સાધન નથી, એમ અર્થ છે.

અહીં આ ધ્યાનમાં રાખવા જેવું છેઃ એકાદશ સ્કંધમાં 'મનુષ્યોનું કલ્યાણ કરવાની ઇચ્છાથી જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ યોગ મેં કહેલા છે, (ભાગ ૧૧–૨૦–૬),' એ કથનમાં ભગવાને જીવોનાં કલ્યાણનાં ત્રણ સાધનો બતાવ્યાં છે, એ પ્રમાણે તેના દ્વારા શ્રેય, દુઃખનો અભાવ અને સુખ ઇચ્છયું છે. ચોથા સ્કંધમાં 'હે રાજન્, આ કર્મો દ્વારા તમે તમારું કયું શ્રેય પ્રાપ્ત કરવા ઇચ્છો છો ? જેનાથી દુઃખનો નાશ થાય અને સુખની પ્રાપ્તિ થાય, તેવું કલ્યાણ તેનાથી અહીં અપેક્ષિત નથી,' (ભાગ ૪–૨૫–૪), એ પ્રમાણે નારદજીએ કહ્યું છે. તેમાં પહેલાં દુઃખનો અભાવ શોધવા જેવો છે; કારણ કે બુદ્ધિની પહેલી પ્રવૃત્તિ તેમાં જ રહે છે. અને દુઃખ પહેલાં કહેવાયેલ (સહજ, દેશજ, કાલજ, સંયોગજ અને સ્પર્શજ) દોષોને કારણે જાણવું. વળી દોષોની આત્યંતિક નિવૃત્તિ પ્રાયશ્ચિત કરવાથી થતી નથી; કારણ કે પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ ફરીને પાપમાં મન પ્રવૃત્ત થવાનું જોવામાં આવે છે. 'કર્મ વડે કર્મનો સંપૂર્ણ નાશ થવો શક્ય નથી; કારણ કે તેમાં અધિકારી અજ્ઞાની છે, અને પ્રાયશ્ચિત્ત શંકાસ્પદ હોય છે, (ભાગ ૬–૧–૧૧), એ પ્રમાણે છઠ્ઠા સ્કંધમાં શુકદેવજીનું કથન છે. તો પછી

જ્ઞાનથી પણ તેની નિવૃત્તિ નથી, ભલે એમ હો. 'હે અર્જુન, જેવી રીતે પ્રજ્વલિત અગ્નિ કાષ્ઠને ભસ્મિભૂત કરી દે છે, તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને ભસ્મીભૂત કરી દે છે,' (ગીતાજી, ૪-૩૭), એ પ્રમાણે ગીતાજીમાં ભગવાનનું કથન હોવાથી એમ શંકા થાય. વળી. 'માત્ર હિતકર અન્ન ખાનારને રોગો સ્પર્શી પણ શકતા નથી. એ જ પ્રમાણે, હે રાજન, નિયમિત મનુષ્ય ધીમે ધીમે પોતાનું કલ્યાણ સાધવા માટે શકિતમાન થાય છે. ધર્મને જાણનારાઓ અને શ્રદ્ધાળુ ધીર પુરુષો તપ, બ્રહ્મચર્ય, શમ, દમ, ત્યાગ, સત્ય પવિત્રતા, યમ અને નિયમ વડે શરીર, વાણી અને બુદ્ધિથી થયેલ મોટું પાપ પણ, વાંસનાં ઝુંડનો અગ્નિ નાશ કરી નાખે તેમ તેઓ નષ્ટ કરી નાખે છે, (ભાગ ૬-૧-૧૨, ૧૩, ૧૪),' એ પ્રમાણે ત્રણ માંહેના પ્રથમ શ્લોકમાં હિતકર ખાવાના દૃષ્ટાંતથી અને ધીમે ધીમે વિવિધ સાધનોથી 'ક્ષેમ' એવા શબ્દથી કહેવાયેલ જ્ઞાનની ઉત્પત્તિ કહી છે. બીજા શ્લોકમાં સહયોગ દેનારાં (તપ, બ્રહ્મચર્ય, શમ, દમ, ત્યાગ, સત્ય, પવિત્રતા, યમ અને નિયમ-એ) નવ સાધનો કહેલ છે અને ત્રીજા શ્લોકમાં પાપના નાશના કથનથી (સહયોગ દેનાર તપ વગેરેનો મહિમા વર્ણવ્યો છે.)

શ્રીધરીય ટીકામાં તપ એટલે એકાગ્રતા દર્શાવેલ છે અને સ્મૃતિમાં મન તથા ઇંદ્રિયોની એકાગ્રતા એ જ પરમ તપ છે, એમ કહ્યું છે. બ્રહ્મચર્ય એટલે 'સ્મરણ, વર્ણન, રતિક્રીડા, નિહાળવું, છૂપી વાત, તરંગો, ઉત્સાહ અને કાર્યમાંથી નિવૃત્તિ એ આઠ પ્રકારનાં મૈથુન છે, તેનાથી વિપરીત એવું બ્રહ્મચર્ય, શમ એટલે મનને વશ રાખવું તે, દમ એટલે બાહ્ય ઇંદ્રિયોને વશમાં રાખવી ત્યાગ એટલે દેવાની વૃત્તિ, સત્ય એટલે સાચુ બોલવું, શૌચ એટલે દેહની અશુદ્ધિ નિવારે તેવું આચરણ, યમ એટલે અહિંસા વગેરે, નિયમ એટલે જપ વગેરે, એ પ્રમાણે તેનું વિવેચન છે. એમ છે તેથી ઘણા સમયે દોષોની નિવૃત્તિ થાય છે. એ પ્રમાણે એ બધા સહકારી ભાવો છે. આજે તો જ્ઞાન મેળવવું બહુ કઠિન થઇ ગયું છે, અને એવી સહકારી સંપત્તિ પણ ભાગ્યે જ કોઈક ગૃહમાં હશે.

આનાથી શ્રેષ્ઠ રીતે ભકિતથી થતી દોષની નિવૃત્તિ અવશેષ રહે છે. કેટલાક મનુષ્યો ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણને પરાયણ રહીને, માત્ર ભકિત વડે, સૂર્ય જેમ ધુમ્મસનો નાશ કરે છે તેમ, તેઓ પૂર્ણપણે પાપનો નાશ કરે છે. (૧).' 'હે રાજન્, જેવી રીતે શ્રીકૃષ્ણને આત્મસમર્પણ કર્યું છે તેવો મનુષ્ય ભગવાન શ્રીકૃષ્ણની સેવાથી શુદ્ધિ મેળવે છે, તેવી રીતે પાપી પુરુષ તપ વગેરેથી શુદ્ધિ મેળવી શકતો નથી. (૨).' 'આ લોકમાં નારાયણ પરાયણ, ચારિત્રશીલ અને સાધુ પુરુષો જે પંથમાં છે તે પંથ જ સર્વશ્રેષ્ઠ, નિર્ભય અને મંગલમય છે. (૩).'

'હે રાજેન્દ્ર, જેવી રીતે મદ્યપાત્રને નદીઓ પૂર્ણપણે શુદ્ધ કરતી નથી, તેમ જ નારાયણથી વિમુખ જનોને કરવામાં આવેલાં પ્રાયશ્ચિત્તો પૂર્ણ પણે શુદ્ધ કરી શકતાં નથી. (૪) અહીંયાં ભગવાનના ગુણોમાં આસકિતવાળા

મનને જેઓએ એક વાર પણ શ્રીકૃષ્ણમાં પરોવ્યું છે, તેઓને યમ અને પાશધારી યમદૂતોનું દર્શન સ્વપ્નમાં પણ થતું નથી; કારણ કે તેઓનું આચરણ જ દોષોને દૂર કરનાર છે. (૫).' (ભાગ. ૬–૧–૧૫ થી ૧૯)

એ પ્રમાણે કહેવાયેલાં વાકયોથી તે પણ (સહકારી સંપત્તિ પણ) પાપનું નિવારણ કરનાર છે, એમ કહેવાયું છે, તો પણ સહકારી સંપત્તિ બ્રહ્મસંબંધ કરવાથી જ સફળ થાય છે, પરંતુ બ્રહ્મસંબંધ વગર તેનાથી સફળતા મળતી નથી. તેમ જ ઉપર કહેવાયેલા પહેલા શ્લોકમાં 'કેચિત્' (કેટલાક) એવો શબ્દ છે, તેનાથી તાદૃશ અધિકારીનું દુર્લભપણું સૂચવ્યું છે. 'કેવલયા' (માત્ર) એ શબ્દથી સહકારી સંપત્તિની અપેક્ષા વગર, માત્ર ભકિતથી, એમ એમ જણાવ્યું છે. અને જ્ઞાન કરતાં ભકિતનું પ્રાબલ્ય દર્શાવ્યું છે. 'કાર્ત્સ્ન્યેન' (પૂર્ણપણે, સમગ્રતાથી) એ શબ્દથી, તેમ જ ધુમ્મસ અને સૂર્યના દૃષ્ટાંતથી કંઇ શેષ ન રહે તેમ, પૂર્ણપણે પાપનો નાશ કરનાર છે, એમ કહ્યું છે; કારણ કે ઊંચે ચડી ગયેલો સૂર્ય ધુમ્મસનો એ પ્રમાણે નાશ કરે છે. ઉપરના બીજા શ્લોકમાં 'કૃષ્ણાર્પિતપ્રાણ' (જેણે શ્રીકૃષ્ણને આત્મસમર્પણ કર્યું છે તે) એવો શબ્દ છે. એવા અધિકારવાળા વિશેષણથી તેનો બ્રહ્મસંબંધ કરાયો છે, એવો બોધ છે અને એ યોગ્ય છે; કારણ કે જેનાં પાપ દૂર થયાં છે તેનું પોતાના સ્વામી સાથે જોડાણ થાય છે, અને તેમ થવાથી દોષોની નિવૃત્તિ થાય છે, એ યોગ્ય છે. એ પ્રમાણે આ એક વિશિષ્ટતા છે. તે જ પ્રમાણે તેમાં ત્રીજા શ્લોકની નજીક 'તત્પુરુષસેવયા' (ભગવાન શ્રી કૃષ્ણની સેવાથી) એવા કહેવાયેલા શબ્દથી સર્વદા ભગવાનની ભક્તિની ઇચ્છા રાખવી, એમ સૂચવ્યું છે. ત્રીજા શ્લોકમા માર્ગની ઉન્નતિ દર્શાવવા માટે ભગવાનના ભકતના સ્વરૂપના જ્ઞાનથી દંભી જનો વગેરેનો સહવાસ છોડવાનું સૂચવ્યું છે. ચોથા શ્લોકમાં બહિર્મુખવાળાએ કરેલા પ્રાયશ્ચિત્તની સુરાભાંડમિવાપગા (જેવી રીતે મદ્યપાત્રને નદીઓ પૂર્ણપણે શુદ્ધ કરતી નથી, તેમ) એવા દૃષ્ટાંત વડે નિષ્ફળતા દર્શાવી છે.

વધાઇ આમંત્રણ

શ્રી ગિરિરાજજીની દંડવતી પરિક્રમા પ્રારંભ મહા વદી ૫ને તા. ૧–૩–૮૯થી ફાગણ વદી ૨ ને તા. ૨૭–૩–૮૯ સુધી ટ્રેન દ્વારા જવાની વ્યવસ્થા છે. આ પરિક્રમામાં ભાગ લેવા ઈચ્છતા વૈષ્ણવોએ પોતાના નામ નીચેના સ્થળે નોંધાવી દેવા.

પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી હષિકેશજી મહોદય, નવી હવેલી, પાટણવાવ રોડ **ધોરાજી** ફોન – ૧૦૮૯

જુનાગઢ – (૧) ગુલાબવાડીમાં પૂ. ઈન્દીરાબેટીજી તથા પૂ. પા. ગો. શ્રી શ્યામસુંદર બાવાશ્રી (જામનગર)ના વચનામૃતનો કાર્યક્રમ યોજવામાં આવેલ. બને સભામાં સારા પ્રમાણમાં વૈષ્ણવોએ લાભ લીધેલ.

(૨) શ્રીગુસાંઈજીનો પ્રાકટય મહોત્સવ ધ્વજ વંદન, પ્રભાત ફેરી, સ્તોત્ર પાઠ, વરણાગી ઢાઢીલીલા વગેરે કાર્તક્રમથી ઉજવવામાં આવેલ હતો.

રીસાયેલા રાધીકા રાણી

સંકલનકર્તા–**ડૉ. અશ્વિન સી. શાહ**
અંધેરી (મુંબઇ)

પ્રભુ શ્રી કૃષ્ણચંદ્ર સાંજે આવવાનું કહી આખી રાત તો ન જ આવ્યા પણ છેક વ્હેલી સવાર થતાં પરોઢીયે સ્વામીનીજીને આંગણે પધાર્યા ! રીસાયેલાં રાધીકાજી શ્રી શ્યામ સુંદરની યાદમાં અંધારી કાળી રાતમાં, આકાશમાં તારા અને નક્ષત્રો ગણતા રહ્યાં ! પણ વ્હેલી સવારે જયારે શ્રી કૃષ્ણચંદ્રજીને પોતાના આંગણા તરફ આવતા ઝરૂખેની જોયા ત્યારે તેમના ગુસ્સાનો કોઇ પાર ન રહ્યો. તેઓ ઘુંઘટો કાઢી, મોં ફેરવી છત્ર પલંગ ઉપર પોતાનાં વાળ, કપડાં અને મૂખડાનો શણગાર તોડી–ફોડી રૂદન કરવા લાગ્યા રડી રડી તેમનું મુખ–કમળ તેમજ નયનો લાલ રતુંમડા થઇ ગયાં !

સાંજે આવવાનું કહી ગયા, મોહનલાલ છેક પરોઢીયે દિધાં દર્શન વ્હાલે કાળી રાતડી તારા–નક્ષત્રો જોઇ વિતાવી જાણે એક યુગ વિત્યો આખો આજે કયાં–કયાં જઇને આવ્યા; પ્રિતમ પ્યારે કોને અધર ઉપર રંગ દિધો કાળો તમને કોને હૃદયપટ પર નિશાની કરી લાલ તમને કોણે ચોર્યું પીળું પીતાંબર આજે કોણે તોડી કંઠની મોતી–માલા આજે કેમ જૂલમ કરો છો આવો તમે આજે સાને સતાવો છો પ્રિય, તમારી રાધીકાને

કેટકેટલાં મનસુબા ઘડયા હતા આજે, આ કનૈયા કાજે ? મારો કનૈયો, નટવર નંદલાલ આવશે, હું તેનું ફૂલમાળા પહેરાવી સ્વાગત કરીશ ! કપાળમાં કુમકુમનું તિલક કરીશ પ્રેમથી આરતી ઉતારીશ, એને કોઇની નજર ન લાગે માટે નજર ઉતારીશ, માથેથી ઓવરણાં લઇશ. એમના કોમળ ચરણને શીતળ જળથી ધોઇશ પછી એમને બેસવા માટે સુંદર મઝાનું સુવાળું રેશમી આસન આપીશ. એ સાથે નરમ–પોચા ગાદી–તકીયા આપીશ. જેથી મારા વ્હાલા કનૈયાનો બધો થાક ઉતરી જાય. પછી હું તેમની સાથે વાત કરીશ. મારા વ્હાલા પ્રિય–પ્રિયતમ ! ખુબ જ થાકી ગયા લાગો છો ? આજે વૃંદાવનમાં કેમ ખુબ વાર લાગી ? આજે તમો કેમ વ્યથીત લાગો છો ? તમારા ચરણ દબાવી આપું ? તમારે માટે મે આજે સવારે જ સુંદર તાજું દધિમંથન કરી નવનીત બનાવ્યું છે સાથે સુંદર મઝાની મીસરી પણ છે, વ્હાલા પ્રેમથી આરોગો ! તમને પસંદ પડશે ! આ વિવિધ ફળો પણ તમારે માટે જ લાવી છું, આરોગો, પ્રેમથી, પ્યારે ! અને આ બદામ–પીસ્તાનું કેસરી દૂધ, પણ તમારે માટે જ બનાવ્યું છે, પ્રિતમ પ્યારે ! સ્વીકાર કરો આજે ! અરે ! મેં તો સુંદર શૈયા સજાવી રાખી છે. ફૂલોના ગજરે

તમારે માટે, પછી પ્રેમથી શયન કરો કુંવર નંદલાલ ! નીરાંતે

આવા અનેક દિવા સ્વપ્નો જોતા રહ્યાં રાધીકા રાણી, કૃષ્ણ કનૈયાની વાટે, પણ નટ ખટ નટવરલાલ આવ્યા છેક સવારે !

રાધીકારાણીનો ગુસ્સો અને માનસીક હાલત જોઇ કુંવર કનૈયાજી પરીસ્થિતિ કળી ગયા ! તેમણે નવાનવા તુક્કા જોડવા માંડયા કે જેથી કરી રાધીકાજીને મનાવી શકાય !

પ્રિયે ! મારી વ્હાલી ! રાધીકા રાણી તમે તો જાણોજ છો કે કાલે હું કેટલો મોડો આવ્યો વનમાંથી ! ગાયો બધી દૂર દૂર નિકળી ગઇ હતી બધીને વળાવીને લાવતાં સંધ્યાકાળ રાત્રી થઈ ગઇ ! અને રાત્રી થતાં યશોદા-માતાજી ખુબ જ ખીન્ન થયાં તેમની આંખો રડી-રડી રતુંમડી લાલ બની ગઈ અને મન તો દુઃખથી ખીન્ન થઇ ગયું અને પિતાજી નંદબાવાના ગુસ્સાનો કોઇ પાર ન રહ્યો. બન્ને જણાએ મને ઘરની બહાર પગ ન મૂકવાની ધમકી આપી છે અને કહ્યું છે કે આવતીકાલથી તમારે વૃંદાવનમાં ગાયો ચરાવવા નથી જવાનું ! તમે તો જાણો જ છોકે મને રોજ વૃંદાવનમાં જવાનું કેટલું ગમે છે હું તો ખુબજ નિરાશ થઇ ગયો ! તેમાં વળી આખી રાત યશોદા માતાજી મને સાથે લઈને જ સુતા રહ્યાં, જરા હું તેમની બાજુમાંથી સરકી તમારા તરફ આવવાનો પ્રયત્ન કરૂં કે માતાજી જાગી જાય અને તરજ મને તેમના આલીંગનમાં લપેટી લે અને આમને આમ કરતાં મધ્યરાત્રી અને પરોઢ પણ થઇ ગયું, આતો પરોઢીએ માતાજીની આંખ જરા લાગી ગઈ એટલે હું તમારી પાસે દોડતો દોડતો આવી પહોંચ્યો. તમારા સીવાય મારે આ દુનિયામાં કોણ પ્યારૂં છે ? તમો જ મારા હૃદયેશ્વરી છો ! માટે રાધીકારાણી આપ શાંત થાઓ. તમારા શૃંગાર ફરીથી ધારણ કરો અને મન પ્રસન્ન કરો ! આજનું આ સુંદર પ્રભાત તમારા રૂપ-શૃંગાર વગર ઝાંખુ પડી જશે !

કનૈયાની કાલી-કાલી મધુર પ્રેમભરી વાણી સાંભળી ગુસ્સે થયેલા રાધીકારાણી પ્રસન્ન થઇ કનૈયાને ખુશીથી ભેટી પડયાં !

શ્રદ્ધાંજલી

આં. પુ. વૈ. પરિષદના કેન્દ્રિય સંગઠન મંત્રી પં. દ્વારકાપ્રસાદ પાટોદિયાજી ના પિતાશ્રી પં. રાધેશ્યામજી પાટોદિયા તા. ૨૨-૧૨-૮૫ ના રોજ કિશનગઢ મુકામે શ્રી હરિઃ શરણ થયા શ્રી વલ્લભ સુધા -સંપાદક- વ્યવસ્થાપક મંડલ હાર્દિક શ્રદ્ધાંજલી અર્પે છે

।। શ્રીવલ્લભો જયતિ ।।

।। વાકપતિર્વિબુધેશ્વરઃ ।।

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ : શ્રીવલ્લભાયન મહાકાવ્ય રચયિતા
શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધંમ્બોલા)

લેખાંક પાંચમો **(ગતાંકથી ચાલુ)**

માતા પિતાએ સ્વપ્નમાં નંદમહોત્સવ અને બાલક ચતુર્ભુજ સ્વરૂપનો પલટો કરી ગહનવનમાં સુકોમલ રેતિમાં ખેલતા બાલકને દ્વિભુજ જોયું,

ચોપાઇ

દરશત બાલક મૂર્ત સરસસી, સૂર્યહૃદય જિમિ કમલ ભ્રમરસી
સુપન માતુ પિતુ અતિસુખદિન્હાં, પ્રકટ કરત પુનિ અનુપમ ચિન્હાં
દ્વયભુજ ભાલ તિલક શુભ સોહે, નીલકમલ સમ તનુમન મોહે
હંસત લાલ પિતુ માતુ બિલોકી, હૃદય પ્રીત અતિ રહત ન રોકી

દોહા

હંસત મંદ મૃદુ બચન કહ. તુમ બિન કરત નિવાસ;
આવેં ચંપારણ્યમેં, પૂર્ણ કરન અભિલાષ.
લખત સુપન ઠાડે ભયે, કહત પરસ્પર બાત.
સુત દર્શન આતુર મહત, ભયઉંસમય જબ પ્રાત.

તે રેતિના ચોતરાની ચારે કોર અગ્નિ પરિભ્રમણ કરતો પ્રકટ થતો અને એકાએક વધી જતો પણ જોયો. શિશુરૂપ બાલક પોતાના વામ ચરણના અંગુષ્ઠને બન્ને હાથમાં લઇ મુખમાં મૂકતા ચરણ હાથમાંથી છટકી જતાં, માતાપિતા સામે હાસ્યપૂર્વક પ્રાકૃત ભાષામાં બોલતો બોલ સંભળાયો. “આપ ચંપારણ્યમાં આવો હું પ્રગટ થયો છું મને વનમાં ડર લાગે છે.” માતા પિતા જાગી પડયા. બન્ને સ્વપ્નનો અનુભવ કહેવા લાગ્યા. બ્રાહ્મણો જાગી કહેવા લાગ્યા કે હવે આપ જલ્દી ચાલો સમય થઇ ગયો છે.

શ્રીલક્ષ્મણભટ્ટજી અદ્ભુત સ્વપ્નની ઝાંખીથી વિચારમાં પડેલા હતા. વળી એવા સમાચાર પણ મળ્યા કે કાશી અને દિલ્હીમાં હવે શાંતિ છે. શક લોકો ભાગી ગયા છે.

આ બહાનુ મળતા ભટ્ટજી સાથીદારોને કહેવા લાગ્યા કે મારે જનનાશૌચનો પ્રસંગ હોંવાથી એક માસ ચૌડા નગરમાં રહીશું. પછી શાંતિ હોવાથી કાશીમાં મારે અગિયાર વર્ષનો વાસ કરવાની ઇચ્છા છે. તમો આંધ્રમાં જઇ મારા નાનાભાઇ જનાર્દનને ચૌડાનગર મોકલજો. રામકૃષ્ણ અને સરસ્વતીને મારા પાસે મૂકી જાય. આ પ્રમાણે શ્રી લક્ષ્મણભટ્ટજીના કહેવાથી સર્વ કોઇ સાથીદારો આંધ્ર જવા વિદાય થયા.

શ્રી લક્ષ્મણભટ્ટજી પાસે રાજ સચિવ કૃષ્ણદાસ આવ્યા ને વિનતિ કરવા લાગ્યા કે આપને જયાં જવું હોય ત્યાં પૂર્ણ પ્રબંધ સાથે હું વિદાય આપું. સર્વ સત્તા મારા હાથમાં છે.

શ્રી લક્ષ્મણભટ્ટજીએ આજ્ઞા કરી કે મારે અત્યારે ચંપારણ્યમાં જવું છે, કારણ શું તે કહી શકાય નહિ. પરંતુ ચાર સિપાઇ ભોમિયા સાથે આપો.

પછી કૃષ્ણદાસે આજ્ઞા મુજબ ચાર હથિયાર ધારી સૈનિક ભટ્ટજીને આપ્યા.

ચોપાઈ

અતિ આતુર તન સુધ બિસરાયે, દંપતિ ચલંત પવન ગતિ પાયે
કૃષ્ણ મિલન કુરુક્ષેત્રસુ કૈસે, 'મુદિત ઇલ્લમાં યશુમતિ જૈસે
જિમિ ભિક્ષુક અમરાપદ ટીકા, તિમિ અતિ ઉર આનંદ ભટજીકા
ધાવત રક્ષક સહ હરખાઇ, પ્રભુ પ્રાકટય લિખિત મતિલાઇ
દિવ્ય કાલ ગુણ ગાથા ગાઈ, મહસરિ યમુના ધાર બહાઈ
ચંપારન ધાઇ જલધારા, સ્થાન સજલ કર દોષ નિવારા
વિપટ નિકટ કર પાવત ચૌરા, સુરમુનિ દેવ કરત ચહું દૌરા
ખગમૃગ ભ્રમર મયૂર સુહાયે, વિટપ કુસુમ ફલ દિવ્ય દિખાયે
પ્રકટત વ્રજજન પેખત કૈસે, વૃન્દાવન વ્રજ મંડલ જૈસે
જય જય ધ્વનિ ચંપારન છાઈ પ્રકટ ચૌરે પર દ્વિજરાઈ
સોમયાગ નારાયણ જેહી, પ્રકટે દિવ્યરુપ ધર તેહી
અનલ ફિરત મનુ કરત નિહૌરા, વલ્લભ રાજત સોહત ચૌરા

બાલકને શમી વૃક્ષમાં પધરાવ્યા પછી ચંપારણ્યમાં પ્રકટેલી દિવ્ય લીલા.

રાત્રિના સમયે એકાએક મહાનદમાંથી અકસ્માત શ્રીયમુનાજીનો આવિર્ભાવ થઇ ધારા ચંપારણ્ય તરફ ગતિ કરતી એક એક માથોડા જેટલું જલ વનમાં ફરી વળી સ્થાનને શુદ્ધ કરી સમી વૃક્ષના લગભગમાં સુકોમળ વેળુનો જલે લપેટો લઇ ચોતરો બનાવી જલ પોતાની સીમામાં નદીરૂપે વહન કરવા લાગ્યું. એ ચોતરાની ચારે બાજુ સ્વયં અગ્નિ પ્રકટ થયો. તેની મધ્ય સુકોમળ વેળુમાં યજ્ઞાત્મા હરિ સ્વયં પ્રકટ થઈ અગ્નિ જેનું આસન છે એવા સ્વરૂપથી દેવોને દર્શન દીધા. દેવતાઓ ચારે બાજુ હરિ સ્તોત્ર અને ગુરુ સ્તોત્રથી સ્તુતિ કરતા પરમાનંદ પામ્યા.

વલ્લભના દર્શન થતાંની સાથે વનના સર્વ વૃક્ષો વિલય પામતાં (પડી જતાં) શ્રી વલ્લભે ફરીથી પ્રાણદાન દઈ યથાસ્થિત્ કર્યા. (જેના દર્શન માત્રથી પશુ પક્ષી અને વૃક્ષોને મોક્ષ આપવાનો સંકેત જણાવ્યો.

દેવો સ્તુતિ કરી રહ્યા છે.

છંદ–હરિગીતિ

મુખ ખિલિત શિશુતન લલિત નયના ચલિત જગહિત ફલિત્ હે ।।
જબદેત દૃષ્ટિ રોષ ધર ખલવાદી મત શઠ ખલિત હૈ ।।
જન શરણ ઇન અઘહરન મહિમા બરન અનુગ્રહ કરનકો અવતાર અગન મન અતિ મગન તવ પદ કમલ મન લગન હો ।।
યહ દેવ વૈશ્વાનર બિલોકત સફલ સુરમુનિ ભજન હો ।।
પિતુ માતુ ચંપારણ્ય કે અતિ નિકટ આતુર ધાવહીં ।।
‘ગણપત’ ગગનગત દેવમુનિ બરખા કુસુમ બરખાવહીં.

જયારે માતા પિતા પાસે આવતા નદીનું દશ્ય, પુષ્પોની વૃષ્ટિ, ભ્રમરોનો ગુંજારવ, જલની દિવ્યતા જોઇને કિનારા ઉપર સિપાઈઓને બેસાડી પોતે નદીના જલમાં પ્રવેશ કરી જયારે પ્રાકટયના કુંડ પાસે આવતાં બાલકે પ્રથમ દર્શન ચતુર્ભુજ સ્વરૂપે કરાવ્યા.

શ્યામાવદાતઃ સત્કાન્તિઃ સર્વાવયવ સુન્દરઃ ।
ગદાબ્જ શંખ ચક્રાઢ લસત્કુંડલ સજ્જોઢધત્ ।।
–શ્રી વલ્લભ દિગ્વિજય.

–ક્રમશઃ

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

યદિ કહો કે આવી રીતે અહીં અમે લક્ષણા માનતા નથી પરંતુ અન્ય પ્રકારે માનીએ છીએ. સત્યાદિ શ્રુતિમાં સત્યાદિ પદો અસત્યાદિવ્યાવર્તક છે. અર્થાત બ્રહ્મના સત્યાદિ વિશેષણો બ્રહ્મમાં અસત્યાભાવ, જડાભાવ, અને દુઃખાભાવનું નિરૂપણ કરે છે પણ કંઇ સત્યાદિ વિશેષોનું નિરૂપણ કરતાં નથી પરંતુ આવું માનવાથી પણ એ દોષમુકિત થતી નથી. પ્રથમ તો 'બ્રહ્મ અસત્યભાવવાળું છે' આ વિશેષતા જેવીને તેવી જ બની રહી અને કદાચ 'અસ્તુ' ન્યાયથી માની પણ લઇએ કે 'બ્રહ્મ સવિશેષ ન થયું' તો પણ એક બીજો પ્રશ્ન તો ઉદ્દ્ભવી જ નીકળે છે કે આવી રીતે પણ ઉકતશ્રુતિથી બ્રહ્મ કથન કરવા યોગ્ય છે કે નહિ? અગર 'બ્રહ્મ વાચ્ય છે' (કથવા યોગ્ય) આમ કહો તો સવિશેષતા છૂટતી નથી, અને કદાચ કહો કે 'બ્રહ્મ વાકયગોચર નથી' તો પછી બ્રહ્મ અનિર્વચનીય ઠર્યું અને અનિર્વચનીયને આપ લોકો મિથ્યા માનો છો તો હવે આપના મતમાં બ્રહ્મને પણ મિથ્યા માનવું પડશે. માટે 'બ્રહ્મ નિર્વિશેષ, નિર્ધમક છે' આ પક્ષ તો તદ્દન પરિહાસને પાત્ર છે, અહીં આવી રીતે અનુમાન પણ થઈ શકે છે– 'બ્રહ્મ મિથ્યા છે, અનિર્વચનીય હોવાથી જે જે અનિર્વચનીય છે તે તે મિથ્યા છે. જેમ તમારા મતમાં માયા.

મયાવાદમાંમાનેલા અનુભૂતિ પક્ષનું ખંડન

અનુભૂતિને નિર્વિશેષ સિદ્ધ કરીને બ્રહ્મને પણ નિર્વિશેષ સિદ્ધ કરવું એ પણ અંધની લાકડી જન્માંધના હાથમાં આપવા બરોબર છે કારણ કે પ્રથમ અનુભૂતિ જ નિર્વિશેષ સિદ્ધ થતી નથી. તો પછી તેનાથી પરબ્રહ્મને પણ નિર્વિશેષ સિદ્ધ કરવા મથવું એ તો આકાશ કુસુમો લઇ તેઓ વડે માળાની સિદ્ધિ કરવા જેવું છે. જે લોકો નિર્વિશેષ વસ્તુને માનવામાં હઠાગ્રહ કરે છે. તો તેઓના મતમાં નિર્વિશેષ વસ્તુને સિદ્ધ કરવામાં કોઇ પણ પ્રમાણ નથી કારણકે પ્રમાણપત્ર કોઈ એક વિશેષથી યુકતજ વસ્તુનો બોધ કરાવી શકે છે. શશશૃંગ અથવા આકાશ કુસુમ સર્વ વિશેષોથી રહિત છે માટે તેની સિદ્ધિમાં કોઇપણ પ્રમાણ અર્થબોધક નથી, અર્થાત્ પ્રત્યક્ષાદિ પ્રમાણો નિર્વિશેષ શશશૃંગાદિનું નિરૂપણ કરીશ કતા જ નથી. એવી રીતે અગર અનુભૂતિ અથવા બ્રહ્મ નિર્વિશેષ છે.

—ક્રમશઃ

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૧૦૧

ગો. વા. ભગવાનજી મોનજીભાઈ સોની ની માલા પેરામણી પ્રસંગે

હા. કેશવજી મોનજીભાઇ સોની (નવા ગામ–રાજકોટ વાળા) સહ પરિવારના સપ્રેમ જયશ્રીકૃષ્ણ.

સમાચાર

રાજકોટ :– પૂ. પા ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજશ્રી પ્રથમેશજી અત્રે પધારતાં પરિષદની સ્થાનિક શાખાના ઉપક્રમે શ્રીશ્યામકુંવરબાઈ વાડીમાં આપશ્રીના વચનામૃતનો કાર્યક્રમ તા. ૨૪–૧–૮૬ રાત્રે રાખેલ આપશ્રીએ વૈષ્ણવતા–સંગઠ્ઠન અને કર્તવ્યના પરિપ્રેક્ષ્યમાંએ વિષય પર અત્યંત મનનિય વચનામૃતો કરેલ. વિશાળ વૈષ્ણવ સમુદાયે આ આયોજનનો લાભ લીધેલ.

રાજકોટ :– શ્રીમતપ્રભુચરણ શ્રીગુસાંઈજીનો પ્રાકટય મહોત્સવ અત્રે પૂ. પા: ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી પૂ. પા. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી પૂ. પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી પૂ. પા. શ્રીગોપીકાલંકારજી બાવાશ્રી પૂ. પા. શ્રી પુરુષોત્તમલાલજી બાવાશ્રી તથા પૂ. શ્રીબેટીજીના સંન્નીધાનમાં ઉજવવામાં આવ્યો ત્રીદિવસીય કાર્યક્રમમા પ્રથમ દિવસે વૈષ્ણવ કર્તવ્યના વિચાર પર સભામાં પ્રવચનો થયાં બીજે દિવસે 'શ્રી વલ્લભાખ્યાત' એ વિષય પર વચનામૃત થયાં શ્રીગુસાંઈજીના પ્રાકટય દિને શ્રીનામરત્નાખ્ય સ્તોત્રના પાઠ બહેનોના રાસ ગરબા કળશ વધાઈ કિર્તન અને પૂ. ગો. બાળકોના વચનામૃતો થયાં. આ સભામાં પૂ. પા. ગો. શ્રી દ્રુમીલકુમારજી બાવાશ્રી પણ પધારેલ.

માગશર વદ ૧૦ ને સોમવારે પૂ. પા. ગો. દ્રુમીલકુમાર બાવાશ્રીના સન્નિધાનમાં શ્રીગુસાંઈજીના પ્રાકટય મહોત્સવની શોભાયાત્રા ખૂબ ધામધુમથી શહેરના મુખ્ય માર્ગો પરથી ફરી શ્રી ત્રીકમરાયજીની હવેલીએ સભાના રૂપમાં ફેરવાઈ જેમાં પૂ. બાવાશ્રી અને વિદ્વાન વૈષ્ણવોએ ઉત્સવનાયકના અલૌકિક ચારિત્રોનું ગુણગાન કર્યું.

રાજકોટ ગામની શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીએ શ્રી ધનશ્યામભાઈ શાસ્ત્રીના શ્રી ગુસાંઈજીના જીવન ચરિત્રોના પ્રસંગો પર પ્રવચનો થયા.

ભ્રમર ગીત

રસમય વ્યાખ્યા

વ્યાખ્યા લેખક : પ. ભ. જાદવજી ખેરાજભાઇ, સુરત

આં. રા. પુ. વૈ. પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિનું
નવું પ્રકાશન

મહાનુભાવી અષ્ટસખાઓ તથા શ્રી નાગરીદાસજી, શ્રી દયારામભાઈ ઈત્યાદીના પદો પર આધારિત
રસમય વ્યાખ્યા

પૃષ્ઠ ૧૪૮ પાકું બાઈન્ડીંગ ન્યોછાવર રૂ. ૮

ટપાલથી મંગાવવા માટે ૧ થી ૩ પુસ્તકનું પોષ્ટેજ રૂ. ૪ અલગ મોકલવું ટપાલથી મેળવવાનું સ્થાન શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, ૫૫૧ તક્ષશિલા સોસાયટી **રાજકોટ**

રૂબરૂ મલવાના સ્થાન : શ્રી ડાયાલાલ કસ્તુરચંદ, કંસારા બજાર **રાજકોટ**

* શ્રી બાલકૃષ્ણ લાલજી હવેલી – સત્સંગ મંડળ ખત્રીવાડ **રાજકોટ**
* આં. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય જી–૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ **મુંબઈ-૧**
* શ્રી ભોગીલાલ રમણલાલ શાહ નંદા ભૂવન, બજાજ રોડ **વીલે પારલે** પશ્ચીમ
* શ્રી ગોવિંદ પ્રભુ ટ્રસ્ટ – વ્રજરત્ન એપાર્ટમેન્ટ, ચૌટાપુલ પાસે **સુરત**
* શ્રી વિઠ્ઠલદાસભાઇ શાહ, શ્રી દ્વારકેશ હાર્ડવેર માર્ટ **છોટા ઉદેપુર**

મોહન વડોદીયા (મ. પ્ર.)માં શ્રી ગુસાંઇજીનો પ્રાકટયોત્સવ

આ રા. પુ. વૈ. પરિષદની મ. પ્ર. રાજ્યસમિતિના તત્વાવધાનમાં ૮૪ વૈષ્ણવ પૈકીના મહાનુભાવ શ્રી માવજી પટેલ અને વિરજોબાઇના નિવાસ સ્થાન ગામ મોહન વડોદિયા જી. શાજાપુર મધ્યપ્રદેશ ખાતે તા. ૫-૬ જાન્યુઆરી ૧૯૮૬ના શ્રી ગુંસાઈજીનો ૪૭૧મો પ્રાકટય મહોત્સવ ખૂબ આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવાયો.

પૂ. પા. આચાર્યશ્રી પ્રથમેશજી મહારાજ તથા પૂ. પા. આચાર્ય શ્રી ગોકુલોત્સવજી મહારાજ (ઇન્દોર) બન્ને આચાર્યશ્રી તા. ૪ થીએ સાંજે પધારતાં ભવ્ય સ્વાગત થયેલ.

નાના એવા આ ગામમાં પાંચ હજાર જેટલાં વૈષ્ણવો ઉપસ્થિત થઇ શ્રી ગુસાંઇએના ઉત્સવના દર્શનનો લાભ લીધેલ ખૂબ ઠંડી હોવા છતાં આયોજન સમિતિએ સર્વે વૈષ્ણવોની સરભરા ખૂબ સારી રીતે કરેલ જેથી કોઇને કશી અગવડ ન પડે.

આ પ્રસંગે શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ બેઠકજી પ્રવેશ માર્ગ પર ‘માવજી પ્રવેશ દ્વાર’ બનાવવા આજ્ઞા કરેલ અને તે માટે પોતાના તરફથી રૂ. ૧,૦૦૧/- પ્રદાન કરેલ.

તા. ૫-૧-૮૬ના સવારે મંગલા બાદ બેઠકજીની પરિક્રમા પૂ. આચાર્ય દ્વય તથા વૈષ્ણવોએ કરેલ. ત્યારબાદ પૂ. પા. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીએ પરિષદ ધ્વજ ફરકાવેલ. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ ધ્વજગીત ગાયેલ,

૧૦ વાગે સભાનો પ્રારંભ થયેલ. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે નિસ્વાર્થ સેવાભાવનાની સરાહના કરી ધાર્મિક સ્તર પર રહી પોતાના જીવન ને નૈતિક અને સુખ શાંતીપૂર્ણ બનાવવા પ્રેરણા આપેલ. પુ. પા. શ્રી ગોકુલોત્સવજી મહારાજે આ પ્રેરણાદાયી સ્થળના મહત્વ પર પ્રકાશ પાડેલ અને તેના ભાવી વિકાસ માટે આજ્ઞા કરેલ.

ત્યારબાદ પ્રાકટય મહોત્સવના દર્શન વધાઇ-કિર્તન થયા બાદ વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધેલ.

સાંજની સભામાં પરિષદના કાર્યાધ્યક્ષ ડૉ. ગજાનન શર્મા, ઉપાધ્યક્ષશ્રી શ્યામદાસજી (અમેરીકા) ઉપાધ્યક્ષ શ્રી વ્રજમોહનદાસજી વિજયવર્ગીય, પ્રધાનમંત્રીશ્રી કુંભનદાસજી ઝાલાની તેમજ અન્ય ગણ્ય માન્ય કાર્યકરો ઉપસ્થિત રહેલ, પુ. પા. શ્રી ગોકુલોત્સવજી તથા પુ પા. ગો. શ્રી પ્રથમેશજીએ ઉત્સવનાયક શ્રી ગુંસાઇજીની કૃપા અને નિ:સાધન જીવોની સેવા-દિનતાની ભાવના વગેરે સમજાવેલ.

રાત્રે-કરહલા (વ્રજ)ની રાસધારી મંડલીની રાસલીલાનો આનંદ થયેલ.

તા. ૬-૧-૮૬ સવારે મંગલાબાદ ધ્વજવંદન કરી ૯ વાગે પરિષદ સમ્મેલન થયેલ જેમાં પદાધીકારીઓ તથા વિશાળ સંખ્યામાં કાર્યકરોએ ભાગ લીધેલ. સર્વશ્રી ધનશ્યામદાસજી મુખીયા ઈન્દોર, પ્રો. કુ. રેખાબેન સિંહલ-ધાર, શ્રીમતિ ચંદાબેન નાગર-ઇન્દોર કુ. સંગીતા વિજયવર્ગિય-સુજાલપુર, શ્રી નિરંજન શાસ્ત્રી-મુંબઇ પરિષદના કાર્યાધ્યક્ષ ડૉ. ગજાનનજી શર્મા આદિએ પોતાના વિચારો વ્યકત કરેલ. અને મહાનુભાવ શ્રી માવજી પટેલ અને વિરજો બાઈના આદર્શમય જીવન પ્રસંગો વર્ણવેલ આ પ્રસંગે પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ ‘વિરજો બાલમંદિર’ની સ્થાપના કરવા પ્રેરણા આપેલ અને આપશ્રીના વહુજી ગો સૌ; સરોજીની વહુજીએ આ કાર્ય માટે પોતાના તરફથી રૂા. ૧૦,૦૦૧/- પ્રદાન કરવાની આજ્ઞા કરેલ ઉપસ્થિત સમુદાય તરફથી પણ આ બાલમંથિર માટે સહાયની જાહેરાત થતા લગભગ ૩૫ હજાર રૂપીઆનું ફંડ તુરત થયેલ. આ આયોજનમાં ૩૫-૪૦ શાખાઓના મ. પ્ર. રાજસ્થાનના વૈષ્ણવો સમ્મિલીત થયેલા

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

સર્વોત્તમ વૈષ્ણવને વંદના

"શ્રી દામોદરદાસજી હરસાની પ્રાકટ્ય મહા સુદ ૪ સં. ૧૫૩૧"

(રાગ : હરિગીત : "શ્રીકૃષ્ણના ચરણારવિંદની રજ થકી શોભી રહ્યાં...")

ચોર્યાસી-બસો બાવન વૈષ્ણવ અતિ પાવનકર પુષ્ટિમાં,
ને અન્ય ભગવદી વૈષ્ણવો છે અનેક પુષ્ટિ-સૃષ્ટિમાં;
વંદન કરું નામી – અનામી એ બધાને આજ હું,
પણ એ સકળમાં 'પરમ વૈષ્ણવ' આપ છો હરસાનીજી !
સેવક રહ્યા અંતરંગ મહાપ્રભુજીના જીવનભર તમે,
પહેલો જ બ્રહ્મસંબંધ દીધો મહાપ્રભુજીએ આપને,
'દમલા'ના લાડીલા નામથી બોલાવતા જે આપને,
પ્રિય હતા સર્વ સેવકોમાં અધિક આપ શ્રીવલ્લભને,
આપને કાજે પ્રકટ મારગ મહાપ્રભુએ કર્યો,
અગ્નિરૂપે વલ્લભ બિરાજે હૃદયમાં સદા આપના.
પુષ્ટિમાર્ગના ઉત્કર્ષમાં સેવા તમારી અમાપ છે,
દઈ શીખ શ્રી વિઠ્ઠલેશને પ્રકટાવી પુષ્ટિચેતના.
'વૈષ્ણવ-શિરોમણિ' આપ છો, 'શિરમોર વૈષ્ણવ' અમતણા,
સાચા પ્રતિનિધી આપ છો પુષ્ટિ વૈષ્ણવી સૃષ્ટિતણા.
હે 'ભક્તિસાગર !' પુષ્ટિના વડા વૈષ્ણવોના આપ છો,
અનલાવતાર શ્રી વલ્લભના 'દમલાજી' વલ્લભ આપ છો,
'આચાર્ય સર્વોત્તમ' તણા 'વૈષ્ણવ સર્વોત્તમ' આપ છો,
એવા દામોદરદાસ હરસાનીજી ! વંદુ હું આપને.
ને યાચું દે જો ભક્તિ દૃઢ શ્રીનાથ-વલ્લભગુરુતણી,
વૈષ્ણવ નથી આજે આપ સમ દૃઢ ભક્તિવત્ કો પુષ્ટિમાં,
શકે ચેતના પ્રકટાવી જે સુતેલી પુષ્ટિમાર્ગમાં.
તાતી જરૂર છે આપની ચિનગારીની પુષ્ટિધર્મને,
આજે આપના પ્રાકટ્યના મંગલ દિને માગું આટલું,
બસ એક દ્યો ચિનગારી મુજને પુષ્ટિજ્યોત પ્રકાશવા.

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

◆

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય ગૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.



[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible] ૧
[illegible]
[illegible] ૨
[illegible]
[illegible] ૩
[illegible]
[illegible] ૪
[illegible]
[illegible] ૫
[illegible]
[illegible] ૬
[illegible]
[illegible] ૭

[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]

(પાના નં. ૧ નું ચાલુ)

આપ “શ્રી વલ્લભ સુધા”ના ગ્રાહક છો, લખતા દુઃખ થાય છે કે અમુક સભ્યોનું ચાલુ વર્ષનું લવાજમ હજુ પ્રાપ્ત થયેલ નથી. એપ્રિલથી નવુ વર્ષ બેસે. તો ચાલુ વર્ષના તથા નવા વર્ષના લવાજમના આ અંક મળ્યે તુરત જ સંસ્થા ઉપર અગર સેવાભાવી કાર્યકરોને લવાજમ ભરી આપણે આપણા પોતાનું કલ્યાણ કરીએ તેમજ સંસ્થાને સદ્ધર બનાવીએ. સાથોસાથ ‘વૈષ્ણવ પરિષદ’ના સભ્ય બની સંગઠ્ઠન વધુ બજબુત બનાવી સંપ્રદાયની સેવા કરીએ.

દિન પ્રતિદિન વધતા જતા ભાવો છતાં “શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતી” દ્વારા પ્રકાશીત ‘શ્રી વલ્લભ સુધા’માં જતી ખોટ અન્ય રસ્તે પૂર્ણ કરી સામાન્યજનને પણ પોષાય શકે તે હેતુથી લવાજમના દર યથાવત વાર્ષિક રૂા. ૧૦/- તથા આજીવન રૂા. ૧૫૧/- રાખેલ છે.

આશાં છે કે શકય હોય તેઓ આજીવન લવાજમ મોકલી આપે જેથી દર વર્ષે યાદ કરવાની જરૂરન ન રહે, પોતાનું લવાજમ વ્હેલી તકે મોકલે સાથો સાથ દરેક વાંચકો ઓછામાં ઓછા નવા બે ગ્રાહકો બનાવી સંપ્રદાયની સેવા કરે તો જીવન ધન્ય બને !

નિવેદક

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતી, રાજકોટ

નવા વર્ષનું લવાજમ મોકલો

“શ્રી વલ્લભ સુધા” માસિકનું વર્ષ એપ્રિલથી શરૂ થઈ માર્ચ આખરે પૂરું થાય છે. જેથી સને ૧૯૮૫-૮૬ નું ચાલુ વર્ષનું આપનું લવાજમ આ અંકથી પૂરું થાય છે.

સને ૧૯૮૬-૮૭ ના વર્ષનું લવાજમ સ્થાનિક કાર્યકર્તા વૈષ્ણવને ત્યાં ભરી પાકી પહોંચ મેળવી લેશો અથવા મનીઓર્ડરથી કાર્યાલયને મોકલી આપશો. (ઘણા ગ્રાહકોએ નવા વર્ષનું લવાજમ જમા કરાવેલ છે.)

મનીઓર્ડર કરતી વખતે ફોર્મની નીચેની સ્લીપ જે કાર્યાલયે રાખવાની હોય છે તેમાં આપના ગ્રાહક નંબર તથા પુરે પુરૂં સરનામું લખવા કૃપા કરશો.

નવા ગ્રાહક થનારે પોતે નવા ગ્રાહક છે તેમ સ્પષ્ટ જણાવવા વિનંતિ છે.

જે ગામમાં સ્થાનિક કાર્યકરો છે તેઓ કદાચ સમયસર આપની પાસે લવાજમ લેવા આવી શકયા ન હોય તો આપ તેમની પાસે જઈ આપનું લવાજમ ભરી પહોંચ મેળવી લેશો. અને એ રીતે સહકાર રાખશો અને તેમ કરવાથી આપને મ. ઓ. ફોર્મ ભરવાની કે પોસ્ટ ઓફીસે જવાની તકલીફ બચી જશે.

સંજોગવશાત કોઈ ગ્રાહકની ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ઈચ્છા ન હોય તો તેમણે આ છેલ્લો અંક મળતાં તુરંત જ કાર્યાલયને પત્રથી જાણ કરવા ખાસ નમ્ર વિનંતિ કરવામાં આવે છે.

⁂

મોટા દડવામાં શ્રી શોડષગ્રંથ (વલ્લભ ગીતા) સપ્તાહ

સં. ૨૦૪૨ના મહાવદ ૩ ગુરૂવાર તા. ૨૭-૨-૮૬થી તા. ૬-૩-૮૬ સુધી પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવા શ્રી વડોદરાવાળાની અધ્યક્ષતામાં યોજાએલ છે. વ્યાસપીઠ પર વિસનગરના શાસ્ત્રીજી શ્રી વ્રજેશકુમાર સહેરાણી શ્રી વલ્લભગીતાનું રસપાન કરાવશે દરરોજ સાંજે પૂ. પા. શ્રી પ્રભુજી બાવાશ્રીના વચનામૃતો થશે.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :

* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિંદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

✽

વર્ષ ૪ : અંક ૧૨ મો
માર્ચ, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

સ્નેહી વાચક વૃંદ,

આપ સૌના સહકાર વડે શ્રી વલ્લભસુધા માસિક માર્ચના આ છેલ્લા અંકથી ચાર વર્ષ પુરા કરી એપ્રિલ ૮૬થી પાંચમાં વર્ષમાં પ્રવેશશે.

આચાર્યચરણ જગદ્‌ગુરૂ શ્રીમદ્‌ વલ્લભાચાર્ય પ્રસ્થાપીત પુષ્ટિમાર્ગનાં આપણે સૌ સેવકો કહેવડાવીએ છીએ પરંતુ તેને ચીંધેલા માર્ગથી આપણે ચલીત થઈ રહ્યા છીએ.

માર્ગથી ચલીત થયા બાદ આપણે બાળકો, કુટુંબ પરિવાર તેમજ સમાજ ઉપર દોષારોપણું કરીએ છીએ પણ પોતાનામાં રહેલી ખામી તરફ ક્યારેય જોતા નથી. સાથોસાથ અન્ય કરતાં હું શ્રેષ્ઠ છું તેમ માની ડગલે ને પગલે દુઃસંગથી ઘેરાયેલા આપણે સૌ આપણું કર્તવ્ય ભુલી અહંકારી બનીએ છીએ.

આચાર્ય ચરણોએ બતાવેલ માર્ગ, નિત્ય સત્સંગ દ્વારાજ જીવને અહંકાર રહિત બનવાનો અને સાચે માર્ગે વાળવાનો શ્રેષ્ઠ અને સરલ ઉપાય છે.

લોકવ્યવહારમાં ડગલેને પગલે દુઃસંગથી દોરાયેલા છીએ, સત્સંગ પ્રાપ્ત કરવા તાદૃશી જનને શોધવા સરલ નથી ત્યારે આચાર્ય ચરણોનાં ગ્રંથ દ્વારા સત્સંગ પ્રાપ્ત કરી શકાય છે અને "શ્રી વલ્લભ સુધા"માં આચાર્ય ચરણોના ગ્રંથોના. ભાષાંતર તેમજ આચાર્યો તથા વિદ્વાનોનાં લેખથી સભર વાંચન આવે છે તેનું મનન ચિંતન સાથે નિત્ય અભ્યાસ કરીએ તો સત્સંગ પ્રાપ્ત થાય અને આપણા સૌનું જીવન સુધરે.

અન્ય રસ્તે નાણાનો તેમજ સમયનો દુર્વ્યય આપણે ઘણો કરતા હોઇએ છીએ પરંતુ ધર્મ સમજવા માટે આપણે થોડુંક ધન અને સમય આપીએ તો આપણું જીવન કૃતાર્થ બને.

(ટાઈટલ પાના નં. બીજા ઉપર)

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૩૭મો)

કવિં પુરાણમનુશાસિતાર–
મણોરણીયાંસમનુસ્મરેદ્યઃ ।
સર્વસ્ય ધાતારમચિંત્યરૂપ–
માદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ॥૯॥
પ્રયાણકાલે મનસાઽચલેન
ભક્ત્યા યુક્તો યોગબલેન ચૈવ ।
ભ્રૂવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક
સ તં પરં પુરુષપૈતિ દિવ્યમ્ ॥૧૦॥

રસજ્ઞ, આદ્ય, નિયંતા, સૂક્ષ્મથી યે સૂક્ષ્મ, સર્વના પાલક, અચિંત્ય રૂપવાળા, સૂર્યના જેવા પ્રકાશિત વર્ણવાળા, અંધકારથી પર પરમાત્માને જે નિરંતર સ્મરે, ॥૯॥ અને વળી, ભક્તિથી યુક્ત તે મૃત્યુ સમયે યોગબળ વડે બે ભ્રમરોની મધ્યમમાં પ્રાણોને યોગ્ય રીતે સ્થાપિત કરીને નિશ્ચળ મનથી (સ્મરે) તે પરમ દિવ્ય પુરુષને પ્રાપ્ત કરે છે. ॥૧૦॥

ચિંતનીય સ્વરૂપના વિશિષ્ટ ગુણો 'કવિમ્' વગેરે શબ્દોથી બે શ્લોકમાં કહે છે. 'કવિમ્' એટલે શબ્દ અને અર્થના રસને જાણનાર, રસજ્ઞ; એવા ભગવાન શ્રીકૃષ્ણના ગુણોનું નિરંતર વર્ણન, શ્રવણ અને તેનાથી થતા આનંદને માણનારા ઉપર કૃપા દર્શાવનારા; 'પુરાણમ્' એટલે અનાદિ સિદ્ધ, સર્વદા એકરસ જે છે તે; 'અનુશાસિતારમ્' એટલે પ્રભુત્વ વગેરે વિશિષ્ટ ગુણો વડે નિયમન કરનાર; 'અણોરણીયાંસમ્' એટલે સૂક્ષ્મથી પણ અધિક સૂક્ષ્મ; એવા વિશિષ્ટ ગુણોથી ભરપૂર પરત્મામા છે. અહીં આ ભાવ છેઃ તે પરત્મામા સૂક્ષ્મ જીવોથી સૂક્ષ્મ છે. જીવોના કલ્યાણને માટે ચિંતન કરવા યોગ્ય તેના સ્વરૂપને હૃદયમાં, બહાર અને દૃષ્ટિ વગેરેમાં સ્થિર કરી દેવું તે ઘણું જ આવશ્યક છે. પોતાની ક્રીડાને યોગ્ય એવા સર્વના અસ્તિત્વ વગેરે રૂપ, અક્ષર આદિ રૂપ પદાર્થને ધારણ કરનારા, પોષણ કરનારા, કલ્પના પણ ન થઇ શકે એવા, અલૌકિક ક્રીડાઓ કરનારા, અપાર મહિમાવંતા એવા ભગવાન છે. સૂર્યના જેવા પ્રકાશવંતા એટલે કે રસાત્મક તાપના તેજથી સર્વને પ્રકાશમાં લાવનારા, અંધકારથી પર અને પ્રકૃતિથી પણ પર રહેલા એવા પરમાત્મા છે. અહીં આ ભાવ છેઃ ભક્તોને પ્રાપ્ત થતું ભાવાત્મક સ્વરૂપ અને લીલા માટે પ્રકટ કરાયેલા સ્વરૂપથી સર્વદા રસાત્મકપણે રહેલું સ્વરૂપ, એવા સ્વરૂપે રહેલ પરમાત્મા તે પુરુષોત્તમ છે, અંતકાળે નિશ્ચળ મનથી એટલે કે કોઇ પણ કામના રહિત એવા મનથી, અને વળી, યોગબળથી જ એટલે કે સંયોગાત્મક ભાવથી બે ભ્રમરોની વચ્ચે ભાગ્યસ્થાને

રહેલ ભગવાનના સ્મરણ પછી પોતાનું ઉત્તમ પ્રકારનું હિત જેમાં છે તેવી સ્પષ્ટ સમજથી જે તેનું સ્મરણ કરે છે તે તેમાં જ પ્રાણને પરોવીને ઉત્તમ પ્રકારના ભાવાત્મક સ્વરૂપને પ્રાપ્ત કરે છે અને પછી દિવ્ય અને ક્રીડાત્મક પરમ પુરુષ એવા પુરુષોત્તમને તે મેળવે છે, એટલે કે ભગવાનની સમીપમાં રહીને દાસ્યભાવથી તે ભગવાનને મેળવે છે, એમ અર્થ છે. ॥૯, ૧૦॥

યદક્ષરં વેદવિદો વદન્તિ
વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ ।
યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ
તત્તે પદં સંગ્રહેણ પ્રવક્ષ્યે ॥૧૧॥

વેદને જાણનારાઓ જેને અક્ષર કહે છે, રાગ વગરના સંન્યાસીઓ જેમાં પ્રવેશ કરે છે, જેને ઇચ્છનારાઓ બ્રહ્મચર્યને આચરે છે, તે પદ હું તને સંક્ષેપમાં કહીશ. ॥૧૧॥

અરે, ભક્તિમાં જોડાયેલા તેને જ પ્રાપ્ત કરે છે, તો શું યોગમાં જોડાયેલા પણ તેને જ પ્રાપ્ત કરે છે ? એમ હોય તો તે બેમાં કોણ વિશેષ છે ? એવી આકાંક્ષાવાળાને તે બંનેને પ્રાપ્ત થવા યોગ્ય રૂપ કેવું હોય તે 'યદક્ષરમ્' વગેરે શબ્દોથી કહે છે. વેદના જાણનારાઓ જેને અક્ષર કહે છે, રાગ રહિત યતિઓ એટલે કે સર્વનો ત્યાગ કરવામાં સાવધ રહેનારાઓ જેમાં પ્રવેશ કરે છે એટલે કે જેનું ઐક્ય સાધે છે, જેની ઇચ્છા રાખનારાઓ એટલે કે સ્વરૂપના જ્ઞાન વડે જેને મેળવવા ઇચ્છનારાઓ ગુરુકુળમાં રહીને ઇંદ્રિયોના નિયંત્રણ રૂપ બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેઓએ મેળવવા યોગ્ય જે પદ છે તે પદને જાણવા માટે સંક્ષેપમાં હું તને કહીશ, એમ અર્થ છે. ॥૧૧॥

સર્વદ્વારાણિ સંયમ્ય મનો હૃદિ નિરુધ્ય ચ ।
મૂર્ધ્ન્યાધિયાત્મનઃ પ્રાણમાસ્થિતો યોગધારણામ્
॥૧૨॥

બધાં ઇંદ્રિયદ્વારોને વશમાં રાખીને મનને હૃદયમાં નિરોધીને પોતાના પ્રાણોને મસ્તકમાં ધારણ કરીને, યોગધારણાને આશ્રયે રહેલો.... ॥૧૨॥

ઉપર કહેવાયેલા સ્વીકૃત સ્વરૂપને 'સર્વદ્વારાણિ' વગેરે શબ્દોથી કહે છે. સર્વે ઇંદ્રિયોનાં દ્વારોને બંધ કરીને, લૌકિક વિષયોમાં જતા મનને અટકાવીને, અને મન કે જે સંકલ્પવિકલ્પ કરનારું છે તેનો ત્યાગ કરીને એટલે કે મનને હૃદયમાં સ્થિર કરીને, બે ભ્રમરોની વચ્ચે, ભાગ્યસ્થાને પોતાના પ્રાણોને સ્થાપીને, સમાધિયોગને આશ્રયે રહેલો.... ॥૧૨॥

ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્મામનુસ્મરન્ ।
યઃ પ્રયાતિ ત્યજન્દેહં સ યાતિ પરમાં ગતિમ્ ।૧૩।

ૐ, એ પ્રમાણે અક્ષરરૂપ બ્રહ્મને ઉચ્ચારતો, મને સ્મરતો, દેહને છોડનાર, જે પ્રયાણ કરે છે તે પરમ ગતિને પામે છે. ॥૧૩॥

ૐ, એવા એકાક્ષરને ઉચ્ચારતો, બે શક્તિ સાથે સંબંધવાળા પુરુષની જેમ, ત્રણ અક્ષર સાથે સંબંધિત જે એક અક્ષર છે તે ૐ, બ્રહ્મવાચક હોવાથી અથવા બ્રહ્મસ્વરૂપ હોવાથી, બ્રહ્માત્મક ૐ નો ઉચ્ચાર કરતો કરતો, પ્રકટ રીતે મારા સ્વરૂપનું અનુસ્મરણ કરતો કરતો, જે દેહ છોડીને પ્રયાણ કરે છે, એટલે કે ઉત્તમ રીતે ભાવાત્મકતાથી ગતિ

✓

કરે છે તે પરમ ગતિને પામે છે. પરમ ગતિ એટલે પરમ સૌથી શ્રેષ્ઠ જેનાથી શોધાય છે તેવી ગતિને, અથવા સૌથી શ્રેષ્ઠ જ્યાં છે તેવી અક્ષરાત્મક ગતિને તે પામે છે, એમ અર્થ છે. ॥૧૩॥

અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।
તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિન ।૧૪।

હે પૃથાના પુત્ર અર્જુન, જે અનન્ય ચિત્તવાળો અવિરતપણે સદા મને સ્મરે છે, તેવા નિત્ય જોડાઇ રહેલા યોગીને હું સરળતાથી પ્રાપ્ત થનારો છું. ॥૧૪॥

એ પ્રમાણે યોગયુક્ત જનોની પોતાના અંશરૂપ અક્ષરાત્મક ગતિ છે. તેનું સ્વરૂપ વર્ણવીને ભક્તિમાં જોડાયેલાની ગતિ ભગવાનની પ્રાપ્તિ થવી તે છે. સતત એટલે નિરંતર, અવિરતપણે, અન્ય લૌકિક કે અલૌકિક વિષયમાં જેનું ચિત્ત જતું નથી તેવી રીતે જે પ્રતિદિન મારું સ્મરણ કરે છે તેવા નિત્ય જોડાઇ રહેલા, અને મને પ્રિય યોગીથી હું સરળતાથી પ્રાપ્ત થાઉં તેવો છું. હે પાર્થ, એવા સંબોધનથી જેમ તારી માતાના સ્મરણના બળથી તને હું સુલભ થયો છું, તેમ જ તેને હું સુલભ છું. એમ દર્શાવ્યું છે. ॥૧૪॥

મામુપેત્ય પુનર્જન્મ દુઃખાલયમ્ શાશ્વતમ્ ।
નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ ॥૧૫॥

મને પાંમીને, પરમ સિદ્ધિ મેળવેલા મહાત્માઓ, દુઃખના સ્થાનરૂપ અશાશ્વત પુનર્જન્મને પામતા નથી. ॥૧૫॥

ભલે તેમ જ છે, પરંતુ તે તે દેવના ઉપાસકો તે તે દેવનું સાયુજ્ય મેળવે છે, એમ તેઓના તે તે શાસ્ત્રમાં કહેવાયું છે. એમ હોવાથી આપની પ્રાપ્તિ થવામાં શી વિશેષતા છે? એવી આકાંક્ષાવાળાને, 'મામુપેત્ય' વગેરે શબ્દોથી ભગવાનની પ્રાપ્તિમાં રહેલી વિશેષતા કહે છે. મહાત્માઓ એટલે કે મારા આત્મસ્વરૂપ ભક્તો મારા પરમ ભાવરૂપી ઉત્તમ સિદ્ધિને પામેલાઓ છે, તેઓ મને એકને, એટલે કે એકમાત્ર પુરુષોત્તમને પામીને, પુરુષોત્તમનું સામીપ્ય મેળવીને, ફરીથી દુઃખથી ભરેલા સંસારાત્મક અનિત્ય લૌકિક જન્મને પામતા નથી, એમ અર્થ છે. ॥૧૫॥

આબ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવર્તિનોઽર્જુન ।
મામુપેત્ય તુ કૌંતેય પુનર્જન્મ ન વિદ્યતે ॥૧૬॥

હે અર્જુન, બ્રહ્મલોક સુધીના લોક ફરીથી પાછા આવનારા માટેના છે, પરંતુ હે કુંતી પુત્ર અર્જુન, મને પામીને પુનર્જન્મ થતો નથી. ॥૧૬॥

એમ છે તો, બીજાઓનો પુનર્જન્મ છે, એમ અર્થ છે, એમ 'આબ્રહ્મભુવનાત' વગેરે શબ્દોથી કહે છે. બ્રહ્મલોકથી માંડીને સર્વે લોકને પ્રાપ્ત કર્યા પછી પણ ફરીને સંસારમાં આવવાનું રહે છે, એવા બધાનો પુનર્જન્મ થાય છે. પરંતુ હે કૌંતેય, હે અતિ સ્નેહાળ, મને પામીને બીજો જન્મ થતો નથી, એમ અર્થ છે. શ્લોકમાં વપરાયેલ 'તુ' શબ્દથી મારા માર્ગમાં પ્રવૃત્ત થયેલને અહીંથી બીજો જન્મ થવાનો નથી જ, એમ કહેવામાં કોઇ શંકા નથી, એમ જણાવાયું છે. ॥૧૬॥

સહસ્રયુગપર્યંત મહર્યદ્બ્રહ્મણો વિદુઃ ।
રાત્રિં યુગસહસ્રાંતાં તેઽહોરાત્રવિદો જનાઃ ॥૧૭॥

કારણ કે, હજાર યુગ સુધીના બ્રહ્માના દિવસને અને હજાર યુગ સુધીની રાત્રિને

જેઓ જાણે છે તે લોકો દિવસ-રાત્રિને જાણનારા છે. ॥૧૭॥

અરે, બ્રહ્મલોકને પામેલાઓ, બ્રહ્માની સાથે જ મુક્ત થઇ જાય છે. 'બ્રહ્માની સાથે તેઓ મુક્ત થઇ જાય છે,' વગેરે કથનથી તેઓ પણ પુનર્જન્મ વગરના થાય જ છે, એવી શંકા કરીને તેઓના પુનર્જન્મનો અભાવ 'સહસ્રયુગ' વગેરે શબ્દોથી કહે છે. ચારેય યુગ એક હજાર વાર વીતે ત્યાં સધીનો જે બ્રહ્માનો એક દિવસ છે તેને જેઓ જાણે છે, અને ચારેય યુગ એક હજાર વાર વીતે ત્યાં સુધીની બ્રહ્માની એક રાત છે, તેને જે જાણે છે તેઓ બ્રહ્માનાં દિવસ-રાતને જાણનારા છે. તેવા પ્રકારની કાળની ગણતરીમાં મનુષ્યોનું જે વર્ષ છે તે દેવોનાં દિવસ-રાત છે. તેવાં દિવસ-રાત ગણતાં બાર હજાર વર્ષે ચતુર્યુગ થાય. તે બ્રહ્માનો એક દિવસ અને તેવડી જ બ્રહ્માની એક રાત્રિ. તે ક્રમે ગણતાં સો વર્ષ તે બ્રહ્માનું પરમ આયુષ્ય, એમ કહેવાય છે. તેટલાં વર્ષો પૂરાં થતાં બ્રહ્મા સહિત મુક્ત જનોને અક્ષરપ્રાપ્તિ પરંપરાથી થાય છે. ॥૧૭॥

અવ્યક્તાદ્વ્યક્તયઃ સર્વાઃ પ્રભવન્ત્યહરાગમે ।
રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસંજ્ઞકે ॥૧૮॥

દિવસ થાય છે ત્યારે અક્ષરબ્રહ્મમાંથી સર્વે વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે અને રાત્રિ થાય છે ત્યારે તે જ અવ્યક્ત એવા અક્ષર બ્રહ્મમાં લય પામે છે. ॥૧૮॥

ફરીને તેમના પ્રકટ થવાના સમયે બ્રહ્મા સહિત બધાનું આગમન થાય છે, એમ 'અવ્યક્તાત્' વગેરે શબ્દોથી કહે છે. અવ્યક્ત એટલે અક્ષરથી, એટલે કે ભગવાનના ચરણ રૂપ અવ્યક્તથી સ્થાવર-જંગમ આદિ, દેવોથી માંડીને કીટક અને તૃણ વગેરે બધું, બ્રહ્માનો દિવસ શરૂ થતાં ઉત્પન્ન થાય છે અને જ્યારે રાત્રિ શરૂ થાય છે ત્યારે તેમાંજ, અવ્યક્ત એવા અક્ષરમાં જ સમાઇ જાય છે. એ પ્રમાણે તેને જાણનારા જનો તેમાં પ્રવેશ પામે છે, એમ અર્થ છે. ॥૧૮॥

જો વરસે અકારણ કૃપાવૃષ્ટિ ગુરુની

(રાગ : 'કભી કભી મેરે મનમેં ખયાલ આતા હૈ')

કદી કદી મારા મનમાં વિચાર આવે છે
કે અહં-અભિમાન થાશે શું દૂરના મનમાંથી
જે ભક્તિ ને સેવામાં બાધા કરે છે,
નથી નથી મુજમાં કો શક્તિ પ્રબળ એવી,
વરસે અકારણ જો કૃપા વૃષ્ટિ ગુરુની
શ્રીનાથ પ્રભુજીની ભક્તિને પ્રીતિ મળેતો.

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)
તા. ૩૦-૧-૧૯૮૬

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક સાતમો)

ત્યાર પછી પાંચમા શ્લોકમાં જેઓનું મન એકવાર ભગવાનનાં ચરણોમાં પરોવાયું છે અને ભગવાનના ગુણોમાં આસક્ત થયું છે, તેઓને યમ અને યમદૂતોનું દર્શન થતું નથી, અને તેઓનાં પાપોનો પૂર્ણપણે નાશ દર્શાવ્યો છે. તે વિષે અધિક અજામિલના ઉપાખ્યાન (શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધના પ્રારંભના ત્રણ અધ્યાયમાં) વિસ્તારથી કહેલ છે. તેનાથી જાણવું કે, ભગવાનના ભકતોનો સંગ દંભી જનો સાથેના સહવાસનો ત્યાગ, અન્ય સાધનોમાં અશ્રદ્ધા, ભગવાનના ગુણોમાં આસકિતવાળું મન જ્યારે થાય છે ત્યારે તે પ્રમાણે થાય છે; જેથી તેનો નિર્ણય પણ શ્રીમદ્ આચાર્યશ્રીએ નિબંધમાં કારિકાથી કર્યો છે કે, 'પરંતુ જેઓ ભગવાનના સેવકો છે અને કોઈ પણ કારણે ભિન્નતાને પામ્યા છે, તેઓનાં જ પાપનો નાશ નિશ્ચિતતાથી અને પૂરેપૂરી રીતે થાય. એ પ્રમાણે છે ત્યારે જેઓ પહેલાં ભગવાનના સેવકો હતા અને પછી કોઇ કારણે અહીં આવેલા છે, તેઓના માટે જ આ માર્ગ છે. એમ હોવાથી બ્રહ્મસંબંધ કરાય તો તેના વડે તેઓના બધા જ દોષો નષ્ટ થાય છે, અને તેઓ જ તેમાં અધિકારી છે. આથી જ નિબંધના આરંભમાં (શાસ્ત્રાર્થ પ્રકરણ, ૨), 'જે સાત્વિક ગુણવાળા અને ભગવાનના ભકતો છે તેઓ મુકતના અધિકારી છે. દૈવયોગે અંતિમ જન્મને પામેલા તેઓને માટે તે વર્ણન કરેલું છે,' એમ કહ્યું છે. જોકે એમ કહેવાયું છે તો પણ 'અહીં વિષ્ણુ ભકિતમાં જેમ રાજા તેમ બધા જ અધિકારી છે,' એમ માઘસ્નાનવિષયક વાકયથી દષ્ટાંત આપીને કહ્યું છે. વળી, 'દેવ, અસુર, મનુષ્ય અથવા તો યક્ષ, ગંધર્વ બધા જ મુકુંદચરણને એટલે કે ભગવાન શ્રીકૃષ્ણ ચરણને સેવનારા બધા જ અમારી જેમ કલ્યાણને પામે,' (ભાગ. ૭–૮–૫૦), એ પ્રમાણે સાતમા સ્કંધમાં પ્રહલાદના કથનથી સ્પષ્ટ છે. સ્વભાવ અને યોગ્યતા પ્રમાણે બધાંનો અધિકાર છે, તોપણ મુખ્ય ફળ તો ઉપર કહ્યા પ્રમાણે જ હોય છે. તેથી બ્રહ્મસંબંધ તાદશજનોને જ કરાવવો જોઇએ. તાદશપણું તો ઉત્તમ પ્રકારની સેવા અને ઉત્સુકતા પ્રકટાવનારી ગુરુસેવા વડે તેમ જ તેને અનુકૂળ પ્રશ્ન (પૂછપરછ કે ચર્ચવાનો વિષય), માર્ગ રુચિ, પહેરવેશ, ભાષા અને આચરણ વગેરેથી નિર્ધારિત થવું જોઇએ અને વળી, પહેલાં જે પાપાચારી હતો અને પછી ભગવાનના માર્ગમાં ઉત્સુકવાળો થયો હોય તે પણ ઉપદેશ આપવાને યોગ્ય છે. 'અત્યંત દુરાચારી હોય તો પણ મારો એકનો જ આશ્રય લેનારો થયો છે તે સત્પુરુષ જ માનવા યોગ્ય છે; કારણ કે તેનો નિર્ણય

યથાર્થ છે,' (ગીતાજી, ૯–૩૦), એ વાકયમાં તાદશ જનોનો પણ સાધુતાથી વિચાર કરવો જોઇએ, એવું કથન છે. 'તે વિના વિલંબે ધર્માત્મા થાય છે અને સદાય શાંતિને પામે છે. હે કાંતેય, તું નિશ્ચિત જાણ કે, મારો ભકત નાશ પામતો નથી, (ગીતાજી, ૯–૩૧),' કારણ કે એ પ્રમાણે એનાથી આગળ આના ઉત્તમ પ્રકારના જાણકારનું કથન છે. પરંતુ જે પોતે જ ઉત્સુક છે તે સત્સંગથી કે કુળ પરંપરાથી સેવામાં જોડાય તો તે પણ ઉપદેશને યોગ્ય છે. પરંતુ ભગવાનની કૃપા મળવી અનિશ્ચિત હોવાથી મુખ્ય ફળની નિશ્ચિતતા અશકય છે. છતાં તે તેના ઉપદેશક પ્રત્યે દોષ દેનાર હોતો નથી; કારણ કે તે સત્સંગ વગેરેથી અને આદરપૂર્વક કરાયેલ હોય છે. પરંતુ તે ચકાસવા યોગ્ય છે. જો પાછળથી 'જેમ જેમ શ્રીહરિ, ભગવાન શ્રીકૃષ્ણ પોતાના મનમાં પ્રવેશ કરે છે તેમ તેમ સાધનોમાં તેની ઊંડી નિષ્ઠા વધતી જાય છે.' એમ આચાર્યશ્રીએ કહેલું હોવાથી તેના જાણકારો દ્વારા માર્ગની રીતિથી જાણવું યોગ્ય છે. જ્યારે તે અપેક્ષા વગરનો હોય ત્યારે તેને બોધ આપવો યોગ્ય નથી. વળી જ્યારે તેનામાં બહિર્મુખતા ઉદ્દ્ભવે ત્યારે તો તે ઉપેક્ષાને જ પાત્ર છે. 'જે ઇશ્વર પ્રત્યે પ્રેમ, તેના ભકતો સાથે મૈત્રી અને અજ્ઞાનીઓ પ્રત્યે કૃપા તેમ જ ભગવાનના દ્વેષીઓ પ્રત્યે જે ઉપેક્ષા દર્શાવે છે તે મધ્યમ પ્રકારનો ભકત છે,' (ભાગ ૧૧–૨–૪૬), એ પ્રમાણે એકાદશ સ્કંધમાં (હરિ નામના) યોગેશ્વરના કથનમાં ભગવદીયનાં લક્ષણો તે પ્રમાણે કહેલ છે. જેઓએ આત્મ-નિવેદન કર્યું નથી તેઓ પ્રત્યે ઉદાસીનતા રાખવી, પ્રાવાહિકો પ્રત્યે પણ સદાય ઉપેક્ષા જ યોગ્ય છે. વિજ્ઞપ્તિમાં એ પ્રમાણે પ્રભુચરણશ્રીએ પણ કહ્યું છે. વિજાતીય જનોના આક્રમણ સમયે પોતાના ધર્મનું રક્ષણ કરવું. દેશમાં નિરંતર સ્થિર થઇને રહેવું, એમ નિશ્ચિતતાથી લાગે છે. શ્રીહરિની એવી સર્વોદ્ધારની વિરોધી ઇચ્છા છે, નહિ તો આચાર્યશ્રીથી વિરુદ્ધ એવા માર્ગને તેઓ કેમ અનુસરે ? પત્રમાં (આ પત્ર વેણુનાદમાં છપાયો છે.) પણ તેમ જ લખેલું છે. એવી એ ઉદ્ધતાઇને નિવારવા માટે અને માર્ગની રીતિ સમજાવવાને તેમ જ તેમાં રહેલા વિપરીત જ્ઞાનનો નાશ કરવા માટે પ્રસંગથી કહેવાયું છે.

સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપતાઃ ।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મન્તવ્યાઃ કથંચન ॥૩॥
અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।

લોકમાં અને વેદમાં વર્ણવાયેલા સહજ દેશજ, કાલજ, સંયોગજ અને સ્પર્શ જ એવા દોષો કોઇ પણ રીતે માન્ય રાખવા યોગ્ય નથી. ॥૩॥ તે સિવાય (બ્રહ્મસંબંધ સિવાય) બીજી કોઇ પણ રીતે એ બધા દોષોમાંથી છૂટવાનું શકય નથી.

પ્રથમ તો અહીં પાંચ પ્રકારના દોષોનું માત્ર સ્વરૂપ પોતપોતાની વિચારેલી રીતે કહેવાય છે, પરંતુ પ્રસંગ પ્રમાણે વિચારાતું નથી, અથવા તો દેખીતો વિરોધ નિવારવા માટે પણ વિચારાતું નથી. એમ છે ત્યારે તે મત વડે આજના નિંદ્ય અધિકારીઓની તેવી રીતિથી દોષની નિવૃત્તિ વગરે કષ્ટપૂર્વક સિદ્ધ થાય તેમ છે. એમ છે, તે મત છોડીને શ્રીરઘુનાથજીના વિવરણને અનુસરીને આ

પ્રમાણે વિવરણ કર્યું શ્રીગોકુલનાથજીએ તો અહીં બ્રહ્મસંબંધથી પૂજામાર્ગમાં કહેવાયેલ દોષોની જ નિવૃત્તિ છે, એવો આશય રાખ્યો છે. તેમાં દેહનું ભૌતિકપણું હોવાથી ભૂતશુદ્ધિને (પૃથ્વી, જળ, તેજ, આકાશ અને વાયુની (શુદ્ધિને) અટકાવનારા તે સહજ દોષો છે.

'અપસર્પન્તુ તે ભૂતાઃ' (તેવા ભૂતદોષો દૂર થાઓ), 'પવિત્રં કુરુ યાસનમ્' (અને અને આસનને પવિત્ર કરો), વગેરેથી આસન વગેરેની શુદ્ધિનું વિધાન છે, તેથી પૂજાનાં સ્થાનમાં પણ દોષો છે, તે દેશ જ દોષો છે, 'પ્રાતર્હોમં ચ કૃત્વૈવ કૃત્વા વા બ્રહ્મ-યજ્ઞકમ્' (પ્રાતર્હોમને કરીને જ, અથવા બ્રહ્મયજ્ઞ કરીને), અથવા માધ્યાહનિક કૃત્વા પૂજયેત્ પુરુષોત્તમમ્' (બપોરનું આહનિક કાર્ય કરીને પુરુષોત્તમને પૂજવા), એ પ્રમાણે કાળનું વિધાન હોવાથી અન્ય સમયે પૂજન કરવામાં કાલજ દોષો લાગે છે. (દેશ અને કાલ) એ બે એક પદમાં (દેશકાલોત્થાઃ) સાથે લીધેલા હોવાથી તે બેનું ઐક્ય છે. લોકમાં નિયત થયેલ દોષો તો 'બ્રહ્મલોક સુધીના લોક ફરીથી પાછા આવનારા છે,' (ગી. ૮-૧૬), એ વાક્યથી પુનરાવૃત્તિવાળા છે. વેદમાં વર્ણવાયેલા દોષો તો 'યસ્ય સ્મૃત્વા ચ' (જેનાં સ્મરણથી)એ વાક્યથી કહેવાયેલ ન્યૂનતા વગેરેથી યુક્ત છે. અહીં (લોક-વેદનિરૂપિતાઃ કહ્યું છે તેમાં) પણ (લોક અને વેદ) બે શબ્દોનું ઐક્ય છે. સંયોગજ એટલે અભિમંત્રિત જલ વગેરેમાં અભિમંત્રિત નહિ તે સંયોગજ દોષ છે. પ્રાપ્ત થયેલ ગંધ, પુષ્પ વગેરેની સ્ત્રી કે શુદ્રનો સ્પર્શ થવાથી થતો દોષ તે સ્પર્શ જ દોષ છે. ઉપરાંત મૂળમાં શ્લોક 'ચ' અક્ષર છે, તેનો અર્થ નૈવેદ્ય વગેરે પર દૃષ્ટિ વગેરેથી થતો દોષ એમ છે. તેવા દોષો ભક્તિમાર્ગમાં માનવા યોગ્ય નથી, એમ નિરૂપણ છે. છે ન માનવાનું કારણ બ્રહ્મસંબંધ કરેલ છે, તે જ છે. અને વળી તેવા અપરાધો ભગવાને જ નિવાર્યાં હોવાથી તેમ છે, એ તેનો આશય છે. ॥૨,૩॥

પુષ્ટિમાર્ગીય ધાર્મિક પુસ્તકો તથા ચિત્રજી માટે
નિચેના એડ્રેસે સંપર્ક સાધવો.
શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા
ગિરિધર નિવાસ, મજમુંદારની ખડકી,
શિવશક્તિ વાસણવાળાની બાજુમાં,
બાજવાડા, **વડોદરા**-૩૯૦૦૦૧

શ્રી વલ્લભ

જન કલ્યાણ મય પુષ્ટિમાર્ગ

(સંગઠ્ઠનનો સાક્ષાત્કાર)

લે. રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી

દક્ષિણ ભારતની કૃષ્ણા નદી ઉપર એક બ્રહ્મ યુગલ સ્નાન કરે છે અને તેને દૂરથી ચાલ્યા આવતા શ્રી વલ્લભાચાર્યજીના રસાલાનાં દર્શન થાય છે.

વત્સલા– અરે....એઇ. સાંભળ્યું કે? જરા અહીં તો આવો, જુઓ તો ખરા.

પાંડુરંગ– તું પણ મારો મગજ પકવે છે. હો વત્સલા! સ્નાન કરી અને ગાયત્રીનો પુરો એક પાઠ કરવા દેતી નથી. બસ, એઈ સાંભળ્યું? એ ઈ અહીં આવો, એ ઇ આમ જુઓ અને હોય નહીં કાંઇ જો, વત્સલા! હું વેદ શાસ્ત્ર પારાંગત પંડિતજી છું જેથી મારે વેદના પાઠ પણ કરવા જોઇએ. હવે બોલતી નહીં એમ કહી "પ્રાણાયમ" કરે છે.

વત્સલા– અરે એઇ પંડિતવર્યજી! તમારી પંડિતાઇની મને બધી ખબર છે પરંતુ હું કહું છું એ તરફતો જરા જુઓ. કોઇ મહા તેજસ્વી પંડિતજીનો રસાલો આવે છે. સુર્ય જેવી તો તેમની કાન્તિ છે તમને પણ શાસ્ત્રાર્થ કરવામાં મઝા આવશે. માટે કહું છું સમજયા?

પાંડુરંગ– હેં-શું ખરૂં કહે છે? તેમ કહી તે દિશા તરફ જુએ છે. હં........ છે તો કોઇ તેજસ્વી પંડિતજી. એમ કહી નદી કીનારે એક વૃક્ષ નીચે બેસી અને રસાલા સામે અનિમેષે જોઇ રહે છે. અને રસાલો આવે છે,

દામોદરદાસજી– પ્રભુ! આપને પંથનો શ્રમ બહુજ થયો છે હવે તો અહીં મુકામ કરી શ્રમ નિવારણ કરવા સર્વની વિનંતી છે.

શ્રી મહાપ્રભુજી– હાં, દમલા! આ, પીપર નીચે આપણાં બેઠકજી છે, ત્યાં જ મુકામ કરીએ અહીં માયાવાદી તૈલંગ બ્રાહ્મણો બહુ જ છે. સપ્તાહ પણ કરીશું જેથી તેઓ આવશે અને ચર્ચા કરશે એટલે માયાવાદનું ખંડન અને ભકિત માર્ગનું સ્થાપન કરવામાં સરલતા રહેશે આમ કહી સર્વ સેવક સમાજ સહિત આપશ્રી એ ત્યાં મુકામ કર્યો. અને સહજ ચર્ચા વાર્તા–સેવકો અને શ્રી મહાપ્રભુજી વચ્ચે થવા લાગી

પાંડુરંગ– વત્સલા! તેઓની પરસ્પરની ચર્ચા વાર્તા ઉપરથી તેઓ કોઇ મહાન પ્રતાપી અને દિગવિજયી પંડિતજી હોય તેમ લાગે છે ગામનું ધન્ય ભાગ્ય છે કે તેઓ અહીં પધાર્યા છે. ચાલો ગામમાં જાણ કરીએ.

વત્સલા– એઈ! આ પંડિતજી તો દર્શન કરતાંજ વહાલા વહાલા લાગે છે. કેમ જાણે સાક્ષાત ઇશ્વરના અવતાર હોય! નકકી આ ગામમાં કાંઇક નવીન થશે.

પાંડુરંગ– તું તો એવી વેવલીજ રહી નવીન શું થશે? કેમ જાણે કોઇ મોટી જયોતિષી હોય. અહીં આપણા વેદશાસ્ત્ર ધુરંધરો એવા છે કે ગમે તેવા પારાંગત પંડિતને પણ પરાજય આપે તેઓ અહીં

આવી અને ચર્ચા કરશે કે. આ પંડિતજીને લબાચા પણ ઉપાડવા પણ ભારે પડશે.

વત્સલા– તમે માનો કે ન માનો પરંતુ આ પંડિતજીનું તેજ વાણીની મધુરતા અને ચર્ચા સાંભળતાં એવું લાગે છે કે તમારા ધુરંધરો કોઇ તેને જવાબ પણ નહી આપી શકે. અને પંડિતરત્નજી ! આપ તો ઉંચું માથું પણ નહીં કરી શકો સમજ્યા ! માણસની પરિક્ષા કરતાં શીખો.

પાંડુરંગ– હા, હા તું એક જ માસસની પરીક્ષા કરી જાણે છે અને અમે તો કાશીએ જઇને ડોબાં જ ચાર્યા હશે એમને ? હવે તો અમે પંડિતો પણ બતાવી દઇશું કે અમે પણ ધુરંધરો અને પારાંગત છીએ.

વત્સલા– બતાવી શું દેશો-શાસ્ત્ર ચર્ચામાં હારી જઇ મોઢામાં તરણું લઇ અને પગે લાગશો તમારૂં ભવિષ્ય મેં જોઇ લીધું છે. ચાલો હવે ગામમાં પછી ગામમાં આવી તેઓએ સર્વેને ખબર આપ્યા કે કૃષ્ણા નદીના તીર ઉપર કોઇ પંડિતે મુકામ કર્યો છે તેના શિષ્યો વાતો કરતા હતા કે તેઓએ કૃષ્ણદેવ રાજાની સભામાં શાસ્ત્રાર્થમાં જીતી ગયા હતા આ સાંભળી અને ગામના સર્વ પંડિતો શ્રી કેદારેશ્વર ના મંદિરે એકત્ર થયા પાંડુરંગ અને વત્સલા પણ આવી ગયાં હતાં ચર્ચા શરૂ થઇ.

કેદારનાથજી– ભાઇઓ ! આજે અહી કૃષ્ણા નદીના તીર ઉપર એક તેજસ્વી-સભાજીત પંડિત આવ્યા છે. જેઓ ઘણાં વર્ષ પહેલાં અહીં આવ્યા હતા ત્યારે અહીં શાસ્ત્રાર્થમાં તેનો વિજય થયો હતો પરંતુ ત્યારે આપણામાં કોઇ વેદ પારાંગત પંડિત હતા નહીં અને હવેતો અહીંના ઘણા પંડિતો દક્ષિણના વેદાન્ત કેન્દ્રો કાશિ–ઉજજયનિ જેવાં સ્થળોએ ભણી અને વેદ વેદાન્ત પારાંગત થયા છે અને તેમાં પણ. સોમેશ્વરજી–ભૂતેશ્વરલિંગમ્–શિવમસુંદરમ્–ચંદ્રમૌલી અને ઓમકારનાથજી જેવા ધુરંધરો જગત વિજયી બને તેવા છે માટે આપણે એ આપણા પંડિતોની આગેવાની નીચે સર્વ પંડિત સમુહ શાસ્ત્રાર્થ કરવા જઇશું માટે જય પરાજયનો કંઈપણ તર્ક ન કરતાં શ્રી કેદારેશ્વર જેવાનું આપણને પીઠ બળ છે. વિશ્વાસ રાખજો.

કાલે મધ્યાહન પછી અહીંથી પ્રયાણ કરીશું સર્વ આવીજ જો શુભસ્યશિઘ્રં. અને પછી સર્વ પંડિતો શાસ્ત્ર પુરાણો જોવામાં અને ભૂલાઇ ગયેલું યાદ કરવામાં લાગી ગયા અને ઘરો ઘર વેદ પઠનના ગુંજનથી ગુંજવા લાગ્યા.

પાંડુરંગ– જોયું ને વત્સલા !આપણા પંડિતો કોઇથી પાછા પડે તેવા નથી હો !

વત્સલા– હું પણ કહું છું કે સિંહ સાથે બાથ ભરવા ધમધમાટ કરતા સર્વ જયારે સિંહનું દર્શન થશે એટલે ઠંડાગાર થઈ જશે સમજયા પંડિતજી ?

એ સમયે શ્રી વલ્લભાચાર્યજી પાસે રામાનૂજ–નિંબાર્ક–મધ્વ અને ગૌષ્ણવ સમાજ વિનમ્ર થઇ અને બેઠા હતા તેણે આપશ્રીને વિનંતિ કરી કે કૃપાનાથ ! આ માયાવાદીઓ અમને બહુ જ દુઃખ આપે છે ત્યારે શ્રી મહાપ્રભુજીએ સર્વને ધીરજ આપી કહ્યું જે

અમારૂં પધારવું એ માટે જ થયું છે હવેથી તે તમારા સહાયક થઇ અને રહેશે. દુઃખરૂપ નહીં બને.

કૃષ્ણદાસજી- પ્રભૂ! કથા પુરી થઇ અને પંડિત સમૂહ પણ ચાલ્યો આવે છે.

શ્રી મહાપ્રભુ- કૃષ્ણદાસ! આપણે એક કૌતુક કરીએ બધાને બેસવા માટે ફકત એક જ ચાદર બીછાવજો અને કૃષ્ણદાસે ચાદર બીછાવી ત્યાંતો અગ્રણી પંડિતો અને સર્વ સમુહ આવી ગયો અને આપશ્રીએ સર્વને માન સન્માનથી મુખ્ય પંડિતોને ચાદર ઉપર બેસાર્યા અને કૌતુક સાથે ચાદર મોટી થવા લાગી અને સર્વ પંડિત સમૂહ સમાઇ ગયો આ કૌતુક જોતાં જ કટ્ટર માયાવાદીઓનો મગજનો પારો ઉતરી ગયો અને ઢીલા ઢફ થઈ ગયા પરંતુ વાદ કરવા આવ્યા છીએ એટલે તે કરવો જ જોઇએ એમ નિશ્ચય કર્યો.

શ્રી મહાપ્રભુજી- (હંસીને) હે પંડિત વર્યો આપ આપ સર્વ જે કાંઇ ઇચ્છા કરી અને આવ્યા હો. તે જરૂર નિઃસંકોચ વ્યકત કરો હું સમાધાન કરીશ.

કેદારનાથજી- હે, શ્રી વલ્લભ! અમે સાંભળ્યું છે કે આપ સર્વાચાર્ય તરીકે વિશ્વ વિજયી છો પરંતુ અમે સર્વ તૈલંગ બ્રાહ્મણો માયાવાદી છીએ અને આપની સાથે ચર્ચા કરવા ઇચ્છીએ છીએ તો આપ શાસ્ત્રની રીતે અમારા મનનું સમાધાન કરો અમારા સર્વ તરફથી આ પાંચ અગ્રણી પંડિતો ચર્ચા કરશે.

શ્રી મહાપ્રભુજી-આપ સર્વને ધન્યવાદ આપ સર્વની અભિલાંષાનો હું હંસતે મુખે સ્વીકાર કરૂં છું આપ નિઃસંકોચ-નિર્ભયતાથી શરૂઆત કરો. અને પંડિતોએ ચર્ચા કરી પરંતુ ચાર ઘડીમાંજ સર્વ નિરૂત્તર થઈ અને નત, મસ્તક થઈ ગયા અને સર્વે એ આપશ્રીને વિનંતિ કરી કે હે શ્રી વલ્લભ! આપના બ્રહ્મવાદ અને પરમતત્વ શ્રી કૃષ્ણભકિતનો અમે સર્વે, સઃહૃદય સ.દૈન્ય સ્વીકાર કરીએ છીએ અમારા અંતરમાંથી માયાવાદનો પરદો દુર થયો છે આપ કેવળ વેદશાસ્ત્રજ નહીં પણ વેદાતિત જે છે. તેમાં પણ પારંગત અને સાક્ષાત ઇશ્વરનો અવતાર છો અમે ભલે હારી ગયા પરંતુ આપ જેવા સમર્થ સર્વેશ્વર ની સન્મુખ આવ્યા. એ પણ અમારા કોટીજન્મોનાં સુકૃતનું ફલ છે. અમે એ રીતે જીતી ગયા છીએ અને આપને શરણે છીએ.

વત્સલા- કેમ પંડિત રત્ન પાંડુરંગજી! જોયું ને! આપશ્રી વલ્લભનું દર્શન કરતાં સર્વ પંડિતો ઢીલા થઇ ગયા ને? બીછાતની ચાદરની પણ કરામત જોઇને? અને તમે તો ઉંચું પણ જોઇ શકયા નહીં શ્રી વલ્લભ સાક્ષાત ઇશ્વર છે.

પાંડુરંગ- વત્સલા! તારી પરખ સાચી છે અમે તો પંડિતાઇના મિથ્યામિાનમાં શ્રી વલ્લભને ઓળખ્યા જ નહીં ધન્ય છે તને કે અમારા માયાવાદના તિમિરને દુર કરવામાં સહાયક થઇ સત્ય દર્શન કરાવ્યું હવે તારા જેવી સહાયક ગૃહ લક્ષ્મી જન્મો જન્મ મળે તેવી શ્રી વલ્લભને વિનંતિ કરીશ અને જન્મોજન્મ વિનોદ કરાવી સત્ય દર્શન કરાવતી રહે.

વત્સલા- બસ, બસ પંડિતજી મહારાજ! હવે બહુ વખાણ કરશો નહી, કયાંક

અમો સ્ત્રીઓના મગજના પારા ઉંચા ચડી જાય તો જલદી ઉતરે નહીં સમજયા? અને જોવા જેવું અને સાંભળવા જેવું તો હવે થશે, ઉપવસ્ત્ર (ખેસ) તો છે ને? ભૂલી ગયા હો તો કોઈનું માગી લેજો જરૂર પડશે

પાંડુરંગ– તું ખરૂં કહે છે વત્સલા! પણ તેમાં ઉપવસ્ત્ર (ખેસ)ની શું જરૂર છે?

વત્સલા– તેની હમણાંજ ખબર પડશે. જુઓ સાંભળો પંડિતો શું કહે છે.

સોમેશ્વરજી– માનનિય શ્રીમાન સર્વ પંડિત વર્યો! જે કાંઇ થયું તે આપણે અનુભવ્યું કે શ્રી વલ્લભ સાક્ષાત ઇશ્વર છે તેમણે જે પર બ્રહ્મનું પ્રતિપાદન કર્યું તે વેદ વેદાંગના પરમતત્વ રૂપ છે આપણે બ્રાહ્મણો પ્રભૂના મુખરૂપ હોવાથી આપણો આદિ અનાદિ મુખ્ય ધર્મ–પરમ–તત્વ શ્રી કૃષ્ણની ભકિત કરવાનો છે. પ્રભૂ અંશી છે આપણે અંશ છીએ અંશે અંશીની સેવા કરવી જોઇએ તે સનાતન સત્ય છે અને એમાં જ આપણું ઐહિક પાર લૌકિકનું પરમ શ્રેય છે મારી ઇચ્છા છે કે આપણે સર્વ શ્રી વલ્લભનું શરણ સ્વીકારી વૈષ્ણવી દિક્ષા લઇ અને વૈષ્ણવી સંસ્કારોથી સંસકૃત થઇએ આપ સર્વની ઇચ્છા હોય તો આપણે સર્વ શ્રી વલ્લભને વિનંતિ કરી એ કે કૃપા કરી શરણે લઇ તુલસીમાલા પહેરાવી પરા ભકિતનું દાન કરે.

સર્વ પંડિતો– શ્રી વલ્લભ આપણને શરણે લઇ વૈષ્ણવી દિક્ષાથી દિક્ષિત કરે તુલસીલાલા પહેરાવી પરા ભકિતનું દાન કરે કરે એ તો આપણાં જન્મો જન્મનાં સુકૃતોનો સૌભાગ્ય સુર્ય ઉદય યયો કહેવાય. અમે સર્વ સંમત છીએ કે શ્રી વલ્લભ કૃપા કરી અને આપણ સર્વને શરણ લઇ પરમ પાવન અને કૃતાર્થ કરે. અને સર્વેએ વિનંતિ કરી.

શ્રી મહાપ્રભુ– પંડિત વર્યો! આપ સર્વ સત્ય સમજયા એ માટે આપ સર્વને ધન્યવાદ હવે આપ સર્વના સૌભાગ્ય સુર્યોદયનો સમય આવી ગયો છે આપ સર્વ રૂદ્રાક્ષ ઉતારી સ્નાન કરી, અસ્પર્શમાં મારા પાસે આવો. અને સર્વ પંડિતો, સહર્ષ, રૂદ્રાક્ષ માલા ઉતારી સ્નાન કરી અને શ્રી મહાપ્રભુજી પાસે આવ્યા આપશ્રીએ એ સર્વને તુલસીમાલા પહેરાવી નામ મંત્ર અષ્ટાક્ષર સંભળાવી અને શરણે લીધા અને શ્રી કૃષ્ણા નદીના તીર ઉપર પ્રભૂ શ્રી વલ્લભનો જય જયકાર થયો આપશ્રીનો પ્રત્યક્ષ પ્રભાવ જોઈ અને બીજા અનેક જીવો પણ શરણે આવ્યા.

વત્સલા– લ્યો પંડિતજી! ઉપવસ્ત્ર (ખેસ) લઇને ચાલો મારા સાથે અને જયાં રૂદ્રાક્ષનો ઢગલો પડયો હતો. ત્યાં આવ્યાં. પાંડુરંગ તો ચકિત થઇ ગયા.

પાંડુરંગ– અરે વત્સલા! આ રૂદ્રાક્ષનો આટલો મોટો ઢગલો!! પણ અહીં ઉપવસ્ત્રનું શું કામ છે?

વત્સલા– અરે પંડિત મહાશયજી! મેં કહ્યું હતું ને કે શ્રી વલ્લભ અહીં પધાર્યા એટલે જરૂર કાંઇક નવીન થશે યાદ છે ને? લ્યો હવે ઉપવસ્ત્રમાં આ રૂદ્રાક્ષનો ગાંસડો બાંધી લ્યો, જુઓ સામે પંડિતો સ્નાન કરી શ્રી વલ્લભ પાસેથી દિક્ષા મંત્ર લ્યે છે તેમણે રૂદ્રાક્ષ ઉતારી તુલસી માલા પહેરી તેની આ

રૂદ્રાક્ષ માલાઓ છે અને હવે તો આપણી રૂદ્રાક્ષ માલાઓ ઉતારીને નાખો આ ગાંસડામાં અને ચાલો જલદી ન્હાઇ અને આપણે પણ તુલસી માલા પહેરી દિક્ષા, મંત્ર લઇએ અને તેઓ બન્ને પણ તુરતજ ન્હાઇ અને સર્વની સાથે તુલસી માલા પહેરી શરણે આવી વૈષ્ણવ થયાં અને અનેક જન્મોનું સાફલ્ય માન્યું.

વત્સલા- અરે પંડિતજી! પેલો રૂદ્રાક્ષનો ગાંસડો ચાલો ગામમાં લેતા જઇએ અને કેદારેશ્વરના પ્રાંગણમાં ઢગલો કરીશું બાકી રહેલા માયાવાદીઓને એટલો તો લાભ આપીએ આમ કહી ગાંસડો લઇ આવ્યાં અને કેદારેશ્વર મંદિરે ઢગલો કરી અને ઘેરે ગયાં.

પાંડુરંગ- વત્સલા! તું ય પણ ખરી છો ઘરાર તારૂં ધાર્યું થયું અને તું મોટી ભવિષ્યવેત્તા છો એ પણ સાચું થયું. માયાવાદના ઠુંઠાઓ ને પણ વૈષ્ણવતા રૂપ વસંતે નવ પલ્લવિત કર્યાં. શ્રી વલ્લભ તો જગત વલ્લભ છે. શું એનું રૂપ! શું એની મંદ મુસકયાન! હવે તો તેઓ અહીં જયાં સુધી બીરાજે ત્યાં સુધી તેમની રૂપ સુધાનું પાન કરી તેમની સેવા ટહેલ કરી. શેષ રહેલું જીવન સફલ અને કૃતાર્થ કરીએ.

વત્સલા- જેના ઘરમાં સ્વધર્મ પરાયણ સમજુ, શાણી, ઉદાર, દયાળુ ભકિતવાન ગૃહિણી હોય તેનો ઘરમાં વ્યાપી વૈકુંઠની સિધ્ધિઓ અને પરમાનંદ રૂપ પ્રભૂનો સદા નિવાસ રહે છે માટે જ આપણા શ્રી વલ્લભ કહેતા હતા કે. પ્રભૂ સ્નેહમય આપણાં પુષ્ટિમાર્ગ નાં ગુરૂ પણ ગોપીજનો જ છે સમજ્યા?

પાંડુરંગ- હા વત્સલા! હવે તો શ્રી વલ્લભ પ્રભૂની પારાવાર કૃપા અને તારી માર્ગદર્શક સહાયથી બધું એ સમજાયું ને હવે તો આપણે પણ સંગઠ્ઠનના સૂત્રધાર બની વૈષ્ણવતાના પ્રચારની પ્રતિજ્ઞા લઇએ

સુજ્ઞ વાચક વર્ગને વિનંતિ કે આપણે પણ પરિષદના પ્રચારની સેવા તનમન ધનથી કરવાની ચાલો પ્રતિજ્ઞા કરીએ. અસ્તુ.
જય હો આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગિય વૈષ્ણવ પરિષદનો.
જય હો સંગઠ્ઠન સામ્રાટ શ્રી વલ્લભાધિશનો.
જય હો સંગઠ્ઠનના સુત્રધાર મહાનુભાવ ભગવદ્ભકતોનો.

શ્રદ્ધાંજલી

નડીઆદવાળા નિ. લી. ગો. શ્રી અનિરૂદ્ધલાલની મહારાજશ્રીના વહુજી પૂ. પા. શ્રી મહાલક્ષ્મીજી ભાભીજી મહારાજ નિત્ય લીલામાં પધારતા. મોરબી હવેલીના પ્રમુખશ્રી વનેચંદ પ્રાણજીવનભાઇના પ્રમુખ સ્થાને તા. ૨૫-૧-૮૬ના શોક સભા મલેલ તેમાં પૂ. શ્રી ભાભીજી મહારાજના સેવામય જીવનના ગુણગાન કરી શ્રદ્ધાંજલી અર્પેલી.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૨૦ મું

ભાગ્ય સૌભાગ્ય શ્રીયમુને જુ દેઇ
બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો;
લાલ ગિરિધર વર તબહિ મિલેઇ. ૧
ભગવદીય સંગ કર બાત ઇનકી લહે
સદા સાન્નિધ્ય રહે કેલીમેંઈ;
'નંદદાસ' જા પર કૃપા શ્રીવલ્લભ કરે,
તાકે શ્રીયમુને સર્વસજુ દેઇ. ૨

અર્થ :– ભાગ્ય સૌભાગ્યનું દાન શ્રીયમુનાજી કરે છે, પરંતુ લૌકિકને તજી દઇ શ્રીયમુનાજીના પુષ્ટિ સ્વરૂપનું જે ભજન કરશે તેને જ શ્રીનાથજીના અલૌકિક સુખની પ્રાપ્તિ થશે. ૧

શ્રીમહારાણીજીના આધિદૈવિક પુષ્ટિ સ્વરૂપનું જ્ઞાન તો જીવને પુષ્ટિ ભક્તોના સત્સંગ દ્વારા જ થશે. ત્યારપછી જ જીવનો પ્રભુની નિત્ય લીલામાં અંગીકાર થશે. નંદદાસજી કહે છે કે, શ્રી વલ્લભની કૃપા જેના પર થશે, તેને જ શ્રીયમુનાજી સર્વસ્વનું દાન કરશે. ૨

વિવેચન :– સર્વ પ્રકારના ભાગ્ય સૌભાગ્યનું દાન કરવા શ્રીયમુનાજી સમર્થ છે. ભાગ્ય એટલે લૌકિક સુખો. સૌભાગ્ય એટલે અલૌકિક સુખ. ભગવદ્ પ્રાપ્તિ અને ભગવદ્ લીલાનો અનુભવ આ સર્વ શ્રીયમુનાજીની કૃપાથી પ્રાપ્ત થશે. પરંતુ જીવોએ પોતાના હિતનો વિચાર કરીને લૌકિક સુખની આસક્તિ છોડી અલૌકિક સુખની પ્રાપ્તિ માટે શ્રીયમુનાજીના પુષ્ટિ સ્વરૂપનો આશ્રય કરશે તેને જ શ્રીનાથજીનું અલૌકિક સુખ પ્રાપ્ત થશે.

લૌકિક સુખ શ્રીયમુનાજી પાસે માગશે તેને એ પણ મળશે જ. જે લાખ રૂપિઆ આપી શકે તેને સો રૂપિઆ આપવા સહજ છે. પરંતુ જીવને માટે એ ઉચિત નથી. કોઈ ચક્રવર્તિ સમ્રાટ પાસે જઇને ધાન્યના છોતરાની યાચના કરવા જેવું એ ગણાય. આવા લૌકિક સુખના અભિલાષિને શ્રીયમુનાજી એની ઇચ્છા મુજબ અવશ્ય આપશે જ. પરંતુ પછી એ જીવને ભગવદ્ પ્રાપ્તિરૂપી અલૌકિક સુખની પ્રાપ્તિ નહીં થાય.

ચાર દિનની ચાંદની જેવા ક્ષણિક સુખમાં આસક્ત થવું એમાં વૈષ્ણવની શોભા નથી. આવો જીવ ખરેખર દુર્ભાગી છે.

શ્રીયમુનાજીના આધિદૈવક સ્વરૂપનું જ્ઞાન જીવને પોતાના પ્રયાસથી નથી થતું એના માટે તો શ્રીયમુનાજીના સ્વરૂપનું જેને જ્ઞાન હોય એવા ભગવદીયના સત્સંગની આવશ્યકતા રહે છે, ત્યારપછી જ શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ થાય છે અને શ્રીયમુનાજીની કૃપાથી જીવને ભગવદ્ પ્રાપ્તિ પણ થાય છે.

સોરઠો–ભાગ્ય સૌભાગ્ય સહુ આપતા,
શ્રીયમુને પરમ ઉદાર,
જેવી જેની ભાવના,
પામે તે સુખસાર.

–ક્રમશ;

।। શ્રીવલ્લભો જયતિ ।।

।। વાકપતિર્વિબુધેશ્વરઃ ।।

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ : શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધ્રમ્બોલા)

લેખાંક છઠ્ઠો **(ગતાંકથી ચાલુ)**

સ્વપ્નમાં જે ચતુર્ભુજ સ્વરૂપના દર્શન કર્યા હતા તે જ પ્રત્યક્ષ અનુંભવ કરી માતા અગ્નિની ચારે તરફ ફરવા લાગી ગયાં અને કહેવા લાગ્યા કે આ પુત્ર મારો છે. હું અગ્નિમાં પડીને પણ મારા પુત્રને પધરાવીશ, અગ્નિદેવ મારા વડીલોના ઇષ્ટદેવ હોવાથી એમની જ પુત્રવધુ એવી હું આ અલૌકિક નિધિરૂપ અગ્નિનારાયણ પુત્ર તરીકે મારા હૃદયમાં ભાવ પ્રકટ કરી રહયા છે. આ પ્રમાણે નેત્રોમાં અશ્રુનો પ્રવાહ અને હૃદયની ધીરજ ગુમાવેલી માતાએ પુત્રને લેવા માટે સાહસ કર્યું અગ્નિએ પોતાનું સ્વરૂપ ચારે બાજુ વધારી દીધુ'. (અગ્નિની જવાળા એકદમ વધી ગઇ) આ સ્થિતિ જોતાં શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ શ્રી ઇલ્લંમાગારુજીને સાહસ કરતાં જોતાં શ્રી લક્ષ્મણભટ્ટજીએ શ્રી ઇલ્લંમાગારુજીને સાહસ કરતાં રોકી પોતાના ઇષ્ટદેવ અગ્નિનારાયણની સ્તુતિ શરૂ કરી.

અગ્નિનારાયણની સ્તુતિ કરી

છંદ–ચોપાયા

મંગલમય સોહત સુરનર મોહત ઇશ ચતુર્ભુજ ધારી અનુગ્રહ અતિ કિન્હાં દર્શન દિન્હાં યજ્ઞપુરુષ અવતારી સબ અદ્ભુત લીલા જગતવ કીડા વેદ નેતિ પદ ગાવે જપ તપ મખદાના ધારત ધ્યાના શ્રુતિ ગુણ બિલગ બતાવે જિન માયા ત્યાગી પદ અનુરાગી, દ્રવિત હદય ગુણ ગાયે વિધિ શિવ અભિલાષી સબ સુખ રાશી તવ પદસો નર પાયે વૈશ્વાનર રૂપા તેજ અનુપા મમમતિ સુત સુખ ધાઈ હે હરિમન મન્થા માંગત પંથા માતુ બિકલતા છાઇ

દોહા

વિનય કરત અતિ દીન બન, હૃદયે સુત અભિલાષ;
ત્વરિત દેત પથ અનલજબ, દંપતિ પાય હુલાસ.
ધાવત જિમિ ગોવત્સ પર, યહ બિધ માતા ધાય;
તન પ્રફુલિત સુત પ્રાપ્ત કર, લેવત હૃદય લગાય;

ઉપર પ્રમાણે શ્રી લક્ષ્મણભટ્ટજીએ સ્તુતિ કર્યા બાદ અગ્નિએ માર્ગ આપ્યો અને માતાએ પુત્રને બન્ને હાથમાં લઇ છાતી સરસા ચાંપી અતિ દૂર ચાલ્યા ગયા. ત્યાં લક્ષ્મણ ભટ્ટજી શ્રી ઇલ્લંમાગારુજીને કહેવા લાગ્યા કે તમારે હવે અગ્નિનો ભય રાખવાની જરૂર નથી, અગ્નિનારાયણ પુત્રરૂપે તમારા સ્તનનું પાન કરી રહયા છે. માતાજીએ પુત્રને વારંવાર

સ્તનપાન કરાવી મુખપર ચુંબન કરી શ્રીલક્ષ્મણભટ્ટજીના અતિ આગ્રહથી એમના ખોળામાં આપ્યા. તે વખતે શ્રી લક્ષ્મણભજીટ્ટજીનું હૃદય અતિ દ્રવિત બનેલુ આંખોમાંથી પ્રેમાશ્રુની બુંદો બાલકના અંગ પર પડતા શ્રીવલ્લભે નંદાલયની પ્રકટ ઝાંખી ફરીથી કરાવવા પોતાના મુખ ઉપર અતિ તેજ પ્રગટ કર્યું. માતા પિતા તે તેજથી અંજાયેલા પોતાના સ્વરૂપની સુધ ન રહી.

ચંપારણ્ય અદશ્ય થતાં એકદમ દિવ્ય ગોકુલની ઝાંખી થવા લાગી. અનેક સ્ત્રી પુરૂષો, ગોપ ગોપીકાના યુથ, દિવ્ય મંદિરો, રત્નજટિત પલનામાં શ્યામવર્ણ ચતુર્ભુજ સ્વરૂપને ઝૂલતું અને ઝૂલાવતા યશોદાજી તથા રોહિણીજીને જોયા. ગોપીકાઓના પ્રાકટય માંગલિક ગીતો અને ગોપોનું દહીં, દૂધ, હારિદ્રાનું છાંટવું અને ઉડાડવું નૃત્યગાન કરવું, શ્રીકૃષ્ણનો જન્મ પોતાના ધર્મના પ્રચાર કરવાને માટે દ્વિજરૂપે ચંપારણ્યમાં પ્રાગટય તે નંદમહોત્સવરૂપે અમે માન્ય કરી શ્રી લક્ષ્મણભટ્ટજીને નંદ અને ઉપનંદ વગેરે ગ્વાલો માંગલિક સ્નાન કરાવવા લાગ્યા. શ્રી ઇલ્લંમાગારુજીને પાસે બેઠેલા લીલા જોઇને વિસ્મય પામેલા જોઇ, શ્રી યશોદાજીએ શ્રીહસ્તનો સ્પર્શ કરી પોતાનું સ્વરૂપ દેવકીજી છે તેની સુધિ આપી પલનાની દોર એમના હાથમાં આપી. કારાગૃહમાં તમો બંધાયેલા હતા. બાલ લીલાનો અનુભવ થયો ન હતો. જેમના માટે અતિ કષ્ટો સહન કરેલા તે શ્રીકૃષ્ણ શ્રીવલ્લભ રૂપે જ તમારે ત્યાં પ્રગટ થઈ ગત અવતારની લીલાનું સર્વમંડન કરી વ્રજના ભાવનો ઉદ્ધાર કરશે. ત્યાંશ્રી દેવકીજીનું સ્વરૂપ શ્રીઇલ્લંમાગારુજી માની વારંવાર શ્રી યશોદાજીને અને શ્રી રોહિણીજીને હાથ જોડવા લાગ્યા. સહેજ દોરી હાથમાં લઇ શ્રીયશોદાજીને પાછી આપીને વિનતિ કરી કે અધિકાર સર્વ તમારો છે અમે તો તમારૂ આપેલુ લીધું છે. સદાય તમારા ઋણિ છીએ. સાચી માતાપણું તો આપનુંજ છે. અમે કહેવા માત્રનાજ છીએ. કૃપાં કરીને લીલા બંધ કરો. મારા પ્રાણ ગભરાય છે.

ચોપાઇ

લછમન ભટ હરિ કરત નિહોરા, લીલા ગુપત કરહું મન મોરા
નિજસુત અંક લખત સુખ પાયે, ચહું દિશ જય જય શબ્દ સુનાયે

દોહા

લીલા ગુપત ભઇ તહાં, લિયે લાલ પધરાય;
ચલત બેગિ ચૌડા નગર, નૃપ અનુચર સહ ધાય.
સમાચાર સુન સચિવ ચહું, વિવિધ વાદ્ય બજવાય;
કૌતુક સુન સબ નગરજન. કરત પ્રશંસા આય.

ચૌડાનગરના ભૂવનેશ રાજાને રાતના સ્વપ્નમાં અનુભવ થયેલ તે વાત સવારે સચિવને કરતા સચિવે પણ સર્વ હકીકત કહીને કહ્યું કે શ્રી લક્ષ્મણભટ્ટજી ચંપારણ્યમાં ગયા છે

અને આવીજ રહ્યા હશે. ત્યાં તો દર્શન થતાં જ રાજાએ બાલકના દર્શન કરી, તુરત જ શ્રી લક્ષ્મણભટ્ટજી પાસે ગોપાલ મંત્રની દીક્ષા લઇ સેવક બન્યો. રાજભવનમાં અનુપમ ઉતારા આપી સારા નગરમાં અનેક પ્રકારના વાજીંત્રો, ભિક્ષુકોને દાન, બ્રાહ્મણોની વેદધ્વનિ દ્વારા ઉત્સવ ઉજવ્યો.

શ્રીલક્ષ્મણભટ્ટજીએ બાલકને પ્રથમજ પલનામાં પધરાવી શ્રી ઠાકોરજીના આપેલા તાંબુલને ઓંગાળી (ગળથુથી) બાલકના મુખમાં આપી, ત્યારપછી કેસરી દુપટ્ટો ઓઢાડી બાલકના કંઠમાં કંઠી ધારણ કરાવી જાત કર્માદિ સંસ્કાર કરાવી ભિક્ષુકોને દાન દઇ, બ્રાહ્મણોને માન દઇ પોતાના પૂર્વજોનો મહાન ઉપકાર માની આનંદપૂર્વક ચૌડા નગરમાં એક મહિનાની અવધિ માન્ય કરી રહેવા લાગ્યા.

ક્રમશઃ

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ)
રૂલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રી વલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) તેના પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ
(૪) પ્રકાશકનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૫) સંપાદકનું નામ	,,
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	વૈષ્ણવ પરિષદ જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ-૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦-૨-૮૬

મુદ્રક પ્રકાશક અને સંપાદક
રવજી પરસોત્તમ પટેલ

॥ શ્રીહરિઃ ॥

દર્દીને દર્દીનો પત્ર

લેખક **નટવરલાલ મહાસુખલાલ–અરાદ**

હરિનેય અપાર સુખ પ્રદાન કરે તે શ્રીહરિ શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ આનંદ સ્વરૂપ શ્રીઠાકોરજીનું નિવાસ સ્થાન છે આનંદ નિધિ શ્રીવલ્લભ પ્રભુ આનંદ સ્વરૂપ છે, આનંદ પ્રાપ્ત કરનારે બીજે ક્યાંય મથામણ કરવાની નથી. એ એકવાર અનુભવ્યા બાદ પ્રત્યક્ષ થાય છે જ.

આનંદનું નિત્ય નિવાસ સ્થાન છે આનંદ નિધિ. આનંદની જરૂરિઆત વાળાઓ! પ્રાણેશના વ્હાલા ચલો આનંદનિધિના ચરણાવિંદમાં ચિત્તને કેન્દ્રિત કરવા. આપણા પ્રાણ વલ્લભના અનન્ય ભગવદીઓ પાસે. સ્મરણ, સત્સંગ, સેવા કે જ્યાં સાચો દિવ્ય અલૌકિક આનંદ છે.
અનન્યોને મળશે.

આનંદના નિધિનો જો પાકકો આશ્રય કરીશું તો અખૂટ આનંદ પ્રાપ્ત થવાનોજ છે છે. એમાં કશોએ સંશય નથી. જ્યાં જે વસ્તુ છે ત્યાં આપણે જઇશું, તો ત્યાં તે વસ્તુ આપણને અવશ્ય મળવાની જ છે. વિના પરિશ્રમે, વિના મૂલ્યે, અદ્ભૂત–અલૌકિક–ધન પ્રાપ્તિ. વલ્લભીઓના સંગથી, શ્રીવલ્લભના સંબંધથી અવશ્ય પ્રાપ્ત થશે.

લૌકિક ધન અને તેમાં આસકિત અધર્મથી થશે. ત્યારે અલૌકિક ધન અને તેમાં પ્રીતિ–આસકિત ધર્મથી જ થશે. એ વાત નિશ્ચિત છે. પરંતુ અહીં ધર્મનું સ્વરૂપ પ્રથમ સમજવું પડશે. નહિંતર મહાઅનર્થ થઇ જવાનો સંભવ રહે છે.

‘યહ ધન ધર્મ હિતે પાયો’ (પરમાનંદદાસજી) શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકમાં આજ્ઞા કરે છે કે ‘સર્વદા સર્વ ભાવેન્ ભજનીયો વ્રજધિપઃ સ્વસ્યાય મેવ ધર્મોહિ, નાન્યઃ કવાપિ કદાચન.’ ધર્મી સ્વરૂપ પ્રભુમાં સર્વદા સર્વભાવથી પ્રાણપતિ સિવાયનું સર્વ ભૂલી જવું અને પૂર્ણાનંદ, સદાનંદનું સતત સેતત સેવન કરવું તે ધર્મ.

‘સો ધન વાર વાર ઉર અંતર પરમાનંદ વિચારે, યહધન ધર્મ હિ તે પાયો.’

વ્હાલા વલ્લભીય ! શ્રીવલ્લભ પ્રભુ પોતાના નિજજનોને અલૌકિક સુખ, શાન્તિ અને આનંદનું જ્યારે દાન કરવા ચાહે છે, ત્યારે પ્રથમ એ જીવને લૌકિક દુઃખ, અશાંતિ અને શોક બતાવે છે, લૌકિકમાં તપાવે છે, અનુભવ કરાવે છે કે ભાઇ ! આ સર્વમાં રંચક પણ સુખ શાંતિ અગર આનંદ નથી જેમાં આનંદ, સુખ કે શાંતિ છે જ નહિ, એમાં આપણે ગમે તેટલી મથામણ કરીયે, ગમે તેટલા પ્રયત્નો કરીયે, તો પણ કશુંયે હાથ લાગવાનું નથી. જે નિરાનંદ–આનંદનો આભાસ માત્ર જ છે. ત્યાં આનંદ ક્યાંથી મળે વ્હાલા !

આનંદ, પૂર્ણાનંદ એક માત્ર પ્રભુ છે અને એનુંજ એક માત્ર પાન (સેવન) કરનારો

એમાંજ આસકત અને એમાં જ ચિત્તવાળો કૃતાર્થ છે અને એ સદાનંદ, નિજાનંદ, પ્રાપ્ત કરનાર જ, સર્વ આનંદનું ઉત્પત્તિ સ્થાન ખજાનો જે આનંદનો નિધિ છે, એવા સર્વેશ્વર શ્રી વલ્લભાધીશનો દૃઢ આશ્રય, વિશ્વાસ પૂર્વક અને શ્રદ્ધા યુકત કરીને સાચે જ કૃતાર્થ થશે જ થશે શંકાજ નથી.

પરંતુ! માર્ગીય સંગ વગર, માર્ગનું સાચું જ્ઞાન કયાંથી મળી શકે! માર્ગીય ભગવદીયનો સંગ કયાં છે? અનન્ય ભકત જ, અન્યમાંથી આસકિત છોડાવીને (ભૂલાવીને) એકમાંજ આસકત કરાવી શકે છે. એ એક કોણ?

'આશરો એક દૃઢ શ્રીવલ્લભાધીશકો.' 'એક વર્યો ગોપિજન વલ્લભ.' 'તેહી યેહી યેહી તેહી કછુ ન સંદેહ.' 'યહી હમારે શ્રી નાથજી.' 'ઇન ચરણન કેરો ભરોસો, દૃઢ ઇન ચરણન કેરો.' આનંદ, આનંદનિધિના આશ્રયથી જ પ્રાપ્ત થશે, એ વાત નિર્વિવાદ છે 'શ્રીવલ્લભકે રોમ રોમ પ્રતિ કોટિ ગોવર્ધન રાયા.'

ભગવદ્ સંબંધી સર્વ ભગવદ્ સ્વરૂપ છે. અધિક ન્યૂન સમજવાનું છે જ નહિ. સંપતિ, સંતતિ કે સાધનોની આસકિતમાં દુઃખ, અશાંતિ અને શોક જ પ્રાપ્ત થાય છે. આ અનુભવ સર્વે જીવોને થાય છે જ. વાત બરોબર છે. સંપત્તિ, સંતતિ કે સાધનો, પદાર્થ માત્ર સર્વ કાંઇ છે તો પ્રભુનુંજ અને આપણે એ બધાનો અનાદર કયાં કરવાનો છે? સર્વનો આદર કરવો. કારણ વસ્તુ માત્રના માલિક એક માત્ર પ્રભુજ છે, આપણે એમાં આસકત થવાનું નથી. આસકિતથીજ દુઃખનો અનુભવ આપણને થાય છે. આસકિત પ્રભુમાં કરવી સારી એ દુઃખમાં અપાર સુખ સાચી શાંતિ અને અખૂટ આનંદ મળે છે. કારણ પ્રભુ સ્વયં આનંદ સ્વરૂપ છે. એ આનંદ સ્વરૂપના સ્મરણ, સેવા ચિંતવન માત્ર ફળદાયક—આનંદ દાયક છે.

શ્રીવલ્લભાધીશની કૃપાથી સુલભ છે. અનન્ય વલ્લભીઓની કૃપાદૃષ્ટિથી—સંગથી સર્વ પ્રપંચનું વિસ્મરણ અને આનંદ સ્વરૂપ શ્રીહરિનું સદાચિંતન—સેવન સફળતાથી પ્રાપ્ત થાય છે. ભગવદ્ સંગ વિના ભગવદ્ ભાવ જાગૃત થતો નથી અને ભગવદ્ભાવ નથી તો ભગવદાસકિત કયાંથી થાય. જો ભગવદાસકિત ન થઇ તો ભગવદ્ ગુણાનુવાદ, ભગવદ્સેવા, સ્મરણ કયાંથી થાય? અને જો ભગવદ્સેવા, સ્મરણ ન થયું તો ભગવદ્ પ્રાપ્તિ શી રીતે થશે. ભગવદ્ પ્રાપ્તિ માટે ભગવદાશ્રય, એકાશ્રય, દૃઢાશ્રય અતિશય આવશ્યક છે. લૌકિક વાતો કે વિચારોથી લૌકિક આસકિતજ થવાની છે. ભગવદીયોના સંગમાં ભગવદ્ વાર્તા ભગવદ્ સ્મરણ થવાનું છે કે જે થકી પ્રતિક્ષણે કાળમીંઢ પત્થરના ઘસારાની જેમ, આપણા પર યુગોના બાઝેલા થરો દૂર થતાં પ્રકાશ પડયા સિવાય રહેશે નહિ. અંતર્મૂખ થયા સિવાય અનુભવો કદાપિ થતા જ નથી. બધું વિસ્મરણ અને શ્રીહરિનું સ્મરણ, ભગવદ્ સંગ સિવાય અસંભવિત છે. શ્રીજી શ્રીયમુનાજીની કૃપાથી એ સુલભ બને છે. આપણે બ્રહ્મસંબંધી જીવો, શ્રી વલ્લભના અંગીકૃત જીવો છીએ. બ્રહ્માની સૃષ્ટિના જીવો નથી. 'પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણ સુત' આપણે સંબંધ બ્રહ્મ સાથેનો છે અને આપણે સૌ વલ્લભીયો વલ્લભી

સૃષ્ટિના જીવો છીએ. આ માર્ગમાં કાળ કર્મના બંધન નથી. અહિં હર બ્રહ્માનો પ્રવેશ નથી જે કાંઇ બને છે, તે ભગવદ્-ઇચ્છાથી બને છે, અને સર્વ સંચાલન શ્રીજીના હાથમાં હોઇ, પ્રભુ આપણું અહિત કદાપિ પણ કરશે નહિ. શ્રીહરિની ઇચ્છા વિરૂદ્ધ પાન પણ હાલી શકતું નથી. 'કિયો ગોપાલકો સબ હોય.' પ્રભુની લીલા અનંત છે, અગ્નિ પરિક્ષા અંગીકૃતોની (અનન્યની) કરે છે. સુવર્ણની કસોટિ અવશ્ય થાય છે. ભગવદાશ્રય દૃઢ રાખવાનો છે, તેમાંથી કદાપિ ચલિત થવાનું નથી. દુઃખ ન હોય તો સુખ શી રીતે સમજાય? અંધારૂ ન હોય તો અજવાળામાં પ્રીતિ કયાંથી થાય? દેખાતી ખોટી વસ્તુ પ્રેમીને સારા તરફ જલ્દી લઇ જાય છે. સંસારમાં સર્વ અનુભવો દુઃખ, અશાંતિ અને કલેશ આપનારા જ હોય છે. પ્રભુ સંસાર વૈરી છે. પ્રભુ અનુગ્રહ દ્વારા પોતાના અંગીકૃત જીવને પોતાના તરફ ખેંચવા લૌકિક આસકિત છોડાવવા માટે જ આ લીલા કરે છે. આપણો જીવોનો કશો ઉપાય ચાલતો નથી એક જ સત્ય છે "શ્રીકૃષ્ણઃ શરણં મમ."

આ માસના ઉત્સવ

ફાગણ સુદિ ૬ તા. ૧૬-૩-૮૬ રવિવાર શ્રી લલિત ત્રિભંગીજી (વેરાવળ) પાટોત્સવ.

ફાગણ સુદિ ૭ તા. ૧૭-૩-૮૬ સોમવાર શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા)

ફાગણ સુદિ ૮ તા. ૧૯-૩-૮૬ બુધવાર હોળાષ્ટક પ્રારંભ.

ફાગણ સુદિ ૯ તા. ૨૦-૩-૮૬ ગુરુવાર બગીચા નોમ.

ફાગણ સુદિ ૧૧ તા. ૨૨-૩-૮૬ શનિવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ફાગણ સુદિ ૧૩ તા. ૨૪-૩-૮૬ સોમવાર બગીચા તેરસ.

ફાગણ સુદિ ૧૪ તા. ૨૫-૩-૮૬ મંગળવાર હોલીકા ઉત્સવ.

ફાગણ સુદિ ૧૫ તા. ૨૬-૩-૮૬ બુધવાર હોલી પ્રદિપન સૂર્ય ઉદય પહેલા. દોલોત્સવ.

ફાગણ વદિ ૨ તા. ૨૭-૩-૮૬ ગુરુવાર દ્વિતીયા પાટોત્સવ.

ફાગણ વદિ ૫ તા. ૩૦-૩-૮૬ રવિવાર રંગ પંચમી. શ્રી રણછોડજી (ડાકોર) ના ષોડશોપચાર.

ફાગણ વદિ ૭ તા. ૧-૪-૮૬ મંગળવાર શ્રી દામોદરજી (જુનાગઢ) પાટોત્સવ.

ફાગણ વદિ ૧૧ તા. ૫-૪-૮૬ શનિવાર પાપ મોચની એકાદશી વ્રત.

રૂા. ૨૫-૦૦ ગો. વા. પરીખ મધુવનદાસ ચુનીલાલભાઇના સ્મરણાર્થે ભેટ મળેલ છે.

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

તો એવા બ્રહ્મમાં કોઇપણ પ્રમાણનો પ્રવેશ થઈ શકતો નથી. જ્યારે કોઇપણ પ્રમાણ બ્રહ્મનું નિરૂપણ કરી શકતું નથી તો પછી બ્રહ્મની સત્તામાં જ સંદેહ રહ્યો. કારણકે એવી એક રીત છે કે જે વસ્તુ કોઇપણ પ્રમાણથી નક્કી ન કરાતી હોય તો જરૂર તે વસ્તુની સત્તામાં પણ સંદેહ રહ્યો છે, કદાચ કહો કે 'અનુભૂતિ સ્વાનુભવસિદ્ધ છે, તેને કોઇપણ પ્રમાણની આવશ્યકતા નથી તો આ કથન પણ એક પ્રકારે માથુ દુઃખવાની બિમારીજ થઇ કહેવાય કે જેમાં સાચા ખોટા પણાની પરીક્ષા કરવીજ કઠીણ થઇ પડે છે, અથવા કુલડીનો ગોળ સમજો. વાસ્તવમાં તો અનુભવ માત્ર 'ઈદત્વાનિ' કોઈ પણ વિશેષોથીજ યુકત હોય છે. 'ઈદમહમદર્શમ' આ મેં જોયું. વિગેરે સ્થોલામાં અનુભવ સવિશેષ જ થાય છે, અગર પૂર્વોકત વ્યાવૃત્તિવાળી યુકિતથી અનુભૂતિને નિર્વિશેષ સિદ્ધ કરવા ચાહો તો પણ કહેવું પડશે કે અન્ય વિશેષ કે ધર્મોની વ્યાવૃત્તિ અથવા નિરાસપણું કોઇ વિશેષયુકત વસ્તુથી થઈ શકે છે પણ કંઇ નિર્વિશેષથી થતી નથી. નિર્વિશેષથી અન્ય વ્યાવૃત્તિ તો દૂર રહી પણ પહેલાં તેની સત્તામાંજ સંદેહ રહ્યો છે. બધાંનો નિષેધ કરતાં કરતાં જે બચી જાય તે બ્રહ્મ છે. આમ કહો તો પણ સંદેહ તો જેવો ને તેવો જ ઊભો રહ્યો, વસ્તુ નિશ્ચય તો કોઇ પણ પ્રકારે ન થયો.

અમને જિજ્ઞાસા થાય છે કે વિશેષ અથવા ધર્મોનું ન રહેવું એ બ્રહ્મનો સ્વભાવ વાસ્તવ છે કે નહિં ? અગર કહો કે વાસ્તવ છે તો પછી જે બ્રહ્મના ધર્મોનો ન રહેવાનો સ્વભાવ નિત્ય છે, તો પછી તેને નિર્ધર્મક અથવા નિર્વિશેષ કહેવું ખરેખરી ભૂલ છે. કારણ કે જે સ્વભાવ તેનો તેમાં રહે છે તે પણ તો એક ધર્મજ છે. ઠીક આગળ ચાલો ભલા જરા કહો તો ખરા કે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષ અથવા અનુભવથી થાય છે કે નહિ?

અને જે અનુભવથી જ્ઞાન થાય છે તે અનુભવ બ્રહ્મનો પોતાનો છે કે બીજાનો? કદાચ કહો કે બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષાદિથી થાય છે તો પછી જેટલી બ્રહ્મનિરૂપણ કરનારી શ્રુતિઓ છે તે બધી એકજ વાતને કથન કરવાવાળી હોવાથી આપના મતમાં અપ્રમાણ થઈ જશે; અને અગર કહો કે બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષાદિથી થતું નથી તો પછી શુન્યવાદી અને આપ બંન્ને સગાં સહોદર ભાઈઓ થયા કારણ કે શબ્દ તો નિર્વિશેષ વસ્તુનો બોધ કરાવી શકતો નથી એ અમે પહેલાં કહી આવ્યા છીએ.

'બ્રહ્મને પોતાના અનુભવથીજ પોતાનું જ્ઞાન થાય છે. એ પણ કહી શકતા નથી કારણ કે પોતામાં પોતાનું કર્મત્વ અને કર્તૃત્વ થઈ શકતું નથી. એ આપ જ કહી આવ્યા છો. કદાચ કહો કે તેનું જ્ઞાન બીજાના અનુભવથી થાય છે તો પણ આપના મત પ્રમાણે અન્યનો વિષય થઈ જવાથી તે (બ્રહ્મ) જડ કહેવાશે.

શબ્દ તો વિશેષે કરીને સવિશેષ વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે. કારણ કે તેની પ્રવૃત્તિ પદ, વાક્ય અને સંબંધે દ્વારા થાય છે. યદિ જ્ઞેય વસ્તુમાં કોઈ સંબંધ વિશેષ ન હોય તો પછી શબ્દથી તેનું જ્ઞાન થઈ શકતું નથી. પ્રકૃતિ તથા પ્રત્યયના યોગને જ પદ કહે છે, પ્રકૃતિ અને પ્રત્યયનો અર્થ બદલાઈ જવાથી પદજ કોઈ વિશિષ્ટાર્થનું પ્રતિપાદન કરવા લાગે છે, જ્યારે અર્થનો ભેદ હોય છે ત્યારે જ પદોનો પણ ભેદ હોય છે. પરંતુ વાચ્યવસ્તુના બદલાઇ જવાથી શબ્દ અને અર્થ બન્ને બદલાઇ જાય છે એ તો અનુભવ સિદ્ધ છે માટે 'રામઃ' વિગેરે પદો પણ કોઇ વિશેષ યુક્ત વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે, પણ નિર્વિશેષ વસ્તુનું નહિ પદોનાં સમૂહને વાક્ય કહે છે. વાક્ય પણ પદાર્થોનાં સંબંધ વિશેષને જ કહેવાવાળું છે, માટે તે પણ કોઇ સંબંધાદિ વિશેષોથી રહિત વસ્તુને કહેતું નથી. પરંતુ સવિશેષ વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે, એ માટે નિર્વિશેષ વસ્તુમાં અથવા તેવી (નિર્વિશેષ) અનુભૂતિમાં (અનુભૂતિ, સવિત આ બધાં જ્ઞાનનાજ નામો છે.) શબ્દ પ્રમાણ છે એ કહી શકતા નથી.

પ્રત્યક્ષના પણ બે ભેદ છે, એક તો નિર્વિકલ્પક અને બીજો સવિકલ્પક ભેદ, જાતિ, ગુણ અને આકાર વિગેરે અનેક વિશેષોને ગ્રહણ કરનારૂં જે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તેને સવિકલ્પક પ્રત્યક્ષ કહે છે અને જાતિ. ગુણ વિગેરે વિશેષોથી રહિત જે પ્રત્યક્ષજ્ઞાન થાય છે તેને નિર્વિકલ્પ કહે છે. અર્થાત્ 'અસ્તિત્વ' (સત્તા) વિશેષ માંત્રને ગ્રહણ કરનારા જ્ઞાનને

અને જે અનુભવથી જ્ઞાન થાય છે તે અનુભવ બ્રહ્મનો પોતાનો છે કે બીજાનો? કદાચ કહો કે બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષાદિથી થાય છે તો પછી જેટલી બ્રહ્મનિરૂપણ કરનારી શ્રુતિઓ છે તે બધી એકજ વાતને કથન કરવાવાળી હોવાથી આપના મતમાં અપ્રમાણ થઇ જશે; અને અગર કહો કે બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષાદિથી થતું નથી તો પછી શુન્યવાદી અને આપ બંન્ને સગાં સહોદર ભાઇઓ થયા કારણ કે શબ્દ તો નિર્વિશેષ વસ્તુનો બોધ કરાવી શકતો નથી એ અમે પહેલાં કહી આવ્યા છીએ.

'બ્રહ્મને પોતાના અનુભવથીજ પોતાનું જ્ઞાન થાય છે. એ પણ કહી શકતા નથી કારણ કે પોતામાં પોતાનું કર્મત્વ અને કર્તૃત્વ થઇ શકતું નથી. એ આપ જ કહી આવ્યા છો. કદાચ કહો કે તેનું જ્ઞાન બીજાના અનુભવથી થાય છે તો પણ આપના મત પ્રમાણે અન્યનો વિષય થઇ જવાથી તે (બ્રહ્મ) જડ કહેવાશે.

શબ્દ તો વિશેષે કરીને સવિશેષ વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે. કારણ કે તેની પ્રવૃત્તિ પદ, વાકય અને સંબંધે દ્વારા થાય છે. યદિ જ્ઞેય વસ્તુમાં કોઈ સંબંધ વિશેષ ન હોય તો પછી શબ્દથી તેનું જ્ઞાન થઈ શકતું નથી. પ્રકૃતિ તથા પ્રત્યયના યોગને જ પદ કહે છે, પ્રકૃતિ અને પ્રત્યયનો અર્થ બદલાઇ જવાથી પદજ કોઈ વિશિષ્ટાર્થનું પ્રતિપાદન કરવા લાગે છે, જ્યારે અર્થનો ભેદ હોય છે ત્યારે જ પદોનો પણ ભેદ હોય છે. પરંતુ વાચ્યવસ્તુના બદલાઇ જવાથી શબ્દ અને અર્થ બન્ને બદલાઇ જાય છે એ તો અનુભવ સિદ્ધ છે માટે 'રામઃ' વિગેરે પદો પણ કોઇ વિશેષ યુકત વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે, પણ નિર્વિશેષ વસ્તુનું નહિ પદોનાં સમૂહને વાકય કહે છે. વાકય પણ પદાર્થોનાં સંબંધ વિશેષને જ કહેવાવાળું છે, માટે તે પણ કોઇ સંબંધાદિ વિશેષોથી રહિત વસ્તુને કહેતું નથી. પરંતુ સવિશેષ વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે, એ માટે નિર્વિશેષ વસ્તુમાં અથવા તેવી (નિર્વિશેષ) અનુભૂતિમાં (અનુભૂતિ, સવિત આ બધાં જ્ઞાનનાજ નામો છે.) શબ્દ પ્રમાણ છે એ કહી શકતા નથી.

પ્રત્યક્ષના પણ બે ભેદ છે, એક તો નિર્વિકલ્પક અને બીજો સવિકલ્પક ભેદ, જાતિ, ગુણ અને આકાર વિગેરે અનેક વિશેષોને ગ્રહણ કરનારૂં જે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તેને સવિકલ્પક પ્રત્યક્ષ કહે છે અને જાતિ. ગુણ વિગેરે વિશેષોથી રહિત જે પ્રત્યક્ષજ્ઞાન થાય છે તેને નિર્વિકલ્પ કહે છે. અર્થાત્ 'અસ્તિત્વ' (સત્તા) વિશેષ માંત્રને ગ્રહણ કરનારા જ્ઞાનને

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

તો એવા બ્રહ્મમાં કોઇપણ પ્રમાણનો પ્રવેશ થઈ શકતો નથી. જ્યારે કોઇપણ પ્રમાણ બ્રહ્મનું નિરૂપણ કરી શકતું નથી તો પછી બ્રહ્મની સત્તામાં જ સંદેહ રહ્યો. કારણકે એવી એક રીત છે કે જે વસ્તુ કોઇપણ પ્રમાણથી નક્કી ન કરાતી હોય તો જરૂર તે વસ્તુની સત્તામાં પણ સંદેહ રહ્યો છે, કદાચ કહો કે 'અનુભૂતિ સ્વાનુભવસિદ્ધ છે, તેને કોઇપણ પ્રમાણની આવશ્યકતા નથી તો આ કથન પણ એક પ્રકારે માથુ દુઃખવાની બિમારીજ થઇ કહેવાય કે જેમાં સાચા ખોટા પણાની પરીક્ષા કરવીજ કઠીણ થઇ પડે છે, અથવા કુલડીનો ગોળ સમજો. વાસ્તવમાં તો અનુભવ માત્ર 'ઇદન્ત્વાનિ' કોઈ પણ વિશેષોથીજ યુક્ત હોય છે. 'ઇદમહમદર્શમ' આ મેં જોયું. વિગેરે સ્થોલામાં અનુભવ સવિશેષ જ થાય છે, અગર પૂર્વોક્ત વ્યાવૃત્તિવાળી યુક્તિથી અનુભૂતિને નિર્વિશેષ સિદ્ધ કરવા ચાહો તો પણ કહેવું પડશે કે અન્ય વિશેષ કે ધર્મોની વ્યાવૃત્તિ અથવા નિરાસપણું કોઇ વિશેષયુક્ત વસ્તુથી થઇ શકે છે પણ કંઇ નિર્વિશેષથી થતી નથી. નિર્વિશેષથી અન્ય વ્યાવૃત્તિ તો દૂર રહી પણ પહેલાં તેની સત્તામાંજ સંદેહ રહ્યો છે. બધાંનો નિષેધ કરતાં કરતાં જે બચી જાય તે બ્રહ્મ છે. આમ કહો તો પણ સંદેહ તો જેવો ને તેવો જ ઊભો રહ્યો, વસ્તુ નિશ્ચય તો કોઇ પણ પ્રકારે ન થયો.

અમને જિજ્ઞાસા થાય છે કે વિશેષ અથવા ધર્મોનું ન રહેવું એ બ્રહ્મનો સ્વભાવ વાસ્તવ છે કે નહિં ? અગર કહો કે વાસ્તવ છે તો પછી જે બ્રહ્મના ધર્મોનો ન રહેવાનો સ્વભાવ નિત્ય છે, તો પછી તેને નિર્ધર્મક અથવા નિર્વિશેષ કહેવું ખરેખરી ભૂલ છે. કારણ કે જે સ્વભાવ તેનો તેમાં રહે છે તે પણ તો એક ધર્મ જ છે. ઠીક આગળ ચાલો ભલા જરા કહો તો ખરા કે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષ અથવા અનુભવથી થાય છે કે નહિ?

જ નિર્વિકલ્પક જ્ઞાન કહે છે. સવિકલ્પક પ્રત્યક્ષ તો જાત્યાદિ વિશેષોને ગ્રહણ કરનારૂં છે, માટે નિર્વિશેષ વસ્તુ અથવા બ્રહ્મમાં પ્રમાણ ગણાતુ નથી. નિર્વિકલ્પક પ્રત્યક્ષ એકદમ નિર્વિશેષ વિષયક નથી પરંતુ વિશેષણવિશેષ્યભાવથી રહિત સંમુગ્ધાકાર (બે માલુમ) વસ્તુનું જ ગ્રાહક છે. માટે અસ્તિત્વાદિ કોઇ એક વિશેષનું જ ગ્રાહક છે પણ બીલકુલ નિર્વિશેષનું નહિ અને તે પોતે પણ વિશેષયુક્ત છે પણ બીલકુલ નિર્વિશેષનું નહિ અને તે પોતે પણ વિશેષયુક્ત છે પણ કંઈ વિશેષશુન્ય નથી અગર તે સર્વથા નિર્વિશેષ હોત તો તેની સત્તામાં જ સંદેહ થઇ આવત. એવો એક નિયમ છે કે સર્વ અનુભવ કોઇ એક વિશેષથી યુક્ત જ હોય છે. એ માટે સવિકલ્પક અને નિર્વિકલ્પક પ્રત્યક્ષ બંને સવિશેષ વિષયક અર્થાત્ કોઇ વિશેષયુક્ત પદાર્થને જ ગ્રહણ કરવાવાળા હોવાથી તે બંને નિર્વિશેષ અનુભૂતિ '(બ્રહ્મ)માં પ્રમાણ થઇ શકતા નથી. અગર મતાંતરમાં-(અનુમાન, ઉપમાન, પ્રત્યક્ષ શબ્દ, અર્થાપત્તિ, અનુપલબ્ધાદિ) કહેલી પ્રમાણ સંખ્યાને લઇ કહેતા હો તો પણ કહેવું જોઈએ કે પ્રમાણ માત્ર કોઈ વિશેષયુક્ત પ્રમેયનોજ બોધ કરાવી સકે છે, પણ કંઈ શૂન્યસદશ નિર્વિશેષ વસ્તુનો બોધ કરાવતાં નથી. માટે નિર્વિશેષ અનુભૂતિ અથવા બ્રહ્મમાં કોઇપણ પ્રમાણપ્રવૃત્તિ થઇ શકે છે' એ સિદ્ધ થઇ શકતું નથી.

અગર કહોં કે (અસ્તિ કિંચિત કંઇ છે) આ જ્ઞાનને છોડી બીજો જે કંઇ જાતિ, ગુણ, આકાર, ઈત્યાદિથી થયેલો ઈતરેતરાભાવરૂપ (એક બીજાનો એક બીજામાં અભાવ) ભેદ છે. તે બધો પ્રત્યક્ષથી ગ્રહણ કરાતો નથી કારણ કે ભૂતલ સિવાય અથવા આશ્રય વગર પરસ્પરાભાવરૂપ ભેદનું ગ્રહણ થતું નથી તો આવું કથન પણ માત્ર એક મધ્યાન્હકાલીન સૂર્યના તેજને હથેલીની આડથી છુપાવવાના પરિશ્રમ તુલ્યજ છે કારણ કે યદિ જાત્યાદિ પરસ્પરાભાવરૂપ ભેદ પ્રેત્યક્ષથી ગ્રહણ કરવામાં (ક્રમશઃ)

॥ શ્રી વલ્લભાધિશો જયતિ ॥

卐 તીર્થક્ષેત્ર શ્રી ચંપારણ્ય ધામ 卐

સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને શુભ વધાઇ !

—સં. ૨૦૪૨ ચૈત્ર વદી ૧૧ પ્રાકટય ઉત્સવ સમયમા—ચમ્પારણ્યામાં,

* છપન્નભોગ મહોત્સવ *

તથા

* શ્રીમદ્દ ભાગવત્ સપ્તાહ *

*** છપ્પન ભોગ મહોત્સવ :-** શુભ મંગલ દિન—ચૈત્ર વદી ૯ તા. ૨—૫—૮૬ને શુક્રવાર
શુભ સ્થળ...શ્રી મહાપ્રભુજી પ્રાકટય બેઠકજીના સિદ્ધ થયેલા (નૂતન) નવલ નિજ મંદિરમાં.
આયોજક...એક ભગવત્ ભકત તથા શ્રી છપ્પનભોગ મહોત્સવ સમિતિ.

*** શ્રીમદ્દ ભાગવત્ સપ્તાહ :-** શુભ પ્રારંભ...તારીખ ૩૦—૪—૮૬ બુધવાર
પુર્ણાહૂતી...તા. ૬—૫—૮૬ મંગળવાર
શુભ સ્થળ...શ્રી મહાપ્રભુજીના સાનિધ્યમા—શિતળ વૃક્ષ ઘટાથી શોભાયમાન શ્રી બેઠકજીના વનમાં કે જ્યાં ખાસ "સત્સંગ" હોલ તૈયાર કરવામાં આવેલ છે.

*** વ્યાપીઠ પર પ. ભ. શ્રી જયવલ્લભ ધનેશ્વર શાસ્ત્રીજી**
(મુંબઈવાળા) બિરાજશે.

આ શુભ સમયમાં શ્રીમદ્ ભાગવતજીના કથારસ સરિતા સાથે શ્રીમહા પ્રભુજી પ્રણિત ગ્રંથોના આધારે શુધ્ધ સાંપ્રદાયિક શૈલીમાં શ્રી સુબોધિનીજી નિબંધ, શોષડગ્રંથ, વિગેરેનું રસાત્મક પ્રવચન પણ થશે.

આધુનિક વર્તમાન કાળના પ્રવૃત્તિમય જીવનમાં આ અલૌકિક છપ્પનભોગ મહોત્સવ તેમજ કથા શ્રાવણ તથા શ્રીવલ્લભ પ્રભુની સેવા દર્શનમાં રૂચી રાખી એનકેન પ્રકારે પણ કામકાજમાંથી સમય મેળવી આ આધિદૈવિક પ્રસંગનો પુરેપુરો લાભ પ્રાપ્ત કરવા સમસ્ત વૈષ્ણવ સમાજને આગ્રહ પૂર્વક વિનંતી છે.

આપના આગમનના સમાચાર અગાઉથી મળશે તો રાયપુર સ્ટેશને વાહનની સગવડતા સાથે યાત્રાળુ વૈષ્ણવોનું સ્વાગત કરતાં અમોને ઘણો જ આનંદ થશે. તેમજ ચમ્પારણ્યમાં ઉતારા માટે પાલ વિ. ની વ્યવસ્થા પણ અગાઉથી રાખી શકશે.

*** વિશેષ માહિતી તથા પત્ર વહેવારનું સરનામું. ***
શ્રીમહા પ્રભુજી પ્રાગટ્ય બેઠકજી ટ્રસ્ટ
હવેલી બિલ્ડીંગ, પારનાકા, કલ્યાણ (જી. થાણા—મહારાષ્ટ્ર)
પીન: ૪૨૧૩૦૧—ટેલીફોન નં. ૩૮૫૯—૪૭૬૬

લિ.

ટ્રસ્ટી મંડળ તથા છપન્નભોગ મહોત્સવ સમિતિના
ભગવત્સ્મરણ.

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકોને વિનંતિ

શ્રી વલ્લભ સુધાનું નવું વર્ષ એપ્રિલ ૮૬થી શરૂ થાય છે. આપનું લવાજમ રૂા. ૧૦–દશ નીચે લખ્યા સેવાભાવી કાર્યકરોને ભરીને અગર સીધું કાર્યાલયને મોકલાવીને સ્વમાર્ગીય સાહિત્ય પ્રકાશનના કાર્યમાં સહકાર આપવા વિનંતી.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o. ઝવેરી એન્ડ કું. રતનપોળને નાકે.
ગાંધી રોડ, અમદાવાદ–૧

૨. શ્રી જયંતિલાલ શાંતિલાલ પડીયા
મેડીપ લેબોરેટરી, ૪૦૪ સ્પેકટ્રમ કોમ. સેન્ટર
સલાપસ રોડ, અમદાવાદ.

૩. શ્રી દામોદરભાઈ ડી. શુકલ
ડી–૩૧, સેન્ટ્રલ ગવર્નમેન્ટ સ્ટાફ કવાટર્સ
મેમનગર રોડ, નારણપુરા અમદાવાદ.

૪. શ્રી વિઠ્ઠલભાઈ શાહ
દ્વારકેશ હાર્ડવેર માર્ટ છોટા ઉદેપુર (જી. વડોદરા)

૫. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, જામકંડોરણા.

૬. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઈ
૫૬. દિગ્વીજય પ્લોટ, જામનગર.

૭. શ્રી અમૃતલાલ સુંદરજી હીંડોચા
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણ પીઠ જુનાગઢ.

૮. સોની ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ
રાયજાદા શેરી ગોંડલ.

૯. શ્રી મુલજીભાઈ એલ. ભાટીયા
૧૨/૩ બી. ગ્રોવલેન, કલકત્તા–૨૬.

૧૦. શ્રી હરેન્દ્રભાઈ રમણલાલ શેઠ
"સુન્દરમ્" ૬૯૩. ગુજરાતી વાડ, દાહોદ.

૧૧. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, ધોરાજી.

૧૨. સોની હરજીવનભાઈ બેચરભાઈ આડેસરા
મુરલીધર મેડીકલ સ્ટોર્સ ધ્રોલ.

૧૩. શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત માતાના મંદિર સામે, ધ્રાંગધ્રા.

૧૪. શ્રી ચરણદાસજી તથા શ્રી વિઠ્ઠલદાસજી મરજાદી
નવાગામ (કાલાવડ શીતલા તાલુકા)

૧૫. શ્રી ભનુભાઈ (વલ્લભદાસ) પોપટ
કોટેચા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
કડીયા પ્લોટ, પોરબંદર

૧૬. આં. રા. પુ. વૈ. પરિષદ, કેન્દ્રીય કાર્યાલય
જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ-૨

૧૭. શ્રી વી. સી. જસાણી
'તેજ મહાલ' બ્લોક સી–૧
એસ. વી. રોડ, પોલીસ સ્ટેશન પાછળ
બોરીવલી (વેસ્ટ) – મુંબઈ–૯૨.

૧૮. શ્રી ભોગીલાલ રમણલાલ શાહ પાર્લાવાળા
૩૪/૪ બજાજ રોડ, નંદા ભુવન, ૧ લે માળે,
વિલે પારલે (પશ્ચિમ) મુંબઈ–૫૬

૧૯. શ્રી અરવિંદભાઈ પારપાણી
૩૨–એ, ખોખાણી લેન, ઘાટકોપર, મુંબઈ-૭૭

૨૦. શ્રી પ્રવિણચંદ્ર કસ્તુરચંદ કંસારા
કંસારા બજાર, રાજકોટ

૨૧. શ્રી રમણીકલાલ કપુરચંદ ઘોસકીયા
સાત સ્વરૂપ હવેલી, પરાબજાર, રાજકોટ

૨૨. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબાર ગઢ પાસે રાજકોટ

૨૩. શ્રી નવીનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર, રાજકોટ

૨૪. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, કૈલાશ વાડી, લલીત કુંજ, રાજકોટ

૨૫. શ્રી હેમંતભાઈ બી. ત્રાંબડીયા
શ્રી કૃષ્ણ ટ્રેડર્સ, ૪ વૈશાલી નગર, રાજકોટ

૨૬. શ્રી કિરિટભાઈ દોશી
પારેખ શેરી, મોરબી

૨૭. શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા
ગિરિધર નિવાસ, મજમુદારની ખડકી
શિવ શકિત વાસણવાળાની બાજુમાં
બાજ વાડા, વડોદરા–૩૯૦૦૦૧

૨૮. શ્રી કાંતીલાલ વી. પાવાગઢી
દરબાર ગઢ, વઢવાણ સીટી

૨૯. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર, વાંકાનેર

૩૦. શ્રી રમણિકલાલ મેઘજીભાઈ બાબરીયા
વાયા ઉપલેટા, મુ. સમઢીયાળા

[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]

[illegible]